આભ ઝૂકયું પલકે



ડૉ. નવીન વિભાકર



VISIT…

LANZAROTE

Caliente.COM

આભ ઝૂક્યું પલકે

(The Woman of Substance)

(A saga of a courrageous woman)
(એક ખમીરવંતી નારીની સંઘર્ષકથા)

ડૉ. નવીન વિભાકર



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

૧૧૦/૧૧૨, પ્રિન્સેસ સ્ટ્રીટ
અર્થબાગ
મુંબઈ ૪૦૦ ૦૦૨
ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૧.

'દ્વારકેશ'
રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર
અમદાવાદ ૩૮૦ ૦૦૧
ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬૫૭૩

Web : www.rrsheth.com
E-mail : sales@rrsheth.com

AABH JUKYU PALKE
A Novel
Written by Dr. Navin Vibhakar
Published by R. R. Sheth & Co. Pvt. Ltd., Mumbai ☐ Ahmedabad
2011
ISBN : 978-93-81315-60-6

પ્રથમ આવૃત્તિ : નવેમ્બર, ૨૦૧૧

₹ ૧૭૫-૦૦

TITLE : Abha jhūkyuṃ palake :eka khamīravantī nārīnī saṅgharshakathā = The woman of substance
AUTHOR STAT : Navīna Vibhākara.
EDITION STAT : 1. āvṛtti.
IMPRINT : Mumbaī : Ara. Ara. Seṭha enḍa Kampanī, 2011
NATURE/SCOPE : Novel.
LANGUAGE : In Gujarati.
OCoLC#773257799

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.
મુંબઈ ૪૦૦ ૦૦૨ ☐ અમદાવાદ ૩૮૦ ૦૦૧
Web : www.rrsheth.com
E-mail : sales@rrsheth.com

મુદ્રણ જે. કે. ઑફસેટ, અમદાવાદ ખાતે થયું.

પલ પલ યાદ કરતા

જ્યેષ્ઠ પુત્ર ડૉ. રાજીવ વિભાકર

અને

પૌત્ર મોહન વિભાકરને

ડૉ. નવીન વિભાકરનાં પુસ્તકો

નવલિકાસંગ્રહો

* આઘાત પ્રત્યાઘાત
* એક છોટીસી મુલાકાત
* એકવેરિયમની માછલી
* ચાંદ બનકે આના
* એક દીપ જલાયે એક બુઝાય
* વાદળ ઘેર્યા આભમાં
* નટકેકર

નવલકથાઓ

* અભી મત જાઓ
* કુસુમ કાપડિયા
* જાણ્યે-અજાણ્યે
* વિષનો પ્યાલો
* શતરંજનું મહોરું
* મૃત્યુનું કવચ
* નાજુક નમણું પંખી
* ભૂલા પડ્યા
* તલાશ
* ષડ્યંત્ર
* સ્નેહબંધન
* ફૂલકાંટાની બિછાત
* પાની મેં મીનપિયાસી
* વિખૂટી પડેલી પ્રીત
* રૂદિયે વાગ્યા ઘાવ
* સરમુખત્યાર (ઇદી અમીન)
* ઝાકળભીની સવાર
* આભ ઝૂક્યું પલકે
* સંહાર (Holocaust)
* શુભ-અશુભ

જીવનકથા

* ભાગ્યવિધાતા (ન્યેરેરે)
* સપનાની પેલે પાર (નેલ્સન માંડેલા)

સંસ્મરણો

* જીવનના રંગ

પ્રવાસ

ટંઝાનિયા

શબનમી સવારે

ઢળતી સાંજના ધુમ્મસ છવાવા લાગ્યું. થોડી થોડી ઝાકળ પડવા લાગી. શબનમની બુંદો આથમતા સૂર્યનાં કિરણોમાં પોતાની જેમ વૃક્ષોનાં પર્ણો પર ચમકી રહી.

હીંચકો મારું પ્રિય બેસણું. પેટિયોમાં બેઠા, નવલકથા લખવાનો વિચાર કરી રહ્યો હતો. પેટિયો પાછળ જ નાનું તળાવ. પાણીનાં વલયોને જોઈ રહ્યો ને મન સમુદ્રમાં એક ચહેરો ઉપસ્યો. તળાવમાંથી જાણે તે મૂર્તિ આકાર રૂપે ઊપસી. અરે ! આ તો મારાં કંચનબા !

તેમનું ગૌર શરીર, દઢતાથી વંકાતા તેમના હોઠ, સુરેખ ચહેરો, ઊંચું શરીર, મોટો અંબોડો વાળેલો ને એ દઢતા જોઈ એક સ્ત્રી આકારની પ્રેરણા ઉદ્‌ભવવા લાગી.

મારાં કંચનબા મારાં બીજી વારની માતા. હું છ વરસનો હતો ને મારી માતા વિજયબાનો દેહાંત થયેલો. અમે પાંચ ભાંડરડાં, બાપુજીની ઉંમર પિસ્તાલીસ વરસની. મારી માતાનું મૃત્યુ ડિલિવરીમાં થયું. સૌથી નાનો ભાઈ છ જ દિવસનો, હવે ? પાંચ બાળકોનો ઉછેર પુરુષમાણસ એ જમાનામાં – ૧૯૪૨ની સાલ – કેવી રીતે કરે ?

અમે બધાં આફ્રિકાથી ભારત આવ્યાં. બાપુજી બીજી વાર લગ્ન કરી નાનાં બાળકોના ઉછેર માટે ફરી પરણ્યા. ગામડાં ગામથી માતા કંચનબા ફક્ત ઓગણીસ વરસની ઉંમરે પાંચ બાળકો ઉપર માતા બની આવ્યાં.

મારી ઉંમરની ઢળતી સાંજે વિચાર કરું છું તે આકૃતિ તળાવમાંથી ઉપસતી હતી. તેને જોઈને કે ઓગણીસ વરસની યુવતી – કેવાં કેવાં અરમાનો લગ્ન ને પતિ વિષે હોય મનમાં ! પણ ઘરની ગરબાઈ ઘણાને મજબૂર બનાવે. એમાંય દીકરી આફ્રિકા જઈ ધનિક માનવીને પરણતાં, જિંદગી સુધરી જાય એ હેતુથી લગ્ન થયાં.

૧૯૪૨થી ૧૯૫૯ – સત્તર વરસના ઘરવાસમાં કંચનબાએ બીજાં પાંચ ભાઈબહેનોને જન્મ આપ્યો. અમારી સાથે અમારા ભાભુમા પણ રહેતાં. માતામાં કેટલી ધીરતા ! હર સુખ-દુઃખમાં બાપુજીને સાથ આપ્યો. બાળકો ને ગૃહસ્થી સંભાળી, પણ આડત્રીસ વરસની ઉંમરે જ બાપુજીનું હૃદયાઘાતથી નિધન થયું.

કેટલી દક્ષતાથી તેમણે દસ ભાંડરડાંને, ઘરને, વ્યાપારને સંભાળ્યાં. બધાંને એકલે હાથે ભણાવ્યાં, અમને કદી એક ટપલી મારી નથી. બધાં જ ભાઈબહેનો અમે આફ્રિકાથી અમેરિકા સેટલ થયાં. આફ્રિકાથી આવી અમેરિકામાં પણ અમારા બધાનો પ્રેરણાસ્રોત બની રહ્યાં.

આજે 'મધર્સ ડે' હતો અને મગજમાં એક ચમકારો થયો. શા માટે કંચનબા જેવી સ્ત્રીને આકાર ન આપવો ?

અને જન્મી વસુંધરા. તેની ભારતની જિંદગી, આફ્રિકામાં સંઘર્ષ, અમેરિકામાં બાળકો સાથે સુખી જિંદગીની જેમ

ઇંગ્લૅન્ડને પશ્ચાદભૂ રાખી. જેમ આફ્રિકામાં કંચનબાએ વેપાર સંભાળ્યો તેમ વસુંધરાએ ઇંગ્લૅન્ડમાં વ્યાપાર-ઉદ્યોગ ફેલાવ્યો અને એક સંઘર્ષમાંથી ઉત્કર્ષ કરી પરાકાષ્ઠાવાળી જિંદગી વસુંધરા જીવી ગઈ. મારા મનમાં મારાં કંચનબા સફળ જીવન જીવી ગયાં.

અને કલ્પનાની પાંખે એ સંઘર્ષ ને ઉત્કર્ષના ઇતિહાસને રંગોની પીંછીથી – એક પરાકાષ્ઠાવાળું જીવન લેખિનીમાં આવી બેસી ગયું અને રચાઈ ગઈ એક ખમીરવંતી-જાજરમાન સ્ત્રીની સંઘર્ષકથા. જેણે આંખની પલકે નભને ઝુકાવી દીધું. એ કથા એટલે 'આભ ઝૂક્યું પલકે' A Woman of Substance. આથી વધુ ઉત્તમ શ્રદ્ધાંજલિ કંચનબાને બીજી કઈ આપી શકું ? દરેકના જીવનમાં સંઘર્ષ તો હોય છે. તડકો પછી છાંયડો, સુખ પછી દુઃખ કે દુઃખ પછી સુખ.

આ કથા વાંચતા દરેકને આ પોતાની કથા લાગશે એવી અપેક્ષા તો રાખું જ ને ? વાંચીને જણાવવાનું મન થાય તો સંપર્ક :

– ડૉ. નવીન વિભાકર

6291, Rock Creek Circle
Ellenton Florida, 34222, U.S.A.
Tel. : 941-721-4499
E-mail : navinvibhakar.hotmail.com

To know people is wisdom,
but to know yourself is enlightenment.
To master people takes force,
but to master yourself takes strength.
To know contentment is wealth
and to live with strength resolve.
To never leave whatever you are
is to abide,
and to die without getting lost–
that is to live on and on.

Laotzu
[chinese philosopher]

ધૂપ-છાંવ

જિંદગી રૂમઝુમ કરતી આવી,
    શૈશવનાં સંભારણાં લઈ આવી.
વસંત આવી, તનમન નિખર્યાં,
    મનવૃક્ષની ડાળે કોયલ ટહુકી.
જીવનસંગ્રામ લડતાં, લડતાં,
    જિંદગી હાથમાંથી સરવા લાગી,
હારજીતનો હિસાબ માંડતા,
    મૃત્યુની નજીક આવી લાગી.
આરંભ અને અંત વચ્ચે,
એ એક સમગ્ર જીવન જીવી ગઈ.

– ડૉ. નવીન વિભાકર

'માનવીને પોતાની લાગણી વ્યક્ત કર્યા વિના ચાલે ? અને એ પણ કેવી જુદી જુદી રીતે પ્રકટ થાય ? અભિવ્યક્તિ એ એક ઝંખના જ હોય છે. શબ્દ દ્વારા, મૌન દ્વારા, સ્પર્શ દ્વારા, સંગીત દ્વારા કે ભેટ દ્વારા. અભિવ્યક્તિ એ આનંદનું સ્પંદન છે. એનું ઉત્તમ માધ્યમ શબ્દ. પછી કવિતા હોય, નવલિકા હોય કે નવલકથા. વાણીનો અભિસાર હોવો જરૂરી છે. અભિસાર એટલે પ્રેમ. વાણીમાંથી અભિવ્યક્તિ મનમાં પ્રસ્થાપિત થઈ શબ્દ વડે દર્શાવાય ને પછી આચરણ થાય. મૌનમાં મનમાં કેટલી ગડમથલ થયા પછી વાણી લાગણી દ્વારા વ્યક્ત થાય.'

: ૧ :

એકીટશે વસુંધરા મિત્તલ સામે બેઠેલી પૌત્રી ચૌલાને જોઈ રહી. સ્ટીલ કંપનીના પ્રાઇવેટ લીયર જેટમાં બેઠાં બેઠાં ચૌલા ન્યૂયૉર્ક પહોંચતા, આવતા અઠવાડિયે આવી રહેલી બોર્ડ મિટિંગ માટે ફાઇલમાં નોટ્સ લખી રહી હતી.

ફિલાડેલ્ફિયા-પેન્સિલવેનિયા સ્ટેટમાં સ્ટીલ કંપનીની મિટિંગ પૂરી કરી, વસુંધરા ને ચૌલા ન્યૂયૉર્ક પાછાં ફરી રહ્યાં હતાં. ઘેરાયેલાં વાદળોમાંથી પ્લેન એકાએક બહાર આવ્યું. વાદળી રંગનું નભ, ઓચિંતાનું દેખાતાં આંખો ક્ષણભર અંજાઈ ગઈ. શિયાળાનું સવાર જાગું જાગું થઈ રહ્યું હતું. વસુંધરાએ બારી બહાર નજર ફેરવી સીટની પીઠ પર માથું અઢેલ્યું. મન ઇંગ્લૅન્ડમાં યૉર્કશાયરમાં આવેલ પોતાના 'લક્ષ્મીનિવાસ'માં જઈ પહોંચ્યું. આવા શિયાળામાં લિવિંગરૂમના ફાયર પ્લેસમાં બળતા લાકડાના ગરમાવામાં કૉફી પીતાં કેવી મજા આવતી !

હોઠો પર થોડી સખતાઈ હતી, પણ તેની પાછળ છુપાયેલું સ્મિત અછતું ન રહેતું. 'લક્ષ્મીનિવાસ' ! કેવડો મોટો ઘેરાવો ! લીલી હરિયાળી બિછાતથી ઘેરાયેલું, થોડી ઊંચી ટેકરી પર રાજાશાહી વૈભવી બંગલો ! ખાલી બંગલો નહોતો. પોતાનું ઘર હતું. અપાર શાંતિ તેને એ ઘરમાં મળતી. કેટકેટલી યાદો જોડાયેલી હતી એ ઘર સાથે ! છ અઠવાડિયાંથી પોતાનો બિઝનેસ સંભાળવા-જોવાને અહીંની સ્ટીલ કંપની ખરીદવાની વાટાઘાટ માટે ચૌલા સાથે આવેલી. બસ, હવે એક અઠવાડિયું ન્યૂયૉર્કની મિત્તલ કંપનીના હેડ ક્વાર્ટર્સમાં મિટિંગમાં હાજરી આપી પાછાં લંડન ! અને ત્યાં પોતાના અનેકવિધ પથરાયેલા ઉદ્યોગો, સ્ટીલ કંપની, ફેશન ડિપાર્ટમેન્ટ, ક્લોથિંગ ફેક્ટરીઓ, કપડાના સ્ટોર્સ વગેરેની માહિતી મેળવી પછી 'લક્ષ્મીનિવાસ.'

'માનવી પોતાના ઘરને ને તેમાંથી મળતી શાંતિને કેવો ઝંખતો હોય છે !' પોતાનાં પૌત્રપૌત્રીને મળવાના ખ્યાલે તેનું મન આનંદી ઊઠ્યું. એમાંય હવે શિયાળો ઓછો થતાં પોતાના ગાર્ડન-બગીચામાં પીળા રંગના ડેફોડિલ્સ ખીલી ઊઠશે ! જાણે પીળા રંગની જાજમ બિછાય જશે ! કેટલું સુંદર ને પ્રસન્ન લાગશે !

એ ખ્યાલે તેનામાં આનંદ ને ઉત્સાહ પ્રગટાવ્યો. છ અઠવાડિયાંની માથાકૂટથી તે કંટાળી હતી. થાક લાગ્યો હતો. એક ટેન્શન બંધાયું હતું તે ઓસરવા લાગ્યું. મનમાં જાણે 'હાશ' થઈ. ફિલાડેલ્ફિયાના ધૂંધળા વાતાવરણમાંથી હવે ન્યૂયૉર્ક પોતાની મિત્તલ કૉર્પોરેટની ઑફિસમાં શાંતિ મળશે એમ લાગ્યું. આમ તો દુનિયાભરમાં પથરાયેલા પોતાના બિઝનેસ માટે અવારનવાર પૅરિસ ને અમેરિકા તો જવું જ પડતું. અત્યાર સુધી ઉત્સાહથી એક યુવતીને છાજે તેવા જોમથી બધે ફરી વળતી. લક્ષ્ય સાથે રહી, ઘડાઈ. ઉદ્યોગોનો પથારો સંભાળ્યો, પણ હમણાં હમણાં થોડો થાક લાગતો હતો. પોતે વૃદ્ધ થવા લાગી હતી કે શું ? એ બને જ કેમ ! શારીરિક રીતે ભલે ઉંમર વધી હોય, પણ માનસિક રીતે તો સામે બેઠેલી ત્રેવીસ વરસની પૌત્રીને પણ શરમાવે તેવી હતી તે ! જુવાન માણસોને પણ ક્યાં થાક નથી લાગતો ! એમાંય હૅરી. નામ તો હતું હરભજન ! પણ અમેરિકામાં હૅરી થઈ ગયો હતો. તેની સાથે સ્ટીલ કંપનીની માથાફોડથી થાકી ગઈ હતી, પણ ફતેહ તો મેળવીને જ જંપી હતી. ઘણી વાર તેને હૅરી મૂર્ખ લાગતો. મૂર્ખ માણસો ઘણી વાર તેમની નાદાનીથી માથાનો દુખાવો બની જતા. ઘણું ચેતતું રહેવું પડતું તેમનાથી.

હૅરીના વિચારે તેની આંખો ખૂલી ગઈ. બિઝનેસની વાત આવતી કે તે તુરત સતર્ક અને જાગ્રત બની જતી. તે ટટ્ટાર થઈ સીટમાં બેઠી. બન્ને પગને એકબીજા પર આંટી મારી પોતાની લાક્ષણિક અદાથી બેઠી. આમ બેસતી ત્યારે તે જાજરમાન ને રાજવીય લાગતી. એક રાજરાણીને છાજતું ગૌરવ તેના મુખ પર લાગતું. મસ્તક રાજરાણીની જેમ ઉન્નત રહેતું. તેની આછી નીલી આંખોમાં પોલાદ જેવી સખતાઈ લાગતી. તેમાંથી જાણે સત્તાનો જુવાળ ઊઠતો દેખાતો.

તેનો નાનકડો પણ સખત હાથ ઊંચો થયો ને પોતાના રૂપેરી વાળને સ્ટાઇલથી સરખા કર્યા. પછી પોતાના રાખોડી રંગના ડ્રેસને સરખો કર્યો. ઇંગ્લૅન્ડ નો'તી આવી ત્યાં સુધી કેવી સાદી સાડીમાં જ ફરતી ! પણ લક્ષ્ય મિત્તલ સાથે લગ્ન થતાં તેનું નસીબ તો શું રીતભાત પણ બદલાઈ ગયાં હતાં. રાખોડી ડ્રેસ સાથે કાનમાં સાચાં મોતીનાં બુટિયાં, ગળામાં સાચા મોતીની સફેદ રંગની માળા – એક જ સેરની – ને એક હાથમાં મોતીનું બ્રેસલેટ ને બીજા હાથમાં નાની, સુંદર, આકર્ષક રીસ્ટ વૉચ !

તેણે ચૌલા તરફ જોયું. તેની નજરો ફાઇલમાં હતી, પણ ચહેરા પર થોડો થાક લાગ્યો. 'બહુ કામ કરાવું છું તેની પાસે' એવો વિચાર પણ તેને આવ્યો, પણ 'તેના ભલા માટે જ છે ને' અત્યારે સખત મહેનત કરશે તો તેને જ લાભ છે ને ! અને પોતાના ને લક્ષ્યના ઉદ્યોગ સામ્રાજ્યની એકલોતી વારસ એ જ છે ને ! અત્યારથી જ બધું શીખવા લાગે એ જરૂરી હતું અને એ પ્રમાણે જ પોતે તેને તાલીમ આપતી રહી હતી. તેને પણ થોડા આરામની જરૂર છે એ વિચારે બોલી, 'ચૌલા ! સ્ટુઅર્ડને જઈને કહેને એક સરસ કપ કૉફીનો બનાવે !'

ચૌલાએ ફાઈલમાંથી નજરો ઉઠાવી. સામાન્ય રીતે સુંદર કહીએ એવી ચૌલા નો'તી, પણ ગજબનું આકર્ષણ તેનામાં ભર્યું હતું. તેનું મુખ એટલું 'ફોટોજેનિક' રળિયામણું હતું કે બહુ મનભાવન લાગે. તેના આછા કાળા વાળનું કેશગુંફન બહુ જ મોહક હતું કે તેનો આખો ઘાટ જાણે સંગેમરમરમાંથી કોતરી કાઢ્યો ન હોય ! તેના આખા શરીરમાં એક તરલતા હતી. આંખો વેધક ને ચંચળ હતી. એક પણ વસ્તુ તેની નજરમાંથી છટકી ન શકતી. તેની દક્ષતા તેમાંથી ડોકાઈ રહેતી. જાણે આખા જગતને જીતી લેવાની આકાંક્ષા એમાં હતી ! એક નજર, એક દૃષ્ટિ ને સામું માણસ મપાઈ જતું. સ્મિત જાણે શુભ્ર મોતીની ચમક ! ઊભા થતાં પાતળી કાયામાંથી સ્ફૂર્તિનાં જાણે વલયો રચાતાં ! એક ચુંબકીય તત્ત્વની આભા તેના શરીરની આસપાસ છવાતી. અસ્સલ તેના પર નાના લક્ષ્મીકાંત જેવી જ ધૈર્યતા, ચોકસાઈ ને સ્વસ્થતા !

ચૌલા ઊભી થઈ ચાલી. એક નર્તન તેની ચાલમાં હતું. જાણે સોલંકીયુગની નૃત્યાંગના ને રાજરાણી ચૌલાદેવી જ જોઈ લ્યો. એટલે તો તેણે તેનું નામ ચૌલા પાડ્યું હતું ને !

'સ્યોર ! નાનીમા !' ઊભા થઈ વસુંધરા સામે પોતાનું મનમોહક સ્મિત કરી બોલી, 'મારે પણ કૉફી પીવી છે.' કહી તે ચાલી. વસુંધરા ગર્વથી તેની પીઠ પાછળ જોઈ રહી. તેની આંખોમાં સ્નેહ છલકાઈ ઊઠ્યો. ચૌલા પોતાની દીકરી શર્મિલાની દીકરી હતી. પોતાને ખૂબ જ પ્રિય હતી.

વસુંધરાના ભવિષ્યની આશાઓ, ઉમ્મીદો તેના પર મંડાયેલી હતી. નાનપણથી ચૌલાને વ્યાપાર તરફ લગાવ હતો. કિશોરીવસ્થાથી ક્યારેક વ્યાપારમાં કરેલા સૂચનથી વસુંધરા નવાઈ પામતી. ચૌલાને વ્યાપારનો કોઈ અનુભવ નહીં, પણ સહજતાથી જ સૂચન કરી દેતી. જાણે તેના લોહીમાં જ ન હોય ! પોતાના એક પણ પુત્ર કે પુત્રીને ચૌલાની જેમ વ્યાપાર તરફ ચોક્કસ અભિગમ હતો જ નહીં. મનમાં ને મનમાં તે આનંદી રહી હતી. ચૌલામાં તેને સાચા વારસનાં દર્શન થયાં હતાં.

સોળ વરસે સ્વિટ્ઝર્લૅન્ડની સ્કૂલમાંથી ભણી લીધા પછી તરત તેણે બિઝનેસ ઍડમિનિસ્ટ્રેશન ભણવાનું ચાલુ કરી દીધેલું. ભણી લઈ નાનીમા સાથે વ્યાપારમાં જોડાઈ. વસુંધરાએ પણ સખત હાથે તેને તાલીમ આપવી શરૂ કરેલી. એક જ શાખામાં નહીં, પણ મિત્તલ ઇન્ડસ્ટ્રીની દરેક વ્યાપારની શાખામાં તેને પલોટવી શરૂ કરેલી. ત્રેવીસ વરસની ઉંમરે તે એટલી ચાલાક, હોશિયાર અને એ જ ઉંમરની બીજી છોકરીઓ કરતાં વધુ ને વહેલી પરિપક્વ થઈ ગઈ. તેની કાબેલિયતથી વસુંધરાએ તેને પોતાની અંગત મદદકર્તા તરીકે જ્યારે બઢતી આપી, ત્યારે પોતાના સૌથી મોટા પુત્ર મદનથી એ વાત સહન થઈ નો'તી. એમાંય ચૌલા જ્યારે કુટુંબીય નિર્ણયોમાં પણ ભાગ લેતી થઈ ત્યારે તો મદન માટે એ અસહ્ય થઈ પડ્યું.

ત્યાં તો ચૌલા પાછી આવતાં તેની વિચારશૃંખલાની ધારા અટકી. 'નાનીમા ! તમારા માટે એ ચા બનાવતો હતો. એને એમ કે ઇંગ્લૅન્ડમાં બધાં ચા જ પીતાં હોય છે, પણ તમને તો કૉફી ભાવે છે ને ?'

'હા, ચૌલા !' પણ વસુંધરાનું મન આસામના ચાના બગીચાઓમાં પહોંચી ગયું.

'નાનીમા ! તમારી કૉફી આવી ગઈ.' વસુંધરા તંદ્રામાંથી જાગી ગઈ. બાજુની સીટ પરની બ્રીફકેસમાંથી તેણે એક ફાઇલ કાઢી ને ચૌલાને આપી, 'ચૌલા ! આના ફિગર્સ બધા ચેક કરી લે ને ! ન્યૂયૉર્ક મિટિંગમાં એની જરૂર પડશે.' કહી પોતે પહેરેલાં કિંમતી ચશ્માં ઉતાર્યાં. 'તને આ ફિગર્સ બાબતમાં શું લાગે છે તે જાણવું છે. આપણે ક્યાંક અજાણતાં જ કોઈ સાહસ નથી કરી રહ્યાં ને ?'

'ચોક્કસ નાનીમા !' ચૌલાએ ફાઇલ હાથમાં લીધી. 'ધાર્યા કરતાં વહેલી શરૂઆત થઈ નહીં, નાનીમા ! તમારો નિર્ણય મને ખૂબ જ ઉતાવળો લાગેલો, પણ હવે તો તેનાં ફળ મળતાં થઈ ગયાં તેથી મને શીખવા મળ્યું કે એ વ્યાપાર હાથમાં લેવાની તમારી કેવી દૂરંદેશી હતી !'

કહી તેણે ફાઇલ ખોલી ને બૅલેન્સશીટ વાંચવા લાગી. તેનામાં પણ વસુંધરા જેવી જ ત્વરિત ગતિએ બધું જોઈ લેવાની આવડત હતી અને તેના નિર્ણય પણ ચોકસાઈપૂર્વકના જ રહેતા.

વસુંધરાએ પોતાનાં ચશ્માં પાછાં પહેર્યાં ને ફિલાડેલ્ફિયાની સ્ટીલ કંપનીનું ફોલ્ડર ઉઘાડ્યું. વાંચીને તેના હોઠો પર સંતોષજનક સ્મિત આવી બેઠું. આંખમાં વિજયનો ચમકારો ચમક્યો. ત્રણ વરસની મહેનત પછી નાદાન હૅરીને ત્યાંના પ્રેસિડન્ટ તરીકેમાંથી પાણીચું પકડાવ્યું હતું. હવે તે ખાલી બોર્ડનો સભ્ય જ રહ્યો. વસુંધરા જાણી ગઈ હતી કે પહેલાં જેવી તીક્ષ્ણતા હૅરીમાં હવે રહી ન હતી. સત્તાના મદે તેને ભરમાવી દીધો હતો. આંતરરાષ્ટ્રીય વ્યાપાર કેટલો વિકસી રહ્યો હતો, નવા નવા મુદ્દાઓ ઊભરી રહ્યા હતા, તેનું ભાન તે ખોઈ બેઠો હતો. તેની બુદ્ધિ સ્થગિત થઈ ગઈ હતી. વસુંધરાનું ચાલાક મગજ એ સહી શકે તેમ નો'તું. આટલાં વરસોની મૈત્રી પછી તેને કાઢવા માટે તે અપરાધ અનુભવી રહી, પણ બિઝનેસ માટે તે જરૂરી હતું. જ્યારે હૅરીએ જોયું કે હવે તેનું પતન થવાનું છે ત્યારે વસુંધરાને તેણે ખૂબ કાલાવાલા કર્યા. સ્ત્રી છે, માની જશે એ ભ્રમ તેનો તૂટી ગયો. વસુંધરાની પોલાદી તાકાતનો પરચો તેને મળી ગયો. હૅરીની જગ્યાએ વસુંધરાએ પોતાના વફાદાર માણસને નીમી દીધો.

બધું બરાબર ને વ્યવસ્થિત છે જાણી ફોલ્ડર બ્રીફમાં મૂકી, ચશ્માં કાઢ્યાં ને કૉફીનો ઘૂંટડો ભર્યો. ચૌલા સામે જોતાં બોલી, 'ચૌલા ! આ છ અઠવાડિયાંથી સ્ટીલ કંપનીની મિટિંગોમાં હાજરી આપ્યા પછી તું એકલી હવે તેનો સામનો કરી શકે ?'

ચૌલા ચમકી ગઈ. વસુંધરા સામે સ્થિર નજરે જોઈ ઉતાવળે બોલી પડી, 'નાનીમા ! બકરીના બચ્ચાને હલાલ કરવા મોકલવું છે ?' તેની આંખોમાં ડર ડોકાઈ રહ્યો. તેના કહેવાથી વસુંધરાની આંખોમાં ઊઠતું હાસ્ય ઊઠતાં જ શમી ગયું ને સખતાઈ આવી. 'બાપ રે ! આ તો સાચે જ કહે છે.' અને ધીમેથી બોલી, 'નાનીમા ! ગંભીરતાથી કહો છો ?'

'ઑફકોર્સ !' જોકે વસુંધરા ચૌલાનો ભય કળી ગઈ હતી. ચૌલાએ ઘણા અતિ મહત્ત્વપૂર્ણ નિર્ણયોમાં તેની સાથે ભાગ લીધો હતો. હવે એકલે હાથે કશુંક નિર્ણાયક પગલું ભરવા તેને સક્ષમ બનાવવાની જ હતી ને ! 'મેં ન ધાર્યું હોય તેવું કદી કહ્યું છે ? હવે તો તને એનો ખ્યાલ આવી જ જવો જોઈએ.' વસુંધરાના સ્વરમાં વેધકતા આવી. તેણે ચૌલા સામે જોયું. તેના સ્વરમાં ભય લાગ્યો પણ મુખ પર કોઈ ડર નો'તો. તે પૂરેપૂરી સ્વસ્થ લાગી. નિર્ભય લાગી એ પાછાં પગલાં ભરે તેમાંની નો'તી. છ અઠવાડિયાંની સતત મિટિંગોથી થોડી થાકી હશે. બાકી હર પલ, હર નિર્ણય તેના માટે 'ચેલેન્જ' હતી અને તેને એમાં આનંદ આવતો. આ પહેલાંય આવા બનાવોમાં તેની હાજરી હંમેશ રહેતી જ. વસુંધરાની સત્તાનો અનુભવ તેણે જોયો જ હતો. હવે તે તૈયાર થઈ ગઈ હતી. પૂરી તાકાતથી ચૌલાએ હવે સામનો કરવાનો છે. તેણે શીખવું જ રહ્યું. મનમાં તેણે વિચાર્યું.

તેનું મુખ સખત રહ્યું, પણ સ્વરમાં થોડો સ્નેહ ભળ્યો, 'ચૌલા ! તારી ઇચ્છા નહીં હોય તો તને એકલી નહીં મોકલું, પણ મને ખાતરી છે કે તું એમાં ફતેહમંદ નીવડે જ.'

એક નજાકતથી ચૌલાએ ફોલ્ડર બંધ કર્યું. તેનો આત્મવિશ્વાસ પાછો આવવા લાગ્યો. નાનીમાને તે જોઈ રહી. પછી સ્વસ્થતાથી બોલી, 'તમને કેમ એમ લાગ્યું કે તમારી જેમ તેઓ મને પણ સાંભળશે ?' બોર્ડને તો એમ જ હશે કે એક પૈસાદાર ગ્રાન્ડમધરની હું બગડેલી સંતાન હોઈશ. કદાચ મને તેઓ એક બુદ્ધિહીન સુંદર સ્ત્રી જ સમજતા હશે. તેઓ મને તમને ગણે છે તેમ તો ન જ ગણે ને ! હું કંઈ થોડી 'તમે' છું !

'પણ ચૌલા ! તેમના ખ્યાલોમાં તેઓ કેટલા ખોટા છે તે આપણે બન્ને ક્યાં નથી જાણતાં ? તેઓની વર્તણૂક તને ન જ ગમતી હોય, પણ તેઓને ખોટા પાડી તું તેઓને સ્તબ્ધ કે અવાચક બનાવી દેવા સક્ષમ નથી ? પુરુષોએ હંમેશાં સ્ત્રીની બુદ્ધિ ને તાકાતનો અડસટ્ટો ઓછો જ આંક્યો છે. તારી ઉંમરની હતી ત્યારથી તેનો અનુભવ મને થયા જ કરે છે, પણ સ્ત્રીએ પોતાની બુદ્ધિથી તેઓને માત કરવાના હોય છે. જે મેં કર્યું છે. હા, એક તારા નાનાને જ મારામાં પૂરો વિશ્વાસ હતો અને એક બીજી વસ્તુ હું શીખી છું જીવનમાંથી. સાંભળ ! તને કામ આવશે. જ્યારે પણ પુરુષ એમ સમજે કે સામેની સ્ત્રીમાં બુદ્ધિ ઓછી છે ત્યારે તેઓ બેફિકર બની જાય

છે. તેઓ અજાણતા તેમની જાતને, તમારા ફાયદામાં, તમારી સામે રજૂ કરે છે. એનો જ ફાયદો સ્ત્રીએ ઉઠાવવો જોઈએ.'

'પણ ગ્રેની...'

'પણ બણ કઈ નહીં.' સીટમાંથી આગળ આવી, ચૌલાના બન્ને હાથ સ્નેહથી હાથોમાં લઈ વસુંધરા બોલી, 'તું મને મૂરખ સમજે છે ચૌલા કે તને હું એવા બેરહમ બોર્ડના મેમ્બર્સ વચ્ચે એમ ને એમ ધકેલતી હોઈશ ? તારી શક્તિઓનો મને પૂરતો અંદાજો છે. તારામાં મને પૂરતો વિશ્વાસ છે. મારાં પુત્ર-પુત્રીઓ કરતાં પણ વધુ. ફક્ત તારી માતા શર્મિલા સિવાય અને અત્યાર સુધીમાં તેં મારો વિશ્વાસ નિભાવ્યો છે.'

'તમારા વિશ્વાસ માટે મને માન છે, પણ બોર્ડની મિટિંગમાં મેં જોયું હતું કે તેઓ મને ગંભીરતાથી લેતા નથી.' અને બોલતા ચૌલામાં અજાણતા નાનીમા જેવી નિશ્ચયાત્મક લકીર હોઠો પર ખેંચાણી.

'ચૌલા ! તારામાં ખૂબ ખૂબ આત્મવિશ્વાસ છે. અત્યાર સુધીમાં મારી સાથે તું અનેક જાતના માણસોના પરિચયમાં આવી ગઈ છે. તેઓને માપી પણ લીધા છે. તું કદી એથી વિચલિત થઈ નથી.' પછી સીટમાં આરામથી બેસી બોલી, 'માણસો શું કહે છે તે મહત્ત્વનું નથી. તેઓ શું ધારે છે તેની ગણતરી કરી તેઓને ખોટા પાડવાના હોય છે. મહત્ત્વનું એ છે કે તારે જાણી લેવું જોઈએ કે તું કોણ છે ને શું છે ? અને તે તું જાણે જ છે.'

'જાણું છું ગ્રેની ! પણ દિવસના સોળ કલાક કામ આ ઉંમરે પણ કરવાની ક્ષમતા મારામાં નથી કે નથી તમારા જેટલો અનુભવ.'

'ના, તારી વાત ખોટી છે. હું તારી ઉંમરની હતી ત્યારે ગભરું હતી. તું આજના જમાનાની ભણેલી-ગણેલી સ્ત્રી છે. એ તારો મોટામાં મોટો ફાયદો છે. અનુભવ તો તું મારી સાથે રહી મેળવી જ રહી છે. મેં તને ભણાવી છે, તાલીમ આપી છે. કાલે તારે અહીંની સ્ટીલ કંપનીના બોર્ડને પાછા મળવાનું થાય તો તું પાછી નહીં પડે તેનો મને ભરોસો છે. મને ખબર છે તારામાં હું તારા નાનાને જોઈ રહી છું.'

'પણ ગ્રેની, હું ''તમે'' નથી એ તેઓ સારી રીતે જાણે છે.' વસુંધરાની આંખો સખત બની. અવાજ થોડો સખત થયો, 'ચૌલા ! જ્યારે મારી જગ્યાએ તું જઈશ ત્યારે તેઓએ ગંભીરતાથી તેની નોંધ લેવી પડશે. એ ન ભૂલ કે ત્યારે તું મારી જગ્યાએ જઈશ. એ જગ્યાની તાકાત ને સત્તાનો અનુભવ તને ને તેઓને થશે જ અને મારા મૃત્યુ પછી જ્યારે તું મારી જગ્યા લઈશ ત્યારે તારે તારી માતા તરફથી તું જઈશ, કારણ કે તારી માતા ત્યારે અહીંની સ્ટીલ કંપનીની સૌથી મોટી 'સ્ટૉક હોલ્ડર' હશે. તેના પાવર ઑફ એટર્ની તરીકે તારા કાબૂમાં પચ્ચીસ ટકા

પ્રીફર્ડ સ્ટૉક ને પંદર ટકા કોમન સ્ટૉક, આ કરોડોની કૉર્પોરેટ કંપનીના હશે અને ચૌલા ! એ કંઈ નાની સૂની વાત નથી. એ અનન્ય સત્તા ફક્ત એક જ હાથમાં, તારા હાથમાં હશે, તે તેઓ જાણી જતાં, તને પૂરું માન આપશે. પૈસાની સત્તા શું હોય તે તો બધાં મારી સાથે કેવી રીતે વર્તે છે, તે તો તું મારી સાથે રહી સમજી જ ગઈ હોઈશ અને તું મારી જગ્યાએ જઈશ ત્યારે તેમના મનમાં વસુંધરા મિત્તલની ધરોહર છે તું એ તેઓ જાણતા જ હશે.' અને તે ધારદાર નજરે ચૌલાને જોઈ રહી. પોતાના શબ્દોની અસર ચૌલાને પૂરેપૂરી થઈ હતી.

ચૌલા બધું બરાબર સાંભળતી હતી. તેનો અવિશ્વાસ ઓસરતો લાગ્યો. વસુંધરાની હિંમત તેનામાં ઊભરાવા લાગી. વસુંધરા સમજતી હતી કે ચૌલાને હજી પ્રોત્સાહનની જરૂર છે. હોશિયાર તો હતી જ. તે વસુંધરાને જોઈ રહી. ઇક્કોતેર વરસની ઉંમરે પણ શરીર તેણે સાચવ્યું હતું. એક અદ્‌ભુત ગરિમા તેનામાં હતી. તેની માનસિક શક્તિઓ પૂરેપૂરી તેના તાબામાં હતી. વિચક્ષણ તો હતી જ પણ બુદ્ધિ હજી એટલી જ ધારદાર હતી. તેને 'અબળા' સમજવાની ભૂલ કરનારાઓ ખત્તા ખાઈ જતા. ચૌલાએ ગઈકાલની મિટિંગમાં તેની દલીલો સાંભળી હતી. તેની બુદ્ધિમત્તાથી હૅરીને કાઢવામાં તે બરાબર સફળ રહી હતી. જ્યારે પણ મુશ્કેલીઓ હોય ત્યારે જાણે તેની બુદ્ધિ વધુ સતેજ થતી. એમાંય વસુંધરા પુરુષોની નબળાઈઓનો જે રીતે ફાયદો ઉઠાવતી તે જોઈ ચૌલા અચંબો પામતી ને શીખતી. અને ચૌલાની મહત્ત્વાકાંક્ષા ઊભરી આવી.

'તમારી વાત સાચી છે, ગ્રેની ! સત્તા જેવું મહત્ત્વનું હથિયાર દુનિયામાં બીજું કોઈ નથી. હવે એ બોર્ડના સભ્યોથી હું ગભરાતી નથી, પણ મને તેમના પ્રત્યે અણગમો તો છે જ. મને હતું કે ક્યાંક હું તમને અન્યાય ન કરી બેસું, પણ તમારો મારામાં વિશ્વાસ જોઈ હવે હું પાછી નહીં જ પડું.'

'શાબાશ ! ચૌલા ! પાછા પડવું એ ભીરુતાની નિશાની નથી. એથી તો તમારી મહત્ત્વાકાંક્ષા ધારદાર બને. તમારા લક્ષ્ય પર બમણા ઉત્સાહથી તમે આગળ વધી શકો. હું તારી ઉંમરની હતી ત્યારે પાછા પડવાનો વિચાર જ નો'તો. જીવવા માટે મારે આગળ વધવાનું જ હતું. ગરીબાઈ શું છે તેનો મને પૂરેપૂરો અનુભવ છે. ક્યારેક તું મારી ડાયરી વાંચીશ ત્યારે તને તેની સમજ આવશે. જીવનમાં સત્તા ને પૈસો શું છે તે સમજાશે. તમે ગરીબ હો ત્યારે પૈસો રોટી, કપડાં, મકાન માટે જરૂરી હોય છે, પણ એથી આવતી સત્તા જ મહત્ત્વની વાત છે જીવનમાં. મને ખાતરી છે, મારો તારામાંનો વિશ્વાસ તું કદી ખોટો નહીં પાડે.'

'નહીં જ પાડું, ગ્રેની !' અને તેના મુખ પર પડકાર ઝીલી લેવાનું તેજ વ્યાપ્યું. 'પણ ગ્રેની ! હૅરીનું શું ? એને 'ડીમોટ' કરતાં મારી પૉઝિશન જોઈ તે મને ધિક્કારશે.'

'ના ! હવે તે તારાથી ગભરાશે.' વસુંધરાની નીલી આંખોમાં સખતાઈ તરવરી ઊઠી. હરભજનની અણગમતી ઘણી યાદો જાણે ત્યાં સંઘરાઈ રહી હોય તેવું લાગ્યું.

'ગભરાશે ? કેમ ?' ચૌલાના સ્વરમાં કુતૂહલ ઊભરાણું. 'કારણ કે તેને તાગમાં તારા પરનાના ને નાના દેખાય છે ને શરૂઆતથી જ તે તારા પર નાનાથી ખૂબ ડરતો. મિત્તલ સ્ટીલ ઇન્ડસ્ટ્રી શરૂ થઈ ત્યારથી લક્ષ્મીકાંત જાણતા હતા કે હેરી શું છે અને હેરી એ અચ્છી રીતે જાણે છે. તારા પરનાના કંપનીના સ્ટૉક મને આપી ગયા ને કહેતા ગયા હતા કે આ સ્ટૉક જીવું છું ત્યાં સુધી મારે વહેંચવા નહીં. એ તારી માતા ને અમારી સૌથી નાની દીકરી શર્મિલા અને તેનાં બાળકોના નામના ટ્રસ્ટમાં રાખવાનો તેમનો આદેશ છે. તારા પરનાનામાં એક દૂરંદેશી ને દીર્ઘદૃષ્ટિ હતાં. તેમને ત્યારે સમજાઈ ગયું હતું કે અમેરિકાની કંપની ક્યારેક એક સૌથી મોટી કંપની મિત્તલ ઇન્ડસ્ટ્રીની બનશે. એનો ફાયદો આપણને મળે તેવી જ તેમની દીર્ઘદૃષ્ટિ હતી. હેરી જોઇન થયો, પણ તેની દાનત તેઓ જાણતા હતા ને તેથી જ તેને કાબૂમાં રાખવામાં આવતો. તેની મહત્ત્વાકાંક્ષાઓ ખૂબ ભયંકર હતી, તે તેઓ જાણતા હતા. ને મને ચોખ્ખું કહી ગયા હતા કે મારી લગામ તેના પર રાખવાની જ, ચૌલા !'

'ગ્રેની ! હવે તો તે બે લગામ છે. તમારા કાબૂમાં સંપૂર્ણ આવી ગયો છે. નાનાજી આજે હોત તો તમને જરૂર અભિનંદન આપત, પણ ખરેખર હું તેમના જેવી લાગું છું ?'

ત્યાં જ વાદળોમાંથી સૂર્ય નીકળ્યો ને તેનાં કિરણો ચૌલાના મોં પર બારી વાટે પડ્યાં. ચૌલાનો ચહેરો ઝળહળી ઊઠ્યો. વસુંધરા ચૌલા સામે જોઈ રહી પછી બોલી, 'ક્યારેક, અત્યારે તો સાવ જ, પણ તારી બધી રીતભાત ને ખાસિયતો તેમના જેવી જ છે. હેરી એ જાણે છે, પણ તું ચિંતા ન કર. હવે વધુ વખત એ આ કંપનીમાં નહીં હોય.' અને ખોળામાંનું ફોલ્ડર બ્રીફકેસમાં મૂક્યું ને બોલી, 'તે બધી બેલેન્સશીટ્સ જોઈ લીધી હોય તો લાવ, ફાઇલ બ્રીફમાં મૂકી દઉં, પણ તને બધું બરાબર લાગે છે ને ?'

'હા, ગ્રેની ! તમારા કામમાં ખામી હોય ?' કહી ફાઇલ વસુંધરાને આપી. વસુંધરાએ પૅરિસના સ્ટોરની ફાઇલ કાઢીને તેમાં ને ત્યાં શું ફેરફાર કરવાના છે તે વિષે વિચારી રહી, કારણ કે પૅરિસનો સ્ટોર તેને મુશ્કેલીમાં લાગ્યો. તેના મોં પર સખતાઈ આવી. લંડન પહોંચી પહેલું કામ એ સ્ટોરને બચાવવાનું કરવું પડશે એવો નિર્ણય કર્યો.

ચૌલાએ વધુ કૉફી પોતાના કપમાં રેડી ને પીતાં પીતાં નાનીમાના ચહેરાને ઝીણવટથી જોઈ રહી. આ ચહેરો તે અત્યાર સુધી જોતી આવી હતી. કેટલો ચાહ્યો છે આ ચહેરાને ! તેના ચહેરા પર નાનીમાને જોઈ મૃદુ ભાવો આવ્યા.

કોઈ કહી ન શકે કે નાનીમા ઈક્કોતેર વરસનાં હશે. સાઠની આસપાસના લાગે તેમ તેમણે શરીર સાચવ્યું હતું. વધુ તો તેમના દૃઢ મનોબળને લીધે જ. આમ તો વસુંધરાએ જીવનમાં ઘણી વ્યથા ને વેદના જોઈ હતી, છતાંય શરીર પર તેની અસર થઈ નો'તી કે થવા દીધી નો'તી. જીવનમાં ઘણો સંઘર્ષ કરી આજે મિત્તલ ઇન્ડસ્ટ્રીને દુનિયાની અતિ ધનિક કંપનીઓમાંની એક બનાવી હતી. તેમની આંખોના ખૂણે ને ગળામાં થોડી કરચલીઓ દેખાતી, પણ ચહેરાના સ્નાયુઓ હજી ઢીલા નો'તા થયા. ઝીણવટથી જોતાં એ ચહેરાએ સમયની કેટલી થપ્પડો ખાધી છે ને સંઘર્ષના ચાસ તે ચહેરામાં છે તે જરૂર દેખાય. અત્યારે તેઓ શાંતિથી બેઠાં વાંચતાં હતાં ત્યારે એ ચહેરામાં દુનિયા આખીનું ડહાપણ ને અનુભવો જાણે દેખાઈ આવતા હતા. ચૌલા જાણતી હતી કે નાનીમાથી ગભરાતા ઘણા માણસો, કુટુંબીઓ પણ જાણતા હતા કે વસુંધરામાં એક કરિશ્મા હતો. એના જાજરમાન રૂપ ને વ્યક્તિત્વથી ભલભલા અંજાતા. પોતે ને વસુંધરા એકબીજાને એટલું ચાહતાં કે ડરનો સવાલ જ પેદા ન થતો, પણ મદનમામાને તેમનાથી ગભરાતા જોઈ તેને ઘણી વાર રમૂજ લાગતી. નાનપણમાં મામાએ અજાણતા પણ ચૌલાને કહેલું 'તું તારી નાનીમા જેવી જ છે !' એ તેને યાદ આવ્યું.

ત્યાં તો વસુંધરાએ ફોલ્ડરમાંથી નજર ફેરવી ચૌલા તરફ જોયું ને બોલી, 'અરે, ચૌલા ?' ચૌલા મનોવિચારમાંથી ઝબકી, 'લંડન પાછા જઈ તું જ પૅરિસ સ્ટોર તપાસવા ન જઈ શકે ? ત્યાંના વહીવટમાં ફેરફાર કરવો પડશે. એ સ્ટોરની બેલેન્સશીટ બહુ પ્રોત્સાહક નથી લાગતી.'

'તમે કહેતાં હો તો જઈ આવીશ, પણ મારો વિચાર યૉર્કશાયર જઈ ત્યાંના સ્ટોર્સ તપાસવાનો હતો.' ચૌલા સાહજિકતાથી બોલી હતી, પણ વસુંધરા અંદરથી તેની ઇચ્છાથી ચમકી. આસ્તેથી ચશ્માં કાઢી એકીટશે ચૌલાને જોઈ રહી. ચૌલા થોડો ક્ષોભ પામી પણ તેના ગાલ પરની સુરખી અજાણ ન રહી. તેની નજરો ઝૂકી ગઈ.

'ભલે, તમને લાગતું જ હોય તો પૅરિસ જઈ આવીશ.' તેનો સ્વર દબાયેલો લાગ્યો.

'કેમ એકાએક યૉર્કશાયરનો વિચાર આવ્યો તને ? શું વાત છે ચૌલા ? મારાથી કંઈ અજાણ્યું ?' અને ચૌલાના ગાલ પરની સુરખી જોઈ બોલી, 'આહા ! હવે સમજાયું. ક્ષિતિજ શ્રીવાસ્તવ ! બરાબરને ?'

નાનીમાની સ્થિર વેધક નજરથી ચૌલા અકળાઈ સીટમાં જરા સરખાં બેસતાં બોલી, 'શું તમે પણ ગ્રેની ! ત્યાંના સ્ટોર્સ પણ તપાસવાના જ છે ને ? એટલે કહ્યું.'

'આ છોકરી શું મને મૂર્ખ સમજતી હશે ?' અને બેધડક પૂછી નાખ્યું, 'સાચું કહે ચૌલા ! ક્ષિતિજને તું મળે છે ને ?'

'ના, હવે નહીં. મહિનાઓ થઈ ગયા.' તેનો સ્વર ધ્રૂજી ઊઠ્યો. અજાણતા તેનાથી એકરાર થઈ ગયો. તે ક્ષોભ પામી ગઈ.

વસુંધરા સ્નેહથી બોલી, 'તું આકળી ન થા. હું ગુસ્સે નથી થઈ, પણ નવાઈ લાગી કે આ એક જ વાત તે મારાથી કેમ છુપાવી ?'

'મેં તમને એટલા માટે ન કહ્યું, કારણ કે તમને શ્રીવાસ્તવ ફૅમિલી માટે કેટલો અણગમો છે. હું તમને નારાજ કરવા નો'તી માંગતી. એને લીધે તમારા જીવનમાં કેટલી મુશ્કેલીઓ આવી છે કે મારા લીધે વધુ મુશ્કેલી ઊભી કરવા નો'તી માંગતી. અને હવે તો એ વાત પતી પણ ગઈ છે.' કહી ચૌલાએ પોતાનાં આંસુઓ છુપાવવા ચહેરો ફેરવી લીધો.

'શ્રીવાસ્તવ કુટુંબના લીધે હું કદી નારાજ ન થાઉં.' છતાં વસુંધરાનો સ્વર તીખો બની ગયો. 'તું ભૂલી જાય છે કે ક્ષિતિજને મેં જ નોકરી આપી છે. એવું હોત મારા મનમાં તો નોકરી ન જ આપતને ? મને તેનામાં વિશ્વાસ ન હોત તો ન્યૂઝ પેપર કંપની તેને ન સોંપત ને ?' અને ચૌલાના ચહેરાને જાણે વાંચવા માંગતી હોય તેમ પૂછ્યું, 'ચૌલા ! સાચ્ચું કહે. શા માટે તેને મળવાનું બંધ કરી દીધું ?'

ચૌલા સમજી ગઈ કે તેની શાણી ગ્રેનીએ તેની પોલ પકડી પાડી છે. અત્યાર સુધી તો એ બધું જાણતી જ હતી. 'ગ્રેની ! મને લાગ્યું કે હું જાણે તેના પ્રત્યે ખેંચાતી જાઉં છું.' પ્રામાણિકપણે ચૌલા બોલી. 'અને મને એવી છાપ પડી છે કે શ્રીવાસ્તવ કુટુંબ સાથે કોઈ સંબંધ બંધાય તે તમને નહીં ગમે.'

'ઓહ ! તો વાત ત્યાં સુધી પહોંચી છે એમને !' વસુંધરાની આંખોમાં એ કુટુંબના ઉચ્ચારથી ઉદાસી આવી. જે યાદોને ભૂંસવા તે ખૂબ મથતી હતી તે જ સામે આવતી હતી. એ યાદોથી તેનો ચહેરો ધોળો પૂણી જેવો થઈ ગયો. તેની નજર સામે જાણે રવિ શ્રીવાસ્તવ ઊભો હોય તેવું વસુંધરાને લાગ્યું. જ્યારે ક્ષિતિજને જોયો ત્યારે પણ રવિની છાયા જેવો જ લાગેલો ને ! એ યાદો ઊખળી આવતાં એના ભારથી તેની વાચા જાણે હણાઈ ગઈ.

ચૌલાએ નાનીમાના ચહેરા પર ઉદાસી છવાતી જોઈ. તેના દિલમાં દુઃખ થયું. નાનીમાની આંખો એકાએક સાવ લુખ્ખી, ખાલી લાગી. તે બારીની બહાર જોઈ રહી હતી. તેના હોઠો સખતાઈથી ભીડાયા હતા. 'ક્યાં આ વાત નીકળી !' એવો વિચાર ચૌલાને આવ્યો. આગળ સીટમાં આવી વસુંધરાના હાથ હાથમાં લઈ તે બોલી, 'ગ્રેની ! એ વાત હંમેશ માટે બંધ થઈ ચૂકી છે અને એ કંઈ મહત્ત્વનું નથી. મને જરાય એ વાતનું દુઃખ નથી. તમે કહો છો તો હું પૅરિસ જઈશ, બસ ! પણ તમે નારાજ ન થાઓ.' ચૌલાના સ્વરમાં નાનીમાને દુઃખ પહોંચાડવા માટે પશ્ચાત્તાપ નીતરી રહ્યો. મનમાં ને મનમાં પોતાના પર ક્રોધ ચડવા લાગ્યો.

ધીમે ધીમે વસુંધરા સ્વસ્થ થઈ ને બોલી, 'ચૌલા ! ક્ષિતિજ મજાનો યુવક છે. તેના કુટુંબમાં સાવ નિરાળો.' ચૌલાને કહેવાનું તેને મન થયું કે તે ક્ષિતિજ સાથે મેલજુલ વધારી શકે છે, પણ બોલી ન શકી. ભૂતકાળ ભવિષ્ય બનવાનો હશે ?

'ગ્રેની ! સાંભળ્યું ને ? હું પૅરિસ જઈશ, બસ ?'

'મને લાગે છે ચૌલા તારે ત્યાં જઈ જોવું પડશે કે ત્યાં શું ચાલી રહ્યું છે.'

'ભલે ગ્રેની ! લંડન પહોંચી ત્યાં જવાની તૈયારી કરીશ.'

'ચાલો, સરસ !' અને વાત બદલાઈ જતાં બન્નેને જાણે રાહત થઈ.

'અને ચૌલા ન્યૂયૉર્ક પહોંચી હું સીધી જ ઑફિસે જઈશ. ડ્રાઇવર આવશે લેવા તે લગેજ હોટલમાં લઈ જશે. અરે હા, ચૌલા મને નંદાની ફિકર થાય છે. તેં તેની સાથે ફોન પર વાત કરી તો કોઈ ફેરફાર તારી નજરે પડ્યો ?'

'ના ગ્રેની ! તમે શું કહેવા માંગો છો ?' એકાએક નવી વાત આવી પડતાં તે ચમકી હતી.

'ખબર નહીં. તેના સ્વર ઉપરથી મને લાગ્યું કે કંઈક અજુગતું બન્યું છે. લંડનથી તેં ન્યૂયૉર્ક આવીને મને ફોન કર્યો ત્યારે જ હું જાણી ગઈ હતી. તને ખ્યાલ ન આવ્યો ?'

'ના. શું હશે ? લંડનમાં કંઈ તકલીફ ઊભી થઈ હશે ? મદનમામા ને મુંજાલમામાએ કંઈ તકલીફ તો ઊભી નહીં કરી હોય ને ?' ચૌલાના સ્વરમાં ભય ડોકાયો.

'ભગવાન કરે ને એવું ન હોય.' અને વસુંધરા બારીની બહાર જોવા લાગી. તેનું મન બિઝનેસ ને તેની સેક્રેટરી નંદા અવસ્થીની વાતોમાં વિચારે પડ્યું. લંડનમાં શું અજુગતું બની શકે તેની મનોમન બધી નોંધ કરી, પણ કંઈ સમજાયું નહીં. 'જે હશે તે, અહીં બેઠા શું કરી શકાશે' એ વિચારે, વિચારો કરવાના બંધ કરી સમય બગાડવા જેવું તેને ન લાગ્યું.

'ચૌલા ! હવે પ્લેન ઉતરવાનો સમય થયો છે. નંદાને મળતાં જ બધી વાતની ખબર પડશે.' વસુંધરાએ સીટબેલ્ટ બાંધતાં કહ્યું.

ચૌલા પોતાનો સીટ બેલ્ટ બાંધતાં વિચારી રહી,

'શું હશે ?'

: ૨ :

'શું હશે ? શું થયું હશે ?' એ વિચારો તો કેનેડી ઍરપોર્ટ પરથી કેડીલેક કાર મિત્તલ ઍન્ટરપ્રાઇઝની મૅનહટનમાં આવેલી કૉર્પોરેટ ઑફિસ સામે આવી ઊભી રહી ત્યાં સુધી વસુંધરાના મનમાં ધમાસાણ મચ્યું હતું, પણ મનના ભાવ તે કદી ચહેરા પર કળાવા ન દેતી.

મિત્તલ ઍન્ટરપ્રાઇઝના સ્ટોર્સની ચેઇન જેમ ઇંગ્લૅન્ડ ને ફ્રાન્સમાં હતી તેમ ન્યૂયૉર્કમાં પણ સ્થપાયેલી હતી અને એ ઉપરાંત ક્લોધિંગ ફૅક્ટરીઝ, વુલન મિલ્સ, રીયલ ઍસ્ટેટ અને ઇંગ્લૅન્ડમાં ન્યૂઝ પેપર્સ ને ઇંગ્લૅન્ડની મોટી કંપનીઓમાં મોટા જથ્થામાં શૅર્સ. વસુંધરાએ કેટકેટલું વિકસાવ્યું હતું ! અને મિત્તલ ઍન્ટરપ્રાઇઝ તો તેનું જ બાળક હતું. સો ટકા શૅર્સ તેના હતા. જોકે બધા જ વ્યાપારમાં તેના સૌથી વધુ શૅર્સ રહેતા અને બોર્ડની ચૅરમૅન બધે તે જ હતી. ધીમે ધીમે અમેરિકન ઇન્ડસ્ટ્રી-ઉદ્યોગોની કંપનીઓમાં પણ તે શૅર્સ ખરીદવા લાગી હતી.

અને હવે તેણે ફેલાવો ઑસ્ટ્રેલિયામાં વધાર્યો હતો. રીયલ ઍસ્ટેટ, માઇનિંગ, કોલસાની ખાણો અને ઘેટાંઓનું ઊન કાપવાની મોટી ફૅક્ટરીને 'શીપસ્ટેશન્સ' પણ લઈ લીધાં હતાં અને તે માનતી કે જેને કામ સોંપ્યું હોય તેનો વિશ્વાસ કરવો જોઈએ, પણ અવારનવાર માલિકની રીતે એ કંપનીઓની મુલાકાત લેવી જ જોઈએ. દુનિયાભરમાં પથરાયેલા બહોળા વ્યાપારમાં કામ કરનારાઓએ માલિકને નજરે તો જોઈ હોવી જોઈએ ને !

કાર કૉર્પોરેટ ઑફિસ પાસે આવી ઊભી એ દરમિયાન વસુંધરા વિચારતી રહી કે પહેલી જ વાર ફોનમાં વાત કરતાં તે નંદાની અસ્વસ્થતા પામી ગઈ હતી. પહેલાં લાગ્યું કે ઇંગ્લૅન્ડથી અમેરિકાની લાંબી સફરથી થાકી હશે, પણ બોલતાં તેનો સ્વર ધ્રૂજવો, વાતને જલદીથી ટૂંકાવી નાંખવી જાણે પોતાની સાથે વાત કરતા ડરતી હતી કે ખચકાતી હતી ! આ પહેલાની તે જાણતી હતી તે નંદા નો'તી. કદાચ પોતાની ગેરહાજરીમાં લંડનની ઑફિસમાં કંઈ થયું હશે જે વિષે તે કહેવા માંગે છે, પણ કેમ કહેવું તેની દ્વિધામાં હશે ? મદન ને મુંજાલે કંઈક... ના, ના, ખોટા વિચારો નથી કરવા. આખરે તેઓ બંને પુત્રો છે !

જાન્યુઆરીનો શિયાળો ન્યૂયૉર્કમાં જલદ હોય. કારમાંથી નીકળતાં કાતિલ ઠંડીનો પવનનું ઝાપટું તેના ખુલ્લા મોં પર ભટકાયું. પહેરેલા વુલન ઓવરકોટને તેણે શરીર પર વધુ ચપસીને પહેર્યો છતાંય કડકડતો પવન હાડકાં સોંસરવો ઊતરતો લાગ્યો. તે ને ચૌલા બિલ્ડિંગ તરફ આગળ વધ્યાં ત્યાં જ વસુંધરાને ઉધરસ ઊપડી. જોકે લંડનથી ઉપડતી વખતે જ તેને ઉધરસ તો હતી જ, પણ વધારો તો અમેરિકાના શિયાળાને લીધે થયો.

કૉર્પોરેટની ઑફિસ વીસમા માળે હતી. બિલ્ડિંગમાં પ્રવેશતાં જ સૅન્ટ્રલ હીટિંગને લીધે ગરમાવાએ હૂંફ આપી. એલીવેટર-લિફ્ટમાંથી નીકળતાં તે બોલી, 'ચૌલા ! મારે નંદાને એકલીને મળવું છે. તું ન્યૂયૉર્કના સ્ટોરની બેલેન્સશીટની ચર્ચા આપણા મૅનેજર ક્લાઇવ સાથે એટલામાં કરી લે.'

'ભલે ગ્રેની ! મારી જરૂર પડે તો તરત મને બોલાવી લેજો.' ઑફિસમાં જતાં વસુંધરાએ રિસેપ્શનિસ્ટને આછું સ્મિત આપ્યું. ઑફિસમાં પ્રવેશી બારણું ટાઇટ બંધ

કર્યું. તેને અમેરિકન લોકોની સહજતા ન ગમતી. અંગત કામમાં બધાની અવરજવર શું કામની ? પોતાનો વુલન કોટ ને પર્સ તેણે બાજુના ટેબલ પર મૂક્યાં. બ્રીફકેસ લઈને જ પોતાના ટેબલ તરફ આગળ વધી. સાઇડની આખી દીવાલ કાચના અરીસાથી મઢી હતી. બારીની બહારનું ખુલ્લું આકાશ આખું જાણે તે અરીસામાં સમાઈ જતું લાગતું. તેને થતું આખું આકાશ જાણે તેની મુઠ્ઠીમાં છે. અમેરિકન ઉદ્યોગોની જેમ ! આ જ વ્યાપારી આકાશને આંખની પલકે જ ઝુકાવ્યું હતું ને !

તેને અમેરિકાની ઑફિસ ગમતી. કેટલો ઉજાસ, કેટલી મોકળાશ, કેટલી ભવ્યતા ! ફર્નિચર બધું અદ્યતન. લંડનની જેમ જ્યોર્જીયન નહીં. અહીં બધું આધુનિક ને સ્ટાઇલીશ હતું. ટેબલ પાસે 'રોહ'ની ખુરશી સામે ઇટાલિયન સોફા, વિઝિટર માટે બુક્સ-પુસ્તકો રાખવાની સ્ટીલ ને ગ્લાસની શેલ્ફ, પૉલિશ્ડ રોઝવુડની કેબિનેટ્સ, ખૂણામાં નાના છોડ, ઑફિસને અદ્યતન વાતાવરણથી મઢી દેતું. એક હૂંફ મળતી ઑફિસમાં. એક અપાર શાંતિનો અનુભવ થતો. ભીંતો પર ફ્રેન્ચ પેઇન્ટર્સના પેઇન્ટિંગ્ઝ લટકતાં હતાં. પેઇન્ટિંગ્ઝ પસંદગીમાં પણ એક કલામય દૃષ્ટિ દેખાઈ આવતી. એક ખૂણામાં સુંદર શિલ્પકૃતિ મૂકવામાં આવી હતી. ટેબલ પાછળની આખી ભીંત ગ્લાસની હતી ને તેમાંથી વહી જતી હડસન નદી ને તેમાં વિહરતી બોટ્સ દેખાઈ આવતી. જાણે ઑફિસરૂમ આખો અવકાશમાં લટકતો ન હોય એવું લાગતું.

વસુંધરા સ્મિત કરી ખુરશીમાં બેઠી. ટેબલ પર નંદાનો હાથ ફરી ગયો હતો. બધું વ્યવસ્થિત રીતે – તેને ગમે તેમ જ ગોઠવાઈ ગયું હતું. તેનો વ્યાપારી પત્રવ્યવહાર, ટેલેક્સ બધા, ફાઇલમાં ગોઠવાઈ ટેબલ પર મુકાઈ ગયા હતા. ટેલિફોન મેસેજીઝ વ્યવસ્થિત ટેલિફોન બાજુમાં મુકાઈ ગયા હતા. તેણે તે વાંચી નંદાને બોલાવી. નંદાની હાલત જોઈ તે ચમકી ! અંગ્રેજીમાં જેને 'પ્રીમ ને પ્રોપર' કહે તેને બદલે નંદાનો ચહેરો નંખાઈ ગયો હતો. આંખો નીચે કાળાં કુંડાળાં રચાઈ ગયાં હતાં. છ અઠવાડિયાંમાં આ તે શું થઈ ગયું ? પાંત્રીસ વરસની તેની ઍક્ઝિક્યુટિવ સેક્રેટરી આજે પચાસની લાગતી હતી. બાર વરસથી તે વસુંધરા સાથે હતી. દરેક કામમાં કાબેલ હતી. વસુંધરાના એક જ ઉપકારે જાણે જાતને તેણે તેના પર ઓળઘોળ કરી નાંખી હતી. હંમેશાં પોતાના મન પર કાબૂ રાખતી. અને આજે તેને જોઈ, વસુંધરાને અનુકંપા જાગી. તે આવી. ઔપચારિક આવકાર આપી તે વસુંધરાના ડેસ્કની સામેની ખુરશીમાં, હાથમાં પેડ ને પેન લઈ બેઠી.

વસુંધરા શાંતિથી ખુરશીની પીઠને અઢેલી બેઠી. તેને કોઈ ઉતાવળ નો'તી કરવી. નંદાનો સંકોચ તે ઉડાડી દેવા માંગતી હતી. પછી અવાજમાં સ્વસ્થતા ને સહજતાથી મૃદુ અવાજે પૂછ્યું, 'નંદા ! શું વાત છે ?'

નંદા પહેલાં તો ખચકાણી પછી ઉતાવળે બોલી, 'કંઈ નહીં મિસિસ મિત્તલ થોડો થાક ! જેટલેગને લીધે જ હશે.' પણ વસુંધરાની સાથે આંખો મેળવી ન શકી.

'નંદા ! હું તને નથી જાણતી શું ? ખોટાં બહાનાં ન આપ. સાચેસાચું કહે. શું થયું છે ? લંડનમાં કંઈ મુશ્કેલી ઊભી થઈ છે ?'

નંદા ચમકી ગઈ. વસુંધરાની સામા માનવીનું મન કળી જવાની શક્તિ પર તે ફિદા હતી, પણ તેનો ચહેરો ઊતરી ગયો. નજરો ઝૂકી ગઈ.

'ના, ના, એવું કંઈ નથી.'

વસુંધરાએ ડેસ્ક પર બંને હાથ ટેકવ્યા ને આગળ આવી વેધક નજરે નંદાને માપી રહી. કંઈક અસાધારણ બન્યું છે. નહીં તો નંદા આટલી મુરઝાયેલી ને ભયભીત ન લાગતી હોત !

'તારી તબિયત તો બરાબર છે ને, નંદા ?' વસુંધરાએ સ્નેહથી પૂછ્યું.

'હા, મિસિસ મિત્તલ !'

'તારા અંગત જીવનમાં કંઈ મુશ્કેલી ઊભી થઈ છે ? તું જાણે છે કે મારામાં વિશ્વાસ મૂકીશ તો હું કંઈ મદદ કરવા તત્પર થઈ શકું.'

'ના, ના, એવું કંઈ નથી.'

'તો મારી સાથે નજરો મેળવી વાત કેમ નથી કરતી ? જરૂર તારા મન પર ભાર છે. તું ખુલ્લા દિલે કંઈ વાત નથી કરતી. આટલાં વર્ષો સાથે કામ કર્યા પછી પણ ?'

નંદાનો નીચલો હોઠ ધ્રૂજી ઊઠ્યો. આંખો ભીની થયેલી લાગી. હૃદય ધડક ધડક ધડકી રહ્યું હતું. સામે વસુંધરા શાંત બેઠી હતી. તેને આજે વાતનો તાગ મેળવવો જ હતો. તે દૃઢ મનોબળની હતી જ તેથી જ ઘણા સંઘર્ષ પછી આ સ્થાને પહોંચી હતી. નંદાને તે પોલાદ જેવી સખત લાગતી, પણ મુશ્કેલીના સમયે મદદ કરવા પણ તત્પર થતી.

વસુંધરા એકીનજરે નંદાનો ચહેરો વાંચવા મથતી હતી. ત્યાં ભય તો ડોકાતો દેખાતો જ હતો. તે ઊભી થઈ. 'બાર' પાસે ગઈ ને શેરી ગ્લાસમાં રેડી લઈ આવી.

'આ પી લે. જરા સારું લાગશે.' ગ્લાસ તેણે નંદા સામે મૂક્યો. નંદાએ ગ્લાસ લીધો. થોડું પીતાં ગળું સાફ થતું લાગ્યું, પણ વસુંધરાની ઋજુતાથી તે ગળગળી થઈ ગઈ ને એ ગોઝારો દિવસ યાદ કરી રહી. જો વસુંધરા ન હોત તો ? ક્યાંય એનું મન પહોંચી ગયું. પતિના ત્રાસથી તે કંટાળી ગઈ હતી. થેમ્સ નદીના કિનારે 'લંડન આય' પાસેના પુલ પર તે ધીમે ધીમે ચાલી રહી હતી. જિંદગીની નિષ્ફળતાએ તેને હતાશ કરી દીધી હતી. પુલ પરથી કૂદકો મારી જીવનનો અંત લાવવા માંગતી હતી. ત્યાં જ તે કોઈની સાથે ભટકાણી. પેલી સ્ત્રીએ તેની આંખોમાં આંસુઓ જોયાં. ઊભી રહી ગઈ ને સાથેની સ્ત્રીએ ઉતાવળે પૂછ્યું, 'ચૌલા ! જરા ઊભી રહે. આમને મદદની જરૂર છે.' ત્યાં જ ડ્રાઇવર કાર લઈ આવ્યો. વસુંધરાએ તેને કારમાં બેસાડી ને રસ્તામાં અતથી ઇતિ સુધી નંદાનો જીવનવૃત્તાંત સાંભળ્યો.

'અરે ચૌલા ! મને ઑફિસમાં સેક્રેટરી જોઈએ છે તેની ઍડ્ તેં આપેલી ને ! હવે જરૂર નહીં રહે.'

ચૌલા તો આભી બની જોઈ રહી. આમ કોઈ પર વિશ્વાસ મુકાય ? પણ તે સારી રીતે જાણતી હતી કે વસુંધરા એક નજરમાં માનવીને જાણી લેતી. ઑફિસમાં પહોંચી તેણે નંદાનો ઇન્ટરવ્યૂ જ લઈ લીધો ને નોકરી પણ અપાવી.

'મિસિસ મિત્તલ ! કેવી રીતે તમારો આભાર માનું ? મારા નાના પુત્રનું ભવિષ્ય તમે મજબૂત બનાવી દીધું. હું લગનથી કામ કરીશ. તમને ફરિયાદ કરવાનો મોકો કદી નહીં આપું.'

અને ત્યારથી આટલાં વરસો પછી જે વાત તેણે સાંભળી હતી તેથી ગભરાઈ જ ગઈ હતી. વસુંધરા કામની બાબતમાં સખત વલણ અપનાવતી, પણ બિઝનેસના ફેલાવા માટે તે જરૂરી હતું. છતાં દુશ્મનોને મદદ કરતાં પણ ન અચકાતી, પણ બિઝનેસની વાત આવે તો હરીફોને દાવપેચ લડાવી હંફાવતી પણ ખરી. છતાંય જરૂર પડ્યે તે દયાળુ થઈ શકતી.

નંદાએ જોયું કે બંને બોલ્યા વગર જ એકબીજાને તાકી રહ્યાં છે. 'આ તારણહારને બચાવવા વાત કહેવી જ પડશે ! એવો નિર્ણય તેના મનમાં ચમક્યો. 'મિસિસ મિત્તલ ! હવે મને સારું લાગે છે.'

'તો નંદા હવે મારા પર વિશ્વાસ મૂકી મને સાચી વાત કહે. તને શું સતાવે છે ?' વસુંધરાનો અવાજ શાંત પણ સખત બન્યો, 'નંદા ! એ વાત મારે લગતી છે ?'

તેનાથી હા પડાઈ ગઈ ને વસુંધરાની આંખોમાં ચિંતા ઝબકતી જોઈ તેણે બંને હાથથી પોતાનું મોં છુપાવી લીધું ને બોલી ઊઠી, 'ઓ ભગવાન ! કેવી રીતે કહું ?'

'નંદા ! હવે બોલી જ નાંખ. દિલ હલકું થઈ જશે. હું સમજી શકું છું કે આ કંઈ સારા સમાચાર નથી લાગતા.'

નંદાએ કહેવા માટે ઘણો પ્રયત્ન કરવો પડ્યો. આંખમાં આવતાં આંસુઓ પાછાં ધકેલવા મથી રહી. તેની આંખો વિસ્ફારિત થઈ, હવે તો કહેવું જ પડશે. તે બોલી ઊઠી, 'ઑફિસનો દરવાજો... હું પાછી ગઈ... તેઓને વાત કરતા સાંભળ્યાં. દલીલો કરતા હતા. થોડા ગુસ્સામાં હતા.' નંદા વાક્યો પણ પૂરાં કરી શકતી નો'તી, એટલી ભયભીત હતી. 'તેઓ કહેતા હતા...'

'એક મિનિટ, નંદા ! જરા શાંતિથી, વિસ્તારથી કહે. કયો દરવાજો ?'

'સૉરી, મૅડમ ! આપણી ઑફિસની ફાઇલિંગ રૂમનો દરવાજો બોર્ડરૂમની બાજુમાં. હું શુક્રવારે તે લૉક કરતાં ભૂલી ગઈ. ઑફિસમાંથી નીકળી ગયા પછી મને યાદ આવ્યું અને સામાન્યતઃ આપણું ટેપરેકર્ડર-સ્પીચ રેકર્ડ કરવાનું બંધ કરતા પણ ભૂલી ગઈ હતી. બોર્ડરૂમનો દરવાજો ને ફાઇલિંગ રૂમના દરવાજા પણ લૉક કરવા

ના રહી ગયા હતા. શનિવારે હું અહીં ન્યૂયૉર્ક આવવા નીકળતી હતી. પૅકિંગ પૂરું થયું નો'તું. મારા દીકરાને સ્કૂલેથી લેવાનો હતો.'

વસુંધરાની નજર સામે ઑફિસ, બોર્ડરૂમ, ફાઇલિંગ રૂમ તરવરી રહ્યા. ફાઇલિંગ રૂમમાં કોણ હોઈ શકે ? કંઈક વિચારો તેના મનમાં ચાલી રહ્યા. ત્યાં નંદા બોલી, 'તમે હંમેશ મને કહેતાં કે બોર્ડરૂમ ને તેને જોડતો ફાઇલિંગ રૂમ બંનેના દરવાજા હંમેશાં લૉક કરી પછી જ જવાનું. હું પાછી ફરીને મારી ઑફિસમાંથી ફાઇલિંગ રૂમમાં જવા પહોંચી તો બારણું તો ખુલ્લું હતું, થોડુંક જ. હું બંધ કરવા આગળ વધી ત્યાં અંદરથી બોલવાનો અવાજ આવતાં હું અટકી ગઈ.'

'અત્યારે ફાઇલિંગ રૂમમાં કોણ હોઈ શકે ? મૅડમ નથી એટલે કોઈએ ત્યાં બેસવાની ગુસ્તાખી કરી હશે ? હું બારણું લૉક કરું તો એ અવાજ તેમને સંભળાય જ હવે ? મેં ઝડપથી ઑફિસની લાઇટ ઑફ કરી નાંખી જેથી મને કોઈ જોઈ ન જાય. પણ.. પણ...'

'ગભરા નહીં, આગળ વાત કહે.'

'મૅડમ ! મેં તેમને કહેતા સાંભળ્યા. ના, તેઓમાંના એકે કહ્યું, 'તમે બિઝનેસ ચલાવવા માટે હવે વૃદ્ધ બની ગયા છો, પણ તમે કાબેલ નથી એ પુરવાર કેમ થાય ? એમ થાય તો કંપનીના શૅર્સના ભાવ ગગડી જાય. જો તમે જાતે જ બધામાંથી રાજીનામું આપી દો તો જ કંપની બચે. બંને વચ્ચે દલીલો ચાલી. પછી જે વધુ બોલતા હતા તે બોલ્યા, 'બધા જ સ્ટોર ને કંપની લેવાવાળા ઘણા છે. બધું ધીમે ધીમે વેચી શકાય.'

નંદાએ વસુંધરા સામે તેના ચહેરાના હાવભાવ જોવા દૃષ્ટિ નાંખી, પણ એ ચહેરા પર કોઈ ભાવ જ નો'તા. ત્યાં જ સૂર્ય વાદળામાંથી બહાર આવ્યો. તેનાં કિરણો કાચની બારીમાંથી આખી ઑફિસમાં રેલાઈ રહ્યાં. જાણે કોઈ તેજ વસુંધરાના ચહેરા પર ચમક્યું. નંદાએ ઊઠીને બારીના પરદા બંધ કર્યા. પાછા ફરી ખુરશીમાં બેઠી. તેણે જોયું, વસુંધરા નિશ્ચલ નજરે ડેસ્ક પરના પેપર્સને તાકી રહી હતી. પછી નજર પાછી નંદા પર ઠેરવી બોલી, 'હં નંદા, પછી શું થયું ?'

'પહેલા જે બોલતા હતા તેઓ બોલ્યા, 'તમારી સાથે અંગત રીતે કે કાયદાની રીતે લડાઈ કરવી નકામું છે. આમેય હવે તમે ઈક્કોતેર-એંસીની આસપાસનાં થયાં છો. જીવી જીવીને કેટલું જીવશો ? ત્યાં બીજા બોલ્યા, 'તમે ખૂબ જ તાકાતવર-શારીરિક ને માનસિક રીતે છો. છેવટે તો તમારું ખૂન જ કરવું પડે.'

નંદાની આંખોમાં આંસુઓ ધસી આવ્યાં. મૅડમ વિષે કોઈ ઘસાતું બોલે તે સહી જ ન શકતી.

વસુંધરા એ સાંભળી પથ્થર બની ગઈ. તેની આંખોમાં સખતાઈ આવી. સાપ જેવી ઠંડક તેમાં દેખાઈ. દાંત ભીંસી તે બોલી, 'નંદા ! એ બન્ને કોણ હતા તે મને

કહી શકીશ ?' પણ ભીતરમાં જાણે તે જાણી ગઈ હતી કે તેઓ કોણ હતા. છતાંય તેના માન્યામાં નો'તું આવતું. ખરેખર તેઓ હશે ? નંદા કદાચ પોતે ધારે છે તે નામો ન પણ બોલે !

'ઓહ મૅડમ ! કેવી રીતે કહું ?' પછી ઊંડો શ્વાસ લઈ બોલી, 'તેઓ મી. મદન ને મુંજાલ હતા. મી. મદન બોલ્યા, 'બધી જ બહેનોનો સાથ મેળવવો પડશેને આ કામ માટે.'

મી. મુંજાલ બોલ્યા, 'તેઓ તો આપણી સાથે એ હોય જ ! તેઓ બધા સાથે તેમણે વાતો કરી લીધી છે. એક શર્મિલા સિવાય. તે કદી આ વાત સ્વીકારે નહીં. તેથી તેને આ વાત કરવાની જ નથી, ત્યાં જ મી. મદન બોલ્યા, 'આમાં કંઈ થઈ ન શકે. તમારા જીવતા તો કંપની વેચવાની નોબત આવવાની જ નથી અને આપણા બન્નેના શૅર્સ મળીને પણ કંપની પર કાબૂ મેળવવાની શક્યતા જ નથી. બસ, તમારા મૃત્યુની રાહ જોવાની રહી. ત્યાં મુંજાલ બોલ્યા, 'તમારા શૅર્સ જે સ્ટોરમાં વધારે હોય તે વેચી કાઢો. અબજો મળી જશે. તેમણે ના પાડતા મુંજાલ ગુસ્સે થઈ ગયા. છેવટે બંને શાંત થયા. મી. મદને પૂછ્યું કે મુંજાલ તમારા વીલ વિષે કંઈ જાણે છે ? તેઓએ ના પાડી, પણ કહ્યું કે તમે બધા પ્રત્યે અન્યાય તો નહીં જ કરો, પણ મી. મદને ચૌલા વિષે વાત કરી કે તેઓ તમારા એવા વિશ્વાસપાત્ર છે કે તમને કાબૂમાં લઈ તમારી પાસેથી શુંય કઢાવી લેશે. મી. મુંજાલ બોલ્યા, 'અગર માનું વીલ આપણી તરફેણમાં નહીં હોય તો અત્યારથી પ્લાન કરી લેવો જરૂરી છે જે તમારા મૃત્યુ પછી તરત અમલમાં મૂકી શકાય.'

'મારા જ પુત્રો ? અને પુત્રી પણ ? એક શર્મિલા સિવાય બધાં તેના મૃત્યુની રાહ જોઈ રહ્યાં છે ?' તેને એક સખત આઘાત લાગ્યો. હચમચી ગઈ અંદરથી. તેના મનમાં અંધકાર છવાઈ ગયો. તમ્મર આવી ગયાં તેને. શરીર ને મનની શક્તિઓ જાણે હણાઈ ગઈ. જાણે હૃદય ધબકતું બંધ થઈ જશે. હતાશા તેને ઘેરી વળવા લાગી. પોતાનું લોહી આવો દ્રોહ કરે ? પુત્રો ને પુત્રી પોતાની સગ્ગી મા સામે ષડ્યંત્ર રચતાં હતાં ! બની શકે આવું ? મદન, મુંજાલ, રવિના પણ. બધા જ ! ન બની શકે તેવી વાત હતી. આટલી હદે તેઓ જઈ શકે ? ધીમે ધીમે હતાશા પીગળવા લાગી ને આછો આછો ક્રોધ ભભૂકવાની તૈયારી કરવા લાગ્યો અને વસુંધરા ઊભી થઈ ગઈ. દૂર દૂરથી જાણે નંદાનો સ્વર સંભળાયો, 'મૅડમ ! મૅડમ ! તમારી તબિયત તો સારી છે ને ?'

મહામહેનતે તેણે જાતને કાબૂમાં લીધી ને સાપના ફૂંફાડાની જેમ બોલી, 'નંદા ! આ બધું સાચું છે ? તારા પર વહેમ નથી લાવતી, પણ બધું તેં સાંભળ્યું તે સાચું છે ? તને ખબર છે આ વાત કેટલી ગંભીર કહેવાય ?'

'મૅડમ ! એક અક્ષર મારો ઉમેરેલો નથી. નથી મેં વાત વધારીને કહી.'

'બસ ! બીજું કંઈ કહેવાનું છે ?'

'હા, મૅડમ !' કહી નંદાએ પર્સમાંથી એક ટેપ કાઢી ને વસુંધરાને આપી.

'શું છે આ, નંદા ?'

'મેં તમને જે કહ્યું તે બધું આમાં રેકર્ડ થઈ ગયું છે, મૅડમ ! ફક્ત હું રૂમમાં ગઈ તે પહેલાં શું વાતો થઈ તેની જાણ નથી. હું અંદર ગઈ ત્યારે ટેપરેકોર્ડર ચાલતું હતું. એ પણ હું બંધ કરતાં ભૂલી ગઈ હતી. મેં જ્યારે રૂમની લાઇટ ઑફ કરી ત્યારે અંધારામાં ટેપરેકોર્ડરની ટેઇપ થતી વાતોની લાલ નાની બત્તી ચમકી રહી હતી. મને થયું આ લોકોની વાતો રેકર્ડ થઈ જાય તો તમને પુરાવો મળી જાય.'

વસુંધરાની અંદરથી ક્રોધનો લાવા ભભૂકવા લાગ્યો હતો. ક્યાંક નંદા તેને પાગલ ન સમજી બેસે તેથી હૃદયમાંથી ઊઠતી ચીસને માંડમાંડ દબાવી. વિચારી રહી. કેવા મૂરખાઓ છે ? ક્યાંય નહીં ને મારી ઑફિસના બોર્ડરૂમનો ફાઇલિંગરૂમ આવી બાબતોની ચર્ચા માટે પસંદ કર્યો ! તેની સામે ષડ્યંત્ર રચવા ! આ તેઓની સૌથી મોટી ભૂલ હતી. મદન ને મુંજાલ મિત્તલ ઍન્ટરપ્રાઇઝના ડિરેક્ટર્સ હતા, પણ બોર્ડમાં નો'તા. તેથી તેઓને ખ્યાલ પણ નો'તો કે માતાએ ઑફિસમાં કેવાં કેવાં અદ્યતન સાધનો વસાવ્યાં છે !

વસુંધરાની નજર ડેસ્ક પર પડેલ ટેપ પર પડી. જાણે ફૂલોમાં ઢંકાયેલો સાપ ! તેને એક લખલખું આવી ગયું.

'નંદા ! આ ટેપ તેં સાંભળી છે ને ?'

'હા, મૅડમ. તેઓના ગયા પછી પાછી રેકર્ડરમાં ચડાવી મેં સાંભળી ને શુક્રવાર હોવાથી હું ઘરે જ લઈ ગઈ. તમને આપવાની હતી તેથી.'

'બીજું કંઈ ? ખેર ! જવા દે. ટેપ હું સાંભળી લઈશ.' આ દરમિયાન વસુંધરા થોડી સ્વસ્થ થવા લાગી હતી. તે બારી પાસે ગઈ. પરદા હટાવ્યા. જીવનમાં કેટકેટલા પરદાઓ નાંખવા પડે છે ને ઊંચકવા પડે છે અને એ ઊંચકાતા કેવા કેવા ચહેરાઓ બેનકાબ થઈ જાય છે ! તે વિચારી રહી. બહાર બરફ-સ્નો પડવા લાગ્યો હતો.

નીચે કીડિયારું ઊભરાણું હોય તેમ ગાડીઓની કતાર જામી ગઈ હતી, પણ ઑફિસમાં એટલી નીરવ શાંતિ હતી કે જાણે બહારની દુનિયા પણ તેના મનની જેમ સ્થગિત થઈ ગઈ હતી !

છતાં નજરો હડસન નદીની લહેરો જોઈ રહી. મનમાં ખળભળાટ હતો. તેના જ બન્ને પુત્રો તેના દુશ્મન બનતા હતા ! એમાંય મનપસંદ સૌથી વહાલો મુંજાલ આ ષડ્યંત્રમાં સામેલ ! તેના માન્યામાં નો'તું આવતું. એ પણ થોડાં વરસો પહેલાં પણ તેના સ્ટોરની ચેઇન 'ટેક ઓવર' કરવાની વાત તેણે કરી હતી ત્યારે તેણે ઘસીને ના પાડી દીધી હતી. ત્યારથી તેના મનમાં ગ્રંથિ બંધાઈ ગઈ હશે ? ત્યારે

જ તે ભભૂકી ઊઠ્યો હતો. 'મમ્મી ! તમારે અમને કોઈને આગળ આવવા જ નથી દેવા ? સત્તાનો એટલો મદ તમને ચડી ગયો છે કે સત્તા છોડવા તમે તૈયાર નથી ?'

એ પછી ડગલે ને પગલે તે તેના કામ વિરુદ્ધ વાત કરતો. પહેલા તો તેણે ધ્યાન ન આપ્યું. 'હશે, જુવાનીનું જોમ છે. જેમ જેમ અનુભવ આવશે, તેમ શીખશે.' કહી મન મનાવી લીધું હતું, પણ જ્યારે તેણે તેના બિઝનેસમાં દખલગીરી કરી, જાણે તેને શીખવતો હોય તેમ તેની વર્તણૂક થવા લાગતા, તે પણ ક્રોધે ભરાઈ હતી અને તેની હેસિયત તેને બતાવી દીધી હતી.

'તો આ ષડ્યંત્રનો રચયિતા મુંજાલ હશે ? મુંજાલ હતો દેખાવે સુંદર, ઊંચું કદ અને હતો પાછો સ્ટાઇલીશ.'

મદન ! સૌથી મોટો પુત્ર. તેનામાં આ ષડ્યંત્ર રચવાની કલ્પના પણ ન હોય કે ન હોય હિંમત, પણ તેનામાં ધીરજ હતી. તેને કંઈ જોઈતું હોય તો વર્ષો સુધી ધીરજ ધરવાનો ગુણ તેનામાં હતો. કોઈ કામ તે કદી ઉતાવળે ન કરતો. તેને પણ બધા સ્ટોર્સમાં રસ હતો, પણ નાનપણથી વસુંધરાએ તેને યૉર્કશાયરની વુલન મિલ્સમાં રસ કરતો કર્યો હતો. કામ પણ દક્ષતાથી કરતો, પણ તેની મોટામાં મોટી નબળાઈ એ હતી કે તે કાચા કાનનો હતો. કોઈની શેહમાં તે તરત દબાઈ જતો. તેને ભોળવી લેવો સહેલો હતો અને મુંજાલે એ જ કર્યું.

અને એની દીકરી વસુંધરાના હોઠો પર એક ઉદાસ સ્મિત આવ્યું. સૌથી મોટી રવિના ! કેટલી ચાહતી હતી તે એને ! પણ ખબર નહીં કેમ તે જાણતી હતી કે રવિનાને તેના માટે એવા કોઈ ભાવ નો'તા. યુવાન થતા એ અણગમો એક ઠંડા તિરસ્કારમાં ફેરવાઈ ગયો હતો અને એટલે જ તેણે મુંજાલ સાથે હાથ મિલાવ્યા હશે.

રવિના હતી સુંદર, સોહામણી, પણ તીખા સ્વભાવની, ઍરિસ્ટ્રોક્રેટિક, હરવા ફરવાની શોખીન, સુંદરમાં સુંદર કપડાં, કાર ને ઘરેણાંની શોખીન ગમે તેટલી દોલત તેના મનથી ઓછી લાગતી.

અને શર્મિલા ! એ એક જ સૌથી નાની, ડાહી ને ગંભીર દીકરી ! વસુંધરા જાણતી હતી કે તેનાં બાળકોમાં આ એક જ દીકરી ખરેખર તેને ચાહતી હતી. તે આવા ષડ્યંત્રમાં પડે નહીં. બીજા બધાં શર્મિલાની વસુંધરા માટેની લાગણી જાણતાં હતાં. કદાચ આ વિષે કોઈએ તેને વાત કરી જ નહીં હોય ! નહીં તો વસુંધરાને જાણ થયા વગર રહે જ નહીં. શર્મિલાને વસુંધરા માટે ફક્ત પ્યાર જ નહીં, ખૂબ માન હતું. તેના નિર્ણયો તે હંમેશ વધાવતી. તે સમજતી હતી કે માતા જે કંઈ કરે છે તે બધાના ભલા માટે જ કરે છે. આમેય શર્મિલા નાજુક ને નમણી હતી. તેનો સ્વભાવ ઋજુ ને ભાવુક હતો. ઉમદાપણાનો ગુણ પણ તેનામાં હતો. તેના ઉદાર સ્વભાવથી વસુંધરાને તેની હંમેશાં ચિંતા રહેતી. આ ક્રૂર દુનિયામાં તમારો લાભ લેવાવાળા કેટલા હોય છે તેની વસુંધરાને બરાબર જાણ હતી. છતાંય શર્મિલામાં

તેના જેવું જ દૃઢ મનોબળ હતું. એક આંતરિક બળ તેનામાં હતું. કોઈના દબાવમાં તે દબાઈ જાય તેવી નો'તી. પોતાનામાં તે દૃઢપણે માનતી. તેના કાર્યમાં, વર્તણૂકમાં તેની હિંમત ચોક્કસ દેખાઈ આવતી અને એટલી જ પ્રામાણિક વર્તનમાં, તેટલી જ વફાદારીમાં અજોડ હતી.

મૅનહટનની ઑફિસમાંથી બહાર જોતાં તે વિચારી રહી કે શર્મિલા વિષે બધા જાણતા હતા. એના સિવાય બધા માનવા લાગ્યા હતા કે તે માનસિક રીતે પણ વૃદ્ધ થવા માંડી હતી. હવે તેની જરૂર રહી નો'તી. એ વિચારતા જ તેના મનનો ખળભળાટ શમવા લાગ્યો. મન દૃઢ થયું. 'હવે તો બધાંને બતાવવું જ પડશે ને કે તે કેટલી માનસિક રીતે સજ્જ છે !' આમેય મોટાં કુટુંબોમાં આવા કાવાદાવા કે દાવપેચ તેનાથી ક્યાં અજાણ્યા હતા ! લોહીનો સંબંધ જ સાચો હોય, એ ત્યારે તો ઠીક પણ આ જાણ્યા પછી પણ તેને ખોટો જ લાગ્યો. મનમાં થયું મારી નાજુક પારેવાં જેવી શર્મિલા જાણે વાઘની બોડમાં રહેતી હતી. બીજાં ત્રણે પુત્ર-પુત્રી તેને ફાડી ખાય તેવી શક્તિ ધરાવતાં હતાં.

ઝડપથી કંઈક નિશ્ચય કરી, તે બારી પાસેથી પાછી ફરી ડેસ્ક પાસે આવી. એકીનજરે ડેસ્ક પર પડેલી ટેપ જોઈ રહી. પછી પોતાની બ્રીફકેસ ઊંચકી, ખોલીને ટેપ તેમાં મૂકી દીધી.

નંદા વસુંધરાને ગંભીરતાથી જોઈ રહી. પાછી ફરેલી વસુંધરાનો ચહેરો જોઈ તે છળી ઊઠી. એક કાતિલ સખતાઈ એ ચહેરાને ઘેરી વળી હતી. મોં પરના સ્નાયુઓ એવા સખત લાગ્યા કે હાડકાં બધાં ઊપસી આવ્યાં હતાં. વસુંધરા આ બધું સાંભળી જાણે હાડપિંજર જેવી બની ગઈ હતી, પણ કરેલા નિશ્ચય પછી લોહી પાછું તેનામાં ઊભરાવા લાગ્યું. ધોળા પૂણી જેવા થઈ ગયેલા ચહેરામાં પાછો રંગ પુરાતો લાગ્યો, પણ તેની વેધક, તરલ લાગતી આંખોમાં ઝીણવટથી જોતાં કેટલું દર્દ છુપાયું છે. આ વાત સાંભળી, તે નંદા જોઈ શકી. જાણે તેનો ભ્રમ તૂટી ગયો હતો. દગાખોરી – એ પણ પોતાનાં સગાં બાળકોથી. તે જીરવી નો'તી શકતી, પણ જીરવવા પ્રયત્ન કરતી લાગી. અત્યારે મૅડમ કેટલાં નંખાઈ ગયેલાં ને વૃદ્ધ લાગે છે ! મનની પ્રક્રિયાઓ શરીર પર કેટલી થાય તેનો આ જીવતોજાગતો નમૂનો હતો, પણ વસુંધરાના સ્વભાવમાં એક સ્વાભિમાન હતું, સ્વસ્થતા હતી, તે પાછાં ઊભરાવાં લાગ્યાં હતાં.

નંદાને દિલાસો દેવાનો મન થયું. તે ખૂબ જ વ્યથિત હતી. વફાદારી કેમ પ્રદર્શિત કરવી તે માટે શબ્દો શોધવા લાગી, પણ ચોક્કસ શબ્દો મળ્યા નહીં. પછી મૃદુતાથી બોલી, 'મૅડમ ! કંઈ લઈ આવું તમારા માટે ?'

વસુંધરાના હોઠો પર ફિક્કું સ્મિત આવ્યું, 'ના, ના, નંદા, હું હમણાં સ્વસ્થ થઈ જઈશ. તું તારું કામ કર. થોડો વખત મને એકલી રહેવા દે. એમ કર, એક કડક ચાનો કપ દસેક મિનિટમાં બનાવી લઈ આવ.'

'મૅડમ ! તમને એકલાં છોડતાં જીવ નથી ચાલતો.'

'નંદા ! મને કંઈ નહીં થાય અને હવે તો યુદ્ધ છેડાયું છે. એ થોડી હું હવે હારી જઈશ ?'

કહી નંદાના જતાં ખુરશીમાં બેઠી આંખો મીંચી. 'પહેલાં ફિલાડેલ્ફિયાની સ્ટીલ કંપનીનો તણાવ. હવે તે પૂરો થયો. ત્યાં આ ષડ્‌યંત્ર ! વળી ચૌલા ને ક્ષિતિજનો પ્રણય ! ભૂતકાળ-અતીત પીછો કેમ નથી છોડતો ? એ ભાર તો હરેક માનવીએ વેંઢારવો જ પડે છે ને ! એમાં એનો શો વાંક ? તેનાં બાળકોનો તે વિચાર કરી રહી.

પોતે યુવાન હતી, બાળકો થયાં, મોટાં થતાં તેનામાં વિકસતા ગુણો ને અવગુણો જોઈ તેને થતું એ માટે પોતે જવાબદાર છે. તેની બેદરકારીનું પરિણામ છે. બિઝનેસ પાછળ તેણે જાત હોમી દીધી હતી, પણ થોડી વય વધતા તેનામાં સમજ આવી કે દરેક માનવી પોતાના વ્યક્તિત્વના વિકાસ માટે પોતે જ જવાબદાર હોય છે અને એથી જ તમારું ભવિષ્ય ઘડાય છે. પછી તમે તમારા જીવનને સ્વર્ગ બનાવો કે નર્ક તમારા હાથમાં છે. આપણે જ આપણા જીવનને લખીએ છીએ અને આપણે બનાવેલા જીવનમાં જ આપણે જીવીએ છીએ અને બને તેટલો પ્રયત્ન ને સમય બાળકોના વિકાસમાં તેણે આપેલા. તેનાં બાળકોમાં જાગેલી તૃષ્ણા, લાલચ, મહત્ત્વાકાંક્ષાઓ માટે તેઓ જ જવાબદાર છે એવું વિચારતાં તે ઊભી થઈ. હવે તેનું શરીર ટટ્ટાર હતું. મોં પર નિશ્ચલ ભાવો હતા. બારી બહાર જોયું તો તડકો નીકળી આવ્યો હતો. બરફ વરસતો નો'તો, જાણે તેના મનની જેમ જ ! ઉઘાડ થઈ આવ્યો !

ત્યાં જ નંદા ચાની ટ્રે લઈ આવી. વસુંધરાના ચહેરા પરના પહેલા જેવા ભાવ જોઈ તે નવાઈ પામી રહી. ચા કપમાં રેડતાં મનોમન બોલી, 'કેવી અદ્‌ભુત સ્ત્રી ! કેટલી ઝડપથી મનનો કાબૂ મેળવી શકે છે !'

'નંદા ! હવે હું પૂરેપૂરી સ્વસ્થ છું. જો આજે જ લંડન જતી કોઈ પણ ઍર લાઇન્સમાં આપણી ત્રણ સીટોનું બુકિંગ કરાવી લે અને જોજે, ચૌલાને આપણી વચ્ચે થયેલી વાતની ખબર ન પડે. સમય આવ્યે હું જ તેને કહીશ.'

'મૅડમ ! કોઈને કહેવાય જ નહીં. બેફિકર રહો.'

'નંદા ! આ માટે થૅન્ક્સ. તેં જે કર્યું તે બરાબર કર્યું.'

'ઓહ મૅડમ ! હું તો તમને કેટલું દુઃખ થશે એથી વાત કરતા અચકાતી હતી, પણ મારે તો મારી ફરજ બજાવવી જ રહીને !'

'એ ઉપરાંત નંદા ! તને મારા પ્રત્યે કેટલો સ્નેહ છે તે હું જાણું છું. હવે ઝડપથી આપણી ટિકિટો બુક કરાવ.'

નંદાના જતા વસુંધરા પાછી વિચારે ચડી. ચા પીતાં પીતાં હજારો વિચારોનું ઘમસાણ મચ્યું.

'આ કુટુંબ, આ વ્યાપારી સામ્રાજ્ય તેણે રચ્યું ! હવે તેની હિફાજત તો તેણે કરવી જ રહી. એકલે હાથે થશે ? હૃદય ધડકી ઊઠ્યું. જીવન કેવું છે ! પોતાના જ પુત્રો આવું કરે ? આવડી મોટી ભૂલ ? આ બધું તેમનું નથી ? સત્તાની લાલચ આટલી જલદી ! દોલતની ભૂખ તો જાણે સમજ્યા ! તેઓની સૌથી મોટી ભૂલ તો તેની દક્ષતાની કિંમત તેમણે ઓછી આંકી.

નસીબ જાણે તેને સાથ આપી રહ્યું હોય તેમ ષડ્યંત્રની જાણ પહેલેથી થઈ ગઈ. હવે તો તેણે જાતને તૈયાર કરવી પડશે ને ! તેમના દાવપેચ સમજી હવે યુદ્ધ ખેલવાનું રહ્યું. જીતશે તે ?

અત્યાર સુધી બિઝનેસમાં પણ યુદ્ધ ખેલ્યું હતું. તેની દૂરંદેશીથી હંમેશ જીતતી આવી હતી, પણ જીવનનું – કુટુંબનું યુદ્ધ તે જીતી શકશે ? કેવી રીતે ?

: 3 :

અને વસુંધરાને જે કરવાનું હતું તે ત્વરાથી કરવાનું હતું.

'હેલ્લો ! હેન્રી !'

હેન્રી ઇટન બૅન્ક ઑફ ઇંગ્લૅન્ડનો મૅનેજર હતો. વસુંધરાનો અવાજ સાંભળી તેને નવાઈ લાગી. આજે તેનો અવાજ રોજ કરતાં વધુ નમ્ર કેમ લાગ્યો ? આમેય વસુંધરા કામની બાબતોમાં શબ્દો તોળી તોળીને બોલતી. તેના સ્વરમાં હાસ્યનો રણકાર !

'હા, બોલો મૅડમ મિત્તલ !' તેનાથી એક વ્યાવસાયીની જેમ ઔપચારિકપણે બોલાઈ ગયું.

'અરે ! હેન્રી ! વસુંધરામાંથી મૅડમ મિત્તલ ક્યારથી થઈ ગઈ ?

આપણી ઓળખાણ ને મૈત્રી તો ઘણાં વર્ષોની નથી ?'

'હા ! હા ! વસુંધરા સૉરી. શું કામ પડ્યું ?'

'આજે અમારી ઑફિસે લંચ પહેલાં આવી શકાશે ? આપણે કલાકેક વાતો કરીશું ને પછી અહીં ઑફિસમાં, બોર્ડરૂમમાં લંચ સાથે લઈશું. ફાવશે ?'

'હા, હા, વસુંધરા. ફાવશે.'

'તારે બીજી કોઈ ઍપૉઇન્ટમૅન્ટ તો નથી ને ? મારે લીધે તને અગવડ ન પડે.'

ઍપૉઇન્ટમૅન્ટ તો હતી, પણ મિત્તલ સ્ટીલ ઇન્ડસ્ટ્રી ને તેના ગાર્મૅન્ટ્સના સ્ટોરોનો અબજો પાઉન્ડ તેની બૅન્કમાં, વસુંધરાના ખાતામાં હતા. તેને નારાજ કેમ કરાય !

'વસુંધરા ! ઍપૉઇન્ટમૅન્ટ તો છે, પણ તને મળવા કરતાં વધારે નહીં.' 'તો લંચ પહેલા. ઓ.કે. ?' ને હેન્રી કંઈ જવાબ આપે તે પહેલાં ફોન મુકાઈ ગયો.

આજે વર્ષોથી તે વસુંધરાને જાણતો હતો. લક્ષ્મીકાંત મિત્તલ જીવતા હતા ત્યારથી. તે બંનેની નજીક હતો. તેઓનો સંઘર્ષ તેણે નજરે જોયો હતો. એમાંય વસુંધરાની રાજરાણી જેવી છટાથી તે આકર્ષાયો હતો. ભારતમાં થોડો વખત રહ્યો હતો તેથી ભારતીય સ્ત્રીઓની છટા ને લાવણ્યને જાણતો હતો. રોજ તો એક રાજરાણીની અદાથી ફરમાન કરતી, પણ આજે સ્વરમાં આટલી નમ્રતા ! હેન્રી ડેસ્ક પર તાકી રહ્યો, પણ એપૉઇન્ટમૅન્ટ વગર બોલાવ્યો ? વસુંધરાની ખાસિયતો તે જાણતો. કોઈ પણ તેનું પગલું ચોક્કસ પ્લાન વગરનું ન રહેતું. શું હશે ? ચાલો મળશું ત્યારે ખબર ! કદાચ એકાઉન્ટ્સની વિગત જોઈતી હશે ? તેના સ્ટાફથી કોઈ ગુસ્તાખી તો નહીં થઈ ગઈ હોય ને ! વસુંધરા ત્રણ અઠવાડિયાંથી ન્યૂયૉર્કથી આવી ગઈ હતી. બે-ત્રણ વાર ફોન પર વાતો પણ થઈ હતી. તો આજે અચાનક !

તેણે ઇન્ટરકૉમ દબાવ્યું, 'માર્ક, મારી કેબિનમાં આવ, જલદી.'

માર્ક ફીન્ચલી ને તેનો સ્ટાફ પર વસુંધરા મિત્તલના એકાઉન્ટની જવાબદારી હતી. કૉર્પોરેટ ને અંગત બંનેની.

માર્ક ઑફિસમાં આવ્યો. જુવાન હતો. તરવરિયો હતો. સારી બ્રાન્ડનાં કપડાં પહેરતો, 'ગુડ મૉર્નિંગ ! હેન્રી !'

'મૉર્નિંગ માર્ક ! બેસ.'

'જાન્યુઆરી હોવા છતાં આજે બ્યુટીફૂલ દિવસ છે. મને લાગે છે સ્પ્રિંગ વહેલી આવશે. શું લાગે છે ?' બેસતાં તે બોલ્યો, પણ પ્રતિસાદ ન મળતા ને હેન્રીનો ગંભીર ચહેરો જોઈ તે પણ ગંભીર બન્યો.

'માર્ક ! મારે હમણાં મૅડમ મિત્તલ સાથે વાત થઈ. મને ઑફિસે બોલાવ્યો છે. બધું બરાબર છે ને તેમનાં એકાઉન્ટ્સમાં ? કંઈ મુશ્કેલી તો નથી ને ?'

'ના ! બધું પરફેક્ટ છે. કન્ટ્રોલમાં છે.'

'તેમના ફોરેન એકાઉન્ટ્સ પણ ?'

'તેમના અમેરિકન, ઑસ્ટ્રેલિયન એકાઉન્ટ્સ સોમવારે ને ઇંગ્લૅન્ડના એકાઉન્ટ્સ મંગળવારે રિવ્યૂ થઈ જાય છે તે દર વીકના સ્ટેટમૅન્ટ્સ બુધવારે તેમને ફૅક્સ થઈ જાય છે.'

'છતાંય ચાલ તારી ઑફિસમાં હું બધું નજરોનજર જોઈ લઉં.' કલાક પછી બધું તપાસ્યા બાદ હેન્રીને પૂરો સંતોષ થયો કે બધું બરાબર છે. અગિયાર વાગ્યે તેણે તેનો ઓવરકોટ પહેર્યો ને છત્રી લીધી. ઇંગ્લૅન્ડની વેધરનો ત્યાંની વાઇન, વુમનની જેમ કોઈ ભરોસો નો'તો. બૅન્કના દરવાજા બહાર શિયાળાની મોસમની હવા તે શ્વાસમાં ભરી રહ્યો. માથે હૅટ સરખી કરી. અત્યારે કાર પાર્કિંગમાંથી કાઢે તો પાછી જગ્યા ન મળે તેથી ટૅક્સીની રાહ જોઈ રહ્યો. આમેય હેન્રી સાઠેકની આસપાસ, દેખાવે ગમે તેવો, જાજરમાન લાગતો જ. હોશિયાર પણ હતો. છતાં

ઇંગ્લૅન્ડના ધનિકો, તેમના રૂઢિચુસ્ત રિવાજો અનુસરતો, છતાં જમાનાની તાસીર પ્રમાણે એક 'સોફિસ્ટિકેશન' તેનામાં હતું.

ટૅક્સીમાં બેસી ક્યાં જવું છે કહી પાછલી સીટની પીઠને અઢેલી શાંતિથી બેઠો. 'વસુંધરાને કોઈ ફરિયાદ તેની બૅન્ક સામે હોઈ ન શકે. બધું બરાબર છે, પણ હજી આજની મુલાકાતનો તાગ તે મેળવી શકતો નો'તો. આટલાં વરસોમાં વસુંધરાને બહુ સારી રીતે તે જાણતો હતો. તે અકળ ને અશક્ય તો નો'તી. હા, જિદ્દી ઘણી હતી. ધાર્યું કરાવતી, છતાં સ્વસ્થ મગજની સ્ત્રી હતી. તેની કંપનીઓ ને તેનો નાતો પોતાની ને બૅન્ક સાથે પુરાણો હતો. તેની સાથે કામ કરતાં હેન્રીને કદી મુશ્કેલી નો'તી નડી. તેના વિચારો ચોક્કસ હતા. જે કહેતી તે સ્પષ્ટ ને ચોક્કસ રીતે કહેતી. ગોળગોળ બોલવું તેને ફાવતું જ નહીં. શરીર સ્ત્રીનું હતું. એ પણ સુંદર સ્ત્રીનું, પણ દિલ એમરેલ્ડના પથ્થર જેવું સખત. બિઝનેસમાં પણ અંગત મૈત્રીમાં મીણની જેમ ઓગળતું.

ક્યારેક તેને લાગતું તે વસુંધરાના પ્રેમમાં છે. જોકે પોતાની લાગણીઓ તેણે કદી દર્શાવી નો'તી. પહેલા જ્યારે મળ્યાં ત્યારે પોતે અઠ્ઠાવીસ વરસનો યુવાન હતો ને વસુંધરા હતી પાંત્રીસની. યુવાનીની ચમક તેના ચહેરા પર ચમકતી. તેનું પહોળું, ઊંચુ ભાલ, તેજથી ચમકતું, કાળા ભમ્મર વાળ, ખભા સુધી કપાવેલા, હંસલી જેવી ગ્રીવા હલતાં, ખભા પર ઢળી પડતા અને પેલી નીલી આંખોમાં જાણે શું મોહિની મંત્ર હતો ! જેના પરિચયમાં તે આવતી, ખેંચાયા વગર રહેતા જ નહીં અને તેનામાં રહેલી ઊર્જાશક્તિઓથી સૌ કોઈ અંજાતું. તેની હાજરીમાં એક ઉત્સાહ ઉભરાતો.

તેનામાં 'સેન્સ ઑફ હ્યુમર' પણ અજબની હતી. પોતા પ્રત્યે ને પોતાની મુશ્કેલીઓ પર પણ તે હસી શકતી અને તેનું દૃઢ મનોબળ અને સંકલ્પો ! જીવન જીવવાની અનોખી રીત, ગમે તેવી હાલતનો સામનો કરવા સજ્જ ! એક અદ્‌ભુત સ્ત્રી હતી.

આજે વર્ષોથી પોતે વસુંધરાનો આર્થિક સલાહકાર હતો. તે હંમેશાં હેન્રીને શાંતિથી સાંભળતી. તેનાં સૂચનો સમજતી ને તેની તારીફ કરતી અને આજે તે ઇંગ્લૅન્ડના ઇતિહાસમાં એક સફળ બિઝનેસ વુમન તરીકે જાણીતી હતી. આજે લંડનના તેના ગાર્મેન્ટ સ્ટોરે દુનિયા આખીમાં નામ કાઢ્યું હતું. હેરોડ્ઝની જેમ કેન્સિંગ્ટન પર આવેલો સ્ટોર, તમામ પર્યટકો મુલાકાત કરવા આવતા. તેની કુનેહથી તેનો બિઝનેસ વિસ્તરતો જ હતો. પબ્લિકને શું જોઈએ છે તેની તેનામાં પરખ હતી. રોજના નવા 'ટ્રેન્ડઝ' તે તરત જાણી જતી. એમાંય યુવાન-યુવતીઓને શું જોઈએ, તે આ ઉંમરે પણ તેને જાણ રહેતી.

ત્યાં તો ટૅક્સી કેન્સિંગ્ટન પર વસુંધરાની ઑફિસના બિલ્ડિંગ પાસે આવી અટકી. સૌથી ઉપલા માળે મિત્તલ સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝ ને મિત્તલ એન્ટરપ્રાઇઝની

ઑફિસો હતી. લિફ્ટમાં હેન્રી ઊભો. ધીમે ધીમે લિફ્ટ ઉપર ચડવા લાગી. એકાએક ભયાનક વિચાર તેના મનમાં આવ્યો. આટલે ઉપરથી લિફ્ટ બગડે ને પૂર ઝડપમાં નીચે પછડાય તો તેનું શું થાય ? પરિણામનો વિચાર કરે તે પહેલાં જ લિફ્ટ અટકી.

ઝડપથી પાછળ લિફ્ટ તરફ નજર નાખી તે જાણે ભાગ્યો જ. ઑફિસમાં દાખલ થતાં થોડો ગરમાવો લાગતાં રાહત થઈ. સામે જ નંદા અવસ્થી, સ્વસ્થ, ફાઇલ તપાસતી, સ્મિતસહ બેઠી હતી. 'આના મોં પરથી કદી સ્મિત વિલાતું હશે !' એવો વિચાર તેને આવ્યો ત્યાં તો તેનો મીઠો મંજુલ સ્વર સાંભળ્યો, 'હેલ્લો મી. ઇટન ! મૅડમ તમારી રાહ જ જોઈ રહ્યાં છે.' ને વસુંધરાની કૅબિન તરફ હાથ લંબાવ્યો. ઊભી થઈને વસુંધરાની ઑફિસનો દરવાજો ખોલ્યો.

સામે ડેસ્ક પર કાગળિયા પથરાયેલા હતા. એ ઢગ પાછળ વસુંધરાનો ચપળ દેહ ને તેજસ્વી મુખ સ્મિતવાળું દેખાયા.' આ એક સ્મિતમાં જ કેટલી શક્તિ હતી ! આવનારના કોઠે દીવા ઝળહળી રહેતા ! તે ઊભી થઈ. કિંમતી બૉટલગ્રીન કલરનો સૂટ તેના દેહ પર શોભી રહ્યો હતો. ગળામાં એ જ કલરનો ગ્રીન એમરેલ્ડનો ચેઇન, કાનમાં બુટિયા, હાથમાં નાનું શું બ્રેસલેટ ને ખભે ભરાવેલી પીનમાં એક મોટો એમરેલ્ડનો હીરો ઝળકી રહ્યો હતો.

'હેન્રી ! વૉટ અ પર્ફૅક્ટ ટાઇમિંગ !' કહી આગળ આવી તેણે હેન્રી સાથે હસ્તધૂનન કર્યું. તેના સ્વરમાં એક મિત્રનો સ્નેહ રેલાઈ રહ્યો.

હેન્રી જોઈ શક્યો કે આમ તો હંમેશની જેમ તે સ્વસ્થ હતી, પણ નજીકથી જોતાં તેની નીલી આંખો થોડી નિસ્તેજ લાગી. છતાં દેહમાં તરવરાટ હતો. થોડી વાર વસુંધરાને જોઈ રહેતા તે બોલ્યો, 'વસુંધરા ! માર્વેલસ. આ ઉંમરે પણ આટલો તરવરાટ ! કેવી રીતે તારું સ્વાસ્થ્ય જાળવી શકે છે તું ?'

'ખુશામત કરવા લાગ્યો કે શું ? જો નિયમિત જીવન, આહાર, થોડી કસરત, થોડો પ્રાણાયમ ને સાફ અંતર, પણ છોડ એ વાતો. બેસ, સોફામાં બેસ. આજે કામની વાતો કરવી છે. તારી સલાહ લેવાની છે.' કહી બારમાંથી શૅરી ગ્લાસમાં રેડી લાવી, હેન્રીને આપ્યો.

'ગ્રેટ વસુંધરાના નામે !' કહી હેન્રીએ ગ્લાસ ઉપાડ્યો. વસુંધરા ખડખડાટ હસી પડી, 'હેન્રી ! આ 'કૉમ્પ્લિમૅન્ટ' એક દિવસ મોડો છે. ગઈ કાલે જ રવિનાનો દીકરો ક્રીશ આવ્યો હતો ને ગ્રેનીને આપી ગયો.'

'કેમ આવવું થયું તેનું છેક યૉર્કશાયરથી ?' 'તેના મદનમામા ત્યાં નવી મશીનરી નાંખવા માંગે છે મિલમાં. તેને એ ખર્ચાળ પગલું લાગે છે. મામાની ફરિયાદ કરવા આવ્યો હતો.'

'અને તેં હંમેશની જેમ પ્રૉબ્લેમનો ઉકેલ લાવી દીધો એમ જ ને !' વસુંધરા શૅરીનો ઘૂંટડો પીતાં આછું મલકી રહી.

'ક્રીશ, એક તરવરિયો જુવાન છે, વસુંધરા ! ખૂબ આગળ વધશે, પણ મદનને હું સેવોય હોટેલમાં ડિનર વખતે ભટકાઈ ગયો. તેની સાથે રવિના ને મુંજાલ પણ હતાં.'

એ નામો – બધાને એક સાથે જોઈ – સાંભળી વસુંધરા થોડી ટટ્ટાર થઈ, પણ જણાવા ન દીધું.

'એમ ? કેટલું સરસ ! મારાં બધાં પુત્રો-પુત્રીઓમાં આટલો મેલજુલ હોય તે તો સારું જ કહેવાય ને !' વસુંધરા પોકળતાથી બોલી.

'સાચું કહું વસુંધરા ! તમારા કુટુંબને વર્ષોથી જાણું છું, પણ મદનને એ બધા સાથે જોઈ નવાઈ લાગી. તેઓ વચ્ચે આટલો તાલમેલ હોય તેવું મને નો'તું લાગતું. તેથી નવાઈ લાગી કે એકાએક બધાં એકઠાં કેમ મળ્યાં હશે ?'

'ગયા વખતે બિઝનેસના 'ટેક ઓવર'ના પ્રયત્નોમાં તેઓ ફેઈલ ગયા હતા. કદાચ કંઈ નવો વિચાર આવ્યો હશે તેઓને !' કદાચ મારો જન્મદિવસ આવે છે તેથી મને સરપ્રાઇઝ આપવા આખા કુટુંબને કેમ ભેગું કરવું એ નક્કી કરવા ભેગાં થયાં હશે.'

હેન્રી હવે હસી પડ્યો. 'વસુંધરા, બધાથી તું આગળ વિચારી શકે છે, ખરું ને ? કે તેઓને ઢાંકવા બધાંને ભેગાં કરવાનો આ તારો વિચાર છે ?'

આછું મલકાતાં વસુંધરા બોલી, 'હેન્રી ! એક સાચો મિત્ર જ મનની વાત જાણી જાય છે.'

'મને આમંત્રણ મળશે કે નહીં ?'

'હેન્રી ''ગેટ ટુ ગેધર'' યોર્કશાયરના બંગલા ''લક્ષ્મીનિવાસ''માં રાખવું છે અને આ ફક્ત ફૅમિલી માટે જ છે, પણ તને લંડનમાં એ માટે ચોક્કસ ટ્રીટ આપીશ !'

'કેટલી સિફ્તથી, ખોટું ન લાગે તેવી રીતે તેણે વાત મૂકી દીધી !' હેન્રી પ્રશંસાથી વસુંધરાને જોઈ રહ્યો.

'અને જો મારા કુટુંબની વાતો કરવા તને નથી બોલાવ્યો. થોડી કામની વાતો કરવી છે.' ત્યાં ફોનની ઘટંડી વાગી. ત્વરાથી ઊભી થઈ તે ડેસ્ક પરનો ટેલિફોન ઉઠાવવા આગળ વધતાં બોલી, 'આ ફોન ચૌલાનો પૅરિસથી જ હશે. ત્યાંની તપાસ કરવા મેં તેને ત્યાં મોકલી છે.'

મનની અપાર શક્તિઓવાળી આ અદ્‌ભુત સ્ત્રીને હેન્રી જોઈ રહ્યો. ફોન પૂરો કરી હાથમાં ફાઇલ લઈ તે પાછી આવી. બંને બેઠા. હેન્રીએ ફાઇલ તરફ જોતાં કહ્યું, 'તારે કંઈ કામની વાત કરવી હતી. કંઈ ગંભીર છે ?'

'ના, ના, મારે મારા પર્સનલ ઍસેટ થોડા લિક્વિડેટ કરવા છે ને તારી મદદની જરૂર છે.'

હેન્રી ચમકી ગયો. વસુંધરાને પૈસાની શું જરૂર ? 'વસુંધરા કોઈ પ્રોબ્લેમ છે ? બૅન્ક તારી કંપનીને હંમેશ મદદ કરવા તૈયાર છે.'

'ના, હેન્રી ! આ અંગત બાબત છે. કોઈ પ્રોબ્લેમ નથી. તું જ અમારા બધા એકાઉન્ટ્સ સંભાળે છે. તને તો ખબર હોય જ ને !'

'સાચી વાત છે. અહીં મળવા આવતા પહેલાં તમારાં બધાં ખાતાં બરાબર તપાસીને આવ્યો છું.'

'હેન્રી ! મને થોડું રોકડ નાણું જોઈએ છે. અંગત કારણો માટે. મારા શૅર્સ વેચવાને બદલે મારી જ્વેલરી-દાગીના ને આર્ટ કલેક્શન વેચવા છે.'

હેન્રી આ વાત સાંભળી અવાચક બની ગયો. કંઈ કહે તે પહેલાં વસુંધરાએ તેને ફાઇલ આપી. હેન્રી એ બધું લિસ્ટ વાંચી ગયો. 'વસુંધરા તું જેને થોડું નાણું કહે છે તેને આ ઍસેટ્સ પ્રમાણે મિલિયન-અબજોમાં-લાખોમાં ગણાય.'

'હા, મને ખ્યાલ છે. સાઠ લાખ પાઉન્ડ આશરે થાય.'

'વસુંધરા ! સાચું કહે. શું વાત છે ? આટલાં બધાં કેશ-રોકડ નાણાંની તને કેમ જરૂર પડી ? કંઈક તો છે જ.' હેન્રી ચિંતામાં પડી ગયો.

'અરે, અરે, હેન્રી ચિંતા ન કર. કશી જ તકલીફ નથી. આ તો અંગત કારણો છે. આ બધું વેચતાં પણ મારી પાસે કાફી જ્વેલરી વધશે.' કહી તે રમૂજથી હેન્રી સામે હસી રહી.

હેન્રી નવાઈ પામી રહ્યો, 'પણ વસુંધરા દુનિયાભરના આર્ટ કલેક્શન ને જ્વેલરી તું વેચવા બેઠી છે ? કેટલા જતનથી તેં એ બધું મેળવ્યું છે !'

'હા, તારી મદદ ને તારી ઓળખાણથી હેન્રી ! હવે તું જ એ વેચી દેવામાં મદદ કર. મારા જેવા બીજા ગ્રાહકો પણ તારે હશે જ ને !'

'હા, છે જ ! અહીં ઇંગ્લૅન્ડ ને ન્યૂયૉર્ક બંને બાજુ.'

'અને હા, મારા થોડા ઍપાર્ટમૅન્ટ બિલ્ડિંગ્ઝ ને પ્રોપર્ટી-જમીનો પણ વેચવાની છે. તેં લિસ્ટ જોયું ને ?'

'હા, બધાની કિંમત આવશે, પણ તેં મને હજી આ બધું વેચવાનું સાચું કારણ નથી જણાવ્યું.'

'અંગત છે. તું સાચો મિત્ર છે. કંઈ તકલીફ હોત તો તને કહ્યું ન હોત ? ખોટી ચિંતાઓ ન કર. હું કોઈ મુશ્કેલીમાં નથી. હવે એ કહે, આ સાઠ લાખ મેળવતાં કેટલો વખત લાગશે ?'

'થોડાં અઠવાડિયાં તો લાગશે જ. જો તારો જન્મદિવસ હજી બે મહિના પછી છે ને ? ત્યાં સુધીમાં બધું પાર પાડી દઈશ.'

'ઍક્સેલન્ટ ! હવે ચાલ બોર્ડરૂમમાં. મને તો ભૂખ લાગી છે.' કેવી કુનેહથી વાતને આ સ્ત્રી વાળી શકે છે ! એ પણ ધાર્યું કામ કઢાવીને ? એટલે જ આ સ્ત્રીએ આવડું મોટું ઔદ્યોગિક સામ્રાજ્ય ફેલાવ્યું છે ને !

: ૪ :

'મૅડમ ! ઉધરસ વધતી લાગે છે. તમારે આરામની જરૂર છે. ન્યૂયૉર્કથી તમને શરદી, ઉધરસ થયાં છે.' નંદા ચિંતાથી બોલી.

'નંદા ! આજે અઠવાડિયાથી મમ્મીને કહું છું, આરામ કરો, પણ માનતાં જ નથી.' શર્મિલા પણ ચિંતાથી બોલી.

'તમે બંને કેમ સમજતાં નથી ? એમ જરા શરીરમાં કસર લાગે એટલે શું ઘરે બેસી જવાનું ? વેપાર એમ થતા હશે. મારી ચિંતા ન કરો. મને કશું થયું નથી.'

ચૌલા પૅરિસ ગઈ હતી તેથી શર્મિલા વસુંધરાનો ખ્યાલ રાખતી હતી. મમ્મીની આ હાલતમાં પણ સાડા સાતે સવારે ઑફિસે પહોંચી જવાની ચોકસાઈથી થોડી મુંઝાતી હતી. આમેય વસુંધરાએ ક્યાં કદી કોઈનું માન્યું હતું કે આજે માને !

છેક સાંજે ડુંગર જેવડા કાગળિયાના ઢગલાને, બેલેન્સશીટ્સ, સ્ટૉક રિપોર્ટ્સ, ડિવિડન્ડ શીટ્સ, કાયદાના કાગળિયાનું કામ પતાવતા ઉધરસ વધતી જ જતી. ઉધરસના મારથી પડખાં દુઃખવા લાગતાં. સખત થાકથી લોથપોથ થઈ જતી, પણ કામ એટલે કામ. પૂરું જ કરતી. તેમાંય સામાન્ય કામ તો પોતાની સૂઝથી તરત ઉકેલી લેતી, પણ લીગલ ડૉક્યુમૅન્ટ્સ વાંચી વિચારમાં પડતી, છતાં ત્વરાથી ને ચીવટાઈથી તે કામ પણ પૂરું કરવા મથતી.

ક્યારેક ઉધરસને લીધે પડખામાં સખત દર્દ થતું. આવી ઉધરસ તો ઇન્ફેક્શનને લીધે જ થાય. શરીર થોડું સતપ પણ રહેતું. ત્યારે કામ અટકાવી સોફામાં શાંતિથી બેસતી. નંદા આવી તરત કફસીરપ આપી જતી. 'મૅડમ ! ડૉક્ટરની ઍપોઇન્ટમૅન્ટ લીધી ? લઈ લઉં ? તમારે હવે ડૉક્ટરી તપાસ કરાવવી જ જોઈએ.'

અને હાથના ઇશારાથી તેને જવાનું કહી, જરા કળ વળતાં પાછી કામે લાગી જતી. રિપોર્ટ્સ તો બધા વાંચી જતી, પણ લીગલ ડૉક્યુમૅન્ટ્સમાં કોઈ છિદ્રો-લુપહોલ્સ રહી ન જાય તેથી ધ્યાનથી વાંચી, નોંધો કરતી.

આજે તે બરાબર થાકી હતી, થોડી નિરાંત લેવા વિચાર કરતાં ભોંયતળિયે આવેલ સ્ટોરમાં જવાની ઇચ્છા થઈ. સાંજ પડી ગઈ હતી. સ્ટોર તો બંધ થયો હતો. કોઈ ત્યાં હશે નહીં. એથી જ તેની ઇચ્છા બળવત્તર બની. ઘણા દિવસથી ઑફિસની નીચે જ સ્ટોર હતો, પણ મુલાકાત લીધી નો'તી. મૅનેજર તથા કામ કરવાવાળાઓની વાતમાં તે દખલગીરી ન કરતી, પણ આજે ખબર નહીં કેમ તેને મન થયું ! આસ્તેથી તે ઊભી થઈ, છાતી તથા પાંસળામાં એટલી જ શ્વાસ લેતાં પીડા થતી હતી. છતાંય ઑફિસની બહાર આવી. 'નંદા ! તું હજી ગઈ નથી ? તારે હવે જવું જોઈએ.' એટલું બોલતાં જોરદાર ઉધરસનો હુમલો આવ્યો.

'મૅડમ ! ચાલો આપણે સાથે જ નીકળીએ.'

'ચાલો !'

લિફ્ટમાં બંને સાથે નીચે આવ્યાં. 'નંદા ! હું જરા સ્ટોરમાં આંટો મારી લઉં. તું જા.'

'પણ મૅડમ ! સ્ટોરમાં અત્યારે અંધારાં છે. કોઈ નહીં હોય. તમારી તબિયત પણ સારી નથી. કાલે જજો. તમને હવે કારમાં બેસાડીને જ હું જવાની.'

'નંદા ! આ સ્ટોર મારો છે. તેમાં કેમ ને ક્યારે જવાય તેની તો મને ખબર હોય ને ? મારે કોઈનું કામ નથી. બસ, આંટો જ મારવો છે. તું જા ને ચિંતા ન કર.' વસુંધરાનો સ્વર એવી આજ્ઞાથી રણક્યો કે નંદા વધુ દલીલો ન કરી શકી.

વસુંધરા સ્ટોરમાં દાખલ થઈ. નંદા બહાર નીકળી. બંનેથી અજાણ એક ફોન કૉલ કોઈએ કોઈને કર્યો.

અંધારામાં વસુંધરા એક એક ડિપાર્ટમૅન્ટમાં ફરવા લાગી. થોડી લાઇટોનો આછો ઉજાસ તો રખાતો જ. દિવસના ભાગમાં મોટા મોટા ચેન્ડેલિયર જે સાંજે બંધ થઈ જતા. દિવસની ચહલપહલનો કોલાહલ અત્યારે જરા પણ નો'તો. બધું નીરવ શાંત હતું. જાણે ભૂતિયા ઘરમાં આવ્યા ન હો ! નીચે પાથરેલી કાર્પેટ પર વસુંધરાના પગનો અવાજ પણ નહોતો સંભળાતો. તે ફૂડ સેક્શનના હૉલમાં આવી. વસુંધરાના દિલમાં આ સેક્શનની હૂંફાળી જગ્યા હતી. અહીંથી જ મિત્તલ ઍન્ટરપ્રાઇઝના બિઝનેસની શરૂઆત થઈ હતી. અહીં ચેન્ડેલિયર ચોવીસે કલાક ઑન રહેતા. આરસપહાણનાં કાઉન્ટરો ઝગમગી ઊઠતાં, સ્ટીલનાં રેફ્રિજરેટરોમાંથી લાઇટનું તેજ પાછું ફેંકાતું લાગતું. નીચેની ફરસ સફેદ આરસપહાણની લાદીઓથી છવાયેલી ચમકતી હતી. સાંજે સ્ટોર આખો બંધ થતાં પૂરેપૂરો સાફ થયા પછી જ એ કામ કરવાવાળાઓને રજા મળતી.

આખા હૉલમાં ફરી જાતજાતનાં શાકભાજી, મસાલા અને અન્ય ખાદ્યચીજોના કેન્સ – આખી દુનિયામાંથી ઇમ્પોર્ટ કરેલાં ત્યાં હતાં. ખાસ તો ટંઝાનિયા-કેન્યાથી આવેલી ખાદ્યચીજો. એક અનેરો લગાવ વસુંધરાને એ દેશો માટે હતો. ઇંગ્લૅન્ડની ખાદ્યચીજો તો હોય જ. એ ઉપરાંત દુનિયાની દરેક જાતના વાઇન ને લીકર્સ તો હોય જ. અને ફ્રાન્સના વાઇન ખૂબ વખણાતા, તે તો હોય જ. ગર્વથી વસુંધરા બધું જોઈ રહી. હશે ક્યાંય દુનિયામાં આવો સ્ટોર ! કેટલી અથાગ મહેનતથી આ બધું ઊભું કર્યું હતું ! તેની ચીવટાઈનો પણ પૂરેપૂરો ખ્યાલ અહીં મૅનેજરો રાખી રહ્યા હતા, તેથી તેને સંતોષ થયો. આમેય બધાને વસુંધરાના સખત નિયમોની ક્યાં જાણ નો'તી ! નહીં તો નોકરી જોખમમાં જ આવી પડે ને !

આ બધો વિચાર કરતા થોડી વાર માટે તે જાણે દુઃખદર્દ ભૂલી ગઈ. સૌથી પહેલા લંડન આવી ત્યારે એક નાનો સ્ટોર ખોલી. કામ શરૂ કરેલું. એ સ્ટોરની યાદે, એ સ્ટોર તેની નજર સામે આવી ખડો થઈ ગયો. એમાંથી જ આ બધું ખડું થયું

હતું ને ! એ યાદો જાણે તાદશ થવા લાગી. નજર સામે બધું તરવરી ઊઠ્યું. ક્યાં એ નાનો સ્ટોર અને ક્યાં અત્યારનું આ મેગા-મહા સ્થાપન ! નીચેની ફરસ પર નજર પડતાં પોતે પોતાના હાથે રોજ સાંજે કાર્બોલિક ઍસિડથી તે સ્ટોરની ફરસને પોતાં મારી લૂછતી તે યાદ આવી ગયું. થડા પર બેસી જૂના-પુરાણા કેશ મશીનનો રણકાર તેના કાનમાં ઝણઝણાટી બોલાવી ગયો.

સાંજે જ્યારે થોડી ઘણી કમાણીની રકમ ગણતી ત્યારે ચહેરા પર કેવો આનંદ છલકાઈ ઊઠતો ! સામેની શેલ્ફ પર નજર પડતાં પોતાના હાથે બનાવેલા જામ ને તેજાના તથા અથાણાંની બરણીઓ તેની નજર સામે તરવરી ઊઠી. તેના હોઠો પર સ્મિત આવ્યું.

કોઈએ ધાર્યું હતું કે એ નાનકડી દુકાનમાંથી આજે આ સામ્રાજ્ય સ્થપાયું હશે ? ક્યાંથી એ શક્તિઓ આવેલી ? લક્ષ્યના પ્રોત્સાહનથી જ ને ? આજે તેના હરીફો જે નકલી માલ બજારમાં વેચતા હતા તેઓ ચોક્કસ નવાઈ પામતા હશે કે મિત્તલ ઍન્ટરપ્રાઇઝર આટલું સફળ કેવી રીતે થયું ? તેઓને ક્યાં ખબર હતી કે મિત્તલનું મુખ્ય સૂત્ર હતું પ્રામાણિકતા, હોશિયારી, હિંમત, ધીરજ ને ત્યાગ તથા બલિદાન.

આ સામ્રાજ્ય સ્થાપવા માટે કેવાં કેવાં ત્યાગ ને બલિદાન તેને કરવાં પડ્યાં હતાં તેનો તેના કુટુંબને ખ્યાલ પણ નો'તો. પોતાનું કુટુંબ, જુવાની, અંગત જીવન, અંગત સુખ, સ્ત્રીઓના નાના નાના આનંદો એક સ્ત્રીએ પત્ની, માતા તરીકેના આનંદો પણ ક્યારેક ગુમાવ્યા હતા. વસુંધરાને આ બધું યાદ કરતા તેની આંખોમાં આવેલાં આંસુઓ ગાલ પર સરી રહ્યાં હતાં તેનો પણ ખ્યાલ નો'તો. આંસુ ટપકીને તેના હાથ પર પડ્યાં ત્યારે તે ચમકી. પોતાની જાતને શાંત કરવા મથી રહી.

આ બધું તેણે એક રક્ષણ-સ્વરક્ષણ માટે જ કરેલું ને ! ને એમાંથી જન્મી મહત્ત્વાકાંક્ષા અને તેને દોરી વિજય ભણી આ સામ્રાજ્ય સ્થાપવા, પણ આજે, આજે અહીં એકલા ઊભા રહેતા પહેલી વાર તેને બધું હોવા છતાં એકલતાનો, વેદના સાથે વણાયેલા પશ્ચાત્તાપનો, જે બધું ખોયું છે તેનો અહેસાસ થઈ રહ્યો.

અને પોતાની નબળાઈનો ખ્યાલ આવતા માથું ધુણાવી, તેણે પોતાની નબળાઈને ખંખેરી કાઢી. 'શું થઈ ગયું છે પોતાને ? પોતાની જ દયા ખાઈ રહી છે ? શા માટે ? ઘણું મેળવવા ઘણું ગુમાવવું પડે. તો શા માટે આ આત્મશ્લાઘા ! પોતાની જાતની નબળાઈ પર થોડો ગુસ્સો આવવા લાગ્યો. 'મેં જે બનાવ્યું તે જ હું જીવી રહી છું તો શા માટે આ નિરાશા !' આમાંનું કશું હવે બદલાય તેમ નથી, મરું ત્યાં સુધી. મરવાનો વિચાર કેમ આવ્યો ? તે ગર્વથી ટટ્ટાર થઈ. લોહીનું દરેક બુંદ આ મહેનત પાછળ રેડાયું છે. કોઈ ખોટા હાથોમાં તેને હરગીઝ પડવા નહીં દઉં. અત્યારે હવે આ સ્ટોરમાં કામ કરવાવાળા તથા લાગતાવળગતાને કદી સહન કરવા નહીં દઉં !

એક દૃઢ નિર્ણય તેના ચહેરા પર ઝળક્યો. માથું ટટ્ટાર કરી તે પાછી ફરી ઉપર જઈ, 'લીગલ ડૉક્યુમેન્ટ્સ પાછાં તપાસી જાઉં.' એવો વિચાર આવ્યો.

છેલ્લાં અઠવાડિયાંઓમાં થયેલા બનાવોથી તે ત્રસ્ત હતી. પોતાનો સંઘર્ષ કરી સ્થાપેલો બિઝનેસ કોઈ બેજવાબદાર હાથમાં ન જાય, તેના મૃત્યુ પછી કુટુંબ ક્લેહમાં ન ફેરવાઈ જાય, પોતાની પસંદગીના કાબેલ હાથોમાં બિઝનેસ તથા દોલત જાય તે માટે તો કાયદેસર કાગળિયા બનાવ્યા હતા. જોઈ પણ ગઈ હતી. છતાં ફરી તેના પર એક નજર નાંખવા તે લિફ્ટમાં દાખલ થઈ.

ભોંયતળિયેથી આઠમા માળે લિફ્ટ ચડવા લાગી. સાવ આઠમા માળે પહોંચે ત્યાં જ લિફ્ટમાં 'બટાક' અવાજ આવ્યો ને ઊભા રહેવાની બદલે એક મિસાઇલની ગતિએ લિફ્ટ નીચે જવા ધસી રહી. હાલકડોલક સ્થિતિમાં પણ વસુંધરાએ મનને કાબૂમાં જ રાખ્યું હતું, પણ લિફ્ટની જે ગતિ હતી તે, તે સહન ન કરી શકી. એક ભયાનક અવાંજથી લિફ્ટ નીચે સરી રહી હતી. સિક્યુરિટીને જાણ થતા લાચાર તેઓ જોઈ રહ્યા. સમયસૂચકતાથી પોલીસ ને ઍમ્બ્યૂલન્સને જાણ તો કરાઈ, પણ કોઈને ખ્યાલ નો'તો કે લિફ્ટમાં કોણ હશે. અટકળો થતી હતી કે વસુંધરા ઘણી વાર મોડા સમય માટે કામ કરતી તેથી તે જ હશે. ચૌલા તે જ સાંજે પૅરિસથી પાછી ફરી હતી. તેને તરત જાણ કરાઈ.

અને ભયાનક ધડાકાથી લિફ્ટ ગ્રાઉન્ડ ફ્લૉર પર પછડાણી. એ દરમિયાન ઇલેક્ટ્રિશિયનો પણ આવી ગયા હતા. લિફ્ટ ખોલવામાં આવી ને અંદરનું દૃશ્ય જોઈ તેઓ અવાચક ને સ્તબ્ધ થઈ ગયા. લિફ્ટમાં ત્વરિત ગતિને લીધે વસુંધરાને ચક્કર આવી ગયાં ને લિફ્ટ જેવી પછડાણી તે બેભાન થઈ ગઈ. ડૉક્ટરો આવી ગયા હતા. ચૌલા પણ. ડૉક્ટર્સે તાબડતોબ વસુંધરાને તપાસી, સ્ટ્રેચરમાં મૂકી, ઑક્સિજન માસ્ક પહેરાવી ઍમ્બ્યુલન્સમાં મૂકી. ચૌલા સહિત બધા લંડન હૉસ્પિટલમાં ગયા. વસુંધરાની પ્રાથમિક હાલત જોઈ આમાંથી બચે તે અસંભવ હતું. તેને આઇ.સી.યુ.માં મૂકી તાબડતોબ બધી ટેસ્ટ થઈ.

ડૉક્ટર રોજર્સે ચૌલાને એક બાજુ બોલાવી, 'મિસ ચૌલા ! મૅડમ મિત્તલ બેભાન છે ને ડબલ ન્યુમોનિયા પણ છે. શું થશે તે કહેવાય નહીં.'

ચૌલા તો ગ્રેનીની હાલત જોઈ અવાચક હતી. ધીમેધીમે કળ વળતાં શર્મિલાને ને કુટુંબના બધાંને ફોન કરી બોલાવ્યાં.

* * *

પણ ચૌલા બધાંને બોલાવે તે પહેલાં મદન, મુંજાલ ને રવિના મળ્યા. 'મુંજાલ ! છેવટે આપણો પ્લાન સફળ થયો.' રવિના બોલી.

'મને તો આશા જ નો'તી કે સિક્યુરિટીમૅન આપણને ફોન કરશે.' મદન બોલ્યો.

'અને મમ્મી પાછાં ઉપર જશે એ પણ નક્કી નો'તું.' રવિના બોલી.

'ચાલો, મમ્મી હવે વૃદ્ધ થયાં છે. માનસિક હાલત બરાબર નથી. તેઓ પાગલ થઈ ગયાં છે એ બધું પુરવાર કરવાની ઝંઝટમાંથી બચ્યાં. હવે તો ડૉક્ટરો તેમના દેહાંતના ખબર આપે તેની રાહ જોવાની રહી. આમાંથી કોઈ ઉપાયે તેઓ ન બચે.'

'પણ મુંજાલ ! મમ્મીના વીલ વિષે કંઈ ખબર છે ?'

'જુઓ મિત્તલ ઇન્ડસ્ટ્રી ને ઍન્ટરપ્રાઇઝના બધા ઉદ્યોગોમાં આપણે ત્રણે તથા આપણા પુત્રો સારી પૉઝિશન પર છે જ, પણ કોના ભાગે કેટલો હિસ્સો તેની જાણ તો વીલથી જ થાય.'

'પણ મુંજાલ ! ચૌલાનો વિચાર કર્યો છે ? મમ્મી ક્યાંક બધું તેને ન આપી દે.' રવિના ચિંતાથી બોલી.

'કદાચ મોટો ભાગ તેને આપે, પણ હું નથી માનતો મમ્મી એવો અન્યાય કરે. છતાંય એવું થાય તો વીલ ને કૉન્ટેસ્ટ કરતાં આપણને ક્યાં નથી આવડતું ? ચાલો, હવે હૉસ્પિટલમાં, નહીં તો પાછો આપણા પર શક આવશે.'

અઠવાડિયું થઈ ગયું વસુંધરાની એ હાલતને ! ત્રણે પુત્ર-પુત્રીઓ આનંદ પામતાં રહ્યાં. એક ચૌલાને જ ખબર હતી કે વસુંધરાની શું હાલત છે. પહેલા બે દિવસ તો રોઈ રોઈને તેની આંખો સૂજી આવી હતી, પણ નંદાએ જ્યારે આખી વાત કરી ત્યારે ક્રોધથી તે ધૂંઆપૂંઆ થઈ ગઈ. શર્મિલાને વાત કરી ત્યારે તેણે ધીરજથી કામ લેવા જણાવ્યું. ટેસ્ટના બધા રિપોર્ટ્સ આવ્યા ત્યારે જણાયું કે તમ્મર આવવાથી જ વસુંધરા બેભાન થઈ છે. કોઈ જાતની મગજને ઈજા નથી પહોંચી ને ન્યુમોનિયાની ટ્રીટમૅન્ટ ચાલુ થઈ ગઈ છે ત્યારે ચૌલા ને નંદાને રાહત થઈ. ચૌલાને રહી રહીને થતું હતું કે આ ઉંમરે ન્યુમોનિયાંમાંથી ગ્રેની ઊઠશે ?

અને ચોથે દિવસે વસુંધરાએ આંખો ખોલી. ડૉક્ટરો સહિત બધા તાજ્જુબ થઈ ગયા. ડૉ. રોજર્સ બોલ્યા, 'મિસ ચૌલા ! આ એક ચમત્કાર જ ગણાય અથવા જીવન જીવવાની જિજીવિષા !'

ચૌલા ને નંદા વસુંધરાની વળતી-સુધરતી તબિયતથી આનંદ પામ્યાં. વસુંધરાએ સૌથી પહેલા ચૌલાને પોતે ભાનમાં આવી છે તે વાત છુપાવવાની તાકીદ કરી અને હેન્રી ઇટનને તાબડતોબ બોલાવવા કહ્યું. ચૌલાને કેમ તે સમજ ન પડી, પણ તે જાણતી હતી કે છેવટે તો ગ્રેની તેને બધી વાત કરશે જ.

હેન્રી તો વસુંધરાની હાલત જોઈ આભો બની ગયો. મૈત્રીભર્યો હાથ લંબાવી વસુંધરાનો હાથ સ્નેહથી દબાવી બોલ્યો, 'તને કશું જ નહીં થાય, સમજી ! જલદી સાજી થઈ જા.'

વસુંધરામાં હજી ખૂબ જ નબળાઈ હતી, પણ ક્ષીણ અવાજે તેણે પૂછ્યું, 'હેત્રી, બધું બરાબર છે ? મેં તને કામ સોંપ્યું હતું તે થઈ ગયું ? નવું વીલ તૈયાર થઈ ગયું છે ને ?'

ત્યાં તે પાછી તંદ્રામાં જવા લાગી. નર્સે તેને બહુ બોલવાની મના કરી. ઊંઘનું ઇંજેક્શન આપેલું. તંદ્રામાં જ તે વિચારવા લાગી, 'કોઈ મને મદદ કરે કે ન કરે, પણ મારા ખાનદાનને, મારા સ્થપાયેલા સામ્રાજ્યને ચૌલા, શર્મિલા ખાતર પણ મારે જીવવાનું જ છે. અને જાણે તે પાછી વીસ વરસની યુવતી બની ગઈ. દવાની અસરની ભ્રમણામાં તે યોર્કશાયર પહોંચી ગઈ. જાણે તે ને લક્ષ્ય ટેકરી ચડવાની હોડ બકી રહ્યાં છે. લક્ષ્ય આગળ હતો. પાછળ ફરી તે હાથ હલાવતો રહ્યો. વસુંધરા બૂમો પાડતી રહી, 'લક્ષ્ય, લક્ષ્ય ઊભો રહે, મારા માટે ઊભો રહે.'

છેવટે તેને સાથે થઈ ગઈ ને બોલી, 'દોડી દોડીને હું થાકી ગઈ, હાંફી ગઈ, મને થયું 'હવે હું મરી જઈશ.'

લક્ષ્ય ગંભીર બની ગયો. વસુંધરાને બાહોમાં ભરી લઈ બોલ્યો, 'વસુ, તું કદી મરે જ નહીં. આપણે તો જન્મ જન્માંતર જીવવાનાં છીએ.'

ત્યારે તેને લાગ્યું તે દુનિયાની ટોચે છે, સ્વર્ગમાં છે અને આજ, આજે લક્ષ્ય તેને છોડીને ચાલ્યો ગયો હતો.

તંદ્રામાં પણ એક બાજુ તેની આંખોમાંથી આંસુ સરી રહ્યાં અને બીજીબાજુ જાણે લક્ષ્યની બાહોમાં હોય તે આનંદે હોઠો પર સ્મિત હતું.

ચૌલા આ બધું જોઈ તાજ્જુબ બનતી હતી અને પેલા ત્રણે જણાં વસુંધરા હજી બેભાન છે તે જાણી તેના દેહાંતની રાહ જોઈ રહ્યાં.

: ૫ :

પણ વસુંધરા જીવી ગઈ.

'જીસકો રાખે સાઇયાં, માર સકે ન કોઈ.' વસુંધરાનું મૃત્યુ હજી નિયત નો'તું થયું, એ ત્રણેય પુત્ર-પુત્રીઓ સમજી શક્યાં નો'તાં. પૈસાની લાલચ ને સત્તાના લોભે બધાંને દીવાના બનાવી દીધાં હતાં. નહીં તો તેઓનું જીવન સુરક્ષિત બનાવવા વસુંધરાએ બધાને બિઝનેસમાં ઊંચામાં ઊંચા પદ આપી, સારી દોલત રળવા માટે પૂરેપૂરી તકો આપી હતી. બધાં હતાં પણ હોશિયાર ને કમાતાં તથા જીવતાં પણ સારી રીતે હતાં. છતાં અબાધિત સત્તા ને મબલક દોલત કોને નથી જોઈતી ?

વસુંધરાને એ બધાના કાવાદાવા જોઈ થતું, એની પરવરિશમાં ક્યાં ખામી આવી હશે ? માને સંઘર્ષ કરતાં, જીવનના આનંદની ક્ષણો બલિદાન કરતાં, તેમનું જીવન સંવારવા કેવી કપરી પરીક્ષાઓમાંથી પસાર થઈ હતી. તો ? ભારત, આફ્રિકા ને ઇંગ્લેન્ડ, ત્રણત્રણ દેશોની સંસ્કૃતિ બધાએ જોઈ હતી. મૂળભૂત સંસ્કાર પણ બધા

ભૂલી ગયા ? મહત્તમ તેઓનો ઉછેર ઇંગ્લૅન્ડમાં જ થયો હતો. તો પશ્ચિમી સંસ્કૃતિની આ અસર હશે ?

એ ત્રણે ભાઈબહેનો તો શું, પણ ઑફિસના કર્મચારીઓ ને લાગતાવળગતા તો ઠીક ડૉક્ટરો પણ અચરજ પામી ગયા કે વસુંધરા બચી કેવી રીતે જાય ? કેવું આંતરિક અદ્‌ભુત બળ તેના મનમાં ભર્યું હશે ! બચી જાય એ તો ઠીક, પણ વસુંધરાની ઝડપથી સાજા થવાની તાકાત જોઈ બધા વિસ્મય પામી ગયા.

ચૌલા આ બધી વાતો તેને કહી સંભળાવતી ત્યારે તે હસતી. મનમાં થતું કે દૃઢ મનોબળ હોય તો કોઈ શું કરી શકે ? સૌથી વધુ આનંદ ચૌલાને થયો હતો. તે સાચા દિલથી ગ્રેનીને ચાહતી હતી અને નંદા પાસેથી ષડ્‌યંત્રની જાણ પછી તો ગ્રેની જાણે તેની બાળકી હોય તેમ પળેપળ તેનાથી આઘી ન ખસતી. શંકાસ્પદ માનવીને વસુંધરાની બાજુમાં પણ ફરકવા ન દેતી. પછી ભલેને એ માનવી સાચા દિલથી તેને મુબારકબાદ આપવા આવ્યો હોય !

અઠવાડિયામાં તો ઑફિસે જવાની તેણે જીદ જ પકડી. ઑફિસમાં આવતાં જ, બધાં જ કર્મચારીઓ ફૂલો લઈ તેને ધન્યવાદ આપવા, આવકાર આપવા એકઠા થઈ ગયા હતા. 'એટ લિસ્ટ પોતાનાં નહીં તો આ પરાયાંને તો એના પ્રત્યે લાગણી છે !' એવી અનુભૂતિ તેને થઈ. ઑફિસમાં ચૌલાને તેની આસપાસ મંડરાયેલી જોતાં, વસુંધરા બોલી, 'ચૌલા ! શું કામ ખોટી ચિંતાઓ કરે છે ? તારી ઑફિસમાં જા ને પૅરિસનો રિપોર્ટ તૈયાર કરી આવ, તે દરમિયાન હું થોડા લીગલ પેપર્સ તપાસી લઉં.'

'શેના પેપર્સ હશે ? ગ્રેનીએ કંઈ વાત નથી કરી. હેન્રી ઇટનને પણ હૉસ્પિટલમાં બોલાવી કંઈ પૂછવા માંગતાં હતાં. શું હશે ? વિચારતી પોતાની ઑફિસમાં ગઈ. જતાં જતાં નંદાને ગ્રેની પર નજર નાંખવાનું પણ કહેતી ગઈ.

વસુંધરા કોટ કાઢી ખુરશીમાં બેઠી. પુત્ર-પુત્રીઓના ષડ્‌યંત્રથી પહેલા તો હેબતાઈ ગઈ હતી, પછી અત્યંત વેદના અનુભવી રહી. પોતાનું જ લોહી આટલી હદે જઈ શકે ખરું ? શું કમી છે એ બધાને ? બીજી બાજુ ક્રોધ આવતો હતો. એમાંય લિફ્ટ બગાડી, તેને મારી નાંખવાની હદ સુધી એ લોકો જાય જાણી મનમાં હચમચી ગઈ હતી. જોકે આ જ ચુનૌતીએ તેનામાં બળ સંચર્યું. હવે તો એ લોકોને તેઓની સાચી જગ્યા ક્યાં છે તે બતાવી દેવાનો પાકો નિશ્ચય કર્યો.

પોલીસ પૂછતાછમાં તેણે કહી જ દીધું કે ઇલેક્ટ્રિક વાંધાને લીધે જ લિફ્ટ બગડી હતી. છેવટે પોતાના જ લોહીને આમાં કેમ સંકળાય ? આંતરરાષ્ટ્રીય સ્કેન્ડલ બની જાય ! બિઝનેસમાં તેની કેટલી ખરાબ અસર પડે ! કંપનીના શૅર્સના ભાવ જ ગગડી જાય. 'તેઓને તો હું જ ઠીક કરીશ.' એવો નિશ્ચય કર્યો.

અઠવાડિયાના આરામથી તેનામાં તાજગી આવી હતી. કિંમતી વુલન ડ્રેસ પહેરી તે ઑફિસમાં આવી હતી. તેના મોં પરની ચમકતી તાજગી ચૌલાએ જોઈ

લીધી હતી. વસુંધરામાં એક નવો જ તરવરાટ તેણે જોયો. પોતાની ઑફિસનું કામ પતાવી તેને યાદ આવ્યું કે ફેશન ડિપાર્ટમૅન્ટની એક મિટિંગમાં તેને જવાનું હતું. તે વસુંધરાની ઑફિસમાં આવીને બોલી, 'ગ્રેની ! તબિયત બરાબર છે ને ? વધુ પડતું ટેન્શન ન લેતાં.'

'ના, દીકરી ! તું જા. ચિંતા ન કર. થોડા ફોન કૉલ્સ કરી, નંદાને થોડું ડીકટેટ કરાવી આરામ જ કરીશ. બાય ધ વે ચૌલા ! આ શુક્ર, શનિ, રવિ યૉર્કશાયર લક્ષ્મીનિવાસમાં જઈ આરામ કરવા વિચાર છે. તું આવીશ મારી સાથે ?'

'ઑફકોર્સ, ગ્રેની ! એ પૂછવાની વાત છે ? ક્યારે જવું છે ?' ચૌલા આનંદ પામી કે ગ્રેનીને એથી પૂરેપૂરો આરામ મળી જશે ને આ વાતાવરણમાંથી બદલાવ પણ મળશે.

'આવતા અઠવાડિયે શુક્રવારે વહેલી સવારે ડ્રાઇવ કરીને જઈએ.'

'વન્ડરફુલ ! મિટિંગમાં જઈ પાછાં આવી બધું કામ આટોપી લઈશ. આવતા શુક્રવારની મિટિંગો આ અઠવાડિયે શિફ્ટ-ખસેડી લઈશ, જેથી હું જ ડ્રાઇવ કરી તમને લઈ જઈશ.'

'એમ કર ચૌલા ! ચારેક વાગે ચા સાથે પીએ ને જવાનો પ્લાન બનાવીએ.'

તેના જતાં વસુંધરાએ પોતાનું કામ આટોપી લીધું. એ પછી તેણે સ્ટોરના જોઇન્ટ મૅનેજિંગ ડિરેક્ટર ચૌલાના પિતા સાથે પણ રોજના કામની આખા અઠવાડિયામાં શું થયું તેની માહિતી જાણી લીધી.

અને એ પછી તેણે બીજા ફોન કૉલ્સ ચાલુ કર્યા. ત્યાં તો ચાર વાગતાં ચૌલા આવી ગઈ. એ જ વખતે વસુંધરાએ ફોન મૂકતાં કહ્યું, 'તો પાક્કું ને ? શનિવારે આવી જઈશ ને ?'

પછી ચૌલા સામે જોઈ બોલી, 'મને તો એમ કે તે નહીં આવે.' તેની નીલી આંખોમાં જાણે કોઈ તોફાન હતું. આંખો હસુ હસુ થઈ રહી હતી.

'ગ્રેની ? કોણ ? કોની સાથે તમે વાત કરતા હતા ?' ચાનો કપ વસુંધરાને આપતાં ચૌલા બોલી.

'તારી માસી રવિનાની વાત કરું છું. મેં જ્યારે કહ્યું કે ફૅમિલી ગેધરિંગ છે તો પોતે રહી ન જાય એ બીકે તરત હા પાડી દીધી.'

'ગ્રેની !' ચૌલાના અવાજમાં વિસ્મય તરવરી ઊઠ્યું, 'કોની વાત કરો છો ? ફૅમિલી ગેધરિંગ શેનું ?'

'ચૌલા ! ફૅમિલી એટલે તારી બધી માસીઓ, મામાઓ, તારા પિત્રાઈઓ વળી.' વસુંધરા ગાલમાં હાસ્ય ભરતાં બોલી.

ચૌલા મુંઝાઈ ગઈ. 'શું હશે ગ્રેનીના મનમાં ?' 'ગ્રેની ! તમે જાણો છો કે બધાએ તમારો જીવ લેવા પ્રયત્ન કર્યો તે બધાને તમે મેળાવડામાં બોલાવો છો ?

શા માટે ? તેઓ આવશે તોય પાછી કોઈ નવી મુસીબત ઊભી કરશે.' ચૌલાના સ્વરમાં ને મોં પર ભય છવાઈ ગયો.

'ચૌલા !' જાણે દૂર નજર કરી ક્ષિતિજમાં કંઈ જોતી હોય તેમ બોલી, 'ચૌલા ! મને નથી લાગતું કે "હવે" કોઈ ગેરવર્તણૂક કરે.' ચાનો ઘૂંટ ભરતાં બોલી, 'મને પૂરી ખાતરી છે એની.'

'પણ મને તો એમ કે તમે આ ચહલપહલવાળા વાતાવરણથી કંટાળી યૉર્કશાયર આરામ કરવા માંગો છો. મારા કઝિન્સ બધા આવે તેનો વાંધો નથી, પણ માસીઓ ને મામાઓ ? ઓહ માય ગૉડ !' તેના શરીરમાં એક ધ્રુજારી આવી.

'ચૌલા ! મારા પર ભરોસો નથી ?' વસુંધરાના સ્નેહ ભરેલ સ્વરથી ચૌલા માની ગઈ. 'તમને એમ યોગ્ય લાગતું હોય તો ભલે.' જાણે લાચારી તેના સ્વરમાં આવી ગઈ. તે જાણતી હતી કે વસુંધરાએ એક વાર નક્કી કર્યું તેમાં કોઈ મીનમેખ ન હોય. ચૌલા ચાની કીટલી સામે જોઈ રહેતાં વિચારી રહી. 'શું હશે કારણ ? ગ્રેનીના મોં પરથી કશું વર્તી શકાતું નથી એ જોઈ બોલી, 'ચાલો, મારાં માતાપિતા આવે છે જાણી આનંદ થયો. સાથે રહેવાનો લ્હાવો મળશે. કામકાજમાં સાથે મળી બેસાતું પણ નથી.' પછી ધીમેથી પુછ્યું, 'ગ્રેની ! કેમ બધાંને બોલાવ્યાં છે ?'

'તેં જ કહ્યું ને હમણાં ? કામકાજમાં સમય જ નથી મળ્યો ને મારા પુત્રો, પુત્રીઓ તેમનાં બાળકો સાથે તો સમય જ ક્યાં મળે છે ? આ બહાને બધાં ભેગાં થઈ આનંદ કરશું !'

ચૌલાએ ગ્રેની તરફ જોયું. આમ તો જાણે ખરેખર આનંદ કરવા બોલાવતાં હોય તેમ તેના કહેવાથી લાગે, પણ અચાનક નીલી આંખોમાં સખત ઠંડો તિરસ્કાર જોઈ તે ડરી ગઈ. આંખોથી પણ કેવા કેવા ભાવ બતાવી શકાય છે ! અને વસુંધરાનો એ ભાવ તિરસ્કાર ભરેલો તો હતો, પણ ભયંકર લાગ્યો, પણ તેણે વાત ત્યાંથી આગળ ન વધારી.

કહેવાય છે ઇંગ્લૅન્ડમાં 'વાઇન, વુમન ને વૅધર'નો ભરોસો નહીં. એમ જે શુક્રવારે વસુંધરા ને ચૌલા કારમાં નીકળ્યાં ત્યારે આમ તો જાન્યુઆરી-ફેબ્રુઆરીનો શિયાળો કાતિલ ગણાય, પણ સવારથી જ થોડી ઝરમર ચાલુ થઈ ગઈ હતી. લંડનની ઉત્તરે જેમ જેમ રોલ્સરોય્સ આગળ વધતી ગઈ તેમ હવામાન બદલાવા લાગ્યું. વરસાદ ઓછો થતાં ધાબડ આકાશનાં વાદળાંઓમાંથી સૂરજ ડોકાઈ રહેવા લાગ્યો. વસુંધરાનો ડ્રાઇવર આ રસ્તેથી અનેક વાર પસાર થયો હતો તેથી કોઈ વાંધો નો'તો. વસુંધરાને જરા ઝોકાં આવવાં લાગ્યાં. ચૌલા આવનારા વીકઍન્ડના વિચાર કરી રહી ને ચિંતા પણ કરી રહી. કેવા જુદા જુદા સ્વભાવનાં કુટુંબીઓ હતાં ! ક્યાંક ઘર્ષણ થશે તો ? ગ્રેનીએ બધાંને શું કામ ભેગાં કર્યાં હશે ? લીગલ

કાગળિયા શેના બનાવ્યા હશે ? કોને કેવો આંચકો લાગવાનો હશે ? બારીમાંથી દોડી જતાં વૃક્ષો ને હરિયાળીને જોતાં તે બધા વિષે વિચારી રહી.

મદનમામા આમ તો હંમેશ સભ્યતાથી વર્તતા, પણ તેમનો આડંબર ને મહત્ત્વાકાંક્ષા અછતા ન રહેતા. ચૌલા વસુંધરાની પ્રીતિપાત્ર ને ખૂબ જ નજીક હતી, તેથી તેને ઈર્ષ્યા થતી જ, પણ આંખોમાં ચૌલા માટેનો ધિક્કાર ચૌલાથી અજાણ્યો નો'તો. એમાંય મેરીમામીનો ઘમંડ કોઈનાથી સહન ન થતો.

મુંજાલમામા. સૌથી અલગ. વિચક્ષણ, ચતુર, ગમે તેવા દાવપેચ ને કાવાદાવા કરવામાં હોશિયાર, પણ ખૂબ જ હેન્ડસમ. તેનો ઉપરછલ્લો વિવેક વાક્પટુ છતાંય જાણે સાપની ભયંકરતા તેની હાજરીમાં અનુભવાતી. ચૌલાને એ ન ગમતો એનું બીજું કારણ તે મીષામામીની હંમેશ ઉપેક્ષા કરતો.

રવિનામાસી ઠાઠ ને ભપકામાંથી જ ઊંચી ન આવતી. તેમના રેન્ચમાં અસંખ્ય ઘોડાઓ વસાવેલા. ઉછેર ઇંગ્લૅન્ડમાં થયેલો તેથી અંગ્રેજ હોવાનો ફાંકો ધરાવતી. ભારતીયો સાથે બહુ ઓછી ભળતી તેથી ભારતની કાઠિયાવાડી ઘોડીઓના વખાણ સાંભળ્યા પછી પણ એ નસલનો એક પણ ઘોડો ન વસાવતી. અરબી ઘોડાઓ પાછળ દીવાની હતી.

મમ્મી બધાંમાં ખૂબ જ સુંદર. પાર્ટીઓની શોખીન. ઘરેણાં દુનિયાભરનાં વસાવતી. એમાંય 'કાર્ટીયર' હીરો તેનો મનપસંદ. વધુતર હીરાના દાગીના જ પહેરતી. જૅમ સ્ટોન્સ પણ પસંદ કરતી છેક એન્ટવર્પ ખરીદવા જતી. જ્યારથી આફ્રિકા દેશના ટંઝાનિયાનો ટંઝાનાઇટ પૅથ્થર પ્રખ્યાત થયો ત્યારથી તેની પાછળ ઘેલી હતી. તેને છેક ટંઝાનિયા જવું હતું, એ માટે ને સફારી માટે પણ વસુંધરા હંમેશ તેને રોકતી. શા કારણે એ તેને સમજાતું નહીં, પણ તેનાથી બધા ચેતતા રહેતા. તેના મનને કોઈ જાણતું નહીં. તેને કળી શકવી ખૂબ મુશ્કેલ. આમેય ગ્રેનીની ખાસ પ્રીતિપાત્ર !

બિઝનેસમાં આ બધા સાથે પાલો પડતાં તે આમ વિશ્લેષણ કરી શકતી. અણગમો ઘણો હતો અને આજ બધાં ભેગાં થવાનાં હતાં હશે, મારે શું ! વિચારી મન તેમાંથી વાળ્યું. છતાં એ ચંડાળ ચોકડી ક્યારે ત્રાટકશે, કેવી રીતે એનો વિચાર તે છોડી ન શકી. આ બધા સુંદર, રળિયામણા લક્ષ્મીનિવાસમાં ભેગાં થવાનાં હતાં. તેનું મન લક્ષ્મીનિવાસ વિષે વિચારી રહ્યું. સહજ ઊંચી ટેકરી પર આવેલો ઘણા બેડરૂમ્સવાળો ભવ્ય બંગલો. કેટલી ચાહતથી ગ્રેનીએ બંધાવેલો. પોતાનું ને ગ્રેનીનું મનપસંદ નિવાસસ્થાન. પોતે તો ગ્રેનીની આંગળી પકડી અહીં જ ઊછરી હતી ને ! ચારેબાજુની લીલી બિછાત, સુંદર પુષ્પો, રંગબેરંગી, વસંતમાં ને ઉનાળામાં તો આખું વાતાવરણ ખીલી ઊઠતું. પોતે ઢોળાવ પર દોડી જતી ને ગ્રેની મહામહેનતે

બેલન્સ જાળવી તેને પકડવા દોડતી. એ દૃશ્ય નજર સામે તરવરતા તે આછું મલકી ઊઠી.

એમાંય જ્યારથી તરુણી થતાં ઘોડેસવારી શીખી, આજુબાજુ વિહરતી, ત્યારે, અને ક્ષિતિજ શ્રીવાસ્તવનો ચહેરો નજર સામે આવી ગયો. કેવી સોહામણી ને લોભામણી અદાથી તેને એ જોઈ રહેતો ! તેનું હૃદય ધબકી ઊઠ્યું. તેમાંથી એક ચીસ નીકળી. તેને યાદ ન કરવા મથી, પણ લમણાં હમણાં ફાટી પડશે એમ કરતાં એવું તેને લાગ્યું. 'ના, ના, એના વિચાર કરવા ન જોઈએ.' પણ એ પ્રિય વેદનામય લાગણીઓમાંથી એક મીઠું દર્દ ઊભરાતું.

પહેલી વાર...

'મૅડમ ! એ ઘોડો ન લઈ જાઓ. સવારથી તોફાને ચડ્યો છે.' રખેવાળે ચૌલાને કહ્યું.

માથે હેલ્મેટ પહેરી, હાથમાં ચાબુક જેવી છડી લઈ, ચૌલા તેના મનપસંદ ઘોડા પાસે જઈ ઊભી, 'અરે, બાબા ! આ મને શું કરશે ? તેણે કદી મને પછાડી છે ? તોફાન કરશે તો હું સંભાળી લઈશ, બસ ?'

કહી ચૌલાએ ઘોડો પલાણ્યો. લગામ પકડી, ઘોડાને થાબડી, આછો અમથો બુચકારો કર્યો અને ઘોડો જાણે પવનવેગે ઊપડ્યો. ચૌલા અચ્છી ઘોડેસવાર હતી તેથી તેણે થડકો પણ ન અનુભવ્યો. બંગલાની ઊંચાઈથી ઘોડો તળેટી તરફ જવા લાગ્યો. તળેટીએ પહોંચી યુકેલીપ્ટસના ઝાડના જંગલ તરફ વળ્યો. એકસરખી કતારમાં બધાં વૃક્ષો ઉગાડેલાં હતાં. એ કતારમાં સમથળ જમીન આવતાં ઘોડાને જાણે પાંખો આવી. ધીમે ધીમે તે બેલગામ થવા લાગ્યો. હવે ચૌલાને ખ્યાલ આવ્યો કે તેનો મનપસંદ 'જેકી' આજે વિફર્યો હતો. તેની ગતિ વધી. ત્યાં દૂર દૂરથી જાણે સંગીતની લહેર પવનની પાંખે ચડી, ચૌલાના કાન પર પડી. જરાક જ તે બેધ્યાન થઈ ને ઘોડો આગલા પગ ઊંચા કરી ઝાડ પર ટકાવી હાંફી રહ્યો, પણ ચૌલા નીચે પડી. પડતાં પડતાં બે હાથોમાં ઝીલાઈ ગઈ. ક્ષણભર તે એ ચહેરાને જોઈ રહી ને પેલી બે તોફાની આંખોમાંથી દિલમાં ઊતરી ગઈ.

ઝાડને અઢેલી એક સશક્ત, સુંદર યુવાનના હાથોમાં તે હતી. ખભે ગિટાર લટકાવી હતી. પાછળ બેકપેક હતો ને બાજુમાં એક બૅગ પડી હતી. ભાનમાં, હોશમાં આવતા જ તે કૂદકો મારી ઊભી થઈ ગઈ.

'થેન્ક્યુ ! આજે તમે ન હોત તો...'

'તો તમે નીચે પડ્યાં હોત ને ક્યાંક હાડકું તો ભાંગત જ !' તેના મોં પર પણ તોફાની હાસ્ય હતું. ટીખળ કરતો હતો કે શું ? ઘોડા ને લગામ પકડી, ચૌલાએ થાબડ્યો. ઘોડો થોડો શાંત થયો.

'માન ગયે ! ઘોડેસવારી અચ્છી કરી લો છો. મિસ...'

'ચૌલા ! તમે ?'

'ક્ષિતિજ શ્રીવાસ્તવ.'

'ગિટાર સારી વગાડી જાણો છો. બેધ્યાન થવાનું એ પણ એક કારણ હતું.'

'ચૌલા ! એ બહાને મુલાકાત નસીબમાં લખાયેલી હતી, પણ હવે તમે ક્યાં જવાનાં છો ?'

'ત્યાં ઉપર.' હાથ લંબાવી ચૌલાએ બંગલો બતાવ્યો.

'તમે આ બાજુ ? કદી જોયાં નથી અહીં આસપાસ.'

'ન્યૂઝ પેપરનો આદમી છું. લંડનમાં ક્યાંય ફાવતું નો'તું. અહીં મિત્તલ ઍન્ટરપ્રાઇઝના ન્યૂઝ પેપર વિભાગમાં જગ્યા છે તે ઍડ્માં વાંચી, નસીબ અજમાવવા આવ્યો છું.'

'તો નસીબે તમને સાચી જગ્યાએ ને સાચા માનવી સાથે મુલાકાત કરાવી દીધી છે. આવો મારી સાથે.'

ચૌલાએ તેને ઘોડા પાછળ બેસાડી દીધો. બંગલા પાસે પહોંચ્યા ત્યારે રખેવાળ નત્મસ્તકે ઊભો હતો ને વસુંધરા ચિંતામય ચહેરે ત્યાં દ્વારમાં ઊભી હતી. ચૌલા સમજી ગઈ કે પોતાને લીધે રખેવાળ આજ વસુંધરાના વાંકમાં આવ્યો છે.

'ગ્રેની તેને કેટલું ચાહતી હતી !'

ઘોડા પરથી કૂદકો મારી બંને ઊતર્યાં.

'રખેવાળ ગાડી લઈ નીચે જાઓ. આમનો સામાન ત્યાં પડ્યો છે તે લઈ આવો.' 'ગ્રેની એનો કોઈ વાંક નથી. મેં જ જીદ કરી આ ઘોડો લીધો હતો. બાય ધ વે ગ્રેની, આમને તમારા ન્યૂઝ પેપરમાં નોકરી જોઈએ છે.''

'નમસ્તે, આંટી. મારું નામ ક્ષિતિજ. ક્ષિતિજ શ્રીવાસ્તવ, અને વસુંધરાની નજરો એના પર જડાઈ ગઈ. કશું શોધવા લાગી.

'ક્યાંના છો ?'

'લંડનથી.'

'તમારો જન્મ ?'

'લંડનમાં જ.'

'ઓહ ! મૂળ તો ભારતના ને ? શું નામ પિતાનું ?'

'હા ! પિતાનું નામ રાકેશ શ્રીવાસ્તવ.'

'તેમને કૉફીના પ્લાન્ટેશન્સ હતા ટંઝાનિયામાં ?'

હવે ચમકવાનો વારો ક્ષિતિજનો આવ્યો, 'હા, માઉન્ટ કિલિમાન્જારોના ઢોળાવ પર મારા કાકાના બગીચાઓ હતા.'

'મૂળ તો અમરનાથે વિકસાવેલાને ?'

'તમે મારા મોટા કાકાને પણ જાણો છો ?' વિસ્મયથી ક્ષિતિજ તો શું ચૌલા પણ વસુંધરા સામે જોઈ રહી.

અને વસુંધરા ક્ષિતિજના ચહેરામાંથી કશું પામવા જોઈ રહી.

'ટંઝાનિયાથી લંડન અમરનાથ આવ્યા ને તમે ભારતથી ?'

'હા આન્ટી, દેશે સમાજવાદ સ્વીકાર્યો. બધું સરકાર હસ્તક થઈ ગયું. પછી ત્યાં રહી તેઓ શું કરી શકે ? સ્થળાંતર કરી બ્રિટિશ પાસપોર્ટ હોવાથી બધાં લંડન આવ્યાં !'

'તમારો પરિવાર ?'

'દાદાજી તો મૃત્યુ પામ્યા. અહીં આવ્યા પછી તરુણ થતાં પગભર થાઉં ત્યાં તો માતાપિતાનો પણ લંડનમાં જ દેહાંત થયો.'

'તો તમે હવે...'

'આન્ટી, હું આમની ઉંમરનો છું. મને તું કહેશો તો ગમશે. મિત્તલ ઍન્ટરપ્રાઇઝની ન્યૂઝ પેપરમાં વેકેન્સીની ઍડ્ વાંચી અહીં નસીબ અજમાવવા આવ્યો છું. મને તેઓની ઑફિસ ક્યાં છે, તે બતાવશો ?'

'આવો ! અંદર આવો.'

લિવિંગરૂમનો ભભકો જોતાં ક્ષિતિજને બહુ નવાઈ ન લાગી. તે જાહોજલાલીમાં ઊછર્યો હતો. વસુંધરાએ તેના ક્વૉલીફિકેશન વિષે પૂછી કેટલો અનુભવ છે તે બધું જાણ્યું.

ક્ષિતિજ મનમાં મુંઝાઈ રહ્યો કે આ આન્ટી કેમ બધું પૂછે છે. ચૌલા તેની મૂંઝવણ રમૂજથી જોઈ આનંદ પામી રહી હતી. છેવટે ન રહેવાતાં તે બોલી, 'ક્ષિતિજ ! આ છે વસુંધરા મિત્તલ ! મિત્તલ ઍન્ટરપ્રાઇઝના માલિક ! મારા ગ્રેની !'

અને પળમાં વસુંધરા પામી ગઈ કે ચૌલા ક્ષિતિજ પ્રત્યે ખેંચાણી છે. ક્ષિતિજને નોકરી મળી ગઈ.

પણ ગ્રેનીએ જ્યારે તેનો શ્રીવાસ્તવ કુટુંબ માટેનો પોતાનો અણગમો બતાવ્યો ત્યારે તેની બધી આશાઓ કડડભૂસ થઈ તૂટી પડી. ગ્રેનીને દુઃખ પહોંચે તેવું કોઈ પગલું તે ભરવા માંગતી નો'તી. તેથી જ અત્યારે કારમાં ક્ષિતિજની યાદો આવતાં, પણ એ યાદોને ભૂલી જવા મથી હતી.

* * *

અને તેણે રિસ્ટવૉચમાં જોયું. ગ્રેન્થામ ને ડેકેન્સ્ટર પસાર થઈ ગયા હતા. ડ્રાઇવરે સારી સ્પીડ પકડી હતી. તેણે સીટ પર માથું અઢેલ્યું, વસુંધરા સામે જોતાં. ગ્રેની કેટલી શાંતિથી – ઘણા વખત પછી – આંખો મીંચી આરામ કરી રહ્યાં હતાં. મોં પર બાળસુલભ સ્મિત ચમકી રહ્યું હતું. વૃદ્ધાવસ્થા બચપણની યાદ આપતી

હશે ? ડ્રાઇવરે ટેપ ચાલુ કરેલું. આછા આછા સંગીતના રવ ને કારની એકધારી ગતિના અવાજથી ચૌલાનું મન શાંત થતાં તેણે આંખો બંધ કરી. ધીમે ધીમે નિદ્રા તરફ સરકવા લાગી.

અર્ધા કલાકે વસુંધરાએ આંખો ખોલી. બારી બહાર જોતાં જાણીતાં વૃક્ષો જાણે હાથ હલાવી અભિવાદન કરતાં દેખાયાં. કેવું પોતાપણું આ વાતાવરણમાં લાગતું હતું ! તે જાણતી હતી કે યૉર્કશાયર નજીક આવતા હરિયાળીની સુગંધથી તેનામાં તાજગી આવશે જ. આ તેની પોતાની જગ્યા હતી. પોતે અહીંની જ હતી. લંડન જાણે પરાયું લાગતું કે પછી યૉર્કશાયરની ટેકરી પર આવેલો પોતાનો બંગલો કશીક યાદ અપાવતો હતો તેથી ? બંગલાની આસપાસ ફેલાયેલી હરિત બિછાત, ફૂલો રોપાવી, કોની યાદને સંઘરતી હતી ?

આટલા વિચારોમાં તો લીડ્ઝ આવી ગયું. આ જગ્યામાં કેવી સ્ફૂર્તિ હતી ! આખા ઇંગ્લૅન્ડનું ઔદ્યોગિક બિન્દુ ! કપડાંની ફૅક્ટરીઓ, વુલન મિલ્સ, એન્જિનિયરિંગ કંપનીઓ, પ્રિન્ટિંગ પ્લાન્ટ્સથી ધબકતું શહેર ! પોતાનું શહેર, પોતાની સત્તાનું સિંહાસન ! તેના ઉદ્યોગોનો પાયો પણ અહીંથી જ નંખાયો હતો ને ! પોતાના ખરીદેલાં મકાનો, ફૅક્ટરીઓ ને ડિપાર્ટમેન્ટ સ્ટોર પર બધે તેનાં નામ હતાં. રસ્તો વીંધી, છેવાડે આવ્યાં ને 'કન્ટ્રીસાઇડ' ચાલુ થઈ. અર્ધા કલાકમાં દૂરથી ઊંચે ટેકરી પર ભવ્ય લક્ષ્મીનિવાસ દેખાયો. વસુંધરાના ચહેરા પર એક સંતોષનું સ્મિત ચમક્યું. તેણે બારી ખોલી ને શિયાળાનો કાતિલ પવન તેના ગાલે અથડાયો. માર્ચ મહિનાની શરૂઆતમાં ખીલી ઊઠેલાં ડેફોડીલ્સ પુષ્પો બધે જ દૃષ્ટિગોચર થવાં લાગ્યા. પીળાં ફૂલો, લીલી બિછાતમાં અનેરો વિરોધાભાસ ચમકાવી રહ્યાં.

બંગલો નજીક આવતાં કાર ઊભી ન ઊભી વસુંધરા આ ઉંમરે પણ કૂદકો મારી ઊતરી. બે હાથ પહોળા કરી ઊંડો શ્વાસ લીધો. ધરતીની સોડમ જાણે ફેફસાંમાં ભરી રહી. તાજી સુગંધથી તે તરબતર થઈ ગઈ. આગલી રાત્રે વરસાદ પડેલો તે પાણીનાં બુંદો અત્યારે પણ પર્ણો પર, આછા તડકામાં, તેના ગળામાં પડેલી મોતીની માળા જેવાં મોતીની જેમ ચમકી રહ્યાં હતાં.

ચૌલા ગ્રેનીમાં આવેલો ફેરફાર જોઈ રહી હતી. તેને ગ્રેનીના ચહેરા પર ઉલ્લાસ જોઈ આનંદ થયો. હાથ લંબાવી ગ્રેનીનો હાથ પકડી બોલી, 'ચાલશું ?'

બંગલા પાસે પહોંચતાં વસુંધરા ઊભી રહી ગઈ. સખત રાખોડી રંગની ઈંટોથી, અદ્યતન સ્થાપત્યના નમૂના જેવું પોતાનું 'ઘર' તે જોઈ રહી. કેટકેટલી યાદો ભરી હતી આ ઘરમાં ! આંખમાં મોતી ચમકે તે પહેલાં વસંતના શીળા, પણ ઠંડા પવનના ઝાપટાથી બંને જલદી જલદી ઘરમાં પ્રવેશી જવા પગથિયાં ચડ્યાં ત્યાં તો ઓક લાકડામાંથી બનાવેલા દરવાજા જાણે આપોઆપ ખૂલી ગયા. દરવાજામાં એક આફ્રિકન મધ્યા સ્ત્રી, સુંદર સ્મિત સાથે આવકારવા ઊભી હતી. તે વસુંધરાની

હાઉસકીપર હતી. છેક આફ્રિકાથી વસુંધરા પોતાની સાથે લઈ આવી હતી. જાણે પરિવારની એક સભ્ય જ હતી. ચૌલા પણ એ સારી પેઠે જાણતી હતી.

'ઓહ, મૅડમ ! ઉત્સાહથી તે બોલી ઊઠી, 'અમે બધાં તમારી તબિયતના સમાચાર જાણી ખૂબ ચિંતામાં હતાં. સારું કર્યું તમે અહીં આરામ કરવા આવી ગયાં. વેલકમ મિસ ચૌલા ! આવો, જલદી અંદર આવી જાઓ. આ વખતે ઠંડી ખૂબ પડી.'

વસુંધરા પણ સ્નેહથી બોલી ઊઠી, 'જુલી ઘણી વખતે હું પાછી આવી નહીં ? કેમ છે તું ? તને કહેવડાવ્યું હતું તેમ બધી તૈયારી કરી રાખી છે ને ?'

'હા, મૅડમ ! એમાં ફેર પડે ? ડ્રાઇવર લગેજ લઈ આવે છે કે કોઈને મદદ માટે મોકલું !'

'ના, ના ! જરૂર નથી.' હૉલમાં પ્રવેશી તેણે ને ચૌલાએ પોતપોતાના કોટ કાઢ્યા ત્યાં તો જુલી આવી, બન્નેના કોટ ત્યાં બાજુના ક્લોઝેટમાં હેન્ગ કરી દીધા. બાજુના ટેબલ પર એક ફ્લાવરવાઝમાં ઢગલોએક પીળા ડેફોડિલ્સ તેની સામે જાણે પ્રસન્નતાથી હસી રહ્યાં હતાં. જુલીએ બધી સુંદર રીતે ગોઠવણ કરી હતી. અસ્સલ પેલા આફ્રિકાના ઘર જેવી જ. જુલી તેની પસંદ-નાપસંદ ત્યારથી જ જાણતી હતી ને ! પ્રશંસાથી જુલીને તે જોઈ રહી.

'મૅડમ ! કૉફી બનાવું કે ચા, કે પછી લન્ચ પહેલાં થોડી શેરી લેશો ? ઉપરના લિવિંગરૂમમાં બધી ગોઠવણ છે. આપ બંને ત્યાં આરામ કરો. બધું મોકલાવું છું. સાવાસાવા ?' સ્વાહીલીમાં 'બરાબર' કહેવાઈ ગયું.

'આટલાં વર્ષો થઈ ગયાં તોય ભાષા ભૂલી નથી, એમને ?'

આંખમાં ઘરની યાદ આવી જતાં તેને ઝળઝળિયાં આવી ગયાં.

'મૅડમ ! પોતાના મૂળને કોઈ ભૂલી જાય !' તેના સ્વરમાં પણ ભીનાશ આવી. હવે તો રડી જ પડશે જાણી વસુંધરા બોલી,

'સાવાસાવા ! ઉપર જ લાવ.'

'હમણાં જ મોકલું.' કહી ઉત્સાહથી તે કિચન ભણી ગઈ.

'પ્રેની, ફ્રેશ થઈ હું પણ હમણાં જ આવું.' કહી ચૌલા ઉપલા માળે પોતાના રૂમ ભણી ગઈ.

વસુંધરા પાર્લરની બાજુના પોતાના રૂમમાં ગઈ. લક્ષ્મીનિવાસમાં સૌથી સુંદર રૂમ આ હતો અને વસુંધરાનો મનપસંદ. તેના રવેશમાંથી આખો પથરાયેલો વિસ્તાર નજરે પડતો. ફાયરપ્લેસમાં આછો અગ્નિ સળગી રહ્યો હતો. જેથી રૂમ આખો હૂંફાળો હતો. આખા રૂમની સજાવટ અનોખી હતી. તેની મનપસંદ વસ્તુઓથી રૂમ શણગારેલો હતો. એ જમાનાનું સૌથી કિંમતી ફર્નિચર એ રૂમમાં હતું. સુંદર ફ્રેન્ચ ને ઇટાલિયન પેઇન્ટર્સના પેઇન્ટિંગ્ઝ દીવાલો પર શોભતાં હતાં. ભીંતો આછા પીળા રંગની હોવાથી જાણે સૂરજનો કુમળો તડકો ચમકી રહ્યો હોય તેવું લાગતું. પલંગ

સામેની ભીંત પર લક્ષ્મીકાંતનું આખું મોટું તૈલચિત્ર દોરેલું હતું. તેની નીચે જ ઓક લાકડાનું કોતરણીવાળું જ્યોર્જિયન ડેસ્ક હતું. બંને ખૂણે સુંદર કોતરણીવાળા નાના સ્ટેન્ડ પર ફૂલોથી ભરેલાં ચાઇનીઝ વાઝ સજાવેલાં હતાં.

ફાયરપ્લેસ સામે જ ટી-કૉફી ટેબલની આસપાસ બે સોફા મૂકવામાં આવ્યા હતા. સોફાની પાછળ ચીપેન્ડેલની કૅબિનેટમાં ચાઇના ને જાપાનની વખણાતી ક્રોકરી હતી. વસુંધરા જ્યાં જતી ત્યાંથી એ દેશની યાદગીરી લઈ આવતી. ફાયરપ્લેસના મેન્ટલ પર આફ્રિકા-ટાંઝાનિયા દેશના એબની લાકડાની ત્યાંની આદિવાસી કોમ મસાઈની મુખાકૃતિ મૂકવામાં આવી હતી. એ મુખાકૃતિમાંથી કેટલી યાદો ઊપસી આવતી ! મેન્ટલના બંને છેડે થાઇલૅન્ડથી લાવેલા જેઇડના બે લૅમ્પ મૂકવામાં આવ્યા હતા. જે હંમેશાં આછા નીલ રંગના હોય. તેમાંથી નીકળતા પ્રકાશથી નીલવર્ણો પ્રકાશ આખા રૂમમાં રેલાઈ રહેતો. પલંગની બાજુની ભીંત આખી પુસ્તકો ભરેલી શેલ્ફથી મઢેલી હતી. ટી-કૉફી ટેબલ આજનાં છાપાંઓ ને વસુંધરાનાં મનપસંદ મૅગેઝિનો રાખવામાં આવ્યાં હતાં. કેટલાં વરસોથી જુલી તેની પસંદ-નાપસંદ જાણતી હતી ! તેની ગોઠવણી એટલી સુંદર લાગતી કે એ ફક્ત સ્ત્રી માટેનો જ રૂમ નો'તો. કોઈ પણ પુરુષને પણ એ રૂમ ગમી જાય તેવી ગોઠવણી હતી. લક્ષ્ય હંમેશાં આખા બંગલામાં આ રૂમના જ વખાણ કરતો ને ! 'લક્ષ્ય ! શા માટે મને એકલો મૂકી આ ક્રૂર દુનિયામાં જતો રહ્યો ! એ પણ જંગલી વરુઓ જેવાં સંતાનો વચ્ચે !' વસુંધરા એકલી પડતી ત્યારે તે આંખમાં આંસુઓને આવવા દેતી. સામી બાજુએ શર્મિલા ને ચૌલા જેવાં સંતાનોએ કેટલું સુખ આપ્યું છે તેની પણ તુલના થઈ જતી.

હૂંફાળી ગરમીથી જરા તાજગી આવતાં તે મેન્ટલ પાસે રાખેલી નાની કૅબિનેટ પાસે ગઈ ને તેમાંથી શેરી કાઢી પ્યાલામાં રેડી. નવી નવી અહીં આવી હતી ત્યારે શેરી એક દારૂ છે એવા ખયાલે તે અચકાતી, પણ જ્યારે તેને ખબર પડી કે તે દારૂ નથી, પણ એક પીણું છે ત્યારે ચાખતાં જ એ તેનું મનપસંદ પીણું બની ગયું હતું. એ પ્યાલા ભરી તે સોફામાં બેઠી ને ચૌલાના આવવાની રાહ જોતી રહી.

પોતાના જ છપાતા યૉર્કશાયર મૉર્નિંગ ગૅઝેટ પર તેણે નજર નાંખી. ક્ષિતિજે જ્યારથી મૅનેજિંગ એડિટર તરીકે પદ સંભાળ્યું હતું, ઘણા ફેરફારો તેણે કરેલા. ફૉર્મેટ આખું મોડર્ન બનાવી દીધું હતું. તેણે હવે યૉર્કશાયર ઇવનિંગ ગૅઝેટ પણ શરૂ કર્યું હતું. એડવર્ટાઇઝને લીધે પેપરની આવક વધી હતી. ફેલાવો વધ્યો હતો. તેના વૈવિધ્યથી લંડનમાં પણ તે પ્રખ્યાત થયું હતું. તેને ક્ષિતિજથી પૂરો સંતોષ હતો. ક્ષિતિજની યાદ આવતાં ચૌલાની યાદ આવી. શ્રીવાસ્તવ ફૅમિલી પ્રત્યેની બધી કડવાશ, સમય સાથે ઓગળી ગઈ હતી. ક્ષિતિજ હતો જ પ્યારો. ત્યાં જ રૂમનું બારણું ખૂલ્યું ને ચૌલા એક તાજી હવાની લહેરખી જેમ આવી.

'તારે માટે શેરી તૈયાર છે, ચૌલા !' ચમકતા સ્મિતથી વસુંધરા બોલી. વાતાવરણની તાજગી ને મનપસંદ જગ્યાથી વસુંધરાનું વ્યસ્ત ને ત્રસ્ત મન તાજગી અનુભવી રહ્યું હતું તે તેના સ્મિતથી જાણી શકાતું.

બેસતાં તે બોલી, 'ગ્રેની, ચારેક વાગ્યા પછી ઘોડેસવારી કરવાનું મન છે. આમ તો ઠંડી છે, પણ સૂરજ નીકળ્યો છે તેથી વાંધો નહીં આવે.' શેરીનો ઘૂંટડો ભરતાં ચૌલા બોલી.

'સરખાં કપડાં પહેરીને જજે. ઠંડી ન લાગી જાય.'

વસુંધરા પોતાને દીકરી કરતાં પણ વધુ ચાહે છે જાણી ચૌલા ખુશ થઈ, પણ ગ્રેનીની આંખોમાં ચમક ને તુફાન જોતાં તે સજાગ થઈ ગઈ. વસુંધરા એ પામી ગઈ. ઘોડેસવારી સાથે ક્ષિતિજને પણ મળી લે તો શું વાંધો છે ? પણ ચૌલાનો સંકોચ દૂર કરવા તે બોલી, 'હા, આમેય મારે શનિ-રવિમાં બધા આવે છે તો બૅન્કવેટ હૉલમાં જ બધાના બેસવાની ગોઠવણી કરવાની છે. કોને કોની સાથે ફાવે છે એ પ્રમાણે બેસાડવાં પડશે ને !'

'બધાં ક્યારે આવી જશે, ગ્રેની ?'

'આજ રાત્રે ને કાલ સવાર સુધીમાં. કાલે રાત્રે તો ડિનર છે ને ?'

'આખું ઘર ભરાઈ જશે, ગ્રેની ! લાંબા સમય પછી આખું કુટુંબ ભેગું થશે નહીં ?'

'હા, ચૌલા !' ને વસુંધરા કંઈક વિચારી રહી.

ત્યાં જ જુલી આવી. આજે તે વસુંધરાને જોઈ ખૂબ ખુશખુશાલ હતી. જાણે કોઈ સ્વજન આવ્યું ન હોય ! આમેય વસુંધરા સ્વજન જ હતી ને ! તે ન હોત તો જુલીનું શું થાત ? એણે તેને બચાવી ન હોત તો ? ગુલામીની પ્રથા નાબૂદ હતી છતાં પણ...' અને એ ધ્રૂજી ઊઠી.

'મૅડમ ! લન્ચ તૈયાર છે. તમારી મનપસંદ ચીજો બનાવાઈ છે.'

'હમણાં જ આવીએ, જુલી !' વસુંધરાની આંખોમાંથી સ્નેહ નીતરતો જોઈ ચૌલાને નવાઈ લાગતી. જુલી વિષે ગ્રેનીએ કદી કોઈ વાત નથી કરી ? શું હશે ? આમેય કેટલાં વર્ષોથી જુલી લક્ષ્મીનિવાસ કાળજીથી સંભાળતી આવી હતી ! અને એમાંય હવે આખું કુટુંબ આવવાનું હતું. ગ્રેનીનાં સંતાનો લંડનમાં જ બ્રિટિશ રીતે ઉછરેલાં. રંગભેદ તેમના વર્તનમાં દેખાઈ આવતો, પણ ગ્રેનીના કડપથી જુલીને કોઈ અવગણતું નહીં, પણ એવું માન પણ કોઈ આપતાં નહીં. તેના જતાં ચૌલા બોલી, 'ગ્રેની ! અમન ને અમી પણ આવવાનાં છે ?' બધા પિત્રાઈઓમાં ચૌલાને એ બે જણાં સાથે વધુ બનતું.

'હા, બંને આવવાનાં છે. તારે એ બંનેની બાજુમાં બેસવાનું છે.' કહી બંને ડાઇનિંગ રૂમમાં પ્રવેશ્યાં.

: ૬ :

ચૌલાના ઘોડેસવારી માટે ગયા પછી વસુંધરા પાર્લરમાં બેઠી ને બ્રીફકેસમાંથી કાયાદાકીય-લીગલ પેપર્સ કાઢ્યા ને ફરી વાંચવા લાગી. તે બીમાર પડી એ દરમિયાન તેના સૉલિસિટરોએ તૈયાર કર્યા હતા. બરાબર વાંચી, ઝીણવટથી તેનો અભ્યાસ કરી સંતોષ પામી તેણે લંડન હેન્રી ઇટનને ફોન કર્યો.

ઔપચારિકતા તરત પતાવી તેણે પૂછ્યું, 'હેન્રી, મેં તને મારી અંગત જાયદાદ વિષે કામ સોંપેલું તેનું શું થયું ?'

'વસુંધરા ! નાઇસ ટુ હીયર ફ્રોમ યુ ! તારા બધા પેપર્સ હું વાંચી જ રહ્યો છું.'

વસુંધરાને એ સ્વરમાં થોડી થકાન લાગી. હેન્રી હવે વૃદ્ધ થવા લાગ્યો કે શું ? એ રીટાયર-નિવૃત્ત થશે તો મને તો એની ખોટ લાગશે જ !' તે વિચારી રહી. પોતે હેન્રીથી પણ વયમાં મોટી છે, છતાં રીટાયર-નિવૃત્ત થવાનો તેને વિચાર પણ નો'તો આવતો. એ પોતાના ડેસ્ક પાસેની ખુરશીમાં જ કામ કરતાં મૃત્યુ પામશે એ વિચારે તે મલકાઈ.

'હા, વસુંધરા તારા બધા ઍસેટસની કિંમત સારી આવી છે. તેં ધાર્યું હતું તેથી વધુ કિંમત મળી છે. સાત મિલિયન પાઉન્ડ. શું લાગે છે ?' તેના સ્વરમાં વિજયનો મદ છલકાતો લાગ્યો.

'માર્વેલસ, હેન્રી ! પૈસા ક્યાં રાખ્યા છે ?'

'બૅન્કમાં ! કેમ ?'

'તારા બિઝનેસ એકાઉન્ટમાં જ તો.'

'ના ના, હેન્રી. બધું મારા પર્સનલ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી નાંખ.'

હેન્રીને શોક લાગ્યો હશે, તે બે મિનિટની તેની ચુપ્પીથી વસુંધરા સમજી શકી. પછી ઊંડો શ્વાસ લેતાં બોલતો હોય તેમ એક વફાદાર મિત્રની જેમ તે બોલ્યો, 'વસુંધરા ! આટલી મોટી રકમ અંગત એકાઉન્ટમાં ન મૂકાય. આમેય તેમાં મોટી રકમ તો પડેલી છે જ.'

'હેન્રી !' અવાજમાં થોડી સખ્તાઈ લાવી તે બોલી, 'મારા અંગત એકાઉન્ટમાં હેન્રી ! મને જરૂર છે પૈસાની. હવે વધુ દલીલો ન કરીશ. હું જે કરી રહી છું તેની પાછળ મારાં કારણો હોય છે તે તું આટલાં વરસોમાં જાણી શક્યો છે ને ? બૅન્કની ફી ને તેના ઉપર અપાતો ટેક્સ કાપી, બાકીના પૈસા મારા 'અંગત' એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી નાંખ ને મને આજે સાંજ પહેલાં જણાવી દે, તેથી મારા પ્લાનમાં હું આગળ વધું.'

'પ્લાન ?' હેન્રીથી પુછાઈ ગયું, પણ પછી ધીમા સ્વરે બોલ્યો, 'વસુંધરા તારા પૈસા છે. કેમ હેન્ડલ કરવા તે તું વધુ સારી રીતે જાણે છે, પણ સંભાળજે. મારી

જરૂર પડે તો તું ગમે તે સમયે મને ફોન કરી શકે છે. આઇ એમ ઑલ્વેઝ વિથ યુ.'

'હેન્રી ! તારે એ કહેવું પડે ?' સ્વરમાં થોડી ઉષ્મા લાવી તે બોલી, 'મને જલદીથી ફોન કર. આવતા અઠવાડિયે તારી ઉત્કંઠા હું જરૂર સંતોષીશ કે હું શું કરવાની છું, બસ ?'

બધા કાગળિયા બ્રીફમાં મૂકી, લૉક કરી પછી બધાનો સીટિંગ પ્લાન જોવા બેઠી. કાલે રાત્રે ડિનરમાં શું શું બનાવવાનું છે તે બધું જુલીને સમજાવ્યું અને પોતાના બેડરૂમમાં ગઈ. પલંગમાં આરામ કરવા લંબાવ્યું. આ શનિ-રવિ કેટલા મુશ્કેલ જવાના છે એ વિષે વિચાર કર્યો. એમાંય ડિનર પછી પોતાની જાહેરાતથી કુટુંબમાં કેવો ખળભળાટ થવાનો છે ને કેવા બનાવો બનવાના છે તેની કલ્પના કરી રહી.

બધાંમાં પૌત્ર-પૌત્રીઓ પણ આવવાનાં છે ને તેમની હાજરીમાં પેલા બધા કેવી રીતે વર્તશે અને એવું ન બને તે માટે શું તકેદારી રાખવી તેનો ઉપાય શોધી રહી. આમેય શર્મિલા ને ચૌલા સિવાય હાલાત સામે લડવાનું આંતરિક બળ તેને કોઈનામાં દેખાતું નો'તું. પોતાની જાહેરાત પછી બધાં કેવી રીતે વર્તશે ? થોડી ચિંતા તો તેને થઈ જ.

જોકે તે બધાંને જાણતી હતી, બરોબર. એમાંય છેલ્લા બનેલા બનાવે તો તેને હચમચાવી જ મૂકી હતી, પણ જ્યારે બધાં સામે તે પોતાનું આ વીલ વાંચશે ત્યારે ? ત્યારે એ લોકોને વસુંધરા હજી કેટલી હોશિયાર, કાબેલ અને અનુભવી છે તેની જાણ તો થશે જ. પણ જે ઘા તે મારવાની છે તેમાંથી તેઓને કળ વળશે ? શું થાય ? છેલ્લા બનાવ પછી તેઓએ જ તેને આ પગલું ભરવા મજબૂર નો'તી બનાવી ? પોતાના સ્વરક્ષણ માટે તેણે પણ કંઈ ને કંઈ યુક્તિ તો કરવી જ રહી ને !

પોતાના ભવિષ્યની સલામતી માટે તેણે જે પ્લાન્સ બનાવ્યા હતા તે માટે તેને એ લોકો માટે જરા પણ દયાની લાગણી ઉત્પન્ન નો'તી થઈ. એમાંય જેમને મોટો ફટકો પડવાનો છે તે લોકો માટે તો જરાય નહીં. 'આ કરતાં મને કેટલું દર્દ થયું હશે તેનો કોઈએ વિચાર ર્ક્યો હશે ?' સંતાનોની ક્ષતિઓનો વિચાર આવતા તે ઉદાસ થઈ ગઈ. લિફ્ટનો પ્લાન સફળ રહ્યો હોત તો ? પોતાના મૃત્યુ પછી શર્મિલા ને ચૌલાના હાલ એ લોકોએ કેવા કર્યા હોત ! એક ધ્રુજારી તેને છૂટી ગઈ. તેઓના પ્લાનની પ[illegible]થી ખબર પડી જતાં તે કેવી સ્તબ્ધ થઈ ગઈ હતી ! અને પછી તો એવો ક્રોધ ચડ્યો હતો એ લોકો ઉપર ! અને હવે ધિક્કાર સિવાય કોઈ લાગણી તેનામાં રહી છે ?

અરે ! આવીને મારી સાથે ચર્ચા કરી હોત તો કોઈ તોડ તો નીકળત ! એને બદલે આવું હીચકારું કૃત્ય ! એથી તેને મનોમન સખત આઘાત લાગ્યો હતો ! તે સ્થિર નજરે છત સામે જોઈ રહી. 'આજે લક્ષ્ય જીવતા હોત તો !' એક ડૂમો તેને

ભરાઈ આવ્યો અને એમાંય શર્મિલા, ચૌલા ને બીજાં પૌત્ર-પૌત્રીઓનો વિચાર આવતાં તેનું મન શાંત પડ્યું. તેઓ બધાં તેને કેટલું ચાહતાં હતાં !

એ લોકો જ શું કામ ? બીજા ઘણા હતા તેના ચાહકો ! એ આખા એરિયામાં વસુંધરા મિત્તલ એક દંતકથા હતી. ખાલી સત્તા કે દોલત જ નો'તા તેની પાસે. એક ઉમદા ને દયાવાન હૃદય પણ હતું. કેટકેટલી સખાવતો, સ્કોલરશિપ્સ, દાન, પુણ્ય કર્યાં હતાં તેણે ! અરે મિત્તલ ફાઉન્ડેશન જ તેના માટે સ્થપાયું હતું. તેમાંથી જ બધી સખાવતો થતી.

ચાર વાગ્યે શિરસ્તા પ્રમાણે જ ચાનો પ્રોગ્રામ જુલીએ બનાવ્યો હતો. ભારતના ચોખ્ખી ચાંદીના ટી-સેટ ને ચાઇનાના કપરકાબી તૈયાર થઈ આવી ગયાં. સાથે પેસ્ટ્રી પણ.

ચૌલા પાર્લરમાં આવી. દરવાજામાં જ થંભી ગઈ. રૂમનો અનન્ય શણગાર એક નવું જ રૂપ આપી રહ્યો હતો. ચારેબાજુ પ્રશંસાયુક્ત નજર ફેંકી તે ટી-ટેબલ પાસેના સોફામાં જ બેઠી. ગ્રેની હજી આરામ કરતાં લાગે છે ! અને પોતાના બચપણની યાદો એકાએક તેના મનમાં ધસી આવી. ગ્રેની, માતાપિતા, પિત્રાઈઓ સાથે ગાળેલા એ બચપણના સોનેરી દિવસો ! તેનાં તોફાનોથી માતાપિતા ખિજાય તે પહેલાં ગ્રેનીની પાછળ ભરાઈ જતી. તે રોતી તો ગ્રેની તરત તેના આંસુ લૂછી તેની હર ઇચ્છા પૂરી કરતાં. તેની શું કામ ? બધા જ પિતરાઈઓની પણ. આ જ ગ્રેનીએ તેનામાં આત્મવિશ્વાસ, આંતરિક બળનું સિંચન કરેલું. હંમેશ સત્યનો સાથ આપવાનું શીખવ્યું હતું. હિંમતથી ગમે તેવા સંજોગોનો સામનો કરવાની શીખ આપી હતી. ગ્રેનીને થયેલા કેટકેટલા અનુભવોનો એ નિચોડ હતો ?

વિચારોમાં એવી ખોવાયેલી હતી કે ગ્રેની તેના બેડરૂમમાંથી દબે પાંવ ક્યારે પાર્લરમાં આવી ગઈ તેનો ચૌલાને ખ્યાલ પણ ન રહ્યો. વસુંધરા પણ સુંદર ચૌલાને જોઈ રહી. પોલો નેકનું લાંબી બાંયનું સ્વેટર તેણે પહેર્યું હતું. વાળ બધા ભેગા કરી, ઊંચેથી ટાઇટ બન વાળવાથી, તેની સુંદર લાંબી ગ્રીવા હંસલીની ડોક જેવી પાતળી ને સુરેખ લાગતી હતી. કાનમાં ફક્ત ટંઝાનિયાના એમેથિસ્ટની આજુબાજુના ઝેરકોનિયા હીરાથી મઢેલ કાનમાં બુટિયાં પહેર્યાં હતાં. આછા તડકાથી તેજ પરાવર્તિત થઈ, ભીંત પર અદ્‌ભુત વલયો ઊભાં કરતાં હતાં. 'ઓહ, ચૌલા ! તું આવી ગઈ ? આ આઉટફીટમાં તું ખૂબ સુંદર લાગે છે.

'ઓહ !' ચમકીને અતીતમાંથી તે વર્તમાનમાં આવી ગઈ. 'ગ્રેની ! હું તો ગભરાઈ ગઈ.'

'તું એમ ગભરાઈ જાય તેમ છે કે પછી ઘોડેસવારી કરતા કોઈને...'

'શું તમેય ગ્રેની ! દર વખતે થોડું કોઈ મળી જાય ?' તેના મોં પર થોડી ઉદાસી આવી. ત્યાં જ ફોન રણક્યો. 'હેલ્લો ! કોણ અમી ? હા, છે ને અહીં ! આપું ? ગ્રેની, અમી છે.'

અમી ચૌલાથી નાની, ચબરાક પણ કામકાજે હિટલર. વહાલથી ફોન લઈ વસુંધરા બોલી. 'હા ! અમી ? ક્યારે પહોંચે છે ?'

'ગ્રેની કાલ સવાર સુધીમાં, પણ ગ્રેની એક માગણી કરવી છે. જલદી કહી દઉં. ખૂબ ઉતાવળમાં છું.' આ અમીની ખાસિયત તુફાનની જેમ આવવું. આંધીની જેમ ચાલ્યા જવું. એક મિનિટ પણ બગાડવી નહીં. 'ગ્રેની ! એક ફેવર કરશો ?'

'બોલ ! તને કદી ના પાડી છે ?'

'તમારો એક ડ્રેસ પહેરવો છે ? પેલો લાલ ! તમે તો પહેરતાં જ નથી. કાલે ડિનર વખતે. મારી પાસે નવો લેવા સમય નથી.'

'જો એ ડ્રેસ મેં કદી પહેર્યો જ નથી. મને ખબર નહીં કે તને એટલો બધો ગમે છે. પહેરજે ને હવેથી તું જ એ રાખી લે.'

'ઓહ, ગ્રેની ! ખરેખર ? યુ આર એ ડાર્લિંગ !' અમીના સ્વરમાંથી ખુશી નીતરી રહી.

'બીજું કંઈ જોઈએ છે ?' વસુંધરા જાણતી હતી કે ડ્રેસ સાથે શું પહેરવાનું છે.

'અને ગ્રેની પેલા તમારા ડાયમન્ડના જૂનાં ઍરિંગ્ઝ જે આ ડ્રેસ સાથે બહુ શોભે છે ?'

ખડખડાટ હસતાં વસુંધરા બોલી, 'અમી ! ડાયમન્ડ કદી જૂના થતા નથી. ચાલ ! તે પણ તું પહેરજે બસ. હવે કહે, બ્રેડફોર્ડનો સ્ટોર કેમ ચાલે છે ?'

'ગ્રેની ! તમને મળીશ ત્યારે મેં જે ફેરફાર કર્યા છે તે વિષે તમને જણાવીશ ઓકે ? થૅન્ક્યુ અગેઇન !'

'ચૌલા ! આ અમીની ખાસિયત જોઈ ? કામ પૂરું થયું એટલે બસ ! કોઈને લાગે સ્વાર્થી છે, પણ કામ માટેની ધગશ એ પાછળ કોઈ જોઈ શકતા નથી અને ચૌલા ક્યારેક વિચાર આવે છે ક્યાં મારી કપટી દીકરી ને ક્યાં તેની આ ભલીભોળી દીકરી અમી !'

'ગ્રેની ! સાચી વાત છે. તમને એ ખબર છે. તેનું દિલ જેટલું સારું છે. એમ કામની પણ કાબેલ ને ચોક્કસ છે. તેને તમારે પૅરિસ સ્ટોર સંભાળવા મોકલવી જોઈએ. શી ઇઝ ટૅરિફિક !'

'એને ફ્રેન્ચ આવડે છે ?'

'હા, પૂરેપૂરું.'

'ચાલ, એ બારામાં હું વિચાર કરી જોઈશ. મેં ડિનર માટેની ગોઠવણીની પસંદગી કરી લીધી છે.' ચાનો કપ ભરતાં વસુંધરા બોલી. ચૌલા કંઈ બોલી નહીં. પણ આગળ વાત સાંભળવાની ઇંતેજારી પણ તેને થઈ.

'જેને જેની સાથે ફાવે તેમ ગોઠવ્યાં છે. જોઈએ બધાં સારી રીતે વર્તે છે કે નહીં.'

'હા, આ આખા જમેલાને સંભાળવો મુશ્કેલ તો છે જ.'

'ચૌલા ! આને જમેલો કહેવાય ! આખરે આપણે બધાં એક જ લોહી છીએ.'

'તમારા પર જીવલેણ હુમલો કર્યા પછી પણ તમે એમ કહેશો, ગ્રેની ? બધાં જળો જેવાં છે.' ચૌલા ગુસ્સાથી તમતમી ગઈ હતી.

'ચૌલા, હું નથી જાણતી શું ? બધાં તો એક કુતૂહલથી આવે છે. મારી તબિયતની કંઈ તેમને નથી પડી. મૃતઃપાય થતાં શરીરને ચૂંથવા ગીધડાંની જેમ બધાં આવી રહ્યાં છે. તેઓ જાણતાં નથી કે એમ કંઈ હું જલદી મરવાની નથી.' વસુંધરાના સ્વરમાં એક વિજયનો ઉન્માદ તેને કેમ લાગ્યો ? શું કરવાનાં હશે ગ્રેની ?

'તો ગ્રેની ! આ બધું જાણવા છતાં બધાંને શું કામ અહીં બોલાવ્યાં ?'

વસુંધરાના સ્વરમાંથી શીત ટપકી રહ્યું. 'આ એક છેલ્લી વખત, ચૌલા ! છેલ્લી વખત બધાં આ લક્ષ્મીનિવાસમાં આવી રહ્યાં છે.' એક ભયંકર નિશ્ચય તેની આંખોમાં વંચાઈ રહ્યો. 'છેલ્લી વખત એટલે ચૌલા, છેલ્લી વખત. ફૅમિલી બિઝનેસની જ ચર્ચા કરવા બધાંને ભેગાં કર્યાં છે. તેઓ બધા આપણા બિઝનેસમાં છે તેથી તેઓને તો આ વાત કરવી જ પડે ને !'

'પણ ગ્રેની ! આ ચર્ચામાં ક્યાંક તમારા પ્રત્યે એ લોકોનું વર્તન બેહૂદું બની જશે તો ? મને તો એમ કે તમે અહીં આરામ કરવા આવ્યાં છો ને બધાંને તેથી બોલાવ્યાં છે.'

'તું જરા પણ ચિંતા ન કર. હું બરાબર એ લોકોના વર્તન માટે તૈયાર થઈને બેઠી છું. ભલે બધાં આવે.' એક ખંધુ સ્મિત તેના હોઠો પર આવ્યું.

'મને બધાં કેમ બેસવાનાં છે એ પ્લાન જરા જોવા આપશો ગ્રેની ?' ચૌલા બોલી.

ઘડીભર વસુંધરા થંભી ગઈ. 'આપું કે ન આપું ?' પછી આસ્તેથી પ્લાન તેના તરફ લંબાવ્યો.

ચૌલાને તે વાંચતાં તીક્ષ્ણતાથી જોઈ રહી. એકાએક ચૌલાની આંખો વિસ્ફારિત થઈ ગઈ. ન મનાય તેવું નામ વાંચી તે સડક થઈ ગઈ. 'ગ્રેની ! શા માટે ?' તેનાથી જાણે ચીસ જ પડાઈ ગઈ. ખુરશીમાંથી તે ઊભી થઈ ગઈ. મોં ઊતરી ગયું. આંસુઓ ચમકી રહ્યાં. 'શા માટે તમે આમ કર્યું ? શા માટે ક્ષિતિજને તમે આમંત્રણ આપ્યું ? તે કંઈ આપણો કુટુંબી નથી ? મને પૂછ્યું પણ નહીં ?' વેદનાથી તેનો સ્વર તરબતર બની ગયો. ધ્રુસકાં ખાતાં તે પાછી સોફામાં બેસી ગઈ. ચૌલાનું દર્દ જાણે પોતાનું હોય તેમ તે ચૌલાને જોઈ રહી. ચૌલાનું હૈયું હળવું થતાં વસુંધરા બોલી, 'ચૌલા ! સાંભળ, મારે તારી સાથે થોડી વાતો કરવી છે.'

'ગ્રેની ! ક્ષિતિજ વિષે હોય તો નથી સાંભળવી.' તેણે મોઢું ફેરવી લીધું.

'આ છોકરી તેને કેટલું ચાહતી હતી કે એ માટે પોતાની ચાહત કુરબાન કરવા બેઠી છે ! ચૌલા જાણે એક નાની બાળકી બની ગયેલી તેણે જોઈ. 'આ તો મારી જિંદગી છે. આને પોતાને ગમે કે નહીં, દુઃખ કેમ પહોંચાડાય !'

'જો શાંતિથી સાંભળ !' ચૌલાએ મોં ફેરવ્યું. 'આપણા મીડિયાનો એ મૅનેજિંગ ડિરેક્ટર છે ને ! બોલાવવો તો પડે ને ! અને એ એક જ કારણ નથી.'

ચૌલા સ્તબ્ધ બની જોઈ રહી. 'હવે શું કારણ હશે ? તમને તો શ્રીવાસ્તવ કુટુંબ માટે આટલો અણગમો છે એ છતાં પણ તમે એને બોલાવવા માંગો છો ?'

વસુંધરા ઊઠીને ચૌલા પાસે ગઈ. તેના હાથ હાથમાં લઈ તે બોલી, 'ચૌલા ! દીકરી ! હું વૃદ્ધ છું. હજી મારામાં જોમ છે, પણ ક્યાં સુધી રહેશે ? જીવન જીવવા જે અનુભવો જોઈએ એ બધા મેં તને આપ્યા છે. જીવવા માટે કેવો સંઘર્ષ કરવો પડે છે તેની વાત તેં અનેક વખત મારી પાસેથી સાંભળી છે. હવે આવા અંટસ કેટલા વખત સુધી હું સંઘરી શકીશ ? અને એ અંટસ પણ કોની સામે ? જેમની સામે હતા તે તો બધા મૃત્યુ પામ્યા છે ! એમાં ક્ષિતિજનો શું વાક ? તેને તો કોઈ વાતની ખબર પણ નહીં હોય !'

'એટલે ?'

'એટલે એમ દીકરી ! કે મારા અણગમા માટે – હવે એ અણગમો જોકે રહ્યો નથી – તારે તારી જિંદગી કુરબાન કરવાની જરૂર નથી. તને ક્ષિતિજને મળવાની છૂટ છે. ગઈકાલે જ મેં તેને આમંત્રણ આપ્યું ત્યારે તેની વાતથી જાણ્યું કે તે હજી પણ તને એટલી જ ચાહે છે. ત્યારે મેં તેને કહ્યું કે તારી સાથે તેને લગ્ન કરવાં હોય તો મારા આશીર્વાદ તમારી બંનેની સાથે છે.'

ચૌલા તો આભી બની ગઈ. 'આ સાચું છે ?' મહિનાઓથી મનમાંથી ક્ષિતિજની યાદો ભૂંસવા મથતી હતી, કામમાં જાતને ડૂબાવી દીધી હતી. આંસુઓ ધસતાં આવ્યાં. ગ્રેની પોતાના માટે કેવો ત્યાગ કરી રહી છે ! કેટલું ચાહતી હશે મને !

'ગ્રેની ! તમે મારા માટે તમારું મન બદલ્યું ?'

'હા, બદલ્યું.'

અને ચૌલાએ વસુંધરાના ખોળામાં પોતાનું મોં સંતાડી દીધું. ચૌલાના વાંસા પર હેતથી વસુંધરાનો હાથ ફરી રહ્યો. શાંત થતાં ચૌલાએ પ્રેમથી ગ્રેની સામે જોયું. માની નો'તી શકતી તે. ક્ષિતિજ પોતાનો ક્ષિતિજ ! એ વિચારે તેનું હૃદય ધડકી ઊઠ્યું.

'એક કામ કર. જો ક્ષિતિજ હજી ઑફિસે છે. તેને ફોન કર. તું જ તેને ડિનર માટે આમંત્રણ આપ અથવા કાલે સાંજે તમે બંન્ને લીડ્ઝ જાઓ ને કેન્ડલ લાઇટ ડિનર માણો. મારે તો બીજાં પૌત્ર-પૌત્રીઓ ઘણાં છે. મને તો કંપની મળી જ રહેશે.' કહી ચૌલાને હૃદયસરસી ચાંપી.

અને જાણે ચૌલાના પગે પાંખો આવી. વસુંધરાના ગાલ હળવેથી ચૂમી, રૂમમાંથી ભાગી.

વસુંધરા હળવેથી પછી ઊભી થઈ. બારી પાસે આવી ઊભી. નીચે બગીચામાં ચૌલાને કાર સ્ટાર્ટ કરી તેજીથી જતાં જોઈ. એક વહાલનો દરિયો તેના હૃદયમાં ઘૂઘવ્યો. કેટલી નીરવ શાંતિ હતી ! ક્યાંય એક ચકલું પણ બોલતું નો'તું. લાંબે સુધી હરિયાળી બિછાત ફેલાઈ હતી. આછા પવનમાં ફૂલો ડોલી રહ્યાં હતાં, તેના મનની જેમ પ્રસન્નતાથી. દૂર દૂર ક્ષિતિજે વાદળોથી ઝળુંબી રહેલી ટેકરીઓ દેખાતી હતી. ધુમ્મસ ધીમે ધીમે આગળ વધી બગીચા પર તોળાઈ રહ્યું હતું. સાંજ ઘેરી થતી જતી હતી. હજી હવામાં ઠંડક હતી. તે થોડી ધ્રૂજી. બારી બંધ કરી તે રૂમની હૂંફમાં પાછી આવી. અગ્નિ ફાયરપ્લેસમાં ઠરવા લાગ્યો હતો. જેમ તેનું મન વેરઝેર ભૂલી શાંત થવા લાગ્યું હતું તેમ ! સળિયો હાથમાં લીધો ને અગ્નિ તેણે સંકોર્યો. બેએક લાકડાં તેણે વધુ નાંખ્યાં. અગ્નિ પ્રજ્વલ્યો.

તે સોફામાં બેઠી. ઉદ્દિપ્ત અગ્નિની નાની જ્વાળાઓને તે જોઈ રહી. શ્રીવાસ્તવ ફેમિલીની – પુરાણી યાદો તેના મનમાં ઊભરાવા લાગી. હવે તો ફક્ત એ કુટુંબમાંથી એકલો ક્ષિતિજ જ બચ્યો હતો. તેણે શા માટે સહન કરવું જોઈએ ? ચૌલાએ પણ શા માટે ?

બહાર અંધારું ઊતરી આવતું હતું. ધુમ્મસ ઘેરું બનતું જતું હતું. અંધારામાં અગ્નિની જ્વાળાઓએ ભીંત પર અંધાર તેજની સંતાકૂકડી આરંભી દીધી હતી. પડછાયાઓ જાણે હલી ઊઠ્યા. મનની ભૂતાવળ જાગી ઊઠી. મૃત પામેલાઓની ભૂતાવળ ત્યાં નાચી રહી. હવે તેઓ તેને કદી સ્પર્શી શકે તેમ નો'તા.

આ જિંદગી પણ કેવી છે ! શ્રીવાસ્તવો સાથે શરૂ થઈને હવે તેના વંશજ સાથે પૂરી થશે. બે છેડા મળતાં જ કેવું એક ગોળાર્ધ રચાઈ જશે !

અને, અને વસુંધરાનું મન એ ભૂતોને મળવા ટંઝાનિયા જઈ પહોંચ્યું.

: ૭ :

'એક જ દે ચિનગારી, મહાનલ, એક જ દે ચિનગારી.'

ઘોડો જાણે આ પંક્તિ સાંભળી થંભી ગયો. ઘોડેસવાર પણ આ મીઠા સૂરથી ગવાઈ રહેલી પંક્તિ સાંભળી, લગામ ખેંચી જોઈ રહ્યો. ગૌહાટીના આસામના ટી-પ્લાન્ટેશન-ચાના બગીચાઓમાં આવી સુરાવલી !

કામ કરવાવાળા ચાની પત્તીઓ વીણી રહ્યા હતા. સ્ત્રી તથા પુરુષો. ઉપર નભમાં વાદળાં ઘેરાયેલાં હતાં. વરસાદ જાણે તૂટું તૂટું થઈ રહ્યો હતો. હવામાં ઠંડક હતી, પણ જ્યાં સુધી ઘંટ ન વાગે ત્યાં સુધી તો કામ ચાલુ રહેવું જ જોઈએ એવો નિયમ હતો.

ટી-પ્લાન્ટેશન-ચાના બગીચા ઢોળાવ પર પથરાયેલા હતા. ઊંચેથી જોતાં ચાસબંધ જમીનમાં ચાના છોડના ક્યારાઓ, શિસ્તબદ્ધ કતારમાં સ્કૂલમાં ઊભેલા વિદ્યાર્થીઓ જેવા લાગતા હતા. પત્તી વીણવાની મોસમ હતી. ઠંડી હવામાં પણ મજૂરોને કામ કરવું જ પડતું, પણ મીઠી સુરાવલીના સૂરોથી અમરનાથ શ્રીવાસ્તવ થંભી ગયા. એક ક્યારીમાં એક છોડ પાસે સોળેક વરસની સુંદર કન્યા, પાછળ ટોપલો બાંધી, ચાની પત્તીઓ વીણતી વીણતી ગીત ગાઈ રહી હતી. લઘરવઘર કપડાંમાં પણ તેનું સૌંદર્ય અછતું નો'તું રહેતું. પણ હાથ કામ કરી કરી રૂક્ષ થઈ ગયા હતા.

અમરનાથ ઘોડાને થંભાવી તે કન્યા સામે જોઈ રહ્યા. કોઈ બાજુમાં ઊભું છે જાણી કન્યાએ ઊંચું જોયું અને અમરનાથ એ કન્યાની આંખો ને તેમાં આખી દુનિયાને જીતવાની મહત્ત્વાકાંક્ષાની ચમક જોઈ ચમકી ગયા અને તેમનાથી પુછાઈ ગયું,

'તારા પિતાનું નામ શું ?'

'સુરેન્દ્રનાથ મોહિન્તે.'

'ક્યાં કામ કરે છે ?'

કન્યાએ દૂર એક પતરાવાળી નાની અમથી ઑફિસ જગ્યા સામે આંગળી ચીંધી. 'શું કામ કરે છે ?'

'બધા મજૂરો આ પત્તી લઈ તેમની પાસે જાય ત્યારે જોખવાનું કામ કરે છે.'

'ઓહ ! મુકાદમ છે !' અને કન્યાની આંખમાં મહાનલની ચિનગારી ભડકેલી જોઈ તે છક્ક થઈ ગયો. ઘોડો આગળ ચલાવતા તે વિચારી રહ્યો, 'આ એ જ સુરેન્દ્રનાથ હશે ?'

અને ઑફિસમાં મુકાદમને જોઈ તેણે કૂદકો જ માર્યો.

'સુરેન્દ્ર, ઓળખાણ પડે છે ?'

સુરેન્દ્રનાથે ચમકીને જોયું. સામે ઊભેલ જાજરમાન વ્યક્તિને પોતાને પૂછતાં જોઈ નવાઈ લાગી. કોઈ ઓળખાણ તેનામાંથી ઉપસતી હોય તેવું તેને ન લાગ્યું. તે અવાચક થઈ ગયો.

'બસ ! ભૂલી ગયો આપણી ગામઠી નિશાળ ? બંને સાથે એક પાટલી પર બેસતા ?'

'સાથે તો જમીનદારનો દીકરો અમરનાથ બેસતો. આ એ જ હશે ?'

'હા ! સમજાયું. હું એ જ અમરનાથ !'

ત્યાં તો મૅનેજર આવ્યો ને હાથ છોડી ઊભો રહ્યો, 'માલિક ! કંઈ ભૂલ થઈ છે મુકાદમથી ?'

'ના, ના ! સુરેન્દ્ર, ચાલો મારી સાથે મોટી ઑફિસમાં.' કહી અમરનાથે ઘોડો ચલાવ્યો.

'મુકાદમ, શું નારાજ કર્યા માલિકને !'

'અરે મૅનેજર સાહેબ, હું તો કંઈ સમજી જ નથી શકતો. આ અહીં ?'

'હા, આ ચાના બગીચાના માલિક, અમરનાથ શ્રીવાસ્તવ. ગયા અઠવાડિયે જ આફ્રિકાથી આવ્યા છે. વરસમાં બે વખત અહીં બધું તપાસવા આવે છે. આપણા મિશ્રાસાહેબના માસા થાય. જુઓ કંઈ ભૂલ તેમને લાગે તો માફી માંગી લેજો નહીં તો નોકરી જશે.'

ફફડતા દિલે સુરેન્દ્રનાથ મોટી ઑફિસમાં દાખલ થયા.

'આવ, આવ, સુરેન્દ્ર, બેસ સામે ખુરશી પર.'

માલિકની સામે ખુરશીમાં કેમ બેસાય ? તે તો હાથ જોડી ઊભો રહ્યો. 'અરે ! સુરેન્દ્ર ! સંકોચ શેનો રાખે છે ? બેસ. હું કહું છું ને !'

સંકોચથી સુરેન્દ્ર બેઠો અને અમરનાથે તેની જિંદગીનો આખો ઇતિહાસ કહ્યો. 'સુરેન્દ્ર ! ત્યાં બગીચામાં કામ કરે છે તે કન્યા તારી દીકરી છે ?'

અને સુરેન્દ્રનું દિલ થડકી ઊઠ્યું. તેની જિદ્દી છોકરીએ ક્યાંક આમનું અપમાન તો નહીં કર્યું હોય !

'સાહેબ ! થોડી નાદાન છે. કંઈ ન કહેવાનું કહેવાય ગયું હોય તો નાની સમજી માફ કરી દો.'

'અરે અરે, સુરેન્દ્ર એવું કંઈ નથી, પણ તેની આંખમાં મેં એક આગની, એક ઊંચી આંકાંક્ષાની આગની ચિનગારી જોઈ. ચાલ, હવે, ક્યાં રહે છે ? ભાભીજી કેમ છે ? મારે જૂના સંબંધે તેમને મળવા આવવું જોઈશે ને ? સાંજેકના નીકળી આવીશ, પણ કહે અહીં સુખી છે ને ? કામકાજમાં કંઈ વાંધો ? મિશ્રા પગાર સરખો આપે છે કે નહીં ? સુરેન્દ્ર, નિશાળના એ દિવસો હજી ભુલાતા નથી. તને ખબર છે, યાદ છે, એક વાર ઘરેથી લેસન નો'તો કરી આવ્યો, તારામાંથી કૉપી કરી લીધી, પણ માસ્તરને એમ કે તેં મારામાંથી કૉપી કરી છે ને છડીથી તને કેવો ફટકાર્યો હતો ! ને તેં પણ ચુપચાપ તે સહન કરી લીધું હતું ?'

ઊંચા દિલે સુરેન્દ્ર ઘરે આવ્યો.

'ગૌરી ! એ ગૌરી !'

'અરે, અરે ! તમારો ઓવરકોટ તો બહાર ખંખેરીને આવો. ચાની પત્તીઓ બધી ઘરમાં વેરાશે.' ઓવરકોટ તેણે સુરેન્દ્રના હાથમાંથી લઈ, પરસાળમાં ખીંટીએ ટાંગ્યો.

'ગૌરી ! આફ્રિકાથી ચાના એસ્ટેટના માલિક આવ્યા છે. આજે મળ્યા. સાંજે આપણા ઘરે આવવાના છે.'

'આવા મોટા માણસને આપણા ઘરે શું કામ આવવું પડે ?'

'એ તો મારા સ્કૂલના જૂના મિત્ર નીકળ્યા.'

'હવે ? આવશે તો આપીશ શું ? ઘરમાં તો કંઈ નથી. નથી પૂરતું તેલ કે નથી પૂરતો લોટ !'

'જે હોય તે ! કશું કરવાની જરૂર નથી. ચાની પત્તી તો છે ને ! ચા બનાવી દેજે. ખાંડ તો છે ને ? વસુ, આવી ગઈ ?'

'અરે હા ! આજે જ તેને તેનું દાડિયું મળ્યું છે. કંઈક લઈ આવો બજારમાંથી તે તમારા માટે ચા જ બનાવે છે.'

'તેને જ કહું કંઈક લઈ આવે.'

વસુ ચાનો પ્યાલો લાવતાં જ બોલી, 'બાપુજી ! એવું કંઈ કરવાની જરૂર છે ? ભલેને જુએ આપણી ગરીબાઈ ! તેમને પણ ખબર પડે ને કે આપણને – બધા જ મજૂરોને કેવી રીતે રખાય છે ?' કહેતા તેની આંખમાંથી આગનો તણખો ખર્યો.

અમરનાથ તો ક્યારના આવીને ફળિયામાં ઊભા રહી ગયા હતા. જોઈ જ રહ્યા. નાનું ફળિયું, નાની અમથી પરસાળ ને અંદર એક જ ઓરડો. એ પણ ગારથી લીંપેલો. પોતાનો જ મિત્ર આમ રહેતો હોય તો બધા મજૂરો કેવી રીતે રહેતા હશે ? કાલે તપાસ કરવી જ પડશે કે અહીં શું ચાલી રહ્યું છે.

ત્યાં જ વસુની નજર પડી ને પિતાને આંખનો ઇશારો કર્યો. ઘરમાં ખુરશી જેવી તો કોઈ ચીજ જ નો'તી. પરસાળમાં પડેલ ખાટલો ઢાળી ઉપર ગોદડું પાથરી તેણે અમરનાથને બેસવા કહ્યું ને પોતાનો ચાનો પ્યાલો તેને ધર્યો. ચા પીતાં બધે નજર ફેરવતાં, દરિદ્રતા જોઈ તેનું હૃદય દ્રવી ઊઠ્યું.

'અરે, સુરેન્દ્ર !' આ ચા કોણે ભાભીજીએ બનાવી છે ?'

'ના, વસુએ બનાવી છે.'

'બહુ સરસ બની છે. બેટા વસુ ! રસોઈ આવડે છે ?'

'ભાઈસાહેબ ! બધું જ ઘરકામ શીખી ગઈ છે.' ગૌરીએ બારણામાં આવી કહ્યું.

'અરે વાહ ! અને સુરેન્દ્ર, આ ચાના બગીચામાં કેટલા વખતથી કામ કરે છે ?'

'ત્રણેક વરસ થઈ ગયાં.'

'અને પગાર કેટલો મળે છે તમને બંનેને !'

સુરેન્દ્રની ને વસુની નજરો મળી. તીખાશથી વસુ બોલી, 'સાહેબ ! પગાર ? અહીં તો દાડિયું મળે છે. રોજનું રોજ. બીમાર પડો તોય એ કપાઈ જાય.'

અમરનાથ ભાણેજની જોહુકમી સમજી ગયા. મિત્ર પ્રત્યે સ્નેહભાવ ઊભરી આવ્યો. 'સુરેન્દ્ર ! મૅનેજર તારી પ્રામાણિકતા ને વફાદારીની ઘણી તારીફ કરતા હતા. આફ્રિકા આવવું છે ?' સુરેન્દ્ર, ગૌરી ને વસુ ત્રણે અચાનક આવી પડેલા પ્રશ્નથી અવાચક થઈ ગયાં.

'જુઓ ! મારે ત્યાં આફ્રિકામાં, કિલિમાન્જારો પર્વતનું નામ સાંભળ્યું છે ? આફ્રિકાનો ઊંચામાં ઊંચો પર્વત. ટંઝાનિયા દેશમાં. તેના ઢોળાવ પર મારે કૉફીના બગીચા છે. તમે હા પાડો તો પરમિટની વ્યવસ્થા કરું. સુરેન્દ્ર, તારે મારા મૅનેજર તરીકે કામ કરવાનું ને વસુ, આખું નામ શું તારું ?'

'વસુંધરા.' વસુ બોલી.

'હા, તને જો રસોઈ સારી આવડતી હોય તો મારા કિચનમાં કૂક-રસોયો તો છે, પણ તેને મદદકર્તા કોઈ નથી. ઉપરાંત મારા પત્ની હંમેશનાં બીમાર છે. તેમની સારસંભાળ રાખવાની. ભાભીજી તમારે લાયક પણ કોઈ કામ શોધી કાઢશું મારે ત્યાં. ને વસુંધરા દાડિયું નહીં, પગાર મળશે.'

વસુંધરા ક્ષોભથી નીચું જોઈ ગઈ.

'જુઓ, ત્રણેક મહિના હું અહીંનું કામકાજ તપાસી જઈશ ને ત્યાંથી બે એક મહિનામાં તમને પરમિટ મળશે. બોલો તૈયાર છો ? વિચાર કરી જુઓ.'

રાત્રે ત્રણે બેઠાં. ઓચિંતા આવી પડેલા પ્રસ્તાવથી તેઓ મુંઝાઈ ગયાં. વસુંધરાનું ચાલાક મગજ વિચારવા માંડ્યું. અહીં તો દળદર કોઈ રીતે ફીટે તેમ નો'તું. વળી આખું કુટુંબ સાથે રહી શકશે. નસીબે યારી આપી તો આગળ વધાશે. અમરનાથ દયાળુ લાગ્યા.

'બાપુજી ! શું વિચારો છો ?' તેણે પૂછ્યું.

'બેટા ! આપણાં મૂળ અહીં. સગાવહાલાં અહીં. સમાજ અહીં. બધું છોડીને કેવી રીતે જઈશું ?'

'બાપુજી ! એક વાત પૂછું ? એક સમયનું ભોજન પણ પૂરું નથી મળતું સગાંવહાલાં આવી કોઈ મદદ કરે છે ? સમાજ આપણો ભાવ પણ પૂછે છે ? તો પછી જીવનનો રાહ તો આપણે જ પસંદ કરવાનો ને ? વળી અમરનાથ તમારા મિત્ર છે. આપણા બધાને નોકરી આપવા તૈયાર છે. તો વાંધો શું છે ? નહીં ગમે તો આસામ પાછા આવતાં આપણને કોણ રોકશે ?'

'પણ બેટા ! આપણને પાસપોર્ટ વગેરે કોણ કરાવી આપશે ?'

'જુઓ, બાપુજી ! તમે એક વસ્તુ નથી જોઈ શક્યા. અમરનાથ પરમિટ મેળવી આપે એટલી લાગવગ ધરાવતા હોય તો બ્રિટિશ પાસપોર્ટ મેળવી આપવાની પણ ક્ષમતા ધરાવતા હશે ને ?'

વસુંધરાની આંખોમાં રહેલી મહત્ત્વાકાંક્ષા હવે સળવળવા જ લાગી હતી.

બીજે દિવસે જ સુરેન્દ્ર અમરનાથને મળ્યો ને નિર્ણય જણાવ્યો. અમરનાથ શ્રીવાસ્તવ ખુશ થઈ ગયા. કેટલા પ્રશ્નો ઉકલી જતા હતા !

'સુરેન્દ્ર ! હું ત્રણ મહિના અહીં છું. અહીંથી જ હું તમારા ત્રણે માટે પરમિટની ઍપ્લિકેશન કરી દઉં છું. ભગવાને ચાહ્યું તો મારી સાથે જ તમારે આવવાનું થાય તો પાછળથી એકલા આવવાની તમારે દુવિધા નહીં, બરાબરને ?'

અને ત્રણ મહિનામાં પરમિટ આવી પણ ગઈ ને સ્ટીમ ઇન્ડિયા નેવિગેશનની સ્ટીમરમાં બધાં ઊપડ્યાં ટંઝાનિયાના બંદર દારેસલામ જવા. પંદર દિવસે દારેસલામ પહોંચી, ત્યાંથી ટ્રેનમાં જવા નીકળ્યા મોશી. એક નાનું સુંદર ગામ કિલિમાન્જારો પર્વતની તળેટીમાં હતું. રળિયામણું ગામ. પર્વત ને પર્વતની હરિયાળી જોઈ ત્રણેનું દિલ ઠર્યું.

મોશી સ્ટેશનેથી જીપમાં પર્વતનું આરોહણ શરૂ થયું. લગભગ પાંચેક હજાર માઇલ, દરિયાથી ઉપર, ચઢાણ પર અમરનાથના કૉફીના બગીચામાં પહોંચ્યા ત્યારે ત્યાંનું દશ્ય જોઈ જાણે સ્વર્ગમાં આવી ગયા હોય તેવો અનુભવ થયો. કેટલાય એકરમાં બગીચો પથરાયેલો હતો. એક એકરના ગાર્ડનની વચ્ચોવચ અમરનાથનો બંગલો હતો. તેમના આઉટહાઉસમાં – સુરેન્દ્ર માટે તો એ પણ બંગલો કહેવાય. ત્રણ ઓરડાવાળો બધા જ ફર્નિચરથી, રાચરચીલાથી સજ્જ, જોઈ તેમણે કદી આવી દોમદોમ સાહ્યબીની કલ્પના પણ નો'તી કરી. ક્યાં એક ઓરડાનું ગારનું મકાન ને ક્યાં આ ફરસબંધી મકાન ! આજુબાજુ સુંદર ફૂલો ને મકાનમાંથી દેખાતો નાગાધિરાજ કિલિમાન્જારો ! તેની ટૂંક હંમેશાં બરફાચ્છાદિત જ દેખાતી. નયનરમ્ય દશ્ય હતું.

અમરનાથ ગેસ્ટ હાઉસમાંથી નીકળતા બોલ્યા, 'સુરેન્દ્ર, ગૌરીભાભી જરા ફ્રેશ થઈ જાઓ, પછી બંગલે આવી જાઓ. આજે ત્યાં જ જમી લેજો. તમને આપણા રસોયા વગેરેનો પરિચય કરાવી દઉં.'

સુરેન્દ્રને ગૌરી તો પહેલી વાર શાવરવાળા બાથરૂમમાં નાહ્યાં. બે બેડરૂમ હતા. વસુંધરા ને તેમના જુદા જુદા. સરસ મેહોગ્ની લાકડાના પલંગ, મચ્છરદાની વાળા દરેક રૂમમાં એક બે માણસ બેસી શકે એવા સોફા સાથે ટી-ટેબલ. ચેસ્ટ ડ્રો કપડાં રાખવા માટે. બારીઓમાં સરસ પરદા, બારીમાંથી જ કિલિમાન્જારોની ઊંચી ટૂંક દેખાય ! વસુંધરા તો ખુશ થઈ ગઈ. હતા તો બે જ ડ્રેસ એટલે ચેસ્ટ ડ્રોમાં બહુ મૂકવાનું કશું હતું નહીં, પણ કિલિમાન્જારો – ઉત્તુંગ પર્વત જોઈ તેનું મસ્તક પણ ઊંચું થયું. જીવનમાં કંઈ હાંસલ કરવાની આકાંક્ષા પાછી સળવળી.

એ ત્યાંથી માતાપિતાના રૂમમાં ગઈ. એ રૂમ મોટો હતો. બાથરૂમ શાવર પણ એમાં જ હતા. રાચરચીલું જોઈ તે આભી બની ગઈ. માતાને બધું અચરજથી જોતાં તેને ગમ્યું. ક્યાંથી ક્યાં આવી ગયા એવી લાગણી થઈ. ગૌરીબહેને ટૂંક ખોલી સૌથી પહેલા તેમાંથી ગણપતિજી ને શ્રીકૃષ્ણ તથા રામસીતા-લક્ષ્મણ, લક્ષ્મીજીના ફોટા-મૂર્તિઓ કાઢી, નાનું કપડું ખૂણામાં પડેલ ટેબલ પર પાથરી બધાની સ્થાપના કરી. આવા ઘરમાં રહેવા મળશે તેવી કલ્પના જ કોઈને નો'તી.

સાંજ પડતાં બધા તૈયાર થઈ જે હતું તેમાંથી સુઘડતાથી મોટે બંગલે ગયાં. મોટા બંગલામાં પ્રવેશ કરતાં જ તેઓ અવાચક બની ગયા. લાંબા હૉલવેમાં મેહેગ્ની લાકડાના કોતરણીવાળા ટેબલ પર ચાઇનાના ફ્લાવરવાઝમાં, બગીચામાંથી આવતાં

ફૂલોનો શણગાર હતો. અંદર મોટો લિવિંગ રૂમ હતો. ચીપેન્ડેલ લાકડાના સોફા, ટેબલો, ભીંતો પર ભારત, ફ્રાન્સ, ઇટાલિયન પેઇન્ટરોનાં પેઇન્ટિંગ્ઝ જોઈ તેઓ છક્ક થઈ ગયાં. અમરનાથ જાણે તેમની જ રાહ જોઈ રહ્યા હતા. બધા આવતાં તેઓ ઊભા થયા ને બધાને બેસવા કહ્યું. અમરનાથમાં એક એવી ધનિકોને શોભે તેવી છટા હતી કે તેમને ના પાડી જ ન શકાય. સંકોચથી બધાં બેઠાં.

'સુરેન્દ્ર ! જુઓ આપણું ઍસ્ટેટ પર્વત પર છે. બાજુમાં જ પક્ષીઓની કૉલેજ મ્વેકા કૉલેજ છે ને ત્યાં જ નાનું ગામડું મ્વેકા છે. તમને અહીંની ભાષા આવડતા વાર લાગશે, પણ અહીંથી બાર માઇલ દૂર નીચે તળેટીમાં મોશી નામે રળિયામણું ગામ છે. ત્યાં આપણી બે હજાર હિન્દુઓની વસ્તી છે. આપણે કાલે સાંજે મંદિરે જઈશું, ત્યાં ઘણાની ઓળખાણ થશે. આપણી જીપ અઠવાડિયામાં બે વખત મોશી જાય છે. રસ્તા થોડા ખાડાખબડાવાળા છે, પણ જીપમાં વાંધો નહીં આવે. કાલે જ જીપનો જવાનો વારો છે. તમારે કાલે ગામમાં જઈ, આપણા રાશનવાળા લધાભાની દુકાને જઈ, ઘર ને રસોડાને લગતું બધું રાશન લઈ આવજો. આપણા ખાતામાં લખાવી લેજો. દર મહિને જે જરૂર હોય તે ત્યાંથી લેવાનું. તમારા પગાર વિષે આપણે કાલે સવારે ઍસ્ટેટની ઑફિસે જઈશું ત્યારે બધું સમજાવીશ. અહીંના આફ્રિકન મજૂરો સાથે વાતો કરતાં જ તમે ભાષા શીખી જશો. મજૂરો કહ્યાગરા ને રાંક છે. તેમની બધી જરૂરિયાતો આપણે પોષીએ છીએ.

ઑફિસમાં એકાઉન્ટન્ટ છે, વિશ્વાસ શાહ. અહીં મોશીનો જ છે. રોજ સવારે આવે છે ને સાંજે પાંચ વાગ્યે જાય છે. તે ખરેખર વિશ્વાસુ છે. કાલે સવારે તમારી સાથે ગામમાં આવશે ને તમને જોઈતી ચીજવસ્તુઓ ક્યાંથી ખરીદવી તેમાં મદદ કરશે. ગામમાં જૈન વાણિયાઓનો સો કુટુંબ છે. બાકીના દરજી, બ્રાહ્મણ, લોહાણા વગેરે છે. યુ.પી. કે આસામના કોઈ નથી, પણ માણસો બધા મળતાવડા ને મદદગાર છે. તમારે મૅનેજર તરીકે કામ કરવાનું છે. મજૂરોને કેવી રીતે કેળવણી આપવી, કૉફી પ્લાન્ટ્સ ને કેળાના છોડની માવજત કેમ કરવી તે તમને ચા ઍસ્ટેટમાં કામ કરતા હતા તેથી ખબર હોય જ. વિશ્વાસ આપણો એકાઉન્ટન્ટ છે અને તેને કૉફી બાબતમાં ખૂબ જ માહિતી છે. તે તમને મદદકર્તા થઈ પડશે. શરૂઆતમાં મહેનત ખૂબ કરવી પડશે, પણ ખંતથી કરશો તો ખૂબ આગળ આવશો. કોઈ પણ જાતની મુશ્કેલી પડે તો તરત મને જણાવવાનું.

હવે વસુંધરા, તમે કહ્યું તમને રસોઈ સારી આવડે છે, તો તમારી કિચન માટે નિમણૂક કરું છું. આપણો રસોયો ગોઆનીઝ છે. લોબો ડી'સુઝા. તેમને તમારે મદદ કરવાની. સાથે તમારી સહાયક રહેશે જુલી મેન્ગી. આફ્રિકન ચાગા જાતિની છે, પણ હોશિયાર છે. તમારાથી બે પાંચ વરસ મોટી હશે, પણ મુખ્યત્વે તમારું કામ મારાં પત્નીની સારસંભાળ લેવાની છે. તેઓ હંમેશાં બીમાર રહે છે. તેમના કમરાની

સફાઈ ને તેમનું ખાવા-પીવાનું ધ્યાન તમારે રાખવાનું છે. થશે ને ? અને ગૌરીબહેન કે ભાભી કહું ? તમે બરાબર સેટ થઈ જાઓ, પછી તમારે લાયક કામ ચીંધીશ, પણ જુઓ, જરાય ગભરાવાનું નથી. કોઈ પણ મુશ્કેલી પડે, મને તરત જણાવજો. ચાલો મારી સાથે.'

અમરનાથ તેમને રસોડામાં લઈ ગયા. 'લોબો ! જુલી ! આજથી વસુંધરા તમને મદદ કરશે, રસોઈ કરવામાં. પણ તેનું મુખ્ય કામ મૅમસાબનું ધ્યાન રાખવાનું છે, તે સમજી લ્યો. આજે તેઓ મારી સાથે જમશે. એ પ્રમાણે વ્યવસ્થા કરો.'

રસોડું જોઈને જ ત્રણે આભા થઈ ગયાં. રસોડામાં રસોઈ કરવાનાં અદ્યતન સાધનો હતાં. રસોડું બે ભાગમાં હતું. એક ભાગ રસોઈ માટે વપરાતો, બીજા ભાગમાં લગભગ બાર માણસો બેસી શકે તેવડું મોટું ડાઇનિંગ ટેબલ ને ખુરશીઓ હતાં. મકાન ઍસ્ટેટના ઉપરવાસમાં હોવાથી બારીમાંથી પર્વત તો દેખાતો, પણ બે એકરમાં પથરાયેલી લોન ને ઘરને ફરતાં રૂપાળાં ફૂલોના છોડથી અત્યંત રમણીય દૃશ્ય મનને લોભાવતું. ત્રણેને થયું જાણે સ્વર્ગમાં આવી ગયા છીએ.

'રસોઈ તૈયાર થાય એટલે તરત બોલાવજો.'

'અંકલ ! એકાદ આસામીઝ વાનગી બનાવી દઉં ?'

'દીકરી ! બરાબર સેટ થઈ જા પછી તારા હાથનું ભોજન જ જમીશ ને ! ગૌરીબહેન વસુંધરાને મદદ કરતાં રહેજો ને જુઓ દર મહિને તમને ત્રણ પગાર મળશે. સુરેન્દ્ર તમને બધાને હું એક્સ્પેટ્રિયેટ ટર્મ્સ પર લઈ આવ્યો છું. તમારા પગારનો ત્રીજો ભાગ તમે આ દેશની બહાર મોકલાવી શકો. આપણે બધા બ્રિટિશ સબ્જેક્ટ છીએ. તમારે પૈસા ભારત કે ઇંગ્લૅન્ડ મોકલવા હોય તો એ પ્રમાણે વ્યવસ્થા થઈ શકશે અને વસુંધરા મારે બે પુત્રો છે. મોટો રણજિત તે ઍસ્ટેટ પર કામ કરે છે. સુરેન્દ્ર, તમારે તેની સાથે કામ કરવાનું છે. અને નાનો રવિ કૉલેજમાંથી વૅકેશનમાં આવ્યો છે. તેઓની સુવિધાનું ધ્યાન રાખજો અને ગૌરીબહેન સિલાઈ આવડે છે ? નજીકના ભવિષ્યમાં હું વુલન-કપડાંની મિલ લેવાનો છું. તેમાં તમારે લાયક કામ મળી જ રહેશે. ચાલો જમી લઈએ ને ડાઇનિંગ ટેબલ તરફ બધાને દોર્યાં. 'કાલથી તો આઉટહાસમાં જ જમવાનું થશે ને ? કદીક કદીક આવી સાહ્યબી મારા નસીબમાં...' બધાં જમવા બેઠાં, પણ વસુંધરાને ક્યાં ખબર હતી કે એ સાહ્યબી મળતાં તેને કેવો સંઘર્ષ વેઠવો પડશે. જિંદગીની કેવી કેવી ધૂપ-છાંવમાંથી પસાર થવું પડશે !

અને એનો પરચો બીજે જ દિવસે તેને મળી ગયો. લોબો લાંબો સૂકલકડી રસોયો હતો. મોઢું લાંબું ને સુક્કું હતું. આંખો શિયાળ જેવી નાની, પણ બિલોરી કાચ જેવી પારદર્શક હતી. ડોળા ઊંડા ઊતરેલા હતા. ભમર ખૂબ જ ઘાટી હતી. આખું મોં હાડપિંજરની ખોપરી જેવું લાગતું. હંમેશ તે કાળું પાટલૂન પહેરતો. માથે

બાંધતો એપ્રન. પહેરેલા શર્ટની બાંયો અર્ધે ચડાવી રાખતો. તેનું મોં સોગિયું જ લાગતું. આંખમાંથી ક્રૂરતા ને દુશ્મની જ દેખાતી.

વસુંધરાને નવાઈ લાગતી કે અમરનાથે આવા માણસને કેમ કામે રાખ્યો હશે ? બીજે દિવસે જ તેની ચીસાચીસથી – તે બોલતો તો એવું જ લાગતું, રસોડું ગાજી ઊઠ્યું. 'જુલી, ઓ જુલી ક્યાં છે ? કામનો આટલો ઢગલો પડ્યો છે ને ક્યાં ગઈ ? અને શું નામ તમારું ? વસુ ! ઊભાં છો શું ? રસોઈની તૈયારી કરો. જાઓ ઉપરનો રૂમ સાફ કરી આવો. હું રસોઈનો સામાન કાઢી આપું છું. ઉપરથી આવી રસોઈ બનાવજો.' પોતાનો અધિકાર તે જરાય ખોવા તૈયાર નો'તો.

વસુંધરાએ ઝડપથી બાસ્કેટ, ડસ્ટર વગેરે લીધાં ને લોબોની બાજુમાંથી સીડી ચડવા લાગી અને ઓચિંતું ડસ્ટર તેના હાથમાંથી છટકી લોબોના પગ પાસે થઈ, જુલી ઊભી હતી ત્યાં દડી ગયું. 'આટલું કામ પણ સરખી રીતે નથી કરી શકતી ?' કહી તેનો હાથ મારવા માટે ઊંચો થઈ ગયો, પણ વસુંધરાની આંખમાંથી નીકળતી આગ જોઈને માલિકની ઓળખાણવાળા છે સમજી ક્રોધને કાબૂમાં લીધો. એ જોઈ જુલી પણ ક્રોધની મારી આગ આગ થઈ ગઈ. આફ્રિકન હતી. રાંક હતી. લોબોના હાથનો માર તેણે પણ ખાધો હતો. આજે વસુંધરામાં તેને સહેલી ભાસી, 'હવે અમે બે છીએ, લોબો ! તારા દાંત હવે અમે જ ખાટ્ટા કરશું ! એવો વિચાર તેને આવ્યો.

વસુંધરા પાછી ઊતરીને ડસ્ટર લેવા નીચે નમી. જુલીએ તે ઉપાડી તેને આપ્યું. વસુંધરા એ આંખોમાં સહાનુભૂતિ વાંચી શકી. હવે તો આની સાથે કામ રોજનું થયું. કળથી કામ લેવું પડશે એમ વિચારી બાસ્કેટ લઈ ઉપર ગઈ. સવાર જ હજી હતી. સાત વાગ્યે તો કામ ચડે જવાનું હોવાથી વસુ આવી ગઈ હતી. કૉરિડોરમાં એકદમ શાંતિ હતી.

ઉપર રૂમ્સ ઘણા હતા, પણ વપરાશમાં તો ત્રણ જ રૂમ આવતા હતા. જાતજાતનું રાચરચીલું હોવા છતાં એ શાંતિ વસુંધરાને જાણે સ્મશાન જેવી શાંતિ લાગી. આટલો સરસ બંગલો પણ જાણે તેમાં પ્રાણ જ નો'તો. કોઈ આનંદમય વાતાવરણ જ નો'તું.

કૉરિડોર પૂરો થતાં લિવિંગરૂમનું પ્રવેશદ્વાર તેણે ખોલ્યું. રૂમમાં ઊગી રહેલ સૂરજ કિરણોથી આછું અજવાળું ફેલાયું હતું. દબે પાંવ તે ટર્કી કાર્પેટ પર ચાલી. ફર્નિચર બધું વિક્ટોરિયન હતું. નીરવ શાંતિમાં ભીંત પર લટકી રહેલા ક્લૉકના પેન્ડ્યુલમનો ટીક-ટોક, ટીક-ટોક અવાજ જ સંભળાઈ રહ્યો હતો. ફાયરપ્લેસ આવી સાફ કરવાનાં સાધનો તેણે નીચે મૂક્યાં. હર્થમાં નાનાં લાકડાં ને કોલસા તેણે ગોઠવ્યા ને પછી સળગાવ્યા. તેને કહેવામાં આવ્યું હતું કે સવારે બ્રેકફાસ્ટ અમરનાથ ત્યાં જ કરતા. તેથી રૂમને હૂંફાળો પહેલેથી બનાવવાનો રહેતો.

વસુંધરા હતી ચપળ. જલદીથી તેણે રૂમ સાફ કરી લીધો. ટી-ટેબલ પર ડસ્ટિંગ કરી સવારના પેપર્સ તથા મૅગેઝિન ત્યાં ગોઠવી દીધાં. રૂમના ખૂણે બારી પાસે ગોળ ટેબલ ને ચાર ખુરશી ગોઠવેલાં હતાં. ત્યાંથી ખુલ્લી બારીમાંથી નીચેનો આખો પ્રદેશ દેખાતો. સાઇડબોર્ડ ડ્રોઅરમાંથી સફેદ ટેબલક્લોથ કાઢી તેણે ટેબલ પર પાથરી દીધો. ચાર ડીશ, ચાર કપ રકાબી ને જોઈતું સિલ્વર બધું ગોઠવી દીધું. એકાએક તેને થયું કોઈ રૂમમાં છે. પાછળ ફરી જોતાં અમરનાથ ત્યાં ઊભા હતા ને તેને કામ કરતા જોઈ રહ્યા હતા.

વસુંધરાએ તરત 'ગુડ મૉર્નિંગ, સર !' કહ્યું. અંકલ ન બોલી. અમરનાથે 'મૉર્નિંગ' કહ્યું. અને પૂછ્યું, 'વસુંધરા બધું બરાબર છે ? સવારના સાત વાગ્યામાં કામે ચડી જવું થોડું અઘરું લાગશે પણ ફાવી જશે. સુરેન્દ્રને મેં આઠ વાગ્યે આવી જવાનું કહ્યું છે. જેથી સમયસર કામે પહોંચી જવાય. જલદીથી કૉફી, ટૉસ્ટ વગેરે લઈ આવવાની તૈયારી કરી દે, બરાબરને ?'

'ભલે' કહી વસુંધરા રસોડામાં ગઈ.

: ૮ :

આખી રાત અમરનાથ સૂઈ શક્યા નો'તા. આ આજનું નો'તું. ઘણા વખતથી તેમને અનિદ્રાનો રોગ લાગી ચૂક્યો હતો. એના ઉપાય તરીકે તેઓ રાત્રે 'વાઇન' લેતા, પણ તેનાથી આંખો ને મન પર ભાર આવતો, પણ કદી પૂરી નિદ્રા આવી નો'તી. રાત્રે જાતજાતનાં સપનાં આવતાં. સવારના પહોરમાં ઓચિંતાથી પરસેવે રેબઝેબ થઈ જાગી જતા.

રૂમમાં કંઈ વિચારમાં ખોવાઈ આમથી તેમ ટહેલવું શરૂ કરી દીધું. છ ફૂટ ઊંચો દેહ આંટા મારી રહ્યો. સુંદર મુખ પર સમયના ચાસ પડી ચૂક્યા હતા. તેજસ્વી આંખોમાંથી જાણે થાક નીતરી રહ્યો હતો. તેજ ઝાંખું પડ્યું હતું. તેના લસલસતા હોઠ ધ્રૂજી ઊઠ્યા હતા. ભલભલાને આકર્ષવાની તેનામાં શક્તિ હતી. કપાળ પર ઝુલ્ફાં રમવા ઊતરી આવ્યા હતા. તેને વારેવારે માથું ઝાલી પાછા કરવાની તેને ટેવ પડી ગઈ હતી. બે મોટા દીકરાઓ હતા છતાં તે યુવાન લાગતો હતો, પણ પત્ની... અને અમરનાથ આંખ મીંચી ગયા.

વૈભવ સાથે તેમનામાં એક તરોતાજા રીતરસમ હતા. ખૂબ જ સભ્ય વર્તન, ધીમું બોલવું, કપડાંલતાના શોખીન, સ્ટાઇલીશ. તેના મિત્રો એ માટે તેની ઇર્ષ્યા કરતા. ખૂબ લાગવગ. તેની 'એટીકેટ'થી ઘણા અંગ્રેજ મિત્રો. વૈભવી માહોલમાં ખૂબ જ માન-મરતબો.

થોડો સમય ટહેલી કોતરણીવાળા એબની લાકડાના ડેસ્ક પાસે લેધર ચૅરમાં બેઠા. સામે પડેલી ડાયરીને તાકી રહ્યા. માથામાં સણકા ઊઠી રહ્યા હતા. આંખો

ઉજાગરાથી રાતી હતી. 'શું રહ્યું છે આ જીવનમાં ? જીવવા જેવું શું છે ? નથી પ્રેમ કે ઉષ્મા ! હતાશાથી કોઈ આનંદ રહ્યો નથી. જીવનમાં બસ લાંબા લાંબા દિવસો, છેવટે રાતમાં ઢળે છે. એકલતાના સથવારે, દિન પછી દિન, મહિનાઓ પછી મહિના, વર્ષો પછી વર્ષો સરતાં રહ્યાં છે. વિચારી રહ્યા,

'આને જીવન કહેવાતું હશે ? નિરાશાથી તેમણે માથું ધુણાવ્યું. આમ જીવાતું હશે ? કોના માટે ? આના કરતાં આત્મહત્યા...' ને અમરનાથ એ વિચારે સફાળા જાગી ઊઠ્યા. 'શું થઈ રહ્યું છે મને ? કદી તેણે જીવનનો અંત લાવવાનું કદી વિચાર્યું નો'તું. તેઓ ધ્રૂજી ઊઠ્યા. ભડ જેવો આદમી અને આવા કાયર વિચારો ! શા માટે ? અર્ચનાના લીધે ? પોતે તરફડતા હતા તે સાચું. જીવનથી નાસીપાસ જરૂર થતા હતા. જીવનમાં સુખ નો'તું પણ સંતોષતો હતો જ ! પણ મનની શાંતિ નો'તી. સુખ દુઃખ એ મનની સ્થિતિ નો'તી ? તેમણે જ એ ઊભા કર્યા હતાં ને ! તેમનાં સપનાં, તેમની મહત્ત્વાંકાંક્ષાઓ, તેમના આદર્શો ! કેવી દોટ મૂકી હતી તે મેળવવા તેમણે ? એમ કરતાં શું ગુમાવ્યું હતું તેનો કદી સરવાળો નો'તો મૂક્યો.

નજર ઉઠાવી તેમણે એ રૂમમાં – લાઇબ્રેરીમાં બધે જોયું. છતને અડે એવી ઓક લાકડાની શેલ્ફમાં દુનિયાભરનાં પુસ્તકો વસાવ્યાં હતાં. શેલ્ફની થોડે થોડે અંતરે સ્થાપત્યનાં પૂતળાં મૂક્યાં હતાં. જમીન પર ઇરાનિયન રગ્ઝ-ગાલીચા પાથર્યા હતા. ભીંતો પર શિકાર કરેલાં હરણાં, સાબર વગેરેના સ્ટફ કરેલા માથાં લટકતાં હતાં. પુસ્તકો વાંચવા ત્યાં જ સોફા મૂકવામાં આવ્યા હતા. સેન્ટર ટેબલ પર ભારત તથા ઇંગ્લૅન્ડથી આવતાં સામયિકો ને અખબારનો ઢગલો હતો. એક ખૂણામાં ક્રીસ્ટલ કાચના કબાટમાં પોર્ટ, બ્રાન્ડી, શેરી, વ્હીસ્કી, જીન વગેરેની બૉટલો ને ક્રિસ્ટલના ગ્લાસીઝ ચમકી રહ્યા હતા.

લાઇબ્રેરી બીજા રૂમ જેવા, પત્નીએ ઠાંસી ઠાંસીને ભરેલ ઍન્ટીક્સથી મ્યુઝિયમ જેવી નો'તી લાગતી. મોભાથી ભરપૂર લાગતી. અહીં અમરનાથની પસંદગીની ચીજો રખાઈ હતી. તેનાથી જ અમરનાથનું વ્યક્તિત્વ આંકી શકાતું. તેઓ પોતાનો ઝાઝો સમય અહીં લાઇબ્રેરીમાં જ ગાળતા, એકલતાને ગળે વળગાડી.

ઘડિયાળમાં જોયું. સાડાસાત થવા આવ્યા હતા. વસુંધરા સિવાય તેમણે કોઈને જોયા નહીં. તેમણે બૅલ મારી. ઊભા થયા ને મોટા કદના આયના સામે ઊભા રહ્યા. પોતાને જ તેમાં પ્રતિબિંબિત જોઈ, જોઈ રહ્યા, 'શું જીતવા નીકળ્યો છે કે ચહેરા પર હવે ખુમારી આવી ગઈ ? જીવન જીતવું છે ?'

ત્યાં જ લોબો આવ્યો. 'સર ! બસ વસુ હમણાં જ બ્રેકફાસ્ટ બનાવી લાવે છે. બીજું કશું જોઈએ છે ?'

'હજી ઠંડી છે ને ? ફાયરપ્લેસમાં લાકડાં કેમ નથી સળગતાં ? સળગાવો.' અમરનાથના સ્વરમાં થોડો ગુસ્સો આવ્યો. આવું કામ તો જુલી કરે છે, આજે મને

સોંપ્યું ? એવા વિચારથી તે તમતમી ઊઠ્યો. 'બ્લડી હેલ ! આજે માલિકનો મૂડ બરાબર નથી લાગતો ! તે ઝટપટ લાકડાં સંકોરવા બેસી ગયો. મનોમન જુલીને ભાંડી રહ્યો.

'વસુને બ્રેકફાસ્ટ લઈ જલદી આવવાનું કહો.' ઘડિયાળમાં જોતાં તેને યાદ આવ્યું કે સુરેન્દ્રને તેણે આઠ વાગ્યામાં બોલાવ્યો છે. તેણે ડાયરીમાં જોયું. મોશી જઈ બૅન્કમાં જવાનું હતું, મેયરને મળવાનું હતું, મિત્રને ત્યાં લંચ લેવાનું છે, પ્લાન્ટેશન ને ઘર માટે થોડી ચીજો લેવાની છે, પાછા આવી પ્લાન્ટેશનના મૅનેજર માટે ઇન્ક્વાયા સાથે રણજિત કેવું કામ કરે છે તે જાણવાનું હતું. ક્યાં રણજિત, મહાત્ત્વાકાંક્ષી પણ થોડો લુચ્ચો, પિતા માટે આંખોમાં થોડો તિરસ્કાર, થોડો તોછડો ને ક્યાં રવિ ! નમ્ર, સભ્ય, પિતા માટે આંખોમાં પ્યાર. અમરનાથથી એક નિઃસાસો નંખાઈ ગયો. ફાયરપ્લેસમાં જ્વાળાઓ ભડકી થોડો ગરમાવો રૂમમાં પ્રસર્યો. ત્યાં લોબો બોલ્યો, 'માલિક ! મિસિસ શર્મા માટે કયો રૂમ તૈયાર કરવાનો છે ?'

હવે તેને યાદ આવ્યું કે તેની સાળી સ્વરૂપ શર્માને તેણે અહીં ઘરનું ધ્યાન આપવા હંમેશ માટે બોલાવી હતી. સ્વરૂપ એકલી હતી. પતિ નો'તો. પોતાની પત્ની અર્ચનાની હાલત એવી નો'તી કે તે ઘર સંભાળી શકે.

'હા, લોબો પેલી વિન્ગમાંનો રૂમ ઠીક રહેશે. તપાસ કરો કે રણજિત ને રવિ પણ બ્રેક્ફાસ્ટ માટે આવે છે કે નહીં ? સુરેન્દ્રનાથ પણ અમારી સાથે જ નાસ્તો કરશે.'

એક ઇર્ષ્યાનો તિખારો લોબોની આંખમાંથી ખર્યો, પણ 'ભલે સર !' કહી તે ગયો. અમરનાથે ડ્રોઅર ખોલી સ્વરૂપનો અર્ચના પરનો પત્ર કાઢ્યો. તે અર્ચનાને આપતાં જ ભૂલી ગયો હતો. પોતે પણ અર્ચના જેવો બની ગયો હતો કે શું ?

અર્ચનાની દિમાગી હાલત ઠીક નો'તી. છેલ્લાં થોડાં વર્ષોમાં અર્ચના ડિપ્રેશનથી પીડાતી હતી. ન હોય તેવાં દર્દો તેને થયાં છે તેવી ભ્રમણામાં રાચતી. જાતજાતના ડરથી તે સેહમી રહેતી. નૈરોબી મોટા ડૉક્ટરોને બતાવ્યું. ઇંગ્લૅન્ડમાં પણ ટ્રીટમૅન્ટ કરાવી કન્ટ્રી સાઇડની મોકળાશમાં તેને ગમશે ધારી યૉર્કશાયરમાં બંગલો પણ લીધો. છ મહિના જુલી સાથે તેને ત્યાં રાખી પણ વ્યર્થ, પણ પોતે અંગત ધ્યાન આપી શક્યો નો'તો. તો કદાચ અર્ચનાની તબિયત આટલી ન બગડત.

તેને ઉપરના માળે કૉરિડોરમાં ભૂતની જેમ ભટકતાં જોઈ તેને ક્યારેક ડર લાગતો. તેના વાળ ઓળેલા ન રહેતા. મોં પર એક નકાબ હોય તેવી સ્થિરતા લાગતી. નાઇટગાઉનમાં જ ઝાઝો સમય રહેતી. ખાવાપીવાનું પૂરું ભાન ન રહેતું. જોકે વસુંધરા આવતા તે અર્ચનાના ખાવાપીવાનું પૂરેપૂરું ધ્યાન રાખવા લાગી હતી ને હવે તેની બહેન સ્વરૂપ આવતાં. તેને કંપની મળતાં, જરૂર તેની તબિયતમાં સુધારો થશે તેની તેને ખાતરી હતી.

સ્વરૂપની ટ્રેન દારેસલામથી મોશી લંચ પછી આવવાની હતી. પોતે જ તેને લેવા જશે. આમેય ગામમાં જવાનું જ છે ને ! અને બૅન્ક મૅનેજરને બતાવવાના બિઝનેસ પેપર્સ સાંચવીને તેણે બ્રીફમાં મૂક્યા. ત્યાં જ વસુંધરા બ્રેકફાસ્ટ ટ્રે લઈ આવી.

'ફાયરપ્લેસ પાસેના ટેબલ પર મૂકો.' તે જવા માટે ફરી.

'સુરેન્દ્ર ક્યારે આવવાનો છે ? તે પણ મારી સાથે બ્રેકફાસ્ટ કરશે. ચા ને ટૉસ્ટ પૂરતાં છે ને ?'

'હા ! સર !'

'આ ''સર'' કહેવાનું કોણે કહ્યું ? લોબોએ ? જો તારે મને અંકલ જ કહેવાનું છે, સમજી ! લોબોને કહી દેજે, તારું સ્થાન મારા ઘરમાં મહત્ત્વનું છે.'

વસુંધરા, પિતા પણ બ્રેકફાસ્ટ કરવાના છે ને તેને મહત્ત્વ અપાયું તેથી ખુશી તેના ચહેરા પર તરવરી. તે ગઈ.

કેટલી માસૂમિયત છે આ છોકરીના ચહેરા પર ! પણ આંખો કેટલી વેધક છે ! પાછી છેય ચપળ !

ત્યાં તો બારણામાં તે પાછી દેખાઈ, 'અંકલ, પિતાજી આવી ગયા છે ને મી. રણજિત ને મી. રવિ બ્રેકફાસ્ટ ટેબલ પર રાહ જોઈ રહ્યા છે. આ ટ્રે ત્યાં લઈ જાઉં કે બધા અહીં આવે ?'

'ના, ના, હું જ ત્યાં આવું છું.'

સ્વસ્થતા ધારણ કરી અમરનાથ ડાઇનિંગ રૂમમાં બ્રેકફાસ્ટ ટેબલ પર આવ્યા. લોબો બ્રેકફાસ્ટ પીરસવા સાઇડબોર્ડ પાસે ઊભો હતો. જુલી દૂર સાફસૂફ કરી રહી હતી. વસુંધરા કિચનમાં ઊભી હતી. અમરનાથે રણજિત ને રવિ તરફ જોઈ ગુડ મૉર્નિંગ કહ્યું. રણજિત માંડ સંભળાય એમ બોલ્યો, પણ રવિ ઊભો થયો, પિતા પાસે આવ્યો ને તેમના ગાલ પર આછી ચુમી કરી. હાસ્યસહિત બોલ્યો, 'ગુડ મૉર્નિંગ પપ્પા !' અંગ્રેજ રીતભાત ઘરમાં વ્યાપક હતી. અમરનાથને ખૂબ ગમ્યું. વહાલથી પોતાની પ્રતિકૃતિને જોઈ રહ્યા. એક આશા રવિ પર તેમને હતી.

'રવિ ! વૅકેશનમાંથી ઘરે આવ્યો છે. હવે જરા તબિયત તરફ ધ્યાન આપવાનું. કેટલા દિવસથી રાઇડિંગ નથી કર્યું ? આજે જઈ આવજે, ઠંડીના દિવસો છે. તારી મમ્મી તને જવા નહીં દે પણ હું તેને કહી દઈશ. ઓ.કે. ?'

ત્યાં જ સુરેન્દ્રનાથ આવ્યા. અમરનાથે તેમને પોતાના જ ટેબલ પર બેસાડ્યા. લોબોની આંખો ચાર થઈ ગઈ. ટ્રે લઈ પીરસવા આવતો હતો તે અચકાઈ ગયો. ટ્રેમાં નાસ્તો જોઈ અમરનાથ ઉબાઈ ગયા. રોજ એકની એક ચીજ લોબો બનાવતો. અમરનાથ તેની અવગણના કરી બોલ્યા, 'વસુંધરા ! આજે કોઈ ભારતીય ડીશ નથી બનાવી ?'

વસુંધરા કિચનમાંથી ગરમાગરમ પરાઠા બનાવી લાવી. અમરનાથ ને સુરેન્દ્રનાથને પીરસ્યા ને ચાની કીટલી ઉપાડી તેમના કપમાં રેડી ને બોલી, 'મી. રણજિત ! મી. રવિ ! તમને ટૉસ્ટ ચાલશે કે પરાઠાનો સ્વાદ કરવો છે ?' લોબો આ માનહાનિથી ને વસુંધરાની ધૃષ્ટતાથી સમસમી ગયો. રણજિત તો પૂરો અંગ્રેજ હતો તેથી જવાબ દીધા વગર ટોસ્ટ તરફ હાથ લંબાવ્યો. પણ રવિ બોલ્યો, 'મને પરાઠા ખાવાની મજા આવશે. આપશો ?' વસુંધરાએ ખુશીથી આપ્યા.

'રણજિત ! ફેક્ટરીમાં કામકાજ કેમ ચાલે છે ?'

'પપ્પા ! મી. વિલ્સન, મૅનેજર મારા કામથી ખુશ છે. તેમને લાગે છે કે મારામાં વ્યાપારની સારી સૂઝ છે.' રણજિતની આંખોમાં લુચ્ચાઈ ચમકી.

'સારું.' કહી તેણે સુરેન્દ્રનાથની ઓળખાણ બંનેને કરાવી. જોકે અમરનાથને રણજિતની વ્યાપાર માટેની સૂઝની કાબેલિયતની જાણ તો હતી જ, પણ તેની દોલત માટેની લાલચ પણ તેઓ જાણી ગયા હતા.

'મી. વિલ્સન સાથે હું ગામમાં જતી વખતે વાત કરી લઈશ. તમને બંનેને ખબર છે ને કે સ્વરૂપમાસી આજે-હવેથી આપણી સાથે રહેવા આવે છે ?' રવિનો ચહેરો આનંદથી ખાલી ઊઠ્યો અને બોલ્યો, 'પપ્પા ! હમણાં તમારા રાજકારણના શા ખબર છે ?'

'રવિ ! ટાંગાનિકા નૅશનલ યુનિયનના પ્રૅસિડન્ટ મી. ન્યેરેરેની સ્વતંત્રતા માટેની ચળવળ ઉગ્ર બનતી જાય છે, પણ ડિસ્ટ્રિક્ટ કમિશનર મી. સ્કૉટનું કહેવું છે કે સ્વતંત્રતાને હજી વાર છે.'

'સ્વતંત્રતા મળે જો આ દેશને તો પાપા, આપણું એશિયનોનું વલણ શું હોઈ શકે ?'

'બેટા ! આ દેશમાં રહેવું હોય તો તેમને સાથ આપવો જ જોઈએ અને એ માટે આપણા મજૂરો પ્રત્યેનું વર્તન અત્યારથી આપણે બદલવું પડશે.'

રણજિત બોલી ઊઠ્યો, 'એટલે ? પપ્પા ! તમે આ બધા અભણ આફ્રિકનોને તેમના અધિકાર આપશો ? બોનસ આપશો ?'

'જો રણજિત ! અંગ્રેજો તો કાલે ચાલ્યા જશે. આપણે અહીં રહેવાનું છે. હું તો આપણા પ્લાન્ટેશન પરના બધા મજૂરો માટે રહેવાનાં મકાન ને સ્કૂલ ખોલવાનો પ્લાન બનાવી રહ્યો છું.'

'પપ્પા ! આપણી મહેનતથી તેમને ફાયદો ?'

'ના ! તેમની મહેનતથી આપણને ફાયદો થાય છે. તારે હજી ઘણું શીખવાનું છે.'

'પપ્પા !' રવિ બોલ્યો. તમે મી. ન્યેરેરેને કદી મળ્યા છો ? તેઓ શિક્ષક છે ને મ્વાલીમુના હુલામણા નામથી પ્રિય છે.'

'ના. મળવાનો મોકો મળ્યો નથી, પણ કૉમ્યુનિટી કૉલેજમાં તેમનું ભાષણ નક્કી થયું છે ત્યારે ચોક્કસ જઈશ સાંભળવા.'

અને તક ઝડપી લેતા રણજિત બોલ્યો, 'અને પપ્પા ! રવિને આમેય વ્યાપારમાં રસ નથી. તેને વકીલાતનું ભણવું છે, તેમાં આગળ વધવા દો.'

અમરનાથની આંખો ઝીણી થઈ. રવિને વ્યાપારમાંથી દૂર રાખવામાં રણજિતનો બદઇરાદો તો નથી ને ! કંઈક કરવું પડશે, વિચારી રવિ સામે જોયું. રવિ આનંદી ઊઠ્યો. 'પપ્પા ! તમારા આશીર્વાદથી હું વકીલ જરૂર બનીશ.'

રસ્તાનો અવરોધ દૂર થતાં જોઈ રણજિત બોલ્યો, 'પપ્પા ! મી. વિલ્સને તમને કહ્યું ને કે ઑસ્ટ્રેલિયાથી ઊનના વેપારી આવવાના છે ? વાટાઘાટો કરવા ?'

અમરનાથના મનમાં દેશની સ્વતંત્રતાની હલચલથી એક વિચાર ક્યારનોય આકાર લઈ રહ્યો હતો. ઇંગ્લૅન્ડમાં વુલન ફૅક્ટરી ખોલવાનો તેમનો વિચાર દૃઢ થતો જતો હતો. ત્યાં આ વેપારીના આવવાની વાતથી વધુ દૃઢ થયો.

'અરે, હા ! મળવું તો પડશે જ ને !'

ત્યાં જ લગભગ બધા બ્રેકફાસ્ટ પૂરો કરવા આવ્યા હતા. રણજિત ઊભો થયો ને બોલ્યો, 'તો પપ્પા ! હું ફૅક્ટરી પર જાઉં છું.'

અમરનાથ રવિ તરફ ફરી બોલ્યા, 'ઇંગ્લૅન્ડ જવું છે ને બૅરિસ્ટર થવા ?'

સુરેન્દ્રનાથ બધું સાંભળી રહ્યા હતા, પણ વસુંધરાનું ચપળ મગજ કંઈક વિચારી આ બધી વાતો સાંભળી વિચારી રહ્યું. તે આગળ આવી. બધા ઊભા થતા ટેબલ પરથી બધું ઉપાડવામાં જુલીને મદદ કરવા લાગી. રવિની ટ્રે ઉપાડતાં તેણે ઉષ્માભર્યું સ્મિત કર્યું. વસુંધરાથી બંને ભાઈઓની તુલના થઈ ગઈ. રણજિત એક નોકર જેવો તેના તરફ વર્તાવ કરતો જ્યારે રવિના વર્તનમાં ઉષ્મા રહેતી. એ લોકોની જાહોજલાલી જોઈ વસુંધરાને વધુ પૈસા કમાવાની એષણા જાગી, પણ કેવી રીતે તે ફળે ?

ત્યાં રવિ ઊઠ્યો ને અમરનાથ બોલ્યા, 'રવિ ! સાંજે સ્વરૂપ આંટી સાથે ડિનર લઈશ ને ?'

'ચોક્કસ ! પપ્પા !' ખુશ થતાં તે રૂમમાંથી નીકળ્યો.

'સુરેન્દ્ર ! ગાડીમાં બેસો, હું આવું છું.' કહી અમરનાથ રવિને જતા જોઈ રહ્યા. તેની બધી આશા હવે તેની પર હતી. તેને હવે તેની માતાની બીમાર અસરથી દૂર રાખવાનો વિચાર આવ્યો. પોતે જ જઈ તેણે અર્ચના સાથે બધી વાતો કરવી પડશે.

અર્ચના ! એક નાજુક, ઘેલછાભરી સ્ત્રી હતી. પણ હતી ખૂબ સુંદર. એ સુંદરતાથી જ તેને પરણ્યો હતો ને તે ! પણ વર્ષો વીતતાં તેને એ સુંદરતા ભર્યા દેહમાં એક કઠોર દિલ જોયું, જાણે લીસો આરસપહાણ અને એ ઘેલછાથી બંને

વચ્ચે કોઈ ખેંચાણ જ વરસોથી નો'તું. અને અર્ચના તેની એ કલ્પનાની દુનિયામાં જાતજાતના વિચારો ને શકથી રહેવા લાગી હતી. અમરનાથ વિચારતા કે આમ ક્યાં સુધી ચાલશે ? કોઈ હલ, કોઈ ઉપાય જડતો નો'તો. દુનિયાના બધા એશોઆરામ ને ધનદોલત તેની પાસે હતાં. ધારે ત્યારે શરીરસુખ મેળવી શકે, પણ તેનામાં અચ્છા સંસ્કાર હતા. ઘણા મિત્રોને તેણે આફ્રિકન સ્ત્રીઓને રખાત તરીકે રાખતા જોયા હતા, પણ એવો હલકો વિચાર તેમના દિમાગમાં કદી આવ્યો નો'તો અને એકલતા ટાળવા જ મિત્ર સુરેન્દ્ર ને તેના પરિવારને બોલાવ્યો હતો. એમાંય વસુંધરાને, અને તેની ચપળ આંખોને કામ કરવાની પદ્ધતિથી તે બહુ પ્રભાવિત થયો હતો. એ છોકરીમાં તેણે પ્રબળ મહત્ત્વાકાંક્ષાનો ઉદય થતાં જોયો હતો. વ્યાપારમાં એ કેટલું સમજે ? એવો વિચાર પણ તેને આવેલો. તો તો એ રણજિતની હરીફ બનશે.'

તેઓ ખુરશીમાંથી ઊભા થયા ને બારી પાસે આવી નીચે જોયું. સુરેન્દ્ર કારમાં-જીપમાં બેસી ગયો હતો. વરસાદ બંધ થયો હતો. આકાશ નિરભ્ર લાગતું હતું. છુટાંછવાયાં વાદળાં વિખરાતાં હતાં. આકાશનો ભૂરો રંગ નિખરી રહ્યો હતો. સૂરજ ઊગી રહ્યો હતો. અંધકાર દૂર થતો હતો. તેના જીવનમાંથી પણ અંધકાર સરી રહ્યો નો'તો ? દૂર પર્વતમાળાઓ પર લીલાંછમ વૃક્ષો તાજા પડેલા વરસાદથી સદ્યસ્નાતા કુમારીઓ જેમ ડોલી રહ્યાં હતાં. ભીની માટીમાંથી નીકળતી સુગંધથી તેનું મન પ્રસન્ન થયું.

ત્યાં તો રણજિતની કાર ઝડપથી તબેલા પાસેથી પસાર થઈ ને ઘોડાઓના હણહણાટથી તેની વિચાર શૃંખલા તૂટી. રણજિતની પીઠ પાછળ તેમની નજર લંબાણી ને વિચાર આવ્યો, મોટો પુત્ર હોવાથી વારસામાં તેને બધું મળશે. પછી એ રવિનું ધ્યાન રાખશે ? તેની આંખમાં લુચ્ચાઈ ને દોલતની લાલસા અમરનાથે જોઈ લીધી હતી. તો ? 'મારે રવિ માટે વીલમાં પૂરતી જોગવાઈ કરવી જ જોઈશે. આમેય રવિની વકીલાત માટે સૉલિસિટરને મળવાનું જ હતું. આ બાબતમાં તેમને બધી જોઈતી માહિતી આપવી જ પડશે.'

રણજિતનો ભરોસો નહીં થાય ! એ વિચારે તેઓ નીચે ઊતરી જીપમાં બેસવા આગળ વધ્યા.

: ૯ :

રણજિતની જીપ પર્વતનો-પ્લાન્ટેશનનો ઢોળાવ ઊતરી રહી. સવારથી ઠંડીની ચમક હજી મોં પર વાગતી હતી. વુલન કપડાં, ગ્લોવ્ઝ ને માથેની ટોપી હૂંફ આપતી હતી. રણજિતમાં એક મહત્ત્વાકાંક્ષા હતી. જન્મજાત તેનામાં વુલન કપડાં-ઊનને પારખવાની શક્તિ હતી. ઊનની ફૅક્ટરી ઇંગ્લૅન્ડના યૉર્કશાયરમાં સ્થાપવાની જ્યારથી અમરનાથે વાત કરી હતી તે ઉત્તેજિત થઈ ગયો. ઠંડીની પરવા કર્યા વગર તે એ

બાબતે વિચારી રહ્યો હતો. કૉફીનાં વૃક્ષો – કેળાંના ઝાડથી ઢંકાયેલાં એક પછી એક પસાર થઈ રહ્યાં હતાં. પ્લાન્ટેશનના બધા અંદરના રસ્તાઓ ટારના બનાવ્યા હતા. નીચે મુખ્ય ઑફિસે પહોંચવા તે ઢાળ ઊતરી રહ્યો હતો. 'ચાલો, રવિ હવે આગળ ભણવા જશે. અહીંનો તો પ્રશ્ન જ નથી. આ આખું સામ્રાજ્ય હવે પોતાના હાથમાં. જેમ જેમ સત્તા ને અધિકારો તેના હાથમાં આવતા જશે તેમ તેમ તે સરમુખત્યાર બનતો જશે. મી. વિલ્સનને હાથમાં રાખવા પડશે. આમ તો જ્યેષ્ઠ પુત્રના હિસાબે બધું તેના હસ્તકે જ વારસામાં આવવાનું છે, પણ રવિને ભાગ તો દેવો જ પડશે ને ! અને અભ્યાસ પૂરો કર્યા પછી કંપનીના લીગલ ડિપાર્ટમેન્ટમાં બેસવા તે માગણી કરે તો ના કેવી રીતે પડાશે ? પણ હમણાં તો ત્રણ વરસ માટે એ પ્રશ્ન પાછળ ઠેલાયો હતો અને હજી તો બધું પિતાના હાથમાં હતું. એક ન સમજાય એવો પિતા માટે ધિક્કાર તેના દિલમાં ઊભરાતો હતો. શા માટે ? પોતે જુવાન થઈ રહ્યો હતો ને પિતા પાસેથી બધું છીનવી લેવું હતું ? હજી બધા નિર્ણયો માટે તેમની મંજૂરી મેળવવી પડતી હતી તેથી ? કે પિતાની ચુસ્ત વર્તણૂક ને વ્યાપારની જૂની રીતો તેને નો'તી ગમતી ? પિતા તેના કપડાંલતા ને ઘરની ચીજો પાછળ જે રીતે બેફામ પૈસો ઉડાડતા હતા, મિત્રોને પાર્ટી, બ્રિટિશ અમલદારોને અણછાજતી ભેટો ! આ બધું તેને વધુ પડતું ઉદાર લાગતું હતું.

અને હવે વુલન ફૅક્ટરી ઇંગ્લૅન્ડમાં ખોલવા સાથે ન્યૂઝ પેપર બિઝનેસમાં તેમને પડવું હતું. શા માટે ? કૉફીનો ધીકતો ધંધો છોડી ઇંગ્લૅન્ડમાં ઉદ્યોગો સ્થાપવા પિતા કેમ વિચારતા હશે ? તેના જુવાન ને બિનઅનુભવી મનને તે સમજાતું નો'તું, પણ પિતાના હાલમાં વર્તન ને કૉફીના ધંધા પ્રત્યે થોડી બેપરવાહીએ તેના માટે જાણે રસ્તો ખુલ્લો કરી દીધો હતો. ઑફિસમાં હવે તેને અબાધિત સત્તા મળશે. એ વિચારે તે ખુશ થયો. ઑસ્ટ્રેલિયાથી આવેલા મી. વૉટસન સાથે પોતે જ ચર્ચા કરશે ને નિર્ણય લેશે તેવું તેણે નક્કી કર્યું.

ઇંગ્લૅન્ડની વુલનમિલ સ્થાપવાના નિર્ણયને તેણે વધાવ્યો. મી. વૉટસન પાસેથી ઑસ્ટ્રેલિયન ઊન ખરીદી, ઇંગ્લૅન્ડમાં જમાવટ કરી શકાશે. ત્યાં વુલન કપડાંની માંગ ખૂબ હતી. પિતા ભલે અહીં ટંઝાનિયામાં કામ કરતા પોતે ઇંગ્લૅન્ડમાં સ્થાયી થઈ શકશે.

ઑફિસ આવતાં તેના વિચારોને પણ બ્રેક લાગી, પણ માતાનું શું થશે એ વિચાર ઊઠતાં ઊઠતાં દબાઈ ગયો.

* * *

અર્ચના શ્રીવાસ્તવ બેડરૂમમાંથી સાથેના લિવિંગરૂમમાં આવી. ચારેબાજુ નજર ફેરવતાં રૂમના શણગાર પર નજર પડતાં અવલોકી, તેના મોં પર સંતોષનું સ્મિત આવ્યું. દુનિયાભરની વખણાતી ચીજો તે રૂમમાં હતી, છતાં એ રૂમ જાણે

ખાલી કેમ લાગતો હતો. તેનીના મનની જેમ ! તેની હતાશાનો પડઘો રૂમમાં પડતો હશે તેથી માનસિક રીતે બધું ખાલી લાગતું હશે ?

લિવિંગરૂમ મોટો હતો. મેહોગ્ની લાકડાનું અદ્યતન ફર્નિચર ત્યાં હતું. ભીંતો પર ફ્રેન્ચ પેઇન્ટરોનાં પેઇન્ટિંગ્ઝ હતાં. દરેક ખૂણે સુંદર ફૂલો હતાં, ચાઇનીઝ વાઝમાં બારી પર આછા પરદા પર લંડનની મશહૂર ટેપેસ્ટ્રીના ભીંતોના રંગના જ ઘટ્ટ પરદા હતા. રૂમની વચ્ચે ઇટલીથી મંગાવેલું મોટું ચેન્ડેલિયર લટકતું હતું. સામે જ આરસપહાણનું ફાયર પ્લેસવાળું મૅન્ટલ હતું.

અર્ચનાને આછો બ્લ્યૂ રંગ ખૂબ ગમતો. એવું જ બધું મૅચિંગ હતું. રૂમમાં કાચનાં કબાટોમાં ક્રિસ્ટલની ક્રોકરી હતી.

સવારની ઠંડીમાં ફાયરપ્લેસમાં લાકડાં સળગી રહ્યાં હતાં, જેમ તેના મનમાં હતાશા ને એકલતાની આગ સળગતી હતી તેમ ! શું નો'તું તેની પાસે ? તો, તો આવી લાગણી તેના મનમાં કેમ ઊઠતી હતી ? પોતે જ આ રૂમ કેટલી ચાહતથી સજાવ્યો હતો અને હવે જાણે એ બધું ભૂતાવળ જેવું કેમ લાગતું હતું ? ભ્રમણા હતી કે સત્ય ? તેની સુંદર, તરલ આંખો આખા રૂમમાં ફરી વળી. એક ભય ઊઠ્યો તેની આંખોમાં. જાણે કોઈ ટેકો જોઈતો હોય તેમ તેણે નાઇટગાઉન હાથોથી વધુ દેહ સાથે ચપસ્યો. આજુબાજુ જોયું. પોતાના સિવાય રૂમમાં કોઈ નો'તું. તેના મનોરાજ્યમાં પણ ખલેલ પાડવા કોઈ નોકરાણી પણ ત્યાં નો'તી. તેના માથાના વાળ, એક વખતની સુંદર કાલી ઘટા, અસ્તવ્યસ્ત હતી. તેનું બે દીકરા હોવા છતાં એકવડિયું શરીર સુંદર હતું.

તે ધીમે ધીમે આગળ વધી. બારી પાસે જઈ. નીચેથી ઢોળાવ જોઈ રહી. વરસાદની ભીનાશથી માટીમાંથી સોડમ આવતાં ને તાજા હવાના ઝોકાથી તેનું મન થોડું પ્રસન્ન થયું. એક તાજગી તેના બદનમાં ઊભરાણી. છતાં મનથી તે સાવ એકલી લાગી. આ દુનિયાથી દૂર પોતાની જ ભ્રમણાઓમાં રાચતી. સૂર્યનું કુમળું કિરણ તેના મોંને સ્પર્શ્યું. તેનો સુંદર ચહેરો ઝગી ઊઠ્યો. ચાલીસ-પિસ્તાલીસનો દેહ ટટ્ટાર થયો, જાણે આરસપહાણ-સંગેમરમરનું પૂતળું ! તેણે જીભ તેના હોઠો પર ફેરવી. સુક્કા લાગતાં કંઈક યાદ આવતાં અચાનક બારી પાસેથી પાછી ફરી ને કાચની કૅબિનેટને જોઈ રહી. ધીમે ધીમે આગળ આવી. કૅબિનેટનું બારણું ખોલતાં તેના હોઠો પર સ્મિત આવ્યું, જાણે કોઈ ખજાનો હાથ લાગ્યો હોય તેમ ! આસ્તેથી ચારેબાજુ નજર નાંખી. શેરીની બૉટલ ઉપાડી ધ્રૂજતા હાથેથી બૉટલ જ સીધી મોંએ માંડી. હજી તો સવાર પડી હતી, પણ વ્યસનને ક્યાં કોઈ સમય હોય છે ! એક ઊંડો ઘૂંટ ભરી આંખો સંતોષથી મીંચી. હવે તેને પોતાનામાં થોડી તાજગી આવતી લાગી. મન થોડું ઉત્તેજિત થયું. ધ્રૂજતા હાથો સ્થિર થયા. મન તાજું થતાં રૂમ તેને જાણે ગમવા લાગ્યો.

અને બીજી જ પળે મનઃસ્થિતિ બદલાઈ ગઈ. બીજો ઘૂંટ ભરવા બૉટલ હોઠે માંડી ત્યાં જ ખ્યાલ આવ્યો કે તે ખાલી છે. એ ખ્યાલથી જ પાછું શરીર ધ્રૂજી ઊઠ્યું. હાથ કાંપવા લાગ્યા. શેરી એ દારૂ નથી, પણ મનમાં બેઠેલા વહેમનું ક્યાં કોઈ ઓસડ છે ! તેણે બીજી બૉટલ શોધવા પ્રયત્ન કર્યો પણ હતી જ નહીં અને એથી તે વધુ વ્યાકુળ થઈ. હવે ? હવે તે શું કરશે ? તેની હિંમત જાણે ઓસરવા લાગી. તે ધીમે ધીમે પાસેની ખુરશી પાસે ગઈ ને ધબ્બ દઈને બેસી ગઈ. તેનું મન કોરું ધાકોર બની ગયું. રોલિંગ ચૅર હોવાથી અજાણતાં જ પગની ઠેસથી ઝૂલવા લાગી. હવે ? આંખો મીંચાઈ ગઈ જાણે હકીકતથી ભાગવું ન હોય !

તેનો ચહેરો રૂ જેવો ધોળો થઈ ગયો. શરીરમાંથી ચેતન જતાં તે ઢગલો થઈ ગઈ. માથાના વાળ ચહેરા પર આવી ગયા. તે ડુસકાં ભરવા લાગી. અત્યંત રૂપવાન હોવા છતાં અત્યારે એક નિઃસહાય બાળક જેવી લાગતી હતી, તેના પ્રતિબિંબ પડતાં રૂમમાં સ્મશાનવત્ શાંતિથી એક વાતાવરણમાં એક મૃતઃપાય તત્ત્વ જાણે વસી ગયું.

અર્ધોએક કલાક પસાર થતાં તેનું મન જરા સ્થિર થયું. ડર ઓછો થવા લાગ્યો. આંખોમાં થોડી ચમક આવી. બારી તરફ જોતાં લાગ્યું કે વરસાદ પાછો પડવા લાગ્યો હતો. પાણીની છાલકો બારીના કાચ સાથે અથડાતી હતી. ઠંડીનું મોજું રૂમમાં ધસી આવ્યું. અર્ચના ધ્રૂજી ઊઠી. આસ્તેથી ઊભી થઈ બારી બંધ કરવા. ડગલું ભરતાં હાથમાંથી સરી ગયેલી ભોંય પર પડેલ બૉટલ પગમાં અટવાઈ. વાંકા વળી તેણે ઉપાડી ને હાથમાં જોઈ રહેતા વિચારી રહી, 'આ બૉટલ અહીં ક્યાંથી આવી ? અને પોતે શું કરી રહી છે ? શા માટે બારી બંધ કરવા ઊઠી ? બૅલ મારી વસુંધરા, જુલી કે લોબોને બોલાવી શકી હોત ! પોતે આ ઘરની માલકણ છે !

બહાર કૉરિડોરમાં કાર્ટનો અવાજ આવતાં તેને ખ્યાલ આવ્યો કે તેનો બ્રેકફાસ્ટ આવી રહ્યો છે. ઝડપથી બૉટલ તેણે સંતાડી દીધી. દોડી ને પોતાના બેડરૂમમાં આવી ગઈ. બારણું બંધ દીધું. નાઇટડ્રેસ કાઢી સવારને છાજતો ડ્રેસ શોધવા માંડી. પોતે માલિક તરીકે વર્તવું જોઈએ. સ્વરૂપ હવે આવી જવાની છે, પણ ઘરની સત્તા તો પોતાના જ હાથમાં રહેવી જોઈએ ને ! અમરને એ કેટલું ગમશે ?

અમરના વિચારે તેનું ગળું સુકાયું. કેટલો વખત થઈ ગયો અમરને આ બેડરૂમમાં આવ્યે ? તેને પોતે મૂર્ખ લાગતી, પાગલ ગણતો હતો મને કે ગણે છે ! તેથી સ્વરૂપને ઘરનું ધ્યાન રાખવા બોલાવી હશે ? સ્વરૂપને તે વધુ હોશિયાર ગણતો હતો. બતાવી દઈશ તેને ! અમર કેટલો દૂર થઈ ગયો હતો પોતાનાથી ! તેની આંખો હમણાંની શુષ્ક થઈ ગઈ હતી. જાણે તેની ચોકી કરતી ન હોય ! ઘરનાં બધાં પણ તેની પીઠ પાછળ વાતો નો'તાં કરતાં ? શું કાવતરું રચતાં હશે ? જાણવું જોઈએ જેથી તેઓ તેને કંઈ નુકસાન ન પહોંચાડે. હવે સતર્ક રહેવું પડશે. એ વિચારે સારો ડ્રેસ શોધવા કબાટમાંથી કપડાના ઢગલા નીચે કરવા માંડી. મનપસંદ ડ્રેસ ન મળતાં

ઢગલા પરથી ચાલી મોટા કદના આયના સામે ઊભી. પોતાની જાતને તેમાં જોઈ રહી. મોં પર કોઈ ભાવ નો'તા. તેની આંખમાં પાછી ઘેલછા ઊભરાવા લાગી. વારેવારે બાથરૂમ કેમ જવું પડતું હતું ? તેના દર્દે પાછો ઊથલો માર્યો હશે ?

અને ત્યાં જ વસુંધરા રૂમમાં – સિટિંગ રૂમમાં દાખલ થઈ.

: ૧૦ :

વસુંધરાના હાથમાં બ્રેકફાસ્ટની ટ્રે હતી. તેનો લાંબો વુલન ડ્રેસ સવારની શાંતિમાં પવનથી ફરફરી ઊઠ્યો.

વસુંધરા યૌવનમાં પગલાં પાડતી હતી. તેના દેહમાં તરવરાટ ને તાજગી હતી. તેની નીલી આંખો જાણે તરવરાટથી સજીવ લાગતી હતી. તેણે કાળા લાંબા વાળ કામમાં આડે ન આવે તેથી બન વાળી બાંધી લીધા હતા. ગૌર મુખ કિચનમાંથી આવતી હતી તેથી રતુમડું લાગતું હતું. અમરનાથ તથા સુરેન્દ્રનાથ ગામમાં ગયા ત્યારે વુલન કપડું લઈ આવ્યા હતા, તેમાંથી વસુંધરાએ પોતે આ ડ્રેસ બનાવ્યો હતો જેની પ્રશંસા સ્વરૂપ આંટીએ પોતે કરી હતી. ડ્રેસ પર પહેરવા એપ્રન પણ આંટીએ જ અપાવ્યું હતું. ડ્રેસ એટલો સુંદર રીતે સીવાયેલો હતો કે પહેલી જ વાર પોતાના યૌવન ને તેની સુંદરતા વિષેનું ભાન વસુંધરાને થયું. હવે તેને સમજાયું કે રણજિત કેમ ક્યારેક તેની સામે એકીટસે જોઈ રહેતો. જે તેને જરા પણ ન ગમતું.

છેલ્લા બે મહિનાથી તેનામાં આવતો ફેરફાર તે નોંધી રહી હતી, પણ આજે જ તે વિષે જાણ્યું. ધીમેધીમે તેનો આત્મવિશ્વાસ નવા વાતાવરણમાં ગોઠવાઈ જતો પાછો આવતો હતો. તેના હલનચલનમાં એક ગૌરવ સ્થાપિત થતું જતું હતું. જાણ્યે-અજાણ્યે સ્વરૂપ શર્મા તેનું પ્રેરણાસ્રોત હતી. સ્વરૂપના વ્યક્તિત્વમાં એવું તત્ત્વ હતું કે તેના પ્રત્યે તમને માનભરી લાગણી ઉત્પન્ન થાય. તેની શિસ્ત ને સમયસરની પાલનતાથી બધા અંજાયા હતા. એમાંય લોબો તો સીધો જ થઈ ગયો હતો. જુલીને તો સ્વરૂપ બહુ ગમતી. સ્વરૂપ હંમેશાં સત્યનો જ સાથ આપતી. લોબો ઘણી વાર બંને છોકરીઓની માનહાનિ કરતો. સ્વરૂપ જ્યારે તે જોતી તરત જ લોબોને ખિજાતી. છોકરીઓને ગરીબડી ન બનવાની સલાહ આપતી. દરેક વાત સત્યનિષ્ઠાથી, નીડરતાથી કહેવાની સલાહ આપતી. તે શિક્ષિત, માનનીય, સભ્ય, જાજરમાન હતી. જાણે-અજાણ્યે વસુંધરાની મહત્ત્વાકાંક્ષાને સંકોરતી હતી.

સ્વરૂપે આવીને દક્ષતાથી ઘરનો બધો કારભાર સંભાળી લીધો હતો. વાતાવરણમાં ઘણો સુધારો આવ્યો હતો. તે વસુંધરા ને જુલી માટે વરદાનરૂપ થઈ જાણે આવી હતી. વસુંધરા ને જુલીને ખૂબ જ કામ કરતાં જોઈ તેને બંને માટે ઘણો ભાવ ઉત્પન્ન થયો હતો. એમાંય જ્યારે જાણ્યું કે જુલી તો અનાથ છે તો તેને ખૂબ મદદ કરતી. લોબોની કુદૃષ્ટિ ઘણા વખતથી જુલી પર હતી તે જુલીએ જ તેને કહ્યું

હતું. હવે તેની તાકાત નથી કે કંઈ અવળચંડાઈ તે કરે. વસુંધરાનાં માબાપ સાથે જ હતાં તેથી સ્વરૂપની ભલમનસાઈની તારીફ કરતી, પણ તેની બધી વાતોમાં આવી ન જતા થોડું અંતર રાખતી, પણ સ્વરૂપ વસુંધરાની કાર્યપદ્ધતિથી પ્રભાવિત હતી. કદીક આ છોકરી ખૂબ આગળ વધશે એવું તેનું મન કહી રહેતું. તેથી તેણે અર્ચનાની દેખરેખનું કામ લોબોને બદલે વસુંધરાને આપ્યું. એક સ્ત્રીની સંભાળ સ્ત્રી જ રાખી શકે. અર્ચનાની આવી દિમાગી હાલતમાં લોબો જેવા પુરુષને એવી સંભાળ રાખવાનું કામ ન અપાય તે જાણતી હતી.

શરૂઆતમાં અર્ચના વિષે વસુંધરાને કંઈ ખબર નો'તી તેથી તેને અર્ચના બદમિજાજ ને તુમાખી લાગતી, પણ જેમ જેમ તેનો પરિચય થતો ગયો, અર્ચના હતાશાથી ઘેરાયેલી લગભગ પતિથી તરછોડાયેલી સ્ત્રી છે જાણી અનુકંપા જાગી. અમરનાથ માટે તેને અણગમો પ્રકટ્યો. પત્નીની આવી હાલતમાં મદદકર્તા થવાને બદલે તરછોડવી એ તેને અન્યાય લાગ્યો, પણ એ જાણતી ન હતી કે અમરનાથે કદી બીજી સ્ત્રીનો સંગ કર્યો નથી. ધીમે ધીમે અર્ચનાની જરૂરિયાતો સંભાળતા તેને આ બાળક જેવી સ્ત્રી વધુ ગમવા લાગી. વધુ સહાનુભૂતિ તેના માટે જન્મી. તેના રોગ વિષે જાણ્યા પછી તે સ્તબ્ધ થઈ ગઈ. એક વખત અર્ચનાના ખબર પૂછતાં જ સ્વરૂપે ઇંગ્લૅન્ડનો રિપોર્ટ તેને બતાવેલો. અર્ચનાને 'મલ્ટિપલ સ્કલેરોસીસ' મગજની બીમારીનો રોગ હતો. જેને લીધે જ તે આવી હરકતો કરતી. વસુંધરા જાણે તેની મા બની ગઈ. બાળક જીદ કરે ને મા ખિજાય તેમ ઘણી વાર વસુંધરા અર્ચના પાસેથી ધાર્યું કામ કઢાવવા જોહુકમી પણ કરતી. તેમાંય તેનો અર્ચના પ્રત્યેનો સ્નેહ છલકાઈ આવતો દેખાતો. ધીમે ધીમે અર્ચનાનું વર્તન જે પહેલાં તુમાખીભર્યું હતું તે બદલાવા લાગ્યું. સ્વરૂપ અને અર્ચના વચ્ચે એક કુદરતી રીતે જ સમજૂતી હતી. સ્વરૂપે કદી અર્ચનાને તે આ ઘરની માલિક નથી એવું લાગવા નો'તું દીધું. રવિ પોતાના ખયાલો ને અભ્યાસમાં મશગૂલ રહેતો. જોકે તેનું વર્તન વસુંધરા પ્રત્યે કૂણું હતું. પણ રણજિત ! વસુંધરા તેની નજર પિછાણી ગઈ હતી. પોતા પ્રત્યે ને જુલી પ્રત્યે તે કેવી રીતે જોતો તેનો ખ્યાલ હવે તેને આવવા લાગ્યો હતો. પોતે તો સાબદી હતી, પણ જુલી ! તેનું કોણ ? એ અનાથ આફ્રિકન છોકરી કેટલો વખત પોતાની જાતને બચાવશે ? આ બધાં કારણોથી વસુંધરાએ દૃઢ નિર્ધાર કરી લીધો હતો કે ગમે તેમ હવે તેઓ પાસે બ્રિટિશ પાસપોર્ટ હતા. વહેલા મોડા ઇંગ્લૅન્ડ જતા જ રહેવું છે. અહીં થોડું કમાઈ ત્યાં કંઈક બિઝનેસ ખોલવાના મનસૂબા પણ તે રાચવા લાગી. તે અમરનાથ ને રવિ વચ્ચે થતી રાજકારણની વાતો પૂરા ધ્યાનથી સાંભળતી. અમરનાથ રવિને ઇંગ્લૅન્ડ વકીલાતનું ભણવા મોકલવાના હતા તે સાંભળેલું. ત્યાં કંઈક બિઝનેસ ખોલવાના હતા તે પણ તેણે જાણ્યું. તેની ઇચ્છા બળવત્તર થઈ. એક વખત એવો આવશે કે પોતાને ત્યાં પણ નોકરચાકર હશે અને ટ્રે લઈ અર્ચનાના

રૂમમાં દાખલ થઈ. હંમેશ મુજબ અર્ચના ફાયરપ્લેસ પાસે તેની રૉલિંગ ચેરમાં બેઠી હતી. તેને અત્તરનો ખૂબ શોખ. તેના મનપસંદ અત્તરની વાસથી આખો રૂમ મઘમઘી ઊઠ્યો હતો. હવે તો એને જાતજાતના અત્તરનાં નામ પણ આવડી ગયાં હતાં. સુતરાઉ, રેશમ ને ઊનના કપડાંની જાત પણ ઓળખવા લાગી હતી. અર્ચનાના સોના-મોતી-હીરાનાં ઘરેણાંની હીરાની પરખ પણ તેને થવા લાગી હતી. પોતે જ્યારે આવા હીરા પહેરશે ત્યારે !' એ વિચારથી સ્મિત આવ્યું તેના મોં પર. અર્ચનાની બધી વસ્તુ લંડનથી આયાત થતી. વર્ષોથી આ દેશમાં સ્થાયી થવાથી ભારતનો પ્રભાવ ઘટ્યો હતો.

વિચારોની લગામ ખેંચી તેણે ટ્રે ફાયરપ્લેસ પાસે મૂકી. ત્યારે તેને ખ્યાલ આવ્યો કે રૉલિંગ ચેરમાં તો કોઈ બેઠું નો'તું. તેણે ટ્રેમાં બધું બરાબર ગોઠવ્યું. ફાયરપ્લેસમાં લાકડાં ઓછાં થઈ ગયાં હતાં. લોઢાની લાકડીથી સંકોરી નાના નાના થોડા લાકડાના ટુકડા પ્લેસમાં નાંખ્યા. તેને જલદી પાછા કિચનમાં જવું હતું. ઘણું કામ બાકી હતું. નીચે કામ કરવાની કોઈ પદ્ધતિ જ નો'તી. તેથી ઘણું મોડું થતું. તેણે એક પોતે જ ટાઇમટેબલ બનાવ્યું હતું. જે તે સ્વરૂપ આંટીને બતાવવાની હતી. જુલી જે દિવસે બીમાર પડેલી ને તેનું બધું કામ તેના પર આવ્યું ત્યારે જ તેણે એ ટાઇમટેબલ બનાવી લીધું હતું. કામ તો બધું તે પતાવી લેતી પણ સાંજ પડતી ને થાકીને ઢગલો થઈ જતી. એમાં અર્ચનાને સંભાળવાની. થાક તો લાગતો પણ શું કરે ? હોઠ ભીંસી, તે કરે રાખતી. તેની અંદરની ધનવાન બનવાની આગને કોઈ હિસાબે ઠરવા ન દેતી.

તેણે જુલીની બીમારી દરમિયાન પોતે કયાં કયાં કામ કેટલો વખતમાં કરે છે ને લોબો શું કરે છે તેનો હિસાબ કાગળમાં લખ્યો. જુલી સાજી થઈને આવે તો તેનું કામ શું હોઈ શકે ને તેને એ કામ પતાવતા કેટલો સમય લાગે તે પણ નોંધ્યું ને ટાઇમટેબલ બનાવ્યું. બધાએ કયાં કયાં કામ કરવા ને કેટલા સમયમાં એ પ્રમાણે લિસ્ટ બનાવ્યું જેથી કોઈ પર વધુ ને કોઈ પર ઓછા કામનો બોજો ન પડે. તેને ખબર હતી કે લોબો રસોયો હતો, છતાં વસુંધરા ને જુલી પાસે પણ કિચનનું કામ કરાવતો. પણ પોતે ઘરકામમાં જરા પણ મદદ ન કરતો. હિંમત કરી તે સ્વરૂપ આંટી પાસે પહોંચી ગઈ. પગ થરથર ધ્રૂજતા હતા, પણ મનમાં હિંમત ઘણી હતી.

સ્વરૂપે ડેસ્ક પર કામ કરતાં તેની સામે જોયું ને બોલી, 'શું વાત છે વસુંધરા ? કંઈ કહેવું છે ? કોઈ મુશ્કેલી છે ?'

'હા, મિસિસ શર્મા ! કંઈક કહેવું છે.'

'હા ! બોલો.'

વસુંધરાએ માંડીને બધી વાત કરી. જેમ જેમ વાત આગળ વધતી ગઈ સ્વરૂપના ચહેરાના ભાવ બદલાતા રહ્યા, પણ વસુંધરાંના મીઠા સ્વરે ને સભ્ય રીતભાતે તેનું ધ્યાન ખેંચ્યું.

'તમારે એમ કહેવું છે કે આટલા મોટા બંગલાનું ને કિચનનું પણ તમારે એકલાએ કામ કરવું પડે છે ?'

'ના, ના ! જુલી બીમાર પડી છે તેથી મારું કામ વધી ગયું છે.'

'આ તો સરાસર અન્યાય છે. બીજી છોકરી રાખી લેવી જોઈએ.'

'અને મૅડમ ! મેં ટાઇમટેબલ બનાવ્યું છે. એ પ્રમાણે કામ થાય તો બધા પર બોજો ઓછો થઈ જાય.'

સ્વરૂપ આ હોશિયાર છોકરીને જોઈ રહી અને તેની હિંમતને પણ.

'લાવો, એ ટાઇમટેબલ.' વાંચી તેની નજરમાં પ્રશંસા ઊભરાણી.

'આનો અમલ તરત થાય એમ મારે લોબોને કહેવું પડશે અને વસુંધરા, જુલી પાછી કામે ચડે ને બીજી છોકરી રાખીએ ત્યાં સુધી તમારી મા તમને મદદ કરે તો ? તેમને તેમનું મહેનતાણું જરૂર મળશે.'

વસુંધરા તો પોતાનો પૈસા કમાવાનો મકસદ પૂરો થતો હતો જાણી આનંદ પામી. પિતાની, પોતાની ને હવે માતાની કમાણીની બચતથી પોતે વ્યાપાર જરૂર શરૂ કરી શકશે તેવી શ્રદ્ધા તેને બંધાણી. ત્યાં તેની નવાઈ બેવડાઈ.

'વસુંધરા અહીં કામ કરવા બદલ તમને કપડાં આપવામાં આવે છે ?'

'હા ! મૅમ ! બે ડ્રેસ.'

'બે જ ? એકાદ ડ્રેસ બગડી જાય તો ? કોણે લોબોએ આ નિયમ રાખ્યો છે ?'

વસુંધરા નીચે જોઈ ગઈ.

'વાંધો નહીં. ગામમાં જઈશ ત્યારે બીજા બે ડ્રેસ તમારા માટે લઈ આવીશ.'

'મૅમ !' વસુંધરાના સ્વરમાં ખુશી છલકાઈ. 'મને તમે કપડું જ લાવી આપો. મને સીવતા આવડે છે. મારી ડિઝાઇનના ડ્રેસ હું બનાવી લઈશ.'

'એ તો અતિ ઉત્તમ, વેરીગુડ પણ અર્ચનાનું ધ્યાન તમારે જ રાખવાનું છે.'

અને એટલે જ વસુંધરા આજે બ્રેકફાસ્ટ ટ્રે લઈ આવી હતી. કપડાંના ફરફરાટના અવાજથી તે ફાયરપ્લેસ પાસેથી ઊભી થઈ. અર્ચના તેના બેડરૂમમાંથી લિવિંગરૂમમાં આવી હતી.

'ગુડ મૉર્નિંગ, મૅમ !' વસુંધરા નમ્રતાથી બોલી.

અર્ચનાએ ધીમેથી માથું હલાવ્યું ને લથડિયું ખાધું. વસુંધરાએ દોડી તેને પકડી લીધી. તેને એમ કે અર્ચનાના રોગને લીધે તે બેલેન્સ જાળવી ન શકતી. 'મૅમ ! તમારી તબિયત તો સારી છે ને ?' વસુંધરાના સ્વરમાં અનુકંપા ભળી.

'ચિંતા ન કર, વસુંધરા ! રાત્રે ઉજાગરો થયો હતો તેથી જ.'

વસુંધરાએ જોયું, તેની આંખો લાલ હતી. વાળ ઓળેલા નો'તા. કપડાંના ઠેકાણાં નો'તા.

'આવો મૅમ ! તમારી ખુરશીમાં અહીં ફાયર સામે બેસો. હૂંફ આવશે.' કહી વસુંધરાએ તેને દોરી.

'મૅમ ! તમારા માટે મનગમતો નાસ્તો મારા હાથે જ બનાવી લાવી છું.' કહી ટ્રે અર્ચના તરફ લંબાવી. અર્ચનાના મુખ પર કોઈ ભાવ નો'તા. તેની આંખમાં એક સ્થિરતા હતી. તેને એ પણ યાદ નો'તું કે આ વસુંધરા છે કે જુલી. મલ્ટિપલ સ્કલેરોસીસનો જાણે પાછો ઊથલો આવતો હતો.

વસુંધરાને ખબર હતી કે આવે વખતે અર્ચનાનું માથું દુઃખતું, યાદદાસ્ત નબળી પડી જતી. એટલે જ જુલીની બીમારી યાદ નહીં હોય. અર્ચનાની નજર અગ્નિ પર સ્થિર થઈ. બ્રેકફાસ્ટ કરવાની કોઈ તૈયારી તેણે ન બતાવી. વસુંધરાએ ચાના કપમાં ચા રેડી. ટૉસ્ટ પર બટર લગાવ્યું. નાઈફના અવાજ તરફ અર્ચનાનું ધ્યાન જતાં બ્રેકફાસ્ટનો ખ્યાલ આવ્યો.

'વસુંધરા ! થૅંક્યુ. ભૂખ તો લાગી જ. તું મારો બહુ ખ્યાલ રાખે છે નહીં ?'

'મૅમ ! સાંજે ડિનર પાર્ટી છે તે ખબર છે ને ? આ મેનુ વાંચી 'અપ્રૂવ' કરો એટલે તૈયારી થવા લાગે.'

અર્ચનાએ બેધ્યાનપણે વસુંધરા સામે જોયું. ઘરનો કંટ્રોલ તો તેણે લોબોને આપી દીધેલ ને હવે તો સ્વરૂપ બધું સંભાળતી હતી. તો મેનુ શા માટે જોવાનું ? તેના મોં પર મૂંઝવણ આવી. 'હું જોઈને શું કહું ?'

વસુંધરા અર્ચના સામે જોઈ રહી. અર્ચનાએ વસુંધરા સામે જોયું તેની આંખોમાં શક વંચાઈ રહ્યો. 'ક્યાંક આ છોકરી અમર ને સ્વરૂપને નહીં કહી દે ને કે તેને ઘરની બાબતમાં રસ નથી રહ્યો ? તેને એ પણ શક થતો હતો કે અમર ને સ્વરૂપ તેની પીઠ પાછળ તેની મજાક ઉડાવે છે. તરત પોતાના વિચારો સમેટી તે બોલી, 'હા, હા, વસુંધરા લાવ મેનુ જોઈ લઉં. સરસ. રસોયાને મારા ધન્યવાદ કહેજે.'

મેનુ તો સ્વરૂપે બનાવ્યું હતું કે પણ ઝાઝી જીભાજોડી ન કરતાં તે બોલી, 'ભલે, મૅમ !'

'મારું બાથટબ તૈયાર કર, વસુંધરા, એટલી વારમાં હું ચા પી લઉં.'

બેડરૂમમાં જતાં જમીન પર પડેલા કપડાંનો ઢગલો જોઈ તે ચમકી.

'ઓહ માય ગૉડ ! ઓ વધારાનું કામ !' ચીડથી તેણે બાથરૂમ પાસે શેમ્પૂ, સાબુ મૂક્યાં. ગરમ ને ઠંડા પાણીના નળ ચાલુ કર્યા ને કપડાં સંકેલવા લાગી.

અર્ચના બ્રેકફાસ્ટ પૂરો કરવા આવી હતી ને રૂમનું બારણું એકાએક ખૂલ્યું. તેને એમ કે રસોયો આવ્યો હશે, પણ અમરનાથને ત્યાં ઊભેલ જોઈ તેને નવાઈ લાગી. બોલવા પ્રયત્ન કર્યો પણ કંઈ બોલી ન શકી. કેટલા વખતે અમરનાથ તેના રૂમમાં આવ્યો હતો ! તેના મોં પર ભય છવાયો.

અમરનાથે એ જોયો. તેને પણ નવાઈ લાગી કે અર્ચના તેનાથી ડરે છે કેમ ? તેણે શાંતિથી કહ્યું, 'ગુડ મૉર્નિંગ, અર્ચના ! ઊંઘ તો આવી હતી ને ?'

અર્ચનાની આંખોમાં વહેમ ઊભરાયો. શા માટે આટલી મીઠાશથી વાતો કરે છે ? શું કામ હશે ?'

'ના, ના, અમર ! સરખી નિદ્રા નો'તી આવી.'

અમરનાથ રૂમના બારણામાં જ ઊભા હતા. અર્ચના સાથે વાતો લંબાવવી એ માટે ભગીરથ પ્રયત્નો તેને કરવા પડતા. મહામહેનતે તે બોલ્યા, 'અર્ચના, રવિ વિષે થોડી વાતો કરવી છે.'

અર્ચના ટટ્ટાર થઈ. 'શું વાત છે રવિ વિષે ?' તેના સ્વરમાં ઉત્તેજના ભળી. રવિ તેનો પ્રિય દીકરો હતો. એ જોઈ અમરનાથ શાંતિથી બોલ્યા, 'રવિએ પાછા અભ્યાસ માટે જવું જોઈએ. તેની સ્કૂલ બગડે છે.'

'આટલું જલદી ? હજી તેનો ન્યુમોનિયા માંડ સુધર્યો છે. તેની તબિયત તો સુધરવા દો.'

'અર્ચના ! માની મમતા છોકરાવનું ભવિષ્ય બગાડે. એની તબિયત હવે સારી છે. મા તરીકે તને તેને પંપાળવાનું ગમે. પણ તેનો વિકાસ રૂંધાય. તું એને નાની બેબીની જેમ રાખે છે.'

અચાનક અર્ચનાએ ચીસ પાડી. 'ના, એ ખોટું છે.'

'જો, મારે ઝઘડો નથી કરવો. મારે રવિ સાથે વાત થઈ ગઈ છે ને તે પાછો જવા તૈયાર છે.'

'પાછો છેક ઇંગ્લૅન્ડ ?'

'હા, ઇટન કૉલેજમાં તેનો અભ્યાસ ને મિત્રો રાહ જોઈ રહ્યા છે.'

અર્ચનાની આંખોમાં આંસુ છલકાઈ આવ્યાં. તે બીજી બાજુ જોઈ ગઈ. મનમાં ગુસ્સો ઊભરાવા લાગ્યો. દોડીને અમરનું ગળું દબાવી દેવાનું મન થયું, પણ અમરનાથ સાથે ઝઘડો કરવાથી કશો ફાયદો નો'તો તે એ જાણતી હતી. નિરાશાથી તે બોલી, 'તમને ઠીક લાગે તેમ કરો.' તેનો અવાજ ધ્રૂજી ઊઠ્યો. 'રવિની પોતાની જ ઇચ્છા હોય તો મને વાંધો નથી, પણ તેની તબિયતનું ધ્યાન રાખે.'

'અર્ચના ! રવિ હવે યુવાન થતો જાય છે. બાળક નથી. તેની દુનિયામાં તેને વિહરવા દેવો જોઈએ.'

'કેટલી નાની વયે તમે તેને ભણવા મોકલી દીધો હતો ? તમે રણજિતને પક્ષપાત કરો છો.' અર્ચનાનાં આંસુ સરી રહ્યાં.

અમરનાથ સ્તબ્ધ થઈ ગયા. રવિ તેમનો પ્રિય દીકરો હતો તે અર્ચના જોઈ નો'તી શકી. એનો તેને ખેદ થયો. 'અર્ચના ! તું મને સમજી નથી શકતી. રણજિતના

પડછાયાથી તેને દૂર રાખવા માગું છું. રણજિત જેવો સ્વાર્થી ને તોછડો ન બને તે માટે નામાંકિત ઇટનની સ્કૂલમાં રવિને મોકલું છું. સમજી !'

અર્ચના એ સમજી શકે તેવી સ્થિતિમાં નો'તી. સાંભળ્યું ન સાંભળ્યું કરી તેને જાણે ઉબકો આવતો હોય તેમ મોં હાથથી ઢાંક્યું. પછી શાંતિથી બોલી, 'સારું. મને સખત માથું દુઃખે છે. ઉબકા કે ઊલટી થશે.'

અમરનાથના મોં પર ઉદાસી આવી. અવાજમાં અર્ચનાની હાલત જોઈ અનુકંપા ભળી, 'તું આરામ કર. સારું થઈ જશે.' કહી તે જવા ગયા પણ અર્ચનાના મોં પર પેલા સ્થિર ભાવ જોઈ બોલ્યા, 'આજે સાંજે ડિનર પાર્ટીમાં આવી શકીશ ને ? ઘણા મહેમાનો આવવાના છે.'

'આજે ?'

'ભૂલી ગઈ ? મી. સ્કૉટના માનમાં છે, છેક ઑસ્ટ્રેલિયાથી આવ્યા છે.'

'પણ એ તો શનિવારે છે ને ?'

અમરનાથ હતાશાથી અર્ચનાની યાદદાસ્ત વિષે વિચારી રહ્યા.

'અર્ચના ! આજે જ શનિવાર છે.'

'ઓહ ! જરૂર પાર્ટીમાં તો આવવું જ પડશે ને ? મહેમાનોને આવકાર કોણ આપશે ?'

અમરનાથે નિરાંતનો શ્વાસ લીધો ને હળવેથી બારણું બંધ કરી ગયા.

વસુંધરાએ બેડરૂમમાંથી બધું સાંભળ્યું. અમરનાથ પ્રત્યે તેને દયા ઊપજી. પણ રણજિત દીઠો ન ગમતો. ત્યાં અર્ચના બેડરૂમમાં આવી. તેના મનમાં હવે ડિનર પાર્ટીના વિચારોથી ટેન્શન ઊભરાયું હતું. પણ મનમાં વિચારવા લાગી કે આજે તો એવા તૈયાર થઈને જવું કે ભલભલા તેના રૂપ ને સજાવટથી દંગ રહી જાય. તે કપડાંના કબાટ પાસે ગઈ, રાત્રે પહેરવાનાં કપડાં પસંદ કરવા.

વસુંધરા તરત આગળ આવી, 'મૅમ ! સાંજનો ડ્રેસ પસંદ કરવો છે ને ? મને કહો, કયો પહેરવો છે ? કાઢી આપું.' તેને થયું પાછો ઢગલો થશે તો તેનું કામ વધશે.

'વસુંધરા ! તારે જ મને મદદ કરવી પડશે. કયો ડ્રેસ પહેરું ?'

બેચાર સુંદર ડ્રેસ કાઢી તેણે શરીર પર રાખી પૂછ્યું, 'કયો સારો લાગશે ?'

'મૅમ ! એવો ડ્રેસ પહેરો જે આજની રાતને અનુરૂપ હોય. તમે એટલા સુંદર છો કે કાળો વેલ્વેટનો ડ્રેસ તમને ખૂબ સારો લાગશે.'

તેણે એવો ડ્રેસ કાઢ્યો.

અર્ચનાએ પોતાના શરીર પર ગોઠવ્યો. ડ્રેસની સાઇડમાં લાલ કલરનાં ગુલાબનાં ફૂલો ટાંક્યાં હતાં. તેના શરીર પર ડ્રેસ એવો ઓપી ઊઠ્યો કે તે આનંદી ઊઠી.

'વસુંધરા ! તારી ટેસ્ટ બહુ સુંદર છે. હવે આની સાથે જાય તેવી જુલરી શોધવામાં તારે મદદ કરવી પડશે.

બંનેએ થઈ, હીરાનો હાર, બ્રેસલેટ અને મેચિંગ એરિંગ્ઝ શોધ્યા. હીરાના ચમકાટથી આખા રૂમમાં અજવાળું ફેલાઈ ગયું.

અર્ચનાએ સંતોષનું સ્મિત કર્યું ને વિચાર્યું, 'આજે તો અમર દેખતો જ રહી જશે.'

પણ વસુંધરા વિચારી રહી હતી, 'આવા જ ઘરેણાની તે માલિક બનશે ક્યારેક ! ઇંગ્લૅન્ડના ઉમરાવો પણ તેને લળી લળી આમંત્રિત કરશે, ધનિક વર્ગમાં તેની એક મિસાલ હશે.'

તેની આંખમાં ઊઠતાં સપનાંઓ ત્યારે કોઈએ જોયાં હોત તો ?

: ૧૧ :

વસુંધરાએ રસોડાનું કામ ઝટપટ આટોપી લીધું. સવારે અર્ચનાનો ડ્રેસ શોધી, સરખો પ્રેસ કરી, હેન્ગરમાં ટીંગાડી તે નીચે ઊતરી હતી. અર્ચનાની તબિયતનું કંઈ ધાર્યું ન રહેતું. આ કઈ જાતની મગજની બીમારી હશે ? નબળાઈ આવી જાય, માથું દુઃખવા લાગે, મોં પરના ભાવો સ્થિર થઈ જાય, ચાલતાં બેલેન્સ ન રહે ! મલ્ટિપલ સ્કલેરોસીસ જેવા દર્દનું નામ આફ્રિકાના આવા દેશમાં કોણ જાણે ? જ્યાં હેલ્થ સિસ્ટમ માટે માણસોમાં કોઈ તકેદારી જ નહોય ?

અર્ચનાને માથું દુઃખવા લાગતા તેણે બપોરનાં ભોજન માટે ના પાડી. સાંજે ચાર વાગતાં વસુંધરાએ ઝટપટ ચા બનાવી ને અર્ચનાને કંઈ ખવાડાવવા નિશ્ચય કર્યો. આ ઘરમાં તેને અર્ચના ને રવિ માટે કૂણો ભાવ ઉત્પન્ન થયો હતો. તે અર્ચનાના રૂમમાં આવી ત્યારે હજી તે તેની રીકલાઇનિંગ ચેરમાં લાંબી થઈ સૂતી હતી. વસુંધરાને ચાની ટ્રે સાથે આવતાં જોઈ તે હસી.

'વસુ ! સારું થયું તેં મને આરામ કરવાનું કહ્યું. રાતની પાર્ટી લાંબી ચાલશે ને નાહકની હું થાકી જાત. સરસ ઊંઘ આવી જતાં હવે તાજગી લાગે છે.'

અને ખરેખર તેના સવારના થાકેલા ચહેરા પર અત્યારે આરામ પછીની તાજગી લાગતી હતી. આંખો નીચેનો સોજો સાવ અદૃશ્ય લાગતો હતો. તેની સફેદ ત્વચા, સવારે પીળી-ફિક્કી લાગતી હતી તે અત્યારે રતુમડી લાગતી હતી. મન શરીરને કેવી હાનિ પહોંચાડી શકે તેનો અર્ચના જીવતોજીવત દાખલો હતી.

'મૅમ ! તમારા માટે ચા ને તમને મનપસંદ પેસ્ટ્રી લાવી છું.' વસુંધરાએ ટ્રે નીચે મૂકતા કહ્યું. 'રાત્રે ડિનર સુધી તમારે તાકાતની જરૂર છે. બપોરે પણ તમે ભોજન નથી કર્યું.'

'વસુ ! તું મારું કેટલું ધ્યાન રાખે છે ? ઘરકામ સાથે મારું પણ તારે કામ કરવું પડે છે.'

'મૅમ ! સ્વરૂપ મૅમે મારી માની મદદ લેવા કહ્યું હોવાથી કામનો બોજો હળવો હોવાથી તમારું ધ્યાન રાખી શકું છું હવે.'

'બંને વચ્ચે અણજાણી સમજૂતી માનસિક રીતે સ્થપાઈ ચૂકી હતી. અર્ચનાને આ હોશિયાર છોકરીની કાર્યપદ્ધતિ ને રીતભાત ગમતાં હતાં. પૂરો ભરોસો મૂક્યો હતો તેનામાં. વસુંધરા પણ સ્ત્રી હોવાથી અર્ચનાના રોગને લીધે અમરનાથ તેની અવગણના કરતા હતા, માનસિક રીતે ને શરીરિક રીતે તે જોઈ શકી હતી. તેથી અમરનાથ માટે તેને થોડો અણગમો ઉત્પન્ન થયો હતો, પણ તેઓના તેના કુટુંબ પરના ઉપકારને લીધે તેનો તિરસ્કાર નો'તી કરતી.

હમણાં હમણાં જુલી પાસેથી હવે તરતમાં દેશને સ્વતંત્રતા મળવાની હતી તે વાતોથી લાંબે સુધી વિચારતી કે અમરનાથ ઇંગ્લૅન્ડમાં વુલન ફૅક્ટરી નાંખવાના હતા. પોતે કપડાં સીવવામાં નિષ્ણાત હતી તો પોતે પણ એકાદ ફૅક્ટરીની માલિક...! અને પોતાના શેખચલ્લી જેવા વિચારોથી તે થોડી ઝંખવાઈ, પણ આજની પાર્ટીમાં અમરનાથ ઑસ્ટ્રેલિયાથી આવેલા મી. સ્કૉટ સાથે વુલ-ઊન બારામાં કંઈક વાટાઘાટો કરવાના હતા તે સાંભળવા તે આતુર હતી.

ડિનર પાર્ટીનો ખયાલ આવતાં સ્વરૂપે આપેલા વિગતવાર મેનુનો વિચાર તેને આવ્યો. 'કેટલી હોશિયાર ને સુંદર સ્વરૂપ હતી. આજે રાત્રે તે શું પહેરશે ? અમરનાથને પત્ની તરીકે એ મળી હોત તો ? એ વિચારે તે ચમકી. તેની નજર અર્ચના પર ગઈ. ના, ના, અર્ચના વધુ સુંદર હતી. અત્યારે કેટલી શાંત લાગે છે ! ત્યાં જ અર્ચનાએ ચાનો કપ ટ્રેમાં મૂક્યો. થોડી પેસ્ટ્રી પણ ખાધી હતી. તેણે ન્યૂઝ પેપર વાંચવા ઉપાડ્યું. મોં પર સ્વસ્થતા છવાયેલી હતી. મન પર સાંજ-રાત માટે કોઈ ટૅન્શન ન ઉપડે તેથી જ છાપું વાંચવા પ્રયત્ન કરવા લાગી.

ત્યાં તો બારીમાંથી નીચે ઘોડાઓ હણહણતા હોય તેવો અવાજ આવ્યો. રણજિત ને રવિ ઘોડેસવારી કરી પાછા આવ્યા હતા. વસુંધરાએ બારીમાંથી જોયું તો તે સ્તબ્ધ થઈ ગઈ. આશ્ચર્યથી તેનો હાથ મોં પર ગયો.

'શું વાત છે, વસુ ?' તેનું વર્તન જોઈ અર્ચનાએ પૂછ્યું.

'મૅમ ! રણજિત સા'બ, રવિ સા'બને હેરાન કરતા હોય તેમ લાગે છે.'

'રવિને !' કહી અર્ચના તરત બારી પાસે આવી.

બંને હજી ઘોડા પર જ હતા. રણજિત રવિની ઘોડેસવારી માટે મજાક કરતો હતો. એકાએક તે બાજુમાં આવ્યો ને પોતાના બૂટથી રવિના ઘોડાના પડખામાં લાત મારી ઘોડો ચમક્યો. તેનાં નસકોરાં ફૂલ્યાં ને આગલા બે પગ ઊંચા થયા. રવિએ

સંતુલન જાળવ્યું ન હોત તો નીચે પડત ને માથું ભાંગ્યું જ હોત, પણ તેણે લગામ ખેંચી ઘોડાને સરખો કર્યો.

અર્ચનાએ એ બધું જોયું ને ક્રોધની મારી ધ્રૂજી ઊઠી. બારીમાંથી ગુસ્સાભર્યા અવાજે બોલી ઊઠી, 'રણજિત !'

રણજિતે કલ્પના પણ નો'તી કરી કે બીમાર મા બારીમાંથી બધું જોતી હતી. મા માટે તેને કદી માન નો'તું ઊપજ્યું. નાનપણથી માની અવગણના થતી તે જોઈ રહ્યો હતો. માનો પ્યાર તેની બીમારીને લીધે તેને મળ્યો જ નો'તો. બધા રવિને પ્યાર કરતા એવી લઘુતાગ્રંથિ તેનામાં બંધાતા પોતે નિભર બનતો જતો હતો. સ્વાર્થી બન્યો હતો. તેથી માના અવાજમાં ગુસ્સો જોઈ તેને જોઈ નવાઈ લાગી. તે ધૃષ્ટતાથી બોલ્યો, 'મમ્મી ! તારે ગુસ્સો કરવાની જરૂર નથી. તારા લાડલાને મેં કોઈ નુકસાન નથી પહોંચાડ્યું સમજી ? તું સૂઈ જા. અમારી વાતોમાં માથું મારવાની જરૂર નથી.'

'આટલી ઉદ્ધતાઈથી તું મારી સામે બોલે છે એમ ? લાઇબ્રેરીમાં બંને જણા આવો.' તેના સ્વરમાં હુકમ હતો. 'નહીં તો આજે તારી ખેર નથી, તારા પિતા પાછા આવે ત્યારે.'

હુકમનો રણકો સાંભળી રણજિત થોડો ઓજપાયો. તેનો સ્વર થોડો ધીમો થયો. 'મમ્મી ! પ્લીઝ કંઈ નથી...'

'જલદી ! મેં કહ્યું ને.' કહી અર્ચના બારીમાંથી ખસી ગઈ. વસુંધરા અર્ચનાના આ રૂપથી ખુશ થઈ. રણજિતે તેને ને જુલીને હેરાન કરવા પ્રયત્ન કરેલો પણ ફાવ્યો નો'તો. તે તરત અર્ચના પાસે આવી. 'મૅમ ! રાત્રે ડિનર પાર્ટી છે. શાંત થાઓ ને શાંત રહો. હશે. તમે ખિજાયાંને ! રણજિત સા'બ હવે એવું નહીં કરે. છોકરાઓમાં તો આવું ચાલ્યા કરે.'

'હું જાણું છું, વસુ ! પણ શિસ્તભંગ કેમ સહન થાય ? અને આ પહેલી વાર રણજિત રવિ સાથે આમ નથી વર્ત્યો. તેને સમજાવવું તો પડે જ ને ! મી. શ્રીવાસ્તવ ક્યાં છે ?'

'મૅમ ! તેઓ પાર્ટીની વ્યવસ્થા માટે કશુંક લેવા ગામમાં ગયા છે. સાંજ સુધી પાછા નહીં આવે.'

'ઓકે, જા, સ્વરૂપને કહે મને લાઇબ્રેરીમાં મળે.'

'તેઓ પણ નથી. તેઓ માર્કેટ ગયા છે.'

'હું એકલી જ આ પ્રોબ્લેમ ઉકેલીશ, ચાલ.'

દાદરના કઠેડાનો ટેકો લઈ અર્ચના વસુંધરા સાથે નીચે લાઇબ્રેરીમાં આવી. 'વસુ ! થોડું અંધારું લાગે છે. બધી લાઇટ્સ ઑન કર.' અને ઉન્નત મસ્તકે ને ટટ્ટાર શરીરથી તે આગળ વધી પણ રણજિત હવે યુવાન થતો જતો હતો. અર્ચનાની માનસિક હાલત ડામાડોળ હતી. મનમાં થોડું રણજિતથી ગભરાતી હતી, પણ

સ્વસ્થતા ધારણ કરવા પ્રયત્ન કરી રહી. ફાયરપ્લેસ પાસે મૅન્ટલની ધાર પકડી ઊભી કરી.

લાઇબ્રેરીનું બારણું ખૂલ્યું ને રણજિત અંદર આવ્યો. પાછળ પાછળ રવિ પણ. પહેલી વાર રણજિતના મોં પર ગભરાટ હતો.

'મમ્મી ! મને માફ કર. તારા પ્રત્યે ઉદ્ધતાઈથી મારે બોલવું નો'તું જોઈતું. રવિને ઈજા પહોંચાડવાનો મારો કોઈ ઇરાદો નો'તો. પ્લીઝ મને માફ કર.' રણજિતના સ્વરમાં લુચ્ચાઈ ને ડોળ હતા. તે ખૂણામાં ઊભા ઊભા પણ વસુંધરા જાણી શકી. તેની નવાઈ વચ્ચે અર્ચનાને એક માની જેમ બોલતા સાંભળી, 'રણજિત ! તારું વર્તન બેહૂદું હતું. આવી ઉદ્ધતાઈ ? માની સામે ? અને તું કેમ રવિની મજાક ઉડાવતો હતો ?'

'મમ્મી ! મેં માફી માંગી ને ? હવેથી એવું નહીં થાય, બસ ! ઓકે રવિ ?'

રવિ આગળ આવ્યો. તેને માતાની તબિયતનો ખ્યાલ હતો. ચિંતાથી તે બોલ્યો, 'મમ્મી ! જવા દે, ભાઈએ માફી માંગી લીધી છે ને !

માતાની કાતિલ નજરોનો માર સહી ન શકતા, પીછેહઠ કરતો તે બારણા તરફ સરકવા લાગ્યો. ત્યાં જ અર્ચના બોલી, 'વસુંધરા ?' ખૂણામાં ઊભી રહેલી તમાશો જોઈ રહેલી વસુંધરા આગળ આવી.

'યસ, મૅમ !'

'કિચનમાં જઈ મારા માટે પાણીનો ગ્લાસ લઈ આવ અને રવિ મારા બેડરૂમમાં ડ્રેસિંગટેબલ પર ઇનો પડ્યો છે તે બૉટલ લઈ આવ.' તેના સ્વરમાં હુકમ હતો. ટાળી ન શકાય તેવો.

બંને ગયા.

એકાએક અર્ચના રણજિત તરફ ફરી. તેનો પગ બારણા બહાર નીકળી જ ગયો હતો. 'રણજિત !' સત્તાવાહી સ્વરે તેણે લગભગ બૂમ જ પાડી. રણજિત થંભી ગયો. 'અહીં આવ.' કહી. રણજિત નજદીક આવતા એક હાથ તેનો પકડી બીજા હાથે એક લાફો ચડાવી દીધો. રણજિતનું મોં ક્રોધથી ફૂલી ઊઠ્યું, પણ માતાનું આવું રૌદ્ર રૂપ કદી તેણે જોયું નો'તું ને આમેય માતાની આંખોમાં ખુન્નસ જોઈ તે મનોમન ડરી ગયો. અર્ચના દાંત ભીંસી બોલી, 'બારીમાંથી મેં બધું જોઈ લીધું છે. તારે સફાઈ આપવાની જરૂર નથી સમજ્યો ! ને જો બીજી વાર રવિને એક ઘસરકો પણ હવેથી કદી પડ્યો છે તો પરિણામ તારા માટે સારું નહીં આવે. જો આ આખી વાત તારા પિતાને કહીશ તો તારા હાલ કેવા થશે તે જાણે છે ?'

રણજિત સમજી ચૂક્યો કે માતાના રોગે ઊથલો માર્યો છે ને આવી હાલતમાં શુધબુધ ખોઈ તેને મારી પણ નાંખી શકે તેટલું ઝનૂન માતામાં આવ્યું છે. આમેય

રવિ તેનો લાડલો છે. તેથી નમી જવામાં જ ડહાપણ છે માની બોલ્યો, 'મમ્મી ! આઇ એમ સૉરી. ફરી કદી આવું નહીં થાય બસ !' અને તે ભાગી છૂટ્યો.

ત્યાં વસુંધરા પાણી લઈ આવી. અર્ચનાની વિસ્ફારિત આંખો જોઈ બોલી, 'મૅમ ! આપની તબિયત ઠીક છે ને ?' ત્યાં તો રવિ પણ ઇનો લઈ આવી ગયો. પી ને તે બોલી, 'હા, હવે ઠીક છે.' તેનો ગુસ્સો ઓછો થતાં તે પાછી નોર્મલ થવા લાગી. રવિ તેને ઉપર દાદર ચડી, તેના બેડરૂમમાં લઈ ગયો. ત્યાંથી તે પાછો વસુંધરા પાસે આવ્યો ત્યારે તે કંઈ વિચારી રહી હતી. 'શું વાત છે ? વસુંધરા ? કેમ ગંભીર થઈ ગઈ છે ?'

'માસ્ટર રવિ ! મને તમારાં મમ્મીની બહુ ચિંતા છે. તેમની તબિયત વારે વારે બગડે છે. તેમને શું તકલીફ છે તે હું નથી જાણતી, પણ તેમને ઘણી વાર એકી નજરે બારી બહાર જોતાં ને ભાવવિહોણો ચહેરો જોઈ ખૂબ ચિંતા થાય છે. તેમને એકલાં ન મૂકતા. તમે તેની પાસે જાઓ. થોડો વખત બેસો. કોઈ સારું પુસ્તક વાંચી સંભળાવો. આ દેશ સ્વતંત્રતા ભણી જઈ રહ્યો છે. એ પછી સત્તા બદલાતાં શું થશે એવી માહિતી આપો. તેઓનું ધ્યાન થોડું બીજે દોરાશે.'

'વસુંધરા તમારી વાત સાચી છે.' કહી તેણે અજાણતાં વસુંધરાનો હાથ કૃતજ્ઞતાથી દબાવ્યો ને બોલ્યો, 'મારું ધ્યાન દોરવા થેંક્યુ.'

છતાંય વસુંધરાના ચહેરા પર મૂંઝવણ જોઈ તે બોલ્યો.' બીજું કંઈ કહેવું છે ?'

'કહું કે ન કહું.' એવા ભાવ વસુંધરાના ચહેરા પર આવ્યા ને છેવટે હિંમત કરી બોલી, 'માસ્ટર રવિ ! એક વિનંતી છે. તમારા પિતા ઇંગ્લૅન્ડમાં વુલન ફૅક્ટરી નાંખવાના છે. આજે પાર્ટીમાં મી. સ્કૉટ સાથે વાતો થશે. મને સીવતાં ખૂબ સારું આવડે છે. સ્વતંત્રતા પછી અગર અહીં ન ફાવ્યું ને ઇંગ્લૅન્ડ જવાનું થશે ?'

'લાગે છે તો એવું જ.'

'મરા પિતા તમારા પિતાના દોસ્ત છે તેથી જવા તો મળશે બધાને, પણ આપણે જુલીને સાથે લઈ જઈ શકીએ ?'

'વસુંધરા ! જુલી તો આફ્રિકન છે. દેશની સ્વતંત્રતા પછી તે બીજે શું કામ જાય ?'

'માસ્ટર રવિ !' ને વસુંધરા ચૂપ થઈ ગઈ. 'હા, બોલો શું વાત છે ?'

'જો માસ્ટર રણજિત અહીં પ્લાન્ટેશન સંભાળવાના હોય તો તેમનું ધ્યાન રાખવા, રસોયા તરીકે લોબો અહીં રહે. જુલીને તેઓ બંને સાથે નથી રહેવું.'

'કેમ ?' રવિ મુંઝાયો.

'માસ્ટર રવિ ! આજે ન કહેવાની વાત કરું. લોબો હંમેશાં જુલીને હેરાન કરે છે. એક વાર તેની રૂમમાં જઈ બળાત્કાર કરવા પ્રયત્ન કરેલો. એ પછી તેણે માસ્ટર રણજિતને વાત કરી હશે ત્યારે એક રવિવારે બધા ગામમાં ગયા હતા ત્યારે માસ્ટર

રણજિતે પણ જુલીની લાજ લેવા પ્રયત્ન કરેલો. અચાનક મને કંઈ કામ યાદ આવતાં હું જુલીના ક્વૉર્ટરમાં ગઈ ને થીજી ગઈ. અસહાય જુલી તરફડિયાં મારતી હતી. મને જોઈ માસ્ટર રણજિત કૂદકો મારી ઊભા થઈ ગયા ને ક્રોધથી બોલ્યા, 'જો આ વાતની ફરિયાદ મારા પિતાને કરી છે તો વસુંધરા, તારા પણ આવા જ હાલ થશે. જુલી અનાથ છે. કોને કહે ? અને હું આવી વાત મારાં માતાપિતાને કેવી રીતે કહી શકું ?'

વસુંધરાની આંખોમાં આંસુ આવી ગયાં. રવિ વસુંધરાને જોઈ રહ્યો. આજે પહેલી વાર તેને વસુંધરા સુંદર લાગી. તેનું નિર્દોષ હાસ્ય, નિર્મમ ચહેરો, તેજસ્વી આંખો, તેમાંથી ડોકિયાં કરતી મહત્ત્વાકાંક્ષા, ચપળતા, હોશિયારી બધું રવિને દેખાથી રહ્યું. કેટલા ભરોસાથી આવી વાત તેણે કહી નાંખી ! રવિને વસુંધરા માટે એક નવો જ ભાવ ઊભરાયો. તે સમજી ન શક્યો. બંને મૌનથી એકબીજાને જોઈ રહ્યાં.

રવિની ભીની આંખો, પૌરુષીય ચહેરો, ઊંચો સશક્ત દેહ, વસુંધરાની નજરોમાં સમાવા લાગ્યો. શું થઈ રહ્યું છે તે તો તે પણ ન સમજી શકી. રવિ એ સુંદરતાને પી રહ્યો. વસુંધરાની બેબસી પર તેને અનુકંપા જાગી ને પછી એક મમત્વ, પ્રેમનો ઉછાળો તેના હૃદયમાં ઊમટ્યો. વસુંધરાને બાહોમાં ભરી લેવાની લાગણી ઊઠી, પણ ક્યાંક પોતાને રણજિત સમજી બેસે એ બીકે એ બોલ્યો, 'વસુંધરા ચિંતા ન કરો. સમય આવ્યે હું પિતાજીને વાત કરીશ. હું મમ્મી પાસે જાઉં.'

તે ઉપર મમ્મીના બેડરૂમમાં જવા રૂમની બહાર નીકળ્યો. થોડી ક્ષણોમાં જાણે તેનું જીવન બદલાઈ ગયું. એક અજાણી એકલતા તેને ઘેરી વળી. પહેલાં આવું કદી નો'તું થયું. તે ઊભો રહી ગયો દરવાજામાં. એક સ્નિગ્ધ નજર વસુંધરા પર નાંખી. એ નજરમાંથી નીતરી રહેલા પ્યારથી વસુંધરા ચમકી જાણે તેની પણ ચોરી પકડાઈ ગઈ ન હોય ! તેના મોં પર આછું સ્મિત આવ્યું ને નજરો ઝૂકી ગઈ.

રવિ તેનો અર્થ સમજી જતાં, આનંદિત થતાં મમ્મીના રૂમમાં જવા દાદર ચડવા લાગ્યો.

* * *

સાંજે ચારેક વાગ્યે વસુંધરાએ અર્ચનાને તૈયાર કરવા, તેની નવી હેર સ્ટાઇલ બનાવવી હતી, પણ હેરપિન્સ ન હોવાથી તે કૉરિડોરમાં જઈ સ્વરૂપના રૂમ તરફ જવા લાગી. કદાચ તેની પાસે વધારાની પિન્સ મળી જાય.

તેણે રૂમનું બારણું ખટખટાવ્યું. 'આવી જાઓ !' સ્વરૂપે મૃદુ અવાજે કહ્યું. વસુંધરા દરવાજામાં ઊભી રહી. રૂમમાં બધે જોયું. રૂમ ટેસ્ટફુલી શણગારેલો હતો. સ્વરૂપમાં એક કલાદષ્ટિ હતી તે દેખાઈ આવતું હતું. તે ડ્રેસિંગ ટેબલ સામે બેસી વાળ ઓળતી હતી. અરીસામાં વસુંધરાનું પ્રતિબિંબ પડતાં જ તે બોલી, 'અરે ! વસુંધરા તું ? કંઈ કામ છે ?'

વસુંધરા સ્વરૂપને જોઈ રહી તેના લાંબા કાળા વાળ ખભા પર પથરાયેલા હતા. હંમેશ શેમ્પૂ કરાતાં રેશમ જેવા સુંવાળા લાગતા હતા. અર્ચના જેટલી નહીં, પણ થોડી ઓછી પણ સુંદર હતી. નામ પ્રમાણે જ ગુણ હતા. ‘વસુંધરા, તું હાંફી ગઈ છે. દોડીને દાદરો ઊતરીને ? આમેય તું બધે દોડતી હોય છે. શાંતિથી કેમ કામ નથી કરતી ?’ સ્વરૂપને વસુંધરા તરફ પક્ષપાત હતો તે સાફ દેખાઈ આવતું.

‘મૅમ ! મિસિસ શ્રીવાસ્તવને તૈયાર કરતી હતી, પણ હેરપિન્સ ખૂટી ગઈ તેથી આવી છું.’

‘ઑફકોર્સ છે મારી પાસે, વધારે લઈ જા અને જો બધા મહેમાનો આવે ને સાડા આઠે, ડિનરનો ટાઇમ ન થાય ત્યાં સુધી થોડો આરામ કરી લે. સવારથી તું દોડાદોડી કરે છે. થાકથી ક્યાંક તને ચક્કર ન આવી જાય સમજી !’

જતાં જતાં જાણે વસુંધરાને લાગ્યું તેની માની જેમ જ સ્વરૂપ તેની ચિંતા કરતી હતી: તેને બહુ સારું લાગ્યું.

વસુંધરા આવે ત્યાં સુધીમાં અર્ચનાએ ચહેરો સરખો કરી નાંખ્યો. કૉસ્મેટિક્સ ને પાઉડરથી તેનો રૂપાળો ચહેરો ખાલી ઊઠ્યો.

‘મૅમ ! થોડી પીનો મળી ગઈ.’ વસુંધરાના સ્વરમાંથી આનંદ છલક્યો. આમ તો અર્ચના કદી પોતાના સિવાય કોઈની વ્યાધિ કરતી નહીં, પણ આજે દિમાગ બરાબર હતું તેથી સ્ત્રીઓમાં થાય તેવી વાતો તેણે શરૂ કરી. ‘વસુંધરા ! તને ખબર છે સ્વરૂપ આજે રાત્રે શું પહેરવાની છે ?’ વસુંધરાને નવાઈ તો લાગી, પણ તે બોલી, ‘મૅમ ! તેમના રૂમમાં મેં કોઈ ડ્રેસ જોયો નહીં.’

અર્ચનાનું મોં પડી ગયું. ઘણા પ્રસંગોએ સ્વરૂપ તેનાથી ઓછી સ્વરૂપવાન હતી છતાં, તેનું કેશગુંફન ને વસ્ત્રો પરિધાન કરવાની એક આગવી છટા હતી ને તે હંમેશાં બધાની પ્રશંસા મેળવી જતી. અર્ચનાએ આજે નક્કી કર્યું હતું કે અમરનાથ ઉપરાંત બીજા મહેમાનો પણ ચકાચૌંધ થઈ તેને જ જોઈ રહે.

પણ વસુંધરાએ જ્યારે તેની હેરસ્ટાઇલ પૂરી કરી ને તે અરીસામાં જોઈ રહી. ‘વસુંધરા ! આ બધું ક્યારે શીખી ?’ અર્ચનાનો સ્વર પુલકિત થઈ ગયો. ‘તું બહુ હોશિયાર છે.’

પછી તેમણે તેમનો કાળો વેલ્વેટ ડ્રેસ પહેર્યો. ને હીરાના દાગીના પહેરતાં તેનું રૂપ ઓર ખીલી ઊઠ્યું. હીરાના દાગીનાની ડિઝાઇન જોઈ વસુંધરા છક્ક થઈ ગઈ. ‘મૅમ ! આવી કારીગીરી મેં ક્યાંય નથી જોઈ.’

‘વસુંધરા ! મારી તબિયત સારી હતી ને જ્યારે હું યુવાન હતી ત્યારે મી. શ્રીવાસ્તવ મને ઘણી ભેટો આપતા, પણ હવે તો જાણે તેમને માટે હું હયાત જ નથી. છેલ્લાં કેટલાંય વર્ષોથી મારી પાસે આવીને બેઠા પણ નથી.’ અર્ચનાના ચહેરા પર વેદના લીપાઈ જતાં જોઈ વસુંધરા દ્રવી ઊઠી. આજકાલ અમરનાથ સ્વરૂપને વધુ

મહત્ત્વ આપતા હતા તે તો તેણે જોયું જ હતું. ત્યાં જ અર્ચનાએ એક ડ્રોઅર ખોલ્યું ને વેલ્વેટનું કેસ કાઢ્યું ને ખોલ્યું. જાણે આખો રૂમ ઝળાંઝળાં થઈ રહ્યો. અર્ચનાએ તેમાંથી 'બ્રુચ' કાઢ્યું ને ડ્રેસ પર જમણી બાજુ પીન કરવા પ્રયત્ન કર્યો.

'મૅમ ! લાવો હું પીન કરી દઉં. આ તમને...'

'મારી માતાનું ખાનદાની બ્રુચ છે.' અન્યમનસ્કપણે તે બ્રુચ જોઈ રહી ને પછી પાછું ડ્રેસ પરથી કાઢી કેસમાં મૂકી દીધું. હમણાં હમણાં તે પણ જોઈ શકી હતી કે અમરનાથ સ્વરૂપ તરફ ખેંચાણા છે, પણ ખાતરી નો'તી. તેના મનમાં શકે ઘર કર્યો હતો કે તેઓ બંને તેને મારી નાંખવા પ્રયત્ન કે પ્લાન કરી રહ્યા છે. કોઈ અપાર્થિવ તેજ અર્ચનાના ચહેરા પર ચમક્યું ને તેણે વસુંધરાનું બાવડું પકડી લીધું ને બોલી. તેનો સ્વરે જાણે સાપના સુસવાટા જેવો હતો.

'વસુંધરા ! જેમ બને તેમ જલદી આ જગ્યા છોડી દે. નહીં તો તું પણ સલામત નથી.'

વસુંધરા ગભરાઈ ગઈ.

'બધા, બધા જ દુષ્ટ ભેગા થયા છે, અને ખડખડાટ તે હસી પડી. વસુંધરા ચમકી. હવે ! અર્ચના આવી હાલતમાં પાર્ટીમાં કેવી રીતે જશે ? ટાઇમ તો થવા આવ્યો હતો.

'મૅમ !' વસુંધરાએ અર્ચનાના હાથ હાથમાં લીધા. મોતની ઠંડક જાણે એ હાથોમાં હતી. 'મૅમ ! સંભાળો તમારી જાતને. પાર્ટીમાં જવાનો સમય થયો છે. તમારે બધા મહેમાનોને આવકારવાના છે. ખબર છે ને તમે, તમે આ ઘરના માલકણ છો. બીજું કોઈ નહીં.'

અને જાણે એ શબ્દોએ જાદુ કર્યો. તેની આંખોમાં જીવન આવ્યું. 'જુઓ ! તમને જ્યારે મારી જરૂર પડે તરત બોલાવજો મને. હું ત્યાં આજુબાજુમાં જ હોઈશ. પાણી લઈ આવું ?'

'ના, ના ! વસુંધરા ! હવે મારો માથાનો દુખાવો ઓછો થયો છે. હું ઠીક છું. હવે મારે નીચે જવું જોઈએ, ખરું ને ?'

'મૅમ ! જુઓ તો ખરાં અરીસામાં તમે કેટલાં સૌંદર્યવાન લાગો છો.' વસુંધરાએ તેનું ધ્યાન બીજે ખેંચવા વાત વાળી. 'મી. શ્રીવાસ્તવ આજે જરૂર ગર્વ લેશે તમારા સૌંદર્ય પર.'

અરીસામાં જોતાં એક ગર્વીલું સ્મિત તેના મોં પર આવ્યું.

'વસુંધરા ! હવે હું તૈયાર છું.' હસીને તે બોલી.

'મૅમ ! આવું તમારી સાથે ?'

'ના, ના ! હું એકલી જ દાદર ઊતરીશ. ભલે બધા ચકાચૌંધ મને જોઈ રહે.

: ૧૨ :

અને એવું જ થયું.

ડાઇનિંગ રૂમ જાણે જાતજાતના ને ભાતભાતના માણસોથી ઊભરાઈ રહ્યો. મ્વેકાની આજુબાજુના કૉફી પ્લાન્ટેશન્સના માલિકો, અંગ્રેજો, ઇન્ડિયન્સ, મોશી ગામના પ્રતિષ્ઠિત ડૉક્ટરો, વકીલો ને ઉદ્યોગપતિઓ મચામે ને અરૂશાના કૉફી માલિકો તથા લબ્ધ પ્રતિષ્ઠિત માનવીઓનો જાણે મેળો ભરાયો હતો. દેશને સ્વતંત્રતા મળવાની હતી તેથી અમરનાથે દૂરંદેશી વાપરી ટોચના રાજકારણીઓ – આફ્રિકનોને પણ બોલાવ્યા હતા. સ્ત્રીઓનાં ઘરેણાંથી રૂમ આખો ઝળહળી ઊઠ્યો હતો.

બંગલાનું ફર્નિચર, ડેકોર ને રગ્ઝ જોઈ બધા પ્રભાવિત થઈ ગયા. આમેય અમરનાથ મોટા પાયે પાર્ટી ક્યારેક જ કરતા. સુરેન્દ્રનાથ તથા તેમના પત્ની બધાની સરભરા કરી રહ્યા. વસુંધરાએ આજે જોયું કે દોલતની તાકાત કેવી ને કેટલી હોય ! સાચી રીતે તે વાપરતાં ને પચાવતાં આવડવું જોઈએ. આજે શૅમ્પેઇન ને બધી જાતનાં પીણાં ખૂલ્લા મૂકી દેવામાં આવ્યાં હતાં. કીલીમાન્જારો પ્રદેશના આફ્રિકન નેતા જે રીજિયનલ કમિશનર બનવાના હતા, તેમના આગળ-પાછળ અમરનાથ ફરી રહ્યા. રણજિત ને રવિ પણ અંગ્રેજ પદ્ધતિથી સુંદર પોશાક પહેરી મહેમાનોને સંભાળી રહ્યા હતા. એમાંય રણજિત મી. સ્કૉટ પાસેથી ખસતો જ નો'તો. અમરનાથ વિચારી રહ્યા કે કારણ શું હશે ? તેના ચાલાક ને કપટી ભેજામાં શું ચાલી રહ્યું હશે ? ત્યારે રવિ શાંતિથી, સ્વસ્થતાથી હસી હસી, બધા સાથે ખપ જોગું બોલી, આવકારી રહ્યો હતો. આખા રૂમનું વાતાવરણ મૈત્રીભાવવાળું ને આરામદાયક હતું. બાઇટિંગ સાથે પીણાની ચૂસ્કીઓ લેતાં બધા એકબીજા સાથે વાતો કરી રહ્યા હતા ત્યાં તો અચાનક બધાની નજર દાદર પર પડી ને બધાની આંખો વિસ્ફારીત થઈ ગઈ. આટલું રૂપ ! જાણે કોઈ આસમાની પરી ઊતરી રહી ન હોય ! ધીમા પગલે જાણે રૂપનો પુંજ દાદર ઊતરી રહ્યો. તેના ગળામાંથી ઊઠતા હીરાઓની ચમકે, ચેન્ડેલિયરની ચમકમાં પરાવર્તિત થઈ આખા રૂમને અભિરામ રૂપથી ભરી દીધો. એક પગથિયે અટકી અર્ચનાએ આખા રૂમમાં નજર ફેરવી. વસુંધરા તો મૅમનું રૂપ જોઈ મનોમન હરખાઈ ઊઠી, જાણે અર્ચનાને કોઈ માનસિક રોગ હોય જ નહીં તેમ સ્વસ્થતાથી તે દાદર ઊતરી રહી.

અમરનાથે વર્ષો પછી અર્ચનાનું અસલી રૂપ જોયું. તે આવી. ડાઇનિંગ ટેબલના બીજો છેડો જઈ ઊભી. આ છેડેથી અમરનાથે શૅમ્પેઇનનો ગ્લાસ ઊંચકી તેને ટૉસ્ટ આપ્યો. પ્રશંસાયુક્ત નજરે તે અર્ચનાને જોઈ રહ્યો. તેને એમ જ હતું કે આજની પાર્ટીની ફતેહનું શ્રેય સ્વરૂપને જાય છે. તેની દક્ષતાથી જ આ બધું થયું છે, પણ સ્વરૂપ ખૂબ સભ્ય હતી. તે ટેબલની મધ્યમાં ઊભી હતી ત્યાંથી બોલી, ‘લેડીઝ ઍન્ડ જેન્ટલમૅન ! તમને બધાને અર્ચના તરફથી આવકારું છું અને આજે

જે પાર્ટીનું આયોજન થયું છે તેનું શ્રેય વસુંધરાને જાય છે. વસુંધરા ! આમ આવો !'

વસુંધરા તો શિયાવિયા થઈ ગઈ. આટલા માનવસમુદાય સામે પહેલી વાર તેને આટલું માન મળતું હતું. સ્વરૂપ તેના ડ્રેસ માટે ગામમાંથી કાપડનો એક પીસ લાવેલી તેમાંથી જાતે જ તેણે ડ્રેસ સીવેલો. સ્ટાઇલીશ હતો. ગળામાં આછો સોનાનો ચેઇન, કાનમાં નાના ટોપ્સ ને હાથમાં બ્રેસલેટ. બસ, આ આછા શણગારમાં પણ વસુંધરાનું રૂપ ખીલી ઊઠ્યું હતું. તે બધાને શરમથી પાણી પાણી થઈ અભિવાદન કરતી રહી. અર્ચનાએ પણ કંઈ બોલવું જોઈએ એ હિસાબે બોલી, 'એટલું જ નહીં, પણ મારા ડ્રેસની પસંદગી ને દાગીનાની સ્ટાઇલ પણ વસુંધરાએ જ પસંદ કરેલી છે.'

બધા વસુંધરાને માનની નજરે જોઈ રહ્યા, પણ બીજી બે આંખો રવિની આંખો, જાણે આજે એક નવી જ વસુંધરાને જોઈ રહી. શું હતું આ છોકરીમાં ? રૂપ, ચાતુર્ય કે સૌથી વધુ સ્વાભિમાન ! ખેંચાવા લાગ્યો હતો તેના તરફ. ત્યાં અમરનાથ તેની બાજુમાં આવ્યા, 'રવિ !' ચોરી કરતાં પકડાઈ ગયો હોય તેમ રવિ ચમકી ગયો. 'રવિ ! બધું બરાબર છે ને ?' પણ રવિ જોઈ શક્યો હતો કે પપ્પા આજે માતાને કોઈ નવી જ નજરે જોઈ રહ્યા હતા.

અમરનાથ પણ અર્ચનાને જોઈ હેરત પામી ગયા હતા. લળીલળીને તે બધા મહેમાનોની સરભરા કરી રહી. મી. સ્કોટનું બરાબર ધ્યાન રાખતી હતી. આટલી સૌંદર્યવાન સ્ત્રી પોતાનું ધ્યાન રાખે છે, જાણી તે ફુલાઈ ઊઠ્યો. ત્યાં અમરનાથની નજર સ્વરૂપ પર પડી. એ જ સ્વસ્થતા, એ જ ગરિમા, સાદો છતાં સુંદર ડ્રેસ, ગળામાં સેફાયરનો ચોકર, ઝળાંઝળાં થઈ રહ્યો હતો. રૂપ ને ચારુતાનો સંગમ જાણે. અમરનાથની નજર મળતાં સ્વરૂપની આંખો હસી ઊઠી. તેણે ગરદન નમાવી આછો ઇશારો કર્યો. અમરનાથ લોબો પાસે ગયા. 'લોબો ! ડિનર પછીનાં પીણાં ને સિગાર લાઇબ્રેરીમાં મૂકી દીધાં છે ને ? ડિનર પીરસાવો.'

વસુંધરાની નિગેહબાની નીચે ડિનર પીરસાયું. બધાએ ભોજન વખાણ્યું. અર્ચના જે રીતે બધાનું ધ્યાન રાખતી હતી તે જોઈને તેને આનંદ થતો હતો ને થોડો ભય પણ લાગતો હતો. અર્ચનાના ચહેરા પર અપાર્થિવ રૂપ કેમ ચમકતું તેને લાગતું હતું ? ચેન્ડેલિયર ને ઘરેણાના તેજને લીધે કે પછી શમાની ઠરતી આગના છેલ્લા ઝબકાર જેવું ? તે ચોંકી ઊઠી. 'આવો વિચાર કેમ આવ્યો ?'

ત્યાં તો અમરનાથ બોલતા સંભળાયા, 'મહાનુભવો, ડિનર પછી આપણે બધાએ લાઇબ્રેરીમાં જવાનું છે.'

લાઇબ્રેરીનો મોટો રૂમ જોઈ બધા છક્ક થઈ ગયા. લાઇબ્રેરીમાં જ નાનો એવો સ્ટડી રૂમ હતો. બધા હળતામળતા રહ્યા ત્યારે અમરનાથે મી. સ્કોટને સ્ટડીરૂમમાં દોર્યા. મી. સ્કોટની ઉંમર પચાસેકની હશે. માથે ઘટ્ટ વાળ, ઊંચા,

સશક્ત ને પૌરુષભરી ચાલવાળા. આંખો જાણે હાસ્યથી ભરેલી જ લાગતી. કોઈનું પણ ધ્યાન આકર્ષવા માટે પૂરતું હતું. બંનેએ એકબીજાની લાંબી મૈત્રી માટે પીણાંનો ટૉસ્ટ કર્યો.

'માર્ક ! કેટલું રોકાવાના છો અહીં ? એ પછી દારેસલામ જવાના છો ?'

'મી. શ્રીવાસ્તવ !'

'મને અમર કહેશો તો ચાલશે.'

'ઓકે અમર ! નવમી ડિસેમ્બર આ વરસની ઓગણીસો એકસઠ તમારા દેશની સ્વતંત્રતાની તારીખ અઠવાડિયા પછી. થયું, અહીં સુધી આવ્યો છું તો એ પણ જોતો જાઉં.'

'બરાબર !'

'અમર ! આ દેશમાં વુલન ફૅક્ટરી નાંખવાને બદલે ઇંગ્લૅન્ડ કેમ પસંદ કર્યું ?'

'સ્વતંત્રતા પછી આ દેશની રાજનીતિ શું હશે તેનો આછો ખ્યાલ છે. મ્વાલીમુ ન્યેરેરે જો પ્રૅસિડેન્ટ થશે તો તેમના સમાજવાદી વિચારોના પ્રત્યાઘાત કેવા પડશે, તે ખ્યાલે.'

'ઓહ, એમ વાત છે ! ઇંગ્લૅન્ડમાં ફૅક્ટરી બંધાઈ ગઈ ?'

'છેલ્લા સ્ટેજ પર છે. આવતે મહિને ત્યાં જવાનું છે.'

'જાન્યુઆરીમાં ? હું પણ લંડનમાં હોઈશ. આવીને ફૅક્ટરી જોઈ, રૂની સપ્લાય તમને કેટલી જોઈશે એ વાટાઘાટ કરી બધું મોકલાવી આપીશ.'

'થૅંક્યુ, માર્ક !'

'બાય ધ વે અમર, એક વાત કહું ? જો કદાચ ઇંગ્લૅન્ડમાં સ્થાયી થવાય તો ઑસ્ટ્રેલિયામાં થોડી જમીન ખરીદી, શીપ સ્ટેશન ત્યાં બાંધી શકાય. ઘેટાંઓનું ફાર્મ લઈ તેમને ઉછેરી તમે જ રૂ ઉતારો તો સસ્તું પડે.'

'માર્ક ! દૂરંદેશીની વાત કરી. આપણી મૈત્રી લંબાય તો મારા માટે તમે જ ત્યાં કામ ન કરો ?'

'એ પણ વિચારવા જેવી વાત તમે કરી.' અને વસુંધરા સ્ટડીરૂમના દરવાજામાં થંભી ગઈ. બધી વાતચીત તેણે સાંભળી. એક સપનું તેના મનમાં આકાર લેવા લાગ્યું. સાકાર થશે ? કદીક ? તે ત્યાંથી સરી ગઈ. ટ્રે લઈને.

ત્યાં જ મી. સ્કૉટ બોલ્યા, 'અમર ! તમે ને તમારાં પત્નીએ મારી ખૂબ જ ખાતર બરદાસ્ત કરી. આવી સુંદર ને ગુણવાન પત્ની મેળવવા બદલ અભિનંદન !'

લાઇબ્રેરીમાં પાછા આવતાં અમરનાથ અર્ચના વિષે વિચારી રહ્યા ? ક્યારે તેણે છેલ્લે અર્ચના સાથે રાત ગાળેલી ?

* * *

ધીમે ધીમે બધા મહેમાનો જવા લાગ્યા. બધાને વળાવી સૌથી છેલ્લે અમરનાથ પોતાના બેડરૂમ તરફ જવા આગળ વધ્યા. કેટલા વખતે બધાને મળાયું. રોજની એકલતા કરતાં માણસોનો સહવાસ તેને ગમ્યો. બધાં જતાં જાણે એકલતા પાછી વળગતી લાગી. કોઈની સાથે વાતો કરવા તેનું મન તલસી રહ્યું. કોની સાથે ? અર્ચના સાથે ? તે આજે એકદમ સુંદર ને નૉર્મલ લાગતી હતી. તે ધીમે પગલે તેના રૂમમાં ગયો પણ અર્ચનાના હાલ જોઈ ઠરી ગયો. કપડાં ગમે ત્યાં ફેંકેલાં હતાં, દાગીના ટેબલ પર વિખરાયેલા પડ્યા હતા. રીકલાઇનર ચૅર પર હાથમાં શૅમ્પેઇનનો ગ્લાસ રાખી સ્થિર નજરે બારી બહાર આકાશને જોઈ રહી હતી. ખૂબ પીવાયું હશે ! આવી હાલતમાં શું વાત કરું ?

સ્વરૂપ ! ક્યાં હશે ? થોડો સમય તેની સાથે વાત કરું ? વિચારી સ્વરૂપના રૂમ તરફ જવા ફર્યો. બારણાં નીચેથી રૂમમાંનો પ્રકાશ દેખાતો હતો તેથી હજી સૂઈ નથી વિચારી બારણાના હેન્ડલને ફેરવ્યું અને ખૂલતાં જ તે સ્તબ્ધ થઈ ગયો. એક આછી નેગ્લીજીમાં લૅમ્પના પ્રકાશમાં સ્વરૂપના આખા દેહનો વળાંક સ્પષ્ટરૂપે અમરની નજરમાં તરી રહ્યો. સ્વરૂપ ફરી ને અમરનાથને બારણામાં ઊભેલો જોઈ તરત આગળ આવી તેનો હાથ પકડી તેને અંદર દોર્યો. શું બોલવું તે પણ અમરનાથ વિચારી ન શક્યો.

જરા સ્વસ્થ થતાં તે બોલ્યો, ‘સ્વરૂપ ! સૉરી આટલી રાત્રે મારે આવવું જોઈતું નો’તું, પણ થયું થોડી વાર, થોડી વાતો કોઈ સાથે કરું. આમેય આજના આયોજન માટે તારો આભાર પણ માનવાનો હતો ને હજી તો રાતના દસ જ વાગ્યા છે. ઊંઘ નો’તી આવતી.’

સ્વરૂપ તેની સામે જોઈ રહી. ‘પીધેલી હાલતમાં તો નો’તો જ.’

‘મને, લાગ્યું કે રૂમ પાસે કોઈ આવ્યું.’ સ્વરૂપ બોલી, ‘તેથી જ હેન્ડલ ફરતાં મેં જ બારણું ખોલી નાંખ્યું.’

થોડી ક્ષણો બંને એકબીજા સામે જોઈ રહ્યાં. સ્વરૂપ આમ તો સ્વસ્થ લાગતી હતી, પણ હૃદયની ધડકનો વધી ગઈ હતી. છતાં બોલી, ‘હા, અમર ! હજી દસ જ વાગ્યા છે. બેસો. થોડી વાર વાતો કરીએ. આજે થોડી ઠંડી વધારે છે. આવો ફાયરપ્લેસ પાસે બેસીએ. કહી તે એટલી નજીકથી અમરની પાસેથી પસાર થઈ કે તેના સ્ત્રીદેહની ને અત્તરની સુવાસથી અમર તરબતર થઈ ગયો.

બંને સામસામા સોફા પર બેઠાં. અમર અનિમેષ નજરે તેને જોઈ રહ્યો. પહેલી વાર તેને લાગ્યું કે સ્વરૂપ પણ કંઈ ઓછી સુંદર નો’તી. સ્વરૂપ પણ તેને જોઈ રહી. એક સુંદર પુરુષના દેહને ! કેટલાં વરસોથી તે વિધવા થઈ ગઈ હતી ? આજે એકાએક એક પુરુષનો દેહ તેને આકર્ષી રહ્યો.

'આજની સાંજ ખરેખર સફળ રહી નહીં ?' સ્વરૂપ બોલી.

'હા, સ્વરૂપ ! પણ તેં અર્ચનાનું નવું રૂપ જોયું ? કેટલી સ્વસ્થ ને સંયમમાં હતી ! છતાં મને કંઈક અજુગતું લાગ્યું.' અમર બોલ્યો.

'અમર ! મલ્ટિપલ સ્કલેરોસીઝ દરદમાં ઘણી વાર આવું થાય. આપણો તો પ્રસંગ સચવાઈ ગયો ને ! છતાંય એ મારી બહેન છે. તેની આ હાલત જોઈ મારું હૃદય દ્રવી ઊઠે છે. અમર ! આનો કોઈ ઇલાજ નથી ? ઘણી વાર મને લાગ્યા કરે છે કે તે મને શકની નજરે જુએ છે.'

'ના, સ્વરૂપ ! એ પણ આ રોગનું એક લક્ષણ છે.'

'હા, ડૉક્ટર સાથે મારે પૂરતી ચર્ચાઓ થયેલ, પણ તેમને આશા ઓછી છે.'

'આશા ? શેની ?' અમરનાથ ચમક્યો.

સ્વરૂપ તેના લગ્નજીવન તરફ કંઈ ઇશારો કરતી હતી ? ડૉક્ટર સાથે એવી ચર્ચા કરતી હશે ?

ત્યાં જ સ્વરૂપ સોફાની પીઠને માથું અઢેલી, થોડી લાંબી થઈ. અમર માટે તેના દેહ પરથી નજર હટાવવી મુશ્કેલ થઈ પડ્યું. તે કંઈક કહેવા ગઈ, પણ બોલી નહીં. અમરે તેની આંખોમાં જોયું. કેટલી અતૃપ્તિ ભરી હતી તેમાં ? અણપ્રીછી તૃપ્તિની છાલકો જાણે અમરને વાગી. એકાએક સ્વરૂપને હાથમાં લઈ આશ્લેષ આપવાનું તેને મન થઈ ગયું. અને એકાએક તેને સમજાયું કે તેની એકલતા ને વિહ્વળતા શેના માટે હતા ? તે એકાએક ઊભો થઈ ગયો. 'મૂરખ, શું કરી રહ્યો છે ? દસ વરસથી સંયમ જાળવ્યો છે. પુત્રો પરણવા લાયક છે, અર્ચના હજી જીવે છે ને આ શું ?'

સ્વરૂપ તો એ ક્યારનીય જાણી ગઈ હતી, પણ રાહ જોતી હતી કે અમર પોતે જ એ બાબતમાં કંઈ બોલે. અમરે મૅન્ટલપીસનો ખૂણો પકડી લીધો. તેનું મોં સખત થઈ ગયું હતું.

'અમર ! તબિયત તો ઠીક છે ને ?' કહેતી સ્વરૂપ ઊભી થઈ. તેણે અમરના બાવડા પર હાથ મૂક્યો હતો. અમરના દેહમાં મદન સળગી જ રહ્યો હતો, વધુ ઉદ્દિપ્ત થઈ ગયો. આગળ કોઈ અનુચિત પગલું ભરાઈ ન જાય એ બીકે 'મારે હવે અહીંથી નીકળી જવું જોઈએ એમ તેણે વિચાર્યું.' રૂમમાંથી નીકળવા એક ડગલું ભર્યું ત્યાં સ્વરૂપ બોલી, 'અમર ! ક્યાં જાઓ છો ? મારી કંઈ ભૂલ થઈ ?'

અમર સ્નિગ્ધતાથી સ્વરૂપને જોઈ રહ્યો. 'ના, ના, સ્વરૂપ એવું કંઈ નથી.' અને બંનેની નજરો મળતં બંનેની નજરોમાં એ જ તલપ એકબીજામાં વિલીન થઈ જવાની તિતિક્ષા ડોકાઈ રહી.

'તમારો ગ્લાસ ખાલી છે. તે ભરવા લાઇબ્રેરીમાં પાછા જવાની જરૂર નથી. અહીં પણ છે. આવો ભરી દઉં.' ગ્લાસ લેતાં અમરનો હાથ સ્વરૂપના હાથને

સ્પર્શ્યો ! અને તનબદનમાં જાણે આગ ભભૂકી ઊઠી. સ્વરૂપને પામવાની એક અદમ્ય ઝંખના તેનામાં જાગી, છતાં તેનામાં રહેલા સંસ્કાર તેને રોકતા લાગ્યા.

'મને લાગે છે બારી ખોલી નાખું. ફાયરપ્લેસમાં બળતાં લાકડાંથી બહુ ગરમી થઈ ગઈ છે.' કહી અમર ઊઠ્યો. સ્વરૂપ તેની પીઠને જોઈ રહી. પચાસ ઉપર પહોંચેલો દેહ હજી એટલો જ સશક્ત લાગતો હતો. રેશમનું શર્ટ પાછળથી તેના માંસલ દેહને ચીપકી ગયું હતું. બાવડાં, કસાયેલાં, ઊપસી આવ્યાં હતાં.

બારી પાસે જઈ દેહની અગનને ઠારતો હોય તેમ તેણે ઊંડો શ્વાસ ભરી ઠંડીને અંદર ધકેલી. પાછા ફરી તે સોફામાં સ્વરૂપની બાજુમાં ન બેસતા ખુરશી પર બેઠો.

'સ્વરૂપ ! માફ કરજે ! આજે હું બહુ બેચેન છું. અર્ચનાની હાલત જોઈ નથી જતી, દેશની સ્થિત ડામાડોળ છે, ઇંગ્લૅન્ડમાં વેપાર વિકસાવવાની વ્યાધિ, બધી રીતે વ્યથિત છું.'

'અમર ! બધું સારું થઈ જશે. જે થાય છે તે સારા માટે થાય છે. તમને મારી જ્યારે જરૂર પડે તમારી પાસે જ છું ને !'

કેટલા મીઠ્ઠા લાગ્યા એ શબ્દો !

'સ્વરૂપ ! અહીં કોઈ તકલીફ તો નથી ને ?' અમરના શબ્દો કેટલા મૃદુ હતા ! જ્યારે તે અર્ચનાને પરણવા આવેલો ત્યારથી તે અમર પ્રત્યે હૈયું ખોઈ બેઠી હતી, પણ પછીથી તેના પિતાએ તેને પરણાવી દીધી. એક પુત્ર પણ થયો, પણ દેબુજીતને તેણે કદી ચાહ્યો નો'તો. પતિ હતો તેથી શું ? અને જ્યારે તેનું કરુણ મૃત્યુ ઊપજ્યું, ત્યારે પણ તે રડી નો'તી. પુત્ર મોટો થતાં અમરે જ આસામના બગીચાઓનો મૅનેજર તેને બનાવ્યો હતો ને ! અને વિધિની કેવી વિચિત્રતા કે બહેન – અર્ચનાને માનસિક રોગ લાગુ પડતાં તે જ પાછી અમરના ઘરનું ધ્યાન રાખવા આવી, પણ પેલી તિતિક્ષા... એનું શું ? ક્યાં સુધી ઘરબાયેલી રહેશે ?

'શું વિચાર કરી રહ્યા છે, સ્વરૂપ ?'

'હં' ચમકીને સ્વરૂપે અમર તરફ જોયું. 'અચાનક દેબુજીતનો ખ્યાલ આવી ગયો.'

'સ્વરૂપ ! એક પ્રશ્ન પૂછું ? તમે કેમ કદી ફરી ન પરણ્યાં ?'

'ના, અમર ! દિલ એક જ પુરુષને આપી દીધેલું. તેની સાથે લગ્ન અશક્ય હતા અને હવે તો માનવ પણ પરણવા જેવડો થઈ ગયો છે. આ ઉંમરે હવે શું ?'

'ચાલીસ, પિસ્તાલીસ કંઈ બહુ મોટી ઉંમર ના કહેવાય.'

'ના, અમર, હવે કદી નહીં. બહુ ઠંડી લાગે છે. બારી બંધ કરી દેશો ?' અમરે બારી બંધ કરીને પાછો ફર્યો. સ્વરૂપ બોલી, 'આવો, મારી બાજુમાં બેસો.' તેના સ્વરમાં એવો આર્જવ ભર્યો હતો કે અમર ના ન પાડી શક્યો.

'અમર !' અમરનો હાથ હાથમાં લેતાં સ્વરૂપ બોલી, 'તમે અર્ચનાને લીધે પરેશાન છો ને ?'

'થોડે ઘણે અંશે.'

'અમર ! તમારાં લગ્નજીવન વિષે મેં ડૉક્ટર સાથે વાતો કરેલી. તમારા સંયમને મારે દાદ દેવી પડશે.'

'સ્વરૂપ ! જીવન એક અજીબ ઈશ્વરની દેન છે. જીવનરૂપી છોડને સંસ્કારોનું સિંચન માતાપિતા, સમાજ કરે છે, પણ આપણામાં દટાયેલી આકાંક્ષાઓને જિજીવિષાઓનું દમન કરી આપણે આપણી જાતને છેતરતા નથી ? કેટલા માનવો પ્રામાણિકપણે જીવતા હશે ?'

'અમર ! સમાજને બદલતા વરસો લાગે. માનવી પોતા પ્રત્યે પ્રામાણિક બને તો પણ ઘણું, પણ એવી ભારેખમ વાતો જવા દો. હું તો અહીં તમારી પાસે જ છું ને ?'

'હા, સ્વરૂપ ! પણ થોડા મહિના માટે તમે માનવના લગ્ન માટે તો આસામ જશો ને ? ત્યારે આ ઘરનું શું થશે ? એમાંય ઇંગ્લૅન્ડ જવાનું થશે તો ?'

'તો હું ત્યાં પણ આવી શકીશ ને ? મારી જરૂર હોય ત્યાં સુધી.' અને સ્વરૂપના હાથના અંકોડા અમરના હાથ પર ભીડાયા. એક અગન આખા દેહમાં ઊપડી. કેટલા વખત પછી આવો ઉત્તેજક સ્પર્શ તેણે અનુભવ્યો ? બંનેના હાલ એ જ હતા. બંનેની આંખમાંથી સંયમરૂપી ઉદાસી નીતરી રહી. અમરના લસલસતા હોઠો થોડા ખૂલ્યા, તેનો શ્વાસ ઝડપથી ચાલવા લાગ્યો ને એકાએક સ્વરૂપે હાથ ખેંચી લીધો.

અમરની આંખોમાંથી એક વેદના ઢોળાઈ, બીજી જ ક્ષણે તેણે સ્વરૂપનો હાથ પકડી લીધો. તેના આંગળા ચુમ્યા, પછી હથેલી ને એ દબાયેલી સ્વરૂપની ઝંખનાની ચીસ તેને સંભળાઈ. તે તેના મુખ પર ઢળ્યો. અધરો અધરથી મળ્યા. વરસોથી સંઘરાયેલી ભૂખ જાણે પૂરેપૂરી ઉદિપ્ત થઈ ગઈ હતી. એકાએક તે સ્વરૂપને ઊંચકીને પલંગ પર લઈ ગયો. સ્વરૂપ તેને ચીપકી રહી.

અને વર્ષો જૂના સંસ્કારો, સંયમ વાસનાની આગમાં ભરખાઈ ગયા. 'ઓહ ! અમર ! આ ક્ષણ માટે વીસ વરસથી રાહ જોઈ રહી હતી !' સ્વરૂપે ધીમેથી અમરના કાનમાં કહ્યું.

બંનેને ભાન પણ નો'તું એ રોજની માફક વસુંધરા બધું બરાબર છે કે નહીં તે જોવા બધાના રૂમ પાસે જતી. તે આ દૃશ્ય જોઈ સ્તબ્ધ બની ગઈ. પોતે પકડાઈ જશે એ ખ્યાલે તે ત્યાંથી ભાગી પાછળ ફરી તેણે જોયું હોત તો દેખાત કે અર્ચના પણ તેના રૂમમાંથી નીકળી સ્વરૂપના રૂમ તરફ જતી હતી.

અંદરનું દૃશ્ય અર્ચનાએ પણ જોયું. એકના જીવનની પરિતૃપ્તિની ક્ષણ હતી ને બીજું જીવન અંત લાવવા પોતાના રૂમમાં દોડી ગયું.

: ૧૩ :

પ્રભાતનાં આછાં અજવાળાંની હજી ટશર ફૂટતી હતી, મંદ પવનની લહેરખીઓ રૂમમાં આવી જતી હતી. આછા પરદાને ફરફરાવી જતી હતી. મન પ્રસન્ન થાય તેવું વાતાવરણ હતું, પણ સ્વરૂપ વહેલી ઊઠી ગઈ. પલંગમાં અમરના પૌરુષભર્યા દેહને ફેલાયેલો જોયો ને તેની આંખોમાંથી આંસુઓની ધારા છૂટી. 'અરેરે ! આ શું થઈ ગયું ? શું કરી નાંખ્યું ? બહેનની જિંદગી રોળી નાંખી ! મનના અતલ ઊંડાણમાં અમરનાથ માટે પ્રેમ હતો, પણ વાસના એટલી જલદ થઈ ગઈ કે એ સાચ્ચા પ્રેમને તેણે રોળી નાંખ્યો ? અર્ચનાને ખબર પડે તો ? આ એક નૈતિક પાપ નથી ? તેનું મન કંઈ કંઈ વિચારો કરવા લાગ્યું. હવે સારાસારનું ભાન તેને થયું. ઉદ્દિપ્ત થયેલા જલતા તનને શાંતિ મળતાં, મનના ઊંડાણમાં પડેલ સારા વિચારો હવે ઊછળી આવ્યા. 'અરે ! જે બહેનની માનસિક સ્થિતિ કથળેલી હતી, તેનું ઘર સંભાળવા આવી હતી ને તેણે આ શું કરી નાંખ્યું ?

પલંગ પર અવાજ આવતાં તેણે પાછા ફરીને જોયું. અમર આળસ મરડી ઊભો થતો દેખાયો. પરિતૃપ્તિની અનોખી ઝલક તેના ચહેરા પર ચમકી રહી હતી. ધીમું, મીઠું તે સ્વરૂપ સામે જોઈ હસ્યો. ઊભા થઈ તે પણ બારી પાસે આવ્યો. 'અરે, અરે ! સ્વરૂપ ! તું રડે છે ? શું વાત છે ?' તેના સ્વરમાં ચિંતા ભળી.

'અમર ! જે થયું તે બરાબર નથી થયું. આપણે પાપ કર્યું છે.'

'સ્વરૂપ ! તું જ કહેતી હતી કે તને મારા માટે પ્રેમ છે. તો પ્રેમમાં આ સહજ નથી ? આને પાપ કહેવાય ?'

'અમર ! આપણે હવે જુવાનિયા ન કહેવાઈએ અને કોઈને છેહ દઈ આવું કુકર્મ કરીએ એ પાપ જ કહેવાય. હું અહીં મારી બહેનનું ઘર સંભાળવા આવી હતી અને વાસનાએ...' સ્વરૂપનું વાક્ય અધૂરું જ રહી ગયું. તેણે બહાર ચીસ સાંભળી અમર તરફ જોયું.

વસુંધરાની માતાની તબિયત હમણાં સારી નો'તી રહેતી તેથી વસુંધરા એ દિવસે રજા લઈ, પ્લાન્ટેશનને છેક છેડે આવેલા આઉટ હાઉસમાં જ્યાં તેઓ રહેતા હતાં ત્યાં ગઈ હતી. ગઈકાલની રાતની પાર્ટીનો થાક હતો એ પણ ઊતરી જશે તેમ તેને લાગેલું. એની ગેરહાજરીમાં જુલીએ અર્ચનાનું ધ્યાન રાખવાનું હતું. તેથી સવારના પહોરમાં અર્ચનાનો બ્રેકફાસ્ટ ને ચા લઈ તે અર્ચનાના રૂમમાં ગઈ. અર્ચના રીકલાઇનિંગ ચેરમાં સૂતેલી લાગી તેને માનસિક રોગનો હુમલો આવતો ત્યારે

ઊંઘવાની ગોળી લઈ તે આમ જ સૂઈ જતી. જુલીએ ટ્રે ત્યાં ટેબલ પર મૂકીને બોલી, 'મૅમ ! નાસ્તો તૈયાર છે.' પણ કંઈ જવાબ ન મળતાં તે ચેરની સામે આવી. અને તેના મોંમાંથી ચીસ નીકળી ગઈ. અર્ચનાની આંખો ખુલ્લી હતી, પણ સ્થિર હતી. એવું જ લાગે કે તે જુલીને જોઈ રહી છે, પણ હોઠ થોડા બ્લ્યુ લાગ્યા ને અચાનક જુલીની નજર અર્ચનાના હાથો પર પડી. બંને હાથ ખુરશીના હાથા પરથી લબડી રહ્યા હતા. એક હાથની હથેળીમાં બે આંગળીથી પકડેલી ગોળીઓની બૉટલ ડોકાઈ રહી હતી. બૉટલ સાવ ખુલ્લી ને ખાલી હતી.

જુલી ભયભીત થઈ રૂમની બહાર આવી ગઈ ને દોડી જતાં પહેલાં ચીસ પાડી. અમરે ને સ્વરૂપે તે સાંભળી. બંને દોડીને રૂમમાંથી બહાર આવી ગયાં ને દોડી જતી જુલીને પકડી રાખી. બધા અર્ચનાના રૂમમાં ગયા ને અર્ચનાની હાલત જોઈ સ્તબ્ધ થઈ ગયા. અમરે તરત સ્વસ્થ થઈ અર્ચનાનો હાથ હાથમાં લઈ નસ પર હાથ મૂક્યો. ધબકારા બંધ હતા. નાક પાસે હાથ મૂક્યો, શ્વાસ નો'તો. તરત તેણે ખાલી બૉટલ જોઈને પરિસ્થિતિ પામી ગયો. તેણે તરત જુલીને કોઈને કશું ન કહેવાની આજ્ઞા કરી. રસોડામાં મોકલી દીધી.

સ્વરૂપ તો આઘાતની મારી ઢગલો થઈ બેસી ગઈ. ધ્રુસકે ધ્રુસકે રડી રહી. 'અમર ! મેં ધાર્યું હતું તેવું જ થયું. અર્ચનાને આપણા કૃત્યની ખબર પડી ગઈ હશે. હવે મારું અહીં રહેવું મુનાસિબ નથી.'

'સ્વરૂપ ! ઉતાવળી ન થા. અત્યારે ક્યાંય જવાય નહીં. ગઈકાલે રાત્રે જ પાર્ટી પૂરી થઈ છે. તારા જવાથી નાહકનો શક ઊભો થશે. અર્ચનાએ ગોળીઓનો 'ઓવરડોઝ' કર્યો લાગે છે. તાબડતોબ ડૉક્ટરને બોલાવવા પડશે.' કહી અમરે ગામમાં ફોન કર્યો ને જીપને ડૉક્ટરને જે અર્ચનાની સારવાર કરતા હતા તેમને લેવા મોકલી. ગામમાં જતાં અર્ધો કલાક થાય ને પાછા આવતાં અર્ધો કલાક થાય.

ડૉક્ટર આવ્યા. તપાસીને કહ્યું, 'સૉરી ! અમરનાથ, શી ઈઝ નો મોર ! હાર્ટ ઍટેક કે મલ્ટિપલ સ્કલેરોસીસનો ફ્લેરઅપ નથી લાગતો. હૉસ્પિટલમાં પોસ્ટમોર્ટમ કરાવવું છે ?' પોલીસ કેસ થશે.'

'ડૉક્ટર સાહેબ ! મારી આબરૂ તમારા હાથમાં છે. તમારે હાર્ટઍટેકવાળું ડેથ સર્ટીફિકેટ લખવું જ પડશે ને દેહના અંતિમ સંસ્કાર કરવા ગામના સ્મશાને જવું પડશે. તમારી હાજરીની જરૂર પડશે.' વર્ષોથી ડૉક્ટર અમરનાથના કુટુંબના ફૅમિલી ડૉક્ટર હતા. સંભાળવું જ રહ્યું. અમરનાથે ગામની હિન્દુકોમના ચેરમૅનને ફોન કરી પરિસ્થિતિ વર્ણવી ને ડૉક્ટરને જ વાત કરવા ફોન આપ્યો.

'મી. ગણાત્રા ! અમરનાથના પત્ની અર્ચનાબહેનનું વહેલી સવારે હૃદયાઘાતથી મૃત્યુ થયું છે. તેમના અંતિમ સંસ્કારની વ્યવસ્થા કરવાની રહેશે. કેટલા વાગ્યે સ્મશાને ભેગા થવાનું એ માટે તમારે મંદિરમાં જાહેર નોટિસ મુકાવવી પડશે.'

સાંજના પાંચ વાગ્યાનો સમય નક્કી થયો. જોતજોતામાં બધા મજૂરો, મૅનેજરને ખબર પડતાં બધાં આવવા લાગ્યા. વસુંધરા ને તેના માતાપિતા છેક છેવાડે હોવાથી તેમને સમાચાર પહોંચ્યા નો'તા, પણ ત્રણેક વાગ્યે માતાની તબિયત ઠીક લાગતા વસુંધરા પાછી ફરી. પિતા પણ ઑફિસે જઈ થોડું કામ પતાવવા નીકળ્યા.

વસુંધરાને તેમના આઉટહાઉસથી અમરનાથના ઘરે પહોંચવા આ હરિયાળો ઢોળાવ ખૂબ ગમતો. ઊતરી તો દોડતાં દોડતાં ઊતરી જવાતું, પણ ચઢવું થોડું આકરું લાગતું. એ ઢોળાવ પર જ હરિયાળી લોન ઉગાડી હતી ને એક બાજુ ઘર પાસે જાતજાતનાં ફૂલો ઉગાડેલાં હતાં. ત્યાં હવામાન પર્વતની ઊંચાણે હોવાથી હંમેશ થોડું ઠંડું જ રહેતું તેથી કાર્નેશયમ ફૂલો સુંદર ઊગી જતાં. આ બધાં રંગબેરંગી ફૂલો પર રંગબેરંગી પતંગિયાં પણ ઊડતાં. એ જોવાની વસુંધરાને બહુ મજા પડતી. આજે પણ મુગ્ધ મને કુદરતના આ સૌંદર્યને જોતાં જોતાં ઘર પાસે આવી. અજાણતાં તેનું ધ્યાન અર્ચનાના રૂમની બારી તરફ ગયું. બારીમાં કોઈ ઊભું નો'તું. 'રાતનો થાક હશે તેથી મૅમ સૂતાં હશે.' વિચારી ધીમેથી પાછલા દરવાજેથી તે ઘરમાં દાખલ થઈ. 'ઘરમાં આવો સન્નાટો ક્યાંથી ?' તેનું હૃદય ધડકી ઊઠ્યું. રાતે જોયેલા દૃશ્યથી હજી આમેય તેના મન પર ભાર હતો ને ઘરનું આ બોઝલ વાતાવરણ જોઈ તે બેચેન થઈ ઊઠી. રસોડામાં ગઈ પણ ત્યાં કોઈ નો'તું. આગળ બધી, ઘરના પ્રાંગણમાં આવી ને તે જડાઈ ગઈ. આટલા માણસો ! અહીં આજે ! શું હશે ?

ત્યાં જ સામેથી પિતાને આવતા જોયા. દોડીને ત્યાં ગઈ. પિતાની સામે તેણે પ્રશ્નાર્થ નજરે જોયું. વસુંધરાનો હાથ પકડી તેઓ પ્રાંગણના અંદરના રૂમમાં લઈ ગયા. ઑફિસે જતાં જ વિશ્વાસે તેને અર્ચનાના મૃત્યુના સમાચાર આપ્યા હતા. નીચે ભોંય પર અર્ચનાને સૌભાગ્ય વતીના રૂપમાં શણગારેલી જોઈ. હળવી ચીસ તેના મોંમાંથી નીકળી ગઈ. દોડીને તે અર્ચનાના શબ પાસે પહોંચી ગઈ. ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. છેલ્લા થોડા મહિનામાં તેને અર્ચના માટે મમતા બંધાઈ ગઈ હતી. હૃદય ખાલી થતાં આંખો લૂંછી તે ઊભી થઈ. તેની આંખમાં આગનો ભડકો બળ્યો. તેણે સ્વરૂપ તરફ નજર નાંખી. સ્વરૂપે એ આંખમાં આગ જોઈ ને તે સમજી ગઈ કે તેનું પાપકર્મ વસુંધરાએ જોઈ લીધું લાગે છે. તેની નજરો ઝૂકી ગઈ. વસુંધરાએ અમરનાથ તરફ જોયું. એક ભયંકર અણગમો તેમાંથી ડોકાઈ રહ્યો, પણ અમરનાથ એ સમજી ન શક્યા કે શા માટે ?

ચાર વાગતાં જ શબને સ્મશાને લઈ જવાની તૈયારી થઈ. ગામમાં તો વાયુવેગે સમાચાર ફેલાઈ ગયા હતા. આવા પ્રતિષ્ઠિત માનવીની પત્નીની સ્મશાન યાત્રામાં કોણ ન આવે ? અમરનાથના જાણીતા અંગ્રેજ મિત્રો, આફ્રિકન રાજકારણીઓ, પ્લાન્ટેશનના મજૂરો ને ગામની કોમ આખું સ્મશાન ભરાઈ ગયું.

અંતિમક્રિયા પતાવી બધા પાછા ફર્યા ત્યારે રાત પડી ગઈ હતી. બધાનાં હૃદય ભારે હતાં, પણ વસુંધરા જોઈ શકી હતી કે રણજિતને આ મૃત્યુથી ખાસ કંઈ લાગ્યું નો'તું. પણ રવિને એક બાળકની જેમ રડતો જોઈ, તેને અનુકંપા જાગી. તે ત્યારે ધીમેથી તેના બાજુમાં ગઈ હતી ને સ્નેહથી તેનો ખભો દબાવી. સાંત્વના આપતી રહી. રવિને એ સારું લાગેલું.

બારમું પતતાં જ સ્વરૂપ ભારત જવા ઊપડી ગઈ. રવિને ઇંગ્લૅન્ડ જવાનું હતું ને અમરનાથને વુલન ફૅક્ટરી છેલ્લે પાયે પહોંચી હતી, તેની તપાસ કરવા જવાનું હોવાથી તે ને રવિ સાથે ગયા. પ્લાન્ટેશન ને ફૅક્ટરીનો ભાર સુરેન્દ્રનાથ ને વિશ્વાસના ભરોસે મૂકી તેઓ ગયા.

રણજિતની ખુશીનો પાર ન રહ્યો. પિતા પાછા ન ફરે ત્યાં સુધી હવે તેની હેસિયત માલિકની હતી. જ્યારે ચાહે ત્યારે તે મનફાવતા પૈસા બૅન્કમાંથી ઉપાડી શકશે તે વિચારે તે આનંદી રહ્યો, પણ અમરનાથ ક્યાં તેને નો'તા જાણતા. બધી જ વ્યવસ્થા કરી તેઓ નીકળેલા. બૅન્કની ચેકબુક્સ વિશ્વાસ પાસે હતી ને જેટલા પૈસા વપરાવાના હતા તેટલા જ ચેકમાં સાઇન કરી તેઓ નીકળેલા. બે અઠવાડિયાની સગવડ કરીને. તેમના સિવાય ચેકબુક્સમાં કોઈની સાઇનનું વજૂદ નો'તું.

જ્યારે ખબર પડી કે પોતાને પણ પૈસા માટે વિશ્વાસ પાસે હાથ લંબાવવો પડશે. રણજિત ધૂંઆપૂંઆ થઈ ગયો. પિતા પ્રત્યેનો તિરસ્કાર તેનો બેવડાયો.

* * *

અર્ચનાના મૃત્યુના આઘાતની અસર હજી ધીમે ધીમે ઓછી થતી હતી, ત્રણચાર મહિના પછી વસુંધરાની માતાની તબિયતે ગંભીર રૂપ લીધું. પર્વતના ઢોળાવ પર રહેવાથી ઠંડી સામાન્યતઃ વધુ હોય તેથી ઉધરસ આવ્યા કરતી. પણ મટી જશે માની ગામમાંથી જનરલ પ્રેક્ટિશનર પાસેથી દવા લેતા, પણ કિલિમાન્જારો રીજિયનમાં, આફ્રિકનોમાં પૂરતી સ્વચ્છતાના અભાવે, ટીબી તથા ન્યુમોનિયા ઘણા વ્યાપક હતા. ઉધરસ ખૂબ વધી જવાથી છેવટે ત્યાંની મોટી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. ટીબીનું નિદાન થતાં આવા રાજરોગનું નામ સાંભળી સુરેન્દ્ર તથા વસુંધરાની છાતી બેસી ગઈ. આવા રાજરોગની ચિકિત્સા માટે તો ઘણા પૈસા લાગે. હવે ?

હૉસ્પિટલમાં સારવાર થઈ, થોડું સારું થતાં ઘરે જવાની રજા મળી. નવ મહિના સુધી તેની ગોળીઓ ચાલુ રાખવાની હતી. અમરનાથે પૈસાનો ઉકેલ તો લાવી દીધો હતો. બધી જ સારવારનો ખર્ચો તેણે ઉપાડી લીધો હતો. ઘરે આવી ગયા પછી એક-બે મહિનામાં ઉધરસે પાછો ઊથલો માર્યો. સુરેન્દ્ર ને વસુંધરા ચિંતામાં પડી ગયાં. ડૉક્ટર છેક તળેટીમાંથી ઇન્જેક્શન મારવા આવતાં, પણ વસુંધરાની માતા હવે હિંમત હારવા લાગ્યાં હતાં. ખૂબ જ નબળાઈ હતી. દવાઓની

આડઅસર પણ ખૂબ હતી. તેઓ હવે હૉસ્પિટલમાં દાખલ થવા નો'તા માંગતા. ધીમે ધીમે તેમની તબિયત લથડી ને એક રાતે તેમણે સુરેન્દ્રને કહ્યું, 'જુઓ ! મને નથી લાગતું હવે હું બચું. વસુંધરા જુવાન થઈ છે. હું હોઉં કે ન હોઉં તમારે થોડો વખત ભારત તેને લઈને જવું પડશે. ત્યાં તેનાં લગ્ન કરાવી દેજો. અહીં તો આપણો કબીલો કોઈ છે નહીં. મારા ધારવા પ્રમાણે વસુંધરા રવિ તરફ ખેંચાઈ છે, પણ માલિકના દીકરા સાથે લગ્નની સંભાવના ઓછી જ હોય. અમરનાથ તમારા મિત્ર છે, પણ જે ઘરમાં વસુંધરા નોકરાણી તરીકે કામ કરતી હોય તેને ઘરની વહુ તો ન જ બનાવે ને ?'

'તું જરા પણ ચિંતા ન કર. વસુંધરા હોશિયાર ને સુંદર છે. તેને મનગમતો સાથી મળી જ જશે.' પણ તેઓ વિધિના લેખ થોડા વાંચી શકે છે !

સવારે કામે જવા સુરેન્દ્રનાથ ને વસુંધરા તૈયાર થતાં હતાં. જતાં પહેલાં માતાને ચાનો પ્યાલો આપવા તે માતાના રૂમમાં ગઈ. 'કેવી શાંતિથી સૂતી છે ! વિચારી ચાનો પ્યાલો પલંગની બાજુમાં લૅમ્પ ટેબલ પર મૂકી તેણે માતાને કહ્યું, 'મા ! ચા તૈયાર છે. ઊઠ, તને પાઈ દઉં.' કહી તેણે માતાને બેઠા કરવા માંથું ઊંચું કર્યું ને ત્યાં જ એક હાથ જાણે નીચે સરકી, લબડી રહ્યો. વસુંધરા પળ ભર એ નિર્જીવ હાથને જોઈ રહી. હૃદય પર માથું મૂકી ધબકારા સાંભળવા વસુંધરાએ પ્રયત્ન કર્યો ને તેનાથી ચીસ પડાઈ ગઈ. 'પિતાજી !'

સુરેન્દ્રનાથ ગભરાઈને દોડી આવ્યા. વસુંધરાનો ચહેરો આંસુથી લીંપાઈ ગયો હતો ને એક હાથ લંબાઈ તેની માતાને બતાવી રહ્યો. સુરેન્દ્રે પત્ની તરફ જોયું. હજી તો રાતે જ બધું તેને સમજાવતી હતી. તેણે તરત અમરનાથને ફોન કર્યો.

અર્ચનાના મૃત્યુ પછી ત્રણ જ મહિનામાં પ્લાન્ટેશન પર બીજું મૃત્યુ થયું. અંતિમ ક્રિયાઓ પતી, પણ વસુંધરા સૂનમૂન થવા લાગી. આ ભર્યા સંસારમાં માતા જ એક સખી હતી. જેની સાથે તે બધી વાતો કરી શકતી.

અમરનાથ પણ મૂંઝવણમાં હતા. દેશનો સમાજવાદી ઝોક વધતો જતો હતો. દેશના પ્રૅસિડેન્ટ પશ્ચિમી દેશો તરફથી કોઈ સહાય ન મળતા, ચાઇના મુલાકાતે જવાની તૈયારી કરી રહ્યા હતા. ઇંગ્લૅન્ડની ફૅક્ટરી વુલન મિલ્સ હવે છેક છેલ્લા પાયે હતી. વરસમાં તૈયાર થતાં ઑસ્ટ્રેલિયાથી વુલ આવતાં વુલન કપડાં બનાવવાનું કામ શરૂ થશે. ત્યારે ત્યાં સંભાળ માટે સુરેન્દ્રને મોકલવાનું અમરનાથ વિચારતા હતા. રવિની સ્કૂલ પૂરી થતી હતી. તેને બૅરિસ્ટર બનવું હતું તેથી લંડનની મિડલ ટેમ્પલ ઇન કૉલેજમાં ઍડ્મિશન મળી ગયું હતું. ત્રણ મહિનાની રજા પૂરી થતાં તેને પાછા જવાનું હતું. તે વૅકેશનમાં ઘરે આવ્યો હતો. ત્યાં વસુંધરાની માતાના મૃત્યુના સમાચાર તેને મહિના પહેલાં મળેલા તેથી આવીને તરત તે વસુંધરાને મળ્યો. વસુંધરાએ ઘરમાં કામ તો ચાલુ કરી દીધેલું, પણ સાંજના તે રવિ સાથે 'વૉક' કરવા

નીકળતી. વધુતર રવિ જ બોલતો. તેની ઇંગ્લૅન્ડ ને લંડનની વાતો સાંભળી વસુંધરાનું મહાત્ત્વાકાંક્ષી મન પણ ઊડીને ન જોયેલી ભોમ તરફ આકર્ષાતું રહ્યું. ત્યાં મન કેમ ખૂબ ખેંચાય છે તે તે સમજી શકતી નો'તી.

એ સાંજે રવિ ને વસુંધરા બંને ફરવા નીકળ્યાં. 'વસુ ! આટલાં વરસોથી અહીં રહીએ છીએ, કિલિમાન્જારો પર્વત કદી ચડ્યા નહીં. ત્યાં જવા માટે – ઊંચી ટોચે પહોંચવા ત્રણ રાત ને બે દિવસ કે તેથી વધુ જોઈએ. પણ નવહજાર ફૂટની ઊંચાઈએ પહેલી 'હટ' વિસામા માટે બનાવી છે. આપણે એક વખત ત્યાં સુધી તો ચડવું જ જોઈએ.'

'હા, રવિ ! પણ એ માટે ત્યાં સુધી જવા ને પાછા આવવા માટે આખો દિવસ જોઈએ. ઉપર ચડવા માટે જોમ પણ જોઈએ ને !'

'એક દિવસ જુલી તારું કામ સંભાળી ન શકે ? પ્લીઝ, મને કંપની આપ. મારું વૅકેશન તો જોતજોતામાં પૂરું થઈ જશે.'

'તો ત્રણ મહિના તમે ઑફિસ ને પ્લાન્ટેશન નથી સંભાળવાના ?'

'વસુ ! મને બિઝનેસમાં રસ નથી. બૅરિસ્ટર થઈ જતાં હું તો ઇંગ્લૅન્ડમાં જ સ્થાયી થઈ પ્રૅક્ટિસ કરવાનો છું.'

'રવિ ! રણજિત તમારા ભાઈ છે, પણ તેમનો બિઝનેસમાં જે રસ છે એ જોતાં તમારા પિતાની પ્રોપર્ટી ને દોલત પર તે હક્ક જમાવી બેસશે તેવો વિચાર તમને કદી નથી આવતો ?'

પહેલી વાર રવિ આશ્ચર્યથી વસુંધરાને જોઈ રહ્યો. અત્યાર સુધી તેણે તેને ઘરમાં કામ કરતી છોકરી તરીકે જ મૂલવી હતી. પણ તેના મનમાં બિઝનેસ ને તેના કાવાદાવાના વિચારો ચાલતા હશે તેની તેને કલ્પના પણ નો'તી. આ હોશિયાર છોકરી માટે તેને સ્નેહ ને માન ઉત્પન્ન થયાં.

'વસુ ! તને ઇંગ્લૅન્ડ આવવું ગમે ?'

પોતાના મનના વિચારો આ ક્યાંથી જાણી ગયો !

'હા ! મન તો થાય, પણ આપણા હાથની વાત ક્યાં છે ?'

'હં !' કહી રવિ કંઈ વિચારી રહ્યો.

ત્યાં વસુંધરા બોલી, 'રવિ ! તમે તમારા પિતાને કહી એક દિવસની રજા મેળવી દો. આપણે પહેલી હટ સુધી જરૂર ચડી આવશું.' અને એકાએક તેના મોં પર ઉત્સાહ ઊભરાયો. 'એક શરત ! જે પહેલાં મુકામ હટ પર પહોંચે તેને શું ઇનામ મળે ?'

'એ તો પહોંચ્યા પછી જ આપણે નક્કી કરશું.' સાંજે જમવાના ટેબલ પર – રવિ ને રણજિતની મુલાકાત ફક્ત જમતી વખતે જ થતી. રણજિત ખૂબ જ અધીરાઈથી ફૅક્ટરી ને પ્લાન્ટેશન સંભાળતો. રવિ માટે તેને વધુ વખત નો'તો.

અમરનાથ ને કામકાજની બાબત માટે દેશના કારોબારની મુખ્ય ઑફિસો દારેસલામ – રાજધાનીમાં હોવાથી અવારનવાર જવું પડતું. અંગ્રેજો બધાને ભ્રષ્ટાચાર શીખવી ગયા હતા તેથી મંત્રીઓથી માંડી ચપરાસી સુધી સૌને ચાંદલા કરવા પડતા. ત્યારે જ કોઈ કામ આગળ ચાલતું. અમરનાથ હવે આ વધુ પડતા ભ્રષ્ટાચારથી થાક્યા હતા. ઇંગ્લૅન્ડની વુલન ફૅક્ટરી જલદીથી ચાલુ થાય તેનો ઇંતેજાર તેમને હતો. તેમને કામની બાબતમાં બેચાર દિવસ માટે દારેસલામ જવાનું હતું. કૉફીની પીકિંગ સીઝન પૂરી થઈ હતી. નવા પાક ઉગાડવાની તૈયારી ને સૂચના તેણે આપી દીધાં હતાં. ત્યાં 'પપ્પા !' રવિને બોલતાં સાંભળી તેણે રવિ તરફ જોયું. 'પપ્પા ! અહીં કામે ચડતાં પહેલાં કિલિમાન્જારો પર્વત ચડવા વિચાર છે.'

રવિની કામે ચડવાની વાતથી રણજિત ચમક્યો. તેની જરા પણ ઇચ્છા નો'તી કે રવિ અહીંના કામમાં દખલગીરી કરે.

'અરે ! રવિ ! એક્સેલન્ટ આઇડિયા ! બરાબરને પપ્પા ?' અમરનાથ વેધક નજરે રણજિતની ચાલાકી તરફ જોયું. ને પછી બોલ્યા, 'રવિ ! એકલો જઈશ ?'

'પપ્પા ! અહીં તો ક્યાં કોઈ મિત્રો છે ? હા, વસુંધરાનો સાથ ગમે છે. તમે તેને એક દિવસની રજા આપો તો તે મને કંપની આપી શકે.'

રણજિતના મુખ પર એક લુચ્ચું હાસ્ય આવી બેસી ગયું.

'બચ્ચું ! જુવાન થઈ ગયો છે એમને ?'

'ભલે ! ક્યારે જવું છે ?'

'શનિવારે. બે દિવસ પછી.'

'જુઓ, ગાઇડ લઈ લેજે. બંને સાવ એકલાં ન જતાં. ચઢાણ કપરાં હોય છે. ક્યાંક ત્યાં ઉપર જંગલમાં ભૂલાં ન પડી જાઓ.'

અને રવિની વસુંધરાની નજરો મળી. શું હતું તેમાં ? ઉન્માદ ? અણપ્રીછી ઝંખના ? કે ફક્ત સાથની ખેવના ?

: ૧૪ :

રવિના આનંદનો પાર નો'તો. પિતા આટલા જલદી માની જશે જાણી તેને નવાઈ લાગી. જોકે એ જોઈ શક્યો હતો કે પિતા હમણાં કંઈક મૂંઝવણમાં હતા ને માતાના મૃત્યુ પછી કંઈક અપરાધભાવે જીવતા લાગ્યા, પણ ઘરમાં શું થઈ ગયું હતું તેની જાણ તેને નો'તી. માતાનું મૃત્યુ હૃદયાઘાતથી થયું, તેમ તેણે જાણેલું. તેણે જ્યારે પિતા પાસે જ્યારે વસુંધરાનો સાથ માંગ્યો ત્યારે રણજિતના મોં પર લુચ્ચું હાસ્ય જોઈ તેના વિચારો તે કળી ગયો હતો. ત્યારે તેને રણજિતની વિચારસરણી પર તિરસ્કાર આવેલો. અચ્છી પરવરિશને કારણે ને અર્ચનાના સાત્વિક વિચારોની અસરથી તેને કદી કોઈ કુવિચારો આવતા નહીં.

આજે પણ વસુંધરા સાથે હશે જાણી સખાભાવનો આનંદ તેને થયો. પોતે તો ફક્ત ત્રણ જ મહિના માટે આવ્યો રજાઓમાં. વસુંધરા જેવી હોશિયાર સખીનો સાથ મળે એથી વધુ રૂડું શું ?

શુક્રવાર સાંજે વસુંધરાએ પિકનિક બાસ્કેટ તૈયાર કરી લીધી. જોઈતાં પાણી ને જ્યુસની બૉટલ ને કેન્સ લઈ લીધાં. તાજા ફળો લીધાં ને શનિવારે બે ટાઇમ માટે સેન્ડવીચ, સલાડ, બટેટાની પતરી, કેળાની પતરી વગેરે લઈ લીધાં. કૉફીના છોડને રક્ષવા કેળનાં ઝાડ ઉગાડાતાં તેથી કેળાનો પાક સારો ઊતરતો. રાત્રે તે ઘરે આવી. પિતાને વાત કરી. પિતાને વસુંધરા પર વિશ્વાસ હતો. જોકે વસુંધરા રવિ તરફ ખેંચાણી છે તે વાતની તેને જાણ હતી તેથી મોઘમ રીતે તેમણે વસુંધરાને કહ્યું કે સંભાળીને જાય ને રહે.

શનિવારની સવાર પડી. આકાશ ગોરંભાણું હતું. સુરેન્દ્રનાથે વસુંધરાને કહ્યું. 'વસુ ! હવામાન બગડવાનાં ચિહ્નો દેખાય છે. જવું જ છે ?'

'પિતાજી ! સવારના જ વરસાદનું ઝાપટું પડી જશે તો પછી તો વાંધો નહીં આવે.'

'પણ કંઈ તકલીફ પડી તો ?'

'પપ્પા ! અમે ફક્ત પહેલા મુકામ 'મન્ડારા હટ' સુધી જ ચડવાનાં છીએ. કદાચ કંઈ તકલીફ કે તુફાન નડ્યા તો ત્યાં રહી જશું. મંડારા હટમાં તો બધી સુવિધાઓ છે. વળી બધી 'હટ'ના મૅનેજરો અમરનાથને ઓળખે છે. અમને કશો વાંધો નહીં આવે.'

સુરેન્દ્રનાથ આ મા વગરની વીસ વરસની દીકરીની જોઈ રહ્યા. હોશિયાર, ચાલાક, સુંદર દીકરી, મહેલાતોમાં રહેવાવાળી, આજે નોકરાણીનું કામ કરી રહી છે. એક નિઃશ્વાસ નીકળી ગયો તેમનાથી, પણ વસુંધરા બહાદુર પણ હતી, એ તો તેઓ જાણતા હતા તેથી નચિંત જીવે જવા દીધી.

કિલિમાન્જારો પર્વત ચડવાનું મુખ્ય પ્રવેશદ્વાર કિલિમાન્જારો નૅશનલ પાર્ક. ત્યાંથી ચડવા માટે ગાઇડ તથા બધી સુવિધા મળે. રવિ ને વસુંધરા બધું ઘરેથી લઈને આવેલા. પ્રવેશદ્વારથી ફક્ત ચાર હજાર ફૂટ જ ઉપર ચડવાનું હતું. ત્રણ કલાક ચડવાના ને ત્રણ કલાક ઉતરવાના. સાંજ સુધીમાં તો પાછા આવી જવાય. જીપ ત્યાં પાર્કિંગ લૉટમાં પાર્ક કરી, ઑફિસમાંથી 'સ્ટાફ' લાકડાની લાકડીઓ ટેકા રૂપે લઈ બંનેએ ચડવાનું શરૂ કર્યું. રસ્તો ધુળિયો હતો, પણ ચઢાણ પર બંને બાજુ ઊંચાં ઊંચાં વૃક્ષો હોવાથી છાંયો ઘણો હતો ને ઠંડક પણ. રવિ લંડનની બધી તેના મિત્રો ને અભ્યાસની વાતો કરી રહ્યો. વાતો ખૂટતાં તેણે વસુંધરાને પેલી શરતની યાદ દેવડાવી. 'વસુ ! તું કહેતી હતી ને કે તું પહેલી ચડી જઈશ ? હવે આપણે 'હટ'ની નજીક આવી ગયાં છે. શરૂ કરવું છે ?'

'કરીએ ! પણ આ બાસ્કેટ તારે ઊંચકવી પડશે.'

'કબૂલ !'

અને બંનેએ ઝડપ વધારી. એકાએક હવામાન ઘેરાવા લાગ્યું, પવનની ગતિ ઝડપી બની. રવિ ઉતાવળે ચડી ગયો ને આગળ વધી ગયો હતો. વસુંધરા એકાએક બોલી ઊઠી, 'રવિ, રવિ ! ઊભો રહે !'

પણ પવનના ઝપાટામાં તેના શબ્દો વિખરાઈ ગયા. રવિએ સાંભળ્યું હોય તેમ ન લાગ્યું.

ઉપર પહોંચતાં એ હાંફી ગઈ. 'રવિ ! તેં સાંભળ્યું જ નહીં ? દોડી દોડીને હું થાકી ગઈ. શ્વાસ એવો ભરાઈ આવ્યો કે હમણાં મરી જઈશ.'

રવિ એક ડગલું નીચે ઊતર્યો ને મૃદુતાથી વસુંધરાનું મોં હાથમાં લઈ બોલ્યો, 'વસુ ! તું કદી ન મરી શકે. આપણે બંને જુગજુગ જીવવાનાં છીએ.' કહી તે બેસી પડ્યો. બેસતાં જ તેનો પગ મોટા પથ્થરને અડ્યો. પથ્થર ઢીલો હતો તરત જ દડવા લાગ્યો ને ઉપરથી છેક નીચે જઈ પછડાયો. વસુંધરા એ જોઈ રહી. ડરના માર્યા તેનો હાથ છાતી પર પડ્યો. 'માય ગૉડ ! આપણે ત્યાં છેક નીચે પડીએ તો મરી જ જઈએ ને !' થાકથી તે હાંફી રહી હતી. ઉરની શ્વાસથી ઉપર-નીચેની હલનચલન ને તેના હાથને છાતી પર પડેલો જોઈ પહેલી જ વાર રવિનું ધ્યાન એ તરફ ગયું. વસુંધરાનું એક નવું જ રૂપ એ જોઈ રહ્યો. બંને યુવાન હતાં. મનની કુતૂહલતા મોં પર ચીતરાઈ ગઈ અજાણતાં.

વસુંધરાને ડોકું લંબાવી નીચે જોઈ રહેતાં જોઈ, તેણે તેનો હાથ પકડી ખેંચી લીધી. 'વસુ ! બહુ ઝળુંબ નહીં ! પડી જઈશ.' વસુંધરા પાછળ ખસી ગઈ. રવિએ ખિસ્સામાંથી રૂમાલ કાઢી તેના મોં પર ફેરવ્યો. વસુંધરા તેના માંસલ બાહુઓ જોઈ રહી. પહેલી વાર તેને રવિ સોહામણો લાગ્યો.

'વસુ ! "હટ"માં તો રૂમ્સ છે. તેમાં રહેવું છે ? ઘર જેવું લાગશે. આપણે "ઍડવેન્ચર" માટે નીકળ્યાં છીએ. ટેન્ટ-તંબુ બાંધીએ તો ?'

'રવિ ! તંબુ ? આપણે ક્યાં લઈ આવ્યાં છીએ.'

'તારી પિકનિક બાસ્કેટ મોટી છે ને ? તેમાં પોર્ટેબલ ટેન્ટ મેં લઈ રાખી દીધો છે. આપણે તે બાંધીએ. આપણે ક્યાં રાત રહેવું છે ? તડકાથી બચી શકાશે.'

રવિની દૂરંદેશીથી વસુંધરા પ્રભાવિત થઈ. બપોર થઈ ગયા હતા. તડકો વધતો હતો. તેઓએ બંનેએ તંબુનું કપડું ખોલી ચારે બાજુ દોરીઓમાં ખૂંટીઓ મારી દીધી. તંબુ બંધાઈ જતાં પિકનિક બાસ્કેટની ફ્લોરમાંથી મોટી સાદડી કાઢી, પાથરી ને પિકનિક બાસ્કેટમાંથી ખાવાનું બધું સાદડી પર મૂક્યું. બંને બેઠાં. ધીમે ધીમે ખાવાનું શરૂ કર્યું.

ભોજન પૂરું થતાં બંનેએ નક્કી કર્યું કે આસપાસ હવે બધું જોવા જવું જોઈએ. ત્યાં જ એકાએક તડકો અદશ્ય થયો. હવામાન ઘેરાણું. 'રવિ ! આવા અંધારામાં શું જોઈશું ?'

'વસુ ! બાસ્કેટમાં મેં મીણબત્તીઓ પણ લીધી છે. અહીં ''હટ''માં ફાનસ હોય છે, પણ ઘણી વાર મીણબત્તીઓની જરૂર પડે તેથી.'

મીણબત્તીઓ સળગાવી, બંનેએ એક એક લીધી ને ઉપર વાસની કેડી તરફ આગળ વધ્યા. ત્યાં તો એક વૃક્ષ પાસે પવનનું જોરદાર ઝાપટું આવતાં મીણબત્તી ઠરી ન જાય તેથી બીજા હાથથી શગને રક્ષણ આપતાં રવિ અટક્યો. થોડો ઉજાસ વૃક્ષ પર પડતાં જ તેણે નામ વૃક્ષ પર કોતરેલાં જોયાં, 'અમર ! અર્ચના !'

'વસુ ! વસુ ! જો તો ! અહીં આવ. વાંચ તો ?' વસુએ બંને નામો વાંચ્યાં. યુવાનીમાં આ બંને આ બાજુ આવ્યાં હશે તેમ તે વિચારી રહી.

'વસુ ! વસુ ! પપ્પા, મમ્મી પણ અહીં આવી ગયાં લાગે છે. કેટલો પ્યાર કરતાં હશે બંને એકબીજાને નહીં !'

વસુ રવિની નિર્દોષતાને જોઈ મનોમન હસી રહી. તેની નજર સામે અમરનાથ સ્વરૂપને હાથોમાં ઉપાડી પલંગ પર મૂકતા દેખાયા. તેનું મન ઉદાસ થવા લાગ્યું. રવિ વસુંધરાને એકાએક ઉદાસ જોઈ નવાઈ પામ્યો.

'રવિ ! અંધારું વધવા માંડ્યું છે. ક્યાંક વરસાદ ચાલુ થઈ જશે. આપણે ટેન્ટમાં પાછાં જઈએ.' કહી વસુંધરા પાછી ફરી ગઈ. રવિને મુંઝાયેલો જોઈ વસુએ જાતને સંભાળી. 'રવિ ! ચા-પાણીનો સમય થયો છે. પેસ્ટ્રી પણ લાવી છું. ભૂખ લાગી છે ?'

બંને ટેન્ટમાં પાછાં આવ્યાં. ત્યાં તો પવન એકદમ ફૂંકાવા લાગ્યો. અંધારું વધી ગયું. ટેન્ટ જાણે હમણાં ઊડી જશે તેમ લાગ્યું. 'વસુ !' ચા પીતાં રવિ બોલ્યો, 'વસુ ! વરસાદ હમણાં જ પડશે એમ લાગે છે.' ત્યાં તો કડડડ કરતી વીજળી પડી ને મુશળધાર વરસાદ વરસી પડ્યો. ટેન્ટમાં પૂરજોશથી વરસાદનું ઝાપટું આવતાં બંને ભીંજાઈ ગયાં. ટેન્ટની બે ખૂંટીઓ નીકળી જતા ટેન્ટનું કપડું ઊંચું થઈ ગયું.

'વસુ ! હવે તો આપણે ''હટ''માં જવું જ પડશે. છૂટકો નથી. તેઓએ પિકનિક બાસ્કેટમાં બધું ભર્યું ને ''હટ'' પર પહોંચવા થોડું ચઢાણ બાકી હતું તે ચડવા લાગ્યાં. વરસાદથી બંને લથપથ થઈ ગયાં. ''હટ''માં પહોંચતાં તો વસુંધરા ઠંડીથી ધ્રૂજવા લાગી.

'વસુ ! તું આ ખુરશીમાં બેસ. હું લાકડાની વ્યવસ્થા કરું છું. ફાયરપ્લેસમાં નાંખીએ.'

વસુંધરા વરસાદથી ચીપકી ગયેલા શર્ટવાળા રવિની પહોળી પીઠ જોઈ રહી. છેલ્લે રવિને જોયેલો ને અત્યારે જોયેલો રવિ કેટલો તફાવત ! કુમારમાંથી પુરુષ થઈ

ગયો હતો. પોતે પણ ક્યાં મોટી નો'તી થઈ. ઉરોજો હવે ભરાયા હતા ને ! રવિના માથામાંથી પાણી ટપકી રહ્યું હતું. પેન્ટ પર દેહને ચોંટી ગયું હતું. સાથળનો સ્પષ્ટ આકાર દેખાઈ રહ્યો હતો. પોતાનાં કપડાં પણ ચોંટી ગયાં હતાં. અજાણતા વસુંધરાના હાથોએ છાતી ઢાંકી દીધી. એ જ વખતે રવિએ અગ્નિ સળગાવી પાછળ જોયું ને ઊભો થયો. તે એકીનજરે વસુંધરાને જોઈ રહ્યો. તેનામાં જાણે અગ્નિ સંકોરાતો લાગ્યો. તેના અંગો ઉદ્દિપ્ત થયાં. એ ઊર્જાથી તેનાં અંગો સખત થયાં. એકાએક વસુંધરાને ધ્રૂજતાં જોઈ તે બોલ્યો, 'વસુ ! તારો ડ્રેસ સાવ ભીનો થઈ ગયો છે કાઢી નાંખ, નહીં તો શરદી થઈ જતાં ન્યુમોનિયા થઈ જશે.'

'ડ્રેસ કાઢી નાંખું ?' વસુંધરા આશ્ચર્યથી રવિ સામે જોઈ રહી.

'ઓહ ! સૉરી ! પણ તને કેટલી ઠંડી પડે છે ?' અને તેનું ધ્યાન ટેબલ પર પાથરેલા ટેબલક્લોથ પર પડી.

'વસુ ! આ ટેબલક્લોથ મોટું છે. તું બાથરૂમમાં જા ને એ પહેરી લઈ, આ આગ પાસે બેસ.'

વસુંધરાએ ટેબલક્લોથ લીધું ને બાથરૂમમાં ગઈ. બહાર નીકળી ત્યારે તેના હાથમાં ટુવાલ હતો. 'રવિ ! તું પણ આ ટુવાલ પહેરી લે. તને પણ પાછો ક્યાંક ન્યુમોનિયા થઈ જશે.'

રવિ બાથરૂમમાં ગયો. બહાર ટુવાલ પહેરી નીકળ્યો ને વસુંધરાની બાજુમાં અગ્નિ પાસે આવ્યો. વસુંધરા તેના ઉપરના ખુલ્લા દેહને જોઈ રહી. છાતી આછા આછા વાળથી વધુ પહોળી લાગતી હતી. કટિ પાતળી હતી ને નજર ત્યાંથી નીચે ઊતરતાં તે શરમાઈ ગઈ.

રવિ આ બધું મુગ્ધતાથી જોઈ રહ્યો. હોસ્ટેલમાં મિત્રો-પુરુષોને તેણે જોયેલા હતા, પણ સ્ત્રી સામે આમ ઊભવાનો આ પહેલો પ્રસંગ હતો. વસુંધરાનું શરમાવું તેના હૃદયમાં એક ઉન્માદ જગાવવા માંડ્યો. તે વસુંધરા પાસે આવ્યો. બેઠો ને અગ્નિ તરફ જોઈ રહ્યો. હજી ઠંડી વધતી જતી હતી ને વરસાદના વરસવાનું પ્રમાણ વધતું જતું હતું. ફાયરપ્લેસનો અગ્નિ પણ નાકામ હતો. વસુંધરાની ધ્રુજારી જોઈ રવિએ એક હાથ તેના ખભાને વીંટાળ્યો ને તેને નજીક ખેંચી. તેના ખુલ્લા દેહની હૂંફ ને ગરમીથી જાણે વસુની ધ્રુજારી થોડી ઓછી થઈ. ત્યાં જ વરસાદનું એક જોરથી ઝાપટું ''હટ''ની છતને ધ્રુજાવી ગયું. ઠંડીની ઝલક વધી ગઈ. વસુંધરા ધ્રૂજી ઊઠી. રવિ પણ ધ્રૂજી ઊઠ્યો. ટુવાલ ટૂંકો હોવાથી સાથળ પરથી સરી ગયો હતો. ગોરા સાથળે વસુંધરાના મુગ્ધ યૌવનમાં જાણે ચિનગારી ચાંપી. તે વધુ નજીક રવિની સરી. અજાણતાં રવિનો હાથ તેના ખભે ભીંસાણો. બંને અબોલ અગ્નિની નાની શિખાઓને જોઈ રહ્યાં હતાં, પણ બંનેના મનમાં એક અણપ્રીછી ઝંખના

ભડભડતી બળતી હતી. વાતાવરણ શાંત હતું. અગ્નિથી બળતાં લાકડામાંથી તિખારાનો અવાજ, વરસાદની ઝાપટના અવાજ સિવાય બીજો કોઈ અવાજ નો'તો. વસુંધરા ને રવિ બંને મૂક હતાં વાચાથી, પણ મનમાં એક કોલાહલ ઊઠતો હતો.

ધીમે ધીમે રવિનો હાથ વસુંધરાના ખભા પરથી તેની પીઠ પર ઊતરી આવ્યો. અજાણતા વસુંધરાનો હાથ, રવિની કટિને વીંટાળાઈ વળ્યો. બીજો હાથ રવિની ભીંસથી તેના ખુલ્લા સાથળ પર પડ્યો. એ ગરમીથી વસુંધરાના દેહમાં ગરમી ઊઠી. રવિનો પીઠ પરથી હાથ ટેબલક્લોથની ગાંઠને ખોલી રહ્યો. વસુંધરા જાણે કોઈ સ્વપ્નમાં હતી. ટેબલક્લોથ ખૂલી ગયો, એકાએક તેના દેહ પરથી સરકી રહ્યો. રવિનો હાથ તેની ખુલ્લી કોમળ પીઠ પર ફરી રહ્યો. એક ઝાપટું ને રૂમમાં બળતી મીણબત્તીઓ હોલવાઈ ગઈ. વસુંધરા અંધકારથી ડરી રવિના દેહને તેણે વધુ ભીંસ્યો, રવિનો ટુવાલ જાણે તેના દેહને ટૂંકો પડ્યો, બદન પરથી સરી રહ્યો, બંને નિર્વસ્ત્ર અંધકારમાં એકબીજાના દેહને ફફોળી પસંરાવી રહ્યાં. સામે અગ્નિની શિખાઓ સતેજ થતી ગઈ. તેમના દેહની અગ્નિની જેમ જ ! અને બંને એકબીજામાં સમાઈ ગયાં. અજાણતાં પણ રવિના અધરો વસુંધરાના અધરોને ચાંપી રહ્યા. ફાયરપ્લેસમાં અગ્નિ શિખાઓ પાછલી ભીંત પર ચિત્રવિચિત્ર આકારો-ઓળાઓ દોરી રહી. તૃપ્તિની છેલ્લી ક્ષણે બંને ભાનમાં આવ્યાં.

'આઇ એમ સૉરી ! વસુ ! મારે આમ વર્તવું નો'તું જોઈતું.' ક્ષુબ્ધ થઈ રવિ બોલ્યો, 'મારો જરા પણ ઇરાદો આવું અભદ્ર વર્તન કરવાનો નો'તો.'

'રવિ !' મૃદુતાથી, સ્નેહથી વસુંધરા બોલી, 'રવિ ! તાળી એક હાથે તો ન જ પડે ને ! મારી પણ એમાં સંમતિ હશે જ ને ! અને તને તો હું ઘણા વખતથી ચાહું છું. ચાહતમાં આવું વર્તન વાજબી ન ગણાય !'

'ઓહ, વસુ ! મને એમ કે તું મને હલકટ ગણીશ. હું પણ તને ચાહું છું.' કહી તેણે વસુંધરાને પાછી ચુમી લીધી.

થોડા કલાકો પછી મનનું ને બહારનું તોફાન શમ્યાં. કપડાં સુકાઈ ગયાં હતાં. બંનેએ કપડાં પહેર્યાં. એક અનેરો આનંદ બંનેના ચહેરા પર ચમકી રહ્યો હતો. એક અજબ ઉત્સાહ તેમના દેહમાં ઊભરાઈ રહ્યો.

સાંજ પડતાં આછો સૂર્ય ચમકી રહ્યો. બંને બાસ્કેટ લઈ પર્વતનો ઢોળાવ ઊતરી રહ્યાં. પાર્કિંગ લૉટ પાસે આવી જીપમાં બેઠાં.

'વસુ ! કેમ શાંત છે ?' રવિ બોલ્યો. વસુંધરાએ રવિ તરફ જોયું. તેની નજરમાં એક અગાધ દરિયાનું ઊંડાણ હતું. સ્નેહનો દરિયો ત્યાં ઘૂઘવી રહ્યો હતો. રવિની નજરમાં વસુંધરાનું નવું જ નમણું રૂપ તેના દિલો દિમાગને જકડી બેસી ગયું હતું. તેની નજરમાં અત્યારે તો પ્યાર છલકાઈ રહ્યો હતો.

વસુંધરાનું એ પ્યાર જોઈ અણુઅણુએ 'રવિ ! રવિ ! પોકારી રહ્યું હતું. પ્લાન્ટેશન નજીક આવતાં વસુંધરા જાણે એક સ્વપ્નમાંથી જાગી. 'જે થયું તે સપનું હતું કે સત્ય ?' ખરેખર રવિ તેને ચાહતો હતો ? આ સાથ જુગજુગનો હશે ?

એક ચિંતાની ચિનગારીનો તણખો વસુંધરાના આનંદને બાળવા લાગ્યો.

: ૧૫ :

ઘરે પહોંચતાં જ સુરેન્દ્રનાથે વસુંધરાને હેમખેમ ઘરે આવી જતાં જોઈ રાહતનો શ્વાસ લીધો. તેમણે વસુંધરાના ચહેરા પર ચિંતિત આનંદ જોયો. તેમણે યુવાન પુત્રીને વધુ કશું ન પૂછ્યું ને કહ્યું, 'વસુ ! કાલે અમરનાથે કિલિમાન્જારો રિજિયનના રિજિયનલ કમિશનર તથા તેમનાં પત્નીને જમવા બોલાવ્યાં છે. સાથે થોડા પ્રતિષ્ઠિત આમંત્રિત મહેમાનો પણ હશે. તેં જુલી પાસેથી બે-ત્રણ આફ્રિકન ડીશ બનાવતાં શીખી લીધું છે ને ? કાલે બનાવવી પડશે.'

રસોડામાં પહોંચતાં જ જુલી તેને જોઈ આનંદી ઊઠી. 'હાશ ! તું આવી ગઈ. વિચાર જ કરતી હતી કે એકલે હાથે હું કેવી રીતે પહોંચીશ.'

વસુંધરાને શાંત જોઈ જુલી થોડી ચિંતિત બની, 'વસુ ! કેમ શાંત છે ? કશું બન્યું છે ?'

વસુંધરા ચમકી ગઈ. મનની ગુહાનાં બારણાં તેણે ફરી બંધ કરી દીધાં. ઘરેથી અમરનાથના બંગલે પહોંચતા તેનો ચહેરો સુંદર બગીચાને જોઈ ત્યાંનાં ફૂલોની જેમ ખીલી ઊઠ્યો હતો. બગીચાની ત્રણે સરહદોથી નીચે ઢળાણમાં કૉફીના છોડ પર લાલચટક ચણોઠી જેવા કૉફીના દાણા ચમકી રહ્યા હતા. આવતે મહિને ને આ મહિને 'પીકિંગ' સીઝન-દાણા ચૂંટવાની મોસમ શરૂ થવાની હતી. જે તૈયાર હતા તે ચૂંટાય નીચે વેરહાઉસમાં જમા પણ થવા માંડ્યા હતા.

પ્રભાતના કુમળા સૂર્યનાં કિરણોથી ચણોઠી-કૉફીના દાણા ઝાકળને લીધે ચમકતા હતા. પાંદડા પરના શબનમનાં બુંદો હીરાની જેમ ચળકતાં હતાં. વસુંધરાનું પ્રસન્ન મન રસોડામાં આવતાં થોડું ચિંતાથી પાછું ઘેરાયું. તેણે જુલીને જવાબ આપ્યો, 'ના, ના ! થવાનું શું હોય ?'

'તો પછી શેની ચિંતા મન પર છે ?'

'ચિંતા નહીં, પણ થોડી બેચેની !'

'અચ્છા ! પ્યારની બેચેની ?'

વસુંધરા એ મોહક પળોનો વિચાર આવતાં શરમાણી. જુલી પણ સ્ત્રી હતી. વસુંધરાના મોં પર શરમની લાલ આભા પથરાયેલી જોઈ સમજી ગઈ.

બંને સરસ ભોજન બનાવવામાં પડી ગયાં. સાંજે આર.સી. (રિજિયનલ કમિશનરને ટૂંકમાં બધા બોલાવતા)ને તેમનાં પત્ની બંને આફ્રિકન હતાં. આફ્રિકન

ડીશ બનેલી જોઈ ખુશ થયાં. અમરનાથની સાથે રવિ ને રણજિત બંને જમવા બેઠા હતા. રવિ ને વસુંધરાના રચાતા તારામૈત્રક રણજિતે સહજમાં પકડી પાડ્યા હતા. મન્ડારા હટ પર શું થયું એ જાણવાની તેની ઇંતેજારી ખૂબ હતી, પણ રવિને પૂછવું કેવી રીતે તેની અવઢવમાં હતો. ત્યાં જ તેને આસિસ્ટન્ટ મૅનેજરની પુત્રી એસ્થરનો પ્રસંગ યાદ આવ્યો. એસ્થર આફ્રિકન હોવા છતાં સુંદર હતી. રણજિતે લાગ જોઈ એક સાંજે તેને આંતરી હતી ને બળાત્કાર કરવા પ્રયાસ કરેલો, પણ આસિસ્ટન્ટ મૅનેજર કામેથી છૂટી ઘરે જતા હતા. અનાયાસે તેમની નજરો કૉફીના છોડના હલનચલનથી શું છે જોવા આવ્યા ને તેમની નજરો ફાટી ગઈ. કાંઠલેથી રણજિતને પકડી ઊભો કરી બોલ્યો, 'માલિકના દીકરા ન હોત તો તમને અહીં જ કતલ કરી નાંખત ! ખબરદાર ફરી મારી દીકરી સામે નજર નાંખી છે તો ! પરિણામ સારાં નહીં આવે.'

આફ્રિકન ચાગા જાતિના સંસ્કારો પણ હિન્દુઓ જેવા જ હોય. આબરૂ જવાના ભયે તેમણે દીકરીની બેહાલીની વાત કોઈને ન કરી, પણ તેના લાગતા-વળગતા મિત્રોના જૂથને સાબદા કરી દીધા. રણજિતને સપને પણ ખ્યાલ નો'તો કે તેમની દુશ્મની તેને મોંઘી પડશે.

જમણ પતતાં બધાં લાઇબ્રેરીમાં ગયા. રવિ જરા મોડો ઊઠ્યો. વસુંધરા વાસણો ઉઠાવવા આવી ત્યારે ધીમેથી બોલ્યો, 'વસુ !' તેના સ્વરમાં પ્યાર જોઈ વસુ ખુશ થઈ. ચહેરો પુલકિત બન્યો, 'વસુ ! આ શનિ-રવિ તું ફ્રી છે ને ? આપણે મળશું ?'

'ના, રવિ ! બે અઠવાડિયાં પછી ફ્રી છું. ત્યારે મળશું.' અને મળ્યા ત્યારે બે અઠવાડિયાં પહેલાં જોયેલો પુલકીત ચહેરો રવિને ચીમળાયેલો લાગ્યો. 'શું કારણ હશે ?' વસુંધરાને આવતી જોઈ દોડીને પોતાના આશ્લેષમાં તેને લઈ લીધી. સ્ત્રીઓ પુરુષોનો સ્પર્શ જલદી જાણી લે છે. રવિના સ્પર્શમાં, શ્વાસમાં વાસના જાણે ભરેલી હતી. વસુ દાઝી ને તેનું શરીર અક્કડ બની ગયું. રવિ બોલી ઊઠ્યો, 'વસુ ! શું વાત છે ? મને નથી ચાહતી ?' એક તડપ હતી તેના બોલવામાં. આસ્તેથી પોતાની જાતને છોડાવી કૉફીના છોડોની વચમાંની પગદંડીએ ચાલતા ઢોળાવની છેક નીચે આવ્યા ત્યાં એક મોટા પથ્થર પર તે બેઠી. રવિ તેની બાજુમાં બેઠો. અધીરાઈથી તેણે વસુના હાથ હાથમાં લીધા.

'વસુ, વસુ ! ત્રણ અઠવાડિયાંથી આપણે મળ્યાં નથી. નથી સહેવાતી આ દૂરી ! એ સ્વર્ગીય ક્ષણો ક્યારે પાછી ભોગવશું ?' વસુંધરા તીક્ષ્ણ નજરે રવિ સામે જોઈ રહી. જાણે સાચ્ચા પ્યારને શોધતી ન હોય.

'રવિ ! તારે ધીરજ ધરવી પડશે. આ મહિને મને માસિક નથી આવ્યું.'

'તેથી શું ? મોડું થયું હશે.'

'ના, ત્રણ-ચાર દિવસથી કદી મોડું નથી થયું. આ વખતે આઠ દિવસ ઉપર થઈ ગયા છે.'

વાત સાંભળતાં જ રવિના હાથ છૂટી ગયા. મોં પરથી સ્મિત અદશ્ય થઈ ગયું. 'ન બને' એવા ભાવ મોં પર આવી ગયા.

'હે ભગવાન !' જાણે માથામાં કોઈએ હથોડો માર્યો. 'વસુ ! તને ખાતરી છે ? તું "પીલ્સ" નથી લેતી ?'

વસુંધરા રવિ સામે જોઈ રહી. શહેરથી દૂર, પર્વત પર, જ્યાં કોઈની બીક નહીં ત્યાં 'પીલ્સ'ની વાતથી તે સંકોચાઈ.

'વસુ ! વસુ ! મારા પિતાને ખબર પડશે તો મને મારી નાંખશે.'

'અને મારા પિતાને ખબર પડશે ત્યારે તેમના સ્નેહનો વિશ્વાસઘાત કરવા ખાતર પોતે આત્મહત્યા કરશે. હવે ?'

'હવે ? તું શું કરીશ ?' રવિ પીડાભર્યા સ્વરે બોલી ઊઠ્યો.

'હું શું કરીશ એટલે ? એમ પૂછ કે આપણે શું કરશું ?' વસુંધરાના સ્વરમાં તીખાશ ભળી ને સાથે ડર પણ ભળ્યો. 'આ કાયર તો નહીં બની જાય ને ?' રવિ એકદમ શાંત બની ગયો. તેના મનમાં ઘોંઘાટ મચી ગયો. એ જોઈ વસુંધરા બોલી, 'રવિ ! તારે ગમે તેમ કરી મને મદદ કરવી જ પડશે. તારા પિતાને વાત કરી આપણાં લગ્ન કરાવી દે તેમ કહેવું જ પડશે. આખરે હું તેમના મિત્રની પુત્રી છું.'

'એના કરતાં વસુ ! આપણે એનો કોઈ નિકાલ કરીએ તો ? પપ્પા એ વાત કદી નહીં સ્વીકારે.'

'નિકાલ એટલે ? તું ગર્ભપાતની વાત કરે છે ? તને શરમ નથી આવતી. આ આપણા પ્યારની નિશાની છે, એક પલની વાસનાની નહીં. અને તું આવો કાયર નીકળીશ એવું મેં નો'તું ધાર્યું.' વસુંધરાની આંખની આગમાં હવે શીત ભળવા લાગ્યું. તેના સ્વર ઠંડો ભયંકર લાગ્યો.

'પણ વસુ ! એ સિવાય બીજું શું થાય ?'

'તો કઈ જાતના પ્યારની તું વાત કરતો હતો ? તારામાં હિંમત ન હોય તો હું અંકલને વાત કરું.'

રવિ વસુંધરા સામે જોઈ રહ્યો. 'જો વસુ પિતાને વાત કરે તો પિતા તેને મારી તો ન જ નાંખે, પણ વારસામાંથી જ રદબાતલ કરી નાંખે. તો પછી ભવિષ્યનું શું ? બૅરિસ્ટર બનવાના સપનાનું શું ? પ્યારના અતિરેકમાં વસુંધરાનો હાથ પકડી ચાલતી પકડે તો બંનેનું ગુજરાન કેમ ચલાવવું ?

રવિની કાયરતા તેની આંખોમાં છતી થતી વસુંધરાએ જોઈ. તેની આંખમાંથી આગની જ્વાળાઓ જાણે નીકળી. જિંદગીનો પ્રથમ પ્રેમ આટલો બાયલો ! હૈયું નંદવાઈ ગયું તેનું. એક ક્ષણમાં તેનું સ્વાભિમાની મન સડ્પ કરતું બેઠું થઈ ગયું.

રોઈને મરી જવા જેવી માંદલી વૃત્તિ તેનામાં નો'તી. પડશે તેવા દેવાશે એ વિચારે ભવિષ્ય બનાવવું સૌના પોતાના હાથમાં હોય તેમ સમજી તે ઊભી થઈ ગી.

'હત્ કાયર ! તારા કહેવા પ્રમાણે હું કોઈ ડૉક્ટર પાસે જઈ ગર્ભપાત નહીં કરાવું. મારા પ્રેમના બીજને હું જ પોષીશ. મારા નામથી એ ઓળખાશે. તારે ચિંતા કરવાની જરૂર નથી, સમજ્યો !'

'પણ વસુ ! એવું નથી કે હું તને નથી ચાહતો, પણ પરણવા લાયક આપણી ઉંમર નથી. મારે હજી બૅરિસ્ટર થવું છે.'

એક ધિક્કારભરી નજર વસુંધરાએ તેના સ્વાર્થીપણા પર નાંખી, જે રવિ જિંદગીભર ભૂલવાનો નો'તો.

'ખુશીથી જા ને બૅરિસ્ટર બન ! મારા બાળકને પોષવાની શક્તિ છે મારામાં.'

'પણ વસુ ! તારી પાસે પૈસા... હું આપું ?'

વસુંધરાની નજરમાં ઘૃણા ઊપજી અને રવિની દયા પણ આવી.

તેનું સ્વાભિમાન ઊછળી આવ્યું. 'તારે જરા પણ ચિંતા કરવાની જરૂર નથી. મારા પિતા બધું સંભાળી લેશે.'

'તું, તું એમને મારા વિષે વાત કરીશ ?' રવિના સ્વરમાં ભય ડોકાઈ રહ્યો.

'તારા જેવા કાયરની વાત કરી હું તેમને લાંછન લગાડવાની નથી. તારું નામ કોઈને નહીં આપું. આપણા બાળકને પણ નહીં સમજ્યો !'

અને માથું ટટ્ટાર કરી સગર્વ શરીર અક્કડ કરી તેણે જવા માટે પગલું ભર્યું. રવિને દોડીને વસુંધરાનો હાથ પકડી લેવાનું મન થયું, પણ તે જમીન સાથે જડાઈ ગયો હતો. વસુંધરા જાણે જીવતી લાશ હોય તેમ ચાલી. તેના શરીરની ચામડી જાણે ઉતરડાઈ ગઈ હતી. હૃદયમાં જાણે સહસ્ત્ર છેદ થઈ રહ્યા હતા. તે જાણે પથ્થર બની ગઈ. તેને થતી ચિંતા હકીકતમાં બદલાઈ ગઈ. રવિ તેને પરણશે કે નહીં તે દ્વિધા તેને હતી જ, પણ તેની હાલત જોઈ તેની સ્થિતિનો અંદાજ પણ રવિ કાઢી શકતો નો'તો તેથી તે મૂઢ બની ગઈ. રવિ તેને જતી જોઈ રહ્યો. તેના મોંમાંથી જાણે બૂમ નીકળતી હોય તેમ વસુંધરા તરફ તેનો હાથ લંબાયો, પણ તેના પગ થાંભલાની જેમ જડાઈ ગયા હતા. તે સજળ આંખોથી વસુંધરાને જતી જોઈ રહ્યો. તેના અશ્રુઓમાંથી મજબૂરી નીતરી રહી. બાવીસ વરસનો બિનઅનુભવી જુવાન પ્રથમ પ્રેમની લાશને સરી જતી જોઈ રહ્યો.

ગાર્ડન હાઉસમાં આવી ફૂલની બાસ્કેટ નીચે મૂકી ત્યાં ગઝેબોના બેન્ચ પર બેસી પડી. તેનો જુસ્સો ઓગળવા લાગ્યો. આઘાત શમતાં પહેલો વિચાર આવ્યો, 'અરે રવિએ તેને એ પણ ન પૂછ્યું કે હવે તે શું કરવાની છે ?' પિતાને કેવી રીતે વાત કરશે, ક્યાં જશે ?' તેના મનમાં અર્ચનાના શબ્દો ગુંજી ઊઠ્યા, 'વસુ ! આ

જગ્યાએથી જતી રહે. આ ભેંકાર બંગલામાં કોઈનું ભવિષ્ય સલામત નથી. જેમ બને તેમ જલદી જતી રહે.'

તે ચમકીને ઊભી થઈ. આજનો દિવસ કામ પૂરું કરવું પડશે. મોં પર ભાવ સંતાડવા પડશે. ક્યાંક કોઈને ખબર પડશે તો પરિણામ ભયંકર આવશે. પરિણામ ! હા, શ્રીવાસ્તવો માટે ભયંકર. પોતે ખૂબ દોલત કમાશે ભવિષ્યમાં, શ્રીવાસ્તવોને દેખાડી દેશે. આ અપમાનનો બદલો તો લેવો જ પડશે ને ! તેના ચહેરા પર દુષ્ટતાની છાયા ફરવા લાગી. હવે તો હિંમત હરાશે તે ચાલશે જ નહીં. હવે તો આ ધિક્કારના સહારે જ આગળ વધવું રહ્યું. હવે જિંદગી જીવવા માટેની એ જ જિજીવિષા બનશે ને !

અને તેની અંદર ધરબાઈ પડેલી મહત્ત્વાકાંક્ષાઓને આ ધિક્કારની આગે પ્રજળી ઊભી કરી. એક મહાન સપનું સાકાર કરવા.

: ૧૬ :

રાતના આઠ જ વાગ્યા હતા. રવિ તેના રૂમની બારીમાંથી ઉદાસ ચહેરે નિરભ્ર આકાશને જોઈ રહ્યો હતો. ક્યાંક ક્યાંક એકાદ બે તારાઓ દેખાઈ રહ્યા હતા. તેના મનના વિચારોની જેમ વાદળાંઓ ઘેરાયાં હતાં. ત્યાં જ વરસાદના એક બે બુંદો તેના ચહેરા પર પડ્યા. બહાર ઝરમર ચાલુ થઈ ગઈ હતી. 'શું કરે ! પોતે શું કરે ?' વસુંધરાનો આગભર્યો ચહેરો ભૂલાતો નો'તો. જીવનમાં પહેલી જ વાર પ્રેમ કર્યો ને જ્યારે પરિણામ આવ્યું ત્યારે તે પોતાની જાતને લાચાર સમજવા લાગ્યો. બાવીસ વરસની ઉંમરે આ ભરી દુનિયામાં પ્રિયતમાનો હાથ પકડી ક્યાં જવું ? કોઈ રીતે તે સ્વતંત્ર નો'તો. મનમાંથી એક આક્રંદ ઊઠતું હતું. મનની અકળામણ સહન ન થતાં તે નીચે ઊતર્યો, મુખ્ય દ્વારમાંથી બગીચામાં આવ્યો. વરસાદની ફુહારમાં તપ્ત મનને શાંત કરવા બગીચામાં ટહેલવા લાગ્યો, પણ વિચારો એમ કેડો ક્યાં મૂકે તેવા હતા ? 'હવે તો વસુંધરાનો વિયોગ જીવનભર સહન કરવાનો ને ? એવો પણ વિચાર આવેલો કે હિંમત કરી પિતાને સ્થિતિ સમજાવે, પણ પિતા ન માને તો ? ઘરમાંથી કાઢી મૂકે તો ? એ વિચારે તે ધ્રૂજી ઊઠતો. ભવિષ્યનાં સોનેરી સપનાં નજર સામે આવી જતાં. આંખ સજલ બની ગઈ. સહન ન થતું હોય તેમ હાથ હૃદય પર મૂકી દીધો.

દુનિયામાં જે કંઈ સુંદર છે તે વિયોગના અગ્નિમાંથી જ બહાર આવે છે ને ! અનંત આકાશમાં વિહરતી અનેક રૂપમૂર્તિઓ આવી વિયોગ અવસ્થાની કલ્પનાની પાંખે ચડી ગયેલી પરીઓ જ છે ને ! તો વસુંધરા હવે આવી એક પરી બનીને જ રહી જશે ?'

આકાશી તારાઓ, આખી રાત, આવી મૂંગી વેદનાનાં કરુણ કાવ્યો સંભળાવશે ? એ જ કરુણ કાવ્યો અંધારી રાતે વરસાદભીંજ્યા પાંદડામાં આવી દુનિયાની કાવ્યપંક્તિઓ બની જતાં હશે ? વેદનાથી તે તરબતર થઈ ગયો. રાત્રિના શાંત વાતાવરણમાં પણ તેના મનની અબોલ વીણામાંથી તેની વિયોગવેદના કરુણ મધુર ગાન વહાવવા લાગી.

અન્યમનસ્ક, ટહેલતો ટહેલતો તે ઘોડાઓના તબેલા પાસે આવી ગયો. તેનો મનપસંદ ઘોડો તેનો અવાજ પારખી જતાં હણહણી ઊઠ્યો. પ્રાણીઓમાં પણ કેવી પ્રેમની ભાવના હોય છે ! તેણે તેને થાબડ્યો. જાણે પોતાની પ્રીતની વેદના તેણે પિછાની લીધી હોય તેમ ઘોડાએ પોતાનું મોં રવિ સાથે ઘસ્યું. ઘસતાં જ તેની નજર કંઈક જોતાં સ્થિર થઈ ને તે પાછો હણહણી ઊઠ્યો. પાછલા બે પગ ધરતી સાથે ઘસવા લાગ્યો. રવિનું ધ્યાન તૂટ્યું. ઘોડાની નજર સાથે નજર સાંધી તે તરફ જોયું તો પ્લાન્ટેશનના ઢોળાવના છેલ્લા ખૂણે વેરહાઉસ હતું. કૉફી 'પીક'-વીણાઈ, લાકડાંના બૉક્સમાં ભરાઈ. એ બધી પેટીઓ વેરહાઉસમાં રોજ રાત્રે રાખવામાં આવતી. બીજે દિવસે સવારે બધી જ કોઈ નીચે ગામમાં સ્ટેટની કૉફી ફેક્ટરીમાં મોકલવામાં આવતી. રવિએ વેરહાઉસના છેડે ધુમાડો નીકળતો જોયો. ઘોડાને થાબડી તે વેરહાઉસ તરફ દોડ્યો.

બીજી બાજુથી તેણે સુરેન્દ્રનાથને દોડતા આવતા જોયા. તેમણે ધુમાડો જોયો હતો. તેઓ વેરહાઉસ પાસે પહેલાં પહોંચી ગયા હતા. બારીમાંથી અંદર જોતા આગની જ્વાળા તેમણે જોઈ. ત્યાં તો રવિને વેરહાઉસના બંધ બારણાનો લેચ ખોલવા પ્રયત્ન કરતો જોયો. તેમનાથી બૂમ પડાઈ ગઈ, 'રવિ ! બારણું ન ખોલતો !' તેમને ખબર હતી કે બારણું ખૂલતાં જ આગની લપક બહાર આવશે. પણ ત્યાં તો અણઘડ રવિએ બારણું ખોલી નાંખ્યું ને જ્વાળા બહાર લપકે તે પહેલાં તે અંદર દાખલ થઈ ગયો. સુરેન્દ્રનાથ પાસે બીજો કોઈ વિકલ્પ ન રહ્યો. તેઓ રવિનું રક્ષણ કરવા અંદર ધસી ગયા.

વેરહાઉસના છેડે બધી લાકડાંની પેટીઓ, કૉફીના દાણાથી ભરાયેલી હારબંધ ગોઠવી હતી. તેની પાછળ જ પ્લગ હતો. કદાચ શોર્ટસર્કિટ થઈ હશે ? પેટીઓની ઉપરવાસે કાચની બારીમાં એક કાચ તૂટેલો દેખાયો, પણ એ વિચારવાનો સમય જ ક્યાં હતો ! પવન વેરહાઉસમાં ધસી આવતો હતો. વરસાદનાં ફોરાંઓ તો ક્યારનાં બંધ થઈ ગયાં હતાં. પવનના મારાથી આગ વધુ ફેલાઈ.

'રવિ ! જલદી બહાર જતા રહો. ચાલો ! પાણીના બંબાઓ મંગાવવા ફાયર બ્રિગેડને ફોન કરવા પડશે. નીકળો અહીંથી.' ત્યાં તો વેરહાઉસમાં બાંધેલા લાકડાના મંચમાં જ્યાં બધો સામાન રાખવામાં આવતો તેમાં આગ ફેલાણી.

બંને બહાર નીકળવા પાછા ફર્યા, પણ બારણું અટકાવવા નીચે લોઢાની રિંગ હતી તેમાં રવિનો પગ ફસાયો. સુરેન્દ્રનાથે જોયું કે રવિ નીકળી શકતો નથી. તેઓ પાછા અંદર ગયા ને વાંકા વળી રવિનો પગ કાઢવા મથી રહ્યા. રિંગ લોઢાની હતી, કાટ ખાઈ ગઈ હતી તેથી જલદી ખૂલી નહીં. આજુબાજુ નજર નાંખતા લોઢાનો હથોડો ખૂણામાં પડ્યો હતો. તે સુરેન્દ્રનાથે ઉપાડ્યો. ઉપરા-છાપરી ઘા તેઓ કરી રહ્યા. દરેક વખતે ઘા મારવા વાંકું વળવું પડતું હતું. તેઓ વાંકા વળેલા હતાં ત્યાં જ ઉપરનો લાકડાનો મંચ આખો આગને લીધે તૂટ્યો ને આખો મંચ સુરેન્દ્રનાથની પીઠ પર આવી પડ્યો અને એ જ ક્ષણે ઘાથી લોઢાની રિંગ તૂટી. રવિનો પગ છૂટો થયો, પણ સુરેન્દ્રનાથનાં કપડાંમાં આગ લાગી ચૂકી હતી. રવિએ હાથ પકડી સુરેન્દ્રનાથને બહાર ખેંચ્યા.

પોતાનો પહેરેલો કોટ કાઢી સુરેન્દ્રનાથની પીઠ મસળવા રવિ લાગી ગયો, પણ એ દરમિયાન સુરેન્દ્રના ખુલ્લા મોં, હાથ, પગ ને શર્ટની અંદર પેટ, છાતી, પીઠ આગથી બધી ચામડી બળી ગઈ. આસિસ્ટન્ટ મૅનેજરે આગના ભડકા પોતાના ક્વાર્ટર્સમાં જોતાં, દોડતાં, અમરનાથ પાસે ગયેલા. અમરનાથ બે-ચાર માણસો સાથે વેરહાઉસ તરફ દોડતા ગયા. લોબો, જુલી ને વસુંધરાને ખબર પડતાં બધાં દોડ્યાં. રણજિત તો નશામાં ધૂત પોતાના રૂમમાં પડ્યો હતો.

અમરનાથ સુરેન્દ્રની હાલત જોઈ સ્તબ્ધ બની ગયા. એ રાતે બધા એકાઉન્ટ્સ મેળવવાના બાકી હોવાથી વિશ્વાસ ત્યાં જ રોકાઈ ગયો હતો. એ પણ દોડી આવ્યો હતો ને સમયસૂચકતા વાપરી ફાયરબ્રિગેડને ક્યારનોય ફોન કરી દીધો હતો. પર્વતની તળેટીમાં જ કિલિમાન્જારો ક્રિશ્ચિયન મેડિકલ સેન્ટર હૉસ્પિટલમાં પણ તેણે ઍમ્બ્યુલન્સ ને પેરામેડિક્સને પણ ફોન કરી દીધા હતા.

સખત આગના દાહથી સુરેન્દ્ર લગભગ બેભાન થઈ ગયો હતો. રવિ સમયસર જ વેરહાઉસના બારણામાં હોવાથી તરત બહાર નીકળી ગયો હતો. પગમાં થોડા 'બર્ન્સ' થયા હતા, પણ સુરેન્દ્રનું આખું શરીર જાણે સળગી ગયું હતું. વસુંધરા તો પિતાની હાલત જોઈ અવાચક બની ગઈ. હજી આજે રાત્રે તો તે બધી વાત પિતાને કરવાની હતી ને આ શું થઈ ગયું ?

'વિશ્વાસ ! સુરેન્દ્રને આસ્તેથી ઊંચકાવી જલદી મારા ઘરમાં પલંગ પર સુવડાવો. રવિ ! તું ક્યાં ક્યાં દાઝ્યો છે ?'

'પપ્પા ! સુરેન્દ્ર અંકલે મને બચાવી લીધો નહીં તો...' એની નજર વસુંધરા પર પડી અને નજરો ઝૂકી ગઈ. જેને તે છેહ દઈ રહ્યો હતો તેના પિતાએ જ તેનું જીવન બચાવ્યું.

'રવિ ! જલદીથી ડૉક્ટરને બોલાવો. સુરેન્દ્રની હાલત ઠીક નથી લાગતી.'

અને સાંભળીને વસુંધરા ઢગલો થઈ પિતા પાસે બેસી પડી ને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી.

'સર !' વિશ્વાસ બોલ્યો. 'મેં બધે ફોન કરી દીધા છે. હમણાં જ મેડિકલ ટીમ ને પાણીના બંબા ફાયરબ્રિગેડ સાથે આવી જશે.' ત્યાં જ ફાયરબ્રિગેડનો અવાજ આવ્યો. આગની જ્વાળાઓ આખા વેરહાઉસને ભરખવા લાગી હતી. અમરનાથનું ધ્યાન હવે વેરહાઉસ તરફ ગયું. કૉફી સાથે લાખ્ખોની મશીનરી સ્વાહા થઈ ગઈ હતી. પાણીના બંબાઓએ કામ ચાલુ કરી દીધું હતું. ત્યાં જ પવનની દિશા બદલાઈ.

વિશ્વાસ ! જલદીથી થોડા માણસોને લઈ ત્યાં ઢોળાવના છેડે કોટેજિઝમાંથી માણસોને ઘર ખાલી કરાવો. બાળકોને કંઈ થવું ન જોઈએ.'

'પણ સર ! વેરહાઉસ !'

'વિશ્વાસ ! માણસોના જીવ કરતાં મકાનની કિંમત વધુ નથી, જાઓ જલદી.'

વસુંધરા અમરનાથનું આ ભવ્ય રૂપ જોઈ રહી. પિતા સાથે ઘર તરફ જતાં તેનો અણગમો થોડો ઓછો થવા લાગ્યો. ત્યાં જ મેડિકલ ટીમ આવી ગઈ, પણ અમરનાથ આગની જ્વાળાઓ પવનની દિશા બદલાતાં પ્લાન્ટેશનના કૉફીના છોડવાઓ તરફ વળતી જોઈ ચિંતામાં પડ્યા. માણસોને તો ઘર છોડવા – ખાલી કરવા માણસો મોકલ્યા, પણ કૉફીના છોડવાને કેમ બચાવવા ? વેરહાઉસ તો બળીને ખાક થયું, પણ હવે પ્લાન્ટેશન કોણ બચાવશે ? અનાયાસે અમરનાથથી આકાશ સામે જોવાઈ ગયું. 'કયા પાપની સજા ઈશ્વર આપી રહ્યો હશે ? પોતે કરેલા પાપની ?' તેને ક્યાં ખબર હતી કે પુત્રે પણ તેના નકશેકદમ ચાલી રહી પાપ કર્યું છે ?

અને એકાએક વાદળો પાછાં ઘેરાયાં, પાણીનાં ફોરાં ચાલુ થયાં ને આગની જ્વાળાઓ કૉફીના છોડવાઓ સુધી પહોંચે ત્યાં તો ધોધમાર વરસાદ ચાલુ થઈ ગયો. મેડિકલ ટીમના ડૉ. ઇગન અમરનાથને ઓળખતા હતા.

'અમરનાથ ! ક્યાં છે પેશન્ટ ? કેટલા છે ?'

'ડૉક્ટર એક જ છે, પણ હાલત ગંભીર છે. આવો બંગલામાં.'

'પણ અમરનાથ ! આ આગ કેવી રીતે લાગી ?'

અમરનાથે ચારેબાજુ નજર ફેરવી. રવિ નીચે ઘરોમાંથી બધાને ખાલી કરાવવા વિશ્વાસ સાથે ગયો હતો. કોને પૂછવું ?

'ડૉક્ટર ! પહેલાં અંદર ચાલો. બધી વિગત પછી મેળવશું.' ડૉક્ટર ઇગન સુરેન્દ્રનાથનું શરીર જોઈ ચોંકી ઊઠ્યા. આ તો 'એક્સ્ટેન્સીવ બર્ન્સ' – ગંભીર દાઝવાનો કેસ હતો. પ્રાથમિક સારવાર આપી ગ્લુકોઝ ચડાવી તેઓએ અમરનાથને કહ્યું, 'આમની સારવાર ઘરે ન થઈ શકે. હૉસ્પિટલમાં દાખલ કરાવવા પડશે. કોણ રહેશે તેમની સાથે ?'

'આ વસુંધરા તેમની દીકરી છે ને જુલી પણ ત્યાં એની સાથે રહેશે. શું લાગે છે ડૉક્ટર ?'

'અત્યારે તો શું કહું ? આવા કેસીઝ થર્ડ ડિગ્રી બર્ન્સ કરતાં પણ વધુ દાઝ્યા છે. બધો પ્રયત્ન કરી છૂટશું.'

ડૉક્ટર જે ગંભીરતાથી બોલતા હતા તે જોઈ અમરનાથ સ્થિતિની ગંભીરતા સમજી ગયા. 'ડૉક્ટર ! પ્રાઇવેટ રૂમ રાખવાનો છે. પૈસાની કોઈ ચિંતા ન કરતો. બધું મારા પર છે.'

'અમરનાથ ! અત્યારે પૈસાનો વિચાર નથી કરવાનો. આનું જીવન બચાવવાનું છે.'

'જે કંઈ જરૂર પડે નૈરોબી-કેન્યા બાજુમાં પડે. ત્યાંથી મંગાવી લેજો. અગર આમને નૈરોબી ખસેડવા પડે તો ચાર્ટર હૅલિકોપ્ટર કરતાં પણ અચકાશો નહીં.'

વસુંધરા તો બાપ દીકરાના તફાવતને મૂલવી રહી, પણ અત્યારે તેનો જીવ પિતાના જીવનમાં અટવાયો હતો. પિતાને કંઈ થઈ જાય તો હવે પોતાનું કોણ ? પ્રિયતમે તો દગો દીધો. પણ અત્યારે એ વિચારો કરવાના નો'તા. જુલીએ તેને ઉઠાડી ને બંને જોઈતો સામાન હૉસ્પિટલમાં લઈ જવા રૂમમાં ગયાં.

અમરનાથ પાછા વેરહાઉસ પર ગયા. રવિ ને વિશ્વાસ આવી ગયા હતા. બીજા બધા માણસો-મજૂરો મદદ કરવા આવ્યા હતા, તેઓ હજી ત્યાં જ હતા, તેઓ બધા બચી ગયેલી કૉફીની પેટીઓનો ખડકલો કરતા હતા, તેઓ બધાનો અમરનાથે આભાર માન્યો.

રાત્રે સૂતા સૂતા અમરનાથ વિચારી રહ્યા, 'અર્ચના ગઈ, સ્વરૂપ ગઈ, વસુંધરાની માતા ગઈ, હવે સુરેન્દ્ર ! બચશે ? ડૉક્ટરના કહેવાથી તો આશા નહિવત્ છે. પોતાના દીકરાની જિંદગી બચાવી. હવે તેને કંઈ થઈ જાય તો વસુંધરા તો હવે તેની જ જવાબદારી ને ? એમાંય સ્વતંત્રતા પછીના આટલાં છ-સાત વરસોમાં દેશના પ્રેસિડેન્ટ પશ્ચિમી દેશોની મદદ વગર નાસીપાસ થઈ ચાઈનાના સમાજવાદ તરફ ઢળ્યા હતા. ક્યાંય બધું સરકાર હસ્તક લઈ લેશે તો શું થશે ? તેને અર્ચનાના શબ્દો યાદ આવી ગયા, 'અમર ! આ જગ્યા કદાચ છોડવાની આવશે તો ?' કોઈ આગાહી હતી એ શબ્દોમાં ? તે બેચેન થઈ ગયો. માંડ માંડ તેને ઊંઘ આવી.

બીજે દિવસે અમરનાથ ઑફિસે ગયા. રણજિત ઑફિસમાં હતો. તેને તો આગલી રાતે શું થયું તેની ખબર જ નો'તી. વિશ્વાસે જ્યારે બધી વાત કહી ત્યારે તે ચમક્યો હતો. વિશ્વાસે એ નોંધેલું. અમરનાથને આવતાં જોઈ, 'હું પ્લાન્ટેશનમાં ચક્કર મારી આવું.' કહી ઉતાવળે તે નીકળી ગયો.

અમરનાથ ખુરશીમાં બેઠા. 'વિશ્વાસ ! તું ઓફિસમાં કામ કરતો હતો. તને કંઈ ખ્યાલ છે કે આ આગ કેમ લાગી ? શોર્ટસર્કિટ થઈ હશે ?'

પહેલા તો વિશ્વાસ ચૂપ રહ્યો. પછી બોલ્યો, 'સર ! કદાચ હોઈ શકે અથવા...'

'અથવા શું ?' અમરનાથનો સ્વર ધારદાર બન્યો.

'અથવા કોઈએ આવું પગલું ભર્યું હોય ?'

'કોણ ભરે ? આપણે તો કોઈ સાથે દુશ્મની નથી ?'

'સર ! મને વહેમ છે. માસ્ટર રણજિતને લીધે...'

'રણજિતને લીધે ? શું વાત કરે છે તું ?'

'સર ! માસ્ટર રણજિત સામે મને કોઈ વાંધો નથી, પણ મેં જે સાંભળ્યું તે પરથી કહું છું. તમે સુરેન્દ્ર અંકલને લઈ ડૉક્ટર સાથે ઘરમાં ગયા ત્યારે માણસોમાં થતી ગુસપુસ મેં સાંભળી. આપણા એક મજૂરની દીકરીની રણજિતસરે છેડતી કરેલી. તમને ખબર છે ને આ ચાગા લોકોની સંસ્કૃતિ ! આબરૂ તેમને ખૂબ વહાલી. કદાચ એના મળતિયાઓએ આવું કર્યું હોય તેવી સંભાવના તેઓ બતાવી રહ્યા હતા.'

અમરનાથ ક્રોધથી ભભૂકી ઊઠ્યા. વિશ્વાસ ચોંકી ગયો. 'સર ! ક્રોધમાં કંઈ આડુંઅવળું પગલું ભરી ન બેસતા. આ વાતને અહીં જ રફેદફે કરી દો. મજૂરો પર બળાપો કાઢવા જતાં આ લોકો તો ખૂન કરી બેસે. રણજિતસરના જીવનને જોખમમાં નાંખી દે. મારું માનવું છે કે રણજિતસરને થોડો વખત ઇંગ્લૅન્ડ મોકલી દો. આમેય રવિસર તો જવાના જ છે ને ! બંનેને મોકલી દો.'

શાંતિથી વિચાર કરતાં અમરનાથને એ વાજબી લાગ્યું.

'વિશ્વાસ ! આપણા ટ્રાવેલ એજન્ટને ફોન કરી વહેલામાં વહેલી ટિકિટ મેળવી બંનેને મોકલવાનો પ્રબંધ કરો. હૉસ્પિટલમાંથી કંઈ સમાચાર ?'

'સર ! હું અહીં બધું સંભાળી લઈશ. તમે હૉસ્પિટલ જઈ આવો. વસુંધરા એકલી છે, ત્યાં મુંઝાતી હશે.'

અમરનાથ આ માણસની કાર્યદક્ષતા ને વિચારવાની શક્તિની પ્રશંસા કર્યા વગર ન રહી શક્યા.

'અને સર ! આ બધું શોર્ટસર્કિટથી જ થયું છે એવો રિપોર્ટ ઇન્સ્યોરન્સ કંપનીને મોકલવા મેં તૈયાર કરી લીધો છે. વાંચી સહી કરી દો એટલે પોસ્ટ કરી દઉં. ભૂલેચૂકે કોઈ સામે આ કાર્ય કોણે કર્યું છે તેની અછડતી વાત પણ કોઈને ન કરતાં. આપણને વેરઝેર ન પોષાય.'

તેઓ જીપ લઈ પર્વતનો ઢોળાવ ઊતરી રહ્યા. મન સુરેન્દ્રની હાલતે ચિંતામાં હતું. હૉસ્પિટલમાં પહોંચી વસુંધરા ને જુલીની ખબર કાઢી સુરન્દ્ર પાસે ગયા.' પ્રાઇવેટ રૂમમાં બધી જ સુવિધા હતી. બધી ટ્રીટમૅન્ટ ચાલુ થઈ ગઈ હતી. ડૉ. ઇગન આવતાં બધી હકીકત જાણી.

'અમરનાથ ! હાલત બહુ ગંભીર છે. બે-ત્રણ દિવસ પણ ખેંચશે કે કેમ તે કહેવાય નહીં. વસુંધરાને તમારે સંભાળવી પડશે. બને તેટલો શક્ય પ્રયત્ન થઈ રહ્યો છે. આવી હાલતમાં તેમને નૈરોબી લઈ જઈ શકાય તેમ નથી, પણ નૈરોબીથી 'બર્ન સ્પેશ્યાલિસ્ટ'ને બોલાવ્યા છે.'

અમરનાથ વસુંધરા ને જુલીને યોગ્ય સૂચનાઓ આપી ને પાછા પ્લાન્ટેશન પર ગયા. વિશ્વાસે કહ્યું, 'સર ! કાલની જ ટિકિટો મળી ગઈ છે. શું કરવું છે ?'

'બરાબર છે. વિશ્વાસ થૅંક્યુ વેરી મચ ! બાય ધ વે, તારી પાસે કયો પાસપોર્ટ છે ? ટંઝાનિયાનું નાગરિત્વ તેં સ્વીકાર્યું છે ?'

'ના ! સર ! હજી તો બ્રિટિશ પાસપોર્ટ છે, પણ દર વરસે વર્ક પરમિટની મોટી ફી હવે પોષાતી નથી. નાગરિકત્વ માટે એપ્લાય કરવાનું વિચારી રહ્યો છું.'

'મને પૂછ્યા વગર કશું કરતો નહીં. આપણી વુલન ફૅક્ટરી તૈયાર થઈ ગઈ છે. ઇંગ્લૅન્ડ જવું છે ?'

'પછી અહીં સર ?'

'તારા કોઈ વિશ્વાસુને રાખી લઈશ.'

'સર ! શું વિચારી રહ્યા છો ?' વિશ્વાસે ચિંતા વ્યક્ત કરી. વિશ્વાસ ! બધું હજી ગર્ભિત છે. ઉપરની ઓળખાણથી રાજકારણમાં ખળભળાટ છે. થોડો વખત આપણે બધાએ ઇંગ્લૅન્ડ જવું પડશે. તને જણાવીશ પછીથી તું તૈયારીમાં રહેજે.'

અમરનાથ રાજકારણની વાતોથી વ્યથિત ને ચિંતિત હતા, પણ બીજે દિવસે જ તાબડતોબ રવિ ને રણજિતને ઇંગ્લૅન્ડ જવા રવાના કરી દીધા. રવિને વસુંધરાને મળવાની અદમ્ય ઇચ્છા હતી, પણ વસુંધરાની આગઝરતી આંખોથી તે એ હિંમત કરી જ ન શક્યો.

ત્રણેક દિવસ પછી અમરનાથ હૉસ્પિટલમાં ગયા. નૈરોબીથી આવેલા કન્સલ્ટન્ટને મળ્યા. આશા નહિવત્ હતી. વસુંધરા હોશિયાર ને ચાલાક હતી. પિતાની હવે અંતિમ ઘડીઓ ગણાઈ રહી છે તે હવે જાણી ગઈ હતી. જુલીનો મોટો સહારો તેને હતો. એ આફ્રિકન છોકરી, બહેનની જેમ તેનું ધ્યાન રાખી રહી હતી. કયું ઋણાનુબંધ હશે ? અને ચોથે દિવસે સુરેન્દ્રનાથ થોડા ભાનમાં આવ્યા. સ્નેહ નીતરતી નજરે વસુંધરાને જોઈ રહ્યા. ઇશારાથી અમરને બાજુમાં બોલાવ્યો. 'અમર ! આ અનાથ છોકરીનું હવે તારે ધ્યાન રાખવાનું છે.' તેની આંખમાંથી આંસુઓ સરી રહ્યાં. વસુંધરા હોઠ ભીડી કઠણ થવા પ્રયત્ન કરી રહી. વસુંધરાનો હાથ અમરના હાથમાં સોંપી, વસુંધરા સામે જોતાં સુરેન્દ્રનાથે અજાણી ધરતી પર છેલ્લા શ્વાસ લીધા.

વસુંધરા ભાંગી પડી. પ્લાન્ટેશન પર પાછા આવી હવે પોતે એકલી અનાથ છે, જાણી તેનાં અશ્રુઓના બંધ છૂટી ગયાં.

પિતાની અંતિમક્રિયાને પછી તે સુક્કી આંખે કઠણ કાળજે તે જોઈ રહી. અમરનાથ તેનું પૂરતું ધ્યાન રાખી રહ્યા. વસુંધરાએ એ પણ જાણ્યું કે રવિ ઇંગ્લૅન્ડ જતો રહ્યો છે. પોતાને બે મહિના થયા હતા. તે હવે અબોલ બની ગઈ.

મહિનો વીતી ગયો. અમરનાથને મંત્રીમંડળમાંથી આવતા સમાચારોએ ચિંતિત બનાવી દીધા હતા. તેઓ સતર્ક બની ગયા હતા. જે કંઈ બહાર કાઢી શકાય તે તેઓએ કાઢી લીધું હતું.

એક રાત્રે તેમણે લોબો, વસુંધરા ને જુલીને ડિનર પછી બોલાવ્યાં, 'જુઓ તમે બધાં સાંભળો ! મને સમાચાર મળ્યા છે એ પ્રમાણે જો થશે તો મારે તો ઇંગ્લૅન્ડ જવાનું થશે. આ બધું છોડીને. મારી સાથે તમારે બધાએ આવવું છે ? યૉર્કશાયરમાં મારો બંગલો છે. વુલન ફેક્ટરી ચાલુ થવાની છે. ફૂડનો સ્ટોર નાંખવાનો છું. જો તમે બધા આવવા માંગતા હો તો એ પ્રમાણે વ્યવસ્થા કરું.'

'સર ! આ ઉંમરે હવે મારે અહીંથી નથી નીકળવું.' લોબો બોલ્યો, 'મને ગામની હોટેલમાં ચેફ તરીકે નોકરી મળી જશે.'

'સર ! હું તો આફ્રિકન છું. મને કેવી રીતે આવવા મળશે ? હું અનાથ છું. અહીં એકલી ક્યાં જઈશ ?' અને તે રડી પડી.

'મારો બંગલો છે. હાઉસકીપર તરીકે વર્કપરમિટ મેળવી લઈશ.' અમરનાથ બોલ્યા.

'તો તો તમારી સાથે જ આવીશ. બરાબરને વસુંધરા ?' વસુંધરાને તો અજાણે સપનું સાકાર થતું લાગ્યું.

'વસુંધરા ! તારે ચિંતા કરવાની નથી. તું હવે મારે મન દીકરી છે. તારી પાસે બ્રિટિશ પાસપોર્ટ છે તે હું જાણું છું.'

'અંકલ !' પહેલી વાર વસુંધરાએ તેને અંકલ કહ્યું. ખૂબ સારું લાગ્યું અમરનાથને.

'અંકલ ! એક વિનંતી છે. ઘરકામનો હવે કંટાળો આવે છે. જીવનમાં કંઈ કરી બતાવવાની મહેચ્છા છે. તમે ફૂડ સ્ટોર ખોલવાના છો ને ? મને એ બિઝનેસ કરવાની તક ન આપો ?'

'અરે, વસુંધરા ! તેં તો મારી મુશ્કેલી સહેલી બનાવી દીધી. પોતાનું જ માણસ, બધું સંભાળે, ધ્યાન રાખે, એથી વધુ સારું શું ?'

'પણ અંકલ ! તમને લાગે છે આપણે અહીંથી બધું છોડવું પડશે ?'

અને વસુંધરાને પંદર દિવસમાં જ જવાબ મળી ગયો. સરકારે એક વહેલી સવારે એક સહીના લસરકાથી આખા દેશના કૉફી, ઘઉં, મકાઈ, શણના બધા જ ફાર્મ્સ નૅશનલાઇઝ કરી નાંખ્યા. બધું સરકાર હસ્તક લઈ લીધું. માલિકો, રાયમાંથી એક ઝટકે રંક બની ગયા. કોઈને વળતર આપવામાં ન આવ્યું. જે માલિકોને દેશમાં

રહેવું હોય તો પોતાના જ ફાર્મમાં – મૅનેજર તરીકે નોકરીએ રહી શકે એવો ધારો આવ્યો.

અમરનાથની બીક સાચી પડી. સારું હતું પહેલેથી જાણ હોવાથી બધી પૂરતી તૈયારીઓ તેમણે કરી રાખી હતી.

એક સવારે વર્ષોની જહેમતથી વસાવેલા પ્લાન્ટેશનની તેમણે વિદાય લીધી. પ્લાન્ટેશનના બધા જ મજૂરો સજળ નયને તેમને વિદાય આપી રહ્યા. અમરનાથે જે રીતે તેમની સંભાળ લીધી હતી તે તેઓ ભૂલી શકે તેમ નો'તા. ગામમાં આખી હિન્દુ કોમે તેમને ભાવભીની વિદાય આપી. અમરનાથે જે સખાવતો કરી હતી તે કાંઈ ભૂલે તેમ નો'તા.

અને ભારે હૈયે અમરનાથ, વસુંધરા, જુલી ને વિશ્વાસના કુટુંબે લંડન જતાં પ્લેનમાં પગ મૂક્યો.

આકાશમાં વિહરતા આઝાદ પંખીની જેમ વસુંધરા તરતાં વાદળાંઓને પ્લેનની બારીમાંથી જોઈ ભવિષ્યનાં શમણાં આંખમાં ભરવા લાગી.

: ૧૭ :

વતનથી દૂર તે આફ્રિકા જેવા પરાયા દેશમાં ગઈ, માનસિક રીતે મોટી થઈ, જીવનમાં સંઘર્ષ કોને કહેવાય તે જોયું ને શીખી બધાની ચાહત મેળવી અને, અને પ્રેમમાં પડી. ભીતરનો ચહેરો ઉઘડતો ગયો. વિહંગની જેમ આભમાં વિહરી રહી. સપનાંઓની પાંખે તરતી રહી, પણ જીવનની વાસ્તવિકતા અનુભવી છેહને લીધે ધરતી પર પટકાણી, પણ પોતાનો પ્રેમ સાચો હતો. સ્મૃતિઓથી જ હવે હૃદય ધબકવાનું હતું.

આજે, આજે પરાયામાંથી પારકા દેશમાં જવા નીકળી હતી. ક્યાં ભારત, ક્યાં આફ્રિકા ને ક્યાં ઇંગ્લૅન્ડ ! શું મેળવ્યું ? શું ખોયું ? હજી જીવનના સરવાળા બાદબાકી કરવાનો સમય જ નો'તો આવ્યો. પોતાની મહત્ત્વાકાંક્ષાઓ પૂરી પાડવા પ્રેમરૂપી ભાથું લઈ એ નીકળી પડી હતી, પ્રેમના બીજને પોતાના અંગમાં સંતાડી, હવે તો એ બીજને વૃક્ષ બનાવી પોષણ કરવાનું હતું. ફરી જીવવાની તમન્ના તેના દિલમાં જાગી હતી.

'ખરેખર કેટલી શાંતિ છે !' વસુંધરા પ્લેનમાં ફક્ત પ્લેનનો ઘરઘરાટ સાંભળી રહી હતી શરૂઆતમાં. જેમ જેમ સમય વીતતો ગયો એ અંતર્મુખ થવા લાગી. અપાર શાંતિ તેણે અનુભવી. કાર્યનો તમામ ઘોંઘાટ ઓસરી ગયો હતો. મનમાં ચાલતી નીકળતી વખતે ચાલતી અકારણ વાતચીતો ક્યાંય મનના તળિયે બેસી ગઈ હતી. અત્યારની શાંતિનું ગુંજન તેને પ્યારું લાગતું હતું. અંદર જાણે કોઈ મનને દૃઢ

બનાવતી સુરાવલિઓ સંભળાઈ રહી હતી. આ શાંતિની પ્રાપ્તિ તેને આજે થઈ છે તે જ મોટી સમૃદ્ધિ !

કઈ જાતની સમૃદ્ધિ ભવિષ્યમાં તેને મળવાની હશે ? ભૌતિક કે આધ્યાત્મિક ! પણ તત્ત્વજ્ઞાનના વિચારો ન કરતાં તે વિચારી રહી હવે ? હવે આગળ શું. જીવવાની તમન્ના છે, પણ ક્યાં સુધી તે અમરનાથ સાથે રહી શકશે ? રવિ વારેવારે વૅકેશનમાં – હવે તો લંડનથી યૉર્કશાયર કંઈ દૂર નથી. વારેવારે આવવાનું થશે તેનું. એવા કાયર માનવીના બંગલામાં કેટલો વખત રહેશે ? ત્યાં પહોંચી તેણે પોતાની સગવડ કરવાની જ રહેશે ને ? કોઈની જાણપિછાણ નથી. શું કરશે ?

ત્યાં તો અંદર જાણે કશુંક ફરક્યું એવો આભાસ થયો. હજી તો બીજ હતું. ક્યાંથી ફરકે ? પણ અનુભૂતિ થઈ કે પોતે એકલી નથી. મન દઢ બનાવ્યું. લંડન ઊતર્યાં. અમરનાથને લેવા કાર આવી હતી. આટલાં વર્ષોમાં આફ્રિકામાં મેળવેલી જાહોજલાલી ને દોલત, ઇંગ્લૅન્ડ ભેગા કરેલા તેનો પ્રતાપ હતો. એમાંય લંડનથી યૉર્કશાયર જતાં રસ્તામાં આવતી 'કન્ટ્રીસાઇડ' – હરિયાળી જોઈ તેનું મન પ્રસન્ન થયું. લંડનની મધ્યમાંથી નીકળી 'મોટરવે' – ધોરી રસ્તા પર ચડતાં લંડન જોવાનું તેની આકાંક્ષા ફળી. ઉત્તુંગ મહાલયો, જાહોજલાલી, થેમ્સ નદી જોતાં મન તેનું લોભાણું. આ જ શહેર તેની મહત્ત્વાકાંક્ષાનો પાયો છે. અહીં જ તે વ્યાપાર ફેલાવશે. મુગ્ધતાથી તે બધું જોઈ રહી. બાવીસ વરસના મનમાં કંઈક વિચારો ચાલી રહ્યા.

યૉર્કશાયર પહોંચતા હરિયાળું વાતાવરણ જોઈ તેને શાંતિ વળી. શ્રીવાસ્તવ વિલામાં પહોંચતા પહેલાં લીડ્ઝ નામના ગામમાંથી પસાર થતાં ન જાણે કેમ તેને આ ગામ ગમી ગયું. વિલામાં પહોંચતા રણજિત જ બારણામાં ઊભો હતો. વસુંધરા ને જુલીના મનમાં થોડી કડવાશ ઊભરાણી, પણ હમણાં તો અહીં રહેવાનું હતું તેથી શું થાય ? વિશ્વાસ ને તેની પત્ની લલિતાને તેના પિત્રાઈ ભાઈ હેરોથી લેવા આવેલા તેથી અમરનાથની વુલન ફૅક્ટરી ચાલુ ન થાય ત્યાં સુધી એ હેરો રહેવાનો હતો.

થોડા દિવસો પસાર થતાં મન ઠેકાણે પડવા લાગ્યું. યાદો તો કેડો ન છોડે, પણ હવે તો આજ કર્મભૂમિ બનવાની હતી ને ! જ્યારે વસુંધરાએ જુલીને બંને એકલા પડતાં કહ્યું, 'જુલી ! હું વધુ વખત આ ઘરમાં રહી શકવાની નથી.' જુલી આશ્ચર્યથી તેના સામે જોઈ રહી. 'પણ વસુ ! આ અજાણી ધરતી પર તું ક્યાં જઈશ ? અને શા માટે ?'

વસુંધરા આ ભોળી છોકરીને જોઈ રહી. તેને કશો ખ્યાલ ન નો'તો. 'જુલી ! શા માટે એ તને કહું, પણ તારી પાસેથી વાત ક્યાંય બહાર જવી ન જોઈએ. વચન આપ.'

અને આખી વાત સાંભળી જુલીની આંખો વિસ્ફારિત થઈ ગઈ. તેને આ બહાદુર છોકરી માટે માન ઊપજ્યું.

'જો જુલી ! હું કાલ સવારથી બાજુના ગામમાં લીડ્ઝ ખાતે નોકરી શોધવા જવાની છું. નોકરી મળતાં વાર લાગશે, રહેવાની જગ્યા શોધવી પડશે, પણ એ કાયર માનવીનું સાન્નિધ્ય હું સહી નહીં શકું.'

'વસુ ! હું અહીં એકલી કેવી રીતે રહીશ ? મને તો રણજિતનો બહુ ડર લાગે છે.'

'ડરવાની જરૂર નથી. મેં અંકલ ને રણજિતની વાત ગઈકાલે સાંભળી છે. રણજિત લંડનમાં કોઈ સ્ટોર ખોલવા માંગે છે. તે લઈ લેતાં ત્યાં જ ફ્લૅટ લઈ રહેવાનો છે. અહીં અંકલ એકલા હોય તેમની સંભાળ રાખવાનો તારે રહેવું જ પડશે ને ?'

'પણ વસુ ! તું બરાબર સેટલ થઈ જા પછી તો મને તારી પાસે બોલાવશે ને ?'

'જુલી ! મળવા તું આવતી જતી રહેજે. અંકલની સંભાળ તો તારે રાખવી જ પડશે ને ?'

'પણ અંકલને તું ક્યારે કહીશ ?'

'મને જેવી નોકરી મળે ને રહેઠાણ મળશે ત્યારે.'

* * *

અને બીજે દિવસથી વસુંધરાનો નોકરી શોધવાનો સંઘર્ષ ચાલુ થયો. ખિસ્સામાં કશા પૈસા નો'તા, આફ્રિકાથી નીકળ્યા ત્યારે નીકળતાં પહેલાં અમરનાથે બધાના એકાઉન્ટ્સમાંથી પૈસા કઢાવી લીધા હતા. યૉર્કશાયરમાં અઠવાડિયા પછી તેઓ જુલી ને વસુને બૅન્કમાં લઈ ગયા હતા ને તેમના નામના એકાઉન્ટ્સ ખોલાવી આપ્યા. નવી નોકરી ન મળે ત્યાં સુધી તો ઘરના જ પૈસા તોડવાના હતા.

અઠવાડિયાથી તે રોજ બસમાં બેસી લીડ્ઝ જતી. હજી ક્યાંય નોકરીનો પત્તો પડતો નો'તો. લીડ્ઝ વ્યાપારી – ઔદ્યોગિક ગામ હતું. ઘણી ફૅક્ટરીઓ હતી, પણ વસુંધરા પાસે કોઈ રેફરન્સ-સિફારસ નો'તી. પણ બધે ફરતાં ગામના રસ્તાઓ, દુકાનો ને મોલથી પરિચિત થતી જતી હતી. એશિયન વસાહત હતી, પણ પાંખી. તે જ્યારે નીકળતી ત્યારે સ્ટોર, ફૅક્ટરીઓ, વેરહાઉસ, પ્રિન્ટિંગ પ્રેસ ને ઑફિસોનાં મોટાં મકાનો તે જોઈ રહેતી. લીડ્ઝ ઇંગ્લૅન્ડના મોટાં શહેરોમાંનુ એક શહેર હતું. વસુંધરાને દિલમાંથી પ્રતીતિ થતી હતી કે તેનું ભવિષ્ય આ શહેરથી શરૂ થવાનું છે. આ જ નાનકડા હાથોથી દોલત ને સત્તાનો દોર શરૂ થવાનો હતો ! કેવી રીતે તેની સમજ તેને નો'તી પડતી.

એક દિવસ તે લીડ્ઝની શેરીઓમાં બધા સ્ટોર્સ જોવા નીકળી. ટાઉનહૉલના ઉત્તુંગ મકાન પાસે તે જરા થોભી ગઈ. આ મકાનમાં તેના જેવા કેટલા લોકો નોકરી કરતા હશે ? એવો વિચાર આવ્યો ત્યાં તેના મને તેને ટપારી. 'તેના જેવા' નહીં.

પોતે તો કંઈ અલગ જ છે. તે તેની નાની બે મુઠ્ઠીમાં આખું આકાશ ભરી લેવા નીકળી છે ને એક દિવસ ભરશે. તેને તો આંખના પલકારે આ દુનિયારૂપી આકાશને ઝુકાવવું છે. ભલેને ગમે તેટલો સંઘર્ષ કરવો પડે !

તે ત્યાંથી ખસી. દરેક સ્ટોરમાં નોકરી માટે જતી, પણ જગ્યા નથી એવો જ જવાબ મળતો. શું કારણ હશે ? પોતે એશિયન-ઇન્ડિયન હતી તેથી ? ગોરી નો'તી તેથી ? અંગ્રેજી તો સુંદર બોલી શકતી, પણ ગોરા લોકો લંડનથી દૂર વસાહીતોથી અજાણ, જલદી ભરોસો નહીં કરતા હોય ? પોતાની જ દુકાન હોય તો આ નોકરી માટે હાથ તો લંબાવવા ન પડે ? પણ પોતાની દુકાન કરવા પૈસા જોઈએ. હવે તે અમરનાથની મદદ લેવા નો'તી ચાહતી. સ્વબળે, સ્વપરાક્રમે આગળ આવવા માંગતી હતી. લોઢાના ચણા ચાવવાની વાત હતી, પણ હિંમત હારે તો વસુંધરા શાની ?

આ શહેરમાં જ પોતાની જગ્યા છે એવું તેનું મન તેને કહી રહ્યું હતું. થાકીને માર્કેટપ્લેસમાં આવી. જુદી જુદી જાતના, જુદી જુદી ચીજવસ્તુથી ભરેલા 'ટોલ્સ' ત્યાં હતા. ભાવ બધી ચીજના વાજબી હતા. બધા સ્ટોલ્સની ચીજવસ્તુઓ તે જોઈ રહી. શું વેચી શકાય તેનું નિરીક્ષણ કરી રહી. દુકાનનું મકાન ન મળે ત્યાં સુધી આવો નાનો સ્ટોલ પણ તે ચલાવી શકે. મૅગેઝિન્સ ન્યૂઝપેપર્સ, કેન્ડી વગેરે પણ વેચી શકાય.

ઉનાળાનો દિવસ હતો. ચાલી ચાલીને તે થાકી હતી. બંધ ગળાનું લાંબું ફ્રોક તેણે પહેર્યું હતું. ગળાનાં બટન, બહુ ગરમી હોવાથી ખોલ્યાં. કપાળે પ્રસ્વેદ જામતો હતો. રૂમાલ કાઢી તેણે કપાળ લૂછ્યું.

ચાલતાં ચાલતાં તે નૉર્થસ્ટ્રીટ પર આવી. ત્યાં કપડાં સીવવાની દરજીઓની દુકાનો હતી. નાની કપડાં વણવાની ફેક્ટરીઓ હતી. ક્યાંય જગ્યા નો'તી. યૉર્ક રોડ પર આવી તે અટકી. સાંજના પાંચ વાગી રહ્યા હતા. માણસો ઘરે જવા નીકળી રહ્યા હતા. તે જરા આગળ વધી ત્યાં તેની પીઠ પર એક પથ્થર અફળાયો. તેણે પાછળ ફરી જોયું. બે ગુંડા જેવા છોકરાઓ તેની તરફ જોઈ હસ્યા. તેઓ વાંકા વળ્યા, રસ્તાની કોરેથી થોડા નાના નાના પથ્થર ઉપાડ્યા ને વસુંધરા હેબતાઈ ગઈ. તેને થયું હમણાં પથ્થરોનો મારો તેના પર પડશે, પણ પેલા છોકરાઓએ પથ્થરો તેના તરફ તાકવાને બદલે ત્યાં રસ્તા પર પડેલ એક વૃદ્ધ જેવા આદમી તરફ તાક્યા. પેલો વૃદ્ધ ઊભો થવા ગયો પણ લપસી પડ્યો. છોકરાઓ ખડખડાટ હસી પડ્યા, 'હરામખોર, પાકી !' ઇંગ્લૅન્ડમાં એશિયન વસાહતીઓ બધા 'પાકી'ના નામે ઓળખાતા. પેલા વૃદ્ધે બંને હાથે મોં બચાવવા ઢાંકી દીધું. તેના હાથમાંનું પાર્સલ દડી ગયું હતું. ચશ્માં નીચે પડી ગયાં હતાં. તેના ગાલ પર પથ્થરના મારથી લોહી વહેતું હતું. શેરી નાની હતી. કોઈ વાહન ચાલી શકે તેમ નો'તું. તેથી પેલો વૃદ્ધ કોઈ દુકાનમાં માલ ખરીદવા ચાલીને આવ્યો હશે. વસુંધરાનું લોહી ખળભળી ઊઠ્યું. પેલા બે છોકરાઓ

'જો જુલી ! હું કાલ સવારથી બાજુના ગામમાં લીડ્ઝ ખાતે નોકરી શોધવા જવાની છું. નોકરી મળતાં વાર લાગશે, રહેવાની જગ્યા શોધવી પડશે, પણ એ કાયર માનવીનું સાન્નિધ્ય હું સહી નહીં શકું.'

'વસુ ! હું અહીં એકલી કેવી રીતે રહીશ ? મને તો રણજિતનો બહુ ડર લાગે છે.'

'ડરવાની જરૂર નથી. મેં અંકલ ને રણજિતની વાત ગઈકાલે સાંભળી છે. રણજિત લંડનમાં કોઈ સ્ટોર ખોલવા માંગે છે. તે લઈ લેતાં ત્યાં જ ફ્લૅટ લઈ રહેવાનો છે. અહીં અંકલ એકલા હોય તેમની સંભાળ રાખવાનો તારે રહેવું જ પડશે ને ?'

'પણ વસુ ! તું બરાબર સેટલ થઈ જા પછી તો મને તારી પાસે બોલાવશે ને ?'

'જુલી ! મળવા તું આવતી જતી રહેજે. અંકલની સંભાળ તો તારે રાખવી જ પડશે ને ?'

'પણ અંકલને તું ક્યારે કહીશ ?'

'મને જેવી નોકરી મળે ને રહેઠાણ મળશે ત્યારે.'

* * *

અને બીજે દિવસથી વસુંધરાનો નોકરી શોધવાનો સંઘર્ષ ચાલુ થયો. ખિસ્સામાં કશા પૈસા નો'તા, આફ્રિકાથી નીકળ્યા ત્યારે નીકળતાં પહેલાં અમરનાથે બધાના એકાઉન્ટ્સમાંથી પૈસા કઢાવી લીધા હતા. યૉર્કશાયરમાં અઠવાડિયા પછી તેઓ જુલી ને વસુને બૅન્કમાં લઈ ગયા હતા ને તેમના નામના એકાઉન્ટ્સ ખોલાવી આપ્યા. નવી નોકરી ન મળે ત્યાં સુધી તો ઘરના જ પૈસા તોડવાના હતા.

અઠવાડિયાથી તે રોજ બસમાં બેસી લીડ્ઝ જતી. હજી ક્યાંય નોકરીનો પત્તો પડતો નો'તો. લીડ્ઝ વ્યાપારી – ઔદ્યોગિક ગામ હતું. ઘણી ફૅક્ટરીઓ હતી, પણ વસુંધરા પાસે કોઈ રેફરન્સ-સિફારસ નો'તી. પણ બધે ફરતાં ગામના રસ્તાઓ, દુકાનો ને મોલથી પરિચિત થતી જતી હતી. એશિયન વસાહત હતી, પણ પાંખી. તે જ્યારે નીકળતી ત્યારે સ્ટોર, ફૅક્ટરીઓ, વેરહાઉસ, પ્રિન્ટિંગ પ્રેસ ને ઑફિસોનાં મોટાં મકાનો તે જોઈ રહેતી. લીડ્ઝ ઇંગ્લૅન્ડના મોટાં શહેરોમાંનું એક શહેર હતું. વસુંધરાને દિલમાંથી પ્રતીતિ થતી હતી કે તેનું ભવિષ્ય આ શહેરથી શરૂ થવાનું છે. આ જ નાનકડા હાથોથી દોલત ને સત્તાનો દોર શરૂ થવાનો હતો ! કેવી રીતે તેની સમજ તેને નો'તી પડતી.

એક દિવસ તે લીડ્ઝની શેરીઓમાં બધા સ્ટોર્સ જોવા નીકળી. ટાઉનહૉલના ઉત્તુંગ મકાન પાસે તે જરા થોભી ગઈ. આ મકાનમાં તેના જેવા કેટલા લોકો નોકરી કરતા હશે ? એવો વિચાર આવ્યો ત્યાં તેના મને તેને ટપારી. 'તેના જેવા' નહીં.

પોતે તો કંઈ અલગ જ છે. તે તેની નાની બે મુઠ્ઠીમાં આખું આકાશ ભરી લેવા નીકળી છે ને એક દિવસ ભરશે. તેને તો આંખના પલકારે આ દુનિયારૂપી આકાશને ઝુકાવવું છે. ભલેને ગમે તેટલો સંઘર્ષ કરવો પડે !

તે ત્યાંથી ખસી. દરેક સ્ટોરમાં નોકરી માટે જતી, પણ જગ્યા નથી એવો જ જવાબ મળતો. શું કારણ હશે ? પોતે એશિયન-ઇન્ડિયન હતી તેથી ? ગોરી નો'તી તેથી ? અંગ્રેજી તો સુંદર બોલી શકતી, પણ ગોરા લોકો લંડનથી દૂર વસાહીતોથી અજાણ, જલદી ભરોસો નહીં કરતા હોય ? પોતાની જ દુકાન હોય તો આ નોકરી માટે હાથ તો લંબાવવા ન પડે ? પણ પોતાની દુકાન કરવા પૈસા જોઈએ. હવે તે અમરનાથની મદદ લેવા નો'તી ચાહતી. સ્વબળે, સ્વપરાક્રમે આગળ આવવા માંગતી હતી. લોઢાના ચણા ચાવવાની વાત હતી, પણ હિંમત હારે તો વસુંધરા શાની ?

આ શહેરમાં જ પોતાની જગ્યા છે એવું તેનું મન તેને કહી રહ્યું હતું. થાકીને માર્કેટપ્લેસમાં આવી. જુદી જુદી જાતના, જુદી જુદી ચીજવસ્તુથી ભરેલા 'ટોલ્સ' ત્યાં હતા. ભાવ બધી ચીજના વાજબી હતા. બધા સ્ટોલ્સની ચીજવસ્તુઓ તે જોઈ રહી. શું વેચી શકાય તેનું નિરીક્ષણ કરી રહી. દુકાનનું મકાન ન મળે ત્યાં સુધી આવો નાનો સ્ટોલ પણ તે ચલાવી શકે. મૅગેઝિન્સ ન્યૂઝપેપર્સ, કેન્ડી વગેરે પણ વેચી શકાય.

ઉનાળાનો દિવસ હતો. ચાલી ચાલીને તે થાકી હતી. બંધ ગળાનું લાંબું ફ્રોક તેણે પહેર્યું હતું. ગળાનાં બટન, બહુ ગરમી હોવાથી ખોલ્યાં. કપાળે પ્રસ્વેદ જામતો હતો. રૂમાલ કાઢી તેણે કપાળ લૂછ્યું.

ચાલતાં ચાલતાં તે નૉર્થસ્ટ્રીટ પર આવી. ત્યાં કપડાં સીવવાની દરજીઓની દુકાનો હતી. નાની કપડાં વણવાની ફૅક્ટરીઓ હતી. ક્યાંય જગ્યા નો'તી. યૉર્ક રોડ પર આવી તે અટકી. સાંજના પાંચ વાગી રહ્યા હતા. માણસો ઘરે જવા નીકળી રહ્યા હતા. તે જરા આગળ વધી ત્યાં તેની પીઠ પર એક પથ્થર અફળાયો. તેણે પાછળ ફરી જોયું. બે ગુંડા જેવા છોકરાઓ તેની તરફ જોઈ હસ્યા. તેઓ વાંકા વળ્યા, રસ્તાની કોરેથી થોડા નાના નાના પથ્થર ઉપાડ્યા ને વસુંધરા હેબતાઈ ગઈ. તેને થયું હમણાં પથ્થરોનો મારો તેના પર પડશે, પણ પેલા છોકરાઓએ પથ્થરો તેના તરફ તાકવાને બદલે ત્યાં રસ્તા પર પડેલ એક વૃદ્ધ જેવા આદમી તરફ તાક્યા. પેલો વૃદ્ધ ઊભો થવા ગયો પણ લપસી પડ્યો. છોકરાઓ ખડખડાટ હસી પડ્યા, 'હરામખોર, પાકી !' ઇંગ્લૅન્ડમાં એશિયન વસાહતીઓ બધા 'પાકી'ના નામે ઓળખાતા. પેલા વૃદ્ધે બંને હાથે મોં બચાવવા ઢાંકી દીધું. તેના હાથમાંનું પાર્સલ દડી ગયું હતું. ચશ્માં નીચે પડી ગયાં હતાં. તેના ગાલ પર પથ્થરના મારથી લોહી વહેતું હતું. શેરી નાની હતી. કોઈ વાહન ચાલી શકે તેમ નો'તું. તેથી પેલો વૃદ્ધ કોઈ દુકાનમાં માલ ખરીદવા ચાલીને આવ્યો હશે. વસુંધરાનું લોહી ખળભળી ઊઠ્યું. પેલા બે છોકરાઓ

તરફ જોઈ જે પથ્થર તેને લાગ્યો હતો તે જ ઉઠાવ્યો ને પાછી ફરી દોડી, 'હરામખોરો ! એક વૃદ્ધ માણસને હેરાન કરો છો ? ઊભા રહો !'

વસુંધરાને પથ્થર સાથે હાથ ઉગામી દોડી આવતાં જોઈ બંને ભાગ્યા. વસુંધરા પેલા વૃદ્ધ પાસે આવી. તે બેઠો થવા પ્રયત્ન કરી રહી હતી. તેણે તેનું બાવડું પકડ્યું. ઊભા કર્યા. ચશ્માં પહેરાવ્યાં. નીચે પડેલ પાર્સલ લીધું ને બોલી, 'આપ ઠીક છો ને ?' કહી પોતાનો રૂમાલ આપ્યો. વૃદ્ધે મોં પર ફેરવી લોહી લૂછ્યું. 'થેંક્યુ યંગ લેડી !' ચશ્માં પહેરતાં તેઓ બોલ્યા, 'અરે ! તમે તો ઇન્ડિયન છો ! તમે ન હોત તો પેલા ગુંડાઓ મને પથ્થરથી ઈજા જ પહોંચાડત ? પણ તમે એકલા કેમ છો ? ને તમને એમણે 'પાકી' કેમ કહ્યું ?'

'નતા છો અહીં ?' વૃદ્ધે તેની સામે જોઈ પૂછ્યું.

'હા, ઇંગ્લૅન્ડ આવ્યે બે જ અઠવાડિયાં થયાં છે. પહેલી જ વાર આવી છું. આફ્રિકાથી.'

'આફ્રિકાથી ?' નવાઈથી તે વૃદ્ધે પૂછ્યું.

'હા, કેમ ?'

'અહીં ઇંગ્લૅન્ડમાં આપણ એશિયનને 'પાકી' જ કહી બધા ગોરા સંબોધે છે. આપણે અહીં આવી મહેનતથી સારું રળવા માંડીએ છીએ એ આ આળસુઓથી જોયું નથી જતું !'

'પણ પોલીસને કેમ ન બોલાવ્યા ?'

'તેઓ પણ બધા ગોરા જ ને ? આવા લોકોને થોડું ખિજાઈ, છોડી દે. એટલે આપણા લોકો પણ ''મરવા દે ને કોણ ઝંઝટમાં પડે'' કહી ચાલતી પકડે.' કહી વસુંધરાનો હાથ પકડી ધીમે ધીમે તેઓ બંને શેરીના છેડે મોટા રસ્તા પર આવ્યા. ત્યાં જ સામેથી ડ્રાઇવર દોડતો આવ્યો, 'સર ! શું થયું ? મેં તમને કહ્યું હતું કે મને સાથે આવવા દો.' કહી તેણે પેલા વૃદ્ધનો હાથ બીજી બાજુથી પકડ્યો ને કાર પાસે આવ્યા. બારણું ખોલી બેસવા જતાં પાછું લથડિયું ખાધું. 'મૅમ ! હું કાર ચલાવતાં કંઈ મદદ નહીં કરી શકું. તમે સર સાથે બેસો. એમને ઘરે પહોંચાડી દઈએ.'

કારમાં વૃદ્ધ છાતી પર હાથ મૂકી દબાવતા હતા.

'છાતીમાં દર્દ થાય છે ? હૉસ્પિટલ જવું છે ?' વસુંધરાએ અનુકંપાથી પૂછ્યું. 'ના, ના ! એક મોટો પથ્થર છાતી પર લાગેલો તેથી. શેક કરીશ ઘરે જઈને મટી જશે.'

વસુંધરા ચમકી. 'તમે શેક કરવાની વાત કરી ? તમે ક્યાંના છો ?'

'દીકરી !' વસુંધરાને પિતા યાદ આવી ગયા. 'દીકરી ! હું ભારતનો છું.'

'ભારતના ક્યાંના ?' તેના અવાજમાં ઉત્કંઠા છલકાઈ રહી.

'આસામનો !'

'અરે ! હું પણ આસામની છું.'

'તમારા પિતાનું નામ ?'

'સુરેન્દ્રનાથ.'

'તમે આસામમાં ગોહાટીમાં ચાના બગીચામાં કામ કરતા ?'

'હા, કેમ ?'

'અરે, દીકરી સુરેન્દ્રનાથ તો મારો દૂરનો પિત્રાઈ થાય. આ કેવો જોગાનુજોગ. તેં આજે મારી જિંદગી બચાવી.' ત્યાં જ કાર એક મોટા ભવ્ય મકાન પાસે આવી ઊભી. વસુંધરા એ જોઈ રહી. 'ચાલ દીકરી ! ઊતર ! હવે તો તારે જમીને જ જવું પડશે.' બંને અંદર ગયા. બંગલાનું રાચરચીલું જોઈ વસુંધરાને તેમની જાહોજલાલીનો ખ્યાલ આવી ગયો.

ઘરમાં પ્રવેશતાં જ વૃદ્ધનાં પત્ની ને પુત્ર સામા આવ્યાં. તેમની હાલત જોઈ બંને ચિંતાથી બોલી ઊઠ્યાં, 'અરે ! શું થયું તમને ?'

'કંઈ નહીં. બસ આજે આ દીકરીએ બચાવ્યો.' બધાં લિવિંગરૂમમાં બેઠાં.

'તમે મને વધુ પડતું મહત્ત્વ આપો છો, અંકલ ! મારી જગ્યાએ કોઈએ પણ આમ કર્યું હોત. પણ તમે તમારું નામ મને હજી નથી જણાવ્યું.'

'ઓહ ! મારું નામ મહેન્દ્રનાથ મોહિન્તે. આ મારી પત્ની યશોદા ને આ મારો પુત્ર રોહિત.'

વસુંધરાએ બધાને નમસ્તે કર્યાં. રોહિત તેને એકીટસે જોઈ રહ્યો હતો. આટલી સાદગીમાં આટલું બધું સૌંદર્ય ! પહેલી નજરે જાણે તેનું દિલ ખોવાઈ ગયું.

'આ વસુંધરા ! આપણા પિત્રાઈ સુરેન્દ્રનાથની પુત્રી. તેઓ બધા આફ્રિકા ગયા હતા ખબર છે ને ? ત્યાંથી બે અઠવાડિયાં પહેલાં જ આવી છે. બેટા ! કેમ છે તારાં માતાપિતા ?'

અને વસુંધરાની આંખો વરસી પડી. 'અંકલ !' સ્વસ્થ થતાં તે બોલી. બંને આફ્રિકાની ધરતીને પ્યારાં થઈ ગયાં. હું અમરનાથ અંકલ સાથે આવી છું. તેમના પત્નીનો પણ દેહાંત થઈ ગયો છે.'

'અરેરે ! તો તેમની સાથે હવે...'

'ના ! અંકલ ! હું હવે તેમના પર બોજ થવા નથી માંગતી. નોકરી ને ઘરની તલાશમાં છું. એકલી જ છું. અહીં મને કોઈ ઓળખતું નથી તેથી બહુ મુશ્કેલી પડે છે.'

'અને પડશે, દીકરી ! અહીંના લોકો આપણને જુદી નજરે જુએ છે તે તો તેં જાણ્યું ને ? શું આવડે છે તને ?'

'અંકલ ! કપડાં સીવતાં બહુ સારું આવડે છે ને કપડાં વણવાનું શીખવું છે.'

બાપ દીકરાની આંખો મળી. ઘણી વાતો થઈ ગઈ ક્ષણભરમાં. 'દીકરી ! તેં તો આજે મારા પર બીજો ઉપકાર કર્યો. જો મારે કપડાં સીવવાની દુકાન ને વણાટની ફૅક્ટરી છે. રોહિત એકલો બધે પહોંચી શકતો નથી. અમે ગોરો મૅનેજર રાખેલો, પણ બહુ જોહુકમી હતો. આપણે ત્યાં લગભગ ઇન્ડિયન વસાહીતો કામે છે. થોડી અંગ્રેજ છોકરીઓ પણ છે. મૅનેજર જ મુખ્ય કપડાં સીવનારો હતો. તેં તો અમારી મુશ્કેલી મિટાવી દીધી.'

'એટલે, એટલે અંકલ તમે મને નોકરીએ રાખો છો ?'

'બેટા ! ગમે તેમ તોય તું આપણી કહેવાયને ?'

'પણ અંકલ ! મૅનેજર જેવી પદવી ?'

'બેટા ! તેં જ કહ્યું ને કે તને સીવતાં આવડે છે ? તો તારા પર ભરોસો તો કરાય જ ને ? તું પગારની ચિંતા નહીં કરતી. એ ગોરા મૅનેજર કરતાં તને વધારે આપશું. બેટા ! હવે બધું તારા હાથમાં છે.'

વસુંધરા તો કુદરતનો આ કરિશ્મા જોઈ અવાચક બની ગઈ. ક્યાંથી ક્યાં ઋણાનુબંધ નીકળી પડે છે !

'અને દીકરી ! તું ક્યાં છે અત્યારે ?'

'શ્રીવાસ્તવ વિલામાં.'

'ઓહ ! બહુ દૂર પડશે અહીંથી તને આવવા જવામાં.' મહેન્દ્રનાથના ચહેરા પર વસુંધરા ના પાડી દેશે તો શું થશે તેની ચિંતા ઉભરાણી.

'અંકલ ! હું અહીં આજુબાજુમાં ક્યાંક એક રૂમ ભાડે લઈ લઈશ.' ફરી ત્રણેની નજરો મળી.

'બેટા ! એક વાત કરું. સંકોચાતી નહીં. જો આ બંગલામાં પાંચ બેડરૂમ છે. તું અમારી સાથે જ રહેવા ન આવી જા !'

'ના, ના ! અંકલ એમ મારાથી કેમ અવાય. કોઈના પર બોજ બનવું ન ગમે.'

વસુંધરાનું સ્વાભિમાન રોહિતને ખૂબ ગમ્યું. તે હવે બોલ્યો, 'પહેલા મને કહો કયા નામે ને કેવી રીતે તમને સંબોધન કરવું ?'

'મારું નામ તો વસુંધરા છે, પણ મને વસુ કહેશો તો ચાલશે.'

'ઓકે વસુ ! તો તમને સૂચન કરું. તમે બીજે રૂમ ભાડે રાખીને રહો તેને બદલે તમે અમારે ત્યાં 'પેઇંગ ગેસ્ટ' તરીકે રહો તો કેમ ?'

'અને દીકરી ! હું તો ક્યારેક જ બંને જગ્યાએ ફક્ત નજર નાંખવા સુપરવાઇઝ કરવા જ જાઉં છું. ઘરની કાર છે. ડ્રાઇવર છે. સવારે તું ને રોહિત બંને સાથે જઈ શકશો ને સાથે આવી શકશો.'

વસુંધરા તો આ ફરિસ્તા જેવા માનવીઓને જોઈ રહી. પોતાના મનની આકાંક્ષા આટલી જલદી ફળશે તેવી તેને કલ્પના નો'તી, પણ 'મન હોય તો માળવે જવાય' એ ઉક્તિ જાણે સાચી પડતી લાગી.

'એક શરતે યશોદા આન્ટી ! રસોડામાં મદદ કરવા તમારે મને આવવા દેવી પડશે. મને રસોઈ પણ આવડે છે.'

'કબૂલ ! હવે તારે આજે ડિનર અહીં જ લેવાનું છે.' ડિનર લેતાં બધાએ આસામને પેટ ભરી યાદ કર્યું. વસુંધરાએ આફ્રિકાની માઉન્ટ કિલિમાન્જારોની ખૂબ વાતો કરી. પણ માઉન્ટ કિલિમાન્જારોની વાત કરતાં વસુંધરાનો મોં પર ઉદાસીનતાની વાદળી છવાઈ ને તે ગંભીર બની ગઈ તે રોહિતે જોયું.

ડિનર પતતાં રાતના નવ વાગવા આવ્યા.

'અંકલ ! નવ વાગવા આવ્યા. ઘરે પહોંચતા મોડું થશે. હું જાઉં હવે ?'

'દીકરી ! રોહિત તને કારમાં મૂકી જશે. આટલી રાતે એકલા ન જવાય. કેવા ગુંડા જેવા છોકરાઓ આ શહેરમાં છે તે તો તેં જાણ્યું.'

'થૅંક્યુ ! અંકલ ! ક્યારથી કામે જવાનું ને અહીં આવવાનું થશે ?'

'જો આજે શુક્રવાર છે. રવિવારે સાંજે રોહિત તને તેડવા આવશે. સોમવારથી કામ ચાલુ કરી દે. રવિવારે તારો રૂમ તૈયાર થઈ જશે.'

'થૅંક્યુ અંકલ !'

વસુંધરાના હૈયા પરથી મણ મણનો ભાર ઊતરી ગયો. કારમાં જતા આટલા જલદી તે પોતાના મકસદે પહોંચશે એવી કલ્પના નો'તી. મન પ્રસન્ન હતું. રોહિત અવારનવાર તેના સુંદર ચહેરાને જોઈ લેતો હતો. તેનું મન પણ પ્રસન્ન હતું. આવી જીવનસંગિની મળે તો ?

તેનું હૈયું હસી પડ્યું.

: ૧૮ :

પણ વસુંધરાના મોં પર દૃઢતાની રેખાઓ ખેંચાઈ. રોહિતની તાલીમ નીચે લંડનમાં ચાલી રહેલી ફૅશન વિષે તેને જાણકારી આપવામાં આવી. પછી એ ફૅશનના કપડાં કેમ કાપવાં ને સીવવાં તે શીખી ગઈ. એવો સરસ હાથ તેનો 'કટિંગ'માં બેસી ગયો ને તેની સૂચના મુજબ કેમ સિલાઈ કરવી તે વસુંધરાએ તેના માણસોને શીખવી દીધું. રોજ કંઈ નવું નવું તે સ્ત્રીઓના ડ્રેસમાં અખતરો કરતી રહેતી. જ્યાં જતી ત્યાં સ્ત્રીપુરુષોને બાળકોને નીરખી રહી નવી જાતની ફૅશન અમલમાં મૂકતી. રોહિત તેની કાર્યપદ્ધતિ ને મોડે સુધી કામ કરવાની ધગશથી દંગ થઈ ગયો. વસુંધરામાં જાણે થાકનું નામોનિશાન નો'તું. ઑર્ડર્સ ખૂબ આવવા લાગ્યા. માંગ ખૂબ વધી ગઈ.

એ ઉપરાંત ઘરકામમાં પણ ખૂબ મદદ કરતી. જાતજાતની ને ભાતભાતની વાનગીઓ તે બનાવતી. જમી લીધા પછી રૂમમાં જઈ જુદી જુદી ફૅશનનાં મૅગેઝિનો ઉથલાવતી. એક રવિવાર જ બધું બંધ રહેતાં તે નિરાંતનો શ્વાસ લેતી. રવિવારે

સવારે ચા પીતાં રોહિત બોલ્યો, ‘વસુંધરા ! આજે રજાનો દિવસ છે. લંડન ફરવા જઈશું ?’ રોહિતના ચહેરા પર નિખાલસ ભાવ જોઈ તે ના ન પાડી શકી.

‘વસુંધરા ! લંડન આઈ (London Eye) જોયું છે ? ચકડોળ જેવી ઘણી બધી કેબલ કૉર્સથી જોડાયેલું ગોળાર્ધ છે. ધીમે ધીમે ઉપર જાય ને સૌથી ઉપર પહોંચી પાંચ મિનિટ ઊભું રહે. આખું લંડન દૂર દૂર સુધી પથરાયેલું દેખાય. એક અદ્‌ભુતં રોમાંચક દશ્ય બની જાય.’

અને ખરેખર જ્યારે તેઓ કેબલ કારમાં બેઠાં ને ચકડોળ ઉપર પહોંચ્યું, સ્થિર થતાં લંડન આખું દેખાતાં વસુંધરા સ્તબ્ધ થઈ ગઈ. આવડું મોટું શહેર કોઈ શકે તે તેના માન્યામાં નો’તું આવતું. દુનિયાભરના ખાસ કરીને યુરોપના પર્યટકો લંડનમાં જાણે ઠલવાતાં.

તે જાણે એક ઉત્તુંગ સ્થળે પહોંચી હોય તેમ સૌંદર્યસૃષ્ટિને જોઈ રહી. તેને ખ્યાલ પણ ન આવ્યો કે રોહિત સાવ તેની અડોઅડ ઊભો હતો ને કેબલકાર ચાલુ થતાં તેનો હાથ સરકી વસુંધરાના હાથ પર આવી ગયો હતો. સ્પર્શ થતાં જ તે ચમકી, આસ્તેથી રોહિત સામે જોઈ રહી. ‘વસુંધરા ! આજે એક વાત કહેવી છે. માનીશ ?’

‘રોહિત ! પહેલા વાત તો કહે પછી માનવાની વાત.’ કહી વસુ કારની અંદર ગોઠવેલા બેન્ચ પર બેઠી ને કારની કાચની બારીમાંથી થેમ્સ નદીના વહેતાં પાણી જોઈ રહી. થેમ્સના કિનારે જ આ લંડન આય બાંધી અનેરો લ્હાવો પર્યટકોને જાણે પ્રદાન કરાયો હતો.

મહામહેનતે રોહિતે હિંમત એકઠી કરી. ‘વસુ ! I Love You. મારી સાથે લગ્ન કરીશ ?’

પલભર રોહિત સામે તે જોઈ રહી. બે મહિનાના સહવાસમાં રોહિત ગમતો નો’તો એવું પણ નો’તું. પણ સીનામાં છુપાવી રાખેલું સત્ય કેવી રીતે કહેવું ? કહેતા કેવો ધરતીકંપ સર્જાશે ? આ પ્રેમાળ માનવીનું હૈયું પોતાના હૈયાંની જેમ નંદવાઈ જશે તો ?

‘કેમ ચૂપ છે ? વસુ ! નથી ગમતો હું કે વિચારવા સમય જોઈએ છે ? તારા પ્રત્યેની લાગણીમાં એથી કંઈ ફરક નહીં પડે. તું ક્યારેક ગુમસૂમ થઈ જાય છે તે પણ હું સમજી શકું છું. અજાણી દુનિયામાં, અજાણી ધરતી પર, એક સ્ત્રી થઈ એકલે હાથે ઝૂઝવું એ મુશ્કેલ કામ છે. તને સહારો આપવા નથી કહેતો ખરેખર દિલથી તને ચાહું છું.’

ત્યાં તો ચકડોળ ફરતાં તેમની કેબલકારની સામેની જ કારમાંથી કોઈને હાથ હલાવતાં રોહિતે જોયું. તેઓ વસુંધરા તરફ ઇશારો કરી રહ્યા હતા. કોઈ ઇન્ડિયન યુગલ હતું. વસુંધરાની પીઠ હોવાથી તે જોઈ શકતી નો’તી, પણ રોહિત સાવ

આમનેસામને હતો. તેણે વસુંધરાને કહ્યું, 'વસુ ! કોઈ તારું ઓળખીતું છે. તને બોલાવે છે.'

વસુંધરાને ફાળ પડી. 'અહીં કોણ તેનું ઓળખીતું હોય શકે ?' પીઠ ફેરવી જોતાં જ તેના મોં પર આનંદની લહેર દોડી ગઈ. એ તો સાવ ભૂલી જ ગઈ હતી. 'અરે વિશ્વાસ ! લલિતા ! અહીં ?' તેમને મળવા મન તલપાપડ થઈ રહ્યું. ચકડોળ અટકે તે પહેલાં વસુંધરાએ, એ લોકો વિષેની આખી વાત કહી. અટકતાં જ બધા કેબલ કાર્સમાંથી બહાર નીકળ્યા. પોતાનું કોઈ મળ્યાનો આનંદ આ અજાણી ધરતી પર છે તેવું અનુભવતા વસુંધરા ને વિશ્વાસ આનંદિત થઈ ગયાં. રોહિતની ઓળખાણ કરાવી બધાં બાજુના રેસ્ટોરાંમાં ગયાં અને ત્રણે વાતોમાં તલ્લીન થઈ ગયાં. રોહિત ચૂપચાપ એ બધાંને જૂની વાતો યાદ કરી રહેતાં જોઈ રહ્યો, પણ તેને લાગ્યું કે વિશ્વાસ વસુંધરાને કંઈ પૂછવા માંગે છે, પણ પોતાની હાજરીથી ખચકાય છે તેથી તે ઊઠ્યો, 'વસુંધરા ! હું હમણાં જ આવું છું. કાર જોઈ આવું.'

રોહિત જતાં જ વિશ્વાસે પૂછ્યું, 'વસુંધરા ! અમરનાથ સરના શું ખબર ?'

'કેમ તને કૉન્ટેક્ટ નથી કર્યો ?'

'હમણાં નહીં. મહિના પહેલાં ફોન આવ્યો હતો કે વુલનમિલ છેલ્લા તબક્કામાં છે ને શરૂ થતાં પહેલાં અમને લીડ્ઝ બોલાવી લેશે, પણ વસુંધરા ? આ રોહિત ?'

વસુંધરાએ માંડીને વાત કરી કે તે હવે રોહિત સાથે રહે છે ને તેની ફેક્ટરીમાં કામ કરે છે.

'તો વસુંધરા ? રવિ ?'

વસુંધરા ચમકી. 'કેમ રવિ વિષે પૂછે છે ?' વેધક નજરે તે જોઈ રહી.

'વસુંધરા ! રવિએ જતાં પહેલાં મને બધી વાતો કરી છે. તેનામાં હિંમત નો'તી તેથી તને છોડીને જતો રહ્યો. તારી મુશ્કેલીની વાત રોહિતને ખબર છે ? તે જે રીતે તારી તરફ જોઈ રહેતો હતો તેની આંખોમાં પ્યાર છલકાઈ રહ્યો હતો.'

'હા, વિશ્વાસ, લલિતા ! આજે જે તેણે મને "પ્રપ્રોઝ" કર્યું. દ્વિધામાં પડી ગઈ છું કે શું કરું ?'

'જો વસુંધરા !' લલિતા બોલી, 'તારે માટે આજ સૌથી સારો ઉપાય છે. કેટલા થયા ?'

'બે મહિના ઉપર.'

'તો બે મહિના પછી તો તારી વાત અછતી નહીં રહે.'

'તો શું કરું ?'

'ચોખ્ખી વાત રોહિતને કરી દે. આવી વાત ગુપ્ત રાખતાં મુશ્કેલી ઊભી થશે. તારામાં હિંમત ન હોય તો અમે કહીએ.'

'પણ એ કહેવાથી તેના કુટુંબમાં ધરતીકંપ થશે. તેઓ કદી મને સ્વીકારશે નહીં.'

'એ રોહિતે જોવાનું છે. તે તેનાં માતાપિતાનો એકનો એક દીકરો છે ને ? તેઓ માનશે.'

'અને ન માને તો ? હું તેઓનું કુટુંબ ભાંગવા નથી માંગતી.'

ત્યાં જ રોહિત આવ્યો, 'શું તમારી જૂની વાતો યાદ કરી લીધી ?'

'હા, રોહિત !' વિશ્વાસ બોલ્યો. 'અમને આનંદ થયો કે તેં આજે જ વસુંધરાને ''પ્રપોઝ'' કર્યું ?'

રોહિતે વસુંધરા તરફ જોયું. આ લોકોની દોસ્તી આટલી ગાઢ હશે તેનો તેને ખ્યાલ નો'તો. 'રોહિત ! આફ્રિકાની બધી વાતો તો વસુંધરાએ તને કરી હશે, પણ હજી એક વધુ વાત તે તને કહેવા માંગે છે. તે સાંભળી તું નિર્ણય લેજે. પણ તારા નિર્ણય માટે તને બિરદાવું છું. મારે મહિનામાં લીડ્ઝ એક નોકરી માટે આવવાનું થશે. જરૂર પડ્યે અમને જણાવજે. વીશ યુ બોથ અ બેસ્ટ લક ! વસુંધરા હવે અમે જઈશું.'

વિશ્વાસને ઊભા થતાં જોઈ રોહિતે તેનું બિઝનેસ કાર્ડ આપ્યું. રેસ્ટોરાં પણ થેમ્સ નદીના કિનારે જ હતું. કિનારા પરના એક બેન્ચ પર બંને બેઠાં. મંદમંદ સમીર વહી રહ્યો હતો. માણસોની ચહલપહલથી વાતાવરણમાં કોલાહલ હતો. એવો જ કોલાહલ વસુંધરાના મનમાં ધમસાણ મચાવી રહ્યો હતો.

'વસુ ! કેમ એકાએક ગંભીર થઈ ગઈ ? શું વાત છે ?' રોહિતના સ્વરમાંથી પ્રેમ નીતરી રહ્યો. 'આવા પ્રેમાળ માણસનો વિશ્વાસઘાત તો ન જ થાય ને ? અને તે બોલી ઊઠી, 'રોહિત ! મારે તને જે વાત કહેવી છે તે હૃદય સાંભાળી સાંભળજે ને પછી નિર્ણય કરજે.' કહી તેણે રવિ વિષે બધી વાત કરી. 'વસુ ! એ તારો અતીત છે. એની સાથે મારે કશી લેવાદેવા નથી. હું તો તને ચાહું છું જે વર્તમાન છે ને ભવિષ્યનાં સપનાં તો આપણે બંને જોઈ શકીએ ને ?'

'રોહિત ! વાત ત્યાં ખતમ નથી થતી. હું બે મહિના પ્રેગનન્ટ છું.' મૂઢ માર લાગતાં માનવી અવાચક બની જાય તેમ રોહિત અબોલ બની ગયો. તેના મનમાં તૂમૂલ ધમસાણ ઊભું થયું. 'માતાપિતા માનશે ? પોતે તો વસુંધરાને અપનાવી લે. પોતાને પ્રેમ છે. પણ આ વૃદ્ધ ઉંમરે માતાપિતા ન માને તો તેમને કેવી રીતે છોડી દેવાયા. છતાંય મસ્તક ઊંચું કરી તે બોલ્યો, 'વસુંધરા ! મેં કહ્યુંને કે તારા અતીત સાથે મારે કોઈ સંબંધ નથી. વળી આવનાર બાળકનો શું ગુનો ? એણે તો આ ધરતી પર પગ પણ નથી મૂક્યો. સાચો પિતા જન્મદાતા નહીં, પણ પાલનહાર હોય ને ? મને કોઈ વાંધો નથી. તને હું દિલોજાનથી ચાહું છું. તેને પણ ચાહવા લાગીશ.'

'ઓહ ! રોહિત ! કયા શબ્દોમાં તારો આભાર માનું ? પણ છેલ્લો નિર્ણય તારાં માતાપિતાના જવાબ પછી મારો રહેશે.'

બંને ગંભીર થઈ ગયાં. ઘર આવતાં શાંતિથી પ્રવેશ્યાં. રાબેતા મુજબ કાર્ય ચાલુ રહ્યું, પણ મહેન્દ્રનાથ જોઈ શક્યા કે રોહિત ને વસુંધરા ગંભીર થઈ ગયાં છે. તેણે યશોદાને પૂછ્યું, 'તમને કંઈ ખબર છે ? આ બંને વચ્ચે કંઈ ઝઘડો તો નથી થયો ને ?'

'ના, કેમ પૂછ્યું ?'

'તમે જોયું નથી ? કદાચ પ્રેમનો ઝઘડો હશે.' મહેન્દ્રનાથ મલકીને બોલ્યા.

'એટલે ! તમે શું કહેવા માંગો છો ?' યશોદાબહેનના મોં પર સ્મિત આવ્યું.

'કેમ ? રોહિત ને વસુંધરા પરણે તો તમને કોઈ વાંધો છે ?'

'અરે વાંધો શેનો ? આપણી જાણીતી દીકરી ઘરમાં આવે તેથી રૂડું શું ?'

રાત્રે ડિનર લેતી વખતે બધાં ચુપચાપ હતાં. મહેન્દ્રનાથથી રહેવાયું નહીં. 'તમારા જુવાનિયાઓની વાતમાં માથું મારવું ન જોઈએ, પણ વસુંધરા ! કેમ ગંભીર થઈ ગઈ છે ?'

વસુંધરા બંને મલકતાં વૃદ્ધોની ખુશી જોઈ સમજી ગઈ. હવે વાત છુપાવવી તેને વ્યર્થ લાગી.

'અંકલ ! આંટી ! એક વાત કહેવી છે. ગેરસમજ ન કરશો. હું પ્રેગનન્ટ છું.'

અને બંને વૃદ્ધો ખડખડાટ હસી પડ્યાં. 'લ્યો ! તમે તો અમારું કામ આસાન કરી દીધું. અમે હજી તમારાં જ લગ્નની વાતો કરતાં હતાં.'

'ના, ના ! મેં તમને કહ્યું ને ગેરસમજ ન કરશો. આવનાર બાળકનો પિતા કોઈ બીજો જ છે. મારા પર બળાત્કાર નથી થયો પણ અમારા પ્રેમનું એ પ્રતીક છે, પણ એ કાયર માનવી મને મૂકી જતો રહ્યો છે.

હું તેને ધિક્કારું છું, પણ રોહિતે આજે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. મને વાંધો નથી, પણ તમારી મંજૂરી હોય તો જ. શાંતિથી આ પર વિચાર કરી આપણે નિર્ણય લઈશું. હું હવે જાર રૂમમાં જઈ આવતીકાલના કામનો વિચાર કરું. આન્ટી બધું પતી જતાં હું તમને મદદ કરવા પાછી આવીશ.'

અને મન પરથી જાણે ભાર ઊતરી ગયો હોય તેમ ઝડપથી તે પોતાના રૂમમાં જતી રહી.

મહેન્દ્રનાથ ને યશોદા તો જાણે વીજળી પડી હોય તેમ એકમેકને જોઈ રહ્યાં.

'રોહિત ! તને આ વાતની ખબર હતી ?' મહેન્દ્રનાથે દીકરાને પૂછ્યું.

'ના, પપ્પા ! આજે જ્યારે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો ત્યારે જાણ્યું.'

'તો તારી શું ઇચ્છા છે ?'

'પપ્પા ! દરેક માનવીને પોતાનો અતીત હોય છે. મારે પણ હતો જ ને ! હું તો વર્તમાનમાં માનું છું. વસુંધરાને ચાહું છું. તેના બાળકને અપનાવવા તૈયાર છું. તેનો શું ગુનો ? પણ તમારા વિચારો જાણ્યા પછી જ વાત આગળ વધે.' કહી તે પણ તેની રૂમમાં ગયો.

મહેન્દ્રનાથે યશોદાબહેન સામે જોયું.

'જુઓ ! બધું બરાબર છે. આપણો એકનો એક દીકરો છે. તમને કોઈ વાંધો છે ?' માની મમતા જીતી ગઈ, પણ મહેન્દ્રનાથ વિચારમાં પડી ગયા. બહોળું કુટુંબ, માન મરતબો, સમાજમાં પ્રતિષ્ઠા, સંઘર્ષ કરી જમાવેલો વ્યાપાર, દીકરાની ખુશી સામે તેની કોઈ કિંમત ! છતાંય કોનું બાળક હશે ? કેવું ખાનદાન હશે ? એક બાજુ વસુંધરાની પ્રામાણિકતા તેને ગમતી હતી. બીજી બાજુ તેની નાદાની પર ગુસ્સો આવતો હતો. ઘણી વાર ન કહેલી વાતોમાં જ જીવનની ખુશી નથી ટકી રહેતી ? અત્યારે સત્ય કહી દેવાની શું જરૂર હતી ? જાણ્યા ને જોયાનું દુઃખ માનવીના જીવનમાં કેવા કેવા ભાગ ભજવે છે ?

તેમનું મન માનતું નો'તું. 'દીકરો છોડીને જતો રહેશે તો ?' અન્યમનસ્ક તેઓ ડાઇનિંગ ટેબલ પર બેસી રહ્યા. યશોદાબહેન રસોડામાં ગયાં. વસુંધરા તરત આવીને મદદ કરવા લાગી, પણ તેણે મહેન્દ્રનાથને ગડમથલમાં બેઠેલા જોયા.

જે માનવીએ તેને સહારો આપ્યો એના જ કુટુંબ ને છિન્નભિન્ન કેમ કરાય એવા વિચાર સાથે વસુંધરાએ એક નિશ્ચય કર્યો.

કયા કયા સંઘર્ષો તેના જીવનમાં આવવાના હશે ? જીવનની કેવી કેવી ધૂપછાંવમાંથી તેને પસાર થવાનું હજી હશે ? રાત આખી તે વિચારી રહી. રોહિતને ના પાડવાથી તેના પ્રત્યાઘાતો કેવા પડશે ? મહેન્દ્ર અંકલ ને યશોદા આન્ટી આ વાત જાણ્યા પછી તેની સાથે કેવું વર્તન કરશે ? આમેય તે થોડા દિવસોથી નવો ફ્લેટ ભાડે લેવાનું વિચારી જ રહી હતી ને ? કેટલા દિવસો આમ કોઈને ત્યાં રહેવાય ? ત્યાં જ આ અણધારી વાત નીકળી ને આખરી નિર્ણય લેવાનો સમય આવી ગયો. વળી હવે તે રોહિત સાથે દુકાનમાં-ફેક્ટરીમાં કામ કરી શકશે ?

વિચારોના ઘેરામાંથી માંડ માંડ ઊંઘ આવી. સવાર પડ્યું. ઘરનું વાતાવરણ ચૂપ હતું. રોહિત ને વસુંધરાએ બ્રેકફાસ્ટ કર્યો ને બંને કારમાં ફેક્ટરીએ જવા નીકળ્યાં. રોહિતને પણ વિચારો કરવાથી ઊંઘ પૂરી થઈ નો'તી તે તેના ચહેરા પરથી કળાઈ આવતું હતું.

વસુંધરાએ વાત ઉપાડી, 'રોહિત ! શું લાગે છે ? અંકલ, આંટી તારી વાત માનશે ?'

'વસુ ! તેમને મેં કહી દીધું છે કે હું તને દિલોજાનથી ચાહું છું. એમાં કોઈ ફરક પડવાનો નથી.'

'રોહિત ! ચાહવું ને પરણવું. એ બેમાં ફરક નથી ?'

'વસુ ! સમજી શકું છું કે તેં રવિને ચાહ્યો ને હવે મને પરણીશ, પણ પરણ્યા પછી પણ આપણાં માતાપિતાઓની પેઢીએ એકબીજાને પ્રેમ નથી કર્યો. લગ્ન પહેલાં પ્રેમ હોવો જ જોઈએ એ જરૂરી છે ? મારી માતા, મારા પિતાને કેટલો પ્રેમ કરે છે તે અને મારા પિતા, મારી માતાને કેટલો પ્રેમ કરે છે તે ઘણા પ્રસંગોથી હું જાણી શક્યો છું.'

'એમ વાત નથી રોહિત ! તું મને ગમે છે એમાં ખોટું નહીં બોલું, પણ ચાહવાના તબક્કે હજી હું નથી પહોંચી. છતાંય તેં કહ્યું તેવું બને પણ ખરું, પણ અંકલ જે રીતે ખામોશ હતા તેથી માની લઉં છું કે તેમને આ સંબંધ પસંદ નથી. તેમનો દોષ પણ નથી. હજી આપણો સમાજ અપરિણીત માને અપનાવવા જેટલો ઉદાર નથી થયો. પછી તમે ગમે તે દુનિયાના ખૂણામાં હો. તારા વિચારો ઉદાર છે, એથી સંતોષ પણ છે. છતાંય તારાં માતાપિતાથી તને વિખૂટો પાડવો મને નહીં ગમે.'

'વસુંધરા ! ઇંગ્લૅન્ડમાં આટલાં વર્ષો વિતાવ્યાં પછી અહીંની રીત પ્રમાણે તો છોકરો કે છોકરી અઢાર વરસનાં થાય ત્યારે જ માબાપનો માળો છોડી આઝાદ પંખીની જેમ ઊડી જાય છે.'

'રોહિત ! તું ભારતીય વંશનો છે. તારાં માતાપિતાએ એવા સંસ્કાર તો તને નથી જ આપ્યા. વળી લગ્ન કર્યા પછી પણ મારી મહત્ત્વાકાંક્ષા તને બતાવી દઉં. હું મોટો ઉદ્યોગ સિલાઈ કામ ને ફૂડસ્ટોર્સનો ખોલવા માગું છું. એ પણ અહીંની રીત પ્રમાણે 'ચેઇન સ્ટોર્સ'. મારી પાસે તને કે કુટુંબને આપવા જેટલો સમય કેટલો રહેશે ? વળી બાળક આવ્યા પછી તેને પણ સમય આપવો પડશે. ત્યારે તારું પતિપણું કેટલું ઉશ્કેરાશે તેની પણ કોઈ ખાતરી તો નથી જ ને ?'

'વસુ ! માતાપિતાને થોડો વખત આકરું લાગશે, પણ પછી માની જશે.'

'રોહિત ! પરાણે મનને મનાવે ને મને અપનાવે તેમાં આત્મીયતા કેટલી ? મને થયા કરે છે આપણે એકબીજાના થઈ શકીએ તે ભાવિને પણ મંજૂર નથી લાગતું. આપણે બંને સારા દોસ્ત બની જીવી ન શકીએ ?'

રોહિત ઘાયલ પંખીની જેમ વસુંધરાને જોઈ રહ્યો. ત્યાં તે પાછું બોલી, 'રોહિત ! બીજી વાત. મારે હવે તારું ઘર પણ છોડવું પડશે ને નવું રહેઠાણ પણ શોધવું પડશે. તેં આજ સવારથી ઘરનું વાતાવરણ જોયું ને ! કેટલું બોઝલ બની ગયું !'

'વસુ ! તારો આ આખરી નિર્ણય છે ?'

'હા ! રોહિત !'

'ઓકે, તને દોસ્ત તરીકે બધી મદદ આપીશ. છતાં નવું રહેઠાણ ન મળે ત્યાં સુધી તો મારા પ્રસ્તાવ પર વિચાર કરીશ ને ?' તેનો સ્વર ગળગળો થઈ ગયો.

સાંજે ઘરે આવતાં ડાઇનિંગ ટેબલ પર બધાને ચુપચાપ જોઈ વસુંધરા જાણે દૃઢ નિશ્ચય કરતી હોય તેમ બોલી, 'અંકલ, આંટી બહુ વિમાસણમાં મેં તમને બધાને નાંખી દીધાને ? મારે રોહિત સાથે સવિસ્તર વાત થઈ ગઈ છે. હું તેની સાથે જોડાઈ શકું તેમ નથી ને થોડા જ વખતમાં સારું રહેઠાણ ને બીજી નોકરી શોધી તમને આ ગૂંચમાંથી હું કાઢી શકીશ.'

મહેન્દ્રનાથના મોં પર આનંદનું સ્મિત આવ્યું. 'દીકરી ! તેં મારી મુશ્કેલી દૂર કરી દીધી. સમાજમાં રહેવાનું છે, એટલે ખચકાતો હતો. પણ તારા નવા રહેઠાણ માટે આપણે પ્રયત્ન કરીશું જ. તારી નવી નોકરી શોધવાની જરૂર નથી. અમારે ત્યાં જ કામ ચાલુ રાખી શકીશ.'

'ના, અંકલ ! રોજ રોહિતની નજર સામે રહી તેનો મુરઝાયેલો ચહેરો હું જોઈ નહીં શકું અને હવે મને મારો પોતાનો બિઝનેસ ચાલુ કરવો છે. હવે તો બૅન્ક પણ મને ઓળખે છે. લોન તો મળી જ રહેશે ને !'

મહેન્દ્રનાથ આ સ્વાભિમાની છોકરીનું દૃઢ મનોબળ જોઈ રહ્યા. 'ચાલ, વસુ ! જ્યારે પણ કોઈ કામ માટે તારે નીકળવાનું થાય તો રજા લેવાની જરૂર નથી સમજી !'

અને બીજે દિવસથી જ વસુંધરાનો સંઘર્ષ ફરી ચાલુ થયો. પેપરમાં આવતી 'ઍડ્'માંથી જ્યાં દુકાન વેચવા આપવાની જાહેરાત જોતી તે પહોંચી જતી, પણ ક્યાંય ભાવતાલમાં સરખાઈ આવતી નો'તી.

એક સ્ટોરમાંથી સાંજે નીકળી તે એક 'પબ'ની સામે બસ સ્ટોપ પર ઊભી હતી. ત્યાં 'પબ'ની કાચની બારીમાંથી કોઈ તેને તાકી રહ્યું હોય તેમ લાગ્યું. તે માનવી તરફ તેણે જોયું પણ કોઈ ઓળખાણનો અણસાર તેને આવતો નો'તો. ત્યાં એ ઊભો થયો. 'પબ'ની બહાર આવ્યો ને તેની તરફ આવતો દેખાયો.

'ઓળખાણ પડે છે ?' કહી વસુંધરા સામે આવી ઊભો રહી ગયો. વસુંધરા અચાનક વાતથી ડઘાઈ ગઈ. 'કોણ હશે ? છે તો ઇન્ડિયન.'

'ના ! કંઈ ઓળખાણ નથી પડતી.'

'આફ્રિકાથી અહીં ક્યારે આવી ગઈ ?'

'કોણ હશે આ ! તેના આફ્રિકા નિવાસની કોને ખબર હોય ?'

'બસ, બે મહિના થયા.'

'કેમ છે તારાં માતાપિતા ?' આ તો તેના પરિવારને પણ ઓળખે છે.

'તમે ! તમે ! અમને બધાને ઓળખો છો ?'

'ગોહાતીમાં આપણે સ્કૂલમાં સાથે હતાં તે ભૂલી ગઈ ને ? હું સમર શર્મા ! ઓળખ્યો ?'

'માય ગૉડ ! સમર ! તું ? કેટલો બદલાઈ ગયો છે ! તારું આ પડછંદ શરીર જોઈ કોણ માને કે તું પહેલાનો સુકલકડી સમર છે ?'

'એ પ્રતાપ શિપિંગ કંપનીનો છે. તેમાં જોડાતાં પહેલાં ખૂબ તાલીમ લેવી પડી હતી તેથી.'

'શિપિંગ કંપની ?'

'જો વસુંધરા, બહુ જલદીમાં ન હો તો મારા મિત્ર પણ સાથે જ છે. આપણે સાથે બેસી બધી વાતો કરીએ.'

'ક્યાં ? ''પબ''માં ? તને ખબર છે ને કે સ્ત્રીઓને ''પબ''માં જોઈ માણસો કેવો ખ્યાલ બાંધે ?'

'ઓહ ! તારી વાત સાચી છે. જો મારા મિત્ર-બૉસને બોલાવી લઉં. આમેય સાંજ પડી છે. ભૂખ તો લાગી છે ને ? આપણે સાથે ડિનર લઈએ ને પછી તને જ્યાં જવું હોય ત્યાં ઉતારી જઈએ.'

'ચાલો !' વસુંધરાને જૂનો મિત્ર મળ્યાનો આનંદ હતો. સમરના મિત્રને બોલાવી બધા બાજુમાં આવેલા ઇટાલિયન રેસ્ટોરાંમાં ગયા. આને 'બૉસ' કેમ સમરે કહ્યું હશે ? હજી તો યુવાન હતો ! બધાં બેઠાં એટલે સમર બોલ્યો, 'લક્ષ્ય ! આ વસુંધરા ! મારી સ્કૂલમિત્ર અને વસુંધરા આ લક્ષ્ય મિત્તલ મારા મિત્ર, મારા બૉસ. એમની શિપિંગ લાઇનમાં કામ કરું છું.'

'આવડો યુવાન ને શિપિંગ કંપની ધરાવે ?' વસુંધરા વિચારી રહી.

'નવાઈ લાગે છે ખરું ને ?' લક્ષ્ય બોલ્યો.

'હા !'

'તમારો વાંક નથી. શિપિંગ કંપની ઉપરાંત અમે સ્ટીલના ને ફૂડસ્ટોરના ઉદ્યોગોમાં પણ છીએ.'

ફૂડસ્ટોર નામ સાંભળી વિચારમાં પડી. લક્ષ્ય જાણે વાત કળી ગયો હોય તેમ બોલ્યો, 'મારા પિતા લક્ષ્મીકાંત મિત્તલ ! નામ કદાચ સાંભળ્યું હોય તો ! તેઓના સ્ટીલ ઉદ્યોગ ને ફૂડસ્ટોર્સની ચેઇન છે. હવે એ કારોબાર હું સંભાળું છું. ઉપરાંત શિપિંગ લાઇન છે. સમર એ લાઇનનો મૅનેજર છે. તમે ?'

'હું ?' વસુંધરા વિચારી રહી, 'શું કહું આમને ?' હું શું ? એક નાચીઝ માનવી ફક્ત મહત્ત્વાકાંક્ષાઓથી ભરેલી, પણ જવાબ તો આપવો જ જોઈએ ને !

'મૂળ આસામની. આફ્રિકા વસવાટ કર્યો કોરી પ્લાન્ટેશનમાં. માતાપિતા ખોયાં ને દેશની સ્થિતિ બગડતા અહીં આવી. સારી એવી રસોયણ છું ને સિલાઈ કામમાં પણ ટ્રેનિંગ લીધી છે. બસ, કોઈ ફૂડસ્ટોર વેચાતો મળે તો બિઝનેસ કરવા વિચાર છે.'

લક્ષ્ય આ બાવીસ વરસની સૌંદર્યવતી યુવતીની મહત્ત્વાકાંક્ષા જોઈ રહ્યો. તેની આંખોમાંથી ઊઠતી તેજસ્વિતાથી તે અંજાયો. વસુંધરાના બોલવામાંથી ઊઠતું ખમીર તેને આકર્ષી ગયું. 'કઈ હિંમત પર આ બિઝનેસ કરવાની હશે ?' એવો વિચાર આવ્યો, પણ મન જાણે આ રૂપના પુંજને મદદ કરવા તત્પર બનેલું લાગ્યું. છેલ્લા બે મહિનાથી તે યુવાનવયમાં પણ એકદમ ગંભીર બની ગયો હતો. હૃદયમાં લાગેલા ઘા તેના ચહેરા પર ક્યારેક સ્પષ્ટ થઈ જતા હતા. કોઈ વેદના જાણે ઘુંટાઈ, ઘુંટાઈ તેના ચહેરા પર લીંપાઈ ગયેલી વસુંધરાએ જોઈ લીધી હતી. સામાનું દર્દ તો સમદુખિયા જ જાણી શકે ને !

'તમને ખરેખર રસ હોય તો અમારો લંડનનો ફૂડસ્ટોર વેચવા કાઢ્યો છે. બધે પહોંચાતું નથી. પહેલાં થયું સારો મૅનેજર મળે તો ચલાવીએ. અત્યારના મૅનેજરથી સંતોષ નથી. આપણો જ ભાઈ છે પણ 'ઍટિટ્યુડ' બહુ છે. ધનવાનનો નબીરો હતો પણ અહીં આવી અમારે ત્યાં મૅનેજર થયો, પણ આપખુદી બહુ છે.'

'હું એ ફૂડસ્ટોર જોઈ શકું ?' વસુંધરાના સ્વરમાં ઉત્કંઠા જાગી.

'ચોક્કસ ! પણ પહેલાં કિંમત તો જાણી લો.' કહી લક્ષ્યે કિંમત કહીને વસુંધરાનું હૈયું બેસી ગયું. તેણે સમર સામે જોયું.

'વસુ ! હું ભાગીદાર બનવા તૈયાર છું. ઝંપલાવવું છે ?' સમર બોલ્યો.

'ના ! મારે તો એકલા જ આપબળે આગળ વધવું છે, પણ તારી મદદ માટે આભાર.'

લક્ષ્ય આ સ્વાભિમાની યુવતીને જોઈ રહ્યો. તેણે તરત કહ્યું. 'એક કામ કરો ! તમને હું મૅનેજર તરીકે નિયુક્ત કરું. કાલે આવો "ટેક ઓવર" કરવા. બે એક વર્ષ કામ કરી ખરીદી લેજો. તમને સારો પગાર ને કમિશન પણ આપશું.' લક્ષ્ય બોલ્યો. સમર લક્ષ્યમાં આવેલો ફેરફાર નોંધી રહ્યો ને મનમાં આનંદ પણ ઊભરાયો. વસુંધરાની હાલત જાણ્યા પછી તેને બધી રીતે મદદ કરવા તૈયાર હતો.

વસુંધરા પણ પોતાના કિસ્મતની બલિહારી ઉપર વિસ્મય પામી રહી. હર મુશ્કેલીમાં સમયસર રસ્તો, પથ દૃષ્ટિગોચર થતો હતો. તે અહોભાવથી લક્ષ્ય સામે જોઈ રહી. બીજે દિવસે સવારે એ જ જગ્યાએ મળવાનું નક્કી કરી લક્ષ્ય ગયો. સમર વસુંધરાને મૂકવા કારમાં નીકળ્યો. રસ્તામાં તેને વસુંધરાએ મહેન્દ્રનાથ ને રોહિતની વાત કરી. હવે તે ત્યાં રહી શકે તેમ નથી તે જણાવ્યું.

સમર બોલ્યો, 'વસુંધરા ! તને સારું રહેઠાણ ન મળે ત્યાં સુધી તું મારા લંડનવાળા ફ્લૅટમાં રહી શકે છે. લક્ષ્યે જે સ્ટોર વેચવા કાઢ્યો છે તેની બાજુમાં જ છે. મારે તો શિપમાં મોટે ભાગે સફર હોય જ છે. મહિનામાં માંડ ચારપાંચ દિવસ હું અહીં આવું છું.'

અચાનક રહેવાની જોગવાઈ પણ થઈ ગઈ જાણી વસુંધરા તો નસીબ ને ઈશ્વરનો પાડ માની રહી. પછી એ બોલી, 'સમર ! આ લક્ષ્ય મિત્તલ ?'

'અરે હા ! વસુ ! લક્ષ્મીકાંત મિત્તલ દુનિયાના ધનાઢ્યમાંના એક છે. ઇંગ્લૅન્ડના સૌથી અમીર આદમી. લક્ષ્ય એમનો દીકરો.'

'માય ગૉડ ! કેવા અકસ્માતો મારા જીવનમાં સર્જાય છે. એન મોકા પર મને મદદ મળી રહે છે.'

'વસુ ! એક વાત કહું ? લક્ષ્ય તારા તરફ ખેંચાયો છે.'

'શું ?' વસુંધરા ચમકી. 'હા, વસુ ! તને ખ્યાલ જ નથી કે તારામાં કેટલી સુંદરતા છે. ભલભલા અંજાઈ જાય. હું પરિણીત ન હોત તો તને ક્યારનુંય ''પ્રપોઝ'' કરી દીધું હોત !' ને ખડખડાટ તે હસી પડ્યો. તેનું નિખાલસ હાસ્ય વસુંધરાને સ્પર્શી ગયું.

'અને બીજી વાત ! બે મહિના પછી લક્ષ્યના મોં પર ઉલ્લાસ પથરાયો છે. તને સત્ય હકીકત જણાવી દઉં. લક્ષ્યનાં લગ્ન ત્રણ મહિના પહેલાં જ થયાં હતાં. લક્ષ્ય ને તેની પત્ની હનીમૂન માટે સ્વિટ્ઝર્લૅન્ડ ગયાં હતાં. ત્યાં આલ્પ્સ જોવા કેબલકારમાં ગયાં હતાં ત્યાં કેબલકારનો તાર તૂટતાં અકસ્માતમાં તેની પત્ની કેબલ કારમાંથી લપસી જતાં આલ્પ્સની ખીણોમાં ગરકાવ થઈ ગઈ. લક્ષ્યને તેનો ખૂબ જ આઘાત લાગ્યો છે. બહુ જ ગંભીર થઈ ગયો છે, પણ આજે તને જોઈ ન જાણે મને લાગ્યું કે તે ઉલ્લાસની ચમક પાછી તેના ચહેરા પર પથરાણી છે.'

વસુંધરા સ્તબ્ધ બની સાંભળી રહી. તેને એમ કે તેના જીવનમાં અપાર મુશ્કેલીઓને વેદના છે. અહીં તો આ યુવાન, મનભાવન, અતિ ધનિક યુવાનનું જીવન પણ વેદનામય જ છે ને ! દિલની અંદરના તડફડાટ તરફ થોડું કોઈનું ધ્યાન જાય છે !

રાતના સૂતાં સૂતાં પણ તેને લક્ષ્યનો એ ગંભીર વેદનામય ચહેરો જ નજર સામે આવી રહ્યો. પુસ્તક વાંચતા તે ચમકી,

'માછલીને આંખમાં આંસુ આવ્યાં, પણ દરિયાએ આંસુને ઓળખ્યાં નહીં. માછલી આખી જિંદગી દરિયામાં રહી, પણ દરિયાએ કદી ન જોઈ માછલીની આંખ કે ન જોયાં માછલીનાં આંસુ. આંસુ પૂછે કોણ કે લૂછે કોણ ? માછલીએ દરિયામાં તરફડવાનું માંડી વાળ્યું અને પોતાના જ આંસુમાં તરફડતી રહી. જાણે માછલીની આંખ એ જ આંસુનો દરિયો !'

વસુંધરા પોતાની ને લક્ષ્યની જિંદગીની તુલના કરી રહી. બંને પોતપોતાની વેદનામાં તરફડી રહ્યાં હતાં ને ! સમદુખિયાં એટલે બંને એકબીજા તરફ ખેંચાયાં ને ? પુસ્તક વાંચતા નિદ્રા તો આવી, પણ ભવિષ્યમાં ઊગતો સૂરજ કેવો હશે તેની પણ કલ્પનાની પાંખે ચડી એ વિચાર કરી રહી ને છેવટે નિદ્રા આવી.

પ્રભાતે ઝટપટ તૈયાર થઈ તેના ચહેરા પર ઉલ્લાસ રોહિત જોઈ રહ્યો. 'શું વાત છે, વસુ ? બહુ આનંદમાં છે ?'

'રોહિત ! વાત સાચી છે. ભવિષ્યની સીડી પરના પહેલા સોપાન પર પગ મૂકવા જઈ રહી છું. મુકદ્દરે કંઈક નૂતન ધાર્યું છે મારા માટે. આવીને તને બધી વાત કરીશ.'

અને વસુંધરાને આવેલી જોઈ લક્ષ્યનો ચહેરો ચમકી ઊઠ્યો. વસુંધરાએ એ નોંધ્યું અને બંને ફૂડસ્ટોરમાં પ્રવેશ્યાં. પણ પણ મૅનેજરને જોઈ વસુંધરાને એક સખત આંચકો લાગ્યો.

: ૧૯ :

'વસુંધરા ! આ અમારા સ્ટોરના મૅનેજર મી. રણજિત શ્રીવાસ્તવ અને રણજિત આ વસુંધરા. તમે જાઓ એ પહેલાં ''હેન્ડઓવર''ને ''ઓરીએન્ટેશન'' માટે તમારે એમને બધું સમજાવવાનું રહેશે.'

વસુંધરાને જોઈ રણજિતના મોં પર લુચ્ચું હાસ્ય આવ્યું. 'ચોક્કસ ! ઇટ વિલ બી માય પ્લેઝર ! આફ્રિકામાં અમારે ત્યાં તેઓ રસોયણ તરીકે તરીકે કામ કરતાં હતાં. એમને તો હું ઓળખું છું.'

સારું થયેલું સમરે બધી જ વાત લક્ષ્યને પહેલેથી કરી હતી તેથી રણજિતનો વસુંધરાને નીચી દેખાડવાનો મોકો કે પ્રયત્ન કામ ન આવ્યો.

'મી. રણજિત ! મને બધી જ વાતની આમની ખબર છે. એ સાથે મારે કોઈ નિસ્બત નથી.'

'તેઓ આ સ્ટોર ખરીદવા માંગે છે ?' રણજિતના સ્વરમાં આશ્ચર્ય હતું.

'કેમ, તેઓ ખરીદી ન શકે ?' ધારદાર અવાજે લક્ષ્ય બોલ્યો.

'ના, ના, એવો મતલબ નથી.' કહી તેણે વસુંધરાને આખો સ્ટોર બતાવ્યો. અર્ધા સ્ટોરમાં શેલ્ફ પર જાતજાતની ગ્રોસરી હતી. ભારતીય તથા અંગ્રેજ લોકોને કામ આવે તેવી. અર્ધો સ્ટોર ઑફિસની જેમ પથરાયેલો હતો. સ્ટોરનો પાછળનો ભાગ ફ્રીઝરરૂમ તરીકે વપરાતો હતો. સાત-આઠ રેફ્રિજિરેટર ને ફ્રીઝર ત્યાં ઍરકન્ડિશન્ડ રૂમમાં હતાં. મોટે પાયે બિઝનેસ ચાલતો હોવાથી, સ્ટૉક મોટો હોવાથી, આટલાં બધાં ફ્રીજને ફ્રીઝરની જરૂરિયાત હતી. એ રૂમમાં બધું બતાવતા રણજિત બોલ્યો, 'મારા પપ્પાએ મને કહેલું કે તું ઘર છોડી ચાલી ગઈ છે.'

'હા ! તેમની વાત સાચી છે.'

'અહીં આ બાજુ રવિની તપાસ કરવા આવી છે ?' વસુંધરા ચાલતાં ચાલતાં અટકી ગઈ. તીખા સ્વરે બોલી, 'કેમ ? મારે એની તપાસ શું કામ કરવાની હોય ?'

'કેમ ? તારે તો એની સાથે દોસ્તી કરતાં પણ સારો સંબંધ હતો ને ? હજીય એ મળી જાય તો શ્રીવાસ્તવ ખાનદાનની દોલત મળી જાય ને ?'

વસુંધરાને આ કમીના માણસની સોચ પર દયા આવી. માનવી પોતે હોય તેવો જ બીજાને સમજતો હશે ને ?

તેની આંખમાં આગ ભભૂકી. રણજિત તો વસુંધરાને અપમાનવાના તાનમાં બોલતો જતો હતો. 'તને ખબર છે ? રવિ હવે બૅરિસ્ટર થઈ ગયો છે. લંડનમાં જ પ્રૅક્ટિસ કરે છે. આવતે મહિને તેનાં લગ્ન છે. બાય ધ વે, હું પણ કોઈ સારી છોકરીની તલાશમાં છું. છે કોઈ ધ્યાનમાં ?' આંખ ઝીણી કરીને બોલ્યો.

રણજિત જાણે વસુંધરાને પી રહ્યો. વસુંધરાને તેના પ્રત્યે ઘૃણા ઊપજી. સડસડાટ તે ઝડપથી પાછી ફરીને આગલા સ્ટોરમાં આવી ગઈ. લક્ષ્યે વસુંધરાનો તમતમતો ચહેરો જોયો ને બોલી પડ્યો, 'વસુંધરા ? એવરીથિંગ ઓકે ?'

'હા, મી. મિત્તલ બરાબર છે બધું મેં જોઈ લીધું છે. એક વિનંતી. આમાં કંઈ ફેરફાર કરવો હોય તો એવા અધિકારો મને હોઈ શકે ?'

'વસુંધરા ! બેસો. તમે હવે મૅનેજર થવાના છો. બધા જ અધિકારો તમારા રહેશે.' ત્યાં જ રણજિત આવ્યો. લક્ષ્ય ને વસુંધરાને વાતો કરતાં જોઈ થોડું આંખમાં ઝેર આવ્યું, પણ હવે અમરનાથની વુલન મિલ લીડ્ઝમાં તૈયાર થઈ ગઈ હતી ને તેને એ સંભાળવા જવાનું જ હતું. અહીંની તેને ચિંતા નો'તી.

'મી. શ્રીવાસ્તવ ! ત્રણેક દિવસમાં વસુંધરાને બધાથી જ્ઞાત કરી દેજો. હું ત્રણ દિવસ માટે બિઝનેસ અર્થે પૅરિસ જવાનો છું.'

'સર ! તમે જરા પણ ચિંતા ન કરો. હું બધું બરાબર સંભાળી લઈશ.' તેના મોં પર ખંધુ સ્મિત આવેલું વસુંધરાએ જોયું, પણ તેને પોતાની જાત પર ભરોસો હતો. બે દ્દિવસમાં તો તેની કાબેલિયતથી બધાં કામોથી પરિચિત થઈ ગઈ. સ્ટાફ સાથે પણ હળીભળી ગઈ. અર્ધા સ્ટોરમાં ડેસ્ક સોફા વગેરેને ખસેડી પોતાનો પ્લાન અમલમાં મૂકવા તત્પર થઈ. ત્રીજો ને છેલ્લો દિવસ રણજિતનો હતો. જાણે તે ધીમે ધીમે કામ કરી રહ્યો હતો. સાંજ પડી ગઈ સ્ટાફ બધો જવા લાગ્યો. વસુંધરા વિચારી રહી, 'હજી સ્ટોરની ચાવી કેમ રણજિત આપતો નથી ?' બધાં જ જતાં રહ્યાં. વસુંધરા બોલી, 'રણજિત ! તમારે જવું હોય તો તમે જાઓ. ચાવી મને આપો. હું મારું થોડું કામ પતાવી પછી નીકળીશ.'

રણજિતે ચાવી ટેબલ પર મૂકી. મુખ્ય દ્વાર તરફ ગયો. અચાનક તેણે મુખ્ય દ્વાર અંદરથી બંધ કરી લીધું. લેચકીને લીધે લૉક થઈ ગયું. વસુંધરાએ પીઠ ફેરવી જોયું તો રણજિત ત્યાં ટેબલ પાસે ઊભો હતો. 'અરે ! તમે તો જતા હતા ને ? શું થયું ?'

રણજિત વધુ આગળ આવ્યો. ઝડપથી વસુંધરાનો હાથ પકડી લીધો ને પોતાના તરફ ખેંચી. અચાનક હુમલાથી વસુંધરા ક્ષણ માટે બેબાકળી થઈ, પણ એમ હિંમત હારે તેમ નો'તી. રણજિતની નજરમાં તેણે નરી વાસના વ્યાપેલી જોઈ તત્કાળ સમજી ગઈ. રણજિતને હડસેલો મારવા ગઈ, પણ રણજિતના સશક્ત દેહ સામે તેનું કંઈ ન ચાલ્યું. વસુંધરાનો હાથ પાછળ મરડી તેનો દેહ તેણે ટેબલ પર ઢાળી દીધો ને દાંત ભીંસી બોલ્યો, 'કેમ વસુંધરા ? રવિ કરતાં કંઈ રીતે હું ઊતરતો છું ? તમે કિલિમાન્જારો પર્વત પર ગયાં હતાં ત્યાં શું થયું તે શું હું નથી જાણતો ? આમેય રવિનો ભાઈ જ છું ને ! મારાથી શું પરદો ?'

રણજિતના બીભત્સ શબ્દોથી વસુંધરામાં ક્રોધનો ઉછાળો આવ્યો. બીજો હાથ છૂટો હતો તેનાથી તેણે રણજિતને હડસેલો મારવા પ્રયત્ન કર્યો ને બોલી, 'દુષ્ટ ! છોડ મને ! શરમ નથી આવતી આવું હીચકારું કાર્ય કરતાં ?'

અને રણજિતની બોચી પર એક જબરદસ્ત હાથની પકડની ભીંસ આવી. વસુંધરાએ રણજિતના નમેલા શરીર પાછળ લક્ષ્યને ઊભેલો જોયો. તે આજે આવવાનો હતો ને સ્ટોરની ચાવી તેની પાસે પણ હતી એ સરતચૂક રણજિતથી થઈ ગઈ. અવાજ વગર લક્ષ્ય અંદર આવી ગયો હતો ને રણજિતને બળજબરી કરતાં જોઈ તેનું લોહી ઉકળી આવેલું. બોચી પકડી રણજિતને તેણે હડસેલો માર્યો. રણજિત પાછળ ધકેલાયો ને માથું તેનું પાછલી શેલ્ફ સાથે અફળાયું. લોહી નીકળ્યું ને તે બેબાકળો થઈ ગયો. લક્ષ્યને પોલીસને ફોન કરતો જોઈ તેનાં મોતિયાં મરી ગયાં. વસુંધરાએ તે જોયું ને ભવાડો ન થાય તેથી શાંતિથી લક્ષ્યના હાથમાંથી રિસીવર લઈ ફોન બંધ કરી દીધો.

'મી. મિત્તલ ! વાત આગળ વધારવાની જરૂર નથી. ફક્ત આ નાલાયકને અહીંથી ધકેલી મૂકો.'

રણજિતનો હાથ પકડી, ખેંચી, સ્ટોરમાંથી લક્ષ્યે તેને બહાર ધકેલી દીધો. અત્યાર સુધી રહેલી હિંમત હવે વસુંધરાની ઓસરી જતાં તે ખુરશીમાં બેસી ગઈ ને ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

જીવનમાં હજી કેટલું સહન કરવાનું હશે ? લક્ષ્ય પાણીનો ગ્લાસ લઈ આવ્યો. પાણી પી તે થોડી શાંત થઈ. લક્ષ્યે વાત ન વધારતાં વાતને બીજે પાટે ચડાવવા બોલ્યો, 'શું ફેરફાર કરી રહી છે, વસુંધરા ?' અર્ધા સ્ટોરને લગભગ ખાલી જોઈ તે બોલ્યો.

સ્વસ્થ થઈ તે બોલી, 'મી. મિત્તલ ! મને સિલાઈ આવડે છે ને આ પહેલાં હજી જ્યાં કામ કરી રહી છું ત્યાં ફેશન ડિઝાઇનર ને સિલાઈ કામની ફેક્ટરીમાં બધું શીખી છું. તેથી અહીં પણ સિલાઈ કામ શરૂ કરવું છે.' કહી પોતે ફેશનના દોરેલા સ્કેચીઝ તેણે લક્ષ્યને બતાવ્યા. લક્ષ્ય ખૂબ પ્રભાવિત થયો. આવી બહાદુર છોકરી

સાથી બને તો ? એવો વિચાર પણ આવ્યો. તેણે કહ્યું, 'શું શું જરૂરિયાત છે એ માટે ? શું સાધનો જોઈશે ? કેટલા માણસો ''ઍમ્પ્લોય'' કરવા પડશે ? ક્યારથી શરૂ કરવું છે ?'

વસુંધરાએ પોતે જ્યાં કામ કરતી હતી તેનો ને રોહિત વિષે વાત કરી. કહ્યું, 'એક અઠવાડિયામાં તમને હું બધો સવિસ્તર હેવાલ આપી શકીશ.'

ઘરે પહોંચી – લક્ષ્ય મૂકવા આવ્યો. રસ્તામાં અવારનવાર વસુંધરા સામે અલપઝલપ નજર નીંખી લેતો હતો. 'આવું બન્યા છતાં કેટલી સ્વસ્થ છે ! ગજબની હિંમત ને દૃઢ મનોબળ છે ! રાતના રોહિત સાથે બેસી અંકલને પણ બધી વાત જણાવી. બીજી સવારે જ વસુંધરા છોડી જવાની છે જાણી તેઓને રંજ થયો, પણ વસુંધરા ને મી. મિત્તલ જેવા ધનાઢ્યને ત્યાં કામ મળી ગયું જાણી અચંબો ને સાથોસાથ ખુશી પણ થઈ.

એકલાં પડતાં સવારના મૂકવા જતાં રોહિત બોલી ઊઠ્યો, 'વસુંધરા ? હજી પણ તું તારો નિર્ણય બદલવાની નથી ?' વસુંધરાની આંખોમાં પીડા ઊભરાઈ. 'રોહિત ! મેં કહ્યું ને હું તારા કુટુંબને છિન્નભિન્ન કરવા નથી માંગતી. વળી રોહિત, ચાહત પણ હોવી જોઈએ ને ? આપણે જ નક્કી કર્યું ને કે આપણે બંને અચ્છા દોસ્ત બની રહીશું ?'

'પણ પછી રહેવાનું ?'

'હમણાં એક ઓળખીતાનો ફ્લૅટ મળ્યો છે. પછી ક્યાંક ભાડે લઈ લઈશ.'

બીજે દિવસે વસુંધરા નવા ફ્લૅટમાં આવી. અદ્યતન હતો. પોતાને જે એક બૅગ જ લઈને આવવાનું હતું. ફ્લૅટ તો સુસજ્જ હતો જ. સ્ટોરમાં કામ ચાલુ થઈ ગયું. વસુંધરાની કાબેલિયતનો પરચો બધાને મળવા લાગ્યો. ગ્રોસરી લેવા આવનારની સુવિધા માટે બે શેલ્ફ ખસેડી તેણે ત્યાં બે ટેબલખુરશી મુકાવ્યા જેથી ઘરાકો આરામ કરી શકે. તેમાંથી વિચાર આવ્યો કે કૉફી તો બધાને મળે જ છે તો થોડું ''બાઇટિંગ'' પણ કેમ ન આપવું ? બિઝનેસ વધારવાની આ એક ટ્રીક પણ છે જ ને !

સિલાઈ કામ ચાલુ થયું. રોહિતને ત્યાં બધા ઘરાકો તેને ઓળખતા જ હતા. તેઓ વસુંધરા પાસે આવે તો રોહિતનો ધંધો ભાંગી પડે. વસુંધરા સમજતી હતી કે તે જેમણે તેને સહારો આપ્યો હતો તેને તે દગો ન દઈ શકે. ત્યાં જ એ વાતનો પડઘો રોહિતના મનમાં પડ્યો હોય તેમ તે વસુંધરાના સ્ટોર પર આવ્યો.

'વસુંધરા ! આપણે હવે મિત્રો રહેવાના હોઈએ તો ધંધાનું શું કરશું !'

'રોહિત સારું થયું તું આવ્યો. મને પણ એ જ વિચાર આવ્યો. મને લાગે છે તારે ત્યાંના ઘરાકોને હું નહીં લઉં. તને સારો મૅનેજર મળી ન જાય ત્યાં સુધી હું તને કપડાંના સ્કેચીઝ દોરી દઈશ. મારે ત્યાં હું નવા જ ઘરાકો લઈશ. બરાબરને ?'

'થેંક્યુ વસુંધરા ! થોડા સમયમાં જ તેં સારી પ્રગતિ કરી છે.' આજુબાજુનું સેટઅપ જોઈ તે પ્રશંસા કર્યા વગર ન રહ્યો.

આમ રોહિતની આવનજાવન પણ વસુંધરાને ત્યાં થઈ અને અવારનવાર સ્કેચીઝ લેવા આવતો થયો. આજે તે આવ્યો હતો. વસુંધરા તેના માટે કૉફીને બાઇટિંગ-નાસ્તાનો ઑર્ડર કરવા સ્ટોરના પાછલા ભાગમાં ગઈ. રોહિતે અમસ્તા વસુંધરાના ટેબલ પર નજર દોડાવી ને તે ચમક્યો. તેઓની માંગ તો લંડન પૂરતી જ હતી પણ વસુંધરાની કાર્યક્ષમતા તેણે જોઈ હતી. ટેબલ પર લીડ્ઝ, શેફીલ્ડ, અરે, માન્ચેસ્ટરથી પણ ઑર્ડર આવ્યા હતા. માન્ચેસ્ટરમાં કાપડની મિલો હશે તેટલી દુનિયાના કોઈ શહેરમાં નહીં હોય ! વસુંધરા ત્યાં સુધી પહોંચી ગઈ ! ખુશી પણ થઈ ને છાની ઈર્ષ્યા પણ મનમાં જન્મવા લાગી. બંને કૉફી પીવા ટેબલ પર બેઠાં તો એ પ્રશંસા કર્યા વગર ન રહ્યો. 'વસુંધરા ! ''કીપ ઇટ અપ'', હું એ ઑર્ડર્સથી ખૂબ ખુશ છું.'

'રોહિત ! તને મેં કહ્યું હતું ને કે તારા ઘરાકોનો બિઝનેસ નહીં લઉં ? પછી કામ કરવા આમતેમ નજર દોડાવવી જ રહેને !' વસુંધરા બંને કોણી ટેબલ પર ટેકવી, હાથથી પ્યાલો પકડી ચુસ્કીઓ લેતી હતી. સુંદર ડ્રેસ પહેર્યો હતો. અંગમરોડ સ્પષ્ટ દેખાતાં હતાં. તેનું સૌંદર્ય અછતું નો'તું રહેતું. રોહિત વિહ્વળ થવા લાગ્યો હતો.

સ્ત્રીપુરુષની નજર તરત પામી જાય તેમ વસુંધરા ઊભી થઈ ગઈ. 'આવ, રોહિત ! નવા સ્કેચીઝ બનાવ્યા છે તે તને દેખાડું.'

ટેબલ પર પડેલી બુક ખોલી તે બતાવવા લાગી. રોહિત તેની બાજુમાં જ ઊભો ઊભો જોતો હતો. વસુંધરાના સ્ત્રીદેહની મત્ત સુગંધથી તે ચલિત થયો ને એકાએક વસુંધરાને બાહોમાં લઈ ગાઢ આશ્લેષ આપ્યો.

'હં, હં... આ શું કરે છે ? બધા જોશે ?' આસ્તેથી વસુંધરાએ પોતાની જાતને તેની બાહોમાંથી છોડાવી. રોહિતનો ચહેરો ઉન્માદથી તમતમી રહ્યો હતો. તેણે વસુંધરાનો હાથ પકડી લઈ હૃદયસરસો ચાંપ્યો ને પછી સજળ આંખોથી બોલ્યો, 'વસુંધરા ! નથી રહેવાતું. હવે તારા વગર નથી રહેવાતું.'

'હું તારી લાગણીઓ જાણી શકું છું, રોહિત ! તું તારી જાત પર અત્યાચાર કરે છે તે પણ જાણું છું.'

'રોહિત ! તારો મને ડર નથી, પણ હું મારી જ જાતથી ડરું છું. હું પણ માનવી છું. ક્યાં સુધી જીક ઝીલી શકીશ ? જે રસ્તે મંઝિલ જ ન હોય તે રસ્તો કેમ લેવાય ?'

'સાચી વાત છે. આપણે બંને લાગણીઓના વમળમાં ઘુમરીઓ ખાઈએ તે બરાબર નથી. આપણે હવે પરણી જ જવું જોઈએ. પ્લીઝ વસુંધરા !'

'લગ્ન ? રોહિત તને મેં કહ્યું જ છે કે આપણાં બંનેનાં લગ્ન અશક્ય છે. તારાં માતાપિતા મને અપનાવે નહીં. મારા ભવિષ્યનું, મારા બાળકનું શું ?'

'વસુ ! મેં તને કહ્યું જ છે કે તે આપણા બંનેનું હશે. હું ઘર છોડી દઈશ.'

'એ જ હું નથી ચાહતી. તમને પુરુષોને આંખો જ નથી. તે દિવસે મેં વાત કરેલી ત્યારે તારી મમ્મીની આંખો જોઈ હતી ? એ વાતથી તેમાં કેવો ભય પ્રકટેલો ? તને ખોઈ બેસવાની વેદના તેમાં છતી થઈ ગઈ હતી. હું એ ભય સાચો પડવા નથી માંગતી. મારા બાળકને કોઈ મારા પાસેથી છીનવી લે તેને જેમ હું માફ ન કરી શકું તેમ તારી માતા મને માફ કેવી રીતે કરે ? પરાણે સાથે રહેવામાં શું સુખ ?'

રોહિત ગુસ્સાથી દૂર ખસી ગયો. 'તારો આ છેલ્લો જવાબ છે ?' તેના સ્વરની રૂક્ષતાથી વસુંધરા ખેદ પામી રહી.

'હા, રોહિત ! તારાં માતાપિતાને હું દુઃખી નથી કરવા માંગતી ને તું જાણે છે કે તું મને ગમે છે, પણ હું તને ચાહતી નથી.'

રોહિતની આંખો છલછલી ઊઠી. ઝડપથી સ્ટોરનું બારણું ખોલી તે નીકળી ગયો. વસુંધરા હતાશ થઈ ખુરશીમાં બેસી ગઈ. નસીબ આ કેવા ખેલ તેની સાથે ખેલી રહ્યું હતું. ઘણી વાર એન મોકાએ મદદ કરે છે તો ઘણી વાર આગળ વિચારવાનો રસ્તો બંધ કરી દે છે.

તેનું મન રોહિત પ્રત્યે અનુકંપાથી ભરાઈ ગયું. સાંજ પડી ગઈ હતી. બધા જવા લાગ્યા હતા. ત્યાં લક્ષ્ય આવ્યો.

'અરે વસુંધરા ! હજી તું ગઈ નથી ? મોડે સુધી કામ કરવાનો વિચાર છે ? કે મૂકી જાઉં તને ?'

અવાર-નવાર તે તેને મૂકવા આવતો. વસુંધરા જાણી ગઈ હતી કે તે લક્ષ્યને ગમે છે, પણ હજી તેણે મર્યાદા ભંગ નો'તો કર્યો. પોતાને ! પોતાને લક્ષ્ય ગમે છે ? તેનું મન પોકારી ઊઠ્યું. રવિ સિવાય હજી તો તેના હૃદયમાં કોઈ પ્રવેશ્યું નો'તું. લક્ષ્ય તો ફક્ત હૃદય દ્વાર પર જ હતો. દ્વાર ખૂલે તો તે પ્રવેશે !

'વસુંધરા ?' તે વિચારધારામાંથી ચમકી.

'હા, મી. મિત્તલ !'

'વસુંધરા ! આપણે સમવયસ્ક ખરાં કે નહીં ?'

'હા, કેમ ?'

'તો આટલા દિવસો પછી તું મને મી. મિત્તલને બદલે લક્ષ્ય ન કહી શકે ?'

'મારી જીભ એમ નહીં ઊપડે. તમે મારા બૉસ છો.'

'તો મિત્ર ક્યારે બનાવીશ ?'

વસુંધરાની ચંચલ નજરો તેના નિખાલસ મુખને જોઈ રહી.

'સમય આવ્યે.'

'સમય ! વસુંધરા આ સમય જ જીવનના કેવા કેવા જખમો ભરી દે છે નહીં ? ઘણી વાર આ સમયને લીધે મોડું નથી થઈ જતું ?'

'કેમ આજે તત્ત્વજ્ઞાનની વાતો કરવાના મૂડમાં છો.'

'કંઈ નહીં. ક્યારેક એવો ઊભરો આવી જાય છે.' ને તેની નજર ટેબલ પરના ઑર્ડર્સ જોઈ ખુશીથી ચમકી. 'અરે, વાહ ! તું તો લંડનની બહાર પહોંચી ગઈ ? છેક માન્ચેસ્ટરથી ઑર્ડર્સ આવ્યા છે ? વસુંધરા બધે પહોંચાશે ?'

'મી. મિત્તલ ! કાબેલ માણસો કામે રાખ્યા છે. કેમ ન પહોંચાય.'

'તને નથી લાગતું ''ધીસ કૉલ્સ ફોર અ સેલીબ્રેશન ?'' આપણે સાથે ડિનર લઈએ.'

સ્ટોર બંધ કરી બંને કારમાં નીકળ્યાં. પહેલી વાર વસુંધરા મર્સીડીઝ બેન્ઝ કારમાં બેઠી. પાણીના રેલાની જેમ કાર રસ્તા પરથી સરી રહી.

'કદીક, કદીક હું પણ આવી કારમાં, મારી પોતાની કારમાં, આમ જ ફરી શકીશ !' એવો વિચાર આવ્યો ત્યાં તેણે પૂછ્યું.

'મી. મિત્તલ ! આજે ઇન્ડિયન ભોજન કરવા ઇચ્છા છે. એવા રેસ્ટોરાં તરફ લ્યો.'

'વસુંધરા ! રેસ્ટોરાં કરતાં ઘરનું જ ખાઈએ તો ?'

'ચાલો મારા ઘરે. રસોઈ ફટાફટ બનાવી નાંખીશ. સારું રાંધી શકું છું.'

'તો, તો પછી આપણે કેટરિંગના ધંધામાં પણ હાથ નાંખવો જોઈએ.'

'એ વિચાર મનમાં ઘણા વખતથી ચાલે છે. મારી ઇચ્છા તો ભારતીય ઘરડાંઓને ગવર્નમૅન્ટ તરફથી ફૂડની જે વ્યવસ્થા અપાઈ છે તેમાં આપણું ભારતીય ભોજન ''ફૂડ ઑન વ્હીલ્સ'' કેમ ન પહોંચાડી શકીએ ? કેટલા બધાં ઘરડાઘર લંડનમાં છે.'

'એક્સેલન્ટ આઇડિયા. તારે ઘેર જમવાને બદલે મારે ત્યાં જઈએ. એ બહાને પપ્પા-મમ્મીની ઓળખાણ થશે ને તારો આ બિઝનેસ આઇડિયા પપ્પા સામે મૂકી પણ દઈએ. તેમની મંજૂરી મેળવવી જરૂરી છે.'

ને લક્ષ્યે કાર ઘુમાવી. લંડનના પોશ એરિયા કેન્સીન્ગટન એરિયામાં રાજરાણી ઇલિઝાબેથના પુત્ર ને પુત્રવધૂના કેન્સીન્ગટન રાજમહેલની પાછળ જ કાર આવી ઊભી રહી. એક એકરમાં પથરાયેલો વિસ્તાર જોઈ વસુંધરા નવાઈથી જોઈ રહી. લોઢાના ગેટ ખૂલ્યા, ડ્રાઇવે પરથી કાર પસાર થઈ. ડ્રાઇવેની બંને બાજુ લીલી હરિયાળી લોન ને લોનના કિનારે જાતજાતનાં ફૂલોના રંગબેરંગી છોડવા ! વસુંધરાને કિલિમાન્જારો કૉફી પ્લાન્ટેશન યાદ આવી ગયું. લાંબા માઇલનો ડ્રાઇવે પૂરો કરી, કાર આલીશાન રાજમહેલ જેવા મકાન પાસે આવી ઊભી. ઇંગ્લૅન્ડના સૌથી ધનાઢ્ય માનવીનો નિવાસ !

અંદર જતાં ઇટાલિયન ફર્નિચર ને દુનિયાભરના નામાંકિત ચિત્રકારોનાં ચિત્રોથી દીવાલો સુશોભિત હતી. રાચરચીલું આંખને આંજી નાંખે તેવું હતું. ડાઇનિંગ હૉલ પૂર્ણ રીતે ભારતીય રીતે શણગારેલો હતો. તેની પેલી બાજુ લિવિંગ રૂમ હતો. પ્યોર લેધરના ઇટાલિયન સોફા હતા. એક સોફામાં એક જાજરમાન વ્યક્તિત્વવાળા પુરુષ બેઠા બેઠા પેપર વાંચી રહ્યા હતા. લક્ષ્યે વસુંધરાને સોફામાં બેસવાનું કહ્યું. વસુંધરાની નજર કાચના સ્લાઇડિંગ દરવાજાની પેલી પાર ગઈ. મોટો વિશાળ સ્વિમિંગ પુલ હતો. તેની આજુબાજુની જમીન આરસપહાણની લાદીઓથી જડી હતી. ચારેબાજુ આરસપહાણની જ કોતરણીવાળા નાના થાંભલાઓની દીવાલ હતી ને તેની પછી તે લીલીછમ લોન હતી.

'પપ્પા !' લક્ષ્યને તેમણે બોલતા સાંભળ્યો, 'આ વસુંધરા આપણા ફૂડસ્ટોર ને ટેઇલરિંગ વિભાગના મૅનેજર !'

તેમણે પેપર નીચે મૂક્યું. વસુંધરાએ આવો સ્નેહાળ ચહેરો કદી જોયો નો'તો. નીતિમત્તા ને પ્રામાણિકતાથી છલકાતો. આંખોમાંથી જાણે સ્નેહનો ધોધ વછૂટી રહ્યો હતો. જાણે બધાને તેમાં પલાળી દેવા ન હોય. આમ તો બ્રિટિશ રહેણીકરણીથી રહેતા. પોતાની નીચે કામ કરતા માનવીઓને કોઈ ઘરે ન બોલાવે, પણ તેમનો શિરસ્તો હતો કે દિવાળીના દિવસે આખા સ્ટાફને ઘરે જમવા બોલાવતા. તેઓએ વસુંધરા સામે જોયું. પહેલી નજરે સીધી સાદી લાગે, પણ એ સાદગીમાં તેમને અનુપમ સૌંદર્ય લાગ્યું. જરા પણ આછકલાપણાં સિવાયનો ઘૂંટણથી નીચે ઊતરતો સુંદર ડિઝાઇનવાળો ડ્રેસ આ છોકરીએ પહેર્યો છે તેથી રીતભાતમાં તો સમજે છે. ચહેરો સુંદર હતો. આંખો અણિયાળી હતી, પણ તેમાંથી ઉછળતો મહત્ત્વાકાંક્ષાનો ઉદધિ જોઈ લક્ષ્મીકાંત મિત્તલ અજાયબ થયા. આટલી નાની વયે આટલી મહત્ત્વાકાંક્ષા ? જોકે લક્ષ્યે તેમને વસુંધરાની કાબેલિયતની જાણ તો કરી જ હતી, પણ ત્રણ મહિનાથી આઘાતમાં રહેલો પુત્ર હમણાં વારે વારે વસુંધરા નામની છોકરીની વાતો કરતો થઈ ગયો હતો તે તેમની જાણ બહાર ન રહ્યું.

ત્યાં તો લક્ષ્યનાં માતા વિજયાબહેન આવ્યાં. ગોરું શરીર, ગરિમાવાળો ચહેરો, ઠાઠ વગરનો પોષાક ને ઘરેણાં – એક 'ઍલિગન્ટ' વ્યક્તિત્વ અને ચહેરા પર હંમેશ રમી રહેલું સ્મિત ને અનોખા તેજથી ચમકતી આંખો ! જાણે લક્ષ્મીકાંત ને વિજયાબહેન મિત્તલ બંનેના એકમેકના પૂરક હતાં. તેમને આવતાં જોઈ વસુંધરા વિનમ્રતાથી ઊભી થઈ ગઈ ને નમસ્તે કર્યાં. લક્ષ્મીકાંતને બહુ ગમ્યું.

વિજયાબહેને પણ વસુંધરાને આશીર્વાદ આપ્યા.

'મમ્મી ! પપ્પા ! વસુંધરા એકલી જ છે. આજે તેને ઇન્ડિયન ભોજન કરવાનું મન થતાં ઘરે લઈ આવ્યો છું.' વિજયાબહેન મર્મમાં હસુ હસુ થતાં લક્ષ્મીકાંત તરફ

જોઈ રહ્યાં. બંનેની નજરોએ અનેક વાતો કરી લીધી. બધા ડાઈનિંગ ટેબલ પર ગયાં. કેટલા વખત પછી વસુંધરાએ સ્વાદિષ્ટ ભારતીય ભોજન કર્યું.

'દીકરી !' વસુંધરાને એ ઘેરો નાદ જાણે શિવાલયમાંથી ઊઠતો હોય તેમ લાગ્યો. લક્ષ્મીકાંત બોલી રહ્યા હતા, 'લક્ષ્યે આમ તો તારા વિષે બધી વાત કરી છે. તું છેક આફ્રિકાથી અહીં એકલી ? હિંમતવાન કહેવાય. તારાં માતાપિતા ?'

'બંનેનું આફ્રિકામાં જ નિધન થયું.'

'ખરી બહાદુર છે. અહીં લંડનમાં કોઈ સગુંવહાલું ?'

'ના, સર ! કોઈ જ નથી.'

'તો આ બિઝનેસમાં...?'

'બસ, જન્મજાત મહેચ્છા છે. કંઈક પુરવાર કરી બતાવવું છે. યોગ્ય સમયે, યોગ્ય તક મળે તેની આશા છે.'

'બહુ સરસ જવાબ આપ્યો. એવી તક મળે તો ?' વસુંધરા ક્ષણેક લક્ષ્મીકાંત સામે જોઈ રહી. પછી હિંમતથી બોલી, 'સર ! તમારા જેવા થવું છે.' ને તેની આંખો ઝૂકી ગઈ. લક્ષ્મીકાંત તેનો આત્મવિશ્વાસ જોઈ રહ્યા. તેમની નજરો વિજયાબહેન પર ફરી. બધા જમ્યાં. કૉફી પીતાં વિજયાબહેને જોઈતી માહિતી વસુંધરા પાસેથી મેળવી લીધી અને લક્ષ્ય વસુંધરાને મૂકવા ગયો ત્યારે તેઓ બોલ્યાં, 'જુઓ લક્ષ્મી ! લક્ષ્યનું દિલ આનામાં ખેંચાયું હોય તો છોકરી સુંદર, સાલસ ને સદ્‌ગુણી લાગી.'

'વિજયા ! આ રસ્તે રઝળતો હીરો અચાનક આપણને મળી ગયો છે, પણ તે સાંભળ્યું ને તેને મારા જેવા થવું છે.'

'સાચું છે. સ્ત્રીઓ ન થઈ શકે ?' તેઓ મર્માળુ હસી રહ્યાં.

'ના, ના, થઈ શકે. જુઓને તમે જ ખભેખભો મિલાવી મને મદદ નથી કરી રહ્યાં ! આને પૂરેપૂરો તરાશી ચમકાવવો પડશે. સૌથી મજાની વાત મને તેની નિખાલસતા, પ્રામાણિકતા ને સ્વાભિમાની ગમ્યા. લક્ષ્યને તે નાથી શકશે. લાગેલા આઘાતમાંથી લક્ષ્ય બહાર આવી જાય તો આ બંને એકબીજાના પૂરક બની જાય. આ છોકરીની મહત્ત્વાકાંક્ષા જે રીતે તેની આંખોમાં ચમકતી હતી તે જોઈને મને લાગ્યું આ છોકરીમાં પલકારામાં આભને ઝુકાવવાની શક્તિ છે.'

'તમે તો અત્યારથી કવિ બની ગયા ?' વિજયાબહેન સંતોષથી બોલી ઊઠ્યાં.

એ દરમિયાન કાર મંદ મંદ સમીરમાં સરકી રહી હતી. વસુંધરા તો પોતાના જીવનમાં બનતા બનાવોથી નવાઈ જ પામી રહી હતી. લક્ષ્ય તેની સામે જોઈ લેતો હતો. થેમ્સ નદીના કિનારે કાર આવી અટકી.

'વસુંધરા ! એક વાત કહું ?'

'હા, બોલો !'

'આપણને મળ્યાને હજી થોડા જ દિવસો થયા છે. પણ એક અણકહ્યો ભાવ તમારા તરફ હું અનુભવી રહ્યો છું. મને લાગે છે આઇ લવ યુ, મનમાં મીઠી પીડા જાગે છે. તમારી-તારી ઝંખના જાગે છે. આજે હું મારી ઊર્મિઓને રોકી શકતો નથી. ના કહેવાનો તમને પૂરતો અધિકાર છે અને એટલે જ મારા અતીતની વાત મારે તમને પહેલાં કહી દેવી છે.'

'લક્ષ્ય ! મને એ ખબર છે !' ન જાણે મી. મિત્તલને બદલે તે લક્ષ્ય કેમ બોલી ?

લક્ષ્ય તેની સામે જોઈ રહ્યો. તેના સંબોધનથી તે સમજી ગયો કે વસુંધરાને વાંધો નહીં હોય.

'લક્ષ્ય ! બધું જીવનમાં એટલું ઝડપથી બનતું જાય છે કે મન મારું મુંઝાઈ ગયું છે. મને થોડો વખત વિચારવાનો આપો.' ને લજ્જાથી તેનું સ્મિતભર્યું મોં ઝૂકી ગયું.

રાત્રે સૂતાં સૂતાં તે વિચારી રહી. તેના મનફલક પર રણજિત ને રોહિતવાળા બનાવો તરવરવા લાગ્યા. હવે તે જો આ તક ગુમાવશે તો અણકહ્યા સચને છુપાવી નહીં શકે. હવે તો પોતાના બાળકના રક્ષણ માટે પિતા ને પોતાના રક્ષણ માટે પતિની તેને જરૂર હતી જ અને પોતે પણ ક્યાં લક્ષ્ય તરફ નો'તી ખેંચાણી ! તો પ્રેમમાં વિશ્વાસઘાત થાય ? સત્ય લક્ષ્યને બતાવી દેવું જોઈએ ? તેનું મન બોલી ઊઠ્યું, 'ના, ના ! એક વાર સત્ય બતાવતા રોહિતનાં માતાપિતાએ તેને નકારી હતી. હવે એ આ જોખમ ન ઉઠાવી શકે. પોતાના બાળક ખાતર ! ઝડપથી નિર્ણય લેવો જ રહ્યો.

અને મન તરફથી હાનો સ્વીકાર થતાં જ તેના રોમેરોમ રણઝણી રહ્યા. પ્રસન્નચિત્તે તે સવારે ઊઠી. તૈયાર થઈ ને સ્ટોર પર ગઈ. આખો દિવસ પસાર થઈ ગયો. કામમાં ક્યાંય તેનું ચિત્ત નો'તું લાગતું. આજે લક્ષ્ય ક્યાંય દેખાયો નહીં. 'ક્ષોભ થતો હશે ગઈકાલની વાતથી.'

બધા કામ નિપટાવી સ્ટાફ જતાં તે સાંજ પડતાં પોતાના ટેબલ પાસે આવી ત્યાં એક ચિઠ્ઠી પડેલી તેણે જોઈ. વાંચવા લાગી,

' "હું તને ચાહું છું" એમ કહીને તને શું કહેવા માગું છું એ જ મને સમજાતું નથી. તારું સાંન્નિધ્ય મને ગમે છે એમ કહીને મારે એટલું જ કહેવું છે કે તારા વિના મને ગમતું નથી. કંટાળાની કાંટાળી કેડી પર તું મારી સાથે હોય છે તો પગને ગુલાબની પાંખડી સ્પર્શ થયા કરે છે. "હું તને ચાહું છું." જેવી સ્પષ્ટ વાત સમજવાની નથી હોતી – આ વાત વહી ન જાય એટલા માટે એને હોઠથી ચૂમી લેવાની હોય છે.'

તે ભાવવિભોર થઈ ગઈ. લક્ષ્ય જાણે પોતાને કંઈ ખબર નથી તેમ આવ્યો ને બોલ્યો, 'ચાલશું ?'

બંને કારમાં બેઠાં. મંદ ગતિએ કાર ચાલુ થઈ. વસુંધરા પેલી ચિઠ્ઠીને હાથમાં રમાડતી હતી. એ જોઈ લક્ષ્યના ચહેરા પર છોકરીની જેમ સુરખી છવાવા લાગી. આ વખતે તેનો ચહેરો એટલો સુંદર લાગતો હતો કે વસુંધરા બોલી ઊઠી, 'લક્ષ્ય ગાડી રોકો.' કાર એકાએક સાઇડમાં લઈ તેણે ઊભી રાખી અને વસુંધરાએ લાગણીના અતિરેકમાં, લક્ષ્યના હોઠો હળવેથી ચૂમી લીધા. પછી બોલી, 'તમારી ચિઠ્ઠીનો જવાબ તમને મળી ગયો ને ?'

લક્ષ્યને જવાબ મળી ગયો હોય તેમ સૂરજનાં કિરણ પડતાં સૂરજમુખીનું ફૂલ ખીલી ઊઠે તેમ લક્ષ્યનો ચહેરો ખીલી ઊઠ્યો.

: ૨૦ :

'મહોબ્બત ઐસી ધડકન હૈ, જો સમજાઈ નહીં જાતી.' લક્ષ્યને કારની ચાવી હાથમાં રમાડતાં, ગુંજન કરતો આવતો જોઈ, લક્ષ્મીકાંત ને વિજયાબહેન મિત્તલ આભાં બની જોઈ રહ્યાં.

'ખરેખર આ લક્ષ્ય છે ?' બંનેની નજરોએ મૌનથી જ વાતો કરી લીધી. ઘણા વખતે લક્ષ્યનો ખીલેલો ચહેરો તેમને ખૂબ ગમ્યો.

'અરે બેટા લક્ષ્ય ! શું વાત છે ?' વિજયાબહેન બોલ્યાં.

સોફા પાસે આવી વિજયાબહેનના પગ પાસે બેસી, તેમના ખોળામાં માથું મૂકી પ્યારથી બોલ્યો, 'મમ્મી ! તમને મેં...' બોલતાં તેના મોં પર લાલાશ આવી. માથું ઊંચકી મા સામે સ્નેહથી જોઈ બોલ્યો, 'મમ્મી ! પપ્પા ! વસુંધરા જેવી વહુ તમને ગમે ?'

બંનેના ચહેરા પણ ખીલી ઊઠ્યા. લક્ષ્મીકાંત બોલ્યા, 'બેટા ! સરખો બેસ આમ સામે ને હવે વસુંધરા વિષે બધી વાત કર. આમ તો જાણીએ છીએ પણ હવે વાત અહીં સુધી પહોંચી છે તો બધી વિગત કહે.'

લક્ષ્યે જ્યારે વસુંધરાના સંઘર્ષની બધી વિગત આપી, લક્ષ્મીકાંત બોલી ઊઠ્યા, 'બહુ બહાદુર કહેવાય. માતાપિતાને ગુમાવી એકલી ભવિષ્ય અજમાવવા આ દેશમાં આવવું એ દાદ માગી લે તેવી વાત છે.'

'પપ્પા, મમ્મી ! બીજી એક વાત કહું. તેની મહત્ત્વાકાંક્ષા તમારા જેવા ઉદ્યોગપતિ થવાની છે. આપણે જે સ્ટોર વેચવા કાઢ્યો હતો તેમાં તેણે અદ્યતન ફૅશનનાં કપડાં સીવવાની પણ શૉપ ખોલી છે ને ગ્રોસરીવાળા ભાગમાં બે ટેબલ મુકાવી નાને પાયે કાફે જેવું પણ ખોલ્યું છે, પણ તેની ઇચ્છા તો અદ્યતન ફૅશનના

કપડાંની ફૅક્ટરી ને ક્લોધિંગ શૉપ વિકસાવવાની છે અને તકદીર યારી આપે તો કપડાંના મેન્યુફૅક્ચરિંગ વ્યાપારમાં પણ તેને ઝંપલાવવું છે.'

'એ... એ... જરા ધીરે. જરા ધીરે, તારા વિચારોને થોડી બ્રેક માર.'

'મારા નહીં પપ્પા ! એના !'

'પણ બેટા ! લગ્ન પછી તેણે ઘરમાં ધ્યાન આપવાનું...'

'મમ્મી ! ઘરમાં આટલા નોકરચાકર છે, રસોયો ને રસોયણ છે. પછી ઘરમાં બેસી તે શું કરશે ? તેની ઇચ્છાઓમાં આપણે સાથ તો દેવો જોશે ને ?'

'જરૂર બેટા ! તું એને સાથ આપવા માટે તો છે જ. તને મદદ કરવા તારા વિભાગોમાં કોને નિયુક્ત કરશું ?'

'કોઈને નહીં. હું જ રહીશ વસુંધરા આપબળે બધું કરવા માંગે છે.'

'લગ્ન પછી કેટલા દિવસની રજા લેવાના છો ?'

'પપ્પા ! હજી એ બધી વાતો નથી થઈ. તમારી મંજૂરી માટે જ આ વાત કરી.'

'બેટા ! તેના પરિવારમાં ભારતમાં કોઈ સગુંવહાલું ?'

'ના, પપ્પા ! એક દૂરના પિત્રાઈ શિપિંગ લાઇનમાં – આપણી જ છે. તેઓને બોલાવશું.'

વસુંધરા તરફથી લગ્નમાં વિશ્વાસ, લલિતા, સમર ને ઉપરાંત જુલી હતાં. જુલીની ઓળખાણ કરાવતાં વસુંધરા બોલી, 'લક્ષ્ય એક બીજી માગણી છે. જુલી જ્યારે અત્યારના કામમાંથી ફ્રી થશે ત્યારે આપણે ત્યાં કામ કરશે. મેં તને બધી વાત તો કરી જ હતી.'

ચાર જ દિવસ સ્વિટ્ઝરલૅન્ડ જઈ આલ્પ્સની ગિરિકંદરાઓમાં સ્વર્ગ માણતા લક્ષ્ય બોલેલો, 'વસુંધરા ! આ કંદરાઓનો વૈભવ માણવાનો લહાવો કેટલાને મળતો હશે ?'

પણ સ્વિટ્ઝરલૅન્ડ આવવા પાછળ વસુંધરાનો બીજો જ આશય હતો. લક્ષ્ય તો એક સારો પ્રેમ સાબિત થયો જ. પણ ત્રીજો મહિનો શરૂ થઈ ગયો હતો. પાછા આવી અઠવાડિયા પછી જ વસુંધરા શરમાતી હોય તેમ શરમથી બોલી, 'લક્ષ્ય ! તને બાળકો ગમે ?'

'વસુ ! કેવો પ્રશ્ન પૂછે છે ? મને તો બે દીકરી ને બે દીકરા જોઈએ.' મીઠું હસી તે બોલ્યો.

'કેટલા જલદી ?' પલંગમાં તેના માથે આંગળા વાળમાં પસરાવી તે બોલી.

'કેમ ? એમ પૂછ્યું ?' અને વસુંધરાના મોં પર લાલી જોઈ સફાળો બેઠો થઈ બોલ્યો, 'આટલું જલદી ?'

'હા, લક્ષ્ય ! ''પિરિયડ'' માસિક આવ્યું નથી. સૉરી ધ્યાન ન રહ્યું.'

'અરે સારું જ થયું. પપ્પા-મમ્મી કેટલાં ખુશ થશે એ ખબર છે ?' ને આશ્લેષમાં લઈ તેણે વસુંધરાને ચૂમી લીધી.

વસુંધરાનું દિલ ડંખ્યું. 'કેવો વિશ્વાસઘાત કરી રહી હતી, પણ શું થાય ? સત્ય કહી બીજી ભૂલ કરવા નો'તી માંગતી. લક્ષ્મીકાંત ને વિજયાબહેન તો પૌત્ર કે પૌત્રીનો વિચાર કરી આનંદવિભોર બની ગયાં. વિજયાબહેન બોલ્યાં, 'દીકરી ! હવે કામ બંધ કરવું પડશે તારે.'

'મમ્મી ! એમાં કામ શું બંધ કરવાનું ? આવી સ્થિતિમાં તો કસરત કરવી જોઈએ. શૉપમાં હેરફેર થશે તો શરીર નરવું રહેશે. અહીં તો અંગ્રેજ સ્ત્રીઓ બધી કામ કરતી જ હોય છે. ડિલિવરી પછી બીજે જ અઠવાડિયે પાછી કામે ચડી જાય.'

'તમને બંનેને આનંદ થાય તેમ કરો. એમાં જ અમારી ખુશી છે.'

અને સાડા છ મહિને વસુંધરાને વેહણ ઊપડી. ઘણાને અધૂરે મહિને બાળક આવે તેમ ચાંદ સમી પુત્રીને વસુંધરાએ જન્મ આપ્યો, પણ વસુંધરા ચોંકી ગઈ. મોં કળા રવિ જેવી જ નો'તી ? એવો પ્રશ્ન ચમક્યો. પણ તેના માનસમાં હજી રવિ હતો તેથી એવા વિચાર આવતા હશે તેમ લાગ્યું. વિજયાબહેન તો ખુશ થઈ ગયાં. 'વસુંધરા ! અધૂરે મહિને આવી, પણ છે તંદુરસ્ત. કોઈ ન કહે તે વહેલી આવી છે. પૂરા મહિને આવી હોય તેમ જ લાગે છે. શું નામ પાડશું એનું ?'

અને અનાયાસે વસુંધરાથી બોલાઈ ગયું. 'રવિના કેમ લાગે છે ?'

'અરે વાહ ! સૂરજના તેજથી લખલખતી દીકરી માટે આથી વધુ કયું નામ સારું હોઈ શકે ?' વિજયાબહેન ખુશીના માર્યા બોલ્યાં.

વસુંધરાએ ડિલિવરી ડૉ. નાડકર્ણી-સુલભા નાડકર્ણીના નર્સિંગ હોમમાં કરાવેલી. દિલનું રહસ્ય તેને જ કહેવું પડે તેમ હતું. તેથી અધૂરે મહિને આવી છે એવું જણાવી અઠવાડિયે ઇન્ક્યુબેટરમાં રખાવી રવિનાને લઈ વસુંધરા ને લક્ષ્ય ઘરે આવ્યાં.

બે અઠવાડિયાંમાં તો વિજયાબાએ રવિનાનો હવાલો લઈ લીધો. આ ઉંમરે પણ વસુંધરાને કશું કરવા જ ન દેતા. લક્ષ્મીકાંત સાંજે આવતા ત્યારે બગીચામાં નંખાયેલા હિંડોળે બેસી રવિનાને લઈ કંઈ ને કંઈ ગુંજન કરતો. વસુંધરા આ પ્રેમાળ માનવીઓને જોઈ વિચારતી, 'આ લ્હાવો અમરનાથે ને રવિએ લેવાનો હોય.' અને એનું મન અમરનાથ ને સ્વરૂપના સંબંધનું પેલું વિકૃત વાસનામય ચિત્ર નજર સામે ઉપજતાં ને રવિએ બતાવેલી કાયરતાથી મન તિરસ્કારથી ઊભરાવા લાગતું. એના પ્રમાણમાં લક્ષ્મીકાંત ને વિજયાબાના સ્નેહથી મનમાં અહોભાવ ઊભરાતો અને લક્ષ્ય ! પહેલાં રવિ પછી રોહિત અને હવે લક્ષ્ય. લક્ષ્ય તેને આટલો પ્રેમ કરી શકે તે જ તેના માન્યામાં નો'તું આવતું. પોતાને એ સદ્ભાગી ગણતી. ધીમેધીમે તેને પણ લક્ષ્ય માટે પ્રેમસંચાર થયો હતો.

'પપ્પા ! મમ્મી ! હવે કામે ચડી જવા માગું છું.'

'બેટા ! આટલું જલદી ? રવિના હજી કેટલી નાની છે.'

'બા તમે છો ને ?'

'બેટા ! તેં મમ્મીને બદલે ''બા'' કહ્યું ? બહું મીઠું લાગ્યું. હવે એમ જ કહેજે. મેં તો નક્કી કરેલું કે રવિના મોટી થાય ત્યારે દાદી ન કહેતાં મને ''બા'' કહીને જ બોલાવે.'

'અને બા બીજી વિનંતી. તમે આ ઉંમરે એકલાં બધું ન કરી શકો. હું આફ્રિકા હતી ત્યારે મારી સાથે કામ કરતી યુવતી જુલી હવે ઇંગ્લૅન્ડ છે. તેને રવિનાની સારસંભાળ કરવા રાખું તો ?'

'પણ બેટા ! આપણી જાતની કે કોઈ અંગ્રેજ નેની રાખીએ તો ?'

'બા ! જુલી મારી સખી જેવી છે. આફ્રિકન છે તેથી સૂગ બતાવવી જરૂર નથી. તમે તેના પરિચયમાં આવશોને તો એવી સાલસ ને સુઘડ છે. તમને જરૂર ગમશે ?'

'તે જ્યાં કામ કરે છે ત્યાંથી આવશે ?'

'હા ! તે જ્યાં કામ કરે છે તે માલિકને લકવો થયો છે. વ્હીલચૅરમાં જ છે. તેનાં પત્ની નથી. ઘરમાં જુવાન દીકરો હવે રહેવા આવ્યો છે. તેનાથી તે સુરક્ષિત નથી. તેનો ફોન આવેલો ને નોકરી શોધે છે.'

'બેટા ! તારી જાણીતી જ હોય તું એને બરાબર પિછાણતી હોય, તારી સખી હોય તો અમને શું વાંધો હોય ? લક્ષ્ય સાથે વાત થઈ ગઈ છે ?'

'વાત થઈ છે, પણ તમારી મંજૂરી લેવી જરૂરી હતી અને બા તે પૂરેપૂરી શાકાહારી છે ને આપણી ભારતીય રસોઈ પણ બનાવતાં આવડે છે. મારી પાસેથી બધું શીખી ગઈ છે.'

'એટલે ? તને રસોઈ બનાવતાં આવડે છે ?'

વસુંધરા મીઠું હસી બોલી, 'બોલો તમને, પપ્પાને, લક્ષ્યને શું ભાવે છે ? કામે ચડું તે પહેલાં રસોઈ બનાવી તમને જમાડું. જુલીને બોલાવી લઉં છું. તે પણ મને મદદ કરશે.'

અને લક્ષ્મીકાંતને ભાવતી પુરણપોળી, લક્ષ્યને ભાવતું મટરપનીરનું શાક ને વિજ્યાબાને ભાવતી મુઠિયાં નાખેલી કઢી, જમી બધા અચરજ પામી ગયાં. જુલીને જે રીતે રસોઈ કરતાં ને રવિનાને સાચવતાં જોઈ તેઓ ખુશ થઈ ગયાં. જમતાં જમતાં લક્ષ્મીકાંત બોલ્યા, 'વસુંધરા, તું જો રસોઈમાં આટલી નિષ્ણાત હો, તો તારા ગ્રોસરી સ્ટોરમાં બે ટેબલ મુકાવ્યાં છે તેને બદલે બાકીના સ્ટોરમાં કાફે બનાવી નાંખ. અદ્યતન રેસ્ટોરાં ! ને તારા કપડાંનો સ્ટોર અદ્યતન લંડન સ્ટાઇલથી ઉપલો માળ લઈ ત્યાં ખસેડી નાંખ તો !'

'પપ્પા ! બિઝનેસની વાત ચાલે છે તો એક વસુંધરાનું બીજું સૂચન પણ છે. આપણે ગ્રોસરી સ્ટોરવાળું ત્રણ માળનું મકાન છે તે જ આખું ખરીદી લઈએ તો ?

નીચે રેસ્ટોરાં, ઉપર ગ્રોસરી સ્ટોર ને ઉપલો માળ કાપડનો સ્ટોર ! કેમ લાગે છે ?'

'સૂચન તો કમાલનું છે.' લક્ષ્મીકાંત બોલ્યા.

'પપ્પા ! સૂચન તમને ગમ્યું તેથી આનંદ, પણ એ મકાન ખરીદવું ને આ બધું વિકસાવવા આપણા બીજા બિઝનેસમાંથી પૈસા નથી લેવાના. આ ગ્રોસરી સ્ટોર ને કાપડના સ્ટોરમાંથી આવક સારી થઈ છે ને ખૂટતા પૈસા બૅન્કમાંથી લોન લઈ લેશું.'

'આવડી મોટી લોન કઈ બૅન્ક આપશે ?'

'બાજુમાં "લંડન બૅન્ક" છે. તેના મૅનેજર ને તેમનો પુત્ર આપણા સ્ટોરમાં જ કપડાં સીવડાવે છે ને તેનું આખું કુટુંબ આપણા ગ્રાહક છે.'

'તો મિત્તલ ઇન્ડસ્ટ્રીઝના નામે...'

'પપ્પા ! ખરાબ ન લગાડશો. હવે વસુંધરા મિત્તલનું નામ પણ ધીમે ધીમે મોટું થવા દો.' વસુંધરાના મોં પર પ્રેમભર્યું સ્મિત હતું પણ મોં પર દઢતા હતી.

લક્ષ્મીકાંત સમજી ગયા કે આ વસુંધરા તેનું નામ રોશન કરશે જ ત્યાં જ જુલી રવિનાને સૂવડાવી આવી અને અંગ્રેજીમાં બોલી, 'શું પીરસવાનું છે ?'

ડાઇનિંગ ટેબલ પર બધું પીરસેલું હતું તેથી તેની સામે ન બોલતાં તેણે કહ્યું, 'જુલી ! જો તો કઢી હજી બાકી છે ? સારા બાઉલમાં કાઢી લેતી આવને !'

તેના જતાં જ વસુંધરા બોલી, 'તમને બધાને એક વાત કહેવી છે. ન પસંદ પડે તો સંકોચ વગર મને ના કહી દેજો. આ જુલીને હું રસોયણ તરીકે આફ્રિકામાં કામ કરતાં ત્યારથી સાથે જ જમતાં. હું તેને તેના આફ્રિકન હોવાનો ને અનાથપણાનો અનુભવ કરાવવા નથી માંગતી. રવિનાને તે મા જેવો પ્યાર આપે છે. આપણી સાથે ટેબલ પર બેસી જમી શકે ?'

વિજયાબા તો આ પ્રસ્તાવથી ચમકી ગયાં.

'બા ! મારે મન એ નોકર નથી. સખી છે. જો પસંદ ન પડે તો તમે બધા જમી લેશો એ પછી અમે બંને એકલાં બેસી જમશું. વાંધો નથી ને ?'

લક્ષ્ય ને લક્ષ્મીકાંત આ ઉમદા નારીનું ઉમદા દિલ જોઈ રહ્યા.

'પણ બેટા ! સમાજમાં ખબર પડે તો...' વિજયાબા બોલ્યાં.

'બા દુનિયા ઝૂકતી હૈ, ઝુકાનેવાલા ચાહિયે ! એ ઉક્તિ પ્રમાણે સમાજે હવે એ સ્વીકારવું રહ્યું. આપણામાં નૈતિક હિંમત ને દઢતા હોય તો આભને પણ આપણે પલકથી નમાવી કેમ ન શકીએ ? પણ એ પહેલાં આપણું મન – ઘર સબૂત હોવાં જોઈએ.'

ત્યાં જુલી કઢીનું બાઉલ લઈ આવી. વિજયાબા જ બોલ્યાં, 'અરે ! જુલી ! અમે તો જમવાનું શરૂ કરી દીધું. તું રવિના ને સુવડાવતી હતી ને ! હવે ચાલ આ ટેબલ પર બેસી જા ને જમી લે !'

જુલી તો નવાઈથી તેમની સામે જોઈ રહી ને પછી વસુંધરા સામે જોયું. સ્નેહથી વસુંધરાનું માથું હામાં ઢળ્યું. ખુશ થતી, સંકોચથી તે ટેબલ પર બેઠી. તેની આંખોની ભીનાશ વસુંધરા પારખી ગઈ.

પરવારતાં બધાં પોતપોતાની રૂમમાં ગયાં. કપડાં ચેન્જ કરી વસુંધરા ને લક્ષ્ય શુભ્ર ચાંદનીમાં બગીચામાં આવી બેઠાં.

ઑગસ્ટની રાત હતી. પવનમાં શીતળતા હતી. તેની લહેરખીઓથી વસુંધરાની અલકલટો ઊડી રહી હતી. બગીચામાં રાખેલાં ટેબલ-ખુરશી ને તેની છત્રી આછી ઝૂલી રહી હતી. ખુરશીમાંથી વસુંધરા સ્વીમિંગપુલમાં ઊડતાં જલનું આછું શું હલનચલન જોઈ રહી હતી અને લક્ષ્ય તેના મુખને નિહાળી રહ્યો હતો. અપાર પ્રેમ એ નજરોમાં ભર્યો હતો. ધવલ ચાંદનીથી બગીચાનાં વૃક્ષો ને હરિયાળી પર રજત બિછાત છવાઈ હોય તેમ લાગતું હતું. વસુંધરાની નજર આ આલીશાન સફેદ મહાલય પર પડી. ચાંદનીથી જાણે નહાઈ ઊઠ્યું હતું ઘર ! કયાં પુણ્ય કર્યાં હશે કે આ મંઝિલે પહોંચી !

પણ મુલાયમ સ્પર્શે તે ચમકી. લક્ષ્યનો હાથ તેના માથા પર ફરી રહ્યો હતો. તે ખસી, નજીક આવી, લક્ષ્યના પડખામાં લપાઈ. માથું તેના ખભા પર ઢાળ્યું. લક્ષ્યે નમી નજાકતતાથી તેના હોઠ આછા ચૂમ્યા.

'વસુ ! આટલું જલદી કામે ચડી જવું છે ?'

'લક્ષ્ય ! તું તો તરત કામે ચડી ગયો ને ? કેટલું કામ પેન્ડિંગ-મુલતવી રહ્યું છે ખબર છે ?'

'હા ! પણ રોહિતે બધું સંભાળી નહીં લીધું હોય ?'

'એટલે તો હું નચિંત હતી. તેણે તેની દોસ્તી પુરવાર કરી.'

'તો ? શું ઉતાવળ છે ?'

'લક્ષ્ય ! તેં જ કહ્યું હતું ને કે માલિક ઑફિસમાં આવી ભલે કામ ન કરે, પણ તેમની હાજરીની અનુભૂતિ સ્ટાફને હોવી જ જોઈએ.'

'તને નહીં પહોંચાય !' કહી તેણે વસુંધરાને ગાઢ આશ્લેષમાં લીધી. વસુંધરા એ આગોશમાં રહીને વિચારી રહી, 'આટલા પ્રેમાળ પતિને દગો દેવાનો ? અણકહ્યા સચથી તેને અંધારામાં રાખવાનો ? ક્યારેક પણ તેને સચની ખબર પડશે તો ? અને રવિના મોટી થશે ને તેને ખબર પડશે ત્યારે ? રવિને આ વાતની જાણ થશે ત્યારે ? મનમાં વિચારોનાં જાળાં ગુંથાવાં લાગ્યાં ને એ તકેદારી રાખવા તેને જ્યારે જુલીનો ફોન આવેલો, 'વસુંધરા !' તેનાં હીબકાં ફોનમાં પણ સંભળાતાં હતાં. 'વસુ ! હવે અહીં વધુ રહેવાય તેમ નથી. રણજિતની કનડગતે માઝા મૂકી છે. સ્વરૂપ આન્ટી જીવતાં હતાં ત્યાં સુધી વાંધો નો'તો. પણ તેમના દેહાંત પછી મી. શ્રીવાસ્તવને સ્ટ્રોક-લકવાનો હુમલો થયો – વ્હીલચૅરમાં જ વાચાહીન, દયામણી નજરે જોયા કરે

છે. બિઝનેસ રણજિતે સંભાળ્યો છે, પણ તેમાં ભલીવાર નથી. વુલન મિલના હાલ થઈ ગયા છે. મી. શ્રીવાસ્તવે પબ્લિશિંગ બિઝનેસ ખોલ્યો છે, પણ સારા ઍડિટરના અભાવે તે પણ સારો ચાલતો નથી. રણજિત હવે બેફામ થઈ ગયો છે ને હવે તેની નજર મારા તરફ ફરી છે. મને હેરાન કરતાં મી. શ્રીવાસ્તવ તે જોઈ ગયા હતા, પણ લાચાર સ્થિતિમાં તે શું કરી શકે ? મને એક વાર બોલાવી હાથના ઇશારાથી જતાં રહેવા કહ્યું. ક્યાં જાઉં ? હું અહીં તો તારા ને વિશ્વાસ સિવાય કોઈને જાણતી નથી. વિશ્વાસ બંને જગ્યાઓ સંભાળવા મથે છે, પણ પોષી શકવાની ક્ષમતા તો તેનામાં ન હોય ને ?'

અને એ વાતે જ વસુંધરાને તેને પોતાને ત્યાં બોલાવવા પ્રેરી હતી. કામે આવી ત્યારે પહેલી જ વાત વસુંધરાએ તેને કહી, 'જુલી ! તને મારા અતીતની ખબર છે. એ દફનાવવાનો છે જ, પણ રવિના મોટી થાય તેને આ વાતની જરા પણ ભનક પડવી ન જોઈએ. વચન આપ. તારે હવે મારી સાથે જ રહેવાનું છે.'

અને વસુંધરાની ચડતી કળા, જાહોજલાલી જોઈ અંતરથી તે ખુશ થઈ હતી ને રવિનાની નેની તે બની.

: ૨૧ :

'વસુ ! કોઈ કહે નહીં કે તું હમણાં જ ડિલિવરીમાંથી ઊઠી છે અને તારા ડ્રેસ સેન્સની તો દાદ દેવી પડશે.' લક્ષ્ય પણ તૈયાર થઈ રહ્યો હતો. ઑફિસે જવા પણ વસુંધરાએ પહેરેલ સિલ્કનો-રેશમનો આછા પીળા રંગનો ડ્રેસ ને ગળામાં ગનમેટલની માલા, બુટિયાં ને કંગન શોભી ઊઠતાં હતાં.

'લક્ષ્ય ! આજે ત્રણ મહિને સ્ટોરમાં જાઉં છું. તને ખબર છે ને લંડનમાં રોજ ફૅશન બદલાય. હું ત્રણ મહિના પાછળ છું. અત્યારે કેવી ફૅશન હશે, રોહિતે એ ફૅશન પ્રમાણે કપડાં-ડ્રેસીઝ તૈયાર કર્યાં હશે ? ભરોસો તો છે જ. મારે હવે નવો વૉર્ડરોબ તૈયાર કરાવવો પડશે અને રોજ સાંજે ઘરે આવી ટ્રેડમિલ પર ચાલવું પડશે.'

'આમેય વસુ ! તારી ઉંમર તો કઈ કળી જ ન શકે. તું ચિરયુવા જ લાગવાની.'

'સવાર સવારના મસકા મારવા બંધ કરી બ્રેકફાસ્ટ ટેબલ પર પહોંચ. બધા રાહ જોતા હશે.'

બંને ટેબલ પર આવ્યાં ત્યારે જુલીએ બધો સરંજામ ગોઠવી રાખ્યો હતો. તે પણ વસુંધરાને પ્રશંસાથી જોઈ રહી. 'બંને આફ્રિકામાં સાથે રસોડામાં કામ કરતાં ને તકદીરની કેવી બલિહારી કે વસુંધરા હવે લાખ્ખોમાં આળોટવા લાગી હતી.' તે સ્નિગ્ધ નજરે આ સખીને જોઈ રહી. વસુંધરાએ તેનું ધ્યાન રાખવામાં કોઈ કમી

નો'તી રાખી. આખો પગાર – એ પણ કલ્પના ન કરીએ તેવો – સીધો બૅન્કમાં જ જમા થઈ જતો. ઉપરાંત હાથખર્ચી માટે રોકડા આપી દેતી એ જુદું. બે રૂમનું અદ્યતન સજાવટથી સજાવેલું આઉટહાઉસ, ખાવું, પીવું વગેરે. જુલી પણ પોતાની જાતને ધન્ય ગણતી હતી. એમાંય લક્ષ્યનો ઉમદા સ્વભાવ ને તેના માતાપિતાનો સ્નેહ જુલીને પણ મળતો હતો. એ ખુશ હતી, પણ ગઈકાલે આવેલા ફોનથી થોડી 'ડિસ્ટર્બ્ડ' હતી. નિરાંતે વાત થશે કહી ટેબલ પર ચા બનાવવા લાગી.

'જુલી ! બધાં લઈ લેશે. તું બેસી જા. રવિના હજી સૂતી છે ?'

'હા ! હવે ઊઠવાનો સમય થઈ રહ્યો છે. તેને શાવર આપી પછી રસોડાની તૈયારી કરીશ.'

'વસુ ! આ તારી જુલી હવે મને રસોડામાં આવવા જ નથી દેતી !' વિજયાબાએ સ્નેહથી જુલી સામે જોઈ કહ્યું.

'જુલી; બાને ક્યારેક તેમની મનગમતી પસંદ બનાવવી હોય તો તેનું ધ્યાન રાખવાનું.'

'મેં તો બાને કહ્યું જ છે કે મને બધું શીખવી દે.'

'પણ ક્યારેક પોતાના હાથે બનાવેલી વાનગી પપ્પા કે લક્ષ્યને ખવડાવવાનું તેમને મન થાય ને ?'

વિજયાબા જાણે ચોરી પકડાઈ ગઈ હોય તેમ લજ્જાથી નીચે જોઈ ગયાં, 'બા મેં પણ મારા મમ્મીને આવો આગ્રહ રાખતાં જોયાં હતાં તેથી મને નવાઈ ન લાગે. ચાલો ! હું જલદી પહોંચું.'

અને ઑફિસમાં બધાએ ધાર્યું નો'તું કે વસુંધરા આટલી જલદી ઑફિસ જોઇન કરશે. તેને આવકારી બધા ખુશ થઈ ગયા. રોહિત તો તેને જોઈ રહ્યો. 'આ યુવતી કેટલી ચારુ ને સુંદર છે.' વસુંધરા તેના ટેબલ પર જઈ તેની કેબિનમાં બેઠી. તરત જ નંદા બે લેજર લઈને આવી ને ટેબલ પર મૂકી દીધાં. ત્રણ મહિનાનો હિસાબ તેમાં લખેલો હતો. વાયુવેગે ઑફિસમાં તેના આવવાની વાત ફેલાઈ ગઈ. દરેક સ્ટાફ આવી તેને અભિનંદી ગયો.

સવારની શાંતિ ધીમે ધીમે આળસ મરડી ઊભી થતી હતી. બહાર રસ્તા પર ચહલપહલ થવા માંડી હતી, કાચની બારીમાંથી શુભ્ર સવાર ચોખ્ખું, સદ્યસ્નાતાના ચહેરા જેવું દેખાઈ રહ્યું હતું. ઑફિસમાં પણ ગંભીરતા પ્રવેશવા લાગી હતી. આ સ્ટોર ચાલુ કર્યો ત્યારે કેટલો નાનો હતો ! અને તેના ડ્રેસીઝ-કલેક્શન, તાબડતોબ-ઇન્સ્ટન્ટ સક્સેસ-સફળતાને વર્યા હતા ને આજે આ સ્ટોરની સિકલ બદલાઈ ગઈ હતી, એકદમ અદ્યતન. લંડનના ક્લાસિક ક્લાયન્ટસની જેમ જ અને વસુંધરાએ તેને અદ્યતન બનાવવામાં કંઈ કચાશ રાખી નો'તી. પૈસો પણ પાણીની જેમ જ વહાવ્યો હતો. એમાંય તેની સજાવટની દૃષ્ટિ પાસે ભલભલા પાણી ભરતાં. રસ્તા પર પડતો

શોરૂમનો શો ને અંદર સ્ટોરમાં બધા 'મેનીક્વીન'ની ભાતભાતના સ્ટાઇલના ડ્રેસીઝ જોઈ ગ્રાહક મોંમાં આંગળા નાંખી જતાં. જોતજોતામાં વસુના સ્ટોરને એટલી પ્રસિદ્ધિ મળી હતી કે હવે પાર્લમેન્ટ મેમ્બર્સ ને ક્લાસ ક્લાયન્ટેલ તેની ઊભી થઈ ગઈ હતી. યુરોપથી આવતા ટુરિસ્ટો તેના સ્ટોરની અચૂક માલાકાત લેતા જ અને એક વાર અંદર પ્રવેશેલો ગ્રાહક કદી ખાલી હાથે ન નીકળતો. જે કંઈ ખરીદી થતી તેની સાથે તેના કુટુંબને લગતી ભેટ તો સાથે મળે તેવો આગ્રહ વસુંધરાનો હતો. ચુનંદા સેલ્સમૅન-વિમૅન-શોધી શોધીને સારા પગારે રાખવામાં આવ્યા હતા. કેટલોગ્ઝ જોઈ સારી ફૅશન માથે ઊભા રહી દરજીઓને કટિંગ કરતા શીખવતી. તેને કોઈ તેમાં નાનમ ન લાગતી. મહેનતનું ફળ શું હોય તે એ બરાબર જાણતી હતી.

એમાંય વધુ સફળતા તો તેને સાથોસાથ ખોલેલા કાફેને લીધે હતી. ખરીદી સાથે ભેટ તો મળતી, પણ પછી ગ્રાહકને ખુશ રાખવા સુંદર સ્ટાફ તેમને કાફેમાં લઈ જતો. કૉફી ને પેસ્ટ્રી મફત આપવામાં આવતા. એમાંય દીર્ઘદૃષ્ટિ હતી. ટુરિસ્ટો અહીં ઍપાર્ટમૅન્ટ્સમાં રહેવા આવતા જે ફુલી ફર્નિશ્ડ હોય. એટલે તેમની કિચન માટેની આવશ્યક ચીજવસ્તુ પણ એ કાફેમાંથી મળી રહેતી, જે જોઈ એ પર્યટકો ખરીદી લેતા અને એવું ન લાગે કે તમે કાફેમાં બેઠા છો. જાણે બગીચામાં-ગાર્ડનમાં બેઠા હો તેવી રીતે ફૂલછોડ ઉગાડી લેવામાં આવ્યા હતા. દીવાલો પરના વૉલપેપર પણ ફૂલોની ભાત વાળા જ હોય. તેમાંય ઊડતાં પંખીઓ – ને તે જાતનું સંગીત રેલાઈ રહેતું સાંભળી, પર્યટકો ને ગ્રાહકોને એક માનસિક સ્વસ્થતા ને રોમાંચ આપતો. કાફેમાં કામ કરનારી પારિચારિકાઓ પણ આછા લીલા રંગના ડ્રેસીઝ-યુનિફોર્મમાં સ્મિત સાથે 'સર્વ' કરવા આવતી. ખૂબ જ મીઠું લાગતું. લંડનની ચહલપહલમાં આવું 'રિલેક્સ્ડ' વાતાવરણ મનભાવન લાગતું. ફક્ત ગ્રાહકો જ નહીં, ફક્ત કૉફી પીવા આવનારામાં તે એ કાફે 'ક્રેઝ' થઈ ગયું હતું. ડિપાર્ટમૅન્ટલ સ્ટોર કરતાં કંઈક જુદો જ માહોલ બધાને લાગતો.

એમાંય ખરીદી સાથે જે ગિફ્ટ-ભેટ આપવામાં આવતી તેનું પૅકિંગ પણ વસુંધરાના મગજની ઊપજ હતી. સુંદર ખૂલતા રંગો વાળા, સુંદર ડિઝાઇનના કાગળોમાં તે ભેટ બંધાતી. એ રંગો જ બધાને આકર્ષી જતા. દરેકેદરેક વસ્તુમાં એક 'ક્લાસ ઑફ ટચ' હતો.

વસુંધરાએ ચારેબાજુ નજર ફેરવી. દોઢ વરસ થઈ ગયું હતું આ સ્ટોર ખુલ્યે અને તેની સફળતાથી જાણે પૈસો પાણીની જેમ રેલાઈ આવ્યો હતો. વસુંધરાની નજર લેજર પર પડી. એકમાં ચાલુ આવકની માહિતી પર નજર નાંખતા તેને સંતોષ થયો. બીજું લેજર સિમ્પસન વેરહાઉસનું હતું. એ કંપની પણ વસુંધરાએ ખરીદી હતી અને એ વેરહાઉસમાંથી 'હોલસેલ' માલ ઉત્પાદન કરતાં સ્ટોરને સપ્લાય કરવામાં આવતો. તેણે એ લેજર ખોલ્યું ને આવકના ખાતામાં નજર નાંખી. બે લાખ

જેટલા પાઉન્ડ ઉઘરાવવાના બાકી હતા. તેના કપાળ પર કરચલી પડી. લંડન, માન્ચેસ્ટર અને સ્કૉટલૅન્ડના સ્ટોરમાં લેણી રકમ હતી. માલ ત્યાં હંમેશ જતો ને પૈસા આવતાં, પણ આવડી મોટી રકમ લેણી કેમ રહે ? ચિંતા નો'તી, પણ આટલા પૈસાનું વ્યાજ ? તેનું વ્યાપારી ભેજું વિચાર કરવા લાગ્યું. જેટલા ગ્રાહકોને સ્ટોર ને નેવું દિવસનો સમય પૈસા ભરવા આપેલો તેઓનો સમય તો ક્યારનોય ડ્યુ થઈ ગયો હતો ! તેણે એ બધાં નામ લખ્યાં. આ કેમ ચલાવી લેવાય ? જે નવો બિઝનેસ લેવો હતો તે આ પૈસાના વ્યાજમાં લેવાય તેમ હતો અને વસુંધરા તો જોખમ ખેડવા જાણીતી હતી. વેપારમાં જોખમ ન ખેડો તો ઉત્કર્ષ ક્યાંથી થાય ? તેની પાસે લોખંડી મનોબળ હતું. નાની-મોટી ખોટથી તે ગભરાઈ જાય તેવી નો'તી. લક્ષ્યે કેટલી ધીરતાથી તેને વ્યાપાર કેમ કરાય એ ક્યાં શીખવ્યું નો'તું એટલે તો લક્ષ્મીકાંત મિત્તલનું નામ ઇંગ્લૅન્ડના પાંચ ઉદ્યોગપતિમાંના એક તરીકે લેવાતું હતું જ ને ! અને વ્યાપારમાં લાગણીઓને પ્રાધાન્ય તો ન જ દેવાય. ક્યારેક 'રૂથલેસ' થવું જ પડે.

તેણે ફોન નજીક ખેંચી ડાયલ ઘુમાવ્યું. 'શર્લી ! ગુડ મૉર્નિંગ !'

'ગુડ મૉર્નિંગ મૅમ ! હમણાં જ થોડું કામ પતાવી તમને આવકારવા આવવા જ, જ હતી.'

શર્લી હર્લી તેની એકાઉન્ટન્ટ ભરોસાદાર હતી. કામની ચોક્કસ. બીજા ખુશામતિયાઓની જેમ તે દોડી આવી નો'તી. કામની પાક્કી.

'થૅંક્યુ ! શર્લી ! મેં સિમ્પસન વેરહાઉસનું લેજર જોયું. મારા ધ્યાનમાં આવ્યું છે કે ઘણી લેણી રકમ હજી બાકી છે.'

'હા, મૅમ ! એ બારામાં જ વાત કરવા આવું છું.'

શર્લી આવી ને અદબથી વસુંધરાની સામેની ખુરશીમાં બેઠી. આમેય વસુંધરા હવે એવી જાજરમાન લાગતી કે તે ઇન્ડિયન કરતાં અંગ્રેજ વધુ લાગતી. તેનો ગોરો વાન, નીલી આંખો ને કેશભૂષા તથા વસ્ત્રભૂષા જ બધાને મોહી લેતા ને એક જાતનું માન ઊભું કરતાં.

'જો શર્લી ! બે લાખ પાઉન્ડ લેણા નીકળે છે. એ હવે જેમ જલદી બને તેમ ભેગા કરવાના છે. મારે નવો બિઝનેસ લેવો છે.'

'હા, મૅમ ! આજે શુક્રવાર છે. સોમવારે સવારથી બધાને મૅમો મોકલાવી દઉં.'

'ખાલી મૅમો મોકલાવે નહીં ચાલે. આ લિસ્ટ. નેવું દિવસ ઉપર થઈ ગયા છે. ટેલિફોન કરો ને ઉઘરાણી કરો. મને તરત પરિણામ જોઈએ છે. જે લોકોના સાઠ દિવસ ઉપર થઈ ગયા હોય તેમને ઇન્ટરેસ્ટ-વ્યાજ ચોંટાડો ને સાઠ દિવસની અંદરના ગ્રાહકોને વૉર્નિંગ આપો. બૅન્કરેટ આઠ ટકા છે અત્યારે.' કહી 'ફાઇનાન્સિયલ ટાઇમ્સ'નું પેપર તેણે શર્લી તરફ ધકેલ્યું.

શર્લીએ વસુંધરાના સ્વરમાં પોલાદ ખનકતો જોયો. તે સતર્ક બની ગઈ. 'મૅડમ ! આટલા સખત થશું તો એ લોકો પછીથી આપણો માલ ખરીદશે ?'

'જો શર્લી ! વ્યાપારના અમુક નિયમો હોય છે. તેઓ પણ જાણે છે ને આટલાં વરસોમાં તેમને હવે આપણી આદત પડી ગઈ હોય તેથી બીજે ક્યાંય જાય નહીં. વળી આપણા માલની ચોખ્ખાઈ તેઓ જાણે છે. વળી એવી પરવા કરવાની જરૂર નથી. થોડા ગ્રાહકો જશે તો બીજા આવશે. યૉર્કશાયરથી નવા સેલ્સમૅનની ભરતી મેં કરી છે.'

'પણ મૅડમ ?'

'શર્લી !' વસુંધરાના સ્વરમાં સખ્તાઈ આવી. પછી આંખો થોડી નરમ કરી તે બોલી, 'વ્યાપારની ગત હું સારી રીતે જાણું છું. જો ગવર્નમૅન્ટ સપ્લાયનો કૉન્ટ્રેક્ટ મળવાનો છે. કોઈને હમણાં કહીશ નહીં. ઍક્સક્લુઝીવલી મિત્તલ સ્ટોર્સને માલની અછત થશે. અરે ઘણી ફૅક્ટરીઓ વેચવા નીકળશે. હું વુલન ફૅક્ટરી યૉર્કશાયરમાં ખરીદવા માગું છું. ત્યાંની અવ્વલ નંબરની ફૅક્ટરી છે. ત્યાં બધો માલ ઑસ્ટ્રેલિયાનાં ઘેટાંઓના અવ્વલ નંબરના રૂમાંથી બને છે.'

એક ઊંડો શ્વાસ લઈ શર્લી બોલી, 'તમે, તમે શ્રીવાસ્તવ વુલન ફૅક્ટરીની વાત કરો છો ?' આશ્ચર્યચકિત થઈ શર્લી બોલી.

એક આછું સ્મિત વસુંધરાના હોઠો પર આવ્યું. 'શાબાશ ! તારી નજર ચપળ છે. બરાબર છે.'

'પણ, પણ તેઓ શા માટે વેચે ?'

'તું જાણે છે મી. શ્રીવાસ્તવને ? હું તેમને બરાબર જાણું છું.'

'મૅડમ ! તમે કેટલાં ચપળ છો ? દરેક કરતાં ચાર ડગલાં તમે આગળ હો છો. કોઈ કહે કે તમે મેટર્નિટી લીવ પર હતાં ?'

લીવમાં પણ હું હોમવર્ક તો કરતી જ હતી, શર્લી ! એટલે જલદીથી સોમવારથી નાણાં ઉઘરાવવાનું શરૂ કરી દે અને જો સોમવાર એટલે સોમવાર !' વસુંધરાના સ્વરમાં તાકીદ ઊભરાણી.

'નચિંત રહો મૅડમ ! થઈ જશે.' શર્લી બોલી અને એકાએક, બેફિકર મૂડમાં વસુંધરા બોલી, 'શર્લી ! કેમ છે ફૅમિલી ! છોકરાવ બરાબર ! ભણે છે ને બરાબર ! કંઈ પણ મદદ જોઈતી હોય તો ખચકાટ નહીં અનુભવતી. ચાલો ત્યારે !'

શર્લી આ અહોભાવથી દબાઈ ગઈ. વસુંધરાની એ ખાસિયત હતી. સ્ટાફના કુટુંબની પણ એટલો જ ખ્યાલ રાખતી. શર્લી પિસ્તાલીસ વરસની અંગ્રેજ હતી, પણ વસુંધરાને આટલા માટે છોડી ક્યાંય જતી નહીં.

શર્લીના જતાં જ નંદાએ બારણાં પર દસ્તક કર્યા. 'કમ ઇન !'

'મૅડમ ! મી. હેન્રી આવ્યા છે.'

'મોકલો.'

વસુંધરા ઊભી થઈ ડ્રેસ પર આછો હાથ ફેરવી, કરચલીઓ દૂર કરી, અરીસામાં જોઈ વાળ પર હાથ ફેરવી લીધો ને પોતાના સૉલિસિટરને આવકારવા ઊભી થઈ.

'કમ ઇન, કમ ઇન, હેન્રી ! શું થયું વુલન મિલનું ?' વસુંધરાના સ્વરમાં ઉત્તેજના જોઈ હેન્રીને થોડી નવાઈ લાગી. એને મન તો વસુંધરાનો આ એકમાંનો બિઝનેસ હતો. તેને શું ખબર હોય કે શ્રીવાસ્તવ વુલન મિલ એ વસુંધરાની શતરંજની ચાલનું એક મહોરું જ હતું ! હેન્રી સાથે ઘણો સંબંધ હતો. વ્યાપારિક ને કૌટુંબિક પણ. તેથી હેન્રી વસુંધરાને વસુ જ કહેતો.

'વસુ ! તપાસ પરથી ખબર મળ્યા છે કે તેઓની માલની ક્ષમતા-ક્વૉલિટી બહુ સારી ન રાખી હોવાથી ઉત્પાદન ઘટી ગયું, ગ્રાહકો ઓછા થઈ ગયા ને હવે દેવાળિયું બનવાની અણી પર છે. તેઓએ પચાસ હજારની ઑફર કરી છે. મારે હિસાબે વાજબી ગણાય.'

'મી. હેન્રી ! બિલ્ડિંગ ને મશીનરી ?'

'મિલ નાની છે, પણ મશીનરી બધી અદ્યતન છે. ઑસ્ટ્રેલિયાથી આવી છે.' વસુંધરા બોબ સ્કૉટને નજરે જોઈ રહી. આફ્રિકામાં જ્યારે તેની ને અમરનાથ વચ્ચે જે વાતો થયેલી ને તેણે સાંભળી હતી તે તેને યાદ આવ્યું.

'વળી, માલ પણ ઘણો છે. તેઓ વેચવા તૈયાર છે. પંદર હજાર સાઇનિંગ તરીકે આપવાના, ત્રણ મહિના પછી બીજા દસ ને બાકીના પચ્ચીસ છ મહિના પછી. એ દરમિયાન મિલને ચાલુ કરવાના પ્રયત્નો થઈ શકે, પણ એકાએક ખબર મળ્યા છે કે તે વેચવા નથી માંગતા.'

'તમે તપાસ કરી કે કેમ ?'

'પિતા-પુત્ર વચ્ચે કંઈ વાંધો પડ્યો છે.'

વસુંધરાના મોં પર ન સમજાય તેવું સ્મિત આવ્યું. 'હું ધારતી જ હતી કે રણજિત ના પાડશે જ.'

હવે હેન્રીના ચમકવાનો વારો આવ્યો, 'એટલે ? મૅડમ ? તમે તેઓને જાણો છો ?'

'હા, મી. હેન્રી ! મી. શ્રીવાસ્તવને લકવો છે. વ્હીલચૅર બાઉન્ડ છે, પણ તેમનો પુત્ર રણજિત લાલચી છે. તેને લીધે જ મિલ ફડચામાં જઈ રહી છે. મને મી. શ્રીવાસ્તવની દયા આવે છે.' વસુંધરાના સ્વરમાં થોડી ઉદાસી આવી. 'પણ તેઓ વેચશે જ. તમે આમ ટુકડે ટુકડે પૈસા આપવાના બદલે એકીસાથે પચાસ હજાર આપવાની ઑફર કરો.'

હેન્રી તો આભો બની વસુંધરાની સામે જોઈ રહ્યો.

'વસુ ! નાની સૂની રકમ નથી આ.'

'મારા વેરહાઉસ ને સ્ટોરમાંથી સારું કમાઈ લઉં છું, મી. હેન્રી !'

'પણ લક્ષ્મીકાન્તને પૂછ્યું છે ?' હેન્રી લક્ષ્મીકાન્તનો પણ સૉલિસિટર હતો. ઘડીભર વસુંધરાના ચહેરા પર સખ્તાઈ આવી, પણ તે ચતુર હતી. પોતે જે બોલશે તે શ્વસુર સુધી વાત પહોંચવાની જ છે તેની ખાતરી હતી ને પોતે લક્ષ્ય ને શ્વસુરને કહી સંમતિ માંગી જ લીધી હતી કે તે આપબળે આગળ આવવા માંગતી હતી. મીઠું હસી તે બોલી, 'મી. હેન્રી, તેમની આમાં – હું જે કરું તેમાં હા જ હોય.'

હેન્રી આભો બની આ ચતુર સ્ત્રીને જોઈ રહ્યો. વ્યાપાર જાણે તેના લોહીમાં ભળ્યો હતો. 'તમને પૂરી ખાતરી છે આમાં ફાયદો છે ?'

'જુઓ તમે અમારા સૉલિસિટર છો. જોઈ વિચારીને જ પગલું આમાં ભરાય એ હું સમજું છું. તમે નચિંત રહો ને ઑફર કરો. જુઓ, સોમવારે પહેલું કામ એ કરો ને બપોરની મુલાકાતનો સમય ગોઠવો. આપણે બંને જઈ જરૂરિયાતવાળા કાગળો પર સહી સિક્કા કરી લઈએ અને જો જો, તેમનો સૉલિસિટર ત્યાં હાજર રહે. ખાતરી કરી લેજો. આપણે જશું ત્યારે ફુલ પેમૅન્ટનો ચેક હું સાથે લઈ લઈશ, ઓકે ?' જાણે જવાનું કહેવાયું ન હોય !

મી. હેન્રી વસુંધરાની બુદ્ધિની તીક્ષ્ણતા અનુભવી રહ્યા. વસુંધરા મનોમન હસી રહી. હવે જાણે રણજિતે કરેલા અપમાનનો બદલો તે વાળી રહી હોય તેમ લાગ્યું. અપંગ અમરનાથનું શું કરવું એ પણ તે વિચારી રહી. તેમના ઉપકાર નીચે તો એ દબાયેલી હતી. તેમણે જો તેનો હાથ પકડ્યો નહો'તો તો તે આજે અહીં સુધી પહોંચી હોત !

ત્યાં જ તેની લાક્ષણિક અદાથી, એક હાથમાં કારની ચાવી ઘુમાવતો, લક્ષ્ય આવ્યો. જાણે વસુંધરાના આનંદની અવધિ આવી !

'વસુ ! મી. હેન્રીને જતા જોયા ? શું વાત છે ? નવો બિઝનેસ ?' તેની આંખો હસી રહી હતી. વસુંધરાના વ્યાપારની ભૂખ તે બરાબર જાણતો હતો.

'હા, લક્ષ્ય ! બેસ ! યૉર્કશાયર લીડ્ઝમાં એક વુલન મિલ વેચાવા નીકળી છે. લેવી છે.'

'આહા ! તો તો હવે 'મેન્સના ડ્રેસીઝ'ના વ્યાપારમાં પડવા માંગે છે કેમ ?'

'હા, લક્ષ્ય ! જો આજકાલ તમારા લોકોમાં પણ કેવી જાતજાતની ફૅશન નીકળી છે. બાય ધ વે, આ જૅકેટનો સ્કેચ જો તો, ડિઝાઇન ગમે છે ?'

લક્ષ્ય તો આ બહુ પ્રતિભામુખી સ્ત્રીને જોઈ રહ્યો. 'અફલાતૂન વસુ ! કદરૂપો માણસ-પુરુષ પણ આ પહેરી દેખાવડો લાગે.'

વસુંધરાએ બૅલ માર્યો. સ્ટોરનો એક સ્ટાફ હેન્ગરમાં જૅકેટ લઈ આવ્યો. 'તમે રહો, જશો નહીં.' તેણે સ્ટાફને કહ્યું.

'લક્ષ્ય ! જરા આ પહેરી જો તો.'

'પણ વસુ, હું...'

'અરે પહેરી તો જો.' ને સ્ટાફ તરફ ફરી બોલી, 'જુઓ, ફિટિંગ બરાબર ન થાય તો મેઝરમેન્ટસ બરાબર લઈ લ્યો.'

અને જેકેટ લક્ષ્યને બરાબર ફિટ થયું. લક્ષ્યની સુંદરતામાં અનેકગણો વધારો થઈ ગયો. વસુંધરાએ હાથથી સ્ટાફને જવાની સંજ્ઞા કરી.

અરીસામાં જોઈ લક્ષ્ય ખુદ ખુશ થઈ ઊઠ્યો, 'ઓહ, વસુ ! યુ આર માર્વેલસ !' કહી વસુંધરાને ભેટી પડ્યો.

'તેં ક્યારે માપ લઈ લીધું ?'

'કેમ ઘરે તારા ઘણાં જેકેટ્સ નથી ?'

'પણ પણ આ કઈ ખુશીમાં ?'

'શું કહેવું મારે તને ?' કહી તેણે બેલ માર્યો. નંદા હાથમાં ગુલાબોનો બુકે લઈ આવી. 'લક્ષ્ય ! હેપી બર્થ ડે !' વસુંધરા ગાલમાં સ્મિત ભરી જોઈ રહી. 'ઓહ, માય ગૉડ ! વસુ હું તો ભૂલી જ ગયો હતો. બાપરે ! કેટલા વાગ્યા ? બપોરના બે. બાનો ફોન હતો. લંચ સાથે લેવાનું હતું. હવે તો ખેર નહીં રહે.'

'ન જ રહેવી જોઈએ. પણ તને મારા જેવી સારી વહુ મળી છે ને તેથી બાને મેં ફોન કરી દીધો જ હતો કે અમે બંને બે અઢી વાગ્યે આવી જશું.'

'હાઉ થૉટફુલ ઑફ યુ.' કહી તેણે વસુંધરાને ચુંબન દીધું ને બારણામાં રોહિત અટકી ગયો. બંનેના પ્રેમને જોઈ થોડી ઈર્ષા આવી. પછી બોલ્યો, 'વસુ ! તેં પેલા સ્કેચીઝ જોવા બોલાવેલો.' ને શબ્દો મોંમાં જ રહી ગયા. લક્ષ્યે પહેરેલા જેકેટને તે દંગ થઈ જોઈ રહ્યો.

'રોહિત ! કેવું લાગે છે આ જેકેટ ?'

'અતિ ! ક્લાસી !'

'જો આ રહ્યા તેના સ્કેચીઝ ને ઑર્ડર કરી દે. બાય ધી વે, આજે લક્ષ્યનો બર્થ-ડે છે. આજ બપોરથી મેં છુટ્ટી લીધી છે.'

કારમાં જતાં લક્ષ્ય બોલી ઊઠ્યો, 'અરે વસુ ! તું પેલી વુલન મિલની વાત કરતી હતી ને ! તો ત્યાં માટે મૅનેજર જોઈશે તેનું શું ?'

'લક્ષ્ય ! મેં તને વિશ્વાસ વિષે વાતો નો'તી કરી ! તે ત્યાં છે જ. તે ચાલુ રહેશે.'

'કહેવું પડે ! બધું વિચારી જ રાખ્યું છે ને શું ?'

'તારું શીખવેલું તો અમલમાં મૂકી રહી છું.'

'વસુ ! આ બધું બાપુજી પાસેથી શીખ્યો છું.'

'ચાલ ! હવે જો બાએ તારા માટે આજે પૂરણપોળી બનાવી છે. પૂરતો ન્યાય આપજે.'

'હા વસુ ! અને રવિના કેટલા વરસની થઈ હવે ? કેમ બે તો થઈ ગયાં. કેમ ઓચિંતાનું ?'

'બસ ત્યારે પૂરણપોળી ખાધી હતી તેથી યાદ આવ્યું ?'

'તો આજે બર્થ-ડે છે એટલે જ પૂરણપોળી ખાવી છે ?'

લક્ષ્ય તો એકાએક ચમકી ગયો. વસુ સામે જોયું.

'સામે જોઈ કાર ચલાવ નહીં તો ઍક્સિડન્ટ થશે. તેં તો કહ્યું હતું કે તને ચાર બાળકો જોઈએ છે ?'

'એટલે એટલે તું ફરી વાર...'

'હા, લક્ષ્ય.' લજ્જાની સુરખી વસુંધરાના ચહેરા પર ફરી વળી.

'હા આ વખતે તારું જ બાળક !' તે મનોમન બોલી.

બંને ઘરે આવ્યાં. વિજ્યાબા ગરમગરમ પૂરણપોળી પીરસી રહ્યાં. તેમના મોં પર દીકરાને જમાડવાનો આનંદ હતો.

લક્ષ્ય આસ્તેથી બોલ્યો, 'બા ! છેલ્લે પૂરણપોળી ક્યારે ખાધેલી ?'

'બેટા ! રવિનાના જન્મદિને !'

'આજે શું છે ?'

'આજે તારો જન્મદિન છે.'

'એથી વધુ કંઈ જોઈએ છે ?'

વિજ્યાબાએ તેની સામે ન સમજ્યાં હોય તેમ જોયું ને પછી વસુંધરા તરફ જોયું. તેના મોં પર લજ્જા ફરી વળતાં તેની નજરો ઝૂકી ગઈ. વિજ્યાબા સ્ત્રી હતાં. તરત સમજી ગયાં.

'ઓહ એમ વાત છે ! લે દીકરી ! તો તો આજે એક વધુ પૂરણપોળી ખાઈ લે. સુખી રહો દીકરા ! અરે, જુલી, જુલી ક્યાં ગઈ ? જો હવે તારે એકને બદલે બે સંભાળવાનાં છે, ફાવશે ને ?'

જુલી રસોડામાંથી આવી ને શુદ્ધ ગુજરાતીમાં બોલી, 'અરે બા ! ફાવશે શું ? દોડશે ?'

લક્ષ્ય ને વસુંધરા આશ્ચર્યથી જુલીને ગુજરાતી બોલતાં જોઈ નવાઈ પામી ગયા. જુલીએ વિજ્યાબા સામે આંગળી ચીંધી. નવરાશના સમયનો ઉપયોગ બંને સ્ત્રીઓએ ખૂબીથી કરી લીધો હતો.

: ૨૨ :

અને વ્હીલચેરમાં અવાક બેઠેલા અમરનાથ ચોંકી ઊઠ્યા. રણજિતે તેને કોન્ટ્રેક્ટના કાગળિયા વાંચવા આપ્યા તે વાંચી તેમની આંખોમાં અસહ્ય વેદના તરવરી ઊઠી. અરેરે ! કેટલી મહેનતે આફ્રિકામાં પૈસા રળ્યા. અહીં વુલન મિલ

ખોલી ને તેને લકવાનો હુમલો આવ્યો. ભારતથી સ્વરૂપને બોલાવી તેની સાથે લગ્ન કર્યાં, પણ બે વરસમાં તો તેને લ્યુકિમિયાનું નિદાન થતા જોતજોતામાં તે પણ જતી રહી. એ ભૂલ માટે રવિ ને રણજિતે તેને માફ નો'તા કર્યા. રવિ તો લંડનમાં જ વકીલાત કરવા પગભર થવા પ્રયત્ન કરતો હતો. રણજિત તો બધી દોલત પિતા અપંગ થવાથી હાથમાં આવતાં બેફામ થઈ ગયો હતો. દારૂની લતે ચડી ગયો હતો. વિશ્વાસ ન હોત તો શું થાત ? તે વુલન મિલ ને મૅગેઝિન-ન્યૂઝપેપર પબ્લિશિંગ કંપની માંડ માંડ ચલાવી રહ્યો હતો.

કશી આવક વગર તો કુબેરના ભંડાર પણ ખલાસ થઈ જાય. રણજિતના એ જ હાલ થયા. હવે વ્યાપાર વેચી દેવા સિવાય બીજો કોઈ ઉપાય નો'તો. વળી ઑફર-પ્રસ્તાવ પણ સારો આવ્યો હતો તે આ તક જવા દેવા નો'તો માંગતો. અમરનાથે હાથથી ન વેચવાનો ઇશારો કર્યો, પણ રણજિત તો હવે લાજશરમ પણ નેવે મૂકી બેઠો હતો. અમરનાથે રવિને બોલાવવા લખીને બતાવ્યું. રણજિત ખડખડાટ હસી પડ્યો. 'પપ્પા ! રવિનું શું કામ છે ? તેણે વ્યાપારમાં શું પ્રદાન કર્યું છે ? અહીં તો બધી મહેનત મેં કરી છે. તેને મિલકતમાંથી શું ભાગ આપવાનો હોય ? અને પપ્પા તમને ખબર નથી. મિલકતના પૈસા બધા ક્યાં જશે તે ખબર છે ? બધું પેલી વસુંધરાને આપી દેશે ?'

અમરનાથ ચમકી ગયા. 'આમાં વસુંધરા ક્યાંથી આવી. તેને ને રવિને શું લાગેવળગે ?' તેમની આંખોમાં પ્રશ્ન વાંચી રણજિત બોલ્યો, 'પપ્પા ! આફ્રિકામાં વ્યાપાર પાછળ તમે એટલા મશગૂલ હતા કે તમારી પીઠ પાછળ શું ચાલી રહ્યું છે તેનું પણ તમને ભાન નો'તું. અરે રવિ નેં વસુંધરા તો જલસા કરતાં હતાં. માઉન્ટ કિલિમાન્જારો ફરવા ગયાં ત્યારે ત્યાં શું થયું હતું તેની કલ્પના છે ? પેલી વસુંધરા તમારા રવિની મા બનવાની છે.'

સાંભળવું અસહ્ય થઈ પડતાં બંને હાથે અમરનાથે કાન દબાવી દીધા. આંખમાંથી અશ્રુઓનો રેલો થયો. તેઓ વિચારી રહ્યા, રવિ ક્યારે પરણશે ? ક્યારે વારસ મળશે ? આ રણજિતનો તો કોઈ ભરોસો નથી. વસુંધરા જો રવિના બાળકની માતા બનવાની હતી તો એ ક્યાં હશે ?' રવિ આવે ત્યારે તેને પૂછવાનું રહ્યું હવે તો ! તેઓ લાચાર નજરે રણજિતને જોઈ રહ્યા.

* * *

રવિ શ્રીવાસ્તવના મિત્તલ સ્ટોર પાસે આવી પગલાં અટક્યાં. કેટલી વાર તે અહીં આવી ગયો હતો ? પણ અંદર જવાની હિંમત જ નો'તી થાતી. શોરૂમની બારીમાંથી કોઈ ડ્રેસ જોઈ રહ્યો તેમ તે જોઈ રહ્યો. છ મહિના પહેલાં અહીંના કાફેના વખાણ સાંભળી કૉફી પીવા આવેલો ત્યારે બહાર નામ વાંચતાં ચમકેલો. 'મિત્તલ સ્ટોર – પ્રોપાઇટર : વસુંધરા મિત્તલ.' આ એ વસુંધરા હશે ? હજી વસુંધરાને તે

ભૂલ્યો નો'તો. બહાર ડૉરમૅનને પાસે માહિતી માંગતાં જેવી રીતે તેણે વસુંધરાનું વર્ણન કરેલું તેને જરા પણ શંકા ન રહી કે પોતાની જ વસુંધરા છે. 'પોતાની' શબ્દ પર તે ફિક્કું હસ્યો. રણજિતને એ બાબત પૂછ્યું ત્યારે બીભત્સ ઇશારો કરી તેણે રવિને ત્યાંથી દૂર રહેવાનું કહેલું પણ ખાતરી આપી કે એ જ વસુંધરા છે.

આજે તો હિંમત કરી સ્ટોરમાં પ્રવેશ્યો ને અંદરની ચકાચૌંધ ને સજાવટ જોઈ તે દંગ રહી ગયો અને વસુંધરાએ આ એકલે હાથે બધું સ્થાપ્યું હોય તો એક ન સમજાય તેવો ગર્વ તેનામાં ઊભરાવા માંડ્યો. મનમાં થવા લાગ્યું વસુંધરાનો ભેટો થઈ જાય તો ? અંતરમાં તો એ ઇચ્છા હતી જ.

ઑગસ્ટ મહિનાની સાંજ હતી. હવામાં થોડો ચમકારો હતો, પણ અંદર તો સરસ હૂંફ લાગી. તેને ખ્યાલ પણ નો'તો કે ઘણી સ્ત્રી ગ્રાહકો તેની સુંદરતાને પી રહી હતી. હતો પણ ઊંચો, ગોરો, એ જ મસ્ત કાળાં ઝુલ્ફા. વકીલ હોવાથી ડ્રેસ સેન્સ સારી હોવાથી કાળો સૂટ શોભી રહ્યો હતો. તેના લસલસતા હોઠો ને કાળી આંખો ખૂબ ધ્યાન ખેંચતા. એક ઇટાલિયન પુરુષ જેવો તે લાગતો.

એક સ્ટોલ પાસે આવી તે ઊભો ને સ્ત્રીઓ માટેના સ્કાર્ફ જોવા લાગ્યો. ઊભા ઊભા આમતેમ નજર ફેરવી લેતો હતો કે ક્યાંય વસુંધરા દેખાઈ જાય ! છેવટે એક સ્કાર્ફ લીધો ને સુંદર પેકેટમાં પેક કરી, સેલ્સગર્લે તેને પેકેટ આપ્યું. હવે તેનો ક્ષોભ ઓછો થઈ ગયો હતો. બીજા ડિપાર્ટમેન્ટ્સમાં તે ફરવા લાગ્યો. પર્ફ્યુમના સેક્શન પાસે આવી તે ઊભો રહી ગયો. ફ્રેન્ચ પર્ફ્યુમ તેને ખૂબ પસંદ હતાં. ઊંચી ક્વૉલિટીની બે પર્ફ્યુમની બૉટલ તેણે ખરીદી. સેલ્સગર્લ બંને બૉટલ જુદી જુદી પેક કરવા લાગી. રવિ કાઉન્ટરને અઢેલી આરામથી ઊભો. સામે જ ઉપરના ફ્લોર પર જવા ઍસ્કેલેટર હતું. ત્યાં રવિની નજર જઈને અટકી ને અટકીને જ રહી ગઈ.

ઍસ્કેલેટરમાં વસુંધરા નીચે ઊતરી રહી હતી. તેનું હૈયું હોઠો પર આવી ગયું. હજીય તે કેટલી સુંદર લાગતી હતી ! તેને ક્યાં ખબર હતી કે હવે વસુંધરા બે બાળકોની માતા બની ગઈ હતી ને ત્રીજું આવવાનું હતું. આછા આસમાની રંગના ડ્રેસમાં તેનું શરીરસૌષ્ઠવ ઊભરાઈ રહ્યું હતું. કેટલી ગરિમા હતી તેની ડ્રેસસેન્સમાં ! ગળામાં ટંઝાનાઇટ જેમ્સસ્ટોનનો નેકલેસ, ઉપરથી પડતી લાઇટને પરાવર્તિત કરતો હતો. કાનમાં સુંદર ટઝાનાઇટના લટકણિયા ને એક હાથમાં તેનું જ બ્રેસલેટ. ડ્રેસના કલર સાથે મેચ થતું હતું. બોલી જ પડાય કે 'ક્લાસ' છે. તેના હલનચલનમાં પણ એક સ્વસ્થતા હતી. છેલ્લે પગથિયે આવી તે ઊભી. બાજુમાંથી પસાર થતા ગ્રાહક સાથે વાત કરવા તે ફરી. તેનો સુંદર લંબગોળ ચહેરો, લાઇટમાં ચમકી ઊઠ્યો. આવા સુંદર ચહેરા પરથી નજર હટે જ કેવી રીતે !

નવ વરસ થઈ ગયાં વસુંધરાને છેલ્લે જોયેલી ! સમય ક્યાં સરી જાય છે તેનો ખ્યાલ પણ નથી રહેતો. તેને ક્યાં ખબર હતી કે વસુંધરા ત્રણ બાળકોની માતા

બની ગઈ છે, છતાં તે ચિરયુવા હોય તેવી જ દેખાતી હતી. હજી જાણે કાલે જ જોઈ ન હોય, એ જ મુગ્ધા, માઉન્ટ કિલિમાન્જારોની ગુફામાં જોયેલી ! તેને દોડીને તેની પાસે પહોંચી જવાનું મન થયું. જઈને માફી માંગી લે ! પણ તરત જ ખ્યાલ આવ્યો કે બહુ મોડું થઈ ગયું હતું. પેલો 'કાયર' શબ્દ હજીય તેના હૈયાને વીંધી રહ્યો હતો. એવું જ બધા વચ્ચે કહી બેસે આજે તો ?

વસુંધરા ઍસ્કેલેટરના છેક નીચે પગથિયે આવી ને જમીન પર તેના પગ પડ્યા. કેટલી આકર્ષક લાવણ્યમયતા ને સ્વસ્થતાથી તે આગળ વધી. આ અદ્યતન સ્ટોરની તે માલિક હતી તેવો આત્મવિશ્વાસ તેના ચહેરા પર જગી રહ્યો હતો અને રવિ જોઈ શક્યો કે તે સીધી પોતે ઊભો હતો તે તરફ જ આવી રહી હતી. હવે ? હૃદય ધકધક ધડકી ઊઠ્યું. ત્યાં તો તે ઊભો હતો તે પહેલાના કાઉન્ટર પાસે ઊભી ને એક ગ્રાહક સાથે મીઠાશથી સ્મિત કરી કંઈ કહી રહી.

રવિને લાગ્યું તેણે જાણે મોં ફેરવી અછડતી નજર તેના પર નાંખી જાણે. તે અક્કડ થઈ ગયો. ત્યાં તો તે પાછી વાતો કરવામાં પડી ગઈ. જોયો હશે પોતાને ? ઓળખી શકી હશે ? 'સર !' સેલ્સગર્લે તેને બોલાવ્યો. તે વિચારોમાંથી ચોંક્યો, 'હં !'

'સર ! તમારું પેકેટ !'

મનમાં હજીય દૂરથી વસુંધરાનો અવાજ તેના મનને ખળભળાવી રહ્યો હતો. ખિસ્સામાંથી વૉલેટ કાઢી પૈસા આપતા પણ તેના હાથ જાણે કંપી રહ્યા. ત્યાં તો આંખના ખૂણામાંથી તેણે જોયું કે વસુંધરા હવે સીધી તેના જ કાઉન્ટર તરફ આવી રહી હતી. એટલી બાજુમાંથી તે પસાર થઈ તેનું મોં બીજી તરફ હતું જાણે હમણાં જ તેના હાથને અડકી જશે એટલી બાજુમાંથી પસાર થઈ. પોતાને પસંદ એ જ ફ્રેન્ચ પર્ફ્યુમની સુગંધ હવામાંથી આવી ને તેને તરબતર કરતી ગઈ. હાથ લંબાવી તેનું બાવડું પકડી લેવાની તીવ્ર ઇચ્છાને તેણે માંડમાંડ રોકી.

અને તે કાફે તરફ વળી ગઈ. આજુબાજુ બધા ગ્રાહકોને અભિવાદન કરતી તે અદૃશ્ય થઈ ગઈ.

હવે શું થયું ! પોતાની નિષ્ફળતા ઉપર તે પસ્તાઈ રહ્યો. ધીમે ધીમે તે સ્ટોરની બહાર આવ્યો. આછી ઠંડીને લીધે શરીરમાં ધ્રુજારી આવી જાણે બધું લુંટાઈ ગયું ન હોય ! આ નવ વરસમાં તો તે ઘણો પરિપક્વ થઈ ગયો હતો. પહેલા જેવો અબૂધ યુવાન તો નો'તો જ. તેનું હૃદય જાણે ખાલી ખાલી લાગ્યું. દિલની હતાશાની ધ્રુજારીએ જાણે શરીરને આવરી લીધું.

પોતાની કાર પાર્ક કરી હતી ત્યાં સુધી ખાલી નજરોએ તે ચાલી રહ્યો. નજર સામે ફક્ત એ ચારુ સ્મિતમઢ્યો વસુંધરાનો ચહેરો જ ચમકી રહ્યો. કાર પાસે પહોંચતા બારણાને ખોલતાં તેણે જાણે એક નિશ્ચય કરી લીધો. આજે જ આવેલી

પોસ્ટ તેણે વાંચી હતી. તેણે ત્વરાથી એક નિર્ણય લઈ લીધો. અહીં રહીને હવે વસુંધરાને જોયા પછી એ પરણી ગઈ છે એ જાણી હવે અહીં રહી દિલ જલાવવાનો કોઈ અર્થ નથી એ સમજી તેણે જવાનો નિર્ણય કરી લીધો.

કારમાં બેસી ડ્રાઇવરને કાર લીડ્ઝ શ્રીવાસ્તવ વિલા તરફ લેવા કહ્યું. આજે શુક્રવાર હતો. શનિ-રવિ કામ કરવાનું નો'તું. અસહાય પિતાને મળવાનું મન થયું ને પોતાનો નિર્ણય પણ તે તેમને જણાવવા માગતો હતો. રસ્તામાં પોતે કરેલા અપરાધ વિષે વિચાર કરી રહ્યો. કેટલી યુવતીઓના પરિચયમાં છેલ્લાં થોડાંક વર્ષોમાં તે આવ્યો ! છતાં કેમ ક્યાંય રાહત ન મળી ? કેમ દિલ ક્યાંય ન ઠર્યું ? બહુ મોડે મોડે ખ્યાલ આવ્યો કે વસુંધરા તેની રોમરોમમાં વસી ગઈ હતી ? તે એને ભૂલી હશે ? તે ફિક્કું હસ્યો. શું થયું હશે પોતાના બાળકનું ? વસુંધરાએ ઍબોર્શન કરાવી નાંખ્યું હશે ? બીજું કરે પણ શું ? શું ઉપાય હતો તેની પાસે ? દીકરો હતો કે દીકરી ? પોતાના જેવી લાગત કે વસુંધરા જેવી ? કેમ દીકરીની એષણા તેણે કરી ? હવે તેનામાં જાણે પિતૃત્વ ઊભરાવા લાગ્યું. મળશે કોઈ સાથી ? બાળક થશે તેને ? વસુંધરા ભૂલાશે કદી ? આંખો ભીની થઈ. હળવેથી ખિસ્સામાંથી રૂમાલ કાઢ્યો ને આંખો લૂછી.

ઘર આવતા તે અંદર ગયો. પિતાના મોં પર તેને જોઈ ખુશી ઉપજેલી દેખાઈ. સાંજે ડિનર લેતી વખતે તે રણજિતના ચહેરાને જોઈ રહ્યો. તેને જોઈ તેને ખુશી નો'તી ઊપજી. તે રણજિતના બેડોળ, ભદ્દા થઈ ગયેલા શરીરને જોઈ રહ્યો. શરાબે કેવી હાલત તેની કરી નાંખી હતી !

જમીને બંને લાઇબ્રેરી-સ્ટડીમાં ગયા. પિતાને જાણે કંઈ કહેવું હતું તેવું રવિને લાગ્યું. ત્યાં તો પિતાએ ખિસ્સામાંથી એક પત્ર કાઢ્યો ને રવિને આપ્યો. વાંચી રવિ સ્તબ્ધ થઈ ગયો. પિતાની લાચાર દશા માટે તેને દયા આવી. રણજિતે બધું જ હાથમાં લઈ લીધું હતું. બધું વેચાઈ જતા પિતા ક્યાં જશે ? તેણે પિતાને પૂછ્યું એ અમરનાથે લખી બતાવ્યું કે પબ્લિશિંગ હાઉસ માટે તેણે ભારતથી તેમના પિત્રાઈને બોલાવેલા. એ પણ મોટો જ બંગલો હતો. જે પાર્ટીએ વુલન ફેક્ટરી લેવા પ્રસ્તાવ મૂક્યો હતો તેમને અત્યારનો આ બંગલો પણ લેવો હતો ? ઘડીભર રવિને થયું કે એ પાર્ટીને આ બંગલામાં શું રસ હશે ? પણ ચાલો તેના કાકા-ચાચા દેવીપ્રકાશ ને તેમનો દીકરો દેબુજીત પિતાનું ધ્યાન તો રાખશે !

તેણે પિતાને કહ્યું, 'પિતાજી ! મારે પણ તમને એક વાત કરવી છે. અહીં પ્રૅક્ટિસ કંઈ જામતી નથી. મેં નૈરોબી જવાનો નિર્ણય કરી લીધો છે.'

'પાછા કેન્યા ! આફ્રિકા ?'

'હા, પપ્પા ! કેન્યા સોશ્યાલિસ્ટ નથી. કેપિટાલિસ્ટ છે. ઇંગ્લૅન્ડ સાથે સારા સંબંધો છે. આપણા ઘણા અંગ્રેજો ત્યાં કૉફી પ્લાન્ટેશન્સમાં સેટલર્સ-વસાહતી તરીકે

રહે છે. નૈરોબીની ખૂબ જાણીતી લૉ ફર્મ પ્રીટ ઍન્ડ પારેખમાં જોઇન થવા એપ્લિકેશનને મંજૂરી મળી ગઈ છે.'

અમરનાથે ઇશારાથી કહ્યું. 'મી. પ્રીટને તે બહુ સારી રીતે જાણે છે.'

'એ તો બહુ સારી વાત થઈ. પપ્પા ! રેફરન્સ માટે કામ લાગશે.'

'રવિ !' એક આશાભરી નજરે અમરનાથ તેને જોઈ રહ્યા.

'મારી એક વાત માનીશ ? તેં ભલે મને ન કહ્યું હોય પણ હું જાણું છું. હવે વસુંધરાને ભૂલી લગ્ન કરી લે.'

'પપ્પા ! એ બાબતે અત્યારે કશું વિચાર્યું નથી, પણ તમે કેવી રીતે જાણ્યું ?'

'રણજિતે બધી વાત કરી.'

'પપ્પા ! તેમાં તથ્ય ઓછું હશે.'

'પણ તું એને ચાહતો હતો તે તો સાચું ને ?'

'પપ્પા ! આટલાં વરસો પછી એ વાતો કરવાનો શું અર્થ ?'

'જો ! મી. પ્રીટ, મી.. પારેખની દીકરીને પરણેલા તેમને જેની નામની દીકરી છે, સુંદર છે. બને તો ઓળખાણ વધારજે. તારે નૈરોબી જ રહેવું હોય તો હવે ઠરીઠામ થા તો સારું.'

'ભલે ! પપ્પા ! ત્યાં ગયા પછી બધું વિચારાશે, પણ તમને અહીં એકલા મૂકી જવાનું મન નથી.'

'મારી ચિંતા ન કર. મને દેવીપ્રકાશ ને તેમનાં પત્ની સંભાળી લેશે.'

'પપ્પા ! વાત નીકળી છે તો કહી લઉં. તમારા ને સ્વરૂપ આન્ટીના સંબંધોની મને ખબર છે.'

અને અમરનાથના હાથમાં પાણીનો ગ્લાસ નીચે પડી ગયો. આને, આને ક્યાંથી ખબર ?

આશ્ચર્યભરી નજરે તે રવિને જોઈ રહ્યા.

'પપ્પા ! મને બધી વાત વસુંધરાએ કરેલી. તે રાત્રે એણે તમને બંનેને સાયુજ્ય જોયાં હતાં.'

અમરનાથની આંખો છલછલી ઊઠી.

'તમે રહી રહીને તેમને પરણ્યા ને તેઓ પણ જતા રહ્યા, પણ વસુંધરાએ કહેલી એ વાત મારા દિલમાં ખૂબ ખટકી હતી. મારી માતા જીવતાં તમે એમ કરેલું એ માટે મેં તમને કદી માફ નો'તા કર્યા, પણ વર્ષોના વહેવા સાથે પુરુષશરીરને પણ તકાજો હોય છે તે મેં પણ અનુભવ્યું છું. ત્યારે મારી હિંમત નો'તી તમને કહેવાની, પણ આજે કહી નાખું. વસુંધરાને હું ચાહતો હતો તેની સાથે માઉન્ટ કિલિમાન્જારો ચડવા ગયો હતો. ત્યાં પેલી ગુફામાં મેં તમે દોરેલું સ્વરૂપ આન્ટીનું પિક્ચર હજી ત્યાંની ભીંત પર છે. અને તમારી યુવાનીની ભૂલોની જેમ મેં પણ ભૂલ કરેલી. એથી

વસુંધરા પ્રેગનન્ટ હતી ને હું કાયર તમારી બીકે કંઈ ન કહી શકતા લંડન ભાગી આવેલો.'

'તો તો ! વસુંધરાનું – તારું બાળક ?'

'મને કંઈ ખબર નથી. આજે આટલાં વર્ષો પછી વસુંધરાને મેં લંડનમાં મિત્તલ સ્ટોરની માલિક તરીકે જોઈ. તે મિત્તલ કુટુંબમાં પરણી છે ને આજે ખૂબ સમૃદ્ધ છે, પણ હું હિંમત ન કરી શક્યો કે તેની સાથે વાતો તો શું, તેની સામે જવાની હિંમત પણ ભેગી ન કરી શક્યો. એટલે બાળકનું શું થયું તેની મને નથી ખબર.'

'અરે દીકરા ! એક વાર, એક વાર મને કહ્યું હોત તો તમને બંનેને પરણાવી ન દેત ?' અમરનાથની આંખોમાંથી આંસુ સરી રહ્યાં. રવિ આભો બની તેમને જોઈ રહ્યો. આ 'તો' એ કેવી બે જિંદગી – ના, ના, વસુંધરા તો પરણીને સમૃદ્ધ થઈ ગઈ છે. પોતાની જિંદગી આ 'તો' એ બરબાદ કરી નાંખી ને !

: ૨૩ :

'એ રવિ જ હતો ? એનો ચહેરો ભુલાય ? એ જ ઊંચાઈ, એ જ ક્લાસ, કપડાં પહેરવાની ઢબછબમાં, એ જ કાળાં ઝુલ્ફાં, પણ આંખો ખૂબ ઉદાસ લાગી. કંઈ લેવા આવ્યો હશે ? કેટલી આરઝુથી જોઈ રહ્યો હતો ! હજીય તેને ચાહતો હશે ? એ વખતે 'કાયર' નીકળ્યો પણ આટલાં વરસો પછી હવે પરિપક્વ નહીં થયો હોય ? પરણ્યો હશે ? જુલીએ અમરનાથની બેહાલીના સમાચાર તો આપેલા તો રવિ પિતા સાથે નહીં રહેતો હોય ? અહીં લંડનમાં જ પ્રેક્ટિસ કરતો હશે ? તેને ખબર હશે કે તેને હવે આઠ વરસની દીકરી છે ? જે મિત્તલના નામે ઊછરે છે ?

હવે તો મદન પણ સાતનો ને મુંજાલ ચારનો થઈ ગયો અને લક્ષ્યને હજી દીકરી જોઈએ છે. સ્ટોરમાંથી નીકળી રવિના વિચારોને ધકેલી તે પાછળ બેઠી. શોફર ગાડી ચલાવી રહ્યો. અત્યારે પોતે બધી રીતે સુખી છે. આટલા સંઘર્ષ પછી હવે તેનો ને તેના વ્યાપારનો ઉત્કર્ષ થઈ રહ્યો છે, ત્યાં હવે રવિનો વિચાર કરવાનો ? ફિઝુલ સમય નથી બગાડવો. અત્યારે તો લીડ્ઝમાંની વુલન ફેક્ટરીને શ્રીવાસ્તવ વિલા કેમ વેચાતા લેવા તેની ભાંજગડમાં હતી.

રણજિતે કરેલા અપમાનથી તે તમતમી જતી. હજીય એ વિચાર કરીને. આ બધામાં બાળકો સાથે સમય પણ નો'તી ગાળી શકતી. કેટલી જળોજથા ઊભી કરી હતી ! ફેશન સ્ટોર, વેરહાઉસ, ક્લોધિંગ ફેક્ટરી, હવે વુલન ફેક્ટરી ને પછી પબ્લિશિંગ હાઉસ ! ક્યાં નજર તેની પહોંચતી હતી ? બધું કેટલી દક્ષતાથી ચલાવતી હતી. એમાંય હમણાં હમણાં લક્ષ્મીકાંત ને વિજયાબા ભારત જવાની વાતો

કરતાં હતાં. કેવી રીતે જવા દેવાય ? જુલી ત્રણ બાળકોને સંભાળી લેતી હતી, પણ બાળકોને સંસ્કાર તો આપવાના ને ?

ત્યાં તો કાર અટકી. તેણે બહાર જોયું. 'ડ્રાઇવર ! અહીં કેમ ઊભી રાખી ?'

'મૅડમ ! તમે સવારે કહેલું કે ક્રિસમસ ટ્રી લેવાનું છે ?'

'અરે હા ! સાવ ભૂલી ગઈ ! ક્રિસમસ આવી રહી હતી. રવિનાએ બધું ડેકોરેશન્સ પણ ખરીદવાનું કહ્યું હતું. રવિના ને મદનને ટ્રી શણગારવું ખૂબ ગમતું. સ્ટોરમાં જઈ બધું ખરીદ્યું. કારમાં બેઠી ને રોહિતનો ફોન આવ્યો, 'અરે વસુ ! હજી તું પહોંચી નથી મારી ઑફિસે ? આપણી મિટિંગ છે એ ભૂલી ગઈ ?'

'ઓહ માય ગૉડ ! આજે તો ઘરે પહોંચતાં મોડું થશે. છોકરાંવ રિસાવાનાં આજે, પણ મિટિંગમાં તો જવું જ પડે.' તેણે વિજયાબાને ફોન કર્યો.

'બા ! કેમ છે બધું ? છોકરાવ મજામાં ને ? મને આવતાં થોડું મોડું થશે.'

'વસુ ! બેટા ! બિઝનેસ પાછળ હમણાં છોકરાવને તું જરા પણ સમય નથી આપતી તે બરાબર ન કહેવાય. અત્યારે જ છોકરાવને માની જરૂર હોય. મોટા થઈ જશે પછી તેઓ તેમની દુનિયામાં સ્થિર થવા લાગશે ત્યારે તને તેઓની જુદાઈ ખૂબ લાગશે.'

'બા ! તેઓને કહો હું રોહિત સાથે મિટિંગ પતાવી આવું છું. રવિના ને મદદને કહો ક્રિસમસ ટ્રી ને ડેકોરેશન્સ લઈ લીધાં છે. સાથે મળી શણગારશું.'

'જલદી આવજે. લક્ષ્ય પણ હજી નથી આવ્યો. છોકરાવને માબાપની કમી કેટલી લાગે ?'

'બા ! પ્લીઝ, મનાવી લો તેમને. જેમ બને તેમ જલદી આવું છું.' કહી તેણે લક્ષ્યને ફોન કર્યો કે તે જલદી ઘરે પહોંચે.

તેની કાર ક્લોધિંગ ફેક્ટરી પાસે ઊભી રહી. ઝડપથી ઊતરી તે અંદર ગઈ. રોહિતને કહેવા ગઈ કે જલદી જે કહેવું હોય તે કહી દે પણ તેના પિતા મોહિન્દરનાથને જોઈ તે નવાઈ પામી. કેટલા વખતે જોયા ? બિઝનેસમાં કેવી ખૂંપી ગઈ છે કે તેઓની ખબર પણ નથી લેવાઈ. વસુંધરાને આવેલી જોઈ તેઓ તરત ઊભા થઈ ગયા. ચશ્માંમાંથી તેમની આંખો એવી જ ચમકતી હતી હજી. વસુંધરાને પગથી માથા સુધી જોઈ બોલ્યા, 'દીકરી ! ત્રણ બાળકોની માતા થઈ, પણ હજી એવી ને એવી જ લાગે છે. કેટલા વખતે મળ્યા ?'

'ઓહ ! અંકલ ! તમે કેમ છો ? આન્ટી કેમ છે ?'

'આન્ટી તારી તો તને ભૂલી જ ક્યાં છે ? રોજ યાદ કરે છે.'

'માફ કરી દો અંકલ. મારી જ ભૂલ છે, પણ શું કરું ? આ બિઝનેસમાંથી ફુરસદ ક્યાં મળે છે ?'

'હા, ભઈ, હા ! હવે તો તું 'ટાયકુન' નબી ગઈ છે ને ? પણ મને ગર્વ છે તારા પર.'

'પપ્પા ! મેં તમને કહ્યું હતું ને કે આ છોકરી એક દિવસ પલકમાં આભ ઝુકાવી દેશે !' રોહિત પણ સગર્વ બોલ્યો.

'આવ, આવ વસુ ! મારી બાજુમાં બેસ !' કહી મોહીન્દર સાથે વસુનો હાથ ઝાલી તેની બાજુમાં બેસાડી તેમને ખબર હતી કે રોહિત ને વસુ માટે કેવા ભાવ હતા. વસુંધરા બેઠી ને રોહિત સામે જોઈ પૂછ્યું, 'રોહિત ! શું વાત છે ? કેમ તાકીદે બોલાવી ?'

'ના, ના, આપણા બિઝનેસમાં કોઈ તકલીફ નથી. ઑર્ડર્સ તો સારા આવે જ છે, પણ મારે તારી સામે પ્રસ્તાવ મૂકવો છે. મને આશા છે કે તું ના નહીં જ પાડે.'

'એવું શું છે ? તું મારો બિઝનેસ પાર્ટનર છે. તારે જ નિર્ણય લઈ લેવો જોઈએ ને ?'

'ના, આ નિર્ણય તારે જ કરવાનો છે. સાંભળ ! હવે પપ્પા વૃદ્ધ થતા જાય છે. તેઓ એકલા કામ નથી કરી શકતા. મારું કહેવું છે કે તેમની નાની ફેક્ટરી આપણા બિઝનેસમાં ભેળવી દઈએ. જેથી જવાબદારીમાંથી છુટ્ટા થાય. હમણાં હમણાં તેમનું માથું ખૂબ દુઃખે છે. ક્યાંક હાઇબ્લડપ્રેશરને લીધે સ્ટ્રોક ન આવી જાય. તેઓ સવારથી સાંજ તેમનો સમય પસાર કરવા ત્યાં બેસે, પણ બિઝનેસના નિર્ણયો આપણે લઈએ. તેમના પર એટલો તનાવ ઓછો અને જેટલો કલાક કામ કરવું હોય તેટલા કરે.'

વસુંધરાનું કુનેહબાજ વ્યાપારી ભેજું તરત ગણતરીમાં લાગી ગયું. આ તો સોનામાં સુગંધ ભળી. ઘણું ઉત્પાદન વધારી શકાય. તે અંકલ તરફ ફરી, 'અંકલ ! તમને પસંદ છે આ પ્રસ્તાવ ?'

'મને શું વાંધો હોય ? તારી આન્ટી મારી એટલી ચિંતા કરે છે કે મારે આ નિર્ણય લેવો પડ્યો. તને મંજૂર છે ?'

'અંકલ ! તમારે તો મને ફક્ત હુકમ જ કરવાનો હોય.'

'છતાંય બેટા ! લેવડદેવડની વાત કરી લઈએ.'

'અંકલ ! એ હું રોહિત સાથે સમજી લઈશ. રોહિત ! અંકલે કેટલાં બધાં વર્ષો તેમની ફેક્ટરી ઊભી કરવામાં સંઘર્ષ કર્યો છે. તેમને સારામાં સારું વળતર મળવું જોઈએ ને તેઓ એ કંપનીના ડિરેક્ટર બને. તેમને સારામાં સારો પગાર મળે. નફામાં તેમનો ભાગ હોવો જોઈએ. બોલો કેમ લાગે છે ?'

મોહિન્દરનાથની આંખો છલછલી ઊઠી. 'દીકરી ! તેં દીકરીની ખોટ પૂરી પાડી.' રોહિત તો અહોભાવથી વસુંધરાના ઉપકારને જોઈ રહ્યો.

'રોહિત ! તેં કેમ માન્યું કે હું ના પાડીશ ?'

'વસુ ! આટલા વ્યાપારમાં આગળ વધી ગયા પછી તું...'

'અંકલે આપેલો પ્યાર હું ભૂલી જઈશ એમને ? રોહિત મારા પર કરેલા ઉપકાર – ને જેઓએ ઉપકાર કર્યા છે તેઓને હું કદી ન ભૂલું.' વસુંધરા સામે અમરનાથ ને વિશ્વાસના ચહેરા તરવરી ઊઠ્યા. 'રોહિત ! હેન્રીને કહી હું કૉન્ટ્રેક્ટ તૈયાર કરાવી લઈશ ઓકે.' જેમ બને તેમ જલદી મર્જર કરાવી લે. અંકલને જલદીથી રાહત આપો અને રોહિત, માધવ ક્યાં છે ?'

'માધવ તો બીજે કામ કરે છે ને ?'

'અંકલ ! માધવને તમારી ફેક્ટરીનો મેનેજર બનાવીએ તો ? સારો પગાર આપીને ! તો માધવ પણ પાછો તમારી સાથે રહેવા આવી જાય ને ? રોહિત તને ફાવશે ?'

મોહિન્દરનાથ તો આ દેવી જેવી છોકરીને જોઈ રહ્યા. 'છે જરા પણ દોલતનું અભિમાન ! કેટલો ખ્યાલ રાખે છે ?' તેઓ ગદ્‌ગદ થઈ ઊભા થઈ ગયા ને વસુંધરાને ભેટી પડ્યા. 'દીકરી ! ખૂબ ખૂબ સુખી થજે.'

'તો અંકલ, રોહિત ! હું જાઉં હવે ? છોકરાંવને મેં જલદી ઘરે આવવાનું કહ્યું હતું.' કહી તે ઊભી થઈ.

રોહિત તેને બહાર મૂકવા આવ્યો.

'વસુ ! રવિના કેમ છે ?'

વસુંધરાએ રોહિતની આંખોમાં પ્રશ્ન જોયો. ખૂબ જ મજામાં. રોહિત મારા કરતાંયે તે લક્ષ્યની હેવાઈ બહુ છે. રેબેક્કા ને બાળકો કેમ છે ? રેબેક્કા અંકલ આન્ટીથી ટેવાઈ ગઈ ?

'વસુ ! રેબેક્કાએ આખું ઘર સંભાળી લીધું છે. પપ્પા-મમ્મીનો જે રીતે ખ્યાલ રાખે છે એ જોઈ હું ખરેખર ભાગ્યશાળી છું.'

'ધીરજનાં ફળ હંમેશ સારાં જ હોય છે, રોહિત. બધાને મારી યાદ આપજે. ક્રિસમસ ડિનર – આપણે ફેમિલી ડિનર કરશું, જેથી અંકલ આન્ટી ને મારાં સાસુસસરા સાથે વાતો કરવાની મજા પડશે. ક્યાંય 'કમીટ' ન કરતો ઓકે.'

* * *

વસુંધરા છોકરાંવ ડેકોરેશન કરવા ટ્રીની ટોચે પહોંચી શકે તેવી સાઇઝનું લઈ આવી હતી. રવિના આઠની ને મદન છનો હતો. લઈને તે અંદર આવી ત્યાં લક્ષ્ય આવી પહોંચ્યો.

'ચાલ ! આપણે સાથે જ આવ્યાં.'

'હા ! લક્ષ્ય ! રવિનાને મેં વચન આપ્યું હતું કે આજે તો હું ટ્રી લઈને જ આવીશ.' ને ડેકોરેશન્સ ખોલતાં તેણે લક્ષ્યને મહીન્દ્રનાથની કંપની વિષે વાત કરી.

'વસુ ! તારું તકદીર જોર કરે છે. જોકે તારી મહેનતનું પણ ફળ તો છે જ. હજી કેટલા બિઝનેસ ખરીદવા છે ?'

'લક્ષ્ય ! વુલન ફૅક્ટરી પછી પબ્લિશિંગ બિઝનેસમાં જવું છે.'

'એ ક્યાંથી મળશે ?'

'વુલન ફૅક્ટરીના માલિક પાસેથી જ.'

'લક્ષ્યનો હાથ અટકી ગયો. ટ્રી પર રંગબેરંગી નાના બૉલ્સ મૂકતાં એક બૉલ હાથમાંથી છટક્યો ને નીચે પડી તૂટી ગયો.

'વસુ !' ગંભીર થઈ તે બોલ્યો, 'સાવ બરબાદ કરવા બેઠી છે તું એ લોકોને ?'

વસુંધરા ગમગીન નજરે લક્ષ્યને જોઈ રહી. 'આને ક્યાં ખબર હતી કે એ બંને ભાઈઓ કેવા દગાખોર છે ! અમરનાથ અંકલને તેણે કદી હેરાન ન કર્યા હોત અને જે તે અત્યારે કરી રહી છે તે પણ અંકલના ભલા માટે જ છે ને ! ફક્ત પોતાના પ્લાનની કોઈને ખબર નથી. ત્યાં તો રવિનાને હૉલવેમાં આવતા જોઈ પાછળ મદન આવી રહ્યો હતો ને સૌથી છેલ્લે ત્રણ વરસનો મુંજાલ દડબડ દડબડ ચાલી આવતો હતો.

લક્ષ્યે ત્રણેને જોયા. 'અરે ત્યાં ક્યાં ઊભા છો ? આવી જાઓ, જુઓ મમ્મી તમારા માટે શું લાવી છે ?'

છોકરાંવ દોડતાં રંગબેરંગી બૉલ્સ જોતાં દોડીને આવી ગયાં. રવિના તો 'ડેડી ! ડેડી ! કરતી લક્ષ્યને વળગી પડી. લક્ષ્યે તેને ઉપાડી લઈ હવામાં અધ્ધર ફેરફુદરડી ફેરવી. ખિલખિલાટ તે હસી પડી. વસુંધરા જોઈ રહી. કેવા ઋણાનુબંધ હશે ?

'રવિના ! જો તારા માટે આ ટ્રી લઈ આવી છું.'

રવિનાએ જોયું ન જોયું કરી લક્ષ્યના હાથમાંથી ગોળા લઈ ટ્રીની ડાળીઓમાં પરોવવા લાગી.

વસુંધરાએ એક બૅલ લઈ રવિનાને પૂછ્યું, રવિના ! આને ક્યાં ટિંગાડશું ?'

'ડેડી ! ક્યાં ટિંગાડશું ?'

વસુંધરા સમજી ન શકી કે આઠ વરસની બાળકી જાણી જોઈને આ કરે છે કે સાહજિકતાથી, પણ લક્ષ્યની તેને ઈર્ષા તો આવી જ, પણ તરત તે સજાગ બની ગઈ. 'આ શું કરી રહી છે પોતે ! આવી ઈર્ષા હોય ! રવિના તો હજી નાની છે. તેના નાના મગજમાં આવા વિચારો આવે જ ક્યાંથી ! પોતે જ અપરાધભાવે જીવે છે તેથી ચોરવૃત્તિ તેનામાં આવી ને ! રવિના ને લક્ષ્ય ટ્રી શણગારવામાં પડી ગયાં. છોકરાંવ રમવા લાગ્યાં. તરત પોતે સ્વસ્થ થઈ ગઈ. તેણે નાના મુંજાલને તેડી લીધો ને લિવિંગ રૂમમાં ખૂણામાં નાનો હીંચકો, એક માણસ બેસી શકે તેવો લટકતો હતો

તેમાં બેઠી, મુંજાલને છાતી પર સુવડાવ્યો ને ધીમે ધીમે ગીત ગણગણવા લાગી. તે નાની હતી ત્યારે તેના પિતા પણ તેને એમ જ સુવડાવતા. મુંજાલ સૂઈ ગયો. જુલી આવીને લઈ ગઈ, ' વસુ ! આને કોટમાં સુવડાવી જમવાનું પીરસું છું. તું ને સર આવી જાઓ. બા, બાપુજીને પણ બોલાવી લઉં.'

વસુંધરા વિચારી રહી. ક્રિસમસની પાર્ટી કરવાની છે. વિશ્વાસ ને લલિતાને પણ આમંત્રવા પડશે. કાલે શનિવાર છે, હું લીડ્ઝ આંટો મારતી આવું ને બધા સમાચાર જાણતી આવું, કહી તે ડાઇનિંગ ટેબલ પર જવા હીંચકામાંથી ઊભી થઈ.

જમતાં જમતાં તે બોલી, 'બા, બાપુજી ! લક્ષ્ય ! મારે આજે લીડ્ઝ જવાનું છે. વિશ્વાસ ને લલિતાને ક્રિસમસ પાર્ટી માટે આમંત્રણ આપવું છે.'

'ફોનથી નહીં કહી શકાય ?' લક્ષ્ય બોલ્યો.

'તમને ખબર છે કે વિશ્વાસ તે વુલન ફૅક્ટરી લેવી છે તેનો મૅનેજર છે. તો વધુ તપાસ પણ જાતે જઈ કરી લઉં. ફ્રી હો તો ચાલો સાથે.'

'ના, વસુ ! મારે તો આજે ઑફિસમાં ઘણું પેપરવર્ક પેન્ડિંગ છે.'

'વસુ ! અમે પણ મંદિરે જવાનો પ્રોગ્રામ કર્યો છે. બાળકોને લઈ જવાની છે ?'

'ના ! જુલી તેમને સરકસ જોવા લઈ જવાની છે.'

શનિવારે સવારે તે લીડ્ઝ જવા ઊપડી. ખુશનુમા સવાર હતી. ધુમ્મસ ધીમું ધીમું વિખરાઈ રહ્યું હતું. ખુશીમાં મનનાં જાળાં વિખરાય તેમ ! વિશ્વાસને લલિતા જ આફ્રિકાથી તેના જાણીતા ને ભરોસાપાત્ર માનવીઓ હતા. વસુનું ગોપિત સત્ય તેઓ જ જાણતાં હતાં.

વસુંધરાને કારમાંથી ઊતરતા જોઈ વિશ્વાસ ઘરનાં પગથિયાં ઊતરતો સામો આવ્યો. 'હેય ! કેટલા વખતે જોઈ ! માય ગૉડ ! વસુ ! કોઈ કહે ત્રણ બાળકોની મા છે તું ?'

'બધા પુરુષો સરખા !'

'કેમ ! વખાણ કરીએ એ પણ ન ગમે ?'

'કેમ લલિતા નથી ?'

'વસુ ! લલિતા ન હોય તો આ ઘર ચાલે જ ક્યાંથી ? તેના વગર તો રેતીમાં વહાણ ચલાવવા જેવી વાત થાય !'

'કેમ છે તેની તબિયત ! બહુ કામ નથી કરાવતો ને આ હાલતમાં ?'

'એ ક્યાં કોઈનું માને એમ છે. તું આવી છે તો હવે સમજાવજે.' લલિતા તો વસુંધરાને આવેલી જોઈ ખુશખુશ થઈ ગઈ.

'વસુ ! કેટલા વખતે મળી ?'

'આસ્તે ! આસ્તે ! લલિતા. પૂરા મહિના જાય છે. જરા શાંતિથી.'

જો તને સ્ટોરમાંથી જોઈતી વસ્તુઓ લેતી આવી છું.'

બંને પાર્લરમાં બેઠા. વિશ્વાસ અંદર રસોડામાં ચા બનાવવા ગયો. વસુંધરાએ ખૂણામાં મૂકેલું ક્રિસમસ ટ્રી જોયું ને તેનું મોં સખત થયું. લલિતા ચોંકી. 'વસુ ! શું વાત છે ?'

'શું હોય ?' તેનાથી એક નિશ્વાસ સરી ગયો.

'વસુ ! મારાથી છુપાવીશ ?'

'લલિતા !' ત્યાં વિશ્વાસ ચાના પ્યાલા ટ્રેમાં લઈ આવ્યો.

'વિશ્વાસ ! બેસ . હમણાં હમણાં રવિનાનું વર્તન અજીબ લાગે છે.

પછી મારો ભ્રમ પણ હોય તે હમણાં મારા પ્રત્યે બેદરકારી બહુ બતાવે છે. લક્ષ્ય પર મરી પડે છે.'

'દીકરીને હંમેશ બાપ વધુ વહાલો હોય !' વિશ્વાસ બોલ્યો.

'પણ...'

'જો વસુ ! એ તારો વહેમ છે. આઠ વરસની છોકરીને એવું મનમાં કંઈ ન હોય અને એને ક્યાં કોઈ વાતની ખબર છે ?'

'એ જ ચિંતા થાય છે. મોટી થયે ખબર પડશે ત્યારે ?'

'વસુ ! તે સમજણી થાય ત્યારે કહેવાનું. જો એવી વાત નીકળે તો. નહીં તો ચોળીને ચીકણું નહીં કરવાનું. લક્ષ્યને પણ ખબર પડે તો જિંદગી રોળાઈ જાય.'

પહેલી વાર વસુંધરાને પોતાની જાત અસહાય લાગી. પ્રેમાળ પતિને દગો દઈ રહી છે ને દીકરીથી પિતા વિષે વાત છુપાવવી પડે છે.

'જો વસુ ! ચિંતા ન કર. જીવન એ રીતે ચાલે છે તેમ ચાલવા દે. ઘણા સંજોગો પર માનવીનો કાબૂ નથી હોતો. ભગવાનના હાથમાં સોંપી દેવાનું.'

'ચાલો !' સ્વસ્થ થતાં બોલી, 'ક્રિસમસ પાર્ટીનું આમંત્રણ આપવા આવી છું અને વિશ્વાસ, ફેક્ટરી કેમ ચાલે છે ?'

'કંઈ કહેવા જેવું નથી. રણજિતને ફક્ત પૈસામાં જ રસ છે. વહીવટમાં નહીં. ક્યાંથી ચાલે ?'

'તો, તો મારી ઑફર તે સ્વીકારશે, પણ તારે મારા વિષે કંઈ કહેવાનું નથી. બીજી પાર્ટીએ ઑફર કરી છે એવું જ તેને જણાવવામાં આવ્યું છે. બાય ધ વે ! અમરનાથ અંકલ કેમ છે ?'

'લાચાર માનવી કેમ હોય ? વસુ ! સમયની પણ કેવી બલિહારી હોય છે. એક વખતનો સિંહ જેવો આદમી અત્યારે શિયાળ બની ગયો છે ને એમાંય રણજિતનું વર્તન ! જુલી જતાં તો તેઓ ખરેખર અપંગ થઈ ગયા છે. ખેર ! બાળકો કેમ છે ? મોટાં થઈ ગયાં હશે.'

'બસ ત્યારે ! તમે બંને તમારું ધ્યાન રાખજો. લલિતા રસોઈ બહુ સરસ બનાવી હતી. આટલું મોટું લંચ લેવાની ટેવ નથી તેથી પાછા જતા કારમાં ઊંઘ જ આવી જશે.'

પાછા ફરતાં તેના મગજ પરથી ઘણો ભાર ઊતરી ગયો હતો. તે વિચારી રહી, 'સ્પ્રીન્ગ બ્રેકમાં લક્ષ્ય સાથે ક્યાંક લંડનની બહાર એક અઠવાડિયું જવું પડશે. બિઝનેસની પળોજણમાં તેને યાદ પણ નો'તું કે તેણે છેલ્લે ક્યારે વૅકેશન લીધું હતું. કેટલાં વર્ષો વીતી ગયાં ? ક્યાં જશું ? અને તેને યાદ આવ્યું. હનીમૂન કરવા સ્વિટ્ઝર્લૅન્ડ ગયા હતા. ખૂબ જ ત્યાંનું સૌંદર્ય તેને ગમી ગયું હતું. પોતે આડત્રીસે પહોંચી ને લક્ષ્ય પિસ્તાલીસે. હજી તેને એક બાળક વધુ જોઈતું હતું ને ? સ્વિટઝર્લૅન્ડથી ઉત્તમ જગ્યા સાયુજ્ય માટે બીજી કઈ ?

મનોમન તે શરમાઈ રહી ને અકથ્ય આનંદનો રોમાંચ અનુભવી રહી.

: ૨૪ :

ક્રિસમસ પાર્ટીનું ડિનર ધામધૂમથી પત્યું. આ વખતે 'વ્હાઇટ ક્રિસમસ, થઈ. ક્રિસમસના દિવસે જ ઝરમર ઝરમર બરફ પડવાની શરૂઆત થઈ ગઈ. હૉલના દ્વારમાં જ કોટ ટિંગાડવાનાં સ્ટેન્ડઝ રાખવાં પડ્યાં જેથી હૉલવે ગંદો ન થાય. બધાને બૂટ બહાર કાઢીને જ લિવિંગરૂમમાં આવવાનું થયું, જેથી કિંમતી ગાલીચા બગડે નહીં. રોહિતનાં માબાપ લક્ષ્યનાં માતાપિતા-સાથે તરત જ ભળી ગયાં. વિશ્વાસ ને લલિતા આવ્યાં. રાત્રે ત્યાં જ રહેવાની સગવડ તેમની આઉટહાઉસમાં કરાઈ હતી. તેઓ પહેલી જ વાર આવતાં હતાં. મિત્તલ કુટુંબની જાહોજલાલી જોઈ લલિતા વિચારી રહી.

'ક્યાં અમરનાથને ત્યાં રસોયણનું કામ કરતી વસુંધરા ને ક્યાં આજની ઉદ્યોગોની સમ્રાજ્ઞી. તેને વસુંધરા સાથે ખૂબ જ સખીપણા હતા. તેથી તે ખૂબ ખુશ થઈ. જુલીને પણ જાણે પોતાના માણસો મળ્યા હોય તેટલો આનંદ થયો. ત્રણે કેટલાં વખતે સ્વાહીલી ભાષામાં વાતો કરી રહ્યાં. વસુંધરા પણ એ ભાષા જાણતી તેથી વચ્ચે વચ્ચે ટપકાં મૂકતી. બીજા બધાં હિન્દીમાં વાતો કરી રહ્યા. લક્ષ્ય ને રોહિત મહદ્અંશે અંગ્રેજીમાં જ બોલતા.

બધાને આનંદ તો ત્યારે થયો જ્યારે બધાં બાળકો હિન્દીમાં બોલતાં હતાં. લંડનમાં જન્મ્યા છતાં રવિનાની મોં કળા અદ્લોઅદલ રવિ જેવી હતી. વિશ્વાસ ને લલિતાએ એકબીજા સામે, એ જોઈ જોયું.

જુલીએ રસોઈ એટલી સરસ બનાવી હતી કે સૌ કોઈ વખાણ કરી રહ્યા. ડિનર પતતાં મદન ને મુંજાલને સુવડાવવા આજે વસુંધરા ગઈ. જુલી હજી રસોડામાં

જ હતી. જોકે રસોડા ને ઘરના ક્લીનિંગ માટે સર્વિસ બોલાવી હતી તેથી બીજી ત્રણ છોકરીઓ તેની મદદમાં તો હતી જ.

'મમ્મી ! આજે તું અમારી સાથે સૂઈશ ?' નાનો મુંજાલ બોલી ઊઠ્યો. મદન પણ જાણે તરસી આંખે માની હૂંફ મેળવવા તલસી રહ્યો. 'એક કામ કરીએ વિશ્વાસ અંકલ ને લલિતા આંટીને તેમના રૂમ બતાવી થોડી વાર વાત કરી પછી આવું. પ્રોમિસ કે આજે તમને વાર્તા કહીશ ઓકે ?' બંને બાળકો ખુશ થઈ ગયાં. ત્યાંથી નીકળતા વસુંધરા રવિનાના રૂમ પાસે અટકી. તે બારીની બહાર બરફની વર્ષા જોઈ રહી હતી. તેણે 'નોક' કર્યું. 'રવિના ! અંદર આવું ?'

'ઓહ, મમ્મી ! આવો ને !' રવિનાની આંખોમાં ઉદાસી હતી.

'રવિના ! શું વાત છે ? બેટા !'

'કંઈ નહીં મમ્મી ! તમે ને પપ્પા અમને સમય જ ક્યાં આપો છો ?' પહેલી વાર વસુંધરાને અપરાધ જેવું લાગ્યું. દીકરી મોટી થતી જાય છે. હવે જ તેને માની માર્ગદર્શનની જરૂર પડશે.

'દીકરી ! હવે નક્કી કરવું પડશે, નિયમ બનાવવો જ પડશે કે શનિ-રવિ આપણે સાથે જ ગાળવાના.'

'ઓહ ! મમ્મી ! તો તો મજા આવી જાય. તું એટલી બીઝી રહે છે કે ડેડીનો જ સાથ મને વધુ મળે છે. તને ક્યારેક થાય છે ને કે હું ડેડીને ખૂબ પક્ષપાત કરું છું, પણ એવું નથી. તેઓ વધુ સમય આપે છે એટલે અમને બધાને ડેડી ગમે છે. તેથી તને ચાહતા નથી એવું નથી. We all love you very much.'

'હાશ ! બેટા ! આજે મને શાંતિ થઈ. તું હવે નિરાંતે સૂઈ જા. કાલે રવિવાર છે ને ! ડેડીને કહી હું, ડેડી ને તમે ત્રણ બધાં સાથે જ રહીશું. ઓકે !' અને 'ગુડ નાઇટ કિસ' કરી તે લિવિંગરૂમમાં આવી. થોડી વાર બેઠા પછી રોહિત ને તેનાં મતાપિતા ઊઠ્યાં.

'આજે ખૂબ જ મજા આવી, વસુ !' મહેન્દ્રનાથ બોલ્યા. 'તારા વડીલો સાથે તો મિત્રતા થઈ ગઈ. હવે અમને વૃદ્ધજનોને એક બીજાની કંપનીમાં મજા પડશે. હવે અમે જઈએ.' તેમની આંખોમાંથી સ્નેહ નીતરતો હતો. 'રેબેક્કા ! તને વધુ સમય નથી આપી શકી, પણ આપણે હવે લેડીઝ પાર્ટી રાખશું. ત્યારે આનંદ થશે. રોહિત ! રેબેક્કાનું ધ્યાન રાખે છે ને ?' કહી બધાને વળાવ્યા. પછી વિશ્વાસ ને લલિતાને તેમના રૂમમાં લઈ જવા ઊભી થઈ. 'લક્ષ્ય ! છોકરાવને વાર્તા કરવાનું કહ્યું છે. પાછી આવીશ ત્યાં તેઓ સૂઈ જશે. જરા સંભાળીશ એ લોકોને ? પપ્પા મમ્મી થાક્યાં હશે નહીં તો બા પરી ને રાજકુમારીની વાર્તા જરૂર કરત, નહીં બા !'

ઝરમર બરફની વર્ષામાં મુખ્ય હૉલમાંથી નીકળી ગાર્ડનમાં થઈ, છેવાડે આવેલા એવા જ ભવ્ય આઉટહાઉસમાં તે વિશ્વાસ ને લલિતાને લઈ આવી. ત્યાં

લિવિંગરૂમમાં બેઠા. વસુંધરા હજી રવિનાના જ વિચારમાં હતી. રવિનાને જોતી ને રવિ યાદ આવી જતો. એ જ ચહેરો ને એ જ લોભામણું સ્મિત. મનમાં ધિક્કાર ઊભરાતો પણ હૃદયતલમાં રહેલો પ્યાર વેદના બની મોં પર લીંપાઈ જતો. લલિતાએ એ જોઈ લીધું.

'વસુ ! પાર્ટી સારી રહી. બધાને મળી આનંદ આવ્યો. તું તો સુખી થઈ ગઈ. તારા સાસુસસરા ખૂબ જ આનંદી ને મિલનસાર છે. પણ તારા ચહેરા પર ઉદાસી કેમ ?'

'લલિતા ! રવિનાને જોઉં છું ને રવિ યાદ આવી જાય છે. હકીકતને ટાળી પણ નથી શકાતી.'

'વસુ ! એક વાત કહું ? આજનું તારા ઘરનું વાતાવરણ જોઈ મને લાગે છે તારે બધું ભૂલી જવું જોઈએ.'

'ભૂલવા મથું છું, પણ છતાંય એકાંતમાં એ યાદ આવી જ જાય છે.'

'એટલે જ તેં તારી જાતને કામમાં ડૂબાડી દીધી છે ને ?'

'ડૂબાડું તોય એ કુટુંબના સમાચારો પેપરમાં તો આવે જ છે ને ? એમાંય તેઓનું જ પેપર ''યૉર્કશાયર ટાઇમ્સ'' નાનામાં નાના સમાચાર એ કુટુંબના છાપે છે.'

'તો, તો તને બધી ખબર હશે કે રવિ અત્યારે ક્યાં છે ?'

'હા, નૈરોબી છે. મી. પ્રીટની દીકરી જેનેટને પરણ્યો છે. ત્રણ વરસ થઈ ગયાં પણ બાળક નથી.'

'તો સમાચાર તો બરાબર મળે છે. અમરનાથ અંકલ બાળકની રાહ જોઈ રહ્યા છે.'

'લલિતા ! તેમને મારા ને રવિના સંબંધોની ખબર હશે ? મને ક્યારેક થાય છે, રવિનાને તેમને મળાવું, પણ વળી મુશ્કેલીઓ વધી જાય એ બીકે હિંમત નથી કરતી.'

ત્યાં તો કૉફીના મગ લઈ વિશ્વાસ આવ્યો, 'એ ભૂલ કરતી જ નહીં વસુ ! રવિનાનો ચહેરો રવિને મળતો જ છે. બધાના જીવનમાં એથી આંધી આવશે, પણ અહીં તને સુખી જોઈ આનંદ થયો.'

ત્યાં લલિતા જરા સોફામાં આડી થઈ. છેલ્લો મહિનો હતો. ઊઠવા-બેસવામાં હવે તકલીફ થતી હતી. વાતને બદલવા વસુ બોલી, 'લલિતા ! આર યુ ઑલરાઇટ ?'

'હા, બધું બરાબર છે. હવે કહે તારો શું વિચાર છે ? ત્રણ બાળકો થયાં તોય તું હજી હમણાં જ પરણી હો તેવું લાગે છે. હજી ચોથા બાળકનો વિચાર છે ?'

'હા, લલિતા ! લક્ષ્યને ચાર બાળકો જોઈએ છે. બે દીકરી ને બે દીકરા. ચોથી દીકરી જ જોઈએ છે.'

'તો પછી તૈયારી કરી કે નહીં ?'

'બસ આજે રાત્રે લક્ષ્યને સમાચાર આપવાની છું ?'

'હેં ? સાચ્ચે જ !'

'હા, મને હતું કે આવતે અઠવાડિયે એક અઠવાડિયા માટે સ્વિટઝરૂલૅન્ડ ફરવા જઈએ છીએ ત્યાં જઈશું તો તૈયારી કરશું, પણ વહેલું થઈ ગયું. ત્યાં સમાચાર આપવા હતા, પણ આજના શુભ દિવસે જ લક્ષ્યને કહી દઉં. તેનાં માતાપિતા પણ ખુશ થશે, પણ આજે વાત નીકળી છે તો લલિતા, વિશ્વાસ જો તમને દીકરો આવે તો મારી દીકરી આ નાની તારા ઘરની વહુ બને. બોલો મંજૂર છે ?'

'વસુ ! તારા મોંમાં ઘી-સક્કર.'

આનંદથી પ્રેમભરી વાતો કરી વસુંધરા હળવા મને ઘરમાં પાછી આવી. છોકરાવના રૂમમાં ગઈ તો સૂવાની તૈયારીમાં જ હતાં. વસુને ચૂપ રહેવાનો ઇશારો કરી લક્ષ્ય બહાર આવ્યો. રવિનાના રૂમમાં લાઇટ નો'તી, તેથી સૂઈ ગઈ હશે તેમ માની જ લીધું. બંને પોતાના શયનગૃહમાં આવ્યાં.

બાથરૂમમાં બ્રશ કરી લક્ષ્યે સ્નાન કર્યું. પ્રફુલ્લિત થયો. તેના સિલ્કનો-રેશમનો કુર્તો ને લુંગી પહેરી. તેને આ કપડાં સગવડભર્યાં લાગતાં અને શરીર હળવુંફૂલ લાગતું. વસુંધરાએ તે જોયું. આછું સ્મિત તેના હોઠો પર આવ્યું. લક્ષ્ય એક અજબનો પ્રેમી હતો. બહુ આક્રમક પણ નહીં, છતાં દૃઢ. પોતે પણ ફ્રેશ થઈ આવી. બંનેએ શય્યામાં લંબાવ્યું. તેમનો શયનગૃહ પણ અજબ ટેસ્ટથી લક્ષ્યે સજાવ્યો હતો. ધનિક લાગે છતાં રસિકતાનો અભાવ નો'તો.

ધીમેથી તેણે વસુનો હાથ હાથમાં લીધો. તે જાણતો હતો કે વસુંધરા આજે થાકી છે. પણ સૂતાં પહેલાં સ્પર્શથી પોતાના પ્યારનો ઇઝહાર તે કરતો જ. તેના હાથને થપથપાવી વસુંધરા બોલી, 'લક્ષ્ય ! મુંજાલ કેટલા વર્ષનો થયો ?'

'કેમ ? ત્રણ વરસનો થયો ને ?' અને બીજી જ પળે પ્રશ્નનું હાર્દ સમજતા કોણી ઓશીકામાં ભેરવી અર્ધો બેઠો થયો. અચંબાથી વસુ સામે જોઈ રહ્યો. વસુંધરા મરક મરક હસતી હતી.

'વસુ !' અને સમજી જતા તેણે વસુંધરાને બાહોંમાં ભરી લીધી.

'વસુ ! વ્યાપારની જેમ આમાં પણ પ્લાનિંગ !' કહી તેના હોઠોને ચૂમી લીધા.

'લક્ષ્ય ! સમાચાર તો તને સ્વિટઝરૂલૅન્ડ પહોંચી એ પછી આપવા હતા, પણ થયું કહી જ દઉં !'

'કેટલાં વીક થયાં ?'

'અગિયાર.'

'સોનોગ્રાફી કરાવી ?'

'શું જોઈએ છે તારે ?'

'જો તને ખબર છે. બીજી દીકરી.'

'કોના જેવી ?'

'વિજ્યાબા જેવી સાલસ.'

વસુંધરા ચમકી, 'કેમ એમ ?'

'મદન ને મુંજાલ મારા જેવા લાગે છે. રવિના તારા જેવી થોડી થોડી લાગે છે. તો આ દીકરી મને સાલસ જોઈએ છે.'

'હા, દીકરી જ છે.'

'વસુ ! મેં તો નામ પણ શોધી રાખ્યું છે.'

'શું ?' નવાઈ પામી તેણે લક્ષ્ય તરફ જોયું. કુટુંબ માટે કેવો પ્રાણ પાથરતો હતો !

'શર્મિલા ! બા જેવી જ શરમાળ થાય તેમ ઇચ્છું.'

'નામ તો સરસ છે, પણ લક્ષ્ય વાત નીકળી છે તો કહી દઉં. મેં તો તેના લગ્નનું નક્કી પણ કરી લીધું છે.'

હવે ચોંકવાનો વારો લક્ષ્યનો આવ્યો. ખડખડાટ હસી તે બોલ્યો, 'વસુ ! કેવા શેખચલ્લી જેવા વિચારો કરે છે.'

'ના, લક્ષ્ય ! સાચું કહું છું. વિશ્વાસ ને લલિતાને દીકરો આવવાનો છે. તેની સાથે.'

'તો રવિના માટે ? બાય ધ વે ! ઘણા વખતથી તને પૂછવા મન થયા કરતું હતું. રવિના કેમ મારા કુટુંબ પર ન ગઈ. થોડી તારા જેવી લાગે. તારા જેવી નીલી આંખો છે, પણ મોઢું થોડું સખત લાગે છે.'

વસુંધરા પહેલી વાર ચમકી. તેને એમ જ હતું કે લક્ષ્ય કદી આટલી ઝીણવટ ભરી નજરે નહીં જોતો હોય.

'લક્ષ્ય ! હજી તો જેમ મોટી થશે તેમ મોંકળા બદલાતી રહે ને ! પણ તેં ઝ્યુરીક જવા ટિકિટો રિઝર્વ કરાવી લીધી ? માર્ચની સ્પ્રીન્ગબ્રેકમાં જઈ આવશું ને ?'

'કેમ ત્યાં જવાનું મન થયું છે ?'

'લક્ષ્ય ! મને એમ કે બીજું હનીમૂન ત્યાં ઊજવીએ ને તારી દીકરીને ત્યાંથી લેતા આવીએ, પણ થોડું વહેલું થઈ ગયું.'

'કંઈ વાંધો નહીં બધી તૈયારી થઈ જશે. સ્પ્રીન્ગબ્રેકમાં જશું તો બાળકોને ?'

'બાળકો ને જુલી પણ સાથે જ આવશે. બા બાપુજીને પણ 'બ્રેક' જોઈએ ને ! બા આખો વખત છોકરાવમાં અટવાયેલાં રહે છે.'

'તારી વાત સાચી.' ને તેણે બગાસું ખાધું.

'લક્ષ્ય ! આપણે બંને થાક્યાં છીએ. તને પણ ઊંઘ આવે છે. સૂઈ જા હવે !'

લક્ષ્યે તો લૅમ્પ બંધ કર્યો. રૂમમાં અંધારું થયું. વસુંધરા છત તરફ જોતી આંખો ખુલ્લી રાખી પડી રહી. લક્ષ્યની વાતથી તે થોડી વ્યથિત થઈ. ક્યારેક પણ લક્ષ્યને ખબર પડી જશે તો ? રવિનાને ખબર પડે તો શું થાય ? તેનો અભિગમ પોતાના તરફ કેવો રહે ? આમ તો રવિ જેવી જ સુંદર હતી ! ગમે તેટલું કરે પણ વસુંધરા ને રવિને શ્રીવાસ્તવ કુટુંબ યાદ આવી જ જતા. તેમાંય યૉર્કશાયર ટાઇમ્સ તે કુટુંબની માલિકીનું હોવાથી તેમની વાતો તેમાં છપાતી જ. યૉર્કશાયર મિલો માટે જાણીતો એરિયા હતો તેથી બિઝનેસની વાતો તેમાં આવતી જ. એમાંય રવિ નૈરોબી હોવા છતાં તેના સમાચાર તેમાં આવતા જ. ભવિષ્યમાં શું થવાનું છે તેની માનવીને ખબર હોય તો તેમના જીવનની ગૂંચો સરળતાથી ઉકલી ન જાત !

અને તેનું મન પાછું એ વુલન મિલ ને પબ્લિશિંગ બિઝનેસ તરફ ગયું. યેનકેન તે આંચકી લેવાના હતા. હજી તેણે આપેલી ઑફરનો રણજિતે જવાબ આપ્યો નો'તો. આપવો તો પડશે જ. પોતે કેવા કાવાદાવા કરી પોતાની બીજી મિલ માટે તે મિલમાંથી કામ કરવાવાળાઓને વધુ પગાર આપી ખેંચી લીધા હતા. એ એરિયામાં આવા નિષ્ણાતો બહુ ઓછા હતા. ઊંટને પહાડ નીચે આવવું પડે તેવી સ્થિતિ તેણે રચી હતી. ખૂબ ધીરજથી એ તરફ પોતાના કદમ બઢાવી રહી હતી. સૌથી નબળી કડી એ કુટુંબની રણજિત હતો. અમરનાથ અપંગ હતા. રવિ નૈરોબી જતો રહ્યો હતો. ભારતથી બોલાવેલા પિત્રાઈ તથા તેનો દીકરો હજી પગભર થતા હતા. હવે જ મોકો છે રણજિતને પછાડવાનો. કઈ સ્ત્રી પોતાના પર કરેલો બળાત્કારના હુમલાને ભૂલી શકે ?

મહામહેનતે વિચારોને પાછા ધકેલી સવારે હેન્રી સૉલિસિટરને ફોન કરી માહિતી મંગાવવી પડશે અને ઝ્યુરિક જવાની તૈયારીઓ પણ કરવી પડશે.

પ્રભાત પડ્યું, વિજયાબાના આછા સૂરે ગવાતા પ્રભાતિયાંનો સૂર સાંભળી વસુંધરા ઊઠી ગઈ. તરત તૈયાર થઈ લક્ષ્યને તૈયાર થવા કહ્યું. તૈયાર થઈ રૂમની બહાર આવી તો જુલી, રવિના, મદન ને મુંજાલને લઈ બ્રેકફાસ્ટ ટેબલ તરફ જતી હતી. બધાં બ્રેકફાસ્ટ ટેબલ પર ગોઠવાયાં. ટૉસ્ટને બટર ચોપડતાં વસુંધરા બોલી, 'રવિના ! મદન, મુંજાલ ! બોલો સ્પ્રીન્ગબ્રેકમાં ક્યાં જવું છે ?'

'ઓહ, મમ્મી ! ક્યાં જશું ?'

'સ્વિટઝર્લૅન્ડ જવું છે ?'

'મમ્મી ! આપણે બધાં જશું ?'

'હા, બેટા ! દાદા ને બા સિવાય.'

'કેમ ?'

'બેટા ! તમને બ્રેક મળે છે તેમ તેઓને પણ બ્રેક મળવો જોઈએ ને ? બા,

બાપુજી, બાળકો ને જુલી ને લઈ હું ને લક્ષ્ય ઝ્યુરીક એક વીક માટે જઈ આવીએ ? રવિના ! વાંધો નથી ને ?'

'ના, મમ્મી ! ઝ્યુરીક જોયું જ નથી. હજી બરફ હશે આલ્પ્સ પર ? સ્કીઇંગ થશે ત્યાં ?'

'બધી સગવડ થઈ જશે, બસ !'

છોકરાવ ખુશખુશાલ થઈ ગયાં.

અને સ્પ્રીન્ગબ્રેક આવી પણ ગઈ.

* * *

અહાહા ! કેટલું સૌંદર્ય છવાયેલું છે. આ આલ્પ્સની ગિરિકંદરાઓમાં ! આછી આછી ઠંડીની મોસમમાં, હિમાચ્છાદિત આ પર્વતમાળા જાણે રૂના ખડકલાઓ થયા ન હોય ! આવ્યા ન હોઈએ તો આ અદ્ભુત સ્થળ જોવાનો લ્હાવો રહી જાય ને !

લક્ષ્યે વસુંધરાને પર્વતમાળાઓની કેબલકારમાં જવાનો પ્રોગ્રામ ગોઠવ્યો હતો. બાળકોને જુલી પાસે હોટેલમાં જ બાળકો માટેના પ્લેગ્રાઉન્ડમાં રમાડવાનું કહી તેઓ બંને નીકળ્યાં. પહેલી જ વાર જિંદગીમાં વસુંધરાને આજે જવાનું મન ન થયું.

'લક્ષ્ય ! બીજી કોઈ વાર જઈએ તો ? આજે મન નથી થતું.'

'વસુંધરા ! અહીં આવ્યા પછી તું કંઈક વિચારમાં પડી ગઈ છે. ગંભીર થઈ ગઈ છે. શું વાત છે ? વળી બીજી વાર આવવા આપણી પાસે સમય જ ક્યાં છે ?'

વસુંધરા ચમકી ગઈ. 'કેમ લક્ષ્ય એમ બોલ્યો ? આપણી પાસે સમય જ ક્યાં છે એમ કે ? આજે મને કેમ ચકંડોળે ચડ્યું છે ? કંઈ ન સમજાય તેવી ગમગીની કેમ ઘેરી વળી છે ?

ફરવાળા કોટને શરીરે ઠંડીથી બચવા તેણે વધુ લપેટ્યો. કોટનો કોલર ઉપર ચડાવ્યો. બાજુમાં જ ઊભેલા લક્ષ્યના મોંમાંથી નીકળતી ઊની વરાળ કેટલી રાહત ને આહ્‌લાદ આપતી હતી ! છતાંય મનમાં આનંદ ઊભરાતો નો'તો. જીવ ચુંથાતો હતો. તેણે ધીરે રહીને લક્ષ્યની પહોળી છાતી ને ખભા પર માથું ઢાળ્યું. 'આજે પોતાનું ગોપિત સત્ય કહી દેવાનું કેમ મન થયા કરતું હતું ! લક્ષ્ય કેટલો પ્રેમાળ ને કેટલો વિશ્વાસુ ! જીવનમાં ખોબેખોબા ભરી પ્યાર તેણે આવ્યો. બાળકોની ભેટ આપી, જીવન ધન્ય બનાવી દીધું. લક્ષ્ય માટે ખૂબ જ હેત ઊભરાતું, છતાં પહેલા પ્યાર જેવી ઉત્કટતા ન થતી. લક્ષ્ય તેને ચાંપી રહ્યો હતો. તેણે મોં ઊંચું કરી લક્ષ્યની સામે જોયું. આ ચાલીસ વરસની ઉંમરે પણ સ્ત્રીસહજ પુરુષનો સ્પર્શ તેને ગમ્યો. તે લક્ષ્યમાં વધુ લપાઈ. કેબલકાર સરકવા લાગી. કેબલકારમાં એક બીજું યુગલ પણ હતું જે કેબલકારના દરવાજા પાસે ઊભું હતું. પોતે ને લક્ષ્ય જરા ઉપરવાસે હતા.

લક્ષ્યને કહેવું કે ન કહેવું એ વિચારમાં તે લક્ષ્ય તરફ ફરી. કેબલકારની રેલિંગને લક્ષ્યે પકડી હતી. વસુંધરા તેના આગોશમાંથી છૂટી થતો તે જરા ખસ્યો. ત્યાં તો સરકતી કેબલકારમાં કંઈક ખટાક કરતો અવાજ આવ્યો. કેબલકારનો એક તાર તૂટ્યો હોય તેવું લાગ્યું. કાર ઊભી રહી ગઈ ને એક બાજુ નીચી નમી. કેબલ કારનો દરવાજો, નમતાં ખૂલી ગયો, લક્ષ્ય પણ જરા સરક્યો. વસુંધરાએ કેબલ કારની રેલિંગના સળિયા પકડ્યા હતા, પણ લક્ષ્યનો હાથ છૂટ્ટો હતો. તેણે કાર નીચે નમતા વસુનો હાથ પકડવા લંબાવ્યો. ત્યાં તો બીજો હાથ જે રેલિંગને પકડી રાખ્યો હતો તે છૂટી ગયો ને વસુંધરાનો હાથ પકડે તે પહેલા પેલા ખુલ્લા દરવાજામાંથી પેલું યુગલ તો ઠીક, લક્ષ્ય પણ સરક્યો ને વસુંધરા હાથ લંબાવી લક્ષ્યનો હાથ પકડે તે પહેલાં ત્રણે શરીર ફંગોળાઈ આલ્પ્સની ઊંડી ખીણોમાં ક્યાં ફેંકાઈ ગયાં તેનો ખ્યાલ પણ ન આવ્યો.

ક્ષણભર વસુંધરા અવાક્ થઈ ગઈ ને બીજી જ ક્ષણે હકીકતનો ખ્યાલ આવતાં એક ચીસ તેના ગળામાંથી ઊઠી ને તે બેભાન થઈ ગઈ.

કંટ્રોલરૂમમાં તાર તૂટતા એલર્ટનું સિગ્નલ થતાં રેસક્યુ ગાર્ડ્ઝ પહોંચી તો ગયા પણ વસુંધરાનો બેહોશ દેહ કારમાં ઢગલો થઈ પડ્યો હતો, પણ ચમત્કારિક રીતે બંને હાથથી રેલિંગ મજબૂત પકડી રાખી હતી તેથી તે સરકી નહીં તેને બચાવી લેવાઈ. તાબડતોબ હૉસ્પિટલમાં લઈ જવામાં આવી. તેને સારવાર અપાતાં તે ભાનમાં આવી. હૉસ્પિટલમાં પોતાને જોઈ બધું યાદ આવતાં તેનાથી ચીસ પડાઈ ગઈ. મિત્તલનું નામ તો સારા યુરોપમાં જાણીતું હતું. હોટેલ પર જુલી ને બાળકોને સમાચાર મળતાં તેઓ વસુંધરા પાસે આવી ગયાં હતાં. વસુંધરા ચોધાર આંસુએ રડી રહી હતી. હવે તેને સમજાયું કે તેનો જીવ કેમ ચુંથાતો હતો, શા માટે તેને જવાનું મન નો'તું થતું. ભાવિ તેને ચેતવવા માંગતી હતી, પણ બનવાનું ન બનવાનું – અનહોનીને કોઈ રોકી શકતું નથી.

ચાર દિવસની સારવાર પછી તેને રજા આપવામાં આવી. લક્ષ્મીકાંત ને વિજ્યાબા આવી ગયાં હતાં. છોકરાવ બધા હેબતાઈ ગયાં હતાં. ઉદાસ ને ગમગીન હૈયે બધાં લંડન પાછાં આવ્યાં.

વસુંધરા સૂનમૂન થઈ ગઈ હતી. મહિનો તે ચુપચાપ બધું જોઈ રહેતી. લાગતાવળગતા આવતાં દિલાસો આપી જતાં. વિશ્વાસ ને લલિતા તો તેની પાસેથી ખસતા નો'તા. વિશ્વાસે તેને બહુ સમજાવી. તેના મનને બેઠું થવામાં ખૂબ મદદ કરી. કેટલું સત્ય તેણે સમજાવ્યું. અંતની સાથે પ્રારંભ સંકળાયેલો છે. જીવન એ મરણ સુધી લંબાતું વાક્ય છે. બંને શબ્દોમાં ત્રણ અક્ષર છે. ત્રિમૂર્તિ ! તેમાં બધું જ આવી ગયું. કશુંક સરળ, કશુંક જટિલ, કશું કાયમને માટે ટકતું નથી. બધી ક્ષણની રમત છે. ક્ષણજીવી છે એ જાણીને જ ક્ષણેક્ષણ જીવવાની છે. જીવવું એટલે જે કંઈ મળે

કે ન મળે એના આનંદ સાથે કે વસવસા વિના જીરવી જવું. હા ! હવે તો જીરવવાનું જ ને ! અત્યાર સુધી પહેલા પ્રેમના વિરહને જીરવ્યો. હવે હેતભર્યા સાથીની ખોટ જીરવવાની ને !

પણ વસુંધરા દઢ મનોબળવાળી હતી.

'વસુ ! તૂટી ન પડ. તારે માથે ચાર બાળકો ને બે વૃદ્ધજનોની જવાબદારી છે. આવનાર બાળક માટે પણ તારે જીવવાનું તો છે જ ને !' વિશ્વાસ કહી રહ્યો. રોહિત તો ખડે પગે તેની સેવામાં હતો.

બધાની હૂંફથી ખાસ તો લક્ષ્મીકાંત ને વિજયાબા તથા વિશ્વાસ ને લલિતાની સતત હાજરીથી વસુંધરા જીવી ગઈ. 'આવનાર બાળક' એ શબ્દોએ તેને સાબદી કરી દીધી. છ મહિનામાં તો વ્યાપાર પાછો સંભાળી લીધો. ફર્ક એટલો જ કે તે કામમાં વધુ ખૂંપી ગઈ.

ઑક્ટોબર મહિનો આવ્યો. આમ તો શિયાળો સપ્ટેમ્બરથી ચાલુ થઈ જાય પણ ઑક્ટોબરમાં દસેક દિવસ ગરમીના આવી જાય. તેને ઇન્ડિયન-સમર કહે. એ સૂર્યના તેજમાં પાનખરમાં રંગ બદલતાં વૃક્ષોના પર્ણ સોનેરી ચમકથી ચમકી ઊઠે. હવે લલિતાને છેલ્લા દિવસો હતા. વસુંધરાએ તેને લીડ્ઝથી લંડન જ બોલાવી પોતાના આઉટહાઉસમાં નજર સામે જ રાખી હતી. ગાર્ડનમાં એક દીવાન પર તે આરામથી બેઠી હતી. સાંજનો સમય હતો. વસુંધરા ગાર્ડનના છેડે ગુલાબના છોડને 'પ્રુનિંગ' કરી રહી હતી. હજીય આફ્રિકાની જેમ તેને ગાર્ડનિંગનો ખૂબ જ શોખ હતો.

લલિતા તેને જોઈ રહી. વસુંધરા પણ સગર્ભા હતી. પણ બહુ જ પાતળી લાગતી હતી. 'લક્ષ્યના મૃત્યુ પછી તે ખાવાપીવામાં બહુ દરકાર રાખતી નો'તી. વ્યાપાર ને ઘરે આવીને બાળકો. બસ બહાર આવવા જવાનું, પાર્ટી ફંક્શનો લગભગ બંધ જ કરી દીધા હતા. લલિતાએ એક નિઃશ્વાસ નાંખ્યો. મૃત્યુ-મરણ કેવું અંતિમ સ્થળ છે માનવીના જીવનનું ! ને ત્યાંથી જ પુનર્જન્મ શરૂ થાય. જીવન ને મરણ બંને શબ્દોનાં અર્થમાં કેટલો ફેર ! એકમાં પ્રારંભ. બીજામાં અંત. એકમાં આનંદ, બીજામાં આક્રંદ. એકમાં સ્મિત, બીજામાં આંસુ. એકમાં વસંત, બીજામાં પાનખર. એકમાં સુખ, બીજામાં દુઃખ ! છતાંય જીવન પ્રિય વ્યક્તિના અવસાન પછી પણ જીવવાનું જ ને ! હૃદય કદાચ કઠોર થઈ જાય પણ એ યાદો ભૂલી શકાય ! એને લઈને જ જીવવાનું ને ! યાદો સુંદર હોય તો જીવન જીવી પણ જવાય અને બાળક એ જીવનનો આનંદ જ છે ને ! પોતે ને વસુંધરા બંનેને બાળક આવવાનું છે. એ આનંદને તો ટકાવી જ રાખવો પડશે ને !

ત્યાં જ વસુંધરા હાથમાં પહેરેલાં ગ્લોવ્ઝ કાઢી લલિતા પાસે આવી.

'લલિતા ! ઠંડીની ચમક તો નથી લાગતી ને ? આપણે અંદર જોઈએ. તને ક્યાંક ઠંડી લાગી જશે.'

લલિતા આ સ્નેહાળ સખીને જોઈ રહી. 'વસુ ! નવ મહિના ક્યાં જતા રહ્યા તેની ખબર પણ ન પડી. પહેલી જ વાર સગર્ભા બની છું, પણ કોઈ તકલીફ નથી. પડી.'

'એનું કારણ તારા પતિનો પ્રેમ ને તારી આજુબાજુનું સુંદર ને હૂંફભર્યું વાતાવરણ છે તેથી.'

'વસુ ! રવિના કેમ છે ?'

'લલિતા ! તે લક્ષ્યની બહુ હેવાઈ હતી. મને લાગે છે સૌથી મોટો આઘાત તેને લાગ્યો છે. જરા પણ રડતી નથી. રડી લે તો હૈયું ખાલી થઈ જાય.' વસુંધરાની આંખો ભીની થઈ. 'પણ તે એકલી જ સહન કરવા માંગે છે.'

'અને તું ?'

'લલિતા ! રવિ પ્રત્યે પહેલાં આકર્ષણ ને પછી પ્રેમ થયો, પણ લક્ષ્ય સાથે તો જીવન જીવી ગઈ છું. એના જેવો મહાન માનવી કદી નહીં થાય. તને ખબર છે, તેણે વીલ કર્યું છે ? બધું જ મારા નામે કરતો ગયો છે. બાળકો એકવીસ વરસનાં થાય ત્યારે તેમને શું શું આપવું તેની પણ વ્યવસ્થા કરતો ગયો છે ને મારા મૃત્યુ પછી મારે કોને ઉત્તરાધિકારી આ ઉદ્યોગનો બનાવવો એ હક્ક પણ મને આપતો ગયો છે.'

'વસુ ! જીવનમાં જે કંઈ બને છે તે શુભ માટે જ હોય છે. તારાં સાસુસસરાને વીલ બારામાં કંઈ ખબર ?'

'લલિતા ! મહા ઉદાર ને ઉમદા માનવીના ઘરમાં હું આવી. મિત્તલ ઉદ્યોગ પપ્પાએ સ્થાપ્યો તેથી એમનું વીલ તો જુદું જ હોય. લક્ષ્યનો જે બિઝનેસ છે તે મને આપતો ગયો છે અને ખાતરીપૂર્વક કહીશ કે પપ્પા પણ અમારાં બાળકોને જ બધું આપી જશે.'

'વસુ ! લક્ષ્યને તારી વ્યાપારી કુનેહ માટે ખૂબ જ માન હતું. તેણે બધું યોગ્ય જ કર્યું છે, પણ આમ અણધાર્યો, ઓચિંતો આપણને છોડી જશે તે ધાર્યું નો'તું.' અને વાત બદલવા તે બોલી, 'વસુ ! અંદર જઈશું. હવે થોડી ઠંડી લાગે છે.'

'લલિતા ! તારી હૂંફથી જ હું જીવી ગઈ છું. ચાલ.' કહી વસુએ તેનો હાથ પકડ્યો.

'અને વસુ ! તારા જેવી ઉત્તમ સખી મને ક્યાંથી મળત !' બંને અંદર ગયાં.

અને એ જ રાત્રે લલિતાને વેણ ઊપડી. તાબડતોબ હૉસ્પિટલમાં પહોંચાડાઈ. વિશ્વાસને બોલાવવામાં આવ્યો.

ડૉક્ટરી તપાસ થઈ. વાર લાગવાથી વસુંધરા ને વિશ્વાસ બંને ચિંતિત થયાં. ત્યાં જ ડૉક્ટર ગેબી બહાર આવ્યા. 'આહ ! મિસિસ મિત્તલ, મિસિસ શાહ તમને બોલાવે છે.'

'ડૉક્ટર ! વાર કેમ લાગી ? બધું બરાબર છે ને ?'

'બધું બરાબર છે. ફક્ત તેમની સાથે વાતો થતી હતી કે ઑપરેશન કરવું કે નોર્મલ લેબરમાં જવું.'

'એટલે ? કંઈ કૉમ્પ્લિકેશન્સ-મુશ્કેલી છે ?'

'ઑપરેશન વધુ સલામત છે. છતાં તેમની ઇચ્છા નો'તી.'

'પણ ડૉક્ટર ! તેમના પતિએ તો રજા આપી હતી ને ?'

'મિસિસ મિત્તલ ! પેશન્ટની મરજી સામે કોઈનું ના ચાલે.'

'તો ? શું થયું ?'

'ડિલિવરી થઈ. ઇટ ઇઝ અ બૉય ! કૉન્ગ્રેચ્યુલેશન્સ મી. શાહ. તમને બંનેને અંદર બોલાવે છે.'

'મિસિસ શાહની તબિયત કેમ છે ?'

'ખૂબ થાકી ગયાં છે. લેબર લાંબી ચાલી. નબળાઈ ખૂબ આવી ગઈ છે. તમે ચાલો અંદર જલદી.'

વસુંધરાને 'જલદી' શબ્દથી શંકા પડી. તે લગભગ દોડી જ. વિશ્વાસ પણ દોડ્યો. બંનેને જોઈ લલિતા ફિક્કું હસી. રક્તસ્રાવ ખૂબ થઈ ગોય હતો. લોહીની બૉટલ ચડતી હતી.

'લલિતા ! કેમ છે ?' વસુંધરાએ એક બાજુથી ને બીજી બાજુથી વિશ્વાસે તેના હાથ પકડી લીધા.

'વસુ ! દીકરો છે. તારી દીકરી માટે, ખરુંને વિશ્વાસ !'

વિશ્વાસ તો લલિતાની હાલત જોઈ રડું રડું થઈ ગયો.

'લલિતા ! બહુ વાતો ન કર. ડૉક્ટરે આરામ કરવા કહ્યું છે.'

'હા ! વિશ્વાસ ! મારી વાત માનીશ ? એનું નામ મનીષ રાખશું ?'

'તને ગમે તેમ જ કરશું. તું આરામ કર.'

'બહાર અંધારું થાય છે ? લાઇટ કેમ ઝાંખી લાગે છે ?' લલિતા ક્ષીણ અવાજે બોલી. 'વસુ ! તું મનીષને સાચવીશ ? વિશ્વાસનું એ કામ નહીં.'

વસુંધરાનો ભય તેની આંખોમાં ડોકાઈ રહ્યો, 'કેવી વાત કરે છે ? તું આરામ કર. તારે જ તારા દીકરાનું ધ્યાન રાખવાનું છે.'

'વસુ ! વિશ્વાસ ! વધુ સમય નથી મારી પાસે. હું તો મૃત્યુશય્યા પર છું એટલું લોહી વહી ગયું છે ને હજી વહી જાય છે. એ બંધ કરવા ડૉક્ટરે કેટલાં ઇન્જેક્શન આપ્યાં, પણ બંધ જ નથી થતું. ડૉક્ટર કહે છે, ગર્ભાશયમાં લોહી બંધ કરવા જે હોર્મોન હોય તે જ ખલાસ થઈ ગયું છે. રક્તસ્રાવ બંધ થશે જ નહીં.'

'તો ઑપરેશન કરી ગર્ભાશય જ કઢાવી નાંખીએ ?'

'ના ! હું એટલી થાકી ગઈ છું કે ઑપરેશન હું જીરવી નહીં શકું તેવું તેમનું કહેવું છે.'

'તો પછી સીઝેરિયન કેમ ન કરવા દીધું ?'

'ડૉક્ટરે કહ્યું કે તેથી બાળકને જોખમ છે, વસુ ! ભાવિમાં લખ્યું હોય તેમ થાય. આમ કર્યું હોત તો ? આ ''તો'' જ આપણું ભાવિ નથી ઘડતો ?'

'લલિતા ! હિંમત ન હાર ! તું જ મને કેટલો દિલાસો આપતી હતી ! જીવવા માટે લડવું જરૂરી છે એમ તું જ કહેતી હતી ને ?'

'વસુ ! હવે સમય જ નથી. જો હાથતાળી દઈ કેવો જતો રહ્યો !' લલિતાની આંખો બંધ થવા લાગી. વસુ ને વિશ્વાસની આંખોમાંથી આંસુની સેર છૂટી. રૂમમાં શાંતિ છવાઈ ગઈ. સ્મશાનવત્ ! જાણે ત્યાં જ જવાનો સમય ન થયો હોય !

ધીમેથી તેણે આંખો ખોલી વિશ્વાસ સામે જોયું ને ક્ષીણ અવાજે બોલી, 'વિશ્વાસ ! મનીષને તમારા જેવો પ્રામાણિક બનાવજો.' તેના મોં પર તેજની આભા પ્રસરી. દીવાનો ઝગમગતો છેલ્લો ઉજ્જ્વળ પ્રકાશ જાણે વિલાતો લાગ્યો ને વસુંધરા ને વિશ્વાસના હાથમાં રહેલા લલિતાના હાથ ઢીલા થઈ ગયા.

વિશ્વાસે નીચા વળી તેના ભાલને ચુમ્યું. વસુંધરા તેના હાથમાંના હાથને ચૂમી રહી.

'મી. શાહ ! બેબીને ત્રણેક દિવસ હજી અહીં રાખવો પડશે ઑબ્ઝર્વેશન માટે.'

અને સેન્ટ મેરી હૉસ્પિટલમાંથી ભાંગેલ હૈયે વસુંધરા ને વિશ્વાસ નીકળ્યાં. વસુંધરાએ ટૂંકા ગાળામાં સૌથી વહાલા બે સ્વજનો ગુમાવ્યા.

વસુંધરા બધું દર્દ પી ગઈ. દર્દને દિલમાં દફનાવી દીધું. મહિનાઓ પસાર થવા લાગ્યા ને ભાંગેલ હૈયે દર્દ સહેતા તે જીવવા લાગી. મનીષને શરૂઆતમાં લલિતાના મૃત્યુ માટે જવાબદાર ગણી તેના પ્રત્યે તેને અણગમો આવતો, પણ પોતાની શર્મિલાનો પતિ થવાનો છે એ ઉપરાંત લલિતાની મોંકળા લઈ જન્મેલો તેથી વધુ મીઠડો લાગવા લાગ્યો અને નવ મહિને વસુંધરાએ શર્મિલાને જન્મ આપ્યો.

ક્યારેક તે ભૂલી જતી કે લલિતા મૃત્યુ પામી છે. ક્યારેક કંઈ ખાનગી વાત કરવા તેના મનમાં ઉત્કંઠા જાગતી ત્યારે લલિતાને ફોન કરવા તેનો હાથ લંબાતો, પણ લલિતા હવે નથી એ ખ્યાલ આવતા તેનો હાથ પાછો પડતો અને તેની યાદોમાં તે બેસી રહેતી. એ સાથે લક્ષ્ય સાથે ગાળેલાં વરસો યાદ આવી જતાં.

છેલ્લાં દસ વરસથી તે આ યાદોના જાળામાંથી બહાર જ નો'તી નીકળી શકતી. યાદો આવતી, તડપાવતી ને તેની આંખ ભીની કરી જતી. દિલમાં દર્દ ઊઠતું, પણ પી જવાની શક્તિ કેળવી લીધી હતી.

અને જીવને બાળકોને મોટા કરવામાં પરોવવા લાગી. લક્ષ્ય ને લલિતાની યાદોમાં હવે લક્ષ્મીકાંત ને વિજ્યાબાની યાદો પણ આવવા લાગી હતી. છેલ્લાં દસ વરસમાં તેઓ પણ બધું વસુંધરા ને બાળકો માટે બધું મૂકી ચિરવિદાય લઈ ગયાં હતાં.

આજે વસુંધરા ગાર્ડનમાં પોતાની ઝૂલતી ખુરશીમાં ઝૂલતી મનને શાંત કરવા મથી રહી હતી.

મનને ગમે શાંતિ. કાર્યનો તમામ ઘોંઘાટ ઓસરી ગયો હોય. દિવસના કરેલી કારણ સાથેની અકારણ વાતચીતો ભુલાતી હોય. આ શાંતિનું ગુંજન પ્રિય અને આત્મીય તેને લાગે છે. પરોક્ષ રીતે લક્ષ્ય તેના સાંનિધ્યમાં આવી બેસી જાય છે. કોઈ અદશ્ય સુરાવલિ સંભળાય છે. કોલાહલનું હળાહળ આજે નથી. આવી શાંતિ ક્યારેક જ પ્રાપ્ત થાય છે. આ પ્રાપ્તિ એ જ મનની સમૃદ્ધિ છે ને !

ત્યાં જ જુલી આવી. તેના હાથમાં બંધ કવર હતું. શાંતિથી આવી, ચાની ટ્રે લઈ વસુંધરાની બાજુમાં બેઠી. તે જાણતી હતી કે વસુંધરા થાકતી ત્યારે ચા પીતી. વસુંધરાનું દર્દ તે સારી રીતે જાણતી. એક અદશ્ય પડછાયો વસુંધરાનો તે બની ગઈ હતી.

ગરમ ગરમ ચા પીતાં તેણે જુલીને 'થૅંક્યુ કહ્યું.

'વસુ ! કવર ખોલવું નથી ?'

'જુલી ! સૉલિસિટરનું છે. બીજા તો શા સમાચાર હોય તેમાં ?'

'હેન્રીનો ફોન હતો. શ્રીવાસ્તવની ઑફરની વાત કરી તને મેસેજ આપવા કહ્યું.'

વસુંધરાએ કવર ખોલ્યું ને તેની આંખો ચમકી ઊઠી.

: ૨૫ :

વસુંધરાએ કવર હાથમાં લીધું. ઊભી થઈ ને પોતાના શયનગૃહ કમ સ્ટડી તરફ ચાલી. 'જુલી ! તારી વાત સાચી છે. રોવા ધોવાનું બહુ થયું. હવે આ ઘા કરવાનો સમય આવી ગયો છે.' તેની આંખમાં ને મગજમાં ચમકારો થયો. જ્યારે પણ કોઈ ચૅલેન્જ આવતી, વસુંધરાનું મગજ તેજ થઈ જતું. આવી લડાઈમાં તેને અનોખી મજા આવતી. છેલ્લાં પાંચ વરસથી શ્રીવાસ્તવ વુલન મિલ ને પબ્લિશિંગ હાઉસ ખરીદી લેવા તેણે કેવી ચાલાકી ને ખટપટ આદર્યાં હતાં. આમેય વ્યાપારમાં તે કઠોર તો હતી, પણ હવે નિષ્ઠુર થવા લાગી હતી. યેનકેન પણ જોઈતું, મેળવતી ને મેળવવા માટે સામ, દામ, દંડ, ભેદ બધું અજમાવી પણ લેતી.

અને આ વખતે પણ અજાણતાં તેની શતરંજની ચાલમાં અનાયાસે એક મહોરું ફસાયું. તેના મિત્તલ ઍન્ટરપ્રાઇઝ કંપનીએ એક કપડાંનું વેરહાઉસ બ્રેડફોર્ડમાં

ખરીદેલું. આમ તો લાંબા ગાળાનું રોકાણ કર્યું હતું, પણ એ વેરહાઉસમાં વરસોથી ગેરવ્યવસ્થા ચાલતી હતી. આમ તો જગ્યા મોકાની હતી. ફક્ત જે જગ્યાએ વેરહાઉસ હતું તેની જમીનની જ કિંમત દર વરસે વધતી જતી હતી. જોગાનુજોગ એ વેરહાઉસનો માલિક એલન સ્મિથ, રણજિત શ્રીવાસ્તવનો દોસ્ત હતો. પણ એનો ઉપયોગ પછીથી કરવાનો હતો.

પહેલાં તો એલને એ વેરહાઉસ વેચવા આનાકાની કરી. એ જાણતો હતો કે બિઝનેસ તેણે બગાડ્યો હતો કે ચલાવતા આવડતો નો'તો. લેણદારો વધી ગયા હતા, પણ મિત્તલ ઍન્ટરપ્રાઇઝનો પ્રસ્તાવ એવો લોભામણો હતો કે દેવામાંથી છૂટવા આ લક્ષ્મી ચાંદલો કરવા આવી છે ત્યારે મોં ધોવા જવાનું તેને મુનાસીબ ન લાગ્યું અને એમાંય જ્યારે કૉન્ટ્રેક્ટમાં તે બોર્ડનો ચૅરમૅન ચાલુ રહે, લલચામણા પગાર સાથે. કોઈ રીતે એ આ માગણી ઠુકરાવી ન શકે. બેવકૂફ ગણાય એમ કરે તો, પણ એક શરત એવી હતી કે તેણે તેની કંપનીનું નામ બદલવાનું નહીં. જો એ આ કરારની વાત ક્યાંય કરે તો તેની નોકરી ખતમ. સામાન્ય રીતે આમાંથી ઘણા પ્રશ્નો ઉદ્ભવે પણ જરૂરતમંદ આદમી, ઝાઝા પ્રશ્નો ન પૂછે તેમ તેણે કબૂલ કર્યું. એના માટે તો સારું થયું કે દુનિયા તો એમ જ સમજે કે કંપની હજી તેની જ છે. અંદરખાનાની વાત બધે કરવી જ શું કામ ! અને તેણે સહી સિક્કા કરી આપ્યા. તે જ દિવસથી વસુંધરા મિત્તલ તેની ને તેની પ્રોપર્ટીની માલિક બની અને કરાર મુજબ રોહિતના ભાઈ માધવને તે કંપનીમાં ગોઠવ્યો જેથી એલન કોઈ જાતનું નુકસાન ન કરે. માધવને કહેવામાં આવ્યું કે એલનનો વિશ્વાસ જલદી સંપાદન કરે. માધવ મૅનેજિંગ ડિરેક્ટર થયો ને એલનને અવારનવાર લંચ માટે આમંત્રી રહ્યો. ભેટસોગાદ આપતો રહ્યો. વસુંધરાનો પ્લાન સફળ રહ્યો અને ફુલાઈ જતાં લીડ્ઝ ને બ્રેડફોર્ડમાં તેમના હરીફો ને ભાઈબંધોની બધી વાતો માધવને કરતો રહ્યો જે વસુંધરા સુધી પહોંચવા લાગી. એમાંય શ્રીવાસ્તવ વુલન મિલની વાતો ખાસ.

ત્યારે જ વસુંધરાને ખબર પડેલી કે રણજિત મિલ બરાબર ચલાવી નો'તો શકતો ને તેને વેચવાની જરૂર પડી છે. તેણે માધવને સૂચના આપી. 'સ્મિથ એન કંપની વતી એ મિલ લેવાની. સાવ ઓછા ભાવથી શરૂ કરો.' રણજિત ખુશ થઈ ગયો કે તેનો મિત્ર જ તેની મિલ ખરીદે છે. ઓછા ભાવે તે સહમત થયો. વસુંધરાને અપાર આનંદ થયો.

તે સવારે ઑફિસે પહોંચી. તેના ડેસ્ક પર તાજા જ સમાચાર જાણે તેની રાહ જોઈ 'રહ્યા હતા. તેની આંખોમાં ક્રૂર ભાવ ચમક્યો. 'મૅડમ ! રણજિત ગઈકાલે આવેલો એલન પાસે. જુગારમાં ખૂબ હારી જવાથી બે લાખ પાઉન્ડની જરૂર પડતા ઉધાર માંગવા આવેલો.'

પ્રતિષ્ઠાના ભૂતને જાળવી રાખવા માનવી કેવા ઉધામા માંડે છે ! એલને માધવને પૂછેલું કે કૉર્પોરેટ લોન રણજિતને આપી શકાય કે કેમ ?

વસુંધરાની આંખમાં લૉનનો ચમકારો થયો. આવી તક કેમ ગુમાવાય ! તેણે તરત માધવને ફોન કર્યો, 'માધવ ! એલનને કહો એ કૉર્પોરેટ લોન રણજિત શ્રીવાસ્તવને આપે.' વસુંધરાના સ્વરમાં એક ઉત્કંઠાનો રણકો હતો.

'યસ ! મૅડમ ! આપણી શરતો શું છે ?'

'છ મહિનામાં એ લોન પરત કરે અને કોલેટરલ સાઇન કરે.'

'કોલેટરલમાં શું ?'

'તેનું પબ્લિશિંગ હાઉસ ને તેનો બંગલો.'

'માય ગૉડ ! મૅડમ ! તે માનશે ?'

'ગરજાઉ માનવી બધું કરે. હાર્યો જુગારી બમણું રમે. જોઈએ તો લે નહીં તો ના પાડી દે. આ મારી શરતો છે.'

'મૅડમ ! જાણવા મુજબ એની પાસે કોઈ બીજો રસ્તો નથી. બૅન્કમાંથી તે લોન લઈ શકે તેમ નથી. તેના પિતાના બિઝનેસ ઍસોસિયેટ્સ પાસેથી પણ ઉધાર લીધા છે. એલન પાસેથી પણ ઉધાર લીધેલા છે. ક્યાં જશે ?'

'શાબાશ ! એલનને વાત પહોંચાડો. હું બપોરે પાછો ફોન કરીશ, પણ માધવ ! એલનને આ વાતની – હું આપું છું તેની ખબર પડવી ન જોઈએ.'

'મૅડમ ! ચિંતા ન કરો.'

'માધવ ! ઘરે બધા મજા મજામાં છે. ચિંતા ન કરતો.' કહી વસુંધરાએ ફોન મૂક્યો.

ફોન મૂકી હાથમાં રહેલા પેન્સિલ તે રમાડી રહી. તેના હોઠો પર સંતોષભર્યું સ્મિત આવ્યું ને પવન બારીમાંથી દોડી આવે તેમ તેના મગજમાં વિચાર આવ્યો, 'રવિને આ વાતની ખબર જ નહીં હોય ! અપંગ પિતાનો વિચાર જ નહીં આવતો હોય ! અને એ ખુદગર્ઝ માણસનું નામ યાદ આવતાંય તેના મોં પર ક્રોધની આભા પ્રસરવા લાગી.

રણજિત આટલો જલદી ઝૂકી જશે તેનો વસુંધરાને ખ્યાલ નો'તો. હવે તો રણજિત માટે એટલો ઊંડો ખાડો ખોદવો છે કે તે પાછો ઉપર જ ન ચડી શકે, પણ અમરનાથનું શું ? એનું પણ વસુંધરાએ વિચારી જ રાખેલું. સમય આવ્યે એ વાત બધા જાણશે.

વસુંધરા જાણતી જ હતી કે તેની શરતો શરૂઆતમાં તો રણજિત કબૂલ નહીં કરે, પણ આટલી મોટી રકમ કોઈ ધીરવાનું નથી. ગરજવાન માણસ શું કરે ? સ્વીકારવું જ પડશે. વધુ આનાકાની કરશે તો છ મહિનાના નવ મહિના કરી

આપીશ. પછી તો મિલ 'ફોરક્લોઝ' કરતાં તેને કોણ રોકી શકવાનું છે ? રણજિતને બરાબર ફસાવ્યો છે !

વસુંધરા હસી ઊઠી.

અને તેણે ધાર્યું હતું તેમ જ થયું. ચાર દિવસની મથામણ પછી પણ રણજિત ક્યાંયથી પૈસા ઊભા ન કરી શક્યો. છેવટે એલન પાસે પાછો આવ્યો ને કૉન્ટ્રેક્ટ સાઇન કર્યો. તેને હજી પણ હતું કે એલન તેનો મિત્ર છે. તે કદી મિત્રની મિલ કે બંગલા પર ટાંચ ન જ લાવે. તેને ક્યાં ખબર હતી કે આ બધું કોણ કરી રહ્યું છે !

અઠવાડિયા પછી મિલ ને બંગલાના 'ડીડ્ઝ' – દસ્તાવેજો તિજોરીમાં મૂક્યા. એક અવર્ણનીય સંતોષ તેના ચહેરા પર છવાયો.

* * *

રોહિતે વસુંધરાના ઘર પાસે – બંગલા પાસે કાર ઊભી રાખી. 'વસુ ! થૅંક્યુ ! બાળકો સાથે ગાળવાનો તારો રવિવાર તને ઑફિસ લઈ જઈ સ્કેચીઝ દોરવામાં તેં બગાડ્યો.'

'રોહિત ! બગાડ્યો ન કહે. તારા ને મારા સ્ટોર માટે કપડાંની સપ્લાય તો ટાઇમમાં કરવી જ પડે ને ! અને આ તો સેલેબ્રીટીઝનાં કપડાં છે. મારા મગજ પરનો ભાર પણ ઊતરી ગયો. જે થાય છે તે સારા માટે જ થાય છે. ચાલ, ઊતરે છે ને ! કૉફી કે કંઈ લઈને જા.'

'ના ! વસુ ! પપ્પાને બહાર લઈ જવાનું પ્રોમિસ કર્યું છે.' વસુંધરાએ કારનું બારણું ખોલ્યું ત્યાં રોહિતે ઓચિંતાનું તેનું બાવડું પકડી લીધું. 'વસુ ! તને કંઈ કહેવું છે.'

'હા ! બોલ !'

'મને લાગે છે હું ડાઇવોર્સ લેવાનો છું.'

'શું ?' વસુંધરા ચમકી ને આશ્ચર્યથી રોહિત સામે જોઈ રહી. વર્ષો પહેલાં પણ રોહિતે તેના પ્યારનો ઇઝહાર તો કરેલો જ.

'તારા ને રેબેક્કા વચ્ચે કંઈ પ્રોબ્લેમ્સ છે ?'

'ના ! પણ મારી જાતને રોકી નથી શકતો. વસુ ! હું હજી પણ તારા પ્યારમાં છું ?'

વસુંધરા ડઘાઈ ગઈ.

'વસુ ! તારે હવે કોઈ બંધન નથી. શા માટે હા નથી પાડતી ?' અને વસુંધરા ખડખડાટ હસી પડી.

'રોહિત ! રોહિત ! તું એકલો હતો ત્યારે જ મેં તને ના પાડેલી. તારા માતાપિતાની મરજી વગર એ શક્ય નો'તું. હવે તો તારે બે દીકરા છે. મારે ત્યાં

ચાર છે. ને તને ખબર નથી આપણી ઉંમર શું છે ? પચાસે પહોંચ્યાં ને તું માને છે બીજાના દુઃખ પર હું મારા સુખનો વિચાર કરું ?'

'પણ વસુ ! મારા પ્યારનું શું ?' રોહિતના સ્વરમાં સચ્ચાઈનો રણકો હતો. આંખોમાંથી વેદની નીતરી રહી.

'તારા પ્યારને સારી રીતે જાણું છું, પણ રોહિત હવે આ ઉંમરે એવું ન હોય. વિચાર તો કર, રેબેક્કાનું શું થાય ? તારાં માતાપિતાના મનને કેવો ધક્કો લાગે ! કેટકેટલા માનવીઓ આ પગલાથી દુઃખી થાય ! મારી રવિના તો હતે યુવાનીમાં પગલાં ભરે છે. દીકરાઓ મોટા થઈ ગયા છે. હમણાં મારા બિઝનેસમાં ભાગ લેતા થશે. તને મારું એવું ક્યાં વર્તન લાગ્યું કે મેં તને કઈ રીતે ઉત્તેજન આપ્યું કે તું આવું પગલું ભરવા તૈયાર થયો ?'

'વસુ ! મારાથી રહેવાયું નહીં. શું કરું ?'

'જો રોહિત ! તારે તારા આવા જ હાલ કરવા હોય તો ભાગીદારીમાંથી છુટાં થઈએ. તને કોઈ બાબતે આ માટે હું ઉત્તેજન આપવા નથી માંગતી. સતત મને જોતા, જો તું તારી લાગણીઓને કાબૂમાં ન રાખી શકતો હો તો એ જ એક વાજબી રસ્તો છે. મેં તને હંમેશ મારો પ્યારો દોસ્ત માન્યો છે ને માનીશ. તારે હવે નક્કી કરવાનું છે. જો તું રેબેક્કાને ડાઇવોર્સ આપીશ તો તને કદી માફ નહીં કરું.'

રોહિત વસુંધરાને જોઈ રહ્યો. પ્રિયતમા તો ગુમાવી હતી. મિત્રને ખોવા તૈયાર નો'તો. સ્નેહથી વસુંધરાનો હાથ પકડી દબાવી બોલ્યો, 'સૉરી ! વસુ ! તારી લાગણીઓ દુભવવા બદલ. હું પ્રયત્ન કરીશ.'

'હા, હવે મારો મિત્ર સાચો. જો રેબેક્કાને મેં જાણી છે તે એક ઉમદા માનવી છે. વિચાર તો કર કઈ અંગ્રેજ બાઈ તારાં માતાપિતાને સંભાળત ? તેને દુઃખી ન કરીશ. મારી જરૂર પડ્યે હું ખડેપગે તારી બાજુમાં છું તે ન ભૂલીશ. ઓકે ?'

'ઓકે' કહી રોહિત કારમાં બેઠો. જતી વસુંધરાની પીઠને તાકી રહ્યો.

ડ્રાઇવેમાંથી ચાલતાં ચાલતાં વસુંધરા તે રોહિતના પ્યારને મૂલવી રહી. પહેલા રવિ, પછી લક્ષ્ય હવે રોહિત ! પુરુષોનું લેણું જ જાણે તેના જીવનમાં નથી. ખેદથી તેણે માથું ધુણાવ્યું ને મુખ્ય દ્વાર લેચકીથી ખોલ્યું. ફરકોટ કાઢી સ્ટેન્ડ પર ટિંગાડ્યો.

સામે જ મદન કંઈ પેઇન્ટિંગ કરી રહ્યો હતો. તેને ચિત્રકલાનો ખૂબ શોખ હતો. પંદર વરસે તે જુવાન જેવો લાગતો હતો. અદલોઅદલ લક્ષ્યની પ્રતિકૃતિ હતો. તેની બાજુમાં ગઈ, મદને પેઇન્ટિંગ ઢાંકી દીધું. વસુંધરાએ તેનું ભાલ ચુમ્યું. 'કેમ ! ઢાંકી દીધું ? મને નથી બતાવવાનું ?'

'ના, હમણાં નહીં. આવતા અઠવાડિયે ક્રિસમસ છે ને ? તને ત્યારે ભેટ આપીશ.' વસુંધરા સ્નેહથી મદનને જોઈ રહી. માના મોં પર થોડી ઉદાસી જોઈ

બોલ્યો, 'ઓકે, ઓકે જોઈ લે. ક્રિસમસ પર તને બીજી ભેટ આપીશ.' કહી તેણે પિક્ચર બતાવ્યું. લક્ષ્યનો સ્કેચ હતો. જાણે હમણાં બોલી ઊઠશે. મદન આટલો સારો પેઇન્ટર હશે તેનો વસુંધરાને ખ્યાલ નો'તો. 'લવલી ! બેટા ! બહુ જ સુંદર, ક્લાસ છે. હવે તૈયાર થઈ જા. આ રંગો બધા સાફ કરી લે. કલાકમાં લંચ લઈએ. રવિના ને મુંજાલ તથા શર્મિલા ક્યાં ?'

ત્યાં જુલી બધા સાથે આવી. મુંજાલ ને શર્મિલા દોડી ને વસુંધરાને વળગી પડ્યાં. સ્નેહથી બધાને ચાંપી તેણે જુલીને કહ્યું, 'જુલી ! કલાકમાં લંચ લઈએ. કેમ બરાબરને ?'

હાથમાં લક્ષ્યનું પેઇન્ટિંગ લઈ તે રૂમમાં કપડાં બદલવા આવી. રૂમના રાચરચીલા તરફ તેનું ધ્યાન પણ ન ગયું. પલંગ પર પથરાયેલા પેઇન્ટિંગમાંથી લક્ષ્ય જાણે તેની અનાવૃત્ત કાયાને જોઈ રહ્યો હતો. પચાસે પહોંચવા છતાં વસુંધરાએ કાયા પર મેદ જામવા નો'તો દીધો. ચાલીસની લાગે. તે લક્ષ્યને જોઈ રહી.

'ઓહ ! લક્ષ્ય ! કેમ આટલો, એકલી મૂકી જતો રહ્યો !' તેની આંખો છલછલી ઊઠી. ત્યાં તો બારણે ટકોરા પડ્યા. 'મમ્મી ! અંદર આવું ?' વસુંધરાએ કપડાં પહેરી લીધાં હતાં.

'હા, આવ રવિના !'

સત્તર વરસની રવિના યુવતી બની ગઈ હતી. સુંદરતામાં તેનો જોટો ન જડે. હતી પણ સ્ટાઇલીશ કલામાં તેને ખૂબ રસ હતો.

'મમ્મી ! સ્કૂલમાંથી બધા ટ્રીપ પર જાય છે. હું જાઉં ?'

'ક્યાં જવાની છે ? દૂર ?'

રવિના ખચકાઈ. 'સ્વિટઝરર્લૅન્ડ !'

ને છળી ઊઠી હોય તેમ વસુંધરા બોલી ઊઠી.

'રવિના ! ના, ના ત્યાં નહીં !' એ ગોઝારો દિવસ તેની આંખ સામે આવી ગયો.

રવિના મમ્મીનું દુઃખ સમજી ગઈ. પહેલાં તો પ્રતિકાર કરવાનું મન થયું, પણ મમ્મીના દિલની હાલત તે હવે સમજી શકતી હતી. 'કંઈ વાંધો નહીં, મમ્મી ! નહીં જાઉં.'

'રવિના ! તું જાણે છે ને શા માટે ના પાડું છું ! તું કહે તો આપણે બધા સાથે ક્યાંક જઈએ. તેં ઇન્ડિયા નથી જોયું ને ? જવું છે ત્યાં ? દાદાની હવેલી ત્યાં છે. ખેતરો છે. મજા પડશે.'

'મમ્મી ! આપણે જમતી વખતે એ વાત કરીએ તો ?' રવિનાના જતા વસુંધરાને લાગ્યું કે તે પ્રગલ્લભ બનવા લાગી હતી. પિતાનો પ્યાર તેને પણ સાલતો જ હશે ને !

એકલાં પડતાં તેણે લક્ષ્યનો ફોટો ડ્રોઅરમાં મૂક્યો. કાલે મઢાવી લઈશ એવો વિચાર આવ્યો ને તેણે વિશ્વાસને ફોન કર્યો.

'હેલ્લો ! વિશ્વાસ ?'

'અરે ! વસુ ! વૉટ અ પ્લેઝન્ટ સરપ્રાઇઝ ? શું વાત છે ?'

'પહેલા કહે મનીષ કેમ છે ? મજામાં ને ? ક્યારે લાવે છે તેને ? ક્રિસમસમાં અહીં જ આવવાનું છે.'

'કેટલા બધા પ્રશ્નો પૂછી નાંખ્યા એકીસાથે ? જવાબમાં હા. હવે કહે શું વાત છે ?'

'આજે રવિનાએ સ્કૂલમાંથી ટૂરમાં સ્વિટઝરલૅન્ડ જવા રજા માંગી.'

'અને તેં ના પાડી એમ જ ને ? ના પાડતાં તેનું દિલ દુ:ખવવા માટે પસ્તાઈ રહી છે ને ?'

'તું કેટલો બધું જલદી સમજી જાય છે !'

'અને બીજું ? હજી તેં તેને સત્ય હકીકત નથી કહી ને ?'

'ના અને કદી કહેવાની નથી. મારા સુખી જીવનમાં મારે ઝંઝાવાત નથી ફૂંકવો !

'અતીતને ભુલાશે ? કદી તેઓ બંને આમનેસામને આવશે તો ?'

'એવો મોકો નહીં આપવા દઉં.'

'કેટલે પહોંચ્યું તારી ડીલનું ?' વસુંધરા રણજિત તરફનો ઇશારો સમજી ગઈ. બસ હવે ઊંટ પહાડની નીચે આવી ગયું છે.' તેના સ્વરમાં હાસ્યનો રણકો વિશ્વાસને સંભળાયો.

વસુંધરાએ ફોન મૂક્યો, પણ નાગના ફણાની જેમ વિચાર ચમક્યો, 'કદી કદી તે રવિનાને સત્ય કહી શકશે ? શું થશે ત્યારે ?

વસુંધરાનો દેહ અજાણ્યા ભયથી કંપી ઊઠ્યો.

: ૨૬ :

રવિના હાથમાં પત્ર ફરફરી રહ્યો. વાંચીને હવે શું થશે ? પિતાની આ દશા ?

નૈરોબીના ધનિકોના પોશ એરિયાના બંગલામાં રવિ પત્ર વાંચી અવાચક બની ગયો. નૈરોબી આવી મી. પીટ ને પારેખની લૉ ફર્મમાં જોઇન તો થયો. મી. પીટની નિગેહબાની નીચે સરસ રીતે તૈયાર થવા લાગ્યો. તેનું નામ થવા લાગ્યું. એક પણ કેસ હજી તે હાર્યો નો'તો. તેમાંય મી. પીટની પુત્રી હિન્દી નામ તો જુહી હતું, પણ બધા જેની કહીને જ બોલાવતા, તેના પરિચયમાં આવ્યો. ખૂબ જ સુંદર હતી. અંગ્રેજ ને ગુજરાતી લોહીનું મિક્સચર હતી. તે પણ લંડનથી બૅરિસ્ટર બનીને

જ આવી હતી. પરિચયમાંથી જેનીને તેના માટે પ્યાર થયો અને લગ્નના સમાચાર તેણે પિતાને મોકલ્યા.

અમરનાથ ખૂબ ખુશ થયા. રણજિત ઈર્ષાથી સળગી ઊઠ્યો. પોતાની જ અણઆવડતથી પતનના આરે ઊભો હતો. તેમાંય રવિ તેની પત્ની ને પુત્ર સાથે બે અઠવાડિયાં લંડન વૅકેશનમાં આવે છે જાણી એક આશા તેને બંધાઈ. રવિ તથા તેના પરિવારનો બહુ સારી રીતે તેણે સત્કાર કર્યો.

બીજે દિવસે ડિનર લીધા પછી બંને ભાઈઓ લાઇબ્રેરી-સ્ટડીમાં ડ્રિન્ક્સ લેવા ગયા. 'રવિ ! મારો પત્ર મળ્યો ને ? વિગત વાંચી ?' રણજિતે પૂછ્યું.

રવિની આંખમાં ક્રોધની ચિનગારી પ્રગટી. 'રણજિત તેં જ હાથે કરીને તારા ગળામાં ફાંસલો નાંખ્યો છે. હું કંઈ કરી શકું તેમ નથી.'

રણજિત સ્તબ્ધ થઈ ગયો. 'રવિ ! વકીલ થઈને તું આવી વાત કરે છે ? તું એમ કહેવા માંગે છે કે સ્મિથ ઍન્ડ કંપની કાયદાના દાયરામાં છે ? તે આપણી મિલ શું ચપટી વગાડતાં લઈ લેશે ?' તેના સ્વરમાં ગભરાટ દેખાયો.

'હા ! રણજિત ! મોટી ભૂલ તેં કોલેટરલ સાઇન કરીને કરી છે. આવી મૂર્ખાઈ કેમ કરી ?'

'મને પૈસાની સખત જરૂર હતી.'

'તારા જુગારનાં દેવાં ભરવા ? મિલને દાવમાં મૂકતાં પહેલાં તેં કોઈ વકીલ, આપણી કંપનીના વકીલની સલાહ પણ ન લીધી ?'

'છૂટકો નો'તો. પૈસાની તાકીદની જરૂર હતી. આપણા વકીલની સલાહથી તેમની શરતોમાં કંઈ ફરક પડવાનો નો'તો. વળી એલન મારો મિત્ર છે. એ આટલી હદે નહીં જાય તેની મને ખાતરી હતી. પણ આખરે એ તેની જાત પર ગયો. મારી મિલ પડાવી લીધી ને હવે ઘર !'

'રણજિત ! મૂરખ ન બન. તેં સાઇન કરી આપી છે. એ તો સારો કે બીજા ત્રણ મહિનાની મુદત તને આપી છે.'

રણજિતના ચહેરા પર હતાશા છવાઈ ગઈ. 'રવિ ! તારે જ હવે મને મદદ કરવી પડશે.'

રવિ ખુરશીમાંથી ઊભો થઈ ગયો. વિસ્ફારિત નયને બોલ્યો, 'તારું ઠેકાણે છે ? બે લાખ પાઉન્ડ કંઈ નાની સૂની રકમ છે ?'

'પણ પપ્પાએ તને ટ્રસ્ટમાંથી પૈસા તો આપ્યા છે ને ? વળી નૈરોબીમાં તારી પ્રૅક્ટિસ પણ સારી ચાલે છે.'

'ટ્રસ્ટના પૈસા મારા દીકરાના ભણતર માટે છે. પ્રૅક્ટિસમાં અમે ત્રણ ભાગીદાર છીએ અને હું જુનિયર. એમાંથી કંઈ બચે નહીં. ત્યાંના સ્ટેટ્સ પ્રમાણે રહેવું પડે.'

'તારા યૉર્કશાયર ટાઇમ્સના શૅર્સ...?'

રવિ તો રણજિતની ખુદગર્જી જોઈ રહ્યો. આ તો સારું છે કે પબ્લિશિંગ હાઉસમાં સૌથી વધુ તેના શૅર્સ હતા નહીં તો રણજિત એ પણ વેચી નાખત. 'રણજિત ! તું આટલો સ્વાર્થી હોઈશ તેનો મને ખ્યાલ નો'તો. હું એવું કંઈ કરી ન શકું. આ બધા પહેલા તારે વિચાર કરવો જોઈતો હતો.

'તો મારે હવે શું કરવું જોઈએ એ મારો ડાહ્યો વકીલ મને સમજાવશે ?' રણજિત કટાક્ષમાં બોલ્યો.

'જો હજીય સમય છે. પબ્લિશિંગ હાઉસ ને બીજી નાની મિલ છે તેમાં ધ્યાન પરોવ. જુગાર રમવાનું બંધ કર. જરા જો, મિત્તલ મિલની હમણાં જ શરૂઆત થઈ છે, પણ કેવી ઝડપથી તારા ગ્રાહકો ને નિષ્ણાતો ખેંચી જાય છે. સમજ પડે છે ?'

'તને ખબર છે મિત્તલ મિલ કોની છે ? બ્લડી આપણી રસોયણની. તેના જ આ કામ છે. તારી તો દોસ્ત હતી ને ? તેની પાસેથી લોન કેમ નથી અપાવતો ? કે તેને છોડી દેવાનો પસ્તાવો થાય છે ? પ્રેગનન્ટ તો બનાવી દીધી હતી.'

'વસુંધરાને વચ્ચે ન લાવીશ અને ખબરદાર એક પણ બૂરો શબ્દ તેના વિષે કહ્યો છે તો !' રવિ ગુસ્સાથી ભભૂકી ઊઠ્યો. રણજિત ખડખડાટ હસી પડ્યો. 'ઓહ ! તો હજી તેના માટે તને પ્રેમ છે ખરો ? પ્રેમ કે વાસના ? તરછોડી તો દીધી. અરે તેને મન પુરુષો કંઈ નથી. મેં પણ તેના પર બળાત્કાર કરવાનો પ્રયત્ન કરેલો જો તેનો પતિ ન આવી ગયો હોત તો ? ખબર છે તારા બાળકની એ મા છે હવે ને બીજા કોઈનું મિત્તલ નામ વાપરે છે ?'

અને રવિએ છલાંગ મારી રણજિતનું ગળું જ પકડી લીધું. જોરથી દબાવતાં દાંત ભીંસી બોલ્યો, 'એટલે, એટલે તેં તેની અસહાયતાનો લાભ લેવા પ્રયત્ન કર્યો ?'

રવિની આંખમાંથી નીકળતા ક્રોધના લાવાને જોઈ રણજિત ઠરી ગયો. હવે મોત નિશ્ચિત છે. માંડમાંડ તે બોલ્યો, 'કેમ ! તારી દીકરીને જોવી નથી ?'

અને રવિના હાથ છૂટી ગયા. પોતાની દીકરી ?

'ક્યાં છે ? તું શું જાણે છે એ બારામાં ?'

'અરે સત્તર વરસની યુવાન થઈ ગઈ છે. સમર વૅકેશન હોવાથી લંડનના તેના સ્ટોરમાં કામ કરે છે.'

ધક્કો મારી રવિએ તેને જમીન પર પછાડ્યો. પીઠ ફેરવી ધૂંઆપૂંઆ થતા બહાર જવા કદમ ઉપાડ્યા, પણ ત્યાં જ ઠરી ગયો. લાઇબ્રેરીના દરવાજામાં જ અમરનાથ વ્હીલચૅરમાં બેઠા હતા. તેમણે બધું સાંભળ્યું. તેમની આંખોમાંથી અશ્રુઓ વહી રહ્યાં હતાં. રવિએ પિતાની દયનીય દશા જોઈ, પણ તે એટલો ક્ષુબ્ધ થઈ ગયો હતો કે અત્યારે તેના દિલમાં તેની દીકરી જ છવાઈ ગઈ. સડસડાટ તે ઘરમાંથી બહાર નીકળી ગયો. આમેય તે આવ્યો ત્યારે જેની ને દીકરાને લઈ લંડનની

હોટેલમાં હતો ને લીડ્ઝમાં પણ હોટેલમાં જ હતો. જેની તેના પુત્રને લઈ તેની સાથે જ કારમાં બેઠી. રવિનો ચહેરો જોઈ સમજી ગઈ કે કંઈ અજુગતું બન્યું છે. અત્યારે રવિને કંઈ પૂછવામાં મજા નથી માની ચૂપ રહી.

*   *   *

આખી રાત રવિ ધુંધવાયેલો રહ્યો. બીજે દિવસે તેઓ લંડન જવા ડ્રાઇવ કરી જતા રહ્યા. લંડન પહોંચી બે-ચાર દિવસમાં શૉપિંગ કરી નૈરોબી જવા ઊપડી જવાનું હતું. જેનીએ પૂછ્યું, 'રવિ ! લંડનમાં લેડઝ ક્લોથ માટે પ્રખ્યાત શૉપ કઈ છે ?'

'મિત્તલ સ્ટોર !' બોલાઈ તો ગયું પણ રવિ ક્ષુબ્ધ થઈ ગયો. ત્યાં જાય ને પાછો વસુંધરાનો સામનો થાય તો ? તો શું વીસ વરસ થઈ ગયાં એ વાતને ! હકીકત સ્વીકારવાની જ રહી હવે તો.

બંને, પુત્ર મિલનને લઈ મિત્તલ સ્ટોરમાં ગયાં. સ્ટોરની ભવ્યતા જોઈ જેની અંજાઈ ગઈ. નૈરોબીમાં એક પણ આવો સ્ટોર નો'તો. વધુ નવાઈ તો આ સ્ટોર એક ઇન્ડિયનનો છે જાણી થઈ. આખો સ્ટોર ભવ્ય ને અદ્યતન હતો. બધા સેલ્સ પર્સન્સ નમ્ર ને વિવેકી હતા. ત્રણેને લગતી ખરીદી થઈ ગઈ. જેનીએ તેનાં માતાપિતા, ભાઈબહેનો બધા માટે પણ ખરીદી કરી. પછી બિલ ચૂકવવા કાઉન્ટર પર ગયા ને રવિ ઠરી ગયો. જાણે પોતાની જ પ્રતિકૃતિ ન હોય ! એ જ ચહેરો ! જેનીને ખબર ન પડત, પણ રવિના પ્રત્યાઘાતે તેને સજાગ બનાવી. કાઉન્ટર પર ઊભેલી યુવતી સુંદર તો હતી જ, પણ જાણે સાવ જાણીતી હતી તેવું તેને લાગ્યું. રવિનાનું પહેલાં તો ધ્યાન ન ગયું, પણ મિલન – માર્કે તેના સામે સ્મિત કર્યું ત્યારે ચમકી. જાણે પોતાનો જ ચહેરો ! તેણે સામે ઊભેલા યુગલ તરફ જોયું. પુરુષનો ચહેરો યુવાન હોય તો પોતાના જેવો ન હોય ! તેવો વિચાર આવ્યો. પછી બિલ જોયું. ખાસ્સી ખરીદી થઈ હતી. સ્ટોરના નિયમ મજુબ તેઓને ભેટ તો આપી પણ રવિનાનું કુતૂહલ આ કોણ હશે ? એ જાણવા ઊભરાવા લાગ્યું. મીઠાશથી તે અંગ્રેજીમાં જ બોલી, 'અંકલ, આંટી તમારે નિયમ મુજબ – આટલી ખરીદી કરે તેને સ્ટોર તરફથી કૉફી ને સ્નેક્સ ફ્રી આપવામાં આવે છે, પણ લંચનો ટાઇમ થયો છે. ચાલો કાફેમાં જઈએ.'

'ના, ના ! એવી તકલીફ લેવાની જરૂર નથી.' એમ જેની બોલી, પણ રવિને તો થઈ જ ગયું હતું કે આ તેની જ પુત્રી છે. તેણે હા પાડી દીધી. ફેરવી ફેરવી લંચ લેતા રવિનાએ રવિની બધી માહિતી મેળવી લીધી, પણ કોઈ સુરાગ તેને મળ્યો નહીં. વહેમ હશે માની, બધાને વિદાય આપી, પણ એક જ ક્લ્યુ તેને મળી કે મી. શ્રીવાસ્તવને ટંઝાનિયામાં કૉફી પ્લાન્ટેશન્સ હતા.

મનમાં તે વિચારી રહી, 'મમ્મી પણ ક્યાંક કૉફી પ્લાન્ટેશનમાં કામ કરતી, આ લોકોને ત્યાં હશે ?'

મનની ગડમથલમાં તે કામમાં ધ્યાન ન આપી શકી. પોતે અધૂરે મહિને જન્મી હતી એ તેને ખબર હતી. કદાચ ડૉ. નાડકર્ણી જેમણે તેનું સીઝેરિયન સેક્શન કરેલું તેઓને કદાચ કંઈ ખબર હોય તો એ વિચારે તેમની ક્લિનિક પર ગઈ.

'હેલ્લો ! રવિના ! કેમ છે ? કેમ છે મમ્મી ? કેવું જાય છે સમર વૅકેશન ?'

'બધું બરાબર છે, આન્ટી ? પણ બે-ચાર પ્રશ્નો પૂછવા છે.' ડૉ. નાડકર્ણીના મોં પર સ્મિત આવ્યું. આજની ટીનેજ જનરેશનને બીજું તો શું પૂછવાનું હોય, માની બોલ્યા, 'હા, હા રવિના પૂછી લે.'

'આન્ટી ! હું કેટલામે મહિને જન્મી હતી ?' ડૉ. ચમક્યા.

'સાતમે મહિને, પણ રવિના ! એ કંઈ ''અનયુઝઅલ'' નથી.' કેમ કરીને પુછાય કે, 'મારા પિતા કોણ છે ! કુટુંબની પ્રતિષ્ઠાનો સવાલ હતો.

'કેમ પૂછવું પડ્યું રવિના ?'

'ના આન્ટી, મારું બર્થ સર્ટિફિકેટ કે તેની કૉપી મળે ?'

'સ્ટૉર !'

અને સર્ટિફિકેટની કૉપીમાં રવિના મિત્તલ વાંચી તે થોડી મુંઝાઈ. 'પોતાની માતા પર શક કરતી હતી ? કેમ ? તો પછી પોતાની જ મળતી સૂરતનો એ માનવી કોણ હશે ? આટલી સરખી મૂરત હોય ! તેના પુત્રની સૂરત પણ એવી જ હતી. મમ્મી કૉફી પ્લાન્ટેશન પર કામ કરતી હતી ? એ આ શ્રીવાસ્તવ જ હશે ?

રવિ, જેની ને માર્ક ગયા કે રવિના ડૉક્ટરની ઑફિસમાંથી વસુંધરાની ઑફિસમાં સ્ટોરમાં ગઈ. ત્યારે જ વસુંધરાએ ફોન પૂરો કર્યો. 'આવ, આવ, રવિના ! કેવું લાગે છે કામ ?'

'કામ સરસ છે, મમ્મી ! શર્મિલામાસી ને મનીષમાસા ખૂબ મદદ ને માર્ગદર્શન આપે છે.'

શર્મિલા મોટી પણ થઈ ગઈ હતી ને વિશ્વાસના પુત્ર મનીષને પરણી હતી. બંને ત્યાં સ્ટોરમાં જ કામ કરતાં હતાં. રવિના શર્મિલાથી થોડી મોટી પણ તેનું મન ક્યાંય ઠરતું નો'તું. શર્મિલા સોળ-સત્તરની જ, પણ લગ્ન જલદી કર્યાં ને હમણાં જ તેણે સમાચાર આપ્યા કે તેની સોનોગ્રાફીથી ખબર પડી કે તેને દીકરી આવવાની છે. વસુએ તે સમાચાર રવિનાને આપ્યા. ત્યાં વસુનો સેલફોન બજ્યો. વિશ્વાસ હતો. 'હું પાછી ફોન કરું છું.' કહી વસુએ ફોન મૂક્યો.

'મમ્મી ! ઇમ્પોર્ટન્ટ ન હોય તો મારે તારી સાથે થોડી વાતો કરવી છે.'

'હા, બોલ !'

'તું ટંઝાનિયામાં કોના કૉફી પ્લાન્ટેશનમાં કામ કરતી હતી ?' અજાણતાં જ વસુથી બોલાઈ ગયું, 'શ્રીવાસ્તવ પ્લાન્ટેશન !' અને બીજી જ પળે રવિનાના ચહેરાના ભાવ બદલાતાં જોઈ સજાગ બની ગઈ. 'કેમ ? કેમ પૂછવું પડ્યું.'

'તું રવિ શ્રીવાસ્તવને ઓળખે છે ?' જાણે બૉમ્બ પડ્યો, પણ વસુ વિચક્ષણ હતી. 'હા ! અમારા પ્લાન્ટેશનના માલિકનો પુત્ર હતો. વધુતર અભ્યાસ માટે લંડન જ રહેતો.'

'તારે કંઈ પરિચય ?'

'વૅકેશનમાં ઘરે આવે ત્યારે જોતી. દીકરી ! હું તો રસોયણ હતી. માલિક કે માલિકના પુત્રોનો પરિચય ક્યાંથી કેળવાય ?'

'મમ્મી ! હું અધૂરે મહિને કેમ જન્મી ?' વસુંધરા હવે ચોંકી.

'તું કેમ આવા પ્રશ્નો પૂછે છે ? ઘણાને અધૂરે મહિને બાળકો આવે. તેથી શું ?'

'હું ડૉ. નાડકર્ણીને મળીને આવી.' કહી રવિના વસુંધરાના ચહેરાના ભાવો અવલોકી રહી. ક્ષણ વારમાં ચોંકવાના ભાવો વસુએ દક્ષતાથી છુપાવ્યા.

રવિનાને થયું આમ ગોળગોળ વાતો કરવાથી ફાયદો નથી.

'મમ્મી ! આજે આપણા સ્ટોરમાં શ્રીવાસ્તવ – રવિ તેની પત્ની ને પુત્ર સાથે આવેલા. મી. શ્રીવાસ્તવનો યુવાન ચહેરો મારા જેવો લાગે. તેમના પુત્રનો ચહેરો પણ તેમના પિતાને મળતો આવે છે. હું ખૂબ મુંઝાઈ ગઈ છું.' રવિનાની આંખોમાં ક્રોધનાં આંસુ આવ્યાં.

વસુંધરા ખુરશીમાંથી ઊભી થઈ રવિના પાસે આવી. તેનું માથું ચાંપી બોલી, 'બેટા ! દુનિયામાં સંજોગોવશાત્ ઘણાના ચહેરા મળતા આવતા હોય છે. તેથી શું ? તને મને મારા પર શક છે ?'

'મમ્મી ! અહીં આવતા પહેલાં તારે મી. શ્રીવાસ્તવ સાથે એવા કોઈ સંબંધો હતા ?'

હવે વસુંધરા પાસે છટકવાનો કોઈ રસ્તો નો'તો. વિશ્વાસના શબ્દો તેને યાદ આવ્યા, 'વસુ ! વાત વિસ્ફોટક ન બને તે પહેલા રવિનાને સાચી હકીકત જણાવી દે.'

'હું કહીશ તો તું માનીશ ? તને મિત્તલ તરીકે જ ઉછેરી છે. એમ કહું કે રવિ મારો લાભ લઈ, તરછોડી કાયરની જેમ ચાલ્યો ગયો તો તું માનશે ?'

રવિના સ્તબ્ધ બની ગઈ. પહેલી જ વાર તેણે મમ્મીની આંખોમાં આંસુ જોયા. 'પણ મમ્મી ! મારા પિતા એવું કરી શકે ?'

'હા, બેટા કરી શકે. તેં જ તેમને તેમના પરિવાર સાથે જોયા ને ? અને જન્મ આપે એ જ પિતા ન કહેવાય. લક્ષ્યે તને કદી પિતા તરીકેની કમી જણાવા દીધી છે ? છતાંય તને પુરાવા જોવા હોય તો ઊભી રહે.' કહી વસુંધરાએ વિશ્વાસને ફોન કર્યો ને બોલી, 'વિશ્વાસ ! રવિના તને કંઈ પૂછવા માગે છે.' કહેતા તેનો સ્વર ધ્રુજ્યો. વિશ્વાસ સમજી ગયો. તેણે બધી સત્ય હકીકત રવિનાને જણાવી. રવિનાના

મનનું સમાધાન એ તત્કાળ પૂરતું થયું, પણ ખટક રહી ગઈ કે માતાએ તેને સત્ય હકીકતની બહુ મોડી જાણ કરી. ત્યારે તો એ કશું ન બોલી, પણ માતાએ તેને પિતા વિહોણી રાખી તે જાણે મોટો ગુનો હોય તેમ વસુંધરા સાથે બોલવાનું ઓછું કરી નાંખ્યું. ગંભીર બની ગઈ ને બે મહિના પછી વસુંધરા પાસે આવી, 'મમ્મી ! મેં રોયલ ઍકેડમી ઑફ એક્ટિંગમાં ઍડમિશન લઈ લીધું છે. કૉલેજની હોસ્ટેલમાં જ રહીશ. ત્રણ વરસનો કોર્સ છે.' તેના અવાજમાં નિશ્ચયનો રણકો હતો.

વસુંધરા શું કહે ? સૌ પોતપોતાનાં નસીબ લઈ આવે છે. માની મન મનાવ્યું. ત્યાં હેન્રી સૉલિસિટરનો ફોન આવ્યો.

: ૨૭ :

'ગુડ આફ્ટરનૂન !' શ્રીવાસ્તવ નિવાસના બંગલાની ઘંટડી વાગી ને નોકરે બારણું ખોલ્યું.

'ગુડ આફ્ટરનૂન ! તમે...?'

'મારું નામ હેન્રી. મી. રણજિત શ્રીવાસ્તવ સાથે ઍપૉઇન્ટમૅન્ટ છે.'

'આહ ! સર તમારી રાહ જ જોઈ રહ્યા છે. આવો.' બંનેને અંદર આવકાર આપી લાઇબ્રેરીમાં લઈ જવાયા.

'તમે આરામથી બેસો. સર હમણાં જ આવશે.'

'વસુંધરા ! બંગલો તો સરસ છે. ચારેબાજુ હરિયાળી સરસ છે. જાણે ઊંચે ટેકરી પર બાંધેલો છે. બાગ-બગીચામાં ફૂલોના છોડ પણ સરસ છે. અંદરથી પણ ખૂબ વિશાળ લાગે છે. આ લાઇબ્રેરીમાં પુસ્તકો પણ ઘણાં સારાં છે. ત્યાં ખૂણામાં જ ટેબલ પર ડ્રિન્ક્સની બૉટલ્સ હતી, પણ નોકર કંઈ ઑફર કરીને ગયો નો'તો તેથી બંને બેઠા. મુખ્ય સોફામાં હેન્રી બેઠો. વસુંધરા દૂર ખૂણામાં જઈ એક બારી પાસે નાના ટેબલ પાસે બેઠી. લાઇબ્રેરીમાં પ્રવેશતાં તેની તરફ ધ્યાન ન જાય તે રીતે બેઠી.

'એક જ નોકર હશે ?'

'ના હતા તો ચાર. તેમાંથી જુલી અત્યારે મારી પાસે છે. હેડ કૂક હતો, તે મૃત્યુ પામ્યો છે. તેની નીચે કામ કરનારા મિસિસ ટર્નર અત્યારે ખૂબ વૃદ્ધ થવાથી રિટાયર છે અને ચોથી હું. હું પણ તેમને ત્યાં આફ્રિકામાં રસોયણ તરીકે કામ કરતી.'

હેન્રી તો આ અદ્ભુત સ્ત્રીને જોઈ રહ્યો. લંડનમાં તેની પ્રગતિ ને ઉત્કર્ષ તેણે જોયાં હતાં, પણ વસુંધરાને આવો અતીત હોઈ શકે તેવી તેને કલ્પના પણ નો'તી. વસુંધરા અને રસોયણ ! આજે કરોડોની માલિક !

'અને સિનિયર શ્રીવાસ્તવ ?'

'હેન્રી ? તેમની મને દયા આવે છે. તેઓ જ મને ભારતના આસામના ચાના બગીચામાંથી મારા પિતા – તેમના મિત્ર ને મારી માતા સાથે ટંઝાનિયા લઈ ગયેલા. બહુ લાંબી કહાની છે. ફરી કોઈ વાર જરૂરથી જણાવીશ.'

'તો તેં આ બધું પડાવી...' એના શબ્દો મોંમાં જ રહી ગયા. વસુંધરા જાણે અતીતમાં ખોવાઈ ગઈ. એ અર્ચના શ્રીવાસ્તવ જેમને મલ્ટિપલ સ્કેલરોસીસનું દર્દ હતું. ક્યારેક ખેંચ આવી જતી. ક્યારેક હાથપગ તણાઈ જતા ક્યારેક કંટ્રોલ ન રહેતા મૂત્ર વ છૂટી જતું એ બધું પોતે સાફ કરતી. અર્ચનાને નવડાવી, ધોવડાવી કપડાં પહેરાવવાનું કામ કરતી, રૂમ સાફ કરતી, અમરનાથને તેના દીકરાઓ તથા સાળી સ્વરૂપ આન્ટી માટે રસોઈ બનાવતી ! ક્યાં એ જાહોજલાલી ને ક્યાં અત્યારે લકવાથી અપંગ બની ગયેલા અમરનાથ !

હેન્રી વસુંધરાને જોઈ રહ્યો. પહેલી વાર આ જાજરમાન સ્ત્રીને મહાન ઉદ્યોગપતિ મી. મિત્તલને ત્યાં મળ્યો હતો. શું તેની વ્યાપારી કુનેહ ને પૈસા રોકવાની આવડત ! એ સ્ત્રી કદીક ગરીબાઈમાં કોઈને ત્યાં, એમાંય આ શ્રીવાસ્તવ ખાનદાનને ત્યાં કામ કરતી હોય તે માની શકાય ? અત્યારે જમાના સાથે કે તેનાથી પણ આગળ કદમ માંડી. જમાનાને અનુરૂપ બદલાવ લાવી, કેવી ભલભલાને પાણી ભરાવી રહી છે ! આભને પણ પલકે ઝુકાવી દીધું છે.

'શું જોઈ રહ્યો છે મારી સામે હેન્રી ?'

'હં !' હેન્રી ધરતી પર પાછો આવી ગયો. 'ના, ના મનોમન તારી પ્રશંસા કરી રહ્યો હતો ને ગત વર્ષોમાં તારી મુલાકાત મી. મિત્તલનો તારા પરનો ભરોસો એ બધું યાદ કરી રહ્યો હતો.

'ઘણી જગ્યાઓ ને માણસો કંઈ કંઈ યાદો ઝંઝોળી કાઢે છે નહીં ?' અને લાઇબ્રેરીનું પ્રવેશદ્વાર ખૂલી ગયું. રણજિત શ્રીવાસ્તવ તેના ભારે શરીરનો ભાર ઊંચકી માંડ માંડ ચાલતો દેખાયો. એણે વસુંધરાને તો ન જોઈ પણ ઉતાવળે જાણે હેન્રીને ખુશ કરવા માંગતો હોય તેમ શેકહેન્ડઝ કરવા હાથ લંબાવી આગળ વધ્યો.

હેન્રી ઊભો થયો. શેકહેન્ડઝ કર્યા ને બોલ્યો, 'પ્લીઝડ ટુ મીટ યુ !' અને રણજિતના બેહદ જાડા બેડોળ શરીરને જોઈ રહ્યો.

'તમે શું લેશો ? આપણે બિઝનેસની વાતો કરીએ તે પહેલાં ?' તેણે ડ્રિન્ક્સ સામે હાથ લંબાવ્યો.

'નો થેંક્યુ !'

'મારે તો બ્રાન્ડી લેવી જ પડશે. આદત થઈ ગઈ છે.' તેણે ડ્રિન્ક્સ ગ્લાસમાં રેડ્યું ને જેવો પાછળ ફર્યો તેણે વસુંધરાને ખૂણામાં ટેબલ પાસે બેઠેલી જોઈ. તેની આંખો માન્યામાં ન આવતું હોય તેમ ફાટી રહી અને બરાડી ઊઠ્યો, 'વૉટ ધ હેલ ! તું અહીં શું કરે છે ?'

'હું મી. હેન્રી સૉલિસિટર સાથે આવી છું.' તીક્ષ્ણ નજરે પણ સ્વસ્થતાથી વસુંધરા બોલી.

'તને અહીં કોણે બોલાવી છે ? અને તારી અમારી રસોયણની જુર્રરત કે તું મારા ડેસ્ક પર બેઠી છે ?'

'મી. રણજિત ! પહેલા તો હું તમારી હવે રસોયણ નથી. તમને ખબર છે કે હું કોણ છું ? ને આ ડેસ્ક તો તમારા પિતા અમરનાથનો છે ને ? પણ તમારી જાણ ખાતર એ ડેસ્ક હવે મારો છે.'

'તારો ડેસ્ક ? શું વાત કરે છે તું ?' રણજિતે પગ પછાડ્યો ને પછી હેન્રી તરફ ફરી બોલ્યો, 'શું વાત છે આ બધી મી. હેન્રી ? આનો અર્થ શું છે ? મેં તો આ ઘરને મિલ તો એલન સ્મિથ અને કંપનીને વેચ્યા છે ? તમે જ મને ફોનમાં કહ્યું હતું કે તમેં એ કંપની તરફથી નિમાયેલા છો. તો આ સ્ત્રી તમારી સાથે શા માટે આવી છે ? એ પણ મારા ઘરમાં ? તમને એ હક્ક નથી.' ને વસુંધરા તરફ ફરી બોલ્યો, 'ગેટ આઉટ ! ગેટ આઉટ ! અમારી પ્રાઇવેટ મિટિંગમાં તારી કોઈ જરૂરત નથી, સમજી !'

વસુંધરા એકદમ શાંત રહી પછી બોલી, 'મી. શ્રીવાસ્તવ તમે ભૂલી જાઓ છો કે તમે મિસિસ મિત્તલ સાથે વાત કરી રહ્યા છો. હું શું છું ને કોણ છું તેની તો તમને જાણ છે જ. છતાં કહી દઉં કે મારો અહીંથી જવાનો કોઈ ઇરાદો નથી. તમને ખબર ન હોય તો કહી દઉં એલન સ્મિથ ઍન્ડ કંપની હું જ છું.'

પહેલા તો રણજિત એનો અર્થ પકડી ન શક્યો, પણ જાણે પરદો ઉપડતાં સ્ટેજ પરનું પાત્ર ચોખ્ખું દેખાય તે હડબડી ઊઠ્યો, 'તું... આઇ મીન તમે એલન સ્મિથ ઍન્ડ કંપની ?'

'હા, હું.' વસુંધરાએ પર્સમાંથી એક કાગળ કાઢ્યો. 'જુઓ આમાં ઘરની ઇન્વેન્ટરી છે. ઘર મેં ખરીદ્યું છે તેથી આ ઘરની બધી માલમત્તા મારી જ કહેવાય ને ? એટલે આ ડેસ્ક પણ મારું થયું ને ? મારી કંપનીનો ચેકનો પહેલો હપતો તમને મળી ગયો ને ચેક કેશ પણ તમે કરાવી લીધો છે. એલન સ્મિથ ઍન્ડ કંપની, મિત્તલ ઍન્ટરપ્રાઇઝની સબસીડીયરી છે.'

ધબ્બ દઈ તે ખુરશીમાં બેસી ગયો. 'ઓહ ગૉડ ! પોતાને ત્યાં કામ કરતી રસોયણ આજે શ્રીવાસ્તવ નિવાસની માલિક ! બને જ નહીં. તેણે હેન્રી સામે જોયું. 'આ... આ... સાચું કહે છે ?'

'હા, સાવ સાચું.'

'તમે ઍપૉઇન્ટમૅન્ટ લીધી ત્યારે મને કેમ કહ્યું નહીં કે આ પણ તમારી સાથે આવવાના છે ?'

'તેઓ માલિક છે. હું તેમનો સૉલિસિટર છું. તેઓ કહે તેમ મારે કરવાનું હોય.'

રણજિત હાથમાંના ગ્લાસને તાકી રહ્યો. 'ઉફ ! ખબર હોત કે આ એલન સ્મિથ ઍન્ડ કંપનીની માલિક છે તેણે કદી આ સોદો ન કર્યો હોત. તેને એલન પર એવું ખુન્નસ ચડી આવ્યું કે અત્યારે એલન સામે હોત તો તેનું ગળું દબાવી દીધું હોત, પણ હવે શું થાય ? પહેલા હપતાનો ચેકનો ઉપયોગ પણ જુગારના દેવા પેટે વપરાઈ ગયો હતો. તે ફસાઈ ગયો હતો.

વસુંધરા ઊભી થઈ. સોફા પાસે ગઈ. પગ ક્રોસ કરી આરામથી બેઠી ને બોલી, 'કોન્ટ્રેક્ટની શર્તો મુજબ તમારે આ ઘર ક્યારનુંય ખાલી કરી દેવાનું હતું. તેની નીલી આંખો અત્યારે ચમકી રહી, પણ તમને એમ કરવા એક અઠવાડિયું વધારે આપું છું.'

સ્તબ્ધ બની રણજિત જોઈ રહ્યો. 'એ મારા માટે શક્ય નથી. મને થોડો વધુ વખત જોઈએ છે.'

'એક જ અઠવાડિયું.' વસુંધરાના અવાજમાં પોલાદની સખ્તાઈ આવી. તમારી પર્સનલ વસ્તુઓ અહીંથી ને વુલન મિલની ઑફિસમાંથી તાકીદે ખસેડવી પડશે. નહીં થાય તો બૉક્સીઝમાં ભરી બધું મિલના યાર્ડમાં મૂકી દેવામાં આવશે. તમારી સગવડે લઈ જજો. તમે તમારી મિલ પણ વેચી છે ને ?'

એની સાથે તમારે શું નિસ્બત ? જે કંપનીને વેચી છે તે તો...'

'એ કંપની પણ મિત્તલ ઍન્ટરપ્રાઇઝની સબસીડીયરી છે, મી. શ્રીવાસ્તવ.'

'પણ એલને મને કંઈ કહ્યું નથી.'

'એમને કહેવાનો અધિકાર નથી. તેઓ મારી નીચે કામ કરે છે ને હું કહું તેટલું જ કરવાનો તેમને અધિકાર.'

'તેં જ, તેં જ આ બધી જાળ રચી મને ફસાવ્યો ?' રણજિતે ચીસ પાડી કહ્યું.

'જુઓ મી. શ્રીવાસ્તવ તમે તમીજ ભૂલી રહ્યા છો.' રણજિત ક્રોધનો માર્યો ધ્રૂજી ઊઠ્યો. પોતાનું શ્રીવાસ્તવ કુટુંબનું બધું જ હવે વસુંધરાની માલિકીનું ? તેને થયું તેનું મગજ ફાટી પડશે. આણે તો એની જિંદગી બરબાદ કરી નાંખી. માનવી પોતાની ભૂલો કેવી સહેલાઈથી ભૂલી જાય છે. બંને ભાઈઓએ વસુંધરાની જિંદગી બરબાદ કરી કે કરવા પ્રયત્ન નથી કર્યો હવે ? રણજિતને થયું હવે તો યૉર્કશાયર ટાઇમ્સના પબ્લિશિંગ હાઉસમાં થોડા શૅર્સ રહ્યા. બસ, ખલાસ ! કંગાલ થઈ ગયો તે.

હેન્રી પણ આ બરબાદ થઈ ગયેલ આ માનવીને જોઈ રહ્યો. તેણે વસુંધરા સામે જોયું. એ એટલી જ સ્વસ્થતાથી સોફામાં બેઠી હતી. તેની નીલી આંખોમાં નર્યો પોલાદ ભર્યો હતો. તેની સખ્તાઈથી હેન્રી પણ ધ્રૂજી ઊઠ્યો. 'નો વન્ડર ! વ્યાપારમાં

નિષ્ઠુરતા ન હોય તો વસુંધરા અત્યારે જ્યાં પહોંચી છે ત્યાં ન પહોંચત. સસરા જેવું જ સૌમ્ય છતાં સખત વલણ !

હતાશ રણજિતે માથું છાતી પર ઢળેલું હતું તે ઊંચક્યું. વસુંધરા સામે જોયું. નર્યો ધિક્કાર તેમાં ભર્યો હતો. તેની આંખોમાં પાછું ખુન્નસ ભરેલું દેખાયું. 'મને બરબાદ કર્યો, મારું બધું પડાવી લીધું.'

'મી. રણજિત પંદર વરસ પહેલાં મારા પર બળાત્કાર કરવા જતા તમને એ ખ્યાલ નો'તો ? મારા જીવનમાં હું એ દિવસ કદી નહીં ભૂલું અને હવે તમે આ દિવસ કદી નહીં ભૂલો, ભૂતાવળ બની આ દિવસ તમને નચાવશે. મેં એ જ દિવસે પ્રતિજ્ઞા લીધી હતી કે તમને બંને ભાઈઓને મારું જીવન બરબાદ કરવા માટે તમને બરબાદ કરીશ.'

લાઇબ્રેરીમાં કોઈનું ધ્યાન વ્હીલચૅર પર બેઠેલા અમરનાથ દરવાજામાં બધું સાંભળી રહ્યા હતા. જીવનનું સત્ય જાણી તે સ્તબ્ધ બની ગયા.

રણજિત ધીમે ધીમે ઊભો થયો. આ અપમાને તેની બધી સીમાઓ ઉલ્લંઘાઈ ગઈ. તે વસુંધરા તરફ આગળ વધ્યો. તેની આંખો ફાટી રહી હતી. વસુંધરાને મારવા તેનો હાથ ઊંચો થયો.

હેન્રી તરત ત્વરાથી બંને વચ્ચે આવી ગયો. નીચે આવતા હાથને તેણે પકડી લીધો ને મરડી વાંકો વાળી દીધો અને જોરથી ખુરશીમાં બેસાડી દીધો.

'મી. શ્રીવાસ્તવ ! ફરી કદી આવી ભૂલ ન કરતાં. જેલમાં ચક્કી પીસવી પડશે. મિસિસ મિત્તલની સત્તાનો તમને હજી પરચો નથી થયો ? પ્રાઇમ મિનિસ્ટર સુધી તેમની પહોંચ છે એનું ભાન તમને નહીં હોય. ફરી કદી એવી હિંમત ન કરતા.' ને એક જોરદાર લાફો રણજિતને માર્યો. રણજિત ખુરશી પરથી નીચે ફસકી પડ્યો.

હેન્રી વસુંધરા તરફ ફર્યો. 'વસુ ! આ જાનવરે તને હેરાન કરી હતી ? તેં કદી એ વાત ન કરી ?'

'હેન્રી ! ઘરની વાત ઘરમાં જ રહે તે સારું સમજી કશું બોલી નો'તી.

હેન્રી રણજિત તરફ ફરી બોલ્યો, 'ઊભા થવું છે ?' હાથ આપી તેને ઊભો કરી ખુરશીમાં બેસાડ્યો. 'હવે કામની વાત કરશું ? તમારે ઘરના ઇન્સ્પેક્શન માટે ટૂર આપવી પડશે. તૈયાર છો ?'

વસુંધરા તરફ તિરસ્કારયુક્ત નજર નાંખી બોલ્યો, 'આ માટે તમને હું છોડીશ નહીં.'

'રસી જલી ગઈ, પણ બળ નથી ગયો હજી.' અને બધા જવા માટે ઊભા થયા. લાઇબ્રેરીના દરવાજામાં નિઃસહાય અમરનાથને જોઈ વસુંધરાને અનુકંપા થઈ. રણજિતે પિતાને જોયેલા, પણ તેમની આંખોમાં ક્રોધ જોઈ કશું ન બોલતાં બાજુમાંથી

પસાર થઈ ગયેલો. વસુંધરા અમરનાથની વ્હીલચૅર પાસે બેસી ગઈ.

'અંકલ ! તમે બધું સાંભળ્યું ને ? રવિએ મને દગો દીધો ને રણજિતે...' અમરનાથે જે હાથ સારો હતો તેનાથી વસુંધરાનું મોં બંધ કર્યું. ઇશારાથી સમજાવ્યું બંને હાથ જોડી જાણે એ લોકો વતી માફી માંગતા ન હોય !

'અંકલ ! તમારે માફી નથી માંગવાની. એ લોકોએ માંગવાની છે અને એક વાત કહું ? તેમને પાઠ ભણાવવા જ મેં આ બધું કર્યું છે, પણ તમારે તો આ ઘરમાં જ રહી તેનું ધ્યાન રાખવાનું છે.'

અમરનાથે હાથના ઇશારાથી બાળક ક્યાં છે. તે પૂછ્યું ?

'અંકલ ! અત્યારે તો એ અઢાર વરસની થઈ ગઈ. રવિના તેનું નામ છે. તમારા રવિ પરથી. કૉલેજમાં જાય છે હવે અને અંકલ આ ઘર હવે તેના નામનું થશે. તમારો વંશજ આ ઘર સંભાળશે.' બૅલ મારી નોકરને બોલાવ્યો ને અમરનાથને તેમના રૂમમાં લઈ જવા સૂચવ્યું.

'અંકલ ! કદીક તમને મેળવીશ રવિના સાથે.'

હેન્રી તો એક પછી એક આંચકાથી સ્તબ્ધ થઈ ગયો.

'વસુંધરા ! આ શું સાંભળ્યું મેં ?'

'હા, હેન્રી સત્ય હકીકત છે. રવિનાને એ બાબતનો શક છે. રવિ હમણાં તેની પત્ની ને પુત્ર સાથે વૅકેશનમાં આવેલો ત્યારે સ્ટોર પર મળ્યો હતો, પણ તેણે કંઈ વાત કરી ન હોય તેવું લાગ્યું. રવિનાને મેં સત્ય હકીકત જણાવી દીધી છે. તે મુંઝાઈ ગઈ છે, પણ ધીમે ધીમે તેનું મન ક્લીયર થશે, પણ આ વાત મારા કુટુંબના કોઈ પણ સદસ્યને કરવાની નથી. રવિના મિત્તલ છે ને મિત્તલ જ રહેશે.'

'તો રવિ પરનો તારો બદલો ?'

'હેન્રી ! અમરનાથે બંને મિલ ને પબ્લિશિંગ હાઉસના શૅર્સ રવિને આપ્યા છે. હવે મિલો તો આપણી થઈ તેથી તેના પર અસર તો પડશે જ ને ? હવે બાકી રહ્યું પબ્લિશિંગ હાઉસ.'

'વસુ ! કઈ વાતની તને ખબર નથી !'

વસુંધરા ધીમું હસી.

'તો પબ્લિશિંગ હાઉસ તું કેવી રીતે...'

'હેન્રી ! જો તો જા બધું. તારે જ એ કોન્ટ્રેક્ટ કરવો પડશે ને ! હવે આપણે બંગલો ફરીને જોઈશું ?'

'વસુંધરા ! અદ્‌ભુત સ્ત્રી છે તું ?'

'હવે તું ચાલીશ ? આટલાં વરસોથી મને નથી જાણતો ?' બંનેએ ઘર જોયું. રાચરચીલું જોઈ બંને છક્ક થઈ ગયાં. આફ્રિકાના પૈસાનો અમરનાથે ખૂબ સદ્‌ઉપયોગ કરેલો.

બંને બહાર આવ્યાં. વસુંધરાની આંખો સખત થઈ.

'હેન્રી ! રવિના શ્રીવાસ્તવ ન હોત તો આ બંગલો મેં બુલડોઝર ફેરવી જમીનદોસ્ત કરાવ્યો હોત.'

હેન્રી વસુંધરાના હૃદયમાં પ્રજ્જ્વળતી વેરની જ્વાળાઓને જોઈ રહ્યો. રણજિત બે દિવસમાં જ બંગલો છોડી ગયો અને વસુંધરા મિત્તલની રોલ્સરોય શ્રીવાસ્તવ વુલન મિલમાં દાખલ થઈ. બધા વર્કર્સને કમ્પાઉન્ડમાં ભેગા કર્યા ને તે મન્ચ પરથી બોલી, 'ભાઈઓ તથા બહેનો ! પહેલાના માલિકના મીસ મૅનેજમૅન્ટ – ગેરવ્યવસ્થાને લીધે મિલને બહુ નુકસાન થયું છે. કપડાના ભાવ ગગડી ગયા છે. એ માટે ઘણા વર્કર્સને પહેલાના મૅનેજમૅન્ટે બરતરફ કરેલા. તાત્કાલિક તો હું તેમને પાછા લઈ શકતી નથી. થોડો વખત મને આપો. જેઓને હજી કામ નથી મળ્યું. તે બધાને હું પાછા રાખી લઈશ. મિલ હું બંધ નથી કરવાની. નચિંત રહેજો, પણ મિલને પાછી પાટે ચડાવવા મને તમારા સાથની જરૂર છે. મિલની આસપાસમાં રહેતા વર્કર્સે ગામ છોડી જવાની જરૂર નથી.

બધા મજદૂરો ને સુપરવાઇઝરો ખુશ થઈ ગયા. તેમની ચિંતા ટળી ગઈ. વસુંધરાના જાજરમાન રૂપને બધા જોઈ રહ્યા. હેન્રી આ સ્ત્રીના નવા રૂપને જોઈ રહ્યો.

કારમાં જતાં એક મોટા ચોગાન પાસેથી પસાર થતાં વસુંધરા બોલી, 'હેન્રી, મદન ને મુંજાલ હવે મોટા થઈ ગયાં. તેઓએ બિઝનેસમાં ડિગ્રી લેવા કૉલેજ જોઇન કરી છે. આ મિલો પગભર થતાં બંનેને આમાં મૅનેજિંગ ડિરેક્ટર તરીકે બેસાડી દઈએ તો ? મારાં બાળકોને હવે બિઝનેસમાં પલોટવાં પડશે ને ?'

અને એ ચોગાન તરફ જોતાં તે બોલી, 'હેન્રી ! આ જમીન આપણને વેચાતી મળી શકે ?'

'તો તપાસ કરી ખરીદી લઈએ.'

'કેમ ?'

'આ જમીનને પાર્કમાં ફેરવવી છે. આપણી મિલોના વર્કર્સનાં બાળકોને રમવા માટે કોઈ જગ્યા નથી. સ્ત્રીઓને સાંજે બેસવા માટે કોઈ સ્થળ નથી અને પાર્કનું નામ શું આપશું ખબર છે ?'

'શું ?'

'લક્ષ્ય પાર્ક !'

હેન્રી વસુંધરાની આંખોમાંથી નીતરતો સ્નેહ જોઈ રહ્યો. સપનાં સેવવાં એ એક વાત છે ને તેમને આકાર આપવો એ એક વાત છે.

એ તો વસુંધરા પાસેથી જ કોઈ શીખી શકે.

: ૨૮ :

સમય અવિરત પ્રમાણે પસાર થતો રહ્યો. વ્યાપારમાંથી ઉદ્યોગો ફેલાવતા સમય ક્યાં સરી જાય તેનું ભાન માનવીને રહેતું નથી.

વસુંધરાએ શ્રીવાસ્તવ ફૅમિલી-કુટુંબમાંથી એકને પરાજય આપ્યો, પણ જે કાયર થઈ ભાગી નીકળેલો તેનો વારો હવે લાવવો જ પડશે એવી શતરંજ તે બિછાવવા લાગી. શ્રીવાસ્તવ બંગલો લઈ લીધે બે વરસ થયાં. આમેય વસુંધરાને યૉર્કશાયર પહેલેથી પસંદ હતું. ત્યાંની હરિયાળી જમીન તેને હંમેશાં આકર્ષતી. તેણે પાર્ક તો બનાવ્યું, પણ એક ઉંચાણવાળી જગ્યાએ જમીન લઈ અદ્યતન વિલા બનાવી. જે સમરહાઉસ ગણાતું. નામ આપ્યું વહાલા પિતાતુલ્ય સસરાનું. લક્ષ્મી વિલા !

મદન ને મુંજાલને ત્યાંની બંને મિલોમાં મૅનેજિંગ ડિરેક્ટર બનાવી દીધા. વિશ્વાસ જે પોસ્ટ પર હતો. ફાઇનાન્સિયલ ઍડવાઇઝર ને કૉર્પોરેટ ફાયનાન્સિયલ ઑફિસર. પૈસાનો સંપૂર્ણ કબજો ને હિસાબ તે રાખતો. મદન ને મુંજાલને સારામાં સારી સેલરી-પગાર મળતાં. સમયની સાથે યુવાનીમાં પગલાં માંડતા બંનેના લગ્નની તૈયારી થવા લાગી. બંને ઇંગ્લૅન્ડમાં જન્મી ને ઉછેર પામ્યા હતા. જો તેઓની કોઈ મનપસંદ ગર્લફ્રેન્ડ-સ્ત્રીમિત્ર હોય તો વસુંધરા તેમની સાથે લગ્ન કરાવવા માંગતી હતી.

ત્યાં એક દિવસ વિશ્વાસનો ફોન આવ્યો. 'વસુ ! અમરનાથ ખૂબ બીમાર છે. ન્યુમોનિયા થયો છે. નથી લાગતું તેઓ બચે. તેમની સાર સંભાળ તો અત્યાર સુધી રાખી. તેઓ રવિને બોલાવવા માંગે છે ને રવિનાને જોવા ઇચ્છે છે. બોલો, શું કરશું ?'

'વિશ્વાસ ! રવિ તેના પિતાને જોવા આવે તેમાં આપણે ના ન પાડી શકીએ. વાત રહી રવિનાની. હું કહીશ તો નહીં માને. તું ફોન કરીશ તેને ? જ્યારે તે અમરનાથને મળવા માંગે ત્યારે હું પણ આવી જાઉં અને રવિ આવે ત્યારે આ મિલન યોજાય તો સારું, જેથી રવિનાના મનની કડવાશ દૂર કરવા જે પુરવાર કરવાનું છે તે હું કરી શકું.'

'શર્મિલા ને મનીષ કેમ છે ?'

'વિશ્વાસ ! તારો દીકરો પૂરેપૂરો કાબેલ છે. મારો બિઝનેસ સંભાળવા લાગ્યો છે. શર્મિલા તો હવે તું દાદો ક્યારે બને તેની રાહ જોઈ રહી છે.'

'બસ ખુશ થયો. બધું નક્કી થતાં તને જણાવીશ.'

વસુંધરા વિશ્વાસ જેવા મિત્રને પામી ધન્ય થઈ ગઈ હતી. તેનો દીકરો પણ તેના જેવો જ હતો અને શર્મિલા ? વસુંધરા રવિના, મદન ને મુંજાલની મનોવૃત્તિથી

પરિચિત થતી જતી હતી. તેઓ વસુંધરાને ખૂબ માન આપતા છતાં પ્રેમ કેટલો હશે તેની તેને ખાતરી નહોતી. એક શર્મિલા જ તેને ભરપૂર પ્રેમ આપતી. તેને ને મનીષને દોલતની ખેવના નો'તી. વસુંધરા વિચારી રહી. 'જીવન આપણું હોય છતાં પણ બધું જ આપણા ધાર્યા પ્રમાણે થાય એ શક્ય નથી, પણ વસુંધરાનો મોટામાં મોટો ગુણ પરિસ્થિતિની વાસ્તવિકતા ને નખશિખ ઓળખીને ભાગી છૂટવાને બદલે હાથ લંબાવી તેને સ્વીકારી અપનાવી લેતી.

રવિનાની જુદાઈથી અંતરમાં જલતી, પણ જાણતી હતી કે છોકરાંવ હવે યુવાન થવા લાગ્યાં હતાં. પોતાની જિંદગીમાં ગોઠવાવાં લાગ્યાં હતાં, કાલે પરિવાર વધતાં તેમનાં મન તેમનાં બાળકોમાં પરોવાશે. પોતે, પોતે આધેડમાંથી વૃદ્ધ થશે. જ્યાં સુધી તેની જરૂરત હશે ત્યાં સુધી જ તેને માનસન્માન મળશે. ભારરૂપ થશે ત્યારે નર્સિંગહોમમાં ! એટલે જ તો શરીરે નરવી હોવાથી, મગજ તેજ હોવાથી, વનમાં તો ક્યારનીય પ્રવેશી ગઈ હતી છતાં બિઝનેસની ડોર હાથમાં જ રાખી હતી. સાચો ઉત્તરાધિકારી કોણ ? શર્મિલા કે તેનો વંશ ? તો તો હજી બીજાં પંદર સત્તર વરસ તેણે હજી ખેંચવાનાં રહ્યાં.

ત્યાં જ વિશ્વાસનો ફોન આવ્યો. 'વસુ ! રવિ આવી ગયો છે ને રવિના સાથે વાત થઈ છે. મેં જ્યારે જણાવ્યું કે તેના દાદાને તેને મળવું છે ત્યારે મને એ વાતની ખબર છે જાણી તાજ્જુબ થઈ, પણ આપણા બંનેનો સંબંધ જાણી પ્રશ્નો ન પૂછ્યા. આ શનિવારે આવવાની છે. મેં રવિ અહીં છે કે તું આવવાની છે તે મેં તેને જણાવ્યું નથી.'

'ઓકે વિશ્વાસ ! સારું કર્યું. મળીએ શનિવારે ત્યારે.' અને વસુંધરાનું આ ઉંમરે પણ રવિને પાછું મળાશે એ વિચારે દિલ ધડકી રહ્યું. સ્ટોરમાં તો એને જોયો ન જોયો કર્યો હતો, પણ રવિના માટે આ મિલન જરૂરી છે. કદાચ એથી જ રવિનાની કડવાશ ધોવાશે.'

લંડનથી લીડ્ઝ કારમાં જતાં તે 'કન્ટ્રીસાઇડ' જોતી રહી વિચારોમાં ક્યારે લીડ્ઝ હૉસ્પિટલ આવી ગઈ તેનો ખ્યાલ પણ ન રહ્યો. અમરનાથને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

'પપ્પા ! આજે તો સારું છે ને ! જલદી સાજા થઈ જાઓ.' પણ વાક્ય પૂરું કરે તે પહેલાં વિશ્વાસ ને રવિનાને રૂમમાં દાખલ થતાં જોઈ તે સ્તબ્ધ થઈ ગયો. પ્રશ્નાર્થ નજરે તે વિશ્વાસ સામે જોઈ રહ્યો. રવિના થોડો વખત રવિને જોઈ રહી પછી અમરનાથ તરફ જોયું ને આગળ વધી. રવિ ઊભો થઈ ગયો. તેના લંબાવેલા હાથોમાં રવિના સમાઈ ગઈ. અમરનાથ તો રવિનાનો ચહેરો જોઈને જ સમજી ગયા હતા કે આ તેની પૌત્રી છે. કેટલી સુંદર ! તેનો સાજો હાથ તેમણે લંબાવ્યો. રવિનાએ દોડીને તે પકડી લીધો ને પલંગની કોરે બેસી ગઈ. 'દાદાજી !' એટલું જ

તેનાથી બોલાયું ને તેની નજર બારણામાંથી પ્રવેશતી વસુંધરા પર પડી. તેણે વેધકતાથી વિશ્વાસ સામે જોયું. રવિ પણ વસુંધરાની હાજરીથી ચમક્યો. જોકે તેને ખબર હતી કે બંગલામાં તેણે અમરનાથને રહેવાની સગવડ આપી હતી.

અમરનાથે હાથ ઊંચો કરી તેના પલંગની બીજી બાજુ તેને બેસવાનો ઇશારો કર્યો અને ખુશીભરી આંખે વારાફરતી ત્રણેને જોઈ રહ્યા.

વસુંધરા ઊભી થઈ. વિશ્વાસ આસ્તેથી બહાર સરકી ગયો.

'હેલ્લો ! રવિ ?' કહી તેણે હાથ લંબાવ્યો.

રવિએ પણ હેલ્લો કર્યું. 'હાય ! રવિના ! તું આવી એ સારું થયું. આજે તું જાણી શકીશ કે તારા પિતાએ મારી સંભાળ કેમ નો'તી લીધી. રવિ ! સાચી વાત છે ને ? અંકલ ! તમે તો બધી સાચી વાત જાણી જ ગયા છો ને ? રવિ ! રવિનાને કહે કે આફ્રિકાથી સત્ય હકીકતની જાણ થતાં તું...'

'વસુ ! મને માફ કરી દે. બાવીસ વરસનો હું અણઘડ યુવાન, પિતાની બીકે બીજું શું કરું ? પિતા બનવાની હિંમત નો'તી. તને પ્રેમ કર્યો, પણ બાળકની જવાબદારી ઉઠાવવા હું તૈયાર નો'તો. અરે ! તારા પ્રેમમાં છું એ પિતાને કહેવાની હિંમત નો'તી અને તારી એવી હાલતમાં તને મૂકી કાયર બની ભાગી છૂટ્યો.'

'રવિના ! હવે ખ્યાલ આવે છે કે એકલે હાથે જીવન સામે ઝઝૂમી મેં તને કેવી રીતે જન્મ આપ્યો ? તારાં નસીબ સારાં કે તને લક્ષ્ય જેવો પાલક પિતા મળ્યો.'

રવિના ઊભી થઈ. સત્ય હકીકત જાણી વસુંધરાને ગળે વળગી ગઈ. 'મમ્મી ! મેં તને બહુ અન્યાય કર્યો. મને માફ કરી દે.'

'બેટા ! બાળકોની ભૂલો ને માબાપ હંમેશાં માફ કરતા જ હોય છે. હવે જો તારા પિતા થોડો સમય માટે જ આવ્યા છે. તારા દાદાજી સાથે થોડી વાર બેસ. હું ત્યાં બહાર છું.'

'વસુ ! મારે તારી સાથે થોડી વાતો કરવી છે. હું પણ બહાર આવું છું.'

બંને બહાર લાઉન્જમાં બેઠા.

'વસુ ! તારા ઉત્કર્ષથી ખૂબ ખુશ છું. તેં ઉદ્યોગોમાં જે હરણફાળ ભરી છે તે કાબિલેતારીફ છે.'

'રવિ ! તેં પણ નૈરોબીમાં ક્રિમિનલ લૉયર તરીકે નામ કાઢ્યું છે તે પણ જાણું છું. કેમ છે જેની ને માર્ક ?' વસુંધરાની સ્વસ્થતા ને માહિતીથી તે અંજાયો.

'તને મારા પરિવાર વિષે બધી ખબર છે ?'

'રવિ ! તારી હરપળની માહિતી મારી પાસે આવે છે.' વસુંધરાનો અવાજ તીખો થયો.

'વસુ ! તારો ગુસ્સો વાજબી છે, પણ પપ્પાને સંભાળવા માટે થૅંક્સ, પણ હકીકતમાં તારી સલાહ લેવી છે.'

'મારી ? સલાહ ? બિઝનેસ સિવાય મને શું આવડે છે ?'

'બિઝનેસની જ વાત છે.'

વસુંધરાની આંખો ચમકી. તે જાણતી હતી કે રવિ અહીં રહેતો ન હોવાથી પિત્રાઈઓ યૉર્કશાયર ટાઇમ્સ પબ્લિશિંગ હાઉસ સારી રીતે ચલાવી શકતા નો'તા. એ વાત હશે ?

'બોલ ! શું વાત છે ?'

'તને ખ્યાલ નહીં હોય પણ પબ્લિશિંગ હાઉસ બરાબર ચાલતું નથી. વેચી નાંખું કે કોઈને ચલાવવા આપતો જાઉં. છે કોઈ ધ્યાનમાં ?'

વર્ષોની મહેનત આપોઆપ ફળતી વસુંધરાને લાગી.

'તારે બીજા કોઈને આપી ચલાવવું છે હજી કે વેચવું છે ?'

'કોઈ બાયર મળે તો વેચી નાંખું.'

'કેટલા દિવસ હજી અહીં છે ?'

'પપ્પા જલદી સારા થઈ જાય તો સારું. નહીં તો રહેવું તો પડશે.'

વસુંધરાએ તરત હેન્રીને ફોન કર્યો, 'હેન્રી ! યૉર્કશાયર ટાઇમ્સનું પબ્લિશિંગ હાઉસ ખરીદવું છે. કોન્ટ્રેક્ટ બનતાં કેટલી વાર લાગે ?'

સામે છેડે હેન્રી ને આ બાજુ રવિ ચમકી ગયા.

'ડિટેઇલમાં માહિતી લંડન આવી આપીશ. અત્યારે તો વીક ઍન્ડ છે. સોમવારે તૈયાર થઈ જાય તો મંગળવારે સાઇન સિક્કા થઈ શકે ?'

'પણ ઑફર કેટલામાં ?'

'સોમવારે સવારે તને ફોન કરી બધું જણાવું છું.'

રવિ આભો બની વસુંધરાની કાબેલિયત જોઈ રહ્યો.

'વસુ ! વેચું તને. તારા જેવી કાબેલ વ્યક્તિ ક્યાં મળશે, પણ એક શરત ! મારા પિત્રાઈ ને તેના પુત્રને કામે ચાલુ રાખવાના અને મારા બધા શૅર્સ રવિનાના નામે કરી દઉં.'

'રવિ ! બહુ ભાવુક ન બન. અર્ધા શૅર્સ રવિનાના નામે ને અર્ધા માર્કના નામે. તેનો પણ હક્ક થાય ને ? આમેય તમારો શ્રીવાસ્તવ વિલા મેં રવિનાના નામનો કર્યો જ છે.'

રવિ તો આ અજબ સ્ત્રીને જોઈ રહ્યો, પણ તેને ક્યાંથી ખ્યાલ હોય કે લક્ષ્મીકાંત મિત્તલની કેળવણીએ, લક્ષ્યની દોરવણીથી તે જીવનને ખૂબ જ સમજી શકી હતી. જે સમય વીતી ગયો જે પરિસ્થિતિ સામે ઊભી છે તેને સ્વીકારી લેવામાં તે માનતી થઈ ગઈ હતી. તેથી તે પૂરેપૂરી સ્વસ્થ હતી.

ત્યાં તો રવિના બેબાકળી બહાર દોડી આવી. 'મમ્મી ! દાદાજીને કંઈ થાય છે.' રવિએ તરત ડૉક્ટરને બોલાવ્યા.

અમરનાથ પૂરો શ્વાસ નો'તા લઈ શકતા. ઑક્સિજન અપાયો, પણ છાતી ધમણની જેમ ચાલતી હતી. રવિના દોડીને તેમની બાજુમાં બેસી ગઈ. તેમનો હાથ પકડી દબાવવા લાગી અને રવિનાને એકાએક અમરનાથનો હાથ તેની પકડ ઢીલી પડવા લાગી હોય તેમ લાગ્યું. ધીમે ધીમે શ્વાસોશ્વાસ ધીમો પડતો ગયો ને ધીરેથી તેમનું માથું એક બીજુ ઢળી પડ્યું.

એ પછી તેમના અંતિમ સંસ્કાર પછીના અઠવાડિયામાં પબ્લિશિંગ હાઉસના કરાર થઈ ગયા. રવિની શરતો મંજૂર રહી ને બે અઠવાડિયાંમાં રવિ નૈરોબી જવા ઊપડી ગયો. રવિના વસુંધરા પાસે પાછી આવી ગઈ.

સમય વીતતો ગયો. વસુંધરાના ઉદ્યોગો ફાલવા લાગ્યા. મિત્તલ સ્ટોર તો હવે દુનિયાભરમાં જાણીતો થયો હતો. પર્યટકો લંડનમાં આવે ને 'હેરોડ્ઝ સ્ટોર' જુએ તેમ મિત્તલ સ્ટોર જોવા આવતા થઈ ગયા. વસુંધરાએ એવો જ સ્ટોર યૉર્કશાયરમાં પણ ખોલ્યો. તેની મિલોએ સારો વ્યાપાર કરવા માંડ્યો. વિશ્વાસની નજર નીચે પબ્લિશિંગ હાઉસ પણ સદ્ધર થવા લાગ્યું.

શર્મિલાએ સુંદર બાળકીને જન્મ આપ્યો. વસુંધરાને ન જાણે કેમ એ બાળકી પર અનોખો પ્યાર વછૂટતો. તેણે તેનું નામ ચૌલા પાડ્યું. વસુંધરાની અજાયબી વચ્ચે શર્મિલાએ જ તાકાત આવતા લીડ્ઝનું પબ્લિશિંગ હાઉસ સંભાળવાની જવાબદારી વસુંધરા પાસે માંગી. શર્મિલાને રિપોર્ટિંગ ને ઍડિટિંગની અજબ સૂઝ હતી. તે લીડ્ઝ બેઠી બેઠી લંડન તો ઠીક, દુનિયાભરના સમાચાર મંગાવી યૉર્કશાયર ટાઇમ્સમાં છાપતી. લીડ્ઝની કૉમ્યુનિટીના વિવિધ સમાચારો આવતા નાગરિકોમાં ઉત્સુકતા છપાતી. પોલીટિક્સ-રાજકારણના સમાચારોથી લંડનના રાજકારણીઓ યૉર્કશાયર ટાઇમ્સની રાહ જોઈ રહેતા. હવે તે અખબારની તુલના 'સન' અખબારની સાથે થવા માંડી. મનીષ લીડ્ઝનો ક્લોધિંગ સ્ટોર સંભાળવા લાગ્યો. વસુંધરાની અવરજવર લીડ્ઝ ત્યાં પરિવાર હોવાથી વધી ગઈ. શર્મિલા પેપરની ચૅરપર્સન બોર્ડની બની અનેક શૅરહોલ્ડર્સ વધી ગયા.

ત્યાં એક દિવસ રવિના આવી વસુંધરા પાસે બેઠી. તેનો હાથ હાથમાં લઈ સહેલાવી રહી. વસુંધરા બોલી, 'શું જોઈએ છે મારી દીકરીને ! કેમ આટલો પ્યાર આજે બતાવે છે ?'

'મમ્મી ! એક વાત કહેવી છે. રોયલ અકાદમી ઑફ આર્ટ્સમાં...' અને તે શરમાઈ ગઈ.

'ઓહો ! તો એમ વાત છે ?'

'કોણ છે ?'

'કાઉન્ટનો પુત્ર છે. વિલિયમ કેન્ટ નામ છે.' રવિના વસુંધરા સામે જોઈ રહી, 'હા પાડશે કે ના !'

'કાઉન્ટનો પુત્ર ! ક્યારે મળવા બોલાવે છે ?'

'મમ્મી ?' રવિના અજાયબીથી વસુંધરા સામે જોઈ રહી.

'કેમ ? તને એમ કે અંગ્રેજ છે તેથી હું ના પાડીશ ? બેટા ! તું અહીં જ જન્મી ને ઊછરી છે. અહીંની સંસ્કૃતિમાં મોટી થઈ છે. તારો સાથી તને સુખશાંતિથી રાખે એથી વધુ શું જોઈએ ?'

'કાલે ડિનર માટે બોલાવું ?'

'ચોક્કસ ! પણ જો લગ્ન કરવાનાં જ હોય તો તારા પિતાને પણ જણાવવું પડશે ને ?'

રવિના મમ્મીના ઉદાર દિલને જોઈ રહી. દોડીને તે વિલિયમને ફોન કરવા દોડી ગઈ. વસુંધરાએ પણ વિશ્વાસને ફોન કરી સમાચાર આપ્યા.

બીજી સાંજે કાઉન્ટ વિલિયમ કેન્ટ આવ્યો. ઊંચો, સશક્ત, ગોરો, સ્નેહાળ ચહેરાવાળો, આવીને વસુંધરાને નમસ્તે કર્યા. વસુંધરા આભી બની, જીતાઈ જ ગઈ. ડિનર પછી તેણે નૈરોબી ફોન કર્યો.

'રવિ ! સરપ્રાઇઝ ! વસુંધરા બોલું છું.'

રવિ વિચારમાં પડી ગયો. 'તને ખુશખબર આપવા છે, પણ એ પહેલાં એક પ્રશ્ન, તેં જેનીને બધી વાત કરી છે ?'

'હા, વસુંધરા ! બધી જ વાત જણાવી દીધી છે. મારું મન રાખી તેણે મને માફ કર્યો છે.'

'તો સાંભળ ! રવિનાનાં લગ્ન કાઉન્ટ વિલિયમ કેન્ટ સાથે નક્કી કર્યાં છે. બોલ ! આવી શકીશ ?'

'વસુ ! બહુ મુશ્કેલ છે. જેનીના પિતા બીમાર છે. બધા કેસીઝ મારે જ હેન્ડલ કરવા પડે છે, પણ યુ નો ! એક કામ કરીએ એ બંનેને વેડિંગ પ્રેઝન્ટમાં અહીં નૈરોબી મોકલ. મસાઈમારાનની સફારી તેમને બંનેને કરાવું. ખૂબ ખુશ થયો છું આ સમાચાર સાંભળી.'

'તો ડન ! લગ્ન પછી બંનેને ત્યાં મોકલું છું.' અને વર્ષ પછી તો વસુંધરા ફરી એક વાર નાની બની ગઈ.

એ ઉપરાંત વસુંધરાએ બંને દીકરાઓને પણ તેમના મનગમતા સાથીઓ સાથે પરણાવ્યા. તેમને પણ બાળકો થયાં.

વસુંધરા તૃપ્ત મને લક્ષ્મીવિલામાં બેઠી હતી. વિશ્વાસ સામે સોફામાં બેઠો હતો. અચાનક વસુ બોલી, 'વિશ્વાસ ! લલિતા પછી પાછું પરણવાનું મન ના થયું ?'

ખડખડાટ વિશ્વાસ હસી પડ્યો. 'તારા જમાઈને ઉછેરવામાંથી સમય જ ક્યાં મળતો હતો ? તારો જ દાખલો લે ને ! બાળકોને વેપારમાંથી તને ફુરસદ મળી એ બાબતમાં વિચાર કરવાની ?'

'વિશ્વાસ ! સાચી વાત છે તારી. લક્ષ્ય ને લલિતાની યાદો આપણને એ વિચાર જ ક્યાં કરવા દે !'

ત્યાં જ શર્મિલા ને મનીષ ચૌલાને લઈ આવ્યાં. ચૌલા તો દોડીને નાનીના ખોળામાં ચડી બેઠી. વસુંધરા સ્નેહ નીતરતી નજરે આ ખાસ પૌત્રીને જોઈ રહી.

: ૨૯ :

રવિનાના ઉત્સાહનો પાર નો'તો. કાઉન્ટ વિલિયમને તેણે નૈરોબી સફારીમાં જવાની વાત કરી ત્યારે તે ખુશ થઈ ગયો. બંને નૈરોબી જવા ઊપડી ગયા.

'વસુ ! હવે થાક લાગે છે ?' વિશ્વાસનો ફોન આવ્યો.

'થાક ? વિશ્વાસ ! કામ બધાને વહેંચી દીધું છે, પણ ધ્યાન તો રાખવું જ પડે ને ? કેમ ચાલે છે ત્યાં બંને મિલો ને પબ્લિશિંગ હાઉસ ?'

'વસુ ! યૉર્કશાયર ટાઇમ્સ તો તને ખબર છે. શર્મિલાએ તો હરણફાળ ભરવી શરૂ કરી દીધી છે અને એમાંય રવિના પિત્રાઈ ભાઈએ ખૂબ સાથ આપ્યો છે. હા, તેને ત્યાં પુત્ર જન્મ્યો આજે તેની વર્ષગાંઠ પાર્ટીમાંથી આવ્યો ને તને ફોન કર્યો.'

'એમ ? કેવડો થયો ?'

'આજે દસમી વર્ષગાંઠ હતી.'

'અરે આપણી ચૌલાની પણ દસમી વર્ષગાંઠ આવી રહી છે ને ? તેના સેલિબ્રેશનની તૈયારી કરી ?'

'બધી તૈયારી છે. તારા વગર થોડું સેલિબ્રેશન થશે ? જોકે હજી ત્રણ મહિનાની વાર છે. પણ વસુ ! મિલ્સમાં મદન ને મુંજાલ વધુ શક્તિશાળી થતા જાય છે.'

'વિશ્વાસ ! મારા ગયા પછી એ લોકોએ જ બધું સંભાળવાનું છે ને ?'

'તો રિટાયર થવાનો વિચાર છે ?'

'ના, હમણાં નહીં વિશ્વાસ. પૅરિસમાં પર્ફ્યુમની શૉપ ખોલવા વિચારી રહું છું.'

'અમેરિકા વ્યાપાર ફેલાવવાનો વિચાર છે ?'

'કેમ કોઈ સારા ''પ્રોસ્પેક્ટસ'' છે ?' વસુંધરાની આંખો ચમકી.

'હા ! અમેરિકામાં ટેક્સાસ સ્ટેટમાં ઑઇલ કંપનીને સ્ટીલ કંપનીઓ વેચવા કાઢી છે કોઈએ.'

'તો ક્યારે જવું છે ?'

'હા ! પણ અહીં બધો કારભાર કોને સોંપવાની છે ? તને કદાચ નહીં ગમે પણ રવિના હમણાં મદન ને મુંજાલને ખૂબ મળે છે.'

'હા ! પણ તેઓ તો નૈરોબી ગયા છે ને ?'

'રવિના જ્યારે શ્રીવાસ્તવવિલા આવે છે ત્યારે એ ચારેયની મિટિંગો બહુ મળે છે.

'અરે બધા સરખેસરખા છે. મજા કરતા હશે.'

'આ તો તને ચેતવવા વાત કરું છું.' વિશ્વાસે ફોન મૂક્યો.

વસુંધરાએ વિશ્વાસના સ્વરમાં ચિંતા ભળેલી જોઈ, સેક્રેટરી નંદાને બોલાવી.

'નંદા ! મારે ન્યૂયૉર્ક ને ટેક્સાસ જવાનું થાય છે. અહીં બોર્ડ મિટિંગો ભરાય તેની પર નજર રાખી શકીશ ?'

'યસ મૅડમ ! ક્યારે છે મિટિંગ ?'

'મદન, મુંજાલ ને રવિના પાછી આવે ત્યારે હું ન હોઉં તો ધ્યાન રાખજે.'

નંદા ખૂબ જ વિશ્વાસુ હતી.

* * *

'વિશ્વાસ અંકલ ?' રવિનાનો અવાજ ટેલિફોનમાં જાણે ફાટી ગયો.

વિશ્વાસ સતર્ક બની ગયો.

'રવિના ? શું વાત છે ? આર યુ ઓકે ?'

'અંકલ ! આઇ એમ ફાઇન પણ પપ્પા-રવિપપ્પા ઇઝ નોટ.'

'શું થયું ?'

'હી પાસ્ડ અવે – તેઓ મૃત્યુ પામ્યા છે.' અને રવિનાની વાત સાંભળી વિશ્વાસ ધ્રૂજી ઊઠ્યો. રવિના, વિલિયમને લઈ રવિ, શનિ-રવિના મસાઈમારા ને ટ્રી ટોપ્સ – વૃક્ષો પર બાંધેલા કોટેજીસમાં રહેવા – ફરવા લઈ ગયો હતો. રાત્રે ઓચિંતાના હાથીઓનું ઝુંડ વૃક્ષો નીચે આવી ગયું. ઘણી વાર એવું બનતું. પણ જાણે આજે હાથીઓ ગાંડાતુર બન્યા હતા. ગાર્ડઝ પણ આજે તેઓને અંકુશમાં રાખી શકતા નો'તા. દરેક કોટેજીઝમાં આછા લૅમ્પ હોય. જંગલમાં તો લાઇટની વ્યવસ્થા હોય નહીં. ગાર્ડઝના હાથમાં ટોર્ચ હોય. એક મોટો હાથી રવિની કોટેજવાળા વૃક્ષ પાસે આવી ઊભો. સૂંઢ તેણે વૃક્ષને વીંટાળી ને વૃક્ષને હચમચાવ્યું. ઉપરનું કોટેજ આખું જ હલબલી ઊઠતા જમીન પર પછડાયું. હાથીએ સૂંઢથી છાપરાં ફાડી નાંખ્યાં ને એક જબરદસ્ત પગથી નીચે બેબાકળા પડેલા રવિના દેહને છૂંદી નાંખ્યો. કેન્યાની સફારીના ઇતિહાસમાં કદાચ આ પહેલો બનાવ હતો.

'અંકલ ! મમ્મીને કહેવાની અમારામાં હિંમત નથી. તમારે જ જણાવવું પડશે. અહીં બધી ક્રિયાઓ પતતાં અમે પાછાં આવશું.' રવિના ધ્રુસકે ધ્રુસકે રડી રહી.

વિશ્વાસ એ જ દિવસે લંડન આવ્યો ને મિત્તલ સ્ટોરમાં ગયો. વસુંધરાને લઈ તે કાફેમાં ગયો. વિશ્વાસને આટલો ગંભીર વસુએ કદી જોયો નો'તો. 'શું વાત છે ? વિશ્વાસ !' વસુએ ધીમેથી પૂછ્યું. 'આટલો ગંભીર કેમ છે ?'

'વસુ ! કેવી રીતે કહું ? રવિ મૃત્યુ પામ્યો છે.' ઝડપથી તે બોલી ગયો ને આખી વાત કહી સંભળાવી. રવિનાનો ફોન હતો. તેની હિંમત તને આ જણાવવાની નો'તી. તેથી મને ફોન કરી જણાવ્યું.

વસુંધરા સ્તબ્ધ બની વિશ્વાસને જોઈ રહી. આટલાં વર્ષો પછી વેરની જ્વાળાઓ હવે શાંત થઈ હતી. આવું અપમૃત્યુ રવિનું થશે તેવી તેને કલ્પના પણ નો'તી. પહેલો પ્યાર હતો. તેને ખ્યાલ પણ ન રહ્યો ને વસુની આંખમાંથી આંસુઓ સરી રહ્યાં.

મહામહેનતે વિશ્વાસે વસુંધરાને ઊભી કરી. ટેકો આપી સ્ટોરની બહાર લઈ આવ્યો ને કારમાં બેસાડી ઘરે લાવ્યો. તેને કળ ન વળી ત્યાં સુધી એ ત્યાં જ રહ્યો. જુલી તો આ સમાચાર ને વસુંધરાની હાલત જોઈ હેબતાઈ ગઈ ને તેની સારવારમાં લાગી ગઈ.

વસુંધરાના જીવનમાં કેટલા દુ:ખદાયક પ્રસંગો આવ્યા ? માતાપિતાનું મૃત્યુ, રવિનો દગો, લક્ષ્યનું અકસ્માતમાં મૃત્યુ, લક્ષ્મીકાંત, વિજયાબાના નિધન એ પછી રણજિતનો હતાશામાં થયેલો આપઘાત, અમરનાથનું મૃત્યુ એ સાથે અર્ચનાનું મૃત્યુ પણ તેને યાદ આવ્યું ને હવે એક છેલ્લું સ્વજન ! એ પણ ગયું. શું અકસ્માતો સાથે વસુંધરાને જૂનો નાતો હશે ?

લીડ્ઝથી વસુંધરાની તબિયત એકાએક બગડી છે જાણી બધા જોવા આવી ગયા. રોહિત, તેના પિતા, તેની પત્ની, તેના પુત્રો પણ આવી જોઈ ગયા. શર્મિલા તેની ચાકરી કરવા રોકાઈ ગઈ. થોડા દિવસોમાં વસુંધરાને આઘાતની કળ વળતા તે ઊભી થઈ. મનોબળ દૃઢ હતું. સ્વસ્થ થતાં વધુ વાર ન લાગી. રવિના ને વિલિયમ આવી ગયાં. માતાના ખોળામાં માથું રોકી રવિના ખૂબ રડી.

વસુંધરા વિચારમાં પડી, રવિના ખરેખર મદન મુંજાલ સાથે મળી કોઈ કાવતરું કરી શકે ! તેનું મન તેને ના પાડી રહ્યું. માની મમતા એવા વિચારો રોકી રહી. વિશ્વાસે તેને બહુ કહ્યું.

'વસુ ! યૉર્કશાયર લક્ષ્મીવિલામાં થોડા દિવસ આરામ કરવા આવી જા. ડૉક્ટરો પણ કહે છે કે આરામની તને સખત જરૂર છે.'

'વિશ્વાસ ! આવતા અઠવાડિયે તો કામે ચડવું પડશે. સ્ટોરમાં કેટલા ઑર્ડર્સ મોકૂફ પડ્યા છે. મારા વગર સ્કેચીઝ કોણ બનાવશે ?'

'મને લાગે છે એ જ બરાબર છે. તારું મન કામમાં લાગતા જીવનમાં બનેલા બનાવો ઓછા યાદ આવે.' વિશ્વાસ બોલ્યો.

અને દુ:ખદર્દોને હૈયામાં ધરબી, સ્વસ્થતા ધારણ કરી વસુંધરા કામે ચડી ગઈ. આ ઉંમરે પણ તેની સ્ફૂર્તિ ને તેજ મગજ જોઈ બધા નવાઈ પામતા.

અને સત્તરમી વર્ષગાંઠ ચૌલાની આજે હતી. વસુંધરાએ ધામધૂમથી લક્ષ્મી વિલામાં ઉજવવાનું નક્કી કર્યું. તેણે વિશ્વાસને બોલાવ્યો.

'વિશ્વાસ ! બોલ ! શું મેનુ નક્કી કર્યું છે ?'

'ચૌલાને નથી પૂછવું ? તેની વર્ષગાંઠ છે.'

'અરે હા, એ તો ભૂલી જ ગઈ. એ આવે એટલે નક્કી કરીએ, પણ પછી આપણું અમેરિકા જવાનું નક્કી કર્યું ?'

'તું કહે એટલે જઈએ. ડીલ તો ફાઇનલાઇઝ થઈ ગઈ છે.'

'અને હા. ગેસ્ટલિસ્ટ બનાવ્યું તેં આ પાર્ટીનું ?'

'વસુ ! તારા મનના વિચારો કેમ આમ ઊડાઊડ કરી રહ્યા છે ? ઘડીક વેપારની વાતો કરે છે ? ઘડીક પાર્ટીની ?'

'વિશ્વાસ ! જીવનમાં કદી ખુશ ન હોઉં તેટલી ખુશ આજે છું.'

'પણ વસુ ! તેં ચૌલાને આ પાર્ટી વિષે પૂછ્યું છે ? તેને કદાચ એકલા કે કોઈની સાથે એકલા પાર્ટી કરવી હોય તો ?'

વસુંધરા ખુરશીમાંથી ઊભી થઈ ગઈ.

'એટલે ? બોયફ્રેન્ડ ? તેં મને કદી વાત ન કરી ?'

'વાત કરવાની જરૂર નથી. પેટિયોમાંથી જો. ત્યાં ગાર્ડનના ખૂણે ફાઉન્ટેઇન પાસે શું દેખાય છે ?'

વસુંધરા ઊઠી ને પેટિયોમાં ગઈ. ચૌલા એક હેન્ડસમ યુવાન સાથે હસીહસીને વાતો કરી રહી હતી. યુવાન તો ઇન્ડિયન-ભારતીય લાગતો હતો. માથે કાળાં ઝુલ્ફાં, ઊંચો, ગોરો, સપ્રમાણ શરીર, સાઇડમાંથી ચહેરો સુંદર લાગતો હતો.

'કોણ છે ? વિશ્વાસ ? તને ખબર છે ? શું નામ છે એનું ?'

'ક્ષિતિજ ! યૉર્કશાયર ટાઇમ્સમાં જ કામ કરે છે.'

'ક્ષિતિજ કેવા ?'

અને વિશ્વાસ હવે ચમક્યો. 'વસુ ! તને નહીં ગમે.'

'કેમ ?'

'રવિના પિત્રાઈ ભાઈનો પુત્ર. ક્ષિતિજ શ્રીવાસ્તવ.'

'શું ?'

વસુંધરા સ્તબ્ધ થઈ વિચારી રહી. શ્રીવાસ્તવ કુટુંબ સાથે આ કઈ જાતની લેણાદેવી ?

'વિશ્વાસ !' આશ્ચર્યથી તે વિશ્વાસ સામે જોઈ રહી ને બોલી, 'વિશ્વાસ ! પણ ચૌલા તો મારું ભવિષ્ય છે.'

'તો એ ભવિષ્યના સુખનો વિચાર કરતાં તો તારે શીખવું જ પડશે ને ? હું જેટલો ક્ષિતિજને જાણું છું, ખૂબ હોનહાર છોકરો છે.'

'ખરેખર ?'

અને વસુંધરા પોતાના આવનાર ભવિષ્ય – ચૌલાના વિચારે ચડી ગઈ અને તેના મોં પર આનંદનું સ્મિત આવ્યું.

: 30 :

'લક્ષ્મીનિવાસ.'

વસુંધરાના સપનાનું ઘર-બંગલો-ડ્રીમ હાઉસ.

ડેસ્ક પર લીગલ ડૉક્યુમેન્ટ્સનો પથારો પાથરી વસુંધરા એક પછી એક ડૉક્યુમેન્ટ ઝીણવટભરી નજરે વાંચી રહી હતી. તેની તીક્ષ્ણ દૃષ્ટિમાંથી કંઈ અછતું રહેતું નો'તું. હેન્રીએ કાબેલિયતથી પોતે કહેલી ઝીણીમાં ઝીણી વિગતને કાયદેસરનું રૂપ આપ્યું હતું.

તેણે સંતોષથી માથું ધુણાવ્યું. બધા ડૉક્યુમેન્ટ્સ એકઠા કરી બાજુમાં મૂક્યા. સુંદર નાના એ જ્યોર્જીયન ડેસ્ક પરથી તે ઊભી થઈ. ગળું સુકાતું હતું. તે ઊભી થઈ ફાયરપ્લેસ પાસે ગઈ. મૅન્ટલ પરથી શેરીની બૉટલમાંથી થોડી શેરી ગ્લાસ રેડી ને ત્યાં જ ઊભા ઊભા તેણે ઘૂંટડો ભર્યો. ફાયરપ્લેસમાંથી નીકળતી ગરમીએ તેના પગમાં ગરમાવો ભર્યો.

કાલે તે ઓગણએંસી વરસની થશે અને એ ઉજવવા જ આખા કુટુંબનું ગેટ-ટુ-ગેધર રાખ્યું હતું. આટલાં વરસે પણ તે હજી એટલી જ સુંદર લાગતી હતી. વાળને કલર કરવાના તો થોડાં વરસોથી છોડી દીધું હતું અને અત્યારે રજત રૂપેરી વાળનું ગુંફન પણ એટલું કલામય કરાવતી કે તે દેદીપ્યમાન-જાજરમાન લાગતી. તેની નીલી આંખો જાણે વધુ ને વધુ તેજોમય બનતી હતી. ઉંમરની સાથોસાથ મોં પર જીવનભરનો સંઘર્ષ ને એ પછીના ઉત્કર્ષના ચાસ દેખાતા, પણ એ પથ પરના કંટકો તે સીફતથી છુપાવી શકતી. થોડી ગરદનની ચામડીમાં થોડા સળ દેખાઈ આવતા, પણ તેના ગોરાવાનમાં ત્યાં કોઈની નજર ન પડતી અને આહારની નિયમિતતાથી હજીય તેનું એકવડિયું શરીર સ્ફૂર્તિલું લાગતું. જાણે સાઠ વરસની જ લાગતી.

હંમેશ બહાર ક્યાંય જવાનું ન હોય તો પણ તેનું ડ્રેસિંગ આંખે ઊડીને વળગે તેવું રહેતું. દીકરા, દીકરીઓ, તેમનો પરિવાર ધીમે ધીમે આવી રહ્યો હતો. બંગલો એટલો મોટો હતો કે બધાનો સમાવેશ સુંદર રીતે થઈ શકે તેમ હતું. શર્મિલા ને મનીષને તેઓનો બંગલો હતો. મદન, મંજાલને પણ પોતાના બંગલા હતા. રવિના તેના પરિવાર સાથે શ્રીવાસ્તવ વિલામાં રહેતી હતી. તેથી લક્ષ્મીનિવાસમાં રહેવાની કોઈને જરૂર નો'તી. ફક્ત બધાં જ પૌત્રો ને પૌત્રીઓને ત્યાં રહેવાનું હતું. વસુંધરાએ

લોકોને નિકટ રાખવા માંગતી હતી. સાંજ હતી અને વસુંધરાએ તેનો પ્રિય રંગ રાખોડી કલરનો ડ્રેસ તથા સાચા હીરાનો હાર, બુટિયાં ને કંકણ પહેર્યાં હતાં. અંગ્રેજીમાં જેને 'સ્ટનિંગ' કહે તેવી લાગતી હતી. એક અધિપતિ જેવો તેનો રૂઆબ હતો. તે જેવી બની હતી તેવી જ દેખાતી હતી.

એક ખમીરવંતી સત્તાધીશ સ્ત્રી. તેના દુશ્મનોને પણ તેના દબદબાથી અંજાવું પડતું. તેના સંઘર્ષ ને ઉત્કર્ષના અનુભવો ને કહાણીઓથી તે જાણે એક દંતકથા સમી બની ગઈ હતી.

તેણે ગ્લાસમાંથી એક ઘૂંટડો ભર્યો ને ગ્લાસ મૅન્ટલશેલ્ફ પર મૂક્યો. ફાયરપ્લેસમાં જલતા અગ્નિને જોઈ રહી. અત્યાર સુધી પોતાનામાં પણ કેવો અગ્નિ ભર્યો પડ્યો હતો ! બધાં આવી રહ્યાં હતાં. કહ્યું હતું કુટુંબનો મેળાવડો પણ કેવો મુકાબલો થશે એ વિચારે તે આછું હસી.

ત્યાં પોતાનાં જ ત્રણ બાળકો – રવિના, મદન, મુંજાલના વિચારે તેનો ચહેરો થોડો ઉદાસ થયો. આંખોનું તેજ થોડું ઝાંખું થયું. પોતાનાં જ બાળકો બધાને આર્થિક રીતે સ્વતંત્ર કર્યાં, ખૂબ સુખી કર્યાં છતાં તેઓનું કાવતરું પકડાતાં તેમના હવે શું હાલ થશે તેનાથી તેઓ કેટલા અજાણ હતા ! શું થાય ? તેઓએ જ તેને એમ કરવા પ્રેરી ને !

તેઓના કાવતરાની જાણ નંદાએ તેને ન કરી હોત તો આટલી ત્વરાથી વાર કરવા તે તત્પર બની હોત ! પોતાના પર વાર થાય એ પહેલાં હવે સજાગ થઈ તે વાર કરવા તૈયાર થઈ હતી. કહેવત છે ને કે પહેલો ઘા રાણાનો. એવું પગલું ભરવાની હતી કે તેઓ તેની સામે ખરેખર બાપડા બની જાય.

આમેય યૉર્કશાયર ટાઇમ્સ તેના ખોળામાં આવી પડ્યું ત્યારથી ને રવિના મૃત્યુના સમાચારે તેની વેરની જ્વાળાઓ હવે સમવા લાગી હતી. કોની સામે લડે ? શ્રીવાસ્તવ ખાનદાન અમરનાથ, અર્ચના, રણજિત ને છેલ્લે રવિ – બધા મૃત્યુના ઓવારે પહોંચી ગયા. બાકી રહ્યા રવિના પિત્રાઈના પુત્રનો પુત્ર. છેલ્લો શ્રીવાસ્તવ વંશજ. રવિના પિત્રાઈ ને ક્ષિતિજના પિતા પણ મૃત્યુ પામ્યા હતા. ક્યારેક તેને વિચાર આવતો કે નૈરોબી જતાં પહેલાં રવિએ ક્ષિતિજને શું વાત કરી હશે ? જોકે છોકરો કાબેલ હતો. યૉર્કશાયર ટાઇમ્સમાં દિલ દઈ કામ કરતો હતો એટલે તેની સામે શેની લડાઈ લડવાની એટલે તો ચૌલાને મંજૂરી આપી. આજે તેને પણ બોલાવ્યો હતો. તલવારો તો વસુંધરાએ મ્યાનમાં થોડાં વરસોથી બંધ કરી દીધી હતી. પણ પોતાનાં જ બાળકોએ તલવારો મ્યાનમાંથી ખેંચવા તેને મજબૂર કરી હતી ને ! શું થાય મિત્તલ ખાનદાનનું નામ રાખવા તે ગમે તેવા સખત પગલાં ભરવા તૈયાર હતી.

ચૌલાના આવતા તેના વિચારોમાં ખલેલ પડ્યો. ચૌલા દરવાજામાં જ ઊભી રહી ગઈ. ક્યારનીય તે જોઈ રહી હતી કે ગ્રેની કેટલા ઊંડા વિચારમાં છે. કંઈક તો જરૂર છે. કંઈક તો થવાનું જ છે. એમ જ બધાને કંઈ ન બોલાવે. તેની આંખમાં જે સખ્તાઈ દેખાઈ રહી છે. તે અનુભવથી તે કહી શકતી હતી કે કંઈક લોખંડી નિર્ણય જાહેર થવાનો છે.

'ગ્રેની ! ગોર્જીયસ યુ આર લુકિંગ !' આનંદથી ચૌલા બોલી ઊઠી.

'ગ્રેની ! કેટલાં વર્ષો પછી આ સાચ્ચા હીરા પહેર્યા ?'

'લક્ષ્યના ગયા પછી પહેલી વાર આઇ મીન, તારા દાદાજીના ગયા પછી પહેલી વાર.' અને ચૌલા સામે સ્નેહથી જોતાં તેની સખત આંખોમાં સ્નેહ છલકાયો. 'ચૌલા ! તારા આ આકાશી કલરના ડ્રેસમાં તું પણ ખૂબ ખૂબસૂરત વસંતના શુભ્ર આકાશ જેવી લાગે છે.'

'અરે વાહ ! ગ્રેની ! સાહિત્યિક ભાષા વાપરવા લાગ્યા ને શું ?'

'એ બધું છોડ. બધા ભેગા થઈ ગયા નીચે ડ્રોઇંગરૂમમાં ? બધા વિચારતા હશે કે આ બુઢ્ઢી કેવી લાગતી હશે નહીં ?'

'આજે તમને જોઈને તેઓ છક્કડ ખાઈ જશે. કોઈ કહે કે બે મહિના પહેલાં તમને ન્યુમોનિયા થયો હતો ? ધીમે ધીમે બધા આવી રહ્યા છે. વિશ્વાસ અંકલ બધાનું ધ્યાન રાખે છે.'

વસુંધરા સાઠ વરસની મૈત્રીના પ્રતીક સમા વિશ્વાસનો વિચાર કરી રહી. હવે તો એમાં વેવાઈ થયો હતો, પણ કેટલો નિખાલસ ..

'તારા મમ્મી-પપ્પા આવી ગયાં ?'

'બસ આવવાની તૈયારીમાં જ હશે.'

'અને ક્ષિતિજ આવી ગયો ?'

'હા ! ગ્રેની ! બધા નવાઈ પામી ગયા છે. શ્રીવાસ્તવ ને આજના ગેધરિંગમાં ? એમાંય મુંજાલ મામા તો ખાસ !'

'એમાં એનો વાંક નથી. યૉર્કશાયર ટાઇમ્સમાં ક્ષિતિજને મેં જે સત્તા આપી છે તે તેને ખૂંચે છે. તેઓ રાજકારણમાં આગળ વધી રહ્યા છે ને ક્ષિતિજને ટાઇમ્સમાં રાજકારણના લેખો લખવા ઉત્તેજે છે. જે ક્ષિતિજ ટાઇમ્સમાં બધું બૅલેન્સ રાખી લખે છે, તેથી તેમને મજા પડતી નથી.'

'હા, ગ્રેની ! બહુ તકસાધુ છે તેઓ.'

વસુંધરા ચૌલાના વિશ્લેષણથી હસી પડી. 'બહુ સારી રીતે તેં જાણી લીધા તારા મુંજાલ મામાને. છોડ એ વાત, ક્ષિતિજે તારા પપ્પા સાથે વાત કરી ?'

'પપ્પા આવી ગયા હશે તો વાત કરતો જ હશે ! પણ ગ્રેની ! ક્ષિતિજે કહેવડાવ્યું છે કે ડિનર પહેલાં તે તમને એકાંતમાં મળવા માંગે છે.'

'ચોક્કસ ! પણ એ પહેલાં મારે તારી રવિનામાસીને પહેલાં મળવું છે. એ પછી હું તેને ઉપર બોલાવીશ અને એવી કોઈ ઉતાવળ મને નીચે જવાની નથી. ભલે બધા હજી રાહ જુએ.'

ચૌલા આગળ વધી ને વસુંધરાની બાજુમાં સોફામાં બેઠી. તેના હાથ હાથમાં લઈ બોલી. બહુ સ્નેહ ઊભરાતો ત્યારે ગ્રેનીને બદલે નાનીમા કહેતી, 'નાનીમા ! શું વાત છે ? તમે તો ગંભીર થઈ ગયાં.'

'ના, એવું કશું નથી, પણ તું મને કહે, તું ખુશ છે ને ?'

'ઑફકોર્સ ! નાનીમા ! ખૂબ જ ખુશ છું.' તેના ચહેરા પર તેજ આવ્યું.

'નાનીમા ! તમે તો મારું જીવન બદલાવી નાંખ્યું. તમે જાણો જ છો કે ક્ષિતિજને હું કેટલું ચાહું છું.'

'ચૌલા, દીકરી ! તને ખબર છે ને આખી દુનિયામાં તારી ખુશી કરતાં વધારે મને કંઈ જોઈતું નથી. તારું ભવિષ્ય એ મારી ખુશી છે. શ્રીવાસ્તવ ફૅમિલીએ મને દુ:ખ આપવા સિવાય બીજું કંઈ નથી આપ્યું, પણ હવે એનો વંશજ મારી ખુશીનું કારણ બનશે. મને નવાઈ લાગે છે. મારાં બાળકોને હંમેશ શ્રીવાસ્તવ કુટુંબ પ્રત્યે મને કેટલી નફરત છે તે જણાવી તેઓથી તેમને દૂર રાખ્યાં, પણ મારાં પૌત્રો ને પૌત્રીઓને તેમનાથી દૂર રાખવાનું મેં કહ્યું જ નહીં. એમાંય તને એકલીને જ ક્ષિતિજથી દૂર રાખી.'

'અને તમે જ આટલી નફરત હોવા છતાં ક્ષિતિજને યૉર્કશાયર ટાઇમ્સમાં જગ્યા આપી.'

'હા, ચૌલા ! તને ખબર છે ! તેણે જ્યારે ઍપ્લિકેશન આપી ત્યારે હું ચોંકી ગઈ હતી. મને તેને જોવાનું મન થયું. એટલે જ ઇન્ટરવ્યૂ માટે બોલાવ્યો. મારી નાપસંદગી એ ફૅમિલી માટે હોવા છતાં મને તેનું વ્યક્તિત્વ ગમી ગયું. વળી બધા જ ઍપ્લિકાન્ટ્સમાં તે જ મને યોગ્ય લાગ્યો. વળી ઊંડે ઊંડે થયું કે આ એક શ્રીવાસ્તવ તો મારા કાબૂમાં કામ કરશે ! મારો અહમ્ સંતોષાતો હતો. પણ કલ્પનામાંય નો'તું કે તમે બંને મળશો.

ચૌલા ! મને કહે તો ખરી ! તમે મળ્યા કેવી રીતે ? તારે તો યૉર્કશાયર ટાઇમ્સ સાથે કંઈ લેવા દેવા નહીં. વધુતર તો તું મારી પાસે – સાથે રહેતી હતી.'

'ગ્રેની ! હું અહીં મમ્મી-પપ્પા પાસે આવેલી ત્યારે ઘોડેસવારી કરતાં ઘોડો તોફાની થયો ને હું તેને અંકુશમાં રાખી ન શકી ને સીધી ઊથલીને પડી ક્ષિતિજની બાહોમાં, નહીં તો ફ્રેક્ચર થયા વગર રહેત જ નહીં. ત્યારે હજી તેણે ઍપ્લિકેશન જ કરેલી ને તમે એને નોકરી આપી હું ત્યારે આભી બની ગઈ. શ્રીવાસ્તવ ફૅમિલી માટે તમને જે નફરત હતી તેથી મને સમજવામાં ન આવ્યું કે શું થયું તમે અમારો સંબંધ માન્ય રાખશો કે કેમ ?'

'છતાં તું તેને "ડેઇટ" તો કરતી જ હતી ને ?' વસુંધરા મરક મરક હસી રહી. 'આમેય તું મારા કરતાં ક્યાં ઓછી જિદ્દી છે નહીં ?'

'હા, ગ્રેની ! ક્યારે હું તેના પ્યારમાં પડી ગઈ તેનો ખ્યાલ ન રહ્યો. ખૂબીની વાત તેણે હું કોણ છું એ જાણવા પરવા જ ન કરી. મારા પ્યારમાં ગળાડૂબ હતો. જોકે મારી નાનીમાની તારીફના પુલો મેં બાંધ્યા જ હતા ને તે જાણવા માંગતો હતો કે મારી નાની છે કોણ.'

'અને તેં શું કહ્યું તેને ?'

'નાનીમા ! સાચું કહું ?' સ્વરમાં સ્નેહ ભરી તે બોલી, 'પહેલાં તો મને શરારત-ટીખળ સૂઝ્યાં. મેં કહ્યું કે મારા નાનીમા યૉર્કશાયરની ન્યૂઝ પેપર કંપનીના બોર્ડના ચેરપર્સન છે. તે મુંઝાઈ ગયો ને પછી મેં ધડાકો કર્યો. તારા બૉસ નાનીમા ! ખુરશીમાંથી જાણે તે નીચે જ પડી ગયો જાણે.'

'પછી ?'

'પછી બોલી ઊઠ્યો, "નો વન્ડર" તારા નાનીના ફોટા જોયા પછી મને લાગતું જ હતું કે તારા ચહેરામાં કંઈક ઓળખીતો અણસાર કેમ લાગે છે !'

'ગ્રેની ! એના પ્યારભર્યા ઇઝહારોને હું ઠુકરાવી ન શકી. જતી તેની સાથે પણ જ્યારે તેના સંબંધની ગહરાઈ જોઈ હું સંભલી ગઈ. મેં મારી જાતને રોકી દીધી. બાકીનું તો તમને ખબર છે.'

'આ બનવાનું જ તારી નિયતિમાં હતું, ચૌલા ! હું ક્યાંથી રોકી શકું ?'

'હા, દાદીમા ! હું તેની ને તે મારી નિયતિ છે.' ચૌલા બોલી. વસુંધરા ચૌલાને તાકી રહી. આ જ શબ્દો લક્ષ્યે તેને નો'તા કહ્યા ? હિસ્ટ્રી રિપીટ્સ !'

ત્યાં જ દરવાજે દસ્તક સંભળાયા. રવિના અંદર પ્રવેશી.

'મમ્મી ! તમે મને મળવા માંગતાં હતાં ?' ને ચૌલા પર નજર પડતાં તેનું મોં બગડી ગયું. વસુંધરાએ તે નોંધ્યું.

'ચૌલા ! ક્ષિતિજને કહીશ કે રવિના નીચે આવે ત્યારે તે ઉપર આવે !'

ચૌલા પોતાને જવાનું કહેવામાં આવ્યું છે તે સમજી ગઈ. રવિના બે બાળકોની માતા થઈ હતી. સાચા અર્થમાં કાઉન્ટેસ હતી. તેનો પહેરવેશ પણ એક રાજરાણી જેવો હતો. તેનું વર્તન પણ. ધીમેથી ઠસ્સાથી ચાલી, વસુંધરાની સામેના સોફામાં બેઠી.

વસુંધરા તેને જોઈ રહી હતી. રવિના જાણતી કે વસુંધરા સામે તે હંમેશ ફિક્કી જ લાગવાની. 'રવિના ! કંઈ લઈશ તું ?'

'ના. મમ્મી ! તમે મને ઉપર બોલાવી... કશું કામ હતું ?' બધી સત્ય હકીકત જાણતી હતી અને નૈરોબી રવિ સાથે થોડો વખત રહેતાં તે સમજી ચૂકી હતી કે

મમ્મી કરતાં પિતાએ તેના જીવનમાં વધુ સહન કર્યું હતું. પત્ની હોવા છતાં પિતા કદી વસુંધરાને ભૂલ્યા નો'તા અને એ વાતનો તથા મમ્મીએ તેના જન્મની વાતો છુપાવી તે ડંખ તે ભૂલી નો'તી. વસુંધરાએ કંપનીમાં તેને ડિરેક્ટર બનાવેલી શૅર્સ આપેલા. કાઉન્ટ તરફથી પણ અઢળક પૈસા તેને મળેલા, પણ સત્તાની લાલસાએ તેણે મદન ને મુંજાલ સાથે હાથ મેળવેલા. તે અજાણ હતી કે માતા એ કાવતરા વિષે જાણે છે.

'રવિના તું અર્ધી શ્રીવાસ્તવ છે. તેથી તારે જાણવું જોઈએ એ માટે બોલાવી છે.'

'શું જાણવાનું છે ?'

'તું જાણે છે ને કે ક્ષિતિજ શ્રીવાસ્તવ છે ?'

'હા, પપ્પાના પિત્રાઈ ભાઈનો પૌત્ર. હા, તો તેનું શું છે ?'

'નીચે જઈશું ત્યારે હું ચૌલાની સગાઈ ક્ષિતિજ સાથે જાહેર કરવાની છું.'

'શું ?' કહી રવિના ઊભી થઈ ગઈ.

'હા, રવિના ! તેઓ એકબીજાને ચાહે છે. તારે ક્ષિતિજ સાથે એવા કોઈ કૌટુંબિક સંબંધો નથી. તેના દાદા, પિતા, માતા બધા મૃત્યુ પામ્યાં છે. તે અહીં એકલો જ રહે છે. વળી રવિની માલમિલકત સાથે એને કોઈ નિસ્બત નથી. તમારા બંનેનો સંબંધ 'શ્રીવાસ્તવ' નામ સાથે છે. જોકે તું મિત્તલના નામે જ ઓળખાય છે, પણ તારે એ જાણવું જરૂરી છે એમ મને લાગ્યું.'

'થૅંક્યુ મમ્મી ! આટલાં વર્ષો બાદ તેં પ્રામાણિક પણે મને આ વાત બતાવી-જણાવી. જોકે મને એથી કંઈ ફરક પડતો નથી.' કહી ઊભી થઈ ને દરવાજા તરફ ચાલી.

વસુંધરા તેની વર્તણૂકથી થોડી મનોમન હસી. રવિનાનું માનસ તે અચ્છી રીતે જાણતી હતી. મીઠાશ ભરી સ્વરમાં તેણે કહ્યું, 'રવિના ! ક્ષિતિજને ઉપર આવવા જણાવીશ ?'

'જેવો હુકમ મમ્મી !' દાઢીને તે બોલી.

થોડી મિનિટોમાં ક્ષિતિજ ઉપર આવ્યો. કેટલી સ્વસ્થતા ને આત્મવિશ્વાસ તેનામાં છલકાતા હતા ! ખૂબ આગળ વધશે આ યુવાન. અઠ્ઠાવીસની આસપાસ છ ફૂટ ઊંચો, પહોળા ખભા ને છાતી સિંહ જેવી, કટિ, લાંબા પગ, લોભામણું મુખ અને રસથી તરબરતો નીચલો હોઠ અને બદામી આંખો ! કેટલાં સપનાં ભર્યાં હતાં તેમાં ! પોતાની જેમ જ ચૌલા ને આ યુવાન નભને ઝુકાવવાની ક્ષમતા રાખતાં હતાં. ઇંગ્લૅન્ડમાં જ જન્મી, મોટો થયો હોવાથી ડ્રેસ સેન્સ બહુ સારી હતી, ઇવનિંગ સૂટમાં સજ્જ હતો. શ્રીવાસ્તવ હોવાથી જાણે અમરનાથ ને રવિના ચહેરાનો અણસાર

આછો આછો તો હતો જ. વસુંધરા ક્ષણભર વિચલિત થઈ, પણ મન પર તરત કાબૂ મેળવી લીધો. પછી મધ ઘોળી બોલી, 'ગુડ ઇવનિંગ ક્ષિતિજ. વેલકમ !'

ક્ષિતિજ આ વૈભવી મહારાણીને જાણે જોઈ રહ્યો. 'ગુડ ઇવનિંગ, મિસિસ મિત્તલ, થેંક્યુ મને તમારા કુટુંબના મિલનમાં બોલાવ્યો. નવાઈ તો લાગે છે, પણ તમારી પાસે દરેક મુશ્કેલીનો ઉકેલ હોય જ છે.'

'તને ખ્યાલ તો આવી જ ગયો હશે.'

'હા, મિસિસ મિત્તલ ! ચૌલાને હું ખૂબ ચાહું છું ને એક અચ્છો પ્રેમી ને પતિ હું જરૂર બનીશ.'

'કેમ બંને શબ્દો સાથે બોલ્યો ? તે નૈરોબી ગયો ત્યારે રવિએ કંઈ કહ્યું હશે.'

'બેસ ક્ષિતિજ ! શું લઈશ બોલ ?'

વસુંધરાને ઊઠતાં જોઈ તરત બોલ્યો, 'મિસિસ મિત્તલ ! તમે બેસો. હું થોડો વાઇન લઈ લઈશ.' વસુંધરા તેના વર્તનથી ખુશ થઈ. ગ્લાસ હાથમાં લઈ મૅન્ટલને અઢેલી તે ઊભો.

'ક્ષિતિજ ! ચૌલાએ મને કહ્યું કે ડિનર પહેલાં તું કંઈ વાત કરવા માંગે છે ?'

'હા, પણ એ પહેલાં તમારા માટે – તમને કંઈક આપવાનું છે.' કહી નાનું બૉક્સ કાઢી વસુંધરાના હાથમાં મૂક્યું.

વસુંધરાને તાજ્જુબી થઈ. 'શું છે ક્ષિતિજ ?'

'તમે જ ખોલીને જુઓ.'

વસુંધરાએ બોક્સ ખોલ્યું. તેમાં સફેદ રંગનો રૂમાલ હતો. છેડે બે અંગ્રેજી શબ્દો લખ્યા હતા. આર અને વી. વસુંધરાના હાથ રૂમાલનો સ્પર્શ કરતાં થોડા ધ્રુજ્યા. આર એટલે રવિ ને વી એટલે વસુંધરા. રૂમાલની અંદર એક લીસો નાનો સપાટ-ચપટો પથ્થર હતો. વસુંધરા માઉન્ટ કિલિમાન્જારોની એ ગુફામાં પહોંચી ગઈ. રવિને એ અંધારામાં ચમકતો આ પથ્થર કેટલો ગમી ગયો હતો ! તેણે એ લીધો ને પછી મીણબત્તીના અજવાળે પોકેટનાઇફથી બે શબ્દો તેના પર કોતર્યા. 'આર.વી.' તેના આંખો છલછલી ઊઠી.

ક્ષિતિજ સામે જોયું. 'તારી પાસે આ ક્યાંથી ?'

'મિસિસ મિત્તલ, મોટા બાપુજી – રવિને – હું દાદા જ કહેતો. તેમણે મને આ આપ્યો હતો, તમને આપવા, જ્યારે પણ તમને મળું ત્યારે. તમને એક વાત જણાવી દઉં. મેં તેમને મારા ને ચૌલાના સંબંધોની જાણ કરેલી. તેઓ અહીં આવેલા ત્યારે ચૌલાને મેળવવા હું તેમની પાસે લઈ ગયેલો, પણ ચૌલાને જોઈ જાણે તેઓ ચોંકી ગયેલા. ત્યારે તમને તો જોયેલા નો'તા, પણ આજે તમને જોઈ તેઓ કેમ ચોંકેલા તે સમજી શકું છું. મુખમાં તેણે તમારું મળતાપણું જોયું હતું અને અમને આશીર્વાદ આપેલા પણ પછી ચૌલા મારાથી દૂર થઈ ગઈ હતી. તમે આ સંબંધ

માન્ય નહીં રાખો તે તેણે સમજાવેલું. તમારો શ્રીવાસ્તવ માટેનો અણગમો તે જાણતી હતી ને તમને એટલું ચાહે છે કે તમને દુઃખ ન પહોંચાડવા તે દૂર થઈ ગઈ. મેં તેને બહુ સમજાવી કે હું આવીને તમારી સાથે વાત કરું, પણ તે માની જ નહીં. સમયની હું રાહ જોઈ રહ્યો. ધીરજથી.'

'તેં તારા મોટા બાપુજીને આ બધું કહ્યું ?'

'હા ! તમને શા માટે શ્રીવાસ્તવ કુટુંબ માટે અણગમો છે તે જણાવવા મેં તેમને વિનંતી કરી, પણ તેમણે ઘસીને ના પાડી દીધી. હું તેમનો ચહીતો હતો, પણ આ વાત બાબતે તેમણે અમારા બંને વચ્ચે જાણે દીવાલ ચણી લીધી હતી, પણ નૈરોબી ગયો ત્યારે તેમણે મને આ પથ્થર આપ્યો ને તેમાં લખેલા અક્ષરોથી આખી વાત મને સમજાઈ ગઈ.'

'અમે યુવાન હતા ને અમારા વચ્ચેની બધી વાતો પણ કરી દીધી ?'

'હા ! મિસિસ મિત્તલ. મને ત્યારે નવાઈ લાગેલી કે શા માટે મને તેઓ કહે છે ? તેઓ અંદરથી ખૂબ હતાશ હતા. તમને કરેલા આ ન્યાયથી આખી જિંદગી પીડાતા રહ્યા અને કદાચ આવનાર મૃત્યુનો અંદેશો તેમને આવી ગયો હશે ? હું ઇંગ્લૅન્ડ પાછો આવ્યો ને રવિના આન્ટી ત્યાં ગયાં ને તેમને મૃત્યુ થયું.' ક્ષિતિજની આંખો ભરાઈ આવી ને સ્વર ગળગળો થઈ ગયો.

'જો તમે માન્યાં ન હોત તો આખી વાત કરી તમને આ પથ્થર ને રૂમાલ આપવા આવવાનો જ હતો.'

વસુંધરા ધીમે ધીમે પીગળતી હતી. ઢગલો થઈ તે સોફામાં પડી રહી. ક્ષિતિજ તેમની પાસે આવ્યો. બાજુમાં બેઠો, 'મિસિસ મિત્તલ ! હું તમને ''અપસેટ'' નારાજ તો નથી કરી રહ્યો ને ? જૂના જખમો તાજા કરવા નથી આવ્યો, પણ તમારે આ જાણવું જોઈએ એ હિસાબે હું આવ્યો.'

'ક્ષિતિજ ! આ બધું જણાવવા વહેલા કેમ ન આવ્યો ?'

'આવવાનો હતો પણ તમારે ને ચૌલાને અમેરિકા જવાનું થયું. ત્યાંથી આવી તમે બીમાર પડ્યાં, પછી અકસ્માત થયો ને એ પછી તમે જ કહેવડાવ્યું કે તમે આ સંબંધ માટે તૈયાર છો ને આજે તમારી સમક્ષ ઊભો છું.'

'ક્ષિતિજ ! ખબર નહીં કેમ એક પુત્ર જેવો પ્યાર તારા પર આવે છે. આપણા બંને કુટુંબોની કેવી લેણાદેણી ? છતાં ક્યાંય મેળ પડતો નો'તો. મને થયું મેં જે ભોગવ્યું રવિને જે સહન કરવું પડ્યું તે તારા ને ચૌલાના જીવનમાં ન બને. હવે વેર ખતમ થવું જ જોઈએ. હવે તમારા સંબંધથી ખતમ થયું જ ને ?'

'હા ! પણ નીચે જતાં પહેલાં મોટા બાપુજીએ એ પણ કહેલું. કહી તે ગોઠણિયા ભર નમ્યો ને બોલ્યો, 'તેમણે કહેલું કે તમે મોટા બાપુજીને ને તેના

કુટુંબને સાચા દિલથી માફી આપશો. તેઓ હંમેશાં તમને ચાહતા રહ્યા. તમારા સિવાય તેમના જીવનમાં કદી તાજગી નો'તી. બધું તેમના ભીરુ સ્વભાવને લીધે થયું અને એ પણ કહ્યું કે 'જ્યારથી વસુંધરાને તરછોડી ત્યારથી જ હૃદયમાં જાણે કશું મરી ગયું અને એની કેવી ભારી કિંમત મેં ચૂકવી ! તેને કહેજે મને માફ કરે નહીં તો મારા આત્માને શાંતિ નહીં મળે.' અને તેઓ જાણે તમને જોઈ રહ્યા હોય તેમ બોલી ઊઠેલા, 'વસુ ! વસુ ! દુનિયાના સૌથી ઊંચા શિખરે હું જોઈ રહ્યો છું. તેઓ મારી હાજરી જ ભૂલી ગયેલા.'

વસુંધરાની આંખો છલછલી ઊઠી. ક્ષિતિજનો ચહેરો ધૂંધળો થઈ ગયો. તે બોલી ઊઠી, 'ક્ષિતિજ ! હું બધાને જ માફ કરી દઉં છું બસ !' કહી તેણે સ્નેહથી ક્ષિતિજના ચહેરા પર હાથ ફેરવ્યો.

જાણે માના હાથનો સ્પર્શ થયો હોય તેમ ક્ષિતિજ એ હાથ તેના ગાલ સાથે દબાવી રહ્યો.

'મિસિસ મિત્તલ ! તમે બરાબર છો ને ?'

વસુંધરા સ્વસ્થ થઈ ગઈ. 'ક્ષિતિજ ! તારો રૂમાલ આપ. આમ આંસુ ભર્યા ચહેરે તો મારાથી નીચે નહીં અવાય ને !' જાણે પશ્ચાત્તાપ આંસુ વાટે નીતરી રહ્યો.

'અરે હા ! ક્ષિતિજ ! એક વાત કહેવાની રહી ગઈ. તારા મોટા બાપુજીથી મને એક પુત્રી થયેલી છે. આજે તો બધી જ હકીકત બતાવી દેવાની હિંમત આવી ગઈ છે. રવિના આન્ટી તેમની પુત્રી છે.'

'આજે સાંજે પહેલી વાર રવિના આન્ટીને જોયાં ત્યારે જ મને લાગ્યું. તેમનો ચહેરો અદ્દલ મોટા બાપુજી જેવો જ લાગ્યો.'

'ના ! એ ચહેરો તારા મોટા બાપુજીની માતા અર્ચના દાદી જેવો છે, પણ હવે તારો હાથ આપ ને મને મારા ફેમિલીને આવકારવા નીચે લઈ જા.'

'આવું સન્માન મને ક્યાંથી મળે !' કહી સ્મિતભર્યા ચહેરે ક્ષિતિજે વસુંધરાને ટેકો આપ્યો.

: ૩૧ :

ડાઇનિંગ રૂમના મેહોગની લાકડાના બનેલા ટેબલના 'હેડ' – મોભી તરીકે વસુંધરા બેઠી બેઠી બધાને જોઈ રહી હતી. બધાં જ હતાં. પોતાનાં દીકરા-દીકરીઓ, વહુઓ, જમાઈઓ, પૌત્રો-પૌત્રીઓ જમવાનું પીરસાઈ ગયું હતું. બધાં જમી રહ્યાં હતાં. આવ્યાં હતાં ત્યારે બધાં ગંભીર હતાં. જેમ જેમ બધાં એકબીજાને મળતાં ગયા, તણાવ દૂર થવા લાગ્યો હતો. જુલીએ ખૂબ મહેનત કરી રસોઈ બનાવી હતી. 'સર્વિસ'ને બોલાવી લેવામાં આવી હતી. છોકરીઓ બધાને પીરસી રહી હતી.

વસુંધરા બધામાં પેલા ત્રણેને જોઈ રહી. કેવો મુખવટો પહેરીને બેઠા હતા ! તેમાંય રવિના તો હમણાં મળી ગઈ. મદન ને મુંજાલ ઉપર મળવા પણ ન આવ્યાં. પોતાનું જ લોહી ! દુનિયામાં કોઈને ન મળે તેટલી દોલત ને હોદ્દો આપેલો છતાં !

ખૂબીની વાત એ હતી કે બધાં આવી ગયાં પછી ત્રણે કાવતરાબાજો એક બીજાથી દૂર જ રહેતાં હતાં. રવિના તેના પુત્ર રાયન સાથે જ રહી હતી. રાયન – રાય ! વસુંધરાનો વહાલો પૌત્ર હતો. એ પણ નાનીમા પર મરી પડતો. એમાંય તે જ્યારે ક્ષિતિજનો હાથ પકડી, દાદરો ઊતરતી હતી, સામે જ ડાઇનિંગરૂમ હતો, બધાએ જોયું. વસુંધરા જોઈ શકી કે અદેખા મુંજાલની આંખોમાંથી તિખારા ખર્યા. તે ટેબલ પાસે આવી ને ઊભી બધાનું ધ્યાન એ તરફ ગયું. વસુંધરાએ ચૌલાને બોલાવી પોતાની બીજી બાજુ ઊભી રાખી અને બોલી, 'આજે તમને બધાને જણાવતાં ખુશી થાય છે કે ચૌલા શાહ ને ક્ષિતિજ શ્રીવાસ્તવની સગાઈ હું જાહેર કરું છું.' બંનેએ હાથમાં રિંગ-વીંટી પહેરાવી. બધા સ્તબ્ધ થઈ ગયા પહેલાં તો વસુંધરાનો શ્રીવાસ્તવ કુટુંબ સામેનો અણગમો જગજાહેર હતો તો આ શું થઈ ગયું ? કેવી રીતે તેણે – એક શ્રીવાસ્તવને મિત્તલ ફૅમિલીમાં જગ્યા આપી ? એકબીજા સામે બધાએ જોયું ને પછી તો અભિનંદનોનો વરસાદ વરસ્યો.

તે બેઠી. ભોજન પીરસાયું. બધાં જમી રહ્યાં. એ દરમિયાન એકએકને તેણે જોઈ લીધાં. તેનાં જ બાળકો. બધાની ખામીઓ ને ગુણો જાણતી હતી. બધાને એક ખુલ્લી કિતાબની જેમ વાંચી શકતી હતી. પોતાના જ અણુઓ હતા ને ! પણ અફસોસ ! આજે એ કિતાબ બંધ થવાની હતી.

મદન તરફ જોતાં તેણે વિચાર્યું, 'કેટલો કાચા કાનનો ! કદી પોતાની મેળે નિર્ણયો લઈ ન શકતો. મુંજાલને પણ તે ઓળખી ન શક્યો. ચપટી વગાડતાં કામ સરી જતા વૈદ્ય વેરી થઈ જાય તેવો ! પોતાને કેટલો વહાલો હતો ! પણ જ્યારથી રાજકારણમાં ગયો હતો ને થોડી સફળતા મળી હતી. પોતાની જાતને મિનિસ્ટર સમજવા લાગી ગયો હતો. આ આખા કાવતરાનો સૂત્રધાર તે જ હતો ને ! પોતાને પાગલ ઠરાવવા માંગતો હતો ! હું જ્યારે ધડાકો કરીશ ત્યારે તે શું બોલી ઊઠશે તેનો અંદાજ પણ વસુંધરાને હતો.

રવિના ને કાઉન્ટ વિલિયમ પર નજર પડી. કાઉન્ટ સાવ રવિનાથી દબાઈ ગયો હતો. પોતાને કાઉન્ટેસ કહેવડાવી રવિના મહારાણીની જેમ વર્તતી હતી, પણ આજે સત્ય હકીકત જાણી, ફૂણી પડશે હવે ?

અને શર્મિલા ! મનીષને પરણી કેવી કુનેહથી વ્યાપાર ને પેપર બંને સંભાળતી હતી ! પોતાની સામે કદી પડી નો'તી. તેમાંય વિશ્વાસનું કેટલું ધ્યાન રાખતી ! પેલા ત્રણે ભલે નાલાયક નીકળ્યા, પણ બધાનાં બાળકો કેટલાં સુંદર ને વહાલસોયાં ! પોતા પર મરી પડતાં દુનિયાનો મોટામાં મોટો લહાવો ને આનંદ તેમણે આપ્યા હતા.

ત્યાં તેની નજર સામે છેડે બેઠેલા વિશ્વાસ પર પડી. કેટલો વિશ્વાસુ ને પ્રેમાળ ! વરસોની દોસ્તીને નિભાવી જાણી હતી. હજીય તેના વાંકડિયા વાળ સફેદ થઈ ગયા હતા, પણ એક પ્રગલ્ભ રૂપ તેને આપતા હતા. હજીય તેની કાળી આંખો બધાના મનના વિચારો વાંચી-જોઈ લેતી હતી. રોહિતના મૃત્યુ વખતે કેવો સરસ દિલાસો આપ્યો હતો !

'વસુ ! મૃત્યુ પર રડવાનું ન હોય. મૃત્યુ તો એક ઉત્સવ છે. જે માનવી પ્યારો હોય તે કેટલી યાદો છોડી જાય ! એ યાદો ને ખોબે ખોબે માણી તેને યાદ કરવો જોઈએ. જીવનનો છેડો મૃત્યુ. એને તો વધાવવું જોઈએ.'

ચૌલા ! શર્મિલાની પુત્રી. વિશ્વાસ ને મનીષના બધા ગુણો તેનામાં ઊતર્યા હતા. પૌત્રી કરતાં પુત્રી કે એથી વધુ સખી બની ગઈ હતી. હરપળ તેની સાથે રહેતી કેટલી ચપળ ને દક્ષ ! વ્યાપારની પણ કેટલી સૂઝ ! કેવા પ્યારથી ક્ષિતિજ સાથે વાતો કરી રહી છે ! ત્યાં તો તે ઊભી થઈ ને બોલી, 'બધા શાંત થઈ જાઓ !' એકાએક ઊંચા સ્વરે બોલાયેલા શબ્દોથી બધા શાંત થઈ ગયા.

'નવી પેઢીના સદસ્ય તરીકે મારે તમને બધાને કહેવાનું છે કે ગ્રેની આટલી ગંભીર માંદગીમાંથી ઊભાં થયાં છતાં આપણામાંથી કોઈએ હજી તેમને 'ટૉસ્ટ' નથી કર્યો. તેમની તંદુરસ્તી જળવાઈ રહે તેવી અભ્યર્થના કરતાં આપણે ટૉસ્ટ કરવો જોઈએ, કારણ કે આપણા બધા તેમને કેટલા ચાહીએ છીએ ખરું ને ! હું તેમને ટૉસ્ટ કરું છું.' બધાએ શૅમ્પેઈનના ગ્લાસ લીધા ને ઊભા થયા. ચૌલા બોલી, 'આપણી પ્યારી દાદીમા કે નાનીમા ખૂબ ખૂબ જીવો, ટુ વસુંધરા મિત્તલને !' બધાને બોલવું જ પડ્યું.

વસુંધરા ગર્વથી ચૌલા તરફ જોઈ રહી.

'કેટલી હિંમતવાળી છે ? કોઈથી ગભરાય તેવી નથી. તેઓ બંને પાર્લરમાં એકલાં હતાં ત્યારે તેના હાથ હાથમાં લઈ બોલેલી, 'ગ્રેની ! આજે રાત્રે ક્યાં સૂવાનાં છો ?'

'કેમ ! આ બંગલામાં જ તો !'

'ના !' જાણે હુકમ કરતી ન હોય. 'ગ્રેની ! તમારા પર કાતિલાના હુમલો થયો છે એક વાર તે છતાં ?'

'અરે ! તને કોણે કહ્યું ?'

'તમારી લિફ્ટ પછડાણી ત્યારે જ મને શંકા આવી ગઈ હતી. ન્યૂયૉર્ક ઑફિસમાં તમે ઝડપથી ગયાં ને જે ઝડપથી તમે લંડનની ટિકિટો કરાવી પાછાં આવ્યાં ત્યારે મને થયું જ કે કંઈ ગંભીર બન્યું છે. મેં પરાણે નંદા પાસે કબૂલાત કરાવી ત્યારે મને સાચી હકીકતની જાણ થઈ. નંદાનો આમાં કોઈ વાંક નથી.'

'પણ ચૌલા ! આપણે બધા જમીને લાઇબ્રેરીમાં ભેગાં થશું એ પછી કોઈની હિંમત કોઈ જાતની નહિ રહે.'

'ગ્રેની ! તમે કંઈ કુટુંબના મેળવડા માટે બધાને નથી બોલાવ્યા. અહીં એ પણ હું સમજી ગઈ છું. મારે કોઈ ચાન્સ નથી લેવો. તમારા પર ફરી આજે રાત્રે કોઈ હુમલો ન થાય તેની શી ખાતરી ?'

'તો મારે ક્યાં સૂવાનું છે ?' ચૌલાનો પોતાના પર કેટલો પ્યાર છે એ જાણી તેને રમૂજ થઈ. આજે પહેલી વાર કોઈનો હુકમ પાળવાનું તેને મન થયું.

'તમારે મમ્મીના બંગલે, અમારાં બધાં સાથે સૂવાનું છે.'

ચૌલા સામે જોઈ તે ધીમેથી ઊભી થઈ. ભોજન પતી ગયું હતું. તેણે શૅમ્પેઈનનો ગ્લાસ ઉપાડ્યો. બધા સામે ઊંચો કરી એક ઘૂંટડો ભર્યો ને બોલી, 'અહીંથી બધાએ કૉફી ને શેરી માટે લાઇબ્રેરીમાં જવાનું છે. કોઈ ક્યાંય ન જાય. મારે એક મહત્ત્વની જાહેરાત એનાઉન્સમૅન્ટ કરવાની છે. પંદર મિનિટમાં બધા ત્યાં આવી જાય.'

અને રાજકારણીની અદાથી તે ચાલી. ઉપરના ચેન્ડેલિયરમાંથી પડતા પ્રકાશથી તેણે પહેરેલા 'એમરલ્ડ'ના હારમાંથી એક એવી ચમક ઊઠી જેનાથી બધા જ અંજાઈ ગયા.

લાઇબ્રેરી મોટો રૂમ હતો. સિલિંગ સુધી પહોંચતી શેલ્ફમાં દુનિયાભરના નામી લેખકોનાં પુસ્તકો હતાં. રાચરચીલું ટેબલો, કેબિનેટ્સ, ચીપેન્ડેલ લાકડાના ડેસ્ક, ખુરશીઓ, સોફા વગેરેનો શણગાર આંખે ઊડીને વળગતો હતો. લાકડાની ફરસ પર ઈરાની ને કાશ્મીરી ગાલીચાઓ પથરાયેલા હતા. ફાયરપ્લેસમાં અગ્નિ જલી રહ્યો હતો જેમ પેલા કાવતરાબાજોના દિલમાં સળગતો હતો તેમ ! વસુંધરા પ્રવેશી સીધી નજર ફાયરપ્લેસમાં જલતા અગ્નિ પર પડી. જેમ શ્રીવાસ્તવ કુટુંબ માટેની વેરની જ્વાળાઓ ઠરવા લાગી હતી તેમ આજે રાત પછી તિરસ્કારની જ્વાળા પણ શમવી જોઈએ ? શમશે ? પોતાનું જ લોહી ક્યાં સુધી બળવો પોકારશે ?

ત્યાં તો એમી – વસુંધરા માટે અમી વસુંધરાની બ્રીફકેસ લઈને આવી. 'દાદીમા ! તમે મને આ ડ્રેસ પહેરવા આપ્યો એ મારા પર કેટલો સુંદર લાગે છે નહીં ? ને આ ઘરેણાં ! મારી મમ્મીની તો આંખો ચાર થઈ ગઈ.'

'અમી ! શા માટે એવું થાય ? તારી મમ્મી પાસે શું નથી ? અને મારા ડ્રેસ કે ઘરેણાં હું ગમે તેને આપું તેની સાથે એને શું નિસ્બત ?'

'પણ દાદીમા ! હું કેવી રીતે રાખી શકું ? આ તો કેટલા કિંમતી છે ?'

'અમી ! મારા પછી તો બધું તમને બધા પિત્રાઈ-કઝિન્સને-બધા જ મારા પૌત્ર ને પૌત્રીઓને જ જવાનું છે ને ? મારા તરફથી આ ક્રિસમસની તને ભેટ. બસ !'

'ઓહ ! દાદીમા !' કહી વસુંધરાને ગળે જ વળગી ગઈ. 'દાદીમા ! આઇ લવ યુ સો મચ !'

ત્યાં જ મદનની પુત્રી એકની એક સારાહ-સરિતા દરવાજામાં દેખાઈ. તે તેના બૉટલગ્રીન ડ્રેસમાં સોનેરી વાળથી, સપ્રમાણ સુંદરતાથી બહુ જ પ્યારી લાગતી હતી. આગળ આવી તેણે દાદીમાનો હાથ પકડ્યો ને ઋજુતાથી બોલી, 'દાદીમા ! ખબર નહીં પપ્પા ને મુંજાલકાકા શું કાનાફૂસી કરતા હતા ! આપણી પાર્ટી બગાડે નહીં.'

'એવું કશું નહીં થાય. તારી દાદીમાને ઓળખતી નથી તું ?'

બંને પૌત્રીઓને તેના ફૅશનના ક્લોધિંગ સ્ટોરોમાં ડિરેક્ટર તરીકે ને મૅનેજર તરીકે નીમ્યા હતા વસુંધરાએ. ધીમે ધીમે બધા લાઇબ્રેરીમાં આવવા લાગ્યા. બધાના ચહેરા પર પ્રશ્ન ને કુતૂહલતા હતા. શું એનાઉન્સ કરવાના હશે ? પહેલા બધાં પૌત્રો ને પૌત્રીઓ આવ્યાં. દાદીમા-નાનીમાને પ્યારથી હેલ્લો કરી, બધા ત્યાં રગ પર બેઠા. બધાં જ વસુંધરાને ચાહતાં હતાં. બધાને સારામાં સારી પોસ્ટ તેણે આપેલી હતી. બાળકો તેમનાં માતાપિતાનો વસુંધરા માટેનો અણગમો જાણતાં હતાં પણ તેમને વાંક તેમનાં માતાપિતાનો જ લાગતો. એટલો વિશ્વાસ તેઓને વસુંધરા પર હતો. એક પૌત્ર પોલ-પુરુ ઑસ્ટ્રેલિયાના 'શિપસ્ટેશન' સંભાળતો હતો તેને પણ બોલાવવામાં આવ્યો હતો. મદન ને મુંજાલની પત્નીઓ અંગ્રેજ હતી. એક શર્મિલા જ વિશ્વાસના પુત્ર મનીષને પરણી હતી. પત્નીઓ અંગ્રેજ હોવાથી બાળકોનાં નામ પણ અંગ્રેજ રાખ્યાં હતાં, પણ વસુંધરાએ બધાને ભારતીય નામ આપેલાં ને બાળકોને તે નામ ગમતાં પણ હતાં. પૂરુ ખૂબ જ હોશિયાર ને મહેનતુ હતો ને અચ્છો વેપારી હતો. ચૌલાની સાથે પુરુ પણ તેનું સામ્રાજ્ય સંભાળી શકશે તેવી વસુંધરાને ખાતરી હતી. વસુંધરાએ ચૌલા ક્યાં છે તે જોવા નજર ફેરવી. દૂર ખૂણામાં ક્ષિતિજનો હાથ લઈ વાતો કરી રહી હતી. તેના મોં પર સાન્નિધ્યની ખુશીની ચમક હતી. 'હવે મારે મારું કામ આટોપી આરામ કરવો જરૂરી છે', એમ વિચારી ધીમેથી બધાથી અળગી થઈ ખૂણામાં પડેલ પોતાના ડેસ્ક પાસે આવી ઊભી. સર્વાંગી નજર બધા પર નાંખી પછી બોલી, 'ઍટેન્શન પ્લીઝ ! સાંભળો બધા ! સૌ આરામથી હવે બેસો. મારે ફૅમિલી બિઝનેસ વિશે તમને કહેવાનું છે.'

બધાએ આશ્ચર્યથી એકબીજા સામે જોયું ને જ્યાં જગ્યા મળી ત્યાં બધા બેસતા ગયા. વસુંધરાએ બ્રીફકેસ લીધી ને બધા ડૉક્યુમૅન્ટ્સ કાઢ્યા. ચૌલાનો શક સાચો પડ્યો. 'ગ્રેની ઇઝ અપ ટુ સમથિંગ' તેણે પાણીનો ગ્લાસ લાવી વસુંધરાના ડેસ્ક પર મૂક્યો. 'હાઉ થોટફુલ ઑફ યુ, ચૌલા !' કહી તેણે એક ઘૂંટડો ભર્યો.

'સાંભળો :

હું વસુંધરા મિત્તલ, લક્ષ્મીનિવાસ, યૉર્કશાયરમાં પૂરા હોશોહવાસમાં જાહેર

કરું છું કે આ મારું છેલ્લું વીલ છે. આ પહેલાનાં બધાં જ વીલ આજથી ફોક થાય છે.'

બધાના શ્વાસ અધ્ધર ચડી ગયા. એવી શાંતિ છવાઈ ગઈ કે પીન-ટાંકણીનો અવાજ જાણે વીજળી પડે તેવો અવાજ લાગે. વસુંધરાએ બધાના આશ્ચર્યચકિત ચહેરાઓ તરફ જોયું ને પછી ખંધુ હાસ્ય કરી બોલી. એક શર્મિલા, મનીષ, વિશ્વાસ ને ચૌલાને કશી અસર થઈ નહીં. બીજા બધા તરફ વસુંધરાએ હવે સખ્તાઈથી જોયું. તેની નીલી આંખોમાં પોલાદની ધાર જાણે ચમકી. તે બોલી, 'તમને લાગશે આ સમય વીલ વાંચવાનો નથી. હું હજી જીવિત છું, પણ અમુક સંજોગોએ મને મજબૂર બનાવી છે જે તમારામાંના અહીં થોડાઓને ખબર ખબર છે. ટૂંકમાં કહેવાનું છે કે મારો બિઝનેસ, પ્રોપર્ટીઝ ને બીજી દોલત હું કોને કોને આપવાની છું. મારા મૃત્યુ પછી તેની તમને બધાને અત્યારથી જાણ હોય તે જરૂરી છે.' કોઈ કશું બોલ્યા નહીં. મદન, મુંજાલ ને રવિના જાણે પથ્થરના પૂતળાં બની ગયાં.

'ઑસ્ટ્રેલિયાના "શિપસ્ટેશન"ને ત્યાંની વુલન મિલ પુરુને મળે છે. એની ટ્રસ્ટી શર્મિલા છે અને લીગલ ઍડવાઇઝર હેન્રી સ્કૉટ છે.

મારા મૃત્યુ પછી ચૌલા અમેરિકાની સ્ટીલ ને ઑઇલ કંપનીના બોર્ડની ચેરપર્સન થશે. પુરુની સાથે ઑસ્ટ્રેલિયાનો બિઝનેસ પણ ચૌલા સંભાળશે. હવે મારો લંડનનો વેપાર. 'અર્થ – રવિના ને કાઉન્ટનો પુત્ર એન્થની અહીં મારી પાસે આવ.' અઠ્ઠાવીસ વરસનો તરવરિયો યુવાન નાનીમા પાસે આવી ઊભો. 'મારો સૌથી મોટો પૌત્ર – જેના માટે મેં ટ્રસ્ટ બનાવ્યું છે તેમાંથી તેને બે મિલિયન પાઉન્ડ મળશે. બ્રિટિશ વેસ્ટ ઇન્ડિઝના ટાપુમાં આવેલો મારો વૅકેશન બંગલો પણ તેને મળશે. તેમાનાં પેઇન્ટિંગ્ઝ બાદ કરતાં.' અર્થ તો આભો બની નાનીમાને જોઈ રહ્યો. તેણે તો નાનીમાના એક પણ સ્ટોરમાં કે બિઝનેસમાં કદી કામ જ નો'તું કર્યું. તે તો તેના પિતાના ઍસ્ટેટ જે આયરલૅન્ડમાં હતા તે સંભાળતો હતો.

'અર્થ ! સમજાય છે ને તને આ બધું ?'

'થૅંક્યુ, નાનીમા ! મેં તો આવી આશા પણ નો'તી રાખી. તમે કેટલાં ઉદાર છો !'

'અનિતા ! સુસ્મિતા ! આવો અહીં.' બંને જોડિયાં બહેનો – વસુંધરાની સૌથી નાની પૌત્રીઓ ચમકીને ઊભી થઈ. 'અહીં મારી પાસે આવો. તેઓ અઢાર વરસની થશે પછીથી ટ્રસ્ટમાંથી તેમની આવક શરૂ થશે.'

'હવે હું મિત્તલ બની તે પહેલાં મેં સ્થાપેલા બિઝનેસ. તેનો સ્વર આત્મગૌરવથી લાઇબ્રેરીમાં ગુંજી રહ્યો. મેં ઊભો કરેલો, મારા સ્વબળે જે બિઝનેસ ને મારા ક્લોધિંગ સ્ટોર્સ, વુલન મિલ્સ, ઍસ્ટેટ ને રિટેઇલ ટ્રેડિંગ કંપનીના હું સો ટકા શૅર્સ ધરાવું છું જે ઘણા મિલિયન પાઉન્ડના થાય...'

કહી તે અટકી. પાણીનો ઘૂંટડો પીધો. પીતાં પીતાં મદન ને મુંજાલ તરફ નજર ફેંકી. તેઓના ચહેરા પર ઉત્સુકતા, અપેક્ષા દેખાઈ.

'એમાંથી ઓગણપચ્ચાસ ટકા શૅર્સ મારા પૌત્ર અમિત-મદનના પુત્રને જશે.' મદન ખુરશીમાંથી અર્ધો ઊભો થઈ ગયો. વુલન મિલ તો તે ને મુંજાલ ચલાવતા હતા ને ફાયદો દીકરાને ! પોતાને નહીં !

'અને બાકીના શૅર્સ ત્રણ ભાગમાં મારી બે પૌત્રી અમી ને સરિતાને ને એક ભાગ પૌત્ર જયને જશે. ત્રણે બાળકો મુંજાલના હતાં. ચારેને બોલાવી વસુંધરા બોલી, 'તમારા કોઈના એકના હાથમાં બધું ન મૂકતા તમે ચારે સંપીને કામ કરશો તેવી આશા રાખું છું. તમે અત્યારે જે કામ કરી રહ્યા છો તેમાંથી આવતી આવક પણ તમારી રહેશે. તમારા દરેક માટે પણ ટ્રસ્ટ બનાવેલા છે. તેમાંથી પણ તમને આવક મળતી રહેશે. દરેક ટ્રસ્ટના એક્ઝુક્યુટર તરીકે હેન્રી ને વિશ્વાસ રહેશે.

મદન ને મુંજાલ, વસુંધરાના પુત્રો તરીકે સૌથી મોટો ભાગ વારસાનો મેળવવાની આશા રાખતા હતા. તેમણે કલ્પના પણ નો'તી કરી કે તેમનાં બાળકોને આટલો ફાયદો થશે. ઉપરાંત ટ્રસ્ટી તરીકે પણ ક્યાંય નામ નો'તું. મારી બીજી પ્રોપર્ટી, શિલ્પ, પેઇન્ટિંગ્ઝ, ઘરેણાં જેની કિંમત અબજોમાં થાય તે બધું ચૌલાને જાય છે.'

આશ્ચર્યના ઉદ્ગારો – મદન, મુંજાલ ને રવિનાના વસુંધરાને સંભળાયા. 'મારા મિત્તલ હાઉસ તરફથી મળેલાં ઘરેણાં ને મિત્તલ એન્ટરપ્રાઇઝ તથા સ્ટીલ કંપની શર્મિલાને જાય છે. તેના મૃત્યુ પછી બધું ચૌલા ને મળે તેવી જોગવાઈ પણ મેં કરેલી છે.' રવિના, મદન ને મુંજાલની આંખમાંથી ઊગતી ધિક્કારની જ્વાળાઓ વસુંધરાએ જોઈ. મનમાં અનુકંપા જાગી પણ ડેસ્ક પર પડેલી પેલી ટેઇપને હાથ અડતાં કઠોરતા તેનામાં પ્રવેશી ગઈ. તેની નજર ફરતી ફરતી ક્ષિતિજ પર પડી. તેણે એક ડૉક્યુમેન્ટ ઉઠાવ્યું. 'ક્ષિતિજ ! અહીં આવ.' ક્ષિતિજ નવાઈ પામી ગયો.

'આ તારો નવો કોન્ટ્રેક્ટ. આજથી દસ વરસ સુધી યૉર્કશાયર ટાઇમ્સના પબ્લિશિંગ હાઉસ માટે તારે કામ કરવાનું છે. તું આજથી તેનો મૅનેજિંગ ડિરેક્ટર ને પગાર વધારો પણ કોન્ટ્રેક્ટમાં છે. તારા લીગલ સૉલિસિટર સાથે બેસી બધા ક્લોઝીઝ વાંચી સાઈન કરી કૉપી મને આવતા અઠવાડિયે આપજે.'

'થૅંક્યુ ! મિસિસ મિત્તલ ! કેવી રીતે મારો આભાર દર્શાવું ?'

'પછી ક્ષિતિજ ! અત્યારે એ સમય નથી.' થોડું પાણી પી તે બોલી, 'હવે મારા ક્લોધિંગ સ્ટોર્સની ચેઇન, લંડન, યૉર્કશાયર, પૅરિસ, ન્યૂયૉર્ક ને સીડનીમાં છે, મારા સ્વબળે ઊભી કરેલી, મારું આખું જીવન તેમાં ગયું છે, તે સહી-સાચા હાથોમાં જવું જોઈએ. એ સામ્રાજ્ય...' કહી તે જરા અટકી પછી બોલી, 'એ બધું મારી પૌત્રી ચૌલાને જાય છે, ઉપરાંત મારા બધાં જ હીરા ને એમરલ્ડનાં ઘરેણાં પણ.'

ચૌલા ઊભી થઈ વસુંધરા પાસે ગઈ. 'થેંક્યુ ગ્રેની ! તમારો મારામાં મૂકેલો વિશ્વાસ ચલિત નહીં થવા દઉં.' તે વસુંધરાના જાજરમાન સ્વરૂપને જોઈ રહી. પોતે પણ એક દિવસ એવી થશે તે વિચારે ટટ્ટાર થઈ. 'છેલ્લે આ બધાના ઍક્ઝિક્યુટર તરીકે હું શર્મિલા ને હેન્રી સ્કૉટ તથા વિશ્વાસને નીમું છું.'

મદન, મુંજાલ ને રવિના શોકના માર્યા જાણે પેરેલાઇઝ થઈ ગયાં. તેઓના ચહેરા પર કડવાશ ને હતાશાના ભાવ દેખાઈ રહ્યા. હમણાં બળવો ફાટી નીકળશે તેવી દહેશત વસુંધરાને થઈ, પણ બધા સ્તબ્ધ થઈ ગયાં હતાં. સૌથી પહેલા કળ મુંજાલને વળી. તે કૂદકો મારી ઊભો થઈ ગયો. 'મમ્મી ! સરાસર અન્યાય છે. જાણીજોઈ ક્રૂરતાથી તેં અમને ત્રણેને વીલ બહાર રાખ્યાં છે. બાકાત કરી નાંખ્યા છે. અમારા હક્કમાંથી અમને રદબાતલ કર્યાં છે. અમે જ તમારા સાચા વારસ કહેવાઈએ. તમારા મૃત્યુ પછી આ બધું અમારું જ કહેવાય. હું આ વીલને માન્ય નથી રાખતો. હું આ વીલને પડકારીશ અને બધા મને સાથ આપશે જ. હું એ પણ પુરવાર કરીશ કે આ વીલ તમે બનાવ્યું ત્યારે તમે પૂરાં સાનભાનમાં નો'તા. અને...'

વસુંધરા ક્રોધથી થરથર કાંપવા લાગી, 'શટ અપ ! અને બેસી જા. આ પહેલા પણ તમે ત્રણેએ એ પ્રયત્ન નો'તો કર્યો ? બધું જ પચાવી પાડવા તમે શું કાવાદાવા કર્યા હતા તેનાથી શું હું અજાણ છું ? તમારાં બાળકોનો ભાગ પણ હડપ કરી જવો છે કેમ ? અરે મૂર્ખાઓ ! તમારે પ્લૉટ કરવો જ હતો તો મારી જ ઑફિસનો બોર્ડરૂમ વાપર્યો ? સૌથી મોટી ભૂલ તમે ત્યાં કરી. તમે મને શું મૂર્ખી સમજી છે ? મારી કાબેલિયત જાણવા છતાં ?' કહી તેણે ટેઇપ ઉપાડી ને બતાવી તેમને.

'તમને ખબર છે આ શું છે ? તમે જે પ્લૉટ રચ્યો હતો તેની આ રેકર્ડિંગ ટેઇપ છે. બોલો સંભળાવું તમારાં પુત્ર-પુત્રીઓને ? મને કેવી રીતે પાગલ ઠરાવવી તે જ પ્લૉટ હતો ને ?' એકવીસથી અઠ્ઠાવીસ વરસનાં પૌત્ર-પૌત્રીઓ પિતા-માતાની આ હરકતોથી ચોંકી ગયાં. ત્યાં વસુંધરા બોલી, 'એ ઉપરાંત મને મારી નાંખવાનો પ્લૉટ પણ નો'તો કર્યો ?' એકાએક મારી લિફ્ટ કેવી રીતે જમીન પર પછડાઈ ?'

મુંજાલ બોલી ઊઠ્યો, 'આ એક તહોમત છે. છે પુરાવો કોઈ તમારી પાસે ?'

'દીકરા !' ધારદાર અવાજે વસુંધરા બોલી, 'જેમ તું ઇલેક્ટ્રિકલ ટેક્નિશ્યનને પૈસા આપી ખરીદી શકે ને તેમ હું પણ કરી શકું. તારે પુરાવો જોઈએ છે ને ? વિશ્વાસ !'

વિશ્વાસ ઊભો થયો ને બહાર જઈ માઇકલને લઈ આવ્યો. મદન, મુંજાલ ને રવિના ક્ષુબ્ધ થઈ ગયા. ઇશારો થતા માઇકલને બહાર મોકલી દેવાયો. વસુંધરા આગળ બોલી, 'આ વખતે તમે મારા વીલને પડકારી ન શકો તેની પણ જોગવાઈ

મેં કરી છે. આ વીલના જજની સામે મારા સૉલિસિટરે પૂરતી વકીલાત-કાયદા કાનૂન સાથે દુનિયાના પાંચ દેશોના માણસોની સાક્ષી સાથે સહી સિક્કા થયા છે. જ્યાં સુધી એ પાંચેની સાઇન ન થાય ત્યાં સુધી તમે આને પડકારી જ ન શકો અને આ સાક્ષીઓ કોણ છે તેમની તમને કદી જાણ ન થાય. ચૌલાને પણ આની ખબર નથી. તેથી મારા મૃત્યુ પછી તેને હેરાન કરવાનું મૂકી દેજો અને હવે પછી કદી મારા પર કાતિલાના હુમલો કરવાનો વિચાર પણ ન કરતાં. મારું જ લોહી થઈ મારી સામે બળવો ? મને દયા આવે છે તમારી. તમને મેં શું નથી આપ્યું ? હોદ્દો, સત્તા, દોલત, છતાં પણ આટલી લાલચ ? પણ હું મા છું. તમને સજા તો કરું છતાં મારી મમતા તે સામે ઢીલી પડી જાય તેથી તમને સાવ વંચિત નથી રાખ્યાં.'

બોલતાં વસુંધરા થોડી હાંફી ગઈ. ઉધરસ આવી. ચૌલાએ તેને વાંસે હાથ ફેરવ્યો ને પાણી પીવા આપ્યું.

પછી વસુંધરાએ ત્રણ ડૉક્યુમૅન્ટ ઉપાડ્યા. ઊંચા કરી કહ્યું, 'આ તમારા દરેક ઉપર લખેલા ચેક છે. દરેક ચેક એક મિલિયન પાઉન્ડનો છે. તમારા માટે તો સમુદ્રનું બિંદુ છે, પણ સામાન્ય માણસની સાત પેઢી પણ આટલી દોલત ન કમાય. જો તમે દગો ન કર્યો હોત તો તમારાં બાળકોની સાથે તમને પણ અઢળક દોલત મળત. હવે આ કોન્ટ્રેક્ટ સાઇન કરવાનો છે. તો જ તમને એક મિલિયન મળે. કોન્ટ્રેક્ટ મુજબ તમે કદી મારા વીલને પડકાર-કોન્ટેસ્ટ નહીં કરી શકો. મારા ઉદ્યોગ સામ્રાજ્યને કોઈ જાતની હેરાનગતિ નહીં પહોંચાડો અને મારા પૌત્રો ને પૌત્રીઓને પણ કોઈ જાતનું બ્લેકમેઇલ, ઇમોશનલ પણ નહીં કરો.' તે આસ્તેથી બેઠી. ત્રણેની સામે જોઈ રહી. ત્રણેના મોં પર પરાજય છવાઈ ગયો હતો.

વસુંધરા પછી રવિના સામે જોઈ બોલી, 'રવિના ! તને મેં સૌથી વધુ ચાહી છે, પણ ગેરસમજમાં તું હંમેશ મારાથી દૂર રહી. એ તો જવા દો. પણ સત્ય હકીકત જાણ્યા છતાં તારા કાઉન્ટ પાસે અઢળક નાણું હોવા છતાં તેં મદન ને મુંજાલ સાથે હાથ મેળવ્યા ?'

મદન-મુંજાલની પત્નીઓ જેઓને ખરેખર વસુંધરા માટે માન હતું. તેઓ પણ આ બધા કાવાદાવા ખુલ્લા થતાં ચોકી ગઈ. પોતાના પતિઓ આવું કરે તે તેમની કલ્પનાની બહાર હતું.

બધા સામે જોઈ વસુંધરા અકળાઈને બોલી, 'જલદીથી તમારો નિર્ણય લ્યો. અત્યારે જ આ કોન્ટ્રેક્ટ પર સહી કરી ચેક લઈ લો. કાલે આ ડીલ પણ નહીં રહે ને પૈસા પણ હાથમાંથી જશે. એક મિલિયન પાઉન્ડ કઈ નાની-સૂની રકમ નથી.'

કોઈને ઊઠતાં ન જોઈ તે બોલી, 'ચૌલા ! મૂકી દે બધું બ્રીફકેસમાં ત્યારે.'

ત્યાંજ રવિના ઊભી થઈ. કોન્ટ્રેક્ટ સાઇન કરી ચેક લીધો. એ પછી તો મદન ને મુંજાલ માટે તો કોઈ ઉપાય રહ્યો નહીં.

અને જાણે વસુંધરાનું રાજરાણી જેવું રૂપ તરત બદલાઈ ગયું. એ એક મમતામયી મા બની ગઈ. 'ચાલો ! ફેમિલી બિઝનેસ પૂરો થયો. મને લાગે છે હવે પાર્ટી બધા એન્જોય-આનંદ કરો.' બધા સ્તબ્ધ બની તેને જોઈ રહ્યા. કઈ માટીની આ નારી બને છે ! સખત છતાં મમતામયી !

પૌત્ર-પૌત્રીઓ તો તરત ઊભાં થઈ ગયાં ને હળીમળીને વાતો કરવા લાગ્યાં.

વસુંધરાએ ચૌલાને કહ્યું, 'તું ને ક્ષિતિજ ઉપર પાર્લરમાં જાઓ. તમારા બંને સાથે મારે વાત કરવી છે.'

ચૌલા તો આ અદ્‌ભુત સ્ત્રીને જોઈ રહી. 'ફુલ ઑફ સરપ્રાઇઝીઝ ! હજી શું બાકી હશે ?' પણ બોલી, 'ભલે નાનીમા !'

વિશ્વાસ આવ્યો ને વસુંધરાને પ્રશંસાથી જોઈ રહ્યો. વસુંધરા મીઠું હસી ને પાર્લરમાં જવા પગ ઉપાડ્યો. તેને ખબર હતી કે ત્રણે કાવતરાબાજો તેને જોઈ રહ્યા હતા. હજીય વસુંધરાને વિચાર થતો હતો કે માંગી લેવાને બદલે સીધેસીધી પોતાની સાથે વાત કરવાને બદલે તેમણે આવો માર્ગ કેમ પસંદ કર્યો હશે ?

સત્તા કેવી બૂરી ચીજ હોય છે ! એ તો રાજરાણીની અદાથી સીડીના પગથિયાં ચડવા લાગી. પાર્લરમાં આવી ત્યાંથી અંદર પડતાં પોતાના શયનગૃહમાં ગઈ. પાછી ફરી ત્યારે ચૌલા ને ક્ષિતિજ આવી ગયાં હતાં.

'ક્ષિતિજ ! ચૌલાને તેં બધી હકીકત કહી ?'

'ના ! મિસિસ મિત્તલ ! મને લૉગે છે એ તમારે જ કહેવું જોઈએ.'

ચૌલા બંનેને જોઈ રહી. આ વળી શો રાઝ હશે ? વસુંધરાએ હાથમાંનું નાનું બોક્સ ખોલ્યું, 'ક્ષિતિજ ! આ અમરનાથ શ્રીવાસ્તવનાં પત્ની અર્ચનાનું લોકેટ છે. ચૌલા ! એ હવેથી તારું છે. શ્રીવાસ્તવ ને શ્રીવાસ્તવની ચીજ પાછી કરું છું.' પછી ક્ષિતિજ તરફ ફરી બોલી, 'આ ટાઇપીન ને લોકેટ મને લાગે છે ક્ષિતિજ તું જાણતો હોઈશ. લોકેટ ખોલી જો.'

લોકેટમાં રવિ શ્રીવાસ્તવનો ફોટો હતો. ચૌલા એ જોઈ બોલી, 'કોણ છે ક્ષિતિજ એ ?'

'મારા મોટા બાપુજી !'

'નાનીમા ! આ બધું તમારી પાસે ક્યાંથી આવ્યું ?'

'બેટા ! એ લાંબી કથની છે. ક્યારેક તને હું એ કહીશ. ક્ષિતિજ ! એ હવે તું રાખ. મને એની જરૂર નથી. આજે બધાને બધાનું આપવા બેઠી છું તો શ્રીવાસ્તવની નિશાની રાખી શું ફાયદો ? હવે તમે બંને જાઓ. તમારા બધા કઝીન્સ તમારી રાહ જોતાં હશે. જાઓ ને આનંદ કરો. હું વિશ્વાસ અંકલ સાથે થોડો સમય પસાર કરવા માગું છું અને ચૌલા કાલે રવિવાર છે. આપણે લંડન પાછા જવાનું છે ત્યાં જઈ

લગ્નની તયારીઓ કરવી પડશે ને ? વિશ્વાસ તારે ક્ષિતિજ તરફથી બધી મદદ કરવાની રહેશે.'

બંનેએ હાથમાં હાથ ભેરવ્યા. સંતોષથી વસુંધરા જોઈ રહી.

* * *

વિશ્વાસ આ બધું જોઈ રહ્યો હતો. વસુંધરાના ચહેરા પર તેણે અપાર સંતોષ ને આનંદ જોયા. તે તેને જોઈ રહ્યો.

કેવા સંઘર્ષોથી વસુંધરા પસાર થઈ હતી ? એક આખું જીવન જીવી ગઈ હતી જાણે. જીવનનો ખરેખરો અર્થ તો તે જ જાણતી હતી. સાઠ વરસે તો બંને એકબીજાને જાણતા હતા. કેટલા આનંદો ને શોકમાં બંનેએ ભાગ લીધો હતો ! તે બોલી પડ્યો, 'વસુ ! તો હવે વેર સમાપ્ત થયું આખરે. છેવટે તેં શ્રીવાસ્તવ ને મિત્તલ કુટુંબોને એક કર્યાં. તું જેટલી સખત દેખાતી હતી. તેટલી છે નહીં.'

સોફામાં બેસતાં નિરાંતનો શ્વાસ લેતાં તે બોલી, 'વિશ્વાસ ! એક રમૂજી ખયાલ મનમાં ઊઠે છે. હું શ્રીવાસ્તવ ખાનદાનનાં બાળકોને મારા ખોળામાં રમાડી શકીશ ?'

'હજી વરસ જીવી જઈશ તો ચૌલાનું બાળક તો રમાડીશ જ ને ?' અને વસુંધરા જાણે એ ખ્યાલે હસી ઊઠી.

'વસુ ! કંઈ લેશે ? ખૂબ થાકી ગઈ છે તું.'

'હા ! વિશ્વાસ થોડી શેરી આપ.' કહી સોફાની પીઠને અઢેલી તેણે માથું ઢાળ્યું. બંને પોતપોતાના વિચારોમાં ખોવાઈ ગયા.

વિશ્વાસ બાજુમાં જ બેઠો હતો. એકલો એકલો બોલી ઊઠ્યો, 'કેવું અપ્રતિમ જીવન તું જીવી ગઈ, વસુ ! તારી દોલત મેળવવાની લાલસા ! સાથે આપતી સત્તા, સ્નેહાળ ગૃહસ્થી, ન ધારેલું મિત્તલ કુટુંબ, દુર્લભ એવા વફાદાર પ્રેમાળ મિત્રો ! જીવનમાં કંઈ ને કંઈ પ્રદાન કરી ગયા. સંઘર્ષ, ઉત્કર્ષ, પરાકાષ્ટાવાળા જીવનપથ પર ચાલતાં તને કંઈ નિરાળું મળ્યું ? કંઈ શીખી તું ?'

'હા ! વિશ્વાસ ! જીવનનું વિહંગાવલોકન કરતાં લાગે કે જીવનની ગુપ્તતા-રાઝ હું જાણી ગઈ છું.'

'એ શું વસુ ?'

'સહનશીલતા ! વિશ્વાસ. મારું જીવનકાર્ય સમાપ્ત થતું લાગે છે. હવે તો મૃત્યુદેવ આવેને તો તેમને પણ સહનશીલતાના પાઠ ભણાવી દઉં તેવી પાવરધી થઈ ગઈ છું.'

ને જાણે બધાં જ વેરઝેર શમી ગયાં હોય તેવું સંતોષકારક એક નિરાંત ભર્યું ગુંજી રહેલું હાસ્ય, વિશ્વાસ આ અદ્‌ભુત સ્ત્રી સામે જોઈ રહેતા સાંભળી રહ્યો.

: ૩૨ :

અને વિશ્વાસ ઊભો થયો. ઊભા થતા પણ એ હાસ્યનો ગુંજારવ તેના મનમાં પડઘો પાડી રહ્યો. અમી ભરેલી નજરે દુનિયાની આ એક જ મિત્રને જોઈ રહ્યો. તેના સંઘર્ષ, ઉત્કર્ષ ને પરાકાષ્ટાને તેણે નજરે જોઈ હતી. તેનો એ સાક્ષી હતો. ઘણી વાર શું કામ અત્યારે પણ તેને થતું હતું કે જગતમાં આવી બીજી સ્ત્રી થઈ શકે ? બંને વચ્ચે અજબની મૈત્રી હતી. એક નજરમાં મનમાં ચાલી રહેલા વિચારો તેઓ પારખી જતાં.

તેણે એક ડગલું આગળ ભર્યું, 'વસુ ! હવે હું જાઉં.' તે બોલ્યો ને તેણે લથડિયું ખાધું. વસુંધરા ઊભી થઈ ગઈ. તેને કલ્પના પણ નો'તી કે વિશ્વાસને કંઈ થાય ! તેની તબિયત તો હંમેશ સારી જ રહેતી. તે પણ એંસીનો થયો છે તે માનવા જ તે તૈયાર નો'તી. 'વિશ્વાસ ! શું વાત છે ?' વસુંધરાના સ્વરમાં ચિંતા ભળી.

'ના, ના ! વસુ ! અમસ્તું જ થોડી નબળાઈ છે.'

'શું નબળાઈ છે ? તારી નબળાઈ તો હું સારી રીતે જાણું છું. લલિતાના ગયા પછી તેં શરાબને ગળે લગાડ્યો છે. કેટલી વાર કહ્યું કે આમાંથી લત લાગશે, પણ માનવું જ છે તારે ક્યાં કોઈનું ?'

વસુંધરાના હેતથી વિશ્વાસ ભીંજાણો. 'વસુ ! તું કદી કોઈનું માને છે ?' ક્ષીણ હાસ્યમાં ઉદાસીનો ધોધ વસુ જોઈ રહી.

'જો વસુ ! બહુત ગઈ ને થોડી રહી. હવે શું ચિંતા કરવાની ?'

'જો હવે તારી કોઈ વાત માનવાની નથી. દક્ષિણ ફ્રાન્સમાં આપણો બંગલો છે. મેં નક્કી કરી જ નાંખ્યું છે. અઠવાડિયાં બે અઠવાડિયાં આપણે બે જ વેવાઈ કહે કે મિત્રો કહે, જેને જે કહેવું હોય તે કહે એંસી વરસનો બુઢ્ઢો ને ઓંગણએંસી વરસની બુઢ્ઢી બે મિત્રો જ આપણે વેકેશનમાં જઈએ છીએ.'

'તારી વાત સાચી છે, વસુ ! આ યોર્કશાયરની ઠંડીથી હાડકાં આમેય ખખડી ગયાં છે. બે હાડકાંથી ભરેલાં હાડપિંજર ભલે છેલ્લે છેલ્લે એકલતાની મસ્તી માણી લે.'

'છેલ્લે છેલ્લે કેમ બોલે છે ?'

ત્યાં જ જુલી જમવા માટે બોલાવવા આવી. જુલી પણ હવે વૃદ્ધ થઈ હતી. તેને પણ વેકેશનની જરૂર નહીં હોય !

'જુલી બેચાર દિવસમાં હું, વિશ્વાસ ને તું દક્ષિણ ફ્રાન્સમાં આવેલા આપણા બંગલે વેકેશનમાં જઈએ છીએ. તૈયારી કરી લેજે બધી.'

ત્રણ મહિના પહેલાં જ તે ટંઝાનિયા પોતાના રહ્યાસહ્યા પરિવારને મળીને આવી હતી. ત્યાંની કેટકેટલી વાતો, બદલાવની વાતો કરવાની હતી ! ફ્રાન્સ જઈ

નિરાંતે બધી વાતો કરીશ. વિચારી બોલી, 'ભલે મૅ'મ !' વસુંધરાની નજરોમાં દર્દ જોઈ બોલી, 'સૉરી ! ભલે વસુ !' અને વસુના ચહેરા પર પાછું સ્મિત આવ્યું.

તેણે વિશ્વાસનું બાવડું પકડ્યું ને ડાઇનિંગ ટેબલ તરફ દોર્યો. જમતાં જમતાં પણ વસુ જોઈ શકી કે તે કંઈ ખાસ જમતો નો'તો. આજે તો વાઇનના ઘૂંટડા પણ માંડ માંડ પીતો હતો. વસુએ વિચાર્યું, 'કાલે ડૉક્ટરને બોલાવી આનું ચેકઅપ કરાવી હૉસ્પિટલમાં દાખલ કરાવવો જ પડશે.'

જમતાં જમતાં આટલાં વરસો પછી તે માઉન્ટ કિલિમાન્જારો ટંઝાનિયા દેશ ને તેના ગામને યાદ કરી રહ્યો. તેની આંખોમાં ત્યાં તો ધીમા સંગીતની સુરાવલિઓ રૂમમાં વહી રહી. જુલીને ખબર હતી કે તેઓને જૂનાં ગીત કેટલાં ગમતાં ! એ ગીતો સાથે કેટકેટલી યાદો ધસી આવી.

'વિશ્વાસ ! નાના ગામમાં રહીને પણ તું કેટલો સુંદર પિયાનો વગાડતો. ત્યાં પાર્ટીઓ થતી ત્યારે તું એ વગાડતો. હું રસોડાના એક ખૂણામાં ભરાઈ તને પિયાનો વગાડતો જોઈ રહેતી. લલિતા મારો હાથ પકડી કેવા સ્નેહથી તને જોઈ રહેતી ત્યારે તમને બંનેને જોઈ મને ઈર્ષ્યા થતી, પણ એ દરમિયાન તો રવિ મારા જીવનમાં આવી ગયો હતો.'

વિશ્વાસ હસ્યો, પણ એ હાસ્યમાં કેટલું લુખ્ખાપણું હતું ! તેની નજરો બાકી બહાર જોઈ રહી હતી. લલિતાને ? વતનને ઝંખી રહ્યો હશે ? વસુ વિચારી રહી. વિશ્વાસ ખુરશીમાં ટટ્ટાર થઈને બેઠો ને બોલ્યો, 'વસુ ! વૅકેશનની વાત કરી તેં મારામાં જીવવાની પ્રબળ ઇચ્છા જગાવી છે.' કહેતા તેનું માથું થોડું એક બાજુ ઢળ્યું.

વસુંધરા ઊભી થઈ ગઈ, 'વિશ્વાસ ! શું વાત છે ? તારો અવાજ કેમ ક્ષીણ થઈ ગયો ? ડૉક્ટરને બોલાવવા જ પડશે.' કહી તેણે ટેલિફોન તરફ જવા પગલું ભર્યું.

'વસુ !' વિશ્વાસ બોલ્યો. 'વ્યર્થ પ્રયત્નો રહેવા દે. મારી અંતિમ ક્ષણો આવી ગઈ છે હવે.'

ત્યાં જુલી પાણીનો ગ્લાસ લઈ આવી. વસુંધરા બોલી, 'જુલી ! જલદી મનીષ, શર્મિલા, ચૌલા ને ડૉક્ટરને ફોન કરી દે.' વિશ્વાસનો ધોળો પૂણી જેવો ચહેરો જોઈ તે તરત દોડી.

વિશ્વાસે વસુંધરાનો હાથ પકડી લીધો. 'વસુ ! જીવનની હર સંઘર્ષમય પળોમાં આપણે બંને સાથે રહ્યાં. પણ આજે મને લાગે છે, મારે તારી દોસ્તી છોડી પ્રયાણ કરવાનો વખત આવી જ ગયો છે.' વસુંધરાની આંખો છલકાઈ આવી. એ દરમિયાન આવેલા ચૌલા, વિશ્વાસ અને શર્મિલા દરવાજામાં જ થંભી ગયાં. ડૉક્ટરની રાહ જોવાઈ રહી હતી. બધા આ બંનેની અપ્રતિમ દોસ્તીને જોઈ રહ્યા.

'વસુ ! લલિતાના ગયા પછી તને ઘણી વાર કહેવું હતું, પણ ક્યાંથી કહું ? તું તો મને ફક્ત દોસ્ત જ ગણતી હતી, પણ મારે મન તું દોસ્ત કરતાંય વધુ હતી. દોસ્ત હું ! કદી તને મેં પ્રેયસીના રૂપમાં જોઈ જ નથી. તું ગેરસમજ ન કરતી સમજી ને ?'

'હું જાણું છું વિશ્વાસ ! દુનિયામાં તારા જેવો દોસ્ત જ નહીં હોય.' મનીષ, શર્મિલા ને ચૌલાની આંખો પણ આ દશ્ય વિરલ દશ્ય જોઈ છલકાઈ આવી. ત્રણે આગળ આવી ગયાં. વિશ્વાસ સંતોષ ભરી નજરે વસુના હાથમાં હાથ રાખી તેઓને જોઈ રહ્યો તેની આંખોમાંથી આંસુ સરી રહ્યાં હતાં ને એકાએક વસુંધરાને તેનો હાથ ઢીલો પડતો લાગ્યો અને બીજી ક્ષણે તેનો હાથ નિશ્ચેતન થઈ ગયો. આંખો પરિવાર પર જડાયેલી હતી. ડૉક્ટર આવ્યા પણ મોડું થઈ ગયું હતું.

* * *

રાત પડી ગઈ હતી. ચૌલા વિચારી રહી હવે ? એક બાજુ દાદાનું મૃત્યુ ને એક બાજુ ગ્રેની ! શું કરવું ? દાદાજીને ઘરે લઈ જવા પડશે. પોતે તો આજે ગ્રેની પાસે સૂવા માંગતી હતી. જ્યારથી તેણે અર્થની વાત સાંભળી તે ચોંકી ગઈ હતી. અર્થ મદનનો પુત્ર હતો, પણ વસુંધરાને ખૂબ ચાહતો હતો. વીલ વખતે થયેલી વાતો પછી તેની ચકોર નજર પિતા કરતાંય મુંજાલકાકા તરફ સજાગ રહેતી. તે તો મિલની કેબિનમાં એ વાતની ગુસપુસથી ચોંકી ઊઠ્યો હતો. તેણે તરત ચૌલાને સાવધાન રહેવાનું સૂચવ્યું. બધા વિશ્વાસના મૃત્યુથી વિચલિત થયા ને તેના ઘરે ભેગા થવા લાગ્યા. લક્ષ્મીનિવાસમાંથી નીકળતા ચૌલાએ જુલીને બોલાવી, 'જુલી આન્ટી, એક વિનંતી કરું છું. ગ્રેની આઘાતમાં છે. ડૉક્ટરે તેમને ઘેનનું ઇન્જેક્શન આપ્યું છે. તેમનો જાન જોખમમાં છે. મારે દાદાજી માટે થઈ ઘરે જવું પડશે. ધ્યાન રાખી શકશો ને ?'

'ચૌલા ! તું ચિંતા ન કર. તારા ગ્રેની મારે મન શું છે તે તું જાણતી નથી ?'

રાત ઘેરી થવા લાગી. ઘેરા અંધારામાં એક ઓળો લક્ષ્મીનિવાસમાં સરી આવ્યો. પૈસાથી કોને કોને ખરીદી નથી શકાતા ? ધીમેથી ઓળો વસુંધરાના શયનગૃહ પાસે આવ્યો. બારણું ખોલવા પ્રયત્ન કર્યો, પણ અંદરથી બંધ હતું. તેણે માસ્ટર કી કાઢી ને દરવાજો ખોલી નાંખ્યો. વીલની જાહેરાતની રાત્રે કેવી સીફતથી આ ચાવી તેણે ચોરી લીધી હતી ! આસ્તેથી તેણે પ્રવેશ કર્યો. પહેરેલા લાંબા કાળા ઓવરકોટમાંથી પિસ્તોલ કાઢીને સાઇલન્સરમાંથી બે ગોળીઓ છૂટી. તે જવા ફર્યો ને ઓચિંતાની શયનગૃહમાં બત્તી થઈ. જુલી પાણી લેવા ઊઠી હતી. તેણે ઓળાને જોયો ને તીણી ચીસ તેના મોંમાંથી સરી પડી. ત્રીજી ગોળી છૂટી ને જુલી ધરતી

પર ઢળી પડી. હૃદય પર જ લાગવાથી તેનું પ્રાણપંખી એ જ ક્ષણે ઊડી ગયું. વસુંધરાના જીવન પર તે કુરબાન થઈ ગઈ.

સવારે જ્યારે ચૌલા આવી ત્યારે જુલીના નિશ્ચેતન શરીરને નિહાળી પહેલી નજર તેની વસુંધરાના પલંગ પર પડી. બંને ગોળીઓ ઓશીકામાં ઘૂસી ગઈ હતી. પણ વસુંધરા ત્યાં નો'તી. જુલીને સાવધાન રહેવાનું કહેતા તેણે વસુંધરાના આગલા શયનગૃહમાંથી તેને ખસેડી પાછળના લક્ષ્યના શયનગૃહમાં સુવડાવી હતી. તેથી તે બચી ગઈ પણ જુલીના પ્રાણ ગયા.

પોતાની દહેશત સાચી પડી. મુંજાલ રાત્રે આવી, પોતાનું કામ પતી ગયું છે તેથી હરખાઈ ઊઠ્યો હતો. જતાં જતાં તે મનોમન બોલી ગયો હતો કે, 'જોઉં છું હવે મને વીલને પડકારતાં કોણ રોકી શકે છે.'

ચૌલા વિચારી રહી, 'સત્તા ને દોલતની આટલી લાલચ ! જીવનમાં પુત્રને માતા પ્રત્યે પણ મમતા ન રહે ! ગ્રેનીએ બધાને શું નથી આપ્યું ? ઉછેર પણ સારો કર્યો હતો તો આવું કેમ થવા પામે ? અને આ બીજી વાર પણ મુંજાલ મામાનો પ્લાન કેવો વિફળ થયો એ જાણી તેને ગ્રેનીનો જાન બચાવવા જુલીનો મનોમન આભાર માની લીધો.

સવારે વસુંધરા ઊઠતાં જુલીના દેહાંતના સમાચાર – એ પણ કેવી હાલતમાં થયા તે સાંભળી હેબતાઈ ગઈ. એક જ દિવસમાં બે સ્વજનો ગુમાવ્યા. તે હતાશામાં સરી પડી. જીવનમાંથી જાણે રસ જ ઊડી ગયો. ચૌલા ખડેપગે તેની પાસે રહેતી હતી, પણ વસુંધરાના મનની હાલત એક ચૌલા જ સમજી શકતી હતી. પરિવારના બધા મળવા આવી ગયા. મુંજાલને પણ આવવું તો પડે ને ! વસુંધરાએ સાફ મના કરી દીધી.

એક વરસમાં વસુંધરા પર બીજો હુમલો થયો હતો. 'ગ્રેની ! બે દિવસ પછી તમારો એંસીમો જન્મદિવસ છે. ફક્ત પપ્પા, મમ્મી, હું ને પરિવારના બીજાઓ માટે ડિનર ગોઠવું ?' ચૌલા બોલી.

'ના ! ચૌલા ! વિશ્વાસ ને જુલીના અવસાનને હજી બે જ અઠવાડિયાં થયાં છે. મારું મન નથી.' છેવટે મનીષ, શર્મિલા ને ચૌલા સાથે તેણે વર્ષગાંઠ ઊજવી.

'ચૌલા ! ગયા વર્ષે કેવી ધામધૂમ હતી ને આજે જો કોઈ નથી.' વસુંધરાના સ્વરની વેદના બધાને તો ઠીક પણ બુકે લઈને આવેલા અર્થને પણ સ્પર્શી ગઈ. 'ગ્રેની ! કેમ કોઈ નથી ? હું છું ને ! આ ચૌલા પણ છે.'

'હા, દીકરા ! તમે બંને જ મને ચાહો છો. બીજા ગ્રાન્ડચિલ્ડ્રન ક્યાં ? બધાં તેમનાં માતાપિતા પર જ ગયાં ને ?'

'ગ્રેની ! તમારું દિલ કોને ઝંખે છે ?'

'બસ તમને ચાર ને જ !'

'તો ગ્રેની ! એક વાત કહું ?'

'બોલ દીકરા !'

વસુંધરાનો હાથ હાથમાં લઈ તે બોલ્યો, 'ગ્રેની ! જુલી આન્ટી પણ હવે નથી રહ્યાં. આખો દિવસ ઘરમાં બેસી રહી શું કરશો ?'

અર્થે ને ચૌલાએ પહેલાથી વાતો કરી લીધી હતી કે વસુંધરાનું સાચ્ચું કામ ઑફિસમાં છે. ઘરમાં તે કરમાઈ જશે.

'શું કરવાનું ? હવે તો દિવસો જ વિતાવવાના ને ? સ્વજનો જતાં હવે શું કરવાનું ?'

'ગ્રેની ! આ તમે શું કહો છો ?' ચૌલા ખોટું આશ્ચર્ય બતાવતાં બોલી, 'ગ્રેની અમે નથી ? અમને શું તમારી જરૂર નથી ?'

'તમે જુવાનિયાઓએ બધું સંભાળી લીધું છે. મારી શું જરૂર છે ?'

'ગ્રેની ! તમે લીડ્ઝમાં ઘણું રહ્યાં. તમને ખબર છે, તમારા લંડનના સ્ટોર ને ફૅશનહાઉસનું શું થયું છે ?'

વસુંધરા એ સાંભળી ટટ્ટાર થઈ ગઈ. તીર નિશાના પર લાગ્યું હતું. 'કેમ શું થયું છે ? તું નથી સંભાળતી એ ?'

'ગ્રેની ! કેટલી જગ્યાએ હું પહોંચું ? એમાંય મુંજાલમામાની છેલ્લી હરકતથી તમારે શું કરવું જોઈએ, તે તો તમે સમજો છો.' ચૌલા બોલી વસુંધરાના હાવભાવ જોઈ રહી.

એ વાતને અઠવાડિયું નીકળી ગયું, પણ વસુંધરા હજી નક્કી નો'તી કરી શકતી, પણ એકલા ઘરમાં રહી તે 'બોર' થઈ ગઈ હતી, કંટાળી ગઈ હતી. પહેલાં તો તેણે અહીં લીડ્ઝના સ્ટોરમાં જવા વિચાર્યું. ચૌલા અર્થને બધું સમજાવી રહી હતી. બીજા અઠવાડિયે તે લંડન સ્ટોરમાં જવાની હતી. ત્યાં ઑફિસનું બારણું ખોલ્યું ને બંને સ્તબ્ધ બની, વસુંધરાને પ્રવેશતી જોઈ રહ્યા. એ જ ગરિમા એ જ છટા ! બંને ખુશ થઈ દોડી ગયા. ગ્રેનીનો હાથ પકડી ઑફિસની ખુરશીમાં બેસાડ્યાં. સ્ટોરમાં ખબર પડતા બધી એક પછી એક અભિનંદવા આવી ગયા. વસુંધરામાં જાણે નવું જોમ આવ્યું. એંસી વરસે પણ તે હજીય અડીખમ હતી. મગજ એટલું જ બિઝનેસની બાબતે તેજ હતું.

એક અઠવાડિયું લીડ્ઝના સ્ટોર્સ, વુલન મિલ, પબ્લિશિંગ હાઉસ-પેપર વગેરેની મુલાકાત લઈ જે સલાહ સૂચનો આપવાના હતા તે આપી ચૌલા સાથે તે લંડન ત્યાંના ફૅશન હાઉસ, ક્લોધિંગ સ્ટોર્સ ને કાફેની મુલાકાતે જવા નીકળી.

ઑફિસમાં પગ મૂકતાં એ જ ઑફિસ એવી ને એવી જ તે જોઈ રહી. વહાલથી પોતાની ખુરશીને જોઈ રહી. આ ખુરશીમાં બેસી આ આખું સામ્રાજ્ય તેણે ઊભું કર્યું હતું. નંદા તો તેમને જોઈ હર્ષઘેલી થઈ ગઈ. આખા સ્ટોરમાં જાણે પ્રાણ છવાઈ ગયો. એક એવી ઊર્જા તેના સાન્નિધ્યથી પ્રગટી કે સ્ટોરની ચેતના જોઈ ચૌલા આશ્ચર્ય પામી ગઈ.

ત્રણ મહિનામાં તો સ્ટોર્સનું કામ ત્રણ ગણું વધી ગયું. વસુંધરાનાં સલાહ સૂચનોથી કામ ધમધોકાર હતું તેનાથી વધુ થઈ ગયું. એ જ પહેરવેશ ને એ જ છટાથી વસુંધરા કામે આવતી.

ઑગસ્ટ મહિનામાં જ વસુંધરાએ આ સ્ટોર ખરીદ્યો હતો. વર્ષો પછી સામ્રાજ્ય સ્થાપ્યા પછી એવો જ ઑગસ્ટ આવ્યો. વસુંધરા પોતાની ઑફિસની ખુરશીમાં બેઠી હતી. થોડી થાકેલી હતી. હમણાં જ તેણે હેન્રીને ફોન કરેલો, 'હેન્રી !'

'ઓહ વસુંધરા, વસુ ! ક્યાંથી બોલે છે ?' તેના અવાજમાં આનંદ હતો.

'હેન્રી ઑફિસમાંથી બોલું છું.'

'તેં પણ ક્યાં કામ મૂક્યું છે ?'

'સાચી વાત છે.'

'ત્રણ મહિનાથી બધું વ્યવસ્થિત પાછું ગોઠવી દીધું છે. મેં તને એક બીજું નવું વીલ બનાવવાનું કહ્યું હતું તે યાદ છે ? મારા અંગત એકાઉન્ટમાંથી સાઠ લાખ પાઉન્ડ ને જ્વેલરી બધી ચૌલાને આપવાની છે. મારાં પેઇન્ટિન્ગ્ઝ બધાં અર્થને. ને મારા જ્યાં જ્યાં બંગલા છે તે પણ ચૌલાને ! થઈ ગયું છે બધું ?'

'હા !'

'તો પહેલું વીલ જેમ છે તેમ જ રાખવાનું. આ મારું અંગત વીલ છે. તો આવી ને સાઇન કરાવી જા. કાલ કોણે દીઠી છે !'

'વસુ ! આવી નિરાશાજનક વાત ન કર.'

'અરે હા ! હેન્રી એક ક્લોઝ ઉમેરજે. મારી ચિતાને અગ્નિદાહ અર્થ આપે.'

જાણે મૃત્યુને આવકારવા તે તૈયાર થઈ ન હોય !

હેન્રી આવતાં બધાં સહી-સિક્કા થઈ ગયા. બંનેએ કૉફી પીધી અને વસુંધરા બોલી, 'હેન્રી ! ચૌલાના એકાઉન્ટ્સનો બરાબર ખ્યાલ રાખે છે ને ? તું ન હોય તો જેને સંભાળવાનું હોય તેને બધું વિગતે સમજાવી દેજે.'

'વસુ ! પ્લીઝ એવી વાતો ન કર !'

'હેન્રી ! જીવન એ ત્રણ અક્ષરનો શબ્દ છે. તેના અંતમાં પણ ત્રણ જ અક્ષર છે. મરણ – મૃત્યુ. આખું જીવન જીવી જઈએ પછી મૃત્યુનો ભય હોય ?'

'ઓકે, કાલે ફોન કરીશ.' કહી હેન્રી ઊઠ્યો.

ઑફિસનો દરવાજો બંધ થતાં તે જોઈ રહી. જીવનમાં કેટકેટલા દરવાજા ઉઘડતા હશે ને બંધ થતાં હશે ! બધા કામથી તે પરવારી હતી. રહી રહીને તેને થતું હતું ચૌલા ને અર્થ બાજુમાં છે. અર્થ આજે લીડ્ઝથી આવવાનો હતો.

તેણે ધીમે રહી માથું ખુરશીની પીઠે અઢેલ્યું. આંખો મીંચી એક પલકમાં જાણે આખું જીવન તેની નજર સામેથી પસાર થઈ ગયું. મોં પર ધીમું સ્મિત વિલસી રહ્યું. ધીમેથી આંખો ખોલી ડેસ્કનું ડ્રોઅર ખોલ્યું. એક તસવીર કાઢી. પોતે ને લક્ષ્ય – કેવા સુંદર દેખાતાં હતાં ! કેવું પ્રાણવાન જીવન લક્ષ્યે તેનામાં ભરી દીધું હતું અને જાણે હવે તે તેને બોલાવી રહ્યો હોય તેમ ફોટામાંથી કહી રહ્યો. 'વસુ ! યાદ છે. યૉર્કશાયરમાં ટેકરી ચડતાં તું હાંફી ગઈ હતી ને બોલતી હતી, 'લક્ષ્ય, લક્ષ્ય ! મને મૂકીને આગળ ન થઈ જા. હું તો હાંફી જતાં મરી જઈશ ! ત્યારે મેં કહેલું કે તું 'કદી મૃત્યુ પામી જ ન શકે. તારી જગ્યા તો મારી બાજુમાં જ છે.'

વસુંધરાના શરીરમાંથી જાણે બધું જોમ સરી ગયું. હાથ ઢીલા થઈ ગયા. ફોટોફ્રેમ હાથમાંથી સરી ગઈ ને ખણણ ખણણ કાચના હજારો ટુકડા થઈ ગયા. વસુંધરાનો બીજો હાથ તેના ગળામાંના ચેઇન પર પડ્યો.

ત્યાં તો બાજુની ઑફિસમાં અર્થ હમણાં જ આવ્યો હતો. તેણે ને ચૌલાએ વસુંધરાની ઑફિસમાં અવાજ સાંભળ્યો, બંને દોડતાં વસુંધરાની ઑફિસમાં આવ્યા. વસુંધરા ખુરશીમાં ઢગલો થઈ પડી હતી. બંનેને જોઈ ફિક્કું હસી. અર્થ બોલ્યો, 'ગ્રેની ! ઊંઘ આવે છે ? ઘરે જવું છે ?'

પણ ચૌલા તેની ગ્રેનીને ખૂબ જાણતી હતી. એ આંખોમાં ઉદાસી ને ખાલીપણું જોઈ બધું પામી ગઈ. તેણે વસુંધરાનો હાથ સ્નેહથી હાથમાં લીધો. આંખો સજળ થઈ ગઈ. બીજી બાજુ અર્થ બેસી ગયો. ક્ષણ અવાજે વસુંધરા બોલી,

'શું છે ? શા માટે ઢીલા થઈ ગયાં છો ? ચૌલા ! આ ખુરશીમાંથી મેં એક સામ્રાજ્ય સ્થાપ્યું છે. એક ચાના બગીચામાં કામ કરતી મજૂરણ, રસોયણ થઈ ને કાપડઉદ્યોગ સ્થાપી, ફૅશનની દુનિયામાં મિત્તલ ઍન્ટરપ્રાઇઝનું નામ બનાવ્યું. કેવાં કેવાં સપનાંઓ, સંઘર્ષ ને ઉત્કર્ષથી સાકાર કર્યાં ખબર છે ને ? તમારા બંનેની આંખોમાં સપનાંઓ છે ને ? તેને વળગી જ રહેજો ને સાકાર બનાવજો.'

'ગ્રેની ! ગ્રેની ! ડૉક્ટરને બોલાવું છું. તમારી તબિયત જરા પણ સારી નથી. ચૌલા ! ગ્રેનીને તાબડતોબ ઘરે ખસેડવાં પડશે.'

'અર્થ ! શાંત થા. ગ્રેની હવે આ ખુરશીમાંથી જ જવાનાં. ડૉક્ટરને બોલાવવાની જરૂર નથી.'

ચૌલાની સમજ પર વસુંધરાની નીલી આંખો ચમકી ઊઠી. તેણે હળવેથી ગળામાંના ચેઇન ને લોકેટ તરફ આંગળી કરી. ચૌલાએ તે કાઢ્યાં. ઇશારાથી

વસુંધરાએ લોકેટ ખોલવા કહ્યું. લોકેટમાં રવિનો ફોટો જોઈ ચૌલાને બધી વાતની ખબર હોવા છતાં તે આભી બની ગઈ.

માંડ માંડ સંભળાય તેવા સ્વરે વસુંધરા ચૌલા સામે જોઈ બોલી, 'ચૌલા ! મારો પહેલો પ્યાર !' અને તેનું માથું એક બાજુ ઢળી ગયું.

ચૌલા સજલ નયનોથી વસુંધરાના શાંત દેહને જોઈ રહી. તેની આંખોમાં એક ઉત્તરાધિકારીની જેમ સપનાંઓ આકાર લઈ રહ્યાં. બીજું સામ્રાજ્ય સ્થાપવા ?



એક ખમીરવંતી નારીની સંઘર્ષકથા

વિશ્વની દરેક સંસ્કૃતિમાં નારીનું જીવન અને સંઘર્ષ લગભગ એકસરખાં રહ્યાં છે. પોતાની જાતને સાબિત કરવા માટે તેણે સતત સમાજ અને પરિવાર સામે ઉતરવું પડે છે.

આ નવલકથામાં નારીજીવનનો સંઘર્ષ, જીવનના આરોહ-અવરોહમાંથી પસાર થતી એક નારીની હૃદયસ્પર્શી કથા આલેખવામાં આવી છે.

નારીજીવનમાં આવતાં સુખ, દુઃખ, આનંદ, પ્રશ્નો, મુશ્કેલીઓ, રોમાંચ, પ્રેમ, સંવેદના, કઠોરતા, ઋજુતા આ કથામાં સુંદર રીતે આલેખાયાં છે. આ કથા વાંચતા ક્યારેક વાચકને આનંદ થાય છે, ક્યારેક ઉદાસી સ્પર્શે છે તો ક્યારેક આંખો સજળ બને છે. વાચક એક નવા જ ભાવવિશ્વમાંથી પસાર થયાનું સતત અનુભવે છે.







₹ 175